Barcode : 99999990295331
Title - Pushti Bhakti Sudha Varsh -6 Ank -1 Thi 12
Author - Shah,Nagin Das
Language -
Pages - 303
Publication Year - 1925
Barcode EAN.UCC-13
9 999999 029533

पुष्टिभक्तिसुधा.

नायमात्मा प्रवचनेन लभ्यो न मेधया न बहुना श्रुतेन ।
यमेवैष वृणुते तेन लभ्यस्तस्यैष आत्मा विवृणुते तनूं स्वाम् ॥१॥

नाहं वेदैर्न तपसा न दानेन न चेज्यया ।
शक्य एवंविधो द्रष्टुं दृष्टवानसि मां यथा ॥२॥

भक्त्या त्वनन्यया शक्य अहमेवंविधोऽर्जुन ।
ज्ञातुं द्रष्टुं च तत्त्वेन प्रवेष्टुं च परन्तप ॥३॥

[પુ. ૧]— શ્રીકૃષ્ણાબ્દ ૫૧૪૦. ચૈત્ર કૃષ્ણ ૧૧. શ્રીવલ્લભાબ્દ ૪૩૮ [અંક ૧.

તંત્રી તથા પ્રકાશક,
[illegible]લાલ નગીનદાસ શાહ. બી. એ. એલ્. એલ્. બી. વકીલ, હાઈકોર્ટ-મુંબઈ.

વિષય.	લેખક.
બ્રહ્મસૂત્રમીમાંસા [illegible].	રા. રા. મૂળચન્દ્ર તુલસીદાસ તેલીવાલા. B. A. LL. B. Vakil, High Court.
[illegible] મહારાજકૃત કીર્તનો.	રા. રા. [illegible] ગોવર્ધનદાસ [illegible].
શ્રીપદ્મનાભદાસકૃત કીર્તનો.	રા. રા. વસંતરામ હરિકૃષ્ણ શાસ્ત્રી. રા. રા. [illegible].
સૂચના.	પ્રકાશક.
મહાનુભાવી શ્રીગોપેશ્વરજી.	રા. રા. મૂળચન્દ્ર તુલસીદાસ તેલીવાલા. B. A. LL. B. Vakil, High Court.
કવિવર દયારામ અને વ્યાસ માધવરામ.	એક વૈષ્ણવ.
હરિભક્તિચન્દ્રિકા.	રા. રા. વસંતરામ હ. શાસ્ત્રી.
શ્રીપુરુષોત્તમ ભાષ્ય. [illegible]	રા. રા. [illegible], [illegible]વાળા.
[illegible]	રા. રા. મૂળચન્દ તેલીવાલા. B. A. LL. B.

Printed by [illegible] at the Gujarat Printing Press, [illegible] Kot, [illegible]
and published by [illegible] Shah [illegible] Bhuleshwar, Bombay.

સ્વધર્મના મુખ્ય સિદ્ધાન્તો.

૧. જગત્ સત્ય છે.
૨. જગત્, જીવ, અંતર્યામી, અક્ષર ઇત્યાદિનાં નિમિત્ત અને ઉપાદાન કારણ શુદ્ધ નિર્ગુણ બ્રહ્મ શ્રીકૃષ્ણપરમાત્મા જ છે.
૩. જીવે અવિદ્યાથી કલ્પેલો અહન્તામમતાત્મક સંસાર મિથ્યા છે.
૪. જીવ અણુ છે. શુદ્ધ નિર્ગુણ બ્રહ્મનો અંશ છે; સ્વતઃ વ્યાપક નથી.
૫. પરબ્રહ્મ પુરુષોત્તમ શ્રીકૃષ્ણનું ધામ અક્ષરબ્રહ્મ સચ્ચિદાનંદ છે.
૬. સર્વોપરિ વેદાદિશાસ્ત્રે પ્રતિપાદિત પરમકાષ્ઠાપન્ન વસ્તુ શ્રીકૃષ્ણ જ છે.
૭. શ્રીકૃષ્ણની સેવા એ જ અંશ જીવનો ધર્મ છે. એટલે વસ્તુતઃ સ્વધર્મ શ્રીકૃષ્ણસેવા જ છે.
૮. આત્મનિવેદન અને પ્રભુપ્રપત્તિ વિના અન્ય વિશેષધર્મ હોઇ શકે જ નહિ.

"પુષ્ટિભક્તિસુધા" ઑફિસનું સરનામું—

રા. રા. વાડીલાલ નગીનદાસ શાહ, બી. એ. એલ્. એલ્. બી.,
મહારાજનો ભોઇવાડો. ભુલેશ્વર, મુંબાઇ.

आवश्यक निवेदन.

૧. આ માસિકસંબંધી સઘળો પત્રવ્યવહાર પ્રકાશકને નામે કરવો.
૨. આ માસિક દરેક માસની કૃષ્ણ એકાદશીએ પ્રકટ થાય છે.
૩. આ માસિકમાં છપાવવાને આવેલા લેખો લેવા ન લેવા તેમ જ તેમાં યોગ્ય શુદ્ધિવૃદ્ધિ કરવી પ્રકાશકની ઇચ્છાધીન છે.
૪. શ્રીમદ્વલ્લભાચાર્યજીના સિદ્ધાન્તાનુસાર જ લેખ લેવામાં આવશે.
૫. વર્ષનું નોછાવર પ્રથમથી લેવામાં આવે છે.
૬. આ માસિકના પરિવર્તનમાં જેઓના તરફથી માસિક વા પત્ર મળશે તેમને વગર નોછાવરે આ માસિક મોકલવામાં આવશે.
૭. કોઇ પણ બાબતની ખબર મંગાવવી હોય તો જવાબને સારૂ ટિકીટ બીડવી, તે વિના જવાબ આપવામાં આવશે નહિ.
૮. આ માસિકમાં જાહેર ખબર છપાવવી હોય કે હેન્ડબિલ વહેંચાવવાં હોય તેમણે પ્રકાશકને લખવું અથવા મળવું.

પુષ્ટિભક્તિસુધાકાર્યાલય,
મહારાજનો ભોઇવાડો
ભુલેશ્વર, મુંબાઇ. } પ્રકાશક.

નોછાવર રૂ. ૨-૦-૦ પ્રત ૭૫૦. છૂટક અંકના રૂ. ૦-૪-૦.

॥ श्रीवल्लभाचार्यविरचितब्रह्मसूत्रश्रीमद्भाष्यम् ॥

पूर्वपादे अधिकारियोग्यदेहप्राप्तिर्निरूपिता, सा च प्रयोजनवती तदा भविष्यति यदि जीवस्य स्वरूपतो मुक्तियोग्यता स्यादतो द्वितीये पादे जीवस्य मुक्तियोग्यता निरूप्यते।

दैहिकी योग्यता बाह्या जीवगा त्वान्तरी मता।
अन्तरंगत्वतः पश्चात् साधनस्य विनिर्णयः ॥ १ ॥

द्वैतिनस्तु माहात्म्यज्ञानपूर्वस्तु सुदृढः सर्वतोऽधिकः स्नेहो भक्तिरिति भक्तिलक्षणात् माहात्म्यज्ञानानुक्तौ भक्तिरसम्भाविनी, तन्निरूपे माहात्म्यज्ञानायायं चरण इत्याहुः, माहात्म्योक्तेः पूर्वमपि बाधासम्भवादसाध्यारम्भान्न युज्यतेऽयं पादार्थः तत्र,

कर्मन्दी तु पूर्वचरणेऽवान्तरसृष्टिर्ब्रह्मणः सकाशादुत्पद्यत इत्युक्तम्, अस्मिन् पादे तु देहेऽपि स्वप्नादिसृष्टिरपि ब्रह्मण एव भवति, तथा च जन्मादिसूत्रस्य लक्षणं निर्धारितं, ततः स्वरूपलक्षणं विचार्यते, ततः प्रपञ्चब्रह्मणी भिन्नाभिन्न इत्याह, तथापि विचारहेत्वाकांक्षाशान्त्यभावादसदुक्त एव प्रयोजनम्।

तत्रादौ योग्यतानिरूपणे प्रथमं स्वप्नं निरूपयति, स्वप्नस्य सत्यत्वे तु परकृतगुणदोषसंबन्धो जीवस्य भवेत्, ततश्च निरूपिता शुद्धिर्व्यर्था स्यात्, अतः स्वप्नस्य मिथ्यात्वं प्रदर्शयितुमधिकरणारम्भः।

अद्वैतवादिनस्तु स्वयंज्योतिष्ट्वसिद्धये स्वप्ननिरूपणम्।

एवमेव भेदाभेदवादी आह।

विशिष्टाद्वैतवादिनस्तु जीवस्य कर्मगतिं प्रदर्श्य दुःखित्वं स्थापितम्, इदानीं स्वप्नावस्था परीक्ष्यत इति प्रोचुः, तेषां वैराग्यमात्रतायां पर्यवसानम्।

अत्रैव त्वधिकरणप्रयोजनोपक्षेपेण स्वप्नसृष्टिः सत्या मिथ्या वेति संशयोऽप्युक्तः।

तत्र सूत्राभ्यां पूर्वपक्षमाह,

जाग्रत्सुषुप्त्योः सन्धौ भवे स्वप्ने पुरुषस्य द्वे एव स्थाने भवत इदं च परलोकस्थानं च सन्ध्यं तृतीयं स्वप्नस्थानमित्युपक्रम्य न तत्र रथा न रथयोगा न पन्थानो भवन्त्यथ रथान् रथयोगान् पथः सृजत इत्यादिना सृष्टिराह,

सन्ध्ये सृष्टिराह हि ॥ १ ॥

सन्ध्ये स्थाने सृष्टिरस्ति, यतः श्रुतिः स्वयमेवाह। हि युक्तश्चायमर्थः, यथा

श्रुतिर्वदति तथैव स्वप्ने दृश्यते, देवादिवाक्यानां प्रबोधेपि बाधाभावात्,

स्वप्ने इयमेव सृष्टिः स्मर्यते इति तार्किकादयः आहुः, तन्मन्दं, स्वप्नेऽहं पश्यामि गच्छामि शृणोमीत्याद्यनुव्यवसायस्य दर्शनाद्यभिमानस्य निद्रावसानोत्तरमिदमद्राक्षमिदमस्पृक्षमित्यादिज्ञानस्य बाध आपद्येत, न चेयमेव सृष्टिस्तत्र दृश्यत इति वाच्यं, अतिस्थूला दन्तावलाः तामयोऽन्ये च शरीरांतः कथमासत ये दृष्टाः सन्ध्ये, अथ निद्रामनःसंयोगे स्मृत्युपनीतमारोपितमत्रभासते इत्युच्यते तदाऽप्यारोप्यानियामकस्य तद्वस्तुसाम्यस्यात्मनि निद्रायां चासिद्धतया न संगच्छते, अप्रमाणं कल्प्यते इति चेत्, अप्रामाणिकत्वात् गौरवाच्च, क्षणे क्षणेऽन्यान्यदर्शने अन्यस्यान्यथात्वेपि नियामकाभावाच्च, साधनान्तरानपेक्षाणां क्षणानां नियामकत्वस्य सिद्धत्वान्न तेषां नियामकत्वं शक्यते वक्तुं, कल्पनयांगीकारेऽप्रामाणिकगौरवं प्रसज्येत, अथ बहिर्निर्गत्य पश्यतीति चेत्, नेत्रोन्मीलनापत्तेः, अदने चर्वणादिप्रसंगात्, बहिर्विषयकज्ञाने मनसः पारतन्त्र्यात् जागरे तृप्तिः स्यात्, पार्श्ववर्तिनामपि दर्शनापत्तेश्च, निद्रासंयोगविरहापत्त्या जागरणं स्यात्, तस्माद्युक्तिविरोधान्न तत्र रथा इत्यादिना निषेधकश्रुतिविरोधादुपेक्ष्योयं स्वप्नसृष्टिदर्शनांगीकारः, श्रुतिवादिनां श्रुतिरेव प्रमाणं, किंपुनरनुभवसंवादिनी, तस्मात् स्वप्ने सृष्टिरस्ति ॥१॥

स्वप्ने सृष्टिर्जीवकृता ब्रह्मकृता वेति संशये आह,

काठके चतुर्थवल्ल्यां श्रूयते, य एष सुप्तेषु जागर्ति कामं पुरुषो निर्मिमाणः, तदेव शुक्रं तद्ब्रह्म तदेवामृतमुच्यते इति निर्मातारमिति एके शाखिनो वदन्ति, यद्यपि सुषुप्त्युत्क्रान्त्योर्भेदेनेत्यत्र न तत्र रथा इत्यपि ब्रह्मप्रकरणमिति सिद्धं तथापि कतम आत्मेति प्रश्ने योऽयं विज्ञानमयः पुरुषः प्राणेष्वित्युपक्रम्याग्रे स्वयं विहृत्य स्वयं निर्मायेति निरूपणादग्रे न तत्र रथा इत्यादिना विहितत्वात् तस्यैवायं धर्म इति पक्षे अदृष्टद्वारा जीव एव कर्तेति प्रतिभाति, तन्निराकरणार्थं भगवत्कर्तृत्वप्रतिपादनाय निःसन्दिग्धं सूत्रं पठति,

निर्मातारं चैके पुत्रादयश्च ॥ २ ॥

सूत्रयोजना तु पूर्वस्मादाहेत्यनुवर्त्तते, तच्च वचनविपरिणामेन संबध्यते, एके शाखिनो निर्मातारं आहुः, पुत्रादयश्च शतायुषः पुत्रपौत्रान् वृणीष्वेत्युक्ताः पुत्रादय आहुः, तेषां वक्तृत्वं तु बोधकत्वात्, तपांसि सर्वाणि च यद्वदन्तीतिवज्ज्ञेयं, तथा च भगवन्निर्मितत्वात्स्वप्नस्यापि सत्यत्वं, न हि कर्तुः स्वापोस्ति येन भ्रमः स्यात्, जागर्तीतिवचनात्, एवं च लिंगबलात् प्रकरणात् तदेव शुक्रमि-

त्यादिवाक्यविशेषादवसीयते भगवान्कर्तेति, अपरं च, ये ये कामा दुर्लभा मर्त्यलोके सर्वांस्तान्कामान् छन्दतः प्रार्थयस्वेति पूर्वं कामशब्दोऽपि विषयेषु प्रयुज्यते, तथा कामं कामं पुरुषो निर्मिमाण इत्यत्रापि कामशब्दो विषयपर एव, वीप्साक्रियाविशेषणे इच्छापूर्वकतामभिदधतः, तेनापि भगवत्कर्तृकत्वं, न हि जीव इच्छापूर्वकं स्वक्लेशाद्युत्पादकं स्वयं स्रष्टुमर्हति, एतेन ज्योतिर्ब्राह्मण उतेव स्त्रीभिः सह मोदमानः जक्षदुतेवापि भयानि पश्यन्नित्यादिवाक्योक्तापि सृष्टिर्भगवत्कर्तृकेति निश्चीयते, शतायुषः पुत्रपौत्रान्वृणीष्वेति कामविषयाः पुत्रादय उक्ताः, ते च भगवद्विभिन्नाः, सर्वयोनिषु कौन्तेयेति भगवद्गीतावाक्यतः, ततश्च परलोकनिर्माणस्यापि ज्ञापका इति भगवानेवास्या अपि कर्ता, नहि जीवेन स्वविभाव्य उत्पादयितुं शक्यन्ते स्वोत्पादकत्वात्, लोकभयकल्पना च जीवपक्षे भगवत्पक्षे न कापीत्यतो भगवानेव कर्ता, चकाररूपेण कारणकार्यगताः सामर्थ्यमुपादानगोचरापरोक्षज्ञानादयः सत्यत्वादयः सर्वे धर्मा उक्ताः, तस्मात् श्रुत्यनुपपत्तिभ्यां स्वप्नप्रपञ्चस्य सत्यत्वेन सिद्धत्वात् तत्कृतसुखदुःखोपसंबन्धे ज्ञानोपयोगिदेहनिर्माणं व्यर्थमित्येवं प्राप्तेऽभिधीयते ॥ २ ॥

मायामात्रं तु कार्त्स्न्येनानभिव्यक्तस्वरूपत्वात् ॥ ३ ॥

तुशब्दः सत्यत्वपक्षं व्यावर्तयति, वैदिके निघण्टौ प्रज्ञानामसु माया वयुनं अभिख्येति कथनादर्थशून्यः प्रत्ययो माया तदात्मकेति द्वैताद्वैतवादी।

मायाशब्द आश्चर्यवचनः, जनकस्य कुले माता देवमायेव निर्मितेत्यादौ यथा, अत्रापि न तत्र रथा न रथयोगा न पन्थानः सकलपुरुषानुभाव्यतया न भवन्ति, अथ रथान् रथयोगान् पथः सृजते स्वप्नदृगनुभाव्यतया तत्कालमात्रावमानाद् भ्रमत इत्याश्चर्यरूपत्वमेवाह, एवंविधाश्चर्यरूपा सृष्टिः सत्यसंकल्पस्य परमपुरुषस्यैवोपपद्यते, संसारदशायां कार्त्स्न्येनानभिव्यक्तस्वरूपत्वात् तादृक्सामर्थ्याभावाच्च जीवस्य तथाविधाश्चर्यसृष्टिर्नोपपद्यते, अतः स्वाप्नसृष्टिराश्चर्यात्मिकेति विशिष्टाद्वैतवादिनः।

सामर्थ्यविशेषो मायेति वयं, नटवन्मूढ मायाभिर्मायेशानो जिगीषतोऽष्टमस्कन्धवचनात्, अपश्यत् पुरुषं पूर्णं मायां च तदुपाश्रयाम्, यया संमोहितो जीव आत्मानं त्रिगुणात्मकं, परोऽपि मनुतेऽनर्थं तत्कृतं चाभिपद्यत इति प्रथमस्कन्धवचनात्, सर्वेश्वरस्य व्यामोहिशक्तिर्या सा माया, तन्मात्रं तदेकोपादानकं, तथा-

चैन्द्रजालिकनगरवत् स्वाप्निकं जगत् मिथ्या, तत्र हेतुः कार्त्स्न्येनानभिव्यक्तस्वरूपत्वात्, कृत्स्नत्वेन, देशः कालो विषयसन्निधिरिन्द्रियव्यापारो बाधाभावश्चेत्यपेक्षितसामग्री कार्त्स्न्यं, तयाभिव्यक्तिः कार्त्स्न्येनाभिव्यक्तिः, तदभावात्, एवं चैन्द्रजालिको नटो यथा सामाजिकव्यामोहेन कौतुकार्थं मायासृष्टिं करोति तथा भगवान् जीवमोहनार्थं स्वप्नं सृजत्यतो न सत्यत्वं तस्याः ।

द्वैताद्वैतवादिनस्तु पूर्ववासनावासितं शुभाशुभकर्मप्रेरितं नाडीषु परिवर्तमानं मनः स्मृतिज्ञानहेतुर्भवति, स एव स्मर्यमाणोऽर्थः प्रत्ययावलम्बनः, यान्येव जाग्रत् पश्यति तानि सुप्त इति श्रुतेः, इयं जीवसृष्टिः, सुखदुःखप्रतिभासनात्, नेश्वरस्य, य एष स्वप्ने महिमानश्चरति एष आत्मेति श्रुतेः, तथा च जीवकर्तृकं स्मर्यमाणार्थविषयमात्रमेव स्वप्नसृष्टिरिति फलतीति जगदुः ।

भास्करी तु सन्ध्ये सृष्टिराह हीति सूत्रे न तत्र रथा इति श्रुतेः स्वप्ने स जीवः सुखदुःखभोक्ता स्वमायया कल्पितविश्वलोक इति कैवल्यश्रुतेश्चोदाहरणेन सृष्टिमंगीचकार, ततो निर्मातारमिति सूत्रे स्वप्नसृष्टिमीश्वरकर्तृकामुक्त्वा तर्हि स्वयं विहृत्य स्वयं निर्मायेत्यन्यनिरपेक्षवाचकस्वयं पदं कथं संगच्छते इति चेदुपाधिद्वारकोपादानाभिप्रायेण संगतं भवति, पच्यते तण्डुलः स्वयमेवेतिवदुपाधिद्वारकपरिणामस्वातन्त्र्यविवक्षया न तत्र रथा इत्यत्र प्रतीतं जीवकर्तृत्वमुपपद्यते, न तत्र इत्यत्रादृष्टद्वारा परंपरया जीवे गौणं कर्तृत्वमिति कस्यचिन्मतमनूद्य ननु स्वप्ने ज्ञानमात्रमेवास्तु किं सृष्टिकल्पनेनेत्याशंकायामाह, स्वप्ने जाग्रद्वदेव घटादयः प्रतीयन्ते, ते चात्मचैतन्यमात्रा न भवितुं योग्याः, नित्यत्वापातात्, स्वरूपचैतन्यं च निराकरोतीति च, एकस्यैव भास्यभासकता कर्मकर्तृभावविरोधेनानुपपन्ना च, जाग्रत्पदार्थानामपि तथात्वापत्त्या विज्ञानवादिबौद्धमताङ्गीकारापातश्च, यदि च बुद्धेर्घटाकारः परिणाम एव ज्ञानशब्देनोच्यते तदा स एवास्माभिः स्वप्नसृष्टिरुच्यते, नैवमिष्यत इति विशेषः, स्वाप्निकाः पदार्था बाह्या भवितुं न युक्ताः, मार्गं विना अन्तःस्थत्वांशे स्फुटप्रत्यक्षत्वांशे च बाधोत्तरमप्यनुभूयमाने भ्रमत्वकल्पनानौचित्यादित्याह, अस्मिन्सूत्रे स्वाप्ना विषया ऐन्द्रजालिकवत् परमेश्वरमायाकार्यतया मायामात्राः, न त्वभावस्वरूपाः तुच्छाः, नाभाव उपलब्धेरिति सूत्रेणात्यन्तासत उपलब्धिप्रतिषेधात्, ऐन्द्रजालिको हि मन्त्रादिना ईश्वरस्तु माययैव मोहयतीति तथैव मनसः परिणाममात्रमर्थं कटककुण्डलादिवन्निर्मिमीते, स्वाप्नविषये बुद्धिवृत्त्यतिरिक्ताकारा बुद्धिश्चाचिरेण मोहो भ्रम इत्यतोऽस्मिंस्तु बुद्धेर्भेद

इत्याद्याकारं ग्रहणमपि श्रुत्यादिस्मृतावप, एवञ्च बुद्धिमात्रो मनःपरिणामविक्षेपः स्वप्नसृष्टिरिति फलितं तन्मते ।

द्वैतवादिनस्तु सन्ध्यस्थानं मायामात्रं, मनोगतान् पूर्वानुभूतवस्तुसंस्कारानुपादानीकृत्य निमित्तभूतया स्वेच्छयैवेश्वरेण निर्मितं, मनोगतांस्तु संस्कारान् स्वेच्छया परमेश्वरः प्रदर्शयति जीवाय स स्वप्न इति गीयते, यदन्यथात्वजाग्रत्त्वं सा भ्रान्तिस्तत्र तत्कृता, अनभिव्यक्तरूपत्वासामान्यसाधनजं भवेदिति प्रमाणवाक्यात्, अत्र स्वशिरश्छेदनादीनामसत्यत्वनिरासायानादिमनोगतग्रहणं, यदन्यथात्वमित्यादिना च स्वप्नविषयाणां जाग्रत्पदार्थत्वमेव बाध्यत इति तत्प्रतीतिरेव भ्रान्ता न स्वप्नप्रतीतिरित्याहुः ।

सिद्धान्ते तु श्रुतिः स्वप्नसृष्टिमेवाह न तस्याः सत्यत्वमपि, ऐतदात्म्यमिदं सर्वं तत्सत्यमिति, आत्मानꣳ स्वयमकुरुत, तत्सत्यमित्याचक्षते, कथमसतः सज्जायेतेत्यादिश्रुतिसहस्रेभ्यो बाह्यप्रपञ्चस्य सत्यत्वं प्रतीयते, सत्यत्वं चात्र क्रियमाणजागरणवत्प्रतिनियतपदार्थक्रियाकारित्वं, तेन परंपरया ब्रह्मोपादानकत्वस्य मायामात्रप्रपंचे सत्त्वेपि न दोषः, छायाप्रत्याह्वयाभासा ह्यसन्तोप्यर्थकारिण इति भगवद्वचनात् प्रतिबिम्बादिष्वपि प्रतीयमानत्वाच्च नार्थक्रियाकारित्वं सत्त्वमिति नैवं स्वप्नप्रपञ्चस्य सत्यत्वं ब्रह्मात्मत्वं वा श्रुतिराह, एतेन श्रुत्यभावेपि भगवत्कर्तृकत्वादात्मरूपत्वाच्च स्वप्नप्रपञ्चः सत्य इति निरस्तं, न च विहारश्रुतेः विहारसिद्ध्यै सत्यत्वमङ्गीकर्तव्यं, स्वाप्नविहारस्तु महामायावित्वात् माययापि सिध्यति, नटवत्, नापि सृष्टौ तस्य वा एतस्य पुरुषस्येति जीवरूपोपक्रान्तत्वेन स्वपितीति स्वापलिङ्गाच्च जीवकल्पितः स्वप्नप्रपञ्चो मिथ्या भवतु, तत्र जीव एव विहरति नेश्वरः, काठके प्रकरणलिङ्गवाक्यसंघेभ्यः परमेश्वरस्य प्रतीतेरीश्वरकल्पितो भिन्नः प्रपञ्चोऽङ्गीकार्यः, भिन्नः प्रपञ्चमापादितः, स च सर्वसाधारणो न भवति कार्त्स्न्येनाभिव्यक्तरूपो वा येन भिन्नत्वं भवेत्, यदेकं पश्यति तदेवेतर इति प्रतिनियतो द्रष्टुः जीवस्यैकत्वात्, तस्माच्च भिन्नः, अथ च भिन्नः सत्यो यदि चेत् स्वप्नप्रपञ्चः तत्रभोगोपि सत्योनुभूयेत, वेदेन बोध्येत, श्रुतिस्तु जीवस्य स्वाप्निकं भोगमाज्ञानिकं वदति, हिताभिधानादीनुपक्रम्याथ यत्रैव घ्नन्तीव जिनन्तीव हस्तीव विच्छाययति गर्तमिव पतति यदेव जाग्रद्भयं पश्यति तदत्राविद्यया भयं मन्यत इति वाक्यात्, एवमेव अथ यत्र राजेव देव इवेत्यादिनोक्तं सुखमप्याज्ञानिकं, अविद्यया मन्यत इति तु देहलीदीपवदुभयत्रसम्बन्धात्, काठके तु भोगो नोक्तः, कर्तृभेदाद्भेदोप्य-

संगतः, स्वप्नसृष्टिप्रकारेण जीवकर्तृत्वाश्रवणात्, तत्र आत्मज्योतिरेवायं पुरुष इतिकतम आत्मेति प्रश्ने योऽयं विज्ञानमयः पुरुषः प्राणेषु हृद्यन्तर्ज्योतिरिति प्रतिवचनं दत्वा तादृशत्वं जीवस्याप्यस्तीति तन्निराकरणार्थं स समानः सन्नुभौ लोकौ संचरतीत्यादिना जीवतुल्यतया क्रीडितुरन्यस्य कथनेन तस्मिन्नेव तत्कर्तृत्वस्य सुषुप्त्युत्क्रान्त्योर्भेदेनेति सूत्रे व्यवस्थापनात्, जीवश्च स्वदुःखादिप्रापकं जगत्कथं सृजेत्, न हि कश्चिद् दुःखादिसाधने प्रवर्तते, सुखसाधनमेव जगत् सृजेत्, न चेश्वरकर्तृके सत्यसंकल्पाद्यापातः, कार्त्स्न्येनानभिव्यक्तस्वरूपत्वात्, तस्माद्भगवानेवास्यापि कर्ता, अविद्यासंवलितत्वेन दुःखादिवत्कर्तृत्वमपि मनुते, अतो न जीवस्य सुखादिभोगहेतुकमपि स्वप्नजगतः सत्यत्वं, अथ च यदि स्वप्नप्रपंचः संभवेत् तदा तस्य वा एतस्य पुरुषस्य द्वे एव स्थाने भवत इदं च परलोकस्थानं चेतिश्रुतिबोधितस्थानद्वयप्रतिज्ञाविरोधः, यद्यपि सन्ध्यं च तृतीयं स्थानं तस्मिन्सन्ध्ये स्थाने पश्यन्नुभे स्थाने पश्यतीदं चेति श्रुतौ तृतीयमुक्तं तथापि तदुभयविसदृशत्वेन, तत्र च लोकद्वयावलोकनं, जीवतां मृतानां चावलोकनात् नाहि तेषां स्थितिस्तत्रेति, अतो तृतीयस्य लोकद्वयप्रतिभासत्वाच्च प्रतिज्ञाप्रतिपत्तिः, मायोपादानिकस्वाप्निकसृष्ट्या क्रीडनं तु मायया, क्रीडायामन्यानुसारिविरहेणातिसुखत्वात्, अतो भगवत्कृतमात्रबोधिका हि काठकश्रुतिः, तेन भिन्नो नांगीकार्यः सत्यः स्वप्नप्रपञ्चः, प्रमाणाभावात् अतिरिक्तकल्पनायां, अथ कार्त्स्न्येनानभिव्यक्तस्वरूपत्वादिति जीवविशेषणमस्तु न तत्र रथा इति श्रुतिराश्चर्यपरा, जीवावलोकनं च भ्रममयं, स्वप्नस्य मायामात्रत्वे गमकं नोपलभ्यते अतस्तत्कृतगुणदोषसम्बन्धः प्रसज्यतेति चेन्न, ज्योतिःशास्त्रनियमाभावाच्च मायामात्रमेव स्वप्न इति न तत्कृतो गुणदोषसंबन्धः, यथा च मकरादिदिनं कर्कादिनिशा वर्धते अस्मिन्देशे चैतावती दिनरात्रिवृद्धिर्भवति प्रकृते न तथेति, दीक्षितस्य अन्नभोजनादिप्रायश्चित्तं तु स्वाप्निकभगवत्क्रीडायामपि भोजनप्रतिच्छायत्वात् क्रियते, तदानीं जीवे कर्तृत्वस्याविद्ययारोपात्, शास्त्रे यज्ञकर्मण्येव तस्य कर्तृत्वविधिनियमान्निषिद्धेष्वभिमानिककर्तृत्वस्यापि दोषत्वात्, शास्त्रनिषिद्धस्याप्यगम्यागमनस्य शास्त्रविहितदानादेश्च अन्तर्हृदि प्रवेशात् नाधर्मधर्मजनकत्वं, स्वप्नेऽगम्यागमनं प्रशस्तमित्यादिना शुभसूचकत्वे स्मरणात्, स्वाप्निकदानादेर्धर्मात्मकत्वस्याश्रवणाच्च स्वाप्निकसृष्टेः सत्यत्वं, देवतादर्शनाशादिस्तु भगवद्विभूतीनां योगादिसमर्थानां देवतानां भाविकात्यलौकिकसामर्थ्यवतो भगवतश्च व्यापकत्वेन विद्यमानत्वात् तदुद्देश जागरणात् स्वप्नद्रष्टृभिन्नस्यानुभवसंभवात् युक्ता, उचितं चैतत्,

स्वप्ने देवतादिज्ञानं न लौकिकं, प्रकृतिसंस्कृतेन्द्रियाजन्यत्वात्, किन्त्वलौकिकं, आत्मप्रकाशेनैव भासमानत्वात्, किञ्चिद्भगवदावेशे ईषत्संवादः, यथेन्द्रप्रतर्दनसंवादे आवेशधर्मो दर्शनादेरमायिकत्वाच्च स्वप्नधर्मः, अलौकिकज्ञानो हि प्रतिच्छायत्वात् संवादः, तस्मात् स्वप्नसत्यतायां प्रमाणाभावान्मायामयत्वं स्वप्नप्रपञ्चस्य सिद्धम् ।

अथासत्यत्वेपि कैवल्यभुक्तौ स्वप्ने च जीवः सुखदुःखभोक्ता स्वमायया कल्पितविश्वलोक इति जीवमायाकल्पितत्वकथनेन जीवकर्तृकमिदं जगत्, यथा शयानः पुरुषो मनसैवात्ममायया, सृष्ट्वा लोकं परं स्वाप्नमनुविश्यावभासते इति श्रीभागवतेन चेति चेन्न, श्रुतेर्ब्रह्मप्रकरणपठितत्वेन स्वमपीतो भवतीतिवत् स्वमाययेत्यत्र स्वपदं ब्रह्म परामृशति यतः जीवकर्तृत्वे दूषणानि पूर्वमेवावोचाम, प्रौढलक्ष्यांगीकारे तु आरोपितमेव, न ब्रह्मैव, यथा नटो ज्ञानपूर्वं करोति न तथा, आभिमानिकपक्षे ब्रह्मण्येव पर्यवसितं भवति, श्रीभागवतविरोधपराहतिस्तु नाम स्वप्नसृष्टिकर्तृनिर्णयः किन्तु ब्रह्मणः सृजत्यम अनुप्रविशतीति निर्णयः, दृष्टान्ते परमसिद्धरीतिकबोधनवज्जीवस्य स्वप्नसृष्टिकर्तृत्वमुक्तं, तथाप्याभिमानिकपक्षेण न दृष्टान्ते न्यूनता, तस्मात् स्वप्नसृष्टिर्ब्रह्मकर्तृका मायोपादानिका मृषेति सिद्धम् ॥३॥

ननु ये च द्वैतवादानुसारिणः स्वप्नज्ञानं मृषा स्वप्नसृष्टिः सत्या उपादानविरहिणी यथा चिन्तामणिकामधेनुकल्पतरुप्रभृतिभिश्चिन्तामात्रनिर्मिता दृश्यन्ते पदार्थाः न चिन्तामण्यादीनामुपादानत्वं विकृतेरदर्शनादेवं प्रकृतपदार्थेष्विति प्राहुः, तदसंगतं, एवं च चिन्तामण्यादिभ्य उद्भवानां पदार्थानामिव स्वाप्निकानामपि चिरस्थायित्वापत्तिः, स्वप्ने स्वशिरश्छेदस्य द्रष्टुर्दर्शनस्य मृषात्वेऽपि शिरश्छेदस्य सत्यत्वान्मरणापत्तिः, एतेन मनोगतास्तु संस्कारानित्यादिभगवत्प्रमाणवाक्यविवरणे अत्र स्वशिरश्छेदनादीनामसत्यत्वनिरासायादिमनोग्रहणमित्युक्तिरसाध्वी, निरुपादानिकत्वेनान्यस्य शरीरस्यांगीकारेपि अर्थक्रियान्तराविरुद्धदर्शनाच्चिरस्थायित्वादर्शनाच्च सकलसन्ध्याधिकरणविरोधाच्च, सत्यत्वांगीकारे वैधर्म्याच्च न स्वप्नादिवदिति सूत्रे प्रपञ्चस्य वास्तविकत्वनिरूपणाय स्वप्नधर्मवैसादृश्यबोधनेन स्वप्नस्य मिथ्यात्वप्रतिपादनविरोधश्च, किञ्चेन्द्रजालिकस्य प्रपञ्चस्य सत्यत्वापत्तिश्च, अग्रे दूषणानां पूर्वोक्तानां जागरूकत्वात्, तस्मादयःकान्तिन्याये तत्सभवाध्याकर्षकत्वमेव वाच्यं, तज्ज्ञानं तु सत्यमेव, तस्यात्मरूपत्वात्, अत्रात्मा स्वयंज्योतिर्भवतीति श्रुतेरितिदिक् ।

यदि स्वक्रीडार्थं सृजति तर्हि जीवसाक्षिकमेकदेशेन स्वात्मन्याभावधर्मेणैव किमिति सृजति तत्राह,

सूचकश्च हि श्रुतेराचक्षते च तद्विदः ॥ ४ ॥

सूचकः शुभाशुभफलसूचको भवति स्वप्नः, एवञ्च प्रतिनियततच्छुभाशुभसूचनाय सृजति, लब्धज्ञानोपयोगिदेहस्यापि आवश्यकमिदं, तेन विरुद्धार्थनिवर्तकोपायस्य कर्तव्यत्वादिति, चकारात् क्वचिदाज्ञाविशेषप्रदानं, कल्किकाष्ठादेः प्रत्यक्षे बाधकत्वात्, हि युक्तश्चायं सूचकत्वार्थः, प्रातर्जागरणे सूचितफलस्यैव दृष्टत्वात्, न तु स्वप्नपदार्थस्य, सूचकत्वे प्रमाणमाह, श्रुतेः, यदा कर्मसु काम्येषु स्त्रियं स्वप्नेषु पश्यति, समृद्धिं तत्र जानीयात् तस्मिन् स्वप्ननिदर्शने इति, पुरुषं कृष्णं कृष्णदन्तं पश्यति, स एनं हन्तीत्यादिश्रुतेः, किञ्च आचक्षते तद्विदः, स्वप्नाध्यायविदस्तथैवाचक्षते, आरोहणं गोवृषकुञ्जराणां प्रासादशैलादिवनस्पतीनां, विष्ठानुलेपो रुदितं मृतं चेत्यादि, स्वप्नेऽगम्यागमनं प्रशस्तमित्यादि, तस्मान्मन एवं मनुष्याणां पूर्वरूपाणि शंसतीत्यादिसूचनार्थं प्रदर्शनं, एतेन स्वाप्निकं जगदतितुच्छमंगीकर्तारो निरस्ताः, विष्णुपदकपालिनीकल्पस्याप्रमाणप्रसंगे सूचकत्वादिविरोधाच्च ॥ ४ ॥

किञ्चिदाशङ्क्य परिहरति, ननु जीवाय भगवान् सृष्टिं करोति प्रदर्शयति च स्वस्य सर्वलीलां, अंशश्चायं, कथमस्य दुःखित्वमित्याशंक्य परिहरति तुशब्दः,

पराभिध्यानात्तु तिरोहितं ततो ह्यस्य बन्धविपर्ययौ ॥ ५ ॥

अस्य जीवस्य ऐश्वर्यादि तिरोहितं, तत्र हेतुः, पराभिध्यानात्, परस्य भगवतोऽभिध्यानं, स्वस्य भोगेच्छा, परकर्तृकं जीवकर्मकं, सर्वप्रकारेण भोगस्यालोचनं, तस्मात्, ईश्वरेच्छया जीवस्य भगवद्धर्मतिरोभावः, ऐश्वर्यतिरोभावाद्दीनत्वं पराधीनत्वं, वीर्यतिरोभावात् सर्वदुःखसहनं, यशस्तिरोभावात्सर्वहीनत्वं, श्रीतिरोभावाज्जन्मादिसर्वापद्विषयत्वं, ज्ञानतिरोभावाद्देहाद्यहंबुद्धिः, सर्वविपरीतज्ञानं चापस्मारसहितस्येव, वैराग्यतिरोभावाद्विषयासक्तिः, बन्धः ऐश्वर्यादिचतुर्णां कार्यं, विपर्ययो द्वयोः, तिरोभावादेवैवं नान्यथा, हि युक्तोऽयमर्थः, युक्तं भगैः स्वैरितरत्र चाध्रुवैरित्यादिवाक्यात् पूर्णा नित्या भगवत्येव, तत्रैकस्यैश्वर्यादेरेकांशप्राकट्येपि यत्पादपंकजपरागनिषेवतृप्ता योगप्रभावविधुताखिलकर्मबन्धाः, स्वैरं चरन्ति मुनयोपि न नह्यमाना इत्यादिवाक्यैस्तथाभावात्, आनन्दांशस्तु पूर्वमेव तिरोहितो

येन जीवभावः।

अयमत्र निर्णयः, व्युच्चरणसमये कपूयरमणीयचरणभेदेन बन्धयोग्याः सदामुक्ताश्च, तत्रान्तिमाः सेवायोग्याः, तेषु स्वरूपानन्दमात्रस्यैव तिरोभावो न धर्मरूपस्यानन्दस्य, नाप्यैश्वर्यादीनां, आदिमेषु यथायोग्यं तिरोभाव इति, अत एव काममयः, अकामरूपत्वादानन्दस्य, निद्रा च सुतरां तिरोभावकर्त्री भगवच्छक्तिः, अस्मिन् प्रस्तावे जीवस्य धर्मतिरोभाव उक्तः, अन्यथा भगवत ऐश्वर्यादिलीला निर्विषया स्यात्, तस्माच्च जीवस्वरूपपर्यालोचनया किञ्चिदाशंकनीयम् ॥ ५ ॥

ईश्वरेच्छयैवैश्वर्यादितिरोभावं स्वमते निरूप्य मतान्तरेणापि यावद्देहं बन्ध इति नियतधर्मवादेन निरूपयति

देहयोगाद्वा सोपि ॥ ६ ॥

वाशब्दोऽवधारणेऽनादरे वा, स सर्वतिरोभावो देहसंबन्धादेवास्य, विपर्ययज्ञानं वा अविद्यादन्यजन्मदुःखादि, अस्मिन् पक्षे देहवियोग एव पुनरैश्वर्यादिप्राप्तिः, पूर्वस्मिन्कल्पे विद्यमानेपि देहे तदाप्तिः, नत्वीश्वरेच्छया विकल्पः।

कश्चित् परशब्देन देहादिमाह, तदाऽभिध्यानयोगयोराकस्मिकता स्यात्, एवं च देहारंभककर्महेतुकबन्धविपरीतज्ञानयोरंगीकारेऽभिध्यानयोगयोर्निर्हेतुकत्वेन तत इतिपदं व्यर्थं स्यात्, बन्धादेः कर्माद्यधीनत्वांगीकारे सर्वस्य वशी सर्वस्येशान इतिश्रुतिविरोधश्च।

अद्वैतवादी द्वैताद्वैतवादी च ज्ञात्वा देवं सर्वपाशापहानिः क्षीणैः क्लेशैर्जन्ममृत्युप्रहाणिः, तस्याभिध्यानात् तृतीयं देहभेदे विश्वैश्वर्यं केवल आप्तकाम इतिश्रुत्यनुरोधेन ईश्वरविषयकर्मादिकर्तृकाभिध्यानं मत्वा अविरोधित्वमिति कल्पयति, विपर्ययशब्देन च मोक्षं, तदध्याहारेण सूत्रद्वयं योजयति, तत्र श्रुत्यर्थस्तु देवं ज्ञात्वा तज्ज्ञानेन सर्वेषां पाशानां बन्धकानां पुण्यपापादीनां हानिः नाशः, क्षीणैः नष्टैः, क्लेशैः अविद्यादिपंचभिः, जन्ममृत्युप्रहाणिः जन्ममरणधारानाशः, तस्याभिध्यानात् ईश्वरविषयकध्यानात्, देहभेदे देहनिवृत्तौ, पाठान्तरे देहैः, तृतीयं विश्वैश्वर्यं, ऐहिकात् सोमादिलोकसंबन्धिनश्चैश्वर्यात्, अतिरिक्तं ब्रह्मलोकसंबन्ध्यैश्वर्यं भवेदिति शेषः, ततः केवलो ब्रह्मभूत आप्तकामो भवतीति, सप्तम्यन्तपाठे ऐहिकात् पारलौकिकात् तृतीयो ज्ञानिदेहः, तस्य निवृत्तौ सत्यां विश्वैश्वर्यं प्राप्य ब्रह्मभूतो भवतीत्यर्थः, अस्यां च पराभिध्यानपदेन परमेश्वरविषयकं ध्यानमुच्यते इति ब्रह्मसाम्यकृतेने-

तदनुरोधेनेश्वरविषयकं जीवकर्तृकाभिध्यानं सौत्रत्वेन विचार्य, पूर्वं तिरोहितमैश्वर्यं तस्माद्धेतोः अतिरोहितं भवतीति, तत ईश्वरादेव बन्धविपर्ययौ, ईश्वरापरिज्ञानाद्बन्धः, ईश्वरपरिज्ञानान्मोक्ष इत्याह, तद् ब्रह्मवादापरिज्ञानाद्, देहयोगसूत्रं सिद्धान्तीयत्वेनांगीचकार, तज्जानीयाच्चेन्नांगीकुर्यात्, चाशब्दो जीवेश्वरान्यत्वशंकाव्यावृत्त्यर्थ इति च न वदेत्, ब्रह्मवादे चानेन जीवेनैवं करिष्यामीतीश्वरेच्छायाः जीवशरीरसाहित्य एव व्यापारतया निवेशात्, इदं च प्रकरणमवस्थाबोधकं तेनेश्वराभिध्यानरूपसाधनोपदेशस्यासंगतिश्चेत्युपेक्ष्यं, एतस्य निद्राप्रकरणत्वेन निद्राया विवेकज्ञानाभावावसरत्वाद्यथा व्याख्यात एवार्थः ।

किञ्च मिथ्यावादिना तदनन्यत्वाधिकरणादिषु सकलप्रपञ्चस्य मिथ्यात्वे साधिते कैमुत्येन स्वप्नस्य तत्त्वे सिद्धे अधिकरणवैयर्थ्यापातः, वैधर्म्याच्च न स्वप्नादिवदितिसूत्रे विसदृशत्वानिरूपणविरोधश्चेत्यपि ज्ञेयं ।

विशिष्टवादी तु एतत्सूत्रानन्तरं सूचकसूत्रं पपाठ पराभिध्यानसूत्रात् पूर्वं नेति, तन्न विचारासहं, मायामात्रत्वसाधने जीवकर्तृकत्वनिराससाधने च सूचकसूत्रस्य साधकत्वायोपन्यासो मायामात्रसूत्रानन्तरमुपयुज्यते, तत्र च किमितिमिथ्यासृष्टिं दर्शयति दुःखादिकं जीवस्यानुभावयतीतिशंकापाकरणाय पराभिध्यानदेहयोगसूत्रे चोपयुज्येते, तन्मते तु परमपुरुषस्यैव कर्तृत्वबोधनाय मायामात्रसूत्रानन्तरं पराभिध्यानसूत्रसंगतिर्देहयोगसूत्रस्य च, तदनन्तरं सूचकसूत्रोपन्यासे हेत्वभावात्, सकलशिष्टपाठक्रमभंगाच्चेत्यलम् ॥ ६ ॥ १ ॥

इति तृतीयाध्याये द्वितीयपादे प्रथमं सन्ध्याधिकरणम् ॥

[1]प्राचीन कीर्तनो.

राग बीलावल ॥

श्रीबालकृष्णकुं गोद ले स्तनपान करावे ॥
घुघुकारत मुख प्रफुलित अतिआनंद बधावे ॥ १ ॥
गोपीजन हसी कहत महरीसों हमें देउ गो हमहीं खेलावे ॥
तोहारे भाग्य दीयो फल भाग्यो यह तुम ते सुख पावे ॥ २ ॥
जब खीजे प्रफुलित व्हे प्रियकुं कंठ लगावे ॥
रसिकदासके प्रभु रीतमायक सब तन ताप बुझावे ॥ ३ ॥

---

[1] गोस्वामिश्रीगोपिकालंकारजी उपनाम श्रीमदुश्रीमहाराजकृत ।

धंनो नटवर नवल कन्हाई ॥
रत्नजटित आंगनमें नाचत, कीलकीलकी भांति हरख बढाई ॥ १ ॥
मागत माखन मात मातसों, बोलत बचमधु मुख मुसकाई ॥
जननी आप दीयो हितचित करी, लीनो अति सुख पाई ॥ २ ॥
एककरमें नवनीत बिराजत, एककर मात सुहाई ॥
मोहत सुकपसंभ नीलमणि हस्तके मेव शोभाई ॥ ३ ॥
व्रजवनिताने तनसुख निरखत अंतभाव जनाई ॥
रसिकदासके प्रभुरसदायक, रससंकेत बताई ॥ ४ ॥

धंनो श्रीबालकृष्ण व्रज पाल ॥
जसुमतिगृह प्रगट हे पंचमा रसलीलामें अधिक रसाल ॥ १ ॥
कंठुला कंठ भृकुटि मसबिंदुका तिलक बिचित्र बिराजत भाल ॥
रसिकरायके दासकी बिनति शरण राखीये करी प्रतिपाल ॥ २ ॥

श्रीपद्मनाभदासकृत कीर्तनो.

(राग-भैरव.)

पद १.

श्रीवृन्दावन रम्य रस दानी ।
श्रीपद्मपदपंकज माधुरी विमसुं साखि रही ढवि मानी ॥ १ ॥
भूविलास अन्तःपुरगह्वर रासस्थली दगम दुरचानी ॥
अंबसुपन सुख अवधि याही को अंबक मोर पार रहे पानी ॥ २ ॥
पागबीरासु बचनसु न समझी मधुराई मुरली मधुआनी ॥
मकपटी बात छोपेद यहोत सली सुरसावत सपअस मल्सामी ॥ ३ ॥
अंतरंग बहुरंग प्रसंगित मधुर मधुर बंसी गुनगानी ॥
रास रंभ पदे मकरकेलिके प्रभुर केलि सखी बहुत समानी ॥ ४ ॥
मनविधाबाम संकुचित विविध निधि रूपाअंबुधि सम्यक् सुख खानी ॥
सन्मुख भये नेह मदनेश्वर पाछे पुलिन ठोरकी हानी ॥ ५ ॥
भूषणभाव बसन पद पोरे कल्पित मरा पहरानी ॥
श्यामबर्णचंद्रकिरणरंजित हे पद्मनाभ मानिया उजरानी ॥ ६ ॥

पद २.

सखी हो श्रृंगारसमय भाव प्रकट करी श्रीवल्लभवरदेहम् ॥
ललिकादि मनवपू विरहवन व्यापी युगल स्नेहम् ॥ १ ॥
वृन्दावन इन्दु सम्पुट हृदयगूढ कन्दरगेहम् ॥
पद्मनाभ सुवदितकृतमार्ग नेहसुपलिकायेहम् ॥ २

पद ३.

हेली नवनिकुंज लीलारसपूरित श्रीवल्लभ तनमन मोरे ॥
अंग अंग विधुम छिपत घन दामिनी दुति फल फल प्रतिकोरे ॥ ३ ॥
करत प्रवेश विरहदहनेसुत भूतल बहोत कठोरे ॥
पद्मनाभ मधुरेश विचारत श्रीलक्ष्मणभट्टसुत मोरे ॥ ४ ॥

पद ४.

हेली रसमय रसमय श्रीवल्लभसुत प्रकट भये आज ।
अंग अंग द्युति तरंग मधुरावली केलिप्रसंग रग
रसाल प्रौढ़ माल कमनीय साज ॥ १ ॥
लीलामृतरसाब्धिनायकी बंधी पाज ॥
पद्मनाभ वागधीश कुंवर केलिकला भासित
विरहवह्नि अवगाहत मज्जन शिरताज ॥ २ ॥

पद ५.

यथा भेदवेदं तथा पुष्टवेदं प्रवेशस्वरूपप्रमाणम् ॥
वेणुनाद वृन्दावन तद्रूप गोकुल स्त्रीनिरोध बोधित
द सहपुत्र प्रमाणम् ॥ १ ॥
तद् तद्भाव भूपिता मूर्ति पतायरकृतानुसन्धानम् ॥
पद्मनाभ मधुरेशचरणसरोजपराग परमशोभा अलंकृत
प्रभुदास मधुकर मधुपान अभय अद्वय दीपे दान ॥ २ ॥

સૂચના.

પુષ્ટિભક્તિસુધાના ગ્રાહકો ખાસ ધ્યાનમાં લેશે કે હવેથી નોછાવર વર્ષના આરંભમાં જ સેવામાં આવશે, તેથી ગ્રાહકોને વિનતિ કરવામાં આવે છે કે આ અંક મળે તે તરત નોછાવરના રૂ. ૨-૦-૦ મોકલી આપવા કૃપા કરવી. જે કોઈનું નોછાવર નહિ આવશે, તેમને બીજો અંક વી. પી. થી મોકલવામાં આવશે, તે તેમણે સ્વીકારવા કૃપા કરવી. જે ગ્રાહકોએ ગત વર્ષના અંતમાં નોછાવર મોકલ્યું છે તેમણે પણ આ વર્ષના આરંભમાં જ નોછાવર મોકલવા કૃપા કરવી. ગ્રાહકોને આરંભમાં વા અંતમાં નોછાવરના રૂ. ૨-૦-૦ તો આપવાના જ છે તેથી માસિકની સગવડને ખાતર આરંભમાં નોછાવર મોકલી આપવાની ગ્રાહકો કૃપા કરશે.

પ્રકાશક.

महानुभावी श्रीगोपालदासजी.

શ્રીયદુપતિ અતિગુણનિધિ સદા મન પ્રસન્ન કુશલરે રસના,
નાદ તે શ્રીમહારાણી તણા મુખમાધુરી વિલાસરે રસના.

શ્રીમદ્ગોસ્વામીના પંચમ પુત્ર શ્રીરઘુનાથજીનું સ્મરણ કરી ભક્ત કવિવર એઓશ્રીના ષષ્ઠ પુત્ર શ્રીયદુનાથજીનું સ્મરણ કરે છે. ષષ્ઠ ગૃહના તિલકાયિત શ્રીયદુનાથજી જ છે, એઓશ્રીના સેવ્ય સ્વરૂપ વિષે સંપ્રદાયમાં મતભેદ છે; આખ્યાયિકા નીચે પ્રમાણે છેઃ—૧. શ્રીગુસાંઈજીની વૃદ્ધાવસ્થામાં એઓશ્રીના ચતુર્થ પુત્ર શ્રીગોકુલનાથજી ગૃહનું વ્યાવહારિક કાર્ય કરતા. શ્રીગુસાંઈજીને દ્વિતીય પત્ની શ્રીપદ્માવતીજીથી એક પુત્ર શ્રીઘનશ્યામજી થયા. શ્રીગોકુલનાથજી શ્રીઘનશ્યામજી ઉપર અત્યન્ત સ્નેહ રાખતા. એ સ્નેહથી પોતે શ્રીઘનશ્યામજીને એવી પ્રેરણા કરી કે જે સમય એઓશ્રી શ્રીગુસાંઈજીની ગોદમાં બિરાજે તે સમયે એમણે શ્રીમદનમોહનજીનું સ્વરૂપ દાયભાગમાં માગી લેવું. શ્રીઘનશ્યામજીને આ પ્રકારે શ્રીમદનમોહનજીનું સ્વરૂપ પ્રાપ્ત થયું. શ્રીયદુનાથજી કે જેઓશ્રીને સંપ્રદાયમાં 'મહારાજશ્રી' સંજ્ઞાથી ઓળખે છે, તેઓશ્રી નામ માત્રથી નહિ પરન્તુ સ્વભાવથી 'મહારાજ' જ હોવા જોઈએ, અને તેથી જ્યારે એઓશ્રીને દાયભાગમાં શ્રીબાલકૃષ્ણજીનું સ્વરૂપ પધરાવી આપવા માંડ્યું ત્યારે 'એ છોરા સ્વરૂપને સેવા શૃંગાર શું કરાય' એ બીકથી. અને સર્વદા સેવા કરવાના અભિલાષથી દાયભાગમાં પ્રાપ્ત થતા શ્રીબાલકૃષ્ણજીને પોતાને માથે પધરાવી ન લીધા. આ શ્રીબાલકૃષ્ણજીનું સ્વરૂપ તે શ્રીગુસાંઈજીના સેવ્ય શ્રીનવનીતપ્રિયજી (વ્યારાવાળા શ્રીગોપાલદાસજીના મત પ્રમાણે) કે શ્રીદ્વારકાધીશજીની ગોદમાં બિરાજેલા અને [illegible] શ્રીમદ્ગોસ્વામી શ્રીપુરુષોત્તમજીના સેવ્ય ને હાલ સુરતમાં બિરાજતા શ્રીબાલકૃષ્ણજી તે નિશ્ચય કરવાને આપણી આધુનિક સાધનસામગ્રી ન્યૂન છે. ગમે તેમ હો, પરન્તુ શ્રીયદુનાથજીએ ઉભય સ્વરૂપનો સ્વીકાર સ્વજીવન પર્યન્ત કર્યો ન હતો. આ વાતને શ્રીગોકુલનાથજીનો શ્રીયદુનાથજીના વહુજી શ્રીમહારાણીજી ઉપર લખેલો, અને હાલમાં [illegible] ગોસ્વામી શ્રીગિરિધરજી પાસે વિદ્યમાન પત્ર સાક્ષી પૂરે છે. ઉક્ત પત્ર ઉપરથી અન્ય પણ જાણવાનું મળે છે. સ્વપ્રેરણાથી શ્રીયદુનાથજીને જે અન્યાય થઈ ગયો તેને વાસ્તે શ્રીગોકુલનાથજી સ્વવૃદ્ધાવસ્થામાં ખેદ કરે છે; એ અન્યાયનો બદલો વાળવાને શ્રીગોકુલનાથજીએ શ્રીકલ્યાણરાયજીનું સ્વરૂપ શ્રીમહારાણી વહુજીની પ્રાર્થનાથી શ્રીયદુનાથજીના બાલક પુત્રોને માથે પધરાવી આપ્યું. કદાચિત શ્રીગુસાંઈજીએ જ જ્યારે શ્રીયદુનાથજીએ શ્રીબાલકૃષ્ણજીનું સ્વરૂપ પધરાવી ન લીધું ત્યારે શ્રીકલ્યાણરાયજીનું સ્વરૂપ પધરાવી આપવાની આજ્ઞા શ્રીગોકુલનાથજીને, (વ્યવહારતંત્રી હોવાથી) કરી હોય એ પણ બનવા યોગ્ય છે. કદાચિત્ શ્રીકલ્યાણરાયજીનું સ્વરૂપ શ્રીયદુનાથજીને સ્વજીવનમાં પધરાવી આપવાની સૂચના થઈ હોય તો પણ તેઓશ્રી સ્વતઃ મહારાજ હોવાથી, બહુ ભોળા હોવાથી, અથવા તો સર્વ સ્વરૂપોની સેવા કરવાના અભિલાષથી, કે વ્યારાવાળા શ્રીગોકુલનાથજીના સેવક શ્રીગોપાલદાસજીના મત પ્રમાણે સેવામાં અનાસક્ત હોવાથી, શ્રીકલ્યાણરાયજીને પોતે પધરાવી ન લીધા (અત્રે કહેવું જોઈએ કે વ્યારાવાળા શ્રીગોપાલદાસજીનું મત પ્રમાણભૂત નથી લાગતું).

શ્રીમહારાણી વહુજીએ સ્વતઃ ચતુર હોવાથી સ્વભર્તાના સેવાધિકારનું ગ્રહણ 'કરવાને'

શ્રીકલ્યાણરાયજીનું સ્વરૂપ પધરાવી લીધું. આ ચર્ચાથી એમ સમજાશે કે ૫મ ગૃહનું હાલમાં સેવ્ય સ્વરૂપ શ્રી કલ્યાણરાયજી જ છે; અને એ ગૃહના તિલકાયિત પણ એજ સ્વરૂપના સેવાધિકાર પ્રાપ્ત કરનાર શ્રીયદુનાથજીના વંશ્ય ગોસ્વામીઓ છે. આધુનિક સમયમાં એજ ગૃહના તિલકાયિત શેરગઢસ્થ શ્રીમદ્ગોસ્વામી શ્રીગિરિધરજી જ છે.

૫મ ગૃહના તિલકાયિત હોવાનો દાવો શેરગઢસ્થ ગોસ્વામી શ્રીગિરિધરજી સિવાય અન્ય બે ગોસ્વામીઓ કરે છે. ૧ સુરતવાળા શ્રીવ્રજરત્નલાલજી અને ૨ કાશીસ્થ શ્રીમુકુન્દરાયજીના સેવાધિકારી શ્રીબાલપ્રબોધિનીનામક શ્રીભાગવતના ટીકાકાર શ્રીગિરિધરજીના વંશ્યો છે.

૧. સુરતવાળા શ્રીવ્રજરત્નજી પોતે શ્રીબાલકૃષ્ણજીના સેવાધિકારી હોવાથી, અને શ્રીબાલકૃષ્ણજી શ્રીયદુનાથજી સેવ્ય સ્વરૂપ છે એમ માની લીધાથી, ૫મ ગૃહના તિલકાયિત હોવાનો સ્વાધિકાર સિદ્ધ કરવા પ્રવર્તે છે. શ્રીવ્રજરત્નજીનો આ પ્રયત્ન અમને સર્વથા અન્યાય્ય લાગે છે, કારણ કે (૧) સુરતમાં જે શ્રીબાલકૃષ્ણજીનું સ્વરૂપ બિરાજે છે, તે શ્રીયદુનાથજીના સેવ્ય તરીકે પધરાવાયું નથી, પરન્તુ શ્રીદ્વારકાધીશની ગોદમાં બિરાજેલું, અને શ્રીવ્રજરાજજીને દાયભાગમાં પ્રાપ્ત થયલું અને એઓશ્રીદ્વારા સ્વભ્રાતૃજ દશદિગન્તવિજયી શ્રીમદ્ગોસ્વામી શ્રીપુરુષોત્તમજીને માથે બિરાજેલું સ્વરૂપ છે. શ્રીપુરુષોત્તમજી સ્વતઃ શ્રીગુસાંઇજીના તૃતીય લાલજી શ્રીબાલકૃષ્ણજીના પાંચમી પેઢીના વંશ્ય હતા, અને એઓશ્રીએ ૫મ ગૃહના તિલકાયિત હોવાનો સ્વાધિકાર કદાપિ પણ જણાવ્યો નથી. જે અધિકાર શ્રીપુરુષોત્તમજી પોતાનો નહોતો માનતા તે અધિકાર એઓશ્રીના નિર્વંશ થવાથી એઓશ્રીની ગાદી ઉપર આવનાર શ્રીગુસાંઇજીના પ્રથમ પુત્રના વંશ્યો ક્યાંથી પ્રાપ્ત કરી શકે ? (૨) શ્રીયદુનાથજીના પાદુકાજી શેરગઢસ્થ શ્રીગિરિધરજીને ત્યાં જ બિરાજે છે એ પણ શ્રીવ્રજરત્નજીના ૫મ ગૃહના તિલકાયિત હોવાના અધિકારને નિષેધ કરે છે. જે જે ગૃહના જે જે ગોસ્વામી તિલકાયિત હોય છે, તે તે ગૃહમાં તે તે શ્રીગુસાંઇજીના બાલકના પાદુકાજી બિરાજે છે. શ્રીગિરિધરજીના પ્રથમ ગૃહમાં, શ્રીગોવિંદરાયજીના દ્વિતીયમાં, શ્રીબાલકૃષ્ણજીના તૃતીયમાં ઇત્યાદિ. (૩) જે ગૃહના પોતે તિલકાયિત હોવાનો શ્રીવ્રજરત્નલાલજી દાવો કરે છે તે ગૃહના પ્રથમ તિલકાયિત શ્રીયદુનાથજીનો ઉત્સવ પણ સ્વમંદિરમાં મનાતો નથી; આ પણ સ્વાધિકારની શિથિલતા જ સિદ્ધ કરે છે. સેવાની અભિલાષા વિના ૫મ ગૃહના તિલકાયિત કહેવરાવવાનું બીજું કાંઇ પણ કારણ શ્રીવ્રજરત્નજીને હોય તો તે અમને જણાતું નથી. વસ્તુતઃ પૂર્વ દર્શાવ્યા પ્રમાણે જે શ્રીપુરુષોત્તમજીનો અધિકાર તેજ એઓશ્રીની ગાદી ઉપર આવનાર ગોસ્વામી અને તદ્વંશ્યોનો હોઇ શકે. શ્રીપુરુષોત્તમજી તૃતીય ગૃહના ઉપતિલકાયિત તેમ શ્રીવ્રજરત્નજી પણ તૃતીય ગૃહના ઉપતિલકાયિત ગણાવા જોઇએ; જો કે આદિ શ્રીબાલકૃષ્ણજીની આજ્ઞાથી, કારણ કે દશદિગન્તવિજયી [1]શ્રીપુરુષોત્તમજીનો ભાદ્રપદ શુક્લ એકાદશીનો ઉત્સવ તો એઓશ્રીના પોતાના ગૃહમાં પણ નથી મનાતો એ ઓછું ખેદપ્રદ નથી.

૨. કાશીસ્થ શ્રીગિરિધરજીના વંશ્યો ૫મ ગૃહના તિલકાયિત હોવાનો સ્વાધિકાર જણાવે છે. પરંતુ એ પણ ન્યાય્ય ન કહી શકાય. શ્રીગિરિધરજી સ્વતઃ ધુરંધર વિદ્વાન હોવાથી, સ્વવિદ્વત્તાથી શ્રીનાથદ્વારાધીશ તિલકાયિત શ્રીદાઉજી મહારાજશ્રીને શ્રીગોપાલમંત્રનો

---

[1] ૧. પ્રે. ૫ વર્ષ થયાં શ્રીપુરુષોત્તમજીનો પ્રાકટ્યોત્સવ મનાય છે એમ સાંભળ્યું છે.

ઉપદેશ કર્યો, એ ઉપદેશની દક્ષિણામાં શ્રીમુકુંદરાયજીનું સ્વરૂપ શ્રીહરિજી મહારાજના વંશજોએ એઓશ્રીને માથે પધરાવી આપ્યું; અને પંચ ગૃહની અભ્યર્થનાને લીધે, અને શ્રીગિરિધરજી પણ શ્રીયદુનાથજીના વંશજ હોવાને લીધે, શ્રીહરિજી મહારાજે શ્રીગિરિધરજીને પંચ ગૃહના તિલકાયિત તરીકે સ્વીકાર્યા. જો કે સુરતવાળા શ્રીવ્રજરત્નજીથી કાશીસ્થ ગોસ્વામી શ્રીગિરિધરજીનો હક કાંઈક અંશે પ્રબલ છે છતાં પણ ઐતિહાસિક દૃષ્ટિથી શેરગઢસ્થ ગોસ્વામી શ્રીગિરિધરજીના હકથી તે નિર્બલ જ છે, કારણ કે, પાછળથી પ્રાપ્ત કરેલો અધિકાર પૂર્વમાં પ્રાપ્ત કરેલા અધિકારનો બાધ કરી શકે નહિ.

ઉપર્યુક્ત ચર્ચાથી આટલું સિદ્ધ થયું કે પંચ ગૃહના આધુનિક તિલકાયિત શેરગઢસ્થ શ્રીગિરિધરજી છે, એઓશ્રીનું સેવ્યસ્વરૂપ શ્રીકલ્યાણરાયજીનું છે. ઇતિહાસથી એવું પણ જાણવામાં આવ્યું છે કે આ શ્રીકલ્યાણરાયજીનું સ્વરૂપ [illegible] તરીકે પૂજાતું, પરંતુ દેવીને શંખ, ચક્ર, ગદા, પદ્મ ન હોય તેથી ખરું આ સ્વરૂપ દેવીનું નહિ પરન્તુ વિષ્ણુનું જ હોવું જોઈએ. કોઈ કારણોથી એ સ્વરૂપ દેવી તરીકે પૂજાતું હશે જેનો ત્યાગ કરી શ્રીગુસાંઈજીએ એ સ્વરૂપને મૂળ અવસ્થાએ પ્રાપ્ત કરાવી શ્રીકલ્યાણરાયજી તરીકેનો સેવાપ્રકાર સ્વચરણાગત અમુક વૈષ્ણવને સોંપ્યો. એ વૈષ્ણવના તિરોધાન પછી એ સ્વરૂપ પોતાને ત્યાં પધાર્યું અને તેજ સ્વરૂપ શ્રીયદુનાથજીના વંશજોના દાયભાગમાં પ્રાપ્ત થયું. હાલ એ સ્વરૂપ ગુજરાતમાં વડોદરામાં બિરાજે છે. એ સ્વરૂપનું સ્વાભાવિક લાવણ્ય દર્શન કરનાર ભાવુક હૃદયમાં પ્રભુનો આવિર્ભાવ કરે છે. ભૂતલ ઉપર બિરાજતા સેવાનિષ્ઠ ગોસ્વામીઓમાં શેરગઢસ્થ શ્રીગિરિધરજી એક છે. મહારાજશ્રી શ્રીકલ્યાણરાયજીને પોતાનું સર્વસ્વ સમજે છે. લૌકિક દૃષ્ટિથી ભાસતી કેટલીક અવ્યવસ્થાનો સ્વીકાર કરી જો શ્રીગિરિધરજી સેવામાં વ્યવસ્થા રાખે તો જ પ્રભુને તથા પોતાને પરિશ્રમ થતો અટકે. શ્રીકલ્યાણરાયજીને અર્પણ કરેલી શેરગઢની જાગીરોનો ત્યાગ કરી વડોદરા શહેરમાં કે જ્યાં પ્રભુની સેવામાં પોતાને તથા વૈષ્ણવોને ક્લેશ થાય એ અલૌકિક દૃષ્ટિથી પણ ઉચિત તો ન જ કહેવાય.

શ્રીગિરિધરજીને શ્રીવલ્લભલાલજી નામે પુત્ર છે. હાલ તેમનું વય અધ્યયનને યોગ્ય હોવાથી મહારાજશ્રી ઉક્ત લાલજી પ્રતિ 'त्वं हि न पिता यः अस्माकं अविद्यायाः पारं तारयसि' એ શ્રુતિ પ્રમાણે વર્તો, અને તેમ કરવામાં અપેક્ષિત સામગ્રીનું દાન શ્રીકલ્યાણરાયજી એઓશ્રીને કરો.

શ્રીવ્રજરત્નજી[1] તથા કાશીસ્થ ગોસ્વામી ઉભયના પંચ ગૃહના તિલકાયિતત્વનો નિષેધ

---

[1] ઉક્ત ગોસ્વામીઓને પંચગૃહ તિલકાયિત થવાનો અતિશય આગ્રહ છે. મહારાજશ્રી આનો આગ્રહ રાખે છે તેના કરતાં પ્રભુની નામસેવા અને રૂપસેવામાં વિશેષ આગ્રહ રાખે તો સારું એ તો સ્પષ્ટ જ છે. મહારાજશ્રી સમૃદ્ધિમાન્ છે અને યથાશક્તિ નામસેવા કરવાનો ઉત્સાહ પણ ધરાવે છે. વિદ્યાપ્રચારથી આવતાં શુભ પરિણામ આંગ્લાદિવિદ્યાના સંપર્કથી મહારાજશ્રીની ધ્યાનમાં આવ્યાં હોય એમ લાગે છે. તદનુસાર મહારાજશ્રીએ શ્રીપુરુષોત્તમજીનો કોઈ પણ ગ્રન્થ સ્વખર્ચે મુદ્રિત કરવાનું મને જણાવ્યું હતું, પરંતુ આવી છૂટી છવાયી છપાઈ કરતાં મહારાજશ્રી કંઈ સંગીન કાર્ય હાથ લઈ શ્રીપુરુષોત્તમજીના સર્વ ગ્રન્થોનો સંગ્રહ કરે, ને તેમાંના અપ્રાપ્ય ગ્રન્થોને ક્રમરૂપે પ્રકાશમાં લાવીને શ્રીપુરુષોત્તમજીની ખ્યાતિને દીપાવશે તો અમારો નિશ્ચય છે કે તેમ કરવાથી જે આનંદ અને સંતોષ નિત્યલીલાસૃષ્ટિમાં બિરાજતા શ્રીપુરુષોત્તમજીને થશે, તે આનન્દ સર્વ વૈષ્ણવો અને અમે પણ, ઇતિહાસને બાજુપર મૂકી, મહારાજશ્રીને પંચ ગૃહના તિલકાયિત ગણીએ તો પણ નહિ થાય, અને તેથી મહારાજશ્રી એવા નામમાત્રમાં મોહ નહિ રાખતાં [illegible] સ્વાર્થપરમાર્થ શ્રીમહાપ્રભુજીની કૃપાથી સાધશે એમ ઇચ્છીએ.

કર્યો છે માત્ર ઐતિહાસિક દૃષ્ટિથી જે અમને યોગ્ય લાગ્યું તેજ કર્યું છે. ઉક્ત ગોસ્વામીઓ સ્વતઃ પંચગૃહતિલકાયિત ભલે ગણે અને સર્વ વૈષ્ણવો પાસે ગણાવે, પરંતુ ઐતિહાસિક સત્ય અન્યથા થઈ શકે એમ નથી. ઉક્ત ગોસ્વામીઓ પંચગૃહતિલકાયિત ગણાવાની અભિલાષા રાખે છે, તેના કરતાં જો પ્રથમ ગોસ્વામીશ્રી શ્રીપુરુષોત્તમજીના સર્વ ગ્રન્થોને, અને દ્વિતીય શ્રીગિરિધરજીના સર્વ ગ્રન્થોને ઉત્તમ રૂપે મુદ્રિત કરાવશે તો એઓશ્રીનાં નામ તિલકાયિત થયા વિના પણ સંપ્રદાયમાં ચિરસ્થાયિ થશે. શ્રીપુરુષોત્તમજી સ્વતઃ ક્યાં તિલકાયિત હતા, પરન્તુ એઓશ્રીનાં પાંડિત્યથી અખિલ સંપ્રદાય એઓશ્રીનો ઋણી છે, અને એ ઋણ હજુ વાળવાનું આધુનિક ગોસ્વામી અને વૈષ્ણવ સૃષ્ટિને બાકી છે. વસ્તુતઃ જેમ શ્રીવ્રજરત્નજી તૃતીય ગૃહના ઉપતિલકાયિત છે, તેમ શ્રીગિરિધરજીને પંચ ગૃહના ઉપતિલકાયિત ગણવા જોઈએ. આ પ્રકારે સંપ્રદાયમાં સપ્ત તિલકાયિત, ત્રણ ઉપતિલકાયિત અને સર્વના પ્રતિનિધિ શ્રીનાથદ્વારાધીશ પ્રધાનતિલકાયિત છે.

શ્રીગુસાંઈજીના સપ્ત બાલકોમાં શ્રીગિરિધરજી અને શ્રીયદુનાથજીના વંશ ભૂતલ ઉપર બિરાજે છે. મુખ્યમાં મથુરાવાળા શ્રીગોપાલલાલજી, શ્રીરમણલાલજી અને તત્પુત્ર શ્રીઘનશ્યામજી હાલમાં છે. શ્રીગોપાલલાલજીનું સેવા શૃંગારમાં કૌશલ્ય અને નિષ્ઠા સાંપ્રદાયિક છે. શ્રીરમણલાલજી પણ અત્યંત સેવાનિષ્ઠ છે, યદ્યપિ અનન્ય ભક્તિના આગ્રહથી શ્રીગોકુલેશ-પ્રતિ વલણ વિશેષ છે. શ્રીઘનશ્યામજી સંગીતવાદ્યમાં કુશલ છે એમ સાંભળ્યું છે.

कविवर दयाराम अने व्यास माधवराम.

પ્રાચીન ભગવદીયો પરસ્પર કેવો પત્રવ્યવહાર કરતા અને નિષ્કપટ હૃદયે
સ્પષ્ટ લખતા તેનો આદર્શરૂપ આ ચિતાર છે.

કવિ ઉપર વ્યાસ માધવરામનું પત્ર.

ગરબાનો રાગ.*

સ્વસ્તિ શ્રીપુરી દર્ભાવતી, રેવાસ્નાન જતાં માર્ગ માંહે આવતી. ૧
ત્યાંહાં વાસ વસે વૈષ્ણવ શિરોમણિ, કૃપા પાત્ર પુષ્ટિદાન શિર વલ્લભ ધણી. ૨
કાવ્ય ગ્રંથ શાસ્ત્ર વાદને જાણે ઘણું, ચતુરશિરોમણિ સત્સંગ મૂકે નહિ ક્ષણ. ૩
એતન્માર્ગ ગ્રંથમાં વિખ્યાત છો, કૃષ્ણસેવામાર્ગના આખ્યાતા છો. ૪
યુગલ સ્વરૂપકીઆસક્ત તમો છો સહી, પ્રિયતમ પ્યારી વિના બીજું ગમતું નહિ. ૫
દયારામ અભિધાનને હું લખું, વસું વેગળો પણ છું તમો વખુ. ૬
નગર રાજ ને લોહિક વાસ છું, માધવ અભિધાન તારો દાસ છું. ૭
નામધારી શ્રીયદુનાથજીને શરણ છું, દૈવયોગે કરી વિપ્રનો વર્ણ છું. ૮

---

* આ લીટીની પછીને એકજ લખાણમાં લીધી છે. કહી એક લખાણમાં લઈને (૭) થી એક લીટી ઓછી છે. પ્રત્યેક લીટીએ 'રે લોલ' રાસપંચાધ્યાયીવત્ ઉમેરીને ગાવું.

ભગવદ્ભક્તપણું મારું અંગીકૃત કરો, દૈહિક દોષ હોય તે મનમાં ના ધરો. ૯
સમાચાર એક મારો જાણજો, વિચારી વિવેક મન આણજો. ૧૦
બાળક બોલે તેનું દુઃખ માં આણીએ, છો પરમાર્થી તે મુક્તાને તાણીએ. ૧૧
મહારૂં મન હવે હાથ મારે આવશે, તમ સરખા વિના બીજા તે કોણ લાવશે. ૧૨
મારે મનમાં લખીને કહું છું વિનતિ, મન વાળ્યાનું સામર્થ્ય મુજમાં નથી. ૧૩
કહેશો સાધન કરો લખ્યાં છે જે વેદમાં, તે તો કઠિન પડશે સમજ્યા નહિ ભેદમાં. ૧૮
ધર્મશાસ્ત્રનો વિવેક તો રહેતો નથી, ન્યાયશાસ્ત્ર આદિ ગ્રંથ તો જોયા કથી. ૧૫
અજ્ઞાનનો તો પાર નથી આવતો, જ્ઞાની હશે ખરા, પણ કે નથી ભાવતો. ૧૬
કહેશો સેવા કરો ગુરુના ઉપદેશથી, તે તો સાધ્ય કૃપાને, શું થાય વેશથી. ૧૭
કહેશો મંત્ર જપો આદિ અષ્ટાક્ષરો,* હરિસાન્નિધ્ય જવા ઉપાય છે ખરો. ૧૮
એવું જાણીને તે હું હવે જપું, પણ મન તપે વિષયથી તેમાં હું તપું. ૧૯
એનું સાધન ઉપાય કોઈ કાઢીએ, રંક રડવડે કરુણા હૃદય લાવીએ. ૨૦
હજુ સંદેહ એક રહ્યો છે વળી, ભગવન્માયા સહુથી હસે વળી વળી. ૨૧
કે મારો સંસ્કાર એવો હશે, કે કામ કરી ધર્મ વસ્યો જશે. ૨૨
નામ પ્રતાપ જણાતો નથી કશો, કે હજુ મારા મનમાં નથી વસ્યો. ૨૩
નામ જપે છે જગત્ સર્વે મળી, વૈષ્ણવ જાતિમાં તો વર્ણ સહુકો ભળી. ૨૪
તેમાં ફરક કાંઈ જડતો નથી, આપણા જોવામાં કોઈ પાર પડતો નથી. ૨૫
જુઓ આગે અજામિલ નામે ઉદ્ધર્યો, પાપ પર્વત તે એક નામે જ્વલ્યો.¹ ૨૬
અર્ધ નામે તરી ગઈ ગણિકા, હરિનામ હુતાશનકણિકા. ૨૭
આધુનિક કાળમાં હું એ લહેવું ચાહું છું, મારા મનને ધીરજ આપી વાળું છું. ૨૮
સાધનસાધ્ય હોય તો કૃતિ અવધિ લખો, કૃપાસાધ્ય હોય તો કરાવી શકો. ૨૯
કૃતિસાધ્ય વાત લખીને જણાવીએ, કૃપાસાધ્ય હોય તો કૃપાથી મેળાવીએ. ૩૦
ખાસ કહેવાનું સ્થાનક એક છો તમો, મારે બાળક બુદ્ધિ અરજી લખું અમો. ૩૧
અરજદાર સમજનાર તમો છો ખરા, બીજા હશે પણ મદ માય ન વર્યા. ૩૨
જ્ઞાનસહિત કપટરહિત મૂર્તિ પારખી, એવો નિશ્ચય કરી લખે વિનતિ લખી. ૩૩
મારે અંતર નિશ્ચય જે આમથી સધે, શ્રુતિ સ્મૃતિ જોઈ કર્યો હોય લહે. ૩૪
ફિરદ પાળીને તે સહુને ફરમાવીએ, સેપ જોયા હોય તેમ સમાવીએ. ૩૫
છો હરિજન હરિસન્મુખ વળ્યા, મારે લખવો હરિ વશ થાય તે કહ્યા. ૩૬
સંત તત્ત્વની રીતિ તમો ગ્રાહ્ય છો, તેજ રીતિ તમો પણ સાચી છો. ૩૭
મારે કરમની કેફિયત વર્ણવું, હું ²ખાતક ને તમો ³આર્જવુ. ૩૮
મારે શીઘ્ર જવાબ પાછો વાળજો, તનના તાપ મારા ટાળજો. ૩૯
તમો લખતાં વાર રખે કરો, તમારું હસવું ને અમારો મરો. ૪૦
આ વાતમાં તો પુણ્ય મોટું ખરું, મારું સામર્થ્ય નથી જે ઉપમા ધરું. ૪૧
શેષ શારદા ને શંકર જાણે નહીં, જીવ શંકા કરે તેક કો માને નહીં. ૪૨

---

* श्रीकृष्ण: शरणं मम । ए अष्टाक्षरादि मन्त्रा.

૧ બાળ થઈ ગયો ૨. આગોઆગું. ૩. ગરિમા.

અવસર જાય છે તે ફરી નથી આવતો, લક્ષ ચોરાશીમાં નથી ફાવતો. ૪૩
માટે યત્ન કરી જતન કરાવજો, સુના હૃદયમાં હરિ પધરાવજો. ૪૪
એ પાડ ગોસ્વામી ભૂલશે નહીં, તમારી વાણી વડે જીવ તરશે કંઈ. ૪૫
ભક્ત દેહ ધરે છે પર ઉપકારને, પશુવત્ હોય તેને કરે પારને. ૪૬
¹હરિશિર માસ કૃષ્ણપક્ષની તિથિ, ²ઋષિ અર્જુના ગુરુવારે વિનતિ કથી. ૪૭

કવિવરનું પ્રત્યુત્તર.

સ્વસ્તિ શ્રીશુભસ્થાન રાજનગર છે, જ્યાં શ્રીનટવરજી સાર ત્યાં સમય છે. ૧
માધવરામ વ્યાસ તે સ્થળે નિવાસ છે, વૈષ્ણવ ધર્મી શ્રીકૃષ્ણ તણા દાસ છે. ૨
ઘણા સુજ્ઞ, શ્રુતિ સ્મૃતિ શાસ્ત્ર જ્ઞાન છે, દશા મુમુક્ષુની માટે ન અભિમાન છે. ૩
સર્વ ઉપમા લૌકિક તણી રીતિ છે, શ્રીમદ્ ભાગ્યઅવધિ કૃષ્ણ ચરણ પ્રીતિ છે. ૪
વર્તમાન કવિ કાલ મહા દુષ્ટ છે, તેમાં પંડિતો ખલ³ થયા મતિ ભ્રષ્ટ છે. ૫
તેવા સમય મધ્યે ધન્ય માધવરામજી, થવા ચાહો છો પ્રસન્ન ઘનશ્યામજી. ૬
નિજ કૃપાનું સ્વરૂપ કૃષ્ણજી તણું, સ્ફુરે ગુણ હરિતણા ના અધમપણું, ૭
તમો કૃષ્ણકૃપાપાત્ર છો અમો સદા, ⁴દીપકોપ કોટિ કલ્પના ખણુ⁵ કદા. ૮
લખીતંગ દયારામ કૃષ્ણદાસ છે, દર્ભાવતી મધ્યે વર્તમાન વાસ છે. ૯
કૃષ્ણસ્મરણ તેનાં વાંચશો પ્રેમનાં, પત્રદ્વારા સમાચાર પામ્યા ક્ષેમના. ૧૦
તમો લખ્યું પ્રશ્ન-પ્રતિ ઉત્તર વાંચજો, યથામતિ લખ્યું વાંચી સંદેહ ટાળજો. ૧૧
મન હાથ કરવું હાથ નથી દાસને, કૃપાસાધ્ય છે, નથી વશ્ય પ્રયાસને. ૧૨
કહેશો, કેમ નથી ? ઉપાય શાસ્ત્ર બહુ કહ્યા, સીધી કૃપા વડે કથન માત્ર છે સખા. ૧૩
યથા ઇંદ્રિયો સર્જિત હોય છે ખરી, પ્રાણ પ્રેર્યા વિના કાંઈ ના શકે કરી. ૧૪
તથા કૃપા વિના સાધન સહુ જાણજો, કૃષ્ણકૃપાયુક્ત સફલતા પ્રમાણજો. ૧૫
સૌભરી મથ્યા ન આવ્યું મન હાથમાં, મત્સ્ય સંગ જોઈ થયા લગ્ન ગાથમાં ૧૬
પાછી ગતિ મોક્ષની વિધિ રચી નહિં, પુત્રી પાયા ૫૦ વિરુદ્ધ ધર્મ ભજ્યા તહીં. ૧૭
ઉચિત હતું તે તજ્યું અનુચિત કર્યું, અનુમાન કરી જુઓ અશક્ત મન કર્યું. ૧૮
શંકર ઇંદ્ર ચંદ્ર નારદ પરાશર ઋષિ, ઇત્યાદિક મોટા સમર્થ ભાખી કહી. ૧૯
તદપિ મન વશ રહ્યું નથી વિચારજો, જેને થયું તેને કૃપાબલે ધારજો. ૨૦
કહેશો કૃપા વડે સીધી સર્વ કહી કથી, કૃપા સરલ છે શું ? ગોતે મળતી નથી. ૨૧
તે પણ વાત સત્ય દુર્લભ તો છે ઘણી, તેનો એક છે ઉપાય જો આવે બની. ૨૨
સાચી દીનતા વડે સિદ્ધ શ્રીહરિ, અવર કે નથી નંદીજ માનજો ખરી. ૨૩
ગોપીજનની કથા સુણીને સંદેહ ટળ્યા, અભિમાનથી વિયોગ દૈન્ય નથી મળ્યા. ૨૪
દૈન્ય આવે સદ્ય કૃષ્ણની કૃપા લહે, કૃપા થતાં ન્યૂન ના રહે. ૨૫
કહેશો દીનતા આવ્યાનો પણ ઉપાય શો, સત્સંગ કર્યે દીનતાને પામશો. ૨૬
કહેશો સત્સંગ પણ ક્યાંથી લહીએ, તેનો પણ ઉપાય સરલ છે દેખાડીએ. ૨૭

---

૧. માર્ગશીર્ષ. ૨. ઋષિ, ૭ માટે સપ્તમી.
૩. कलिकालमलपटलविलसत्कृपापात्र. ૪. દીપનો બાપ. ૫. ખણુ, નહીં.

કૃષ્ણનામ જ સત્સંગ કલિને વિષે, એ વિના સદોષ કર્મ ક્યાં કિરી. ૨૮
જ્ઞાન કઠિન, સમગ્ર સાધન સહુ, એ માંનું વિરલ ન્યાય ઘુણાક્ષરે થયું. ૨૯
કોઈ કાળે શિવ કોઈ કને હોય છે, તદપિ સ્વરૂપાનંદ છે ને દ્વૈત ખોય છે. ૩૦
કૃષ્ણસેવા તો ફલ છે સર્વે તણું, ગુરુકૃપાબળે અને કઠિન તો ઘણું. ૩૧
પંચ[1] વર્ણ તથા અષ્ટ[2] સકલ સાર છે, ભક્તને મને પણ જપતાં બેડો પાર છે. ૩૨
ચિત્ત ભટકતું ને ભોજન જો કીજીયે, સ્વાદ ઓછો તદપિ ઉદર ભરી લીજીયે. ૩૩
મન સ્થિર થવા શીઘ્ર રખે રાખતા, સદા કાળ રહેજો કૃષ્ણનામ ભાખતા. ૩૪
કૃષ્ણ જપતાં મન એનાં મેલ હારશે, હૃદય શુદ્ધ થતાં હરિ ઉર પધારશે. ૩૫
નામે વશ બુદ્ધિ થશે સ્વસ્થ કામમાં, વાસના ભાગેથી ઠરશે મન ગોપાળમાં. ૩૬
કર્મકથાદિ ભય પ્રપંચ[3]પર નથી, સર્વ ઇચ્છા હરિ દાસને કહું કથી. ૩૭
સંસારનું કથન અહિં છે કહ્યું, ગુરુદ્વાર શરણ થયું, કૃષ્ણે મન વસ્યું. ૩૮
સંસ્કાર કર્યો હતો મધુ[4] માસમે, શરણ માત્રે આપ ઉલ્લસ કર્યો દાસને. ૩૯
વિધિ ને નિષેધ બન્ને યુગ્મ[5] સહિને, પુષ્ટિ સૃષ્ટિ ચાલે કૃષ્ણકૃપાદૃષ્ટિને. ૪૦
દુરાચારી અતિશય તદપિ ધન્ય છે, જો છે એક કૃષ્ણ ટેક જન અનન્ય છે. ૪૧
સર્વ સાધન સૌ ધર્મથી સમર્થ છે. કૃષ્ણ વિમુખ છતાં સકલ યત્ન વ્યર્થ છે. ૪૨
ચમત્કાર જોવા ઇચ્છો છો નામના, એ વિચાર પુષ્ટિપથિને ન કામના. ૪૩
અવિશ્વાસ અખિલ બાધ તણું રૂપ છે, શુદ્ધ પ્રતીતિ આવી તે ફલસ્વરૂપ છે. ૪૪
ઈતરજનનું પ્રમાણ વ્યર્થ થઈ ગયું, નીર સ્વાતિ વિશ્વાસ ચાતકે લહ્યું. ૪૫
વળી સર્વનો સિદ્ધાંત થોડામાં કહું, ગુરુ મંત્રાદિક દ્વારા જે હું લહું. ૪૬
અનન્ય પતિવ્રતધર્મ સાર સર્વનો, ભક્તલોક અનન્યાશ્રય અભાવ ગર્વનો. ૪૭
હરિગુરુ સંત નિકટતા આધીનતા, સર્વ દેહી ઉપર દયાસહિત દીનતા. ૪૮
અનાયાસ લાભથી સંતોષ રાખવો, વૈષ્ણવ ધર્મ લોભ સારુ કશુ ન દાખવો. ૪૯
દુષ્ટ સંગ થકી સર્વ દુઃખ નાસવું, એક કૃષ્ણ વિના અન્યમતિથી ત્રાસવું. ૫૦
એ પ્રમાણે શિક્ષા આચરણમાં આવશે, દયાપ્રિયતમ કૃષ્ણ નિજ નિકટ બોલાવશે. ૫૧

◆

श्रीहरिभक्तिचन्द्रिका.

(અનુસંધાન ગત વર્ષના પૃષ્ઠ ૨૮૪ થી.)

કરે શુભાશુભનો પરિત્યાગ, ભજે મને તેથી અનુરાગ;
શત્રુ મિત્ર સમ માનાપમાન, શીતોષ્ણ સુખદુઃખ સમાન. ૫૨
દુષ્ટ સંગ ત્યજી મુજને ભજે, તે મુજ પ્રિય એવો નિપજે;
નિંદાસ્તુતિ તુલ્ય આદરે, હરિ વિન મિથ્યા સ્વર નવ કરે. ૫૩
જેવા તેવા જ સંતોષ, એક ઠામ નવ રહે અદોષ;
સ્થિર બુદ્ધિ અતિ ભક્તિમાન, પ્રિય મને તે પ્રાણ સમાન. ૫૪

---

[1] कृष्ण तवास्मि । [2] दासोऽहं कृष्ण तवास्मि अथवा श्रीकृष्णः शरणं मम ।
[3] શબ્દે ગ્રહેલ. [4] માધવ માસ. [5] યુગ્મસૃષ્ટિ—મર્યાદિક અને પ્રવાહિક.

જે આ અમૃત ધર્મ યથોક્ત, થઈ મત્પરાયણ મહાયુક્ત;
ભક્તિમાન્ આચરશે જેહ, કહ્યું કૃષ્ણ મુજને પ્રિય તેહ. ૫૫
એવા હરિજન વહાલા કરીએ, મહાથી સેવી ભવ તરીએ;
હરિજન વહાલા તો હરિ વહાલા, નહિ તો પાખંડી યમ કાલા. ૫૬
સહજ પ્રીતિ પ્રભુ શું તે ભક્ત, નિશદિન હરિ સુખ કરવા રક્ત;
જેને દીઠે દુઃખ વિસરે, આનંદ ઉપજે હરિ સાંભરે. ૫૭
વૈષ્ણવ વૃક્ષ સરીખા રહે, પરસુખ કરવા સહુ દુઃખ સહે;
જેનું સહુ પરમાર્થ જુઓ, તેવો થાય તે વૈષ્ણવ હવો. ૫૮
દુઃખ દે તેને પણ સુખ કરે, કૃષ્ણ ઓળખ્યા ત્યારે કરે;
જેને પ્રપંચની વિસ્મૃતિ, કૃષ્ણાસક્તિ સેવા રતિ. ૫૯
તેને સહુ સુલભ મુક્તિ આય, તદપિ મનસા ક્યહું ન જાય;
જે ઉપર હરિ ઘણા પ્રસન્ન, એવી દશા લહે તે જન. ૬૦
જે કુલ એવા જન અવતરે, એકોત્તર શત પૂર્વજ તરે;
કરે ગોત્ર સાતેની ગતિ, જેને ભક્તિ કમલાપતિ. ૬૧
વંશ પવિત્ર કૃતાર્થ માત, જેનું ગર્ભરત્ન એ જાત;
ધરણી ધન્યા જ્યાં એ વસે, ધન્ય પિતૃ સ્વર્ગે ઉલ્લસે. ૬૨
વૈષ્ણવ પ્રકટ્યો ધન્ય જ વંશ, શ્રુતિ શાસ્ત્ર સઘળે જ પ્રશંસ;
જેનું સમ્યક સ્મરણ કરે, સદન સહિત પાવન નર ખરે. ૬૩
દર્શ સ્પર્શ પછી શું કહેવું, પાદશૌચ આસનાદિ લેવું;
તેથી ફલ ઉપજે જેટલું, વર્ણનમાં ન આવે તેટલું. ૬૪
દૂર સ્થલ કદિ જો હરિજન, તદપિ જઈ કરવાં દર્શન;
સાક્ષાત્ તે છે મારું રૂપ, શ્રીમુખ બોલ્યા શ્રીવ્રજભૂપ. ૬૫
જેને શ્રદ્ધા શ્રીહરિ થાય, તે જ હરિ એમ ગીતા ગાય;
ભગવત્સંગી કેરો સંગ, લવ પ્રમાણ પણ દુર્લભ રંગ. ૬૬
સ્વર્ગ મોક્ષસુખ તુલના નથી, તો ભૂવૈભવ શિદ કહું કથી ?
ક્ષણભંગુર દુર્લભ નર તનુ, ત્યાં દુર્લભ હરિ પ્રિય દર્શન. ૬૭
પ્રાત ઉઠી નિત્ય શ્રદ્ધા ધરે, વૈષ્ણવ જનનું કીર્તન કરે;
તે ભગવદીય કલિમાં કૃષ્ણ સમાન, વિષ્ણુ પુરાણે કીધું માન. ૬૮
શ્રીગંગાજી હરિપદનીર, શિવજી સરખા રાખે શિર;
વિશ્વતણું અઘ ગંગા હરે, તેને પાવન હરિજન કરે. ૬૯
ચરણસ્પર્શ કરાવે જદા, સકલ તીર્થ પાવન હોય તદા;
તેમનું ચરણોદક પીજીએ, કહો કેટલાં ફલને લીજીએ ? ૭૦
કૃષ્ણોચ્છિષ્ટ તણો મહિમાય, કેટલો નિગમ કોથી ન થાય;
તે પ્રસાદ મુક્તિનું ગેહ, મહાપ્રસાદ વૈષ્ણવનું શેષ. ૭૧
સહસ્ર બ્રહ્મહત્યા થઈ હોય, શત સ્ત્રીહત્યા થઈ પણ હોય;
તે સર્વ પાપ સદ્ય ક્ષય થાય, ઉચ્છિષ્ટ વૈષ્ણવનું જો સેવાય. ૭૨

પાપ પ્રપંચ સહુ સર્વ ટળે, અખિલ બ્રહ્મહત્યાની જડ બળે;
ઉભય લોકમાં ભરી સુખ ધામ, સ્મરતાં જ શ્રીહરિજનનું નામ. ૭૩
શંકરલિંગ સહસ્ર અર્ચન, શાલિગ્રામ શતક પૂજન;
વિપ્ર પૂજ્યે કોટિ બાર, સઘળું પુણ્ય કરો એક ઠાર. ૭૪
એક સ્વપચ વૈષ્ણવ પૂજાય, તે સર્વ ફલ એથી થાય;
વ્યાસ વચન એ ભારતમાં, રાજસૂય કીધો પાંડવ જ્યાં ૭૫
અગણિત વિશ્વ રોમ એક જ્યાં, તે હરિજન હૃદયમાં:
તે હરિજન જો સંતોષાય, તો પ્રભુ વિશ્વ સહિત પોષાય. ૭૬
કર્મ શુભાશુભ સંતે થાય, બે વિભાગ બે સુત મહીં જાય;
સ્તુતિકર્તા પુણ્ય ને નિંદક પાપ, કૃષ્ણદાસ એથી ભાગ આ આપ. ૭૭
વિડ્વરાહ[1] સમ નિંદક જન, તે પુરીષ આ જન પાવન;
સહજ પ્રશંસક લે સુકૃત, અનાયાસ જેમ સુત પિતૃવિત્ત. ૭૮
કીટ પતંગાદિક પણ જીવ, સર્વ પામશે કોદિન શિવ;
મહા પાપી અધિકાર જ હીન, પણ એક વૈષ્ણવ દ્વેષી વિન. ૭૯
મારા જન વલ્લભ જેને, હું વલ્લભ જાણું તેને;
તદુપરાંત ન કો પ્રિય મુને, સત્ય સત્ય કહું અર્જુન તને. ૮૦
વિપર્યયા[2]ચારકારી કદા, તદપિ ભક્ત મમ શુચિ છે સદા;
તેના દોષ જે જોવા જાય, નરક ગામી તે નિશ્ચય થાય. ૮૧
અજીતેંદ્રિય હોય વિષયાસક્ત, બાધ્યમાન યદપિ મદ્‌ભક્ત;
પ્રાય પ્રગલ્ભ ભક્તિબલ કરી, વિષય ન બાધ કરે કહ્યું હરિ.[3] ૮૨
અતિશય દુરાચારી નિપજે, તદપિ અનન્ય ભાવ મુજ ભજે;
તેજ સુંદર સાધુ જાણવો, દોષ એકો ન ઉર આણવો. ૮૩
અનન્ય ભાવ મને પ્રિય જે, નિશ્ચય રૂડો દીપો તેહ;
શીઘ્રજ તેહ ધર્માત્મા થાય, નિર્ભય મારે લોકે જાય. ૮૪
સાંભળ અર્જુન બોલ્યા હરિ, વચન માન મુજ નિશ્ચય કરી;
કર તું પ્રતિજ્ઞા દેવ સભાય, કૃષ્ણભક્ત કદી નાશ ન થાય. ૮૫
સ્વલ્પ ધર્મ મારો જ્યાં કરે, મહાભયથી પણ રક્ષણ કરે;
મારા ભક્ત ન કોથી ડરે, મુજ ભય એક જ નિર્ભય કરે. ૮૬
નિઃસ્પૃહ કશું તૃષ્ણા નહિ રતિ, ભજે મૂકવત્ સરિતા પતિ;
જન્મપ્રકાશક રવિની જ્યોતિ, તેને લેખે સમ ખદ્યોત. ૮૭
સુમેરુ સર્વ કનકમય સોય, તે ગોમયપિંડવત્ જોય;
લખે કલ્પદ્રુમ કાષ્ઠ પ્રમાણ, ચિંતામણિ રત્ન પાષાણ. ૮૮

---

[1] વિષ્ટા ચરનાર ભુંડ જેવો. [2] ભલે તેનું વિરુદ્ધ આચરણ હોય તો પણ. [3] કોઈ પુરાણમાં અજામિલાદિનો અનુવાદ ભલે કરે છે, તથાપિ ગ્રંથકાર તેને "સ્વામીનું કહેવું" જાણીને પૂર્ણવાક્ય ગ્રહણ કરે છે, તે તિરસ્કાર પાત્ર જ ગણાશે. અપિચેત્ સુદુરાચારો એ શ્લોકનું તાત્પર્ય સમજનારને આ વાક્યાર્થ બાધ કરતો નથી.

સેવકવત્ ઉદ્ધવાદિક રૂપ, તુમ્બુરાશિવત્ ભવભયરૂપ;
ઘર સું દાસ તુમ્હ નિજ દેહ, મન કર્મવચ એક મુજથી સ્નેહ. ૪૯
દૃઢ અનન્ય જ્યારો થઉં, તેનો યોગક્ષેમ હું વહું;
સકલ ધર્મ ત્યજી ભાગ્યો રહે, એક શરણ મારું દૃઢ ગ્રહે. ૫૦
હું મુકાવું સહુ પાપથી, તેનો શોક જ કરવો નથી;
એમ કહ્યું શ્રીજી શ્રીમુખે, ભજો ભક્ત રહેવું હોય સુખે. ૫૧
ભજે ભક્તને પુરુષ પુરાણ, તેથી શ્રેષ્ઠ અવર કહો કોણ ?
ધ્રુવ હરિભક્ત જાણી જગ નમે, સપ્તઋષિ બ્રાહ્મણ પરિક્રમે. ૫૨
રવિચંદ્રાદિ પ્રદક્ષ કરે, પ્રદક્ષિણા હરિજનની કરે;
ચામરી ભક્તપદ અર્ઘ જલચ્યુત, સ્નાન કરે સહુ મુનિ અચ્યુત. ૫૩
દુર્વાસા ક્રોધી મુનિમણિ, કથા કહાવે શંકર તણી;
અંબરીષ રાજા હરિભક્ત, જેનો યશ વર્ણે સહુ જગત. ૫૪
તે ઋષિ આવ્યા તેને ઘેર, બહુ દેખાડ્યા મનમાં ઝેર;
જેમ તેમ વાંકુ પાડી કરી, કૃત્યા પ્રકટ કરી રીસ ધરી. ૫૫
'નૃપને બાળું' એ મદ મનનો, ચક્રસુદર્શન આવ્યું ત્યાં;
કૃત્યા બાળી કર્યું નાશ, દ્વિજના પણ પૂર્યા અભિલાષ ? ૫૬
ભાગતો નાઠો કરતો સોર, વિધિ શિવ કહ્યો હરિજન ચોર;
ભક્તદ્વેષી નવ રાખ્યો હરિ, ટટળ્યો વિનતિ કાન નવ ધરી. ૫૭
સમજ્યો હારીને પાછો ફર્યો, પાછો ભક્ત શરણ ઉગર્યો;
સર્વ પાપ પ્રાયશ્ચિત્ત લહ્યું, ભક્તદ્રોહીનું કશું નથી કહ્યું. ૫૮
ભક્ત દોષનો એ જ ઉપાય, ક્ષમા કરે તે તો જ મુકાય;
નહિ તો પછી ભોગવે ટળે, એનો તૃતીય ઉપાય ન મળે. ૫૯
હરિ અપરાધ થકી બહુ ઘણો, વર અપરાધ હરિજન તણો;
અનય મહી [illegible] દેહાય, સોદ ધકેલ્યું ચોરી જાય. ૧૦૦
માટે શિક્ષા સહુને એહ, હરિજન ભજજો ધરીને સ્નેહ;
ભિન્ન રીતિ વા રીતે કહી, હરિજનને દુભવવા નહિ. ૧૦૧

(સંપૂર્ણ.)

श्रीपुरुषोत्तम मासनुं धवल.

(હરે હરે પ્રથમ મંગળ ધોળ ગાઉંજી—એ રાગ.)

હરે હરે, શ્રીવલ્લભ પ્રભુને શરણે જાઉંજી.
હરિ ભક્તિ આવી મતિ માગું, હરે હરે. ધ્રુ. ટે.
શ્રીપૂજ્યચરણે નિત્ય લાગુંજી, શ્રીમહાપ્રભુજી કેરા ગુણ ગાઉંજી;
શ્રીપ્રભુ પુરુષોત્તમ મન ભાવું. હરે હરે શ્રીવલ્લભ—હરિ. ૧
પ્રભુ મનોરથના વાસરે, પુષ્ટિપુષ્ટિલીલાનાં વિશ્વાસરે;
દેઈ દાસ તણું શુભ રાશિ. હરે હરે શ્રીવલ્લભ—હરિ. ૨

આનંદ નિધિ આપ શ્રીનાથરે, સખા શ્રીયમુનાજી છે સાથરે;
કરો લીલા વિવિધ ભલી ભાત, જી રે જી રે શ્રીવલ્લભ—હરિ. ૩
લીલા કાજ પ્રગટ એક ધારીરે, નેત્ર પલકે રચ્યું જગત ભારીરે;
તમારી માયા છે અપરંપારી. જી રે જી રે શ્રીવલ્લભ—હરિ. ૪
ભુવન કોશના પ્રમાણ કીધારે, જ્યોતિઃશાસ્ત્ર ઋષિજીએ બાંધ્યા રે;
માસ ગણતાં અધિક દિન વાધ્યા. જી રે જી રે શ્રીવલ્લભ—હરિ. ૫
ઋષિ બેઠા ગંગા તટ વાસરે, જોયા ગણિત કરી ચક્ર રાસરે;
ત્રીજે વર્ષે વધ્યો એક માસ. જી રે જી રે શ્રીવલ્લભ—હરિ. ૬
રહેવા ઠામ નથી કોઈ જડતારે, મલિમ્લચમાં રિયે છે નડતા રે;
રાખ્યા ઉચ્છિષ્ટ જેવા રખડતા. જી રે જી રે શ્રીવલ્લભ—હરિ. ૭
માન ભંગ થયા નિજ ઠામરે, ગયા ઉદાસ સમર્યા શ્યામરે;
ગયા શરણ અધિક હરિ ધામ. જી રે જી રે શ્રીવલ્લભ—હરિ. ૮
કરુણા વાણી પ્રભુજીએ જાણીરે, કૃપા કરી શ્રીનાથે વખાણીરે;
ત્યારે બોલ્યા શ્રીમુખથી વાણી. જી રે જી રે શ્રીવલ્લભ—હરિ. ૯
થાવો અધિક દેવાધિદેવરે જગત કરશે તમારી સેવરે;
જન ઉદ્ધરે તરત સત્યમેવ. જી રે. જી રે. શ્રીવલ્લભ—હરિ. ૧૦
દયાવન્ત પુરુષ ભગવાનરે, આપ્યું અધિક ને નિજ અભિધાનરે;
રૂપ ગુણનાં કીધાં વરદાન. જી રે જી રે. શ્રીવલ્લભ—હરિ. ૧૧
નામ શ્રીપુરૂષોત્તમ આપ્યારે, પોતાના જેવા કરી સ્થાપ્યારે;
એવા દુઃખો અધિકના કાપ્યા. જી રે જી રે શ્રીવલ્લભ—હરિ. ૧૨
મહિમા વેદ પુરાણે વખાણ્યારે, ઋષિ મુનિ દેવે ગુણ ગાયારે;
એ તો દેવના દેવ કહેવાયા, જી રે જી રે શ્રીવલ્લભ—હરિ. ૧૩
પુણ્ય માસ પુરૂષોત્તમ રૂપરે, સર્વે માસના થયા છે ભૂપરે;
તમારી ભક્તિ છે અતિ અનુપ. જી રે જી રે શ્રીવલ્લભ—હરિ. ૧૪
કૃપા કરીને પધારો આ આજરે, શ્રીપુરૂષોત્તમ મહારાજરે;
કલિ જીવ ઉદ્ધારવા કાજ. જી રે જી રે શ્રીવલ્લભ—હરિ. ૧૫
તમારો મહિમા જાણી જન ભજશેરે, સ્નાન, દાન, સેવા પ્રેમે કરશેરે;
પ્રભુ રૂપ થઈને ફરશે. જી રે જી રે શ્રીવલ્લભ—હરિ. ૧૬
અલ્પ કરશે તે અધિક ગણાશેરે, તેની રીતે અધિક ફળ થાશેરે;
જન્મો જન્મના પાપ જાશે. જી રે જી રે શ્રીવલ્લભ—હરિ. ૧૭
કરે વિનતિ ત્રિવિક્રમ કર જોડરે, પૂરો શ્રીપુરૂષોત્તમ કોડરે;
ગુણ ગાવું સદા કર જોડ. જી રે જી રે શ્રીવલ્લભ—હરિ. ૧૮

शुद्धाद्वैत वा अखण्ड ब्रह्मवाद.

પૂર્વ વિભાગમાં આરુણિએ સ્વપુત્ર શ્વેતકેતુને જડજીવાત્મક અને નામરૂપાત્મક પ્રપંચનો પ્રકાર ઉપદેશીને, અને તેમનું સત્ સાથે અનન્યત્વ સમજાવીને, સત્‌ના વિજ્ઞાનથી એ નામરૂપાત્મક જડજીવાત્મક પ્રપંચનું વિજ્ઞાન થાય છે એમ સિદ્ધ કરીને આરંભની સ્વકૃત એકના વિજ્ઞાનથી સર્વના વિજ્ઞાનની પ્રતિજ્ઞાને પોષી છે. આ જડજીવાત્મક પ્રપંચની ઉત્પત્તિ માત્ર સત્‌માં છે એમ નથી, પરન્તુ સ્થિતિ અને લય પણ તેમાં જ છે, ત્રિકાલમાં જડજીવાત્મક પ્રપંચ સત્‌માં જ સ્થિતિ કરે છે, સત્‌થી અનન્ય છે, અને તેથી સત્‌ના વિજ્ઞાનથી તેનું નિઃસંદેહ સમ્યક્ જ્ઞાન થાય છે તે ઉપદેશવાને આરુણિ ઋષિ પ્રથમ જીવની સુષુપ્તિ અવસ્થા શ્વેતકેતુને ઉપદેશે છે. ચેતન જીવ પણ પ્રકટ થયો છે સત્‌માંથી, જાગ્રત્ સુષુપ્તિ, મુક્તિ ઇત્યાદિ સર્વ અવસ્થામાં એ સત્‌થી અભિન્ન સ્થિતિ કરે છે, તે સર્વ અવસ્થામાં ચેતન જીવ સત્‌થી અનન્ય છે, તેથી સત્‌ના વિજ્ઞાનથી એનું સમ્યક્ વિજ્ઞાન થાય છે તે ઉપદેશવાને આરુણિ ઋષિ પ્રવર્તે છે.

'अनेन जीवेन आत्मना अनुप्रविश्य' ઇત્યાદિથી આરુણિએ સ્વપુત્ર શ્વેતકેતુને ઉપદેશ્યું કે સત્‌ે જીવને સ્વતઃ પ્રકટ કર્યો. અર્થાત્ પ્રાકટ્ય પૂર્વે જીવ સદ્રૂપે સત્‌માં જ સ્થિતિ કરતો હતો, ને તેથી સત્‌ના વિજ્ઞાનથી એનું પણ વિજ્ઞાન થતું. હવે જ્યારે જીવ સુષુપ્તિ અવસ્થા પ્રાપ્ત કરે છે, જ્યારે ગાઢ નિદ્રામાં હોય છે ત્યારે પણ એ સત્ સાથે જ સંપન્ન થાય છે, સદ્રૂપ બ્રહ્મમાં એ લય પામે છે, અને તે સમયે એને બાહ્ય વા આન્તર્ કશાનું અનુસંધાન રહેતું નથી, અત્ર ઉપનિષદ્‌માં સત્‌ને બદલે સ્વશબ્દનો ઉપયોગ સત્‌નું જીવનું આત્મત્વ સૂચવે છે. જીવનો આત્મા સત્ છે, જીવનો સત્‌સહ સંબંધ સ્વત્વનો આત્મત્વનો છે અને તેથી જ્યારે સ્વમાં સ્થિતિ કરે છે, અને પુનઃ જાગે છે ત્યારે પ્રાતઃકાલમાં સર્વ શ્રમ દૂર થયેલો લાગે છે એટલું જ નહિ પરન્તુ પુનઃ પૂર્વવત્ કાર્ય કરવાનું સામર્થ્ય પણ એને સત્‌દ્વારા પ્રાપ્ત થાય છે. રાત્રિના ગાઢ નિદ્રા લઈને પ્રાતઃકાલમાં સર્વ કાર્ય કરવાનું સામર્થ્ય જીવ સ્વતઃ, સત્તઃ, બ્રહ્મદ્વારા પ્રાપ્ત કરે છે, તેથી એની સર્વ કૃતિ ભગવદધીન થાય છે સદધીન થાય છે. આવા જ હેતુથી વ્યાસ પરાત્તુ તત્ શ્રુતેઃ સૂત્ર જીવનું સ્વતંત્ર કર્તૃત્વ નિષેધવાને યોજે છે. જે સમયે સુષુપ્તિ અવસ્થામાં જીવ સત્ સાથે સંપન્ન થાય છે, ત્યારે એને આન્તર્ બાહ્ય અનુસંધાન રહેતું નથી. અન્ય શ્રુતિ પણ જીવનું સુષુપ્તિ અવસ્થામાં આન્તર્ બાહ્ય વસ્તુનું અનુસંધાન નિષેધે છે. જેમ પ્રિય સ્ત્રીથી સંપરિષ્વક્તને આન્તર્ બાહ્ય અનુસંધાન રહેતું નથી તેમ જીવાત્મા જ્યારે પ્રાજ્ઞ—સુષુપ્તિ સાથે સંપરિષ્વક્ત થાય છે ત્યારે તેવી સ્થિતિ અનુભવે છે, અર્થાત્ એને આન્તર્ બાહ્ય કંઈપણ અનુસંધાન રહેતું નથી. આવી સ્થિતિ જ્યારે જીવ પ્રાપ્ત કરે છે, જ્યારે સત્‌સંપન્ન થાય છે ત્યારે ઉપનિષદ્ એ જીવને સ્વપિતિ કહે છે. સ્વ—સત્‌માં, બ્રહ્મમાં અપીત થયેલો છે તેથી એને 'સ્વપિતિ' નામ પ્રાપ્ત થાય છે. પરન્તુ જ્યારે સ્વમાં અપીત થયો નથી, સત્‌માં સંપન્ન થયો નથી ત્યારે તો જીવને સ્વપિતિ નામ પ્રાપ્ત થતું નથી, પણ એ ઊંઘે છે એમ જ ક્રિયાપદ તરીકે સ્વપિતિ શબ્દ યોજાય છે. આ પ્રકારે સુષુપ્તિ પણ બે પ્રકારની છે એમ આરુણિ માને છે. એક અવસ્થામાં સત્ સંપત્તિ પ્રાપ્ત થતાં શ્રમ વગેરે પ્રાતઃકાલે પ્રાપ્ત કરે છે, અને જ્યારે સત્સંપત્તિ પ્રાપ્ત થતી નથી, જ્યારે સ્વમાં, સત્‌માં સ્થિતિ જીવ પ્રાપ્ત કરતો નથી ત્યારે

પ્રાતઃકાળે ઉડીને પણ શ્રમાપનોદ થતો નથી. સુષુપ્તિ અવસ્થામાં સત્‌માં સમ્પન્ન થવું, સ્વમાં આશ્રય કરવો એ જીવને સ્વાભાવિક છે. જેમ સૂત્રથી પ્રબદ્ધ કોઈ પક્ષી પ્રત્યેક દિશામાં ઉડીને કોઇપણ બીજું સ્વાશ્રય સ્થાન પ્રાપ્ત નહિ થતાં સ્વબંધનનો જ આશ્રય કરે છે, તેમ આ જીવ -મન-(મનન કરનાર-જીવ) પ્રત્યેક દિશામાં જઇને સર્વત્ર આશ્રય નહિ મળવાથી નિર્વેદ પામી પ્રાણનો (ભગવાનનો) જ આશ્રય કરે છે. જેમ પક્ષીનું નિવાસસ્થાન સ્વાશ્રયસ્થાન સ્વબંધન છે, તેમ જીવમાત્રનું આશ્રયસ્થાન સત્ બ્રહ્મ જ છે. પ્રતિદિન કાર્ય કરવાનું સામર્થ્ય તે સત્‌માં સંપન્ન થઇને પ્રાપ્ત કરે છે, અને વાસનાશેષ હોવાને લીધે પાછો સંસારમાં કાર્ય કરવા માંડે છે, અને સ્વાશ્રય-સત્‌ને, બ્રહ્મને વિસ્મરે છે, જ્યારે પાછું પ્રાપ્ત કરેલું સામર્થ્ય તિરોધાન પામે છે ત્યારે પાછો સત્‌માં સંપન્ન થાય છે, સુષુપ્તિ અવસ્થા પ્રાપ્ત કરે છે, અને જાગ્રદવસ્થામાં કે સ્વપ્નમાં ભમે ત્યાં ભટકી અન્તતઃ સ્વમાં સત્‌માં આશ્રય કરે છે. જીવનો સત્ સાથે સંબંધ જ એવો છે કે એની સત્‌થી પૃથક્ સ્થિતિ જ રહી શકે નહિ. ભમે તેટલા મન્વન્તરોથી જીવ સ્વથી સત્‌થી બ્રહ્મથી [illegible] તોપણ અન્તે તો એનો આશ્રય સત્‌માં જ થાય છે, જ્યારે સત્‌માં જ, સ્વમાં જ અનન્ય થાય છે, ત્યારે પુનરાવૃત્તિનો આત્યન્તિક અભાવ થાય છે. અર્થાત્ કોઇપણ અવસ્થામાં જીવની બ્રહ્મથી પૃથક્ સ્થિતિ જ નથી, જીવ સત્‌થી ભિન્ન જ નથી, અનન્ય છે, અને તેથી સત્‌ના વિજ્ઞાનથી એનું પણ વિજ્ઞાન થાય છે. આ પ્રકારે જેમ અચેતન સૃષ્ટિ સદુપાદાનક છે તેમ ચેતન જીવ પણ તદુપાદાનક છે, અને જેમ સત્‌ના વિજ્ઞાનથી સર્વવિજ્ઞાન થાય છે, તેમ સત્‌ના વિજ્ઞાનથી જીવનું પણ જ્ઞાન થાય છે, કારણકે ઉભય અચેતન અને ચેતન સૃષ્ટિ સત્‌થી અનન્ય છે. तदनन्यत्वमारम्भणशब्दादिभ्यः । આ પ્રકારે જીવનું સત્‌થી અનન્યત્વ સમજી, અચેતન જગત્ પણ સન્મૂલક છે તે દર્શાવવાને અશના અને પિપાસાનું સ્વરૂપ ઉપદેશે છે. પૂર્વવિભાગમાં આરુણિએ સત્‌માંથી સૃષ્ટિનો પ્રકાર દર્શાવ્યો. હવે તેથી જુદી રીતિએ આ જડજીવાત્મક સૃષ્ટિનું મૂલ કારણ પણ સત્ જ છે તે દર્શાવવાને પ્રવર્તે છે. સત્‌ના સંબંધથી જ 'स्वपिति' વત્ જીવ 'અશિશિષતિ' અને 'પિપાસતિ' નામ પ્રાપ્ત કરે છે. પુરુષનું ખાધેલું જલ લઇ જાય છે, અને પાન કરેલું તેજ લઇ જાય છે; ને તેમાંથી જે કાર્ય ઉત્પન્ન થાય છે તે મૂલરહિત નથી. જે કાર્ય ઉત્પન્ન થયું તેનું કારણ અન્ન છે, અન્નનું કારણ જલ છે, જલનું કારણ તેજ છે, અને તેજનું કારણ સત્ છે. અર્થાત્ પરંપરાથી આ સર્વ પ્રપંચનું નામરૂપાત્મક જડજીવાત્મક પ્રપંચનું કારણ સત્ જ છે. ખરે સત્ કારણ છે એટલું નહિ પણ આ સર્વ પ્રજા[1] જડ અને ચેતન-જડજીવાત્મક વિશ્વ-સન્મૂલ છે, સદાયતન, સત્પ્રતિષ્ઠ છે, અર્થાત્ જડજીવાત્મક વિશ્વની ઉત્પત્તિ, સ્થિતિ અને લય સત્‌માં જ છે, સર્વ અવસ્થામાં જડજીવાત્મક વિશ્વ સદ્રૂપ છે, સત્‌થી અભિન્ન છે, અને સત્‌ના વિજ્ઞાનથી એનું સમ્યક્ જ્ઞાન થાય છે. જેમ જડ વિશ્વની ઉત્પત્તિ સ્થિતિ અને લય સત્‌માં જ છે, તેમ ચેતન જીવની ઉત્પત્તિ સ્થિતિ અને લય પણ સત્‌માં જ છે. પૂર્વવિભાગમાં આ જીવસહ હું પ્રવેશું એમ કહીને સદે સ્વતઃ જીવનું [illegible]

---

[1] ભાષ્યાચાર્ય પ્રજાનો અર્થ કેવળ ચેતન જીવ કરવા માગે છે. જડ પ્રજા નહિ, પરન્તુ તેમ કરવામાં बहु स्यां प्रजायेय । પૂર્વે કહ્યું છે પછી જડ તેજ જલ અન્ન સર્વ પ્રકટ કર્યા છે તેનો વિરોધ આવે છે. ઉપનિષદ્‌માં પ્રજા શબ્દ અત્ર જડ ચેતન ઉભયને વાસ્તે યોજાયેલો છે.

સૂચવ્યું છે, સુષુપ્તિ અવસ્થામાં જીવનું સદાશ્રિતત્વ ઉપદેશ્યું છે, અને અશના અને પિપાસાની નિરુક્તિથી જાગ્રદવસ્થામાં જીવનું સદાશ્રિતત્વ સૂચવ્યું છે, અને અન્તમાં મરણ પામતા પુરુષની વાણી મનમાં સંપન્ન થાય છે, મન પ્રાણમાં, પ્રાણ તેજમાં, અને તેજ પરદેવતામાં અથવા સત્‌માં લય પામે છે એમ કહીને મુક્તિ અવસ્થામાં પણ જીવની પ્રતિષ્ઠા સત્‌માં ઉપદેશી છે અર્થાત્ જેમ અચેતન સૃષ્ટિની ઉત્પત્તિ સ્થિતિ અને લય સત્‌માં છે, સદ્રૂપ છે, તેમ ચેતન જીવ પણ વ્યુચ્ચરણ પૂર્વે સદ્રૂપ હતો, વ્યુચ્ચરણસમયે પણ સદ્રૂપ છે, અને મુક્તાવસ્થામાં પણ સદ્રૂપ છે. એમ કહીને જડજીવાત્મક પ્રપંચની ત્રિકાલમાં અનન્યતા આરુણિ, ઋષિ સ્વપુત્ર શ્વેતકેતુને ઉપદેશે છે, અને એ અનન્યતાથી જ સત્‌ના વિજ્ઞાનથી સર્વ જડચેતન વિશ્વનું જ્ઞાન થાય છે એમ સમજાવીને જડ ચેતન વિશ્વની અભેદરૂપતા દર્શાવીને સ્વપુત્રને અખંડ અદ્વૈતનું ભાન કરાવવાને 'તે જ આ અણિમા, આ સર્વ જડ પ્રપંચ એતદાત્મ્ય છે, તે સત્ય છે, તે આત્મા છે, શ્વેતકેતુ તું તે છે.' એમ નવ વાર ઉચ્ચારીને, સુદૃઢ ઉપદેશ કરીને સ્વપુત્રને એક વિજ્ઞાનથી સર્વનું વિજ્ઞાન કરાવતા શુદ્ધ અદ્વૈત અખંડ બ્રહ્મવાદનો બોધ કરે છે.
'शुद्धाद्वैतमार्गे तु सर्वं ब्रह्म न चान्यथा.'

આરુણિ ઋષિએ આ પ્રકારે સુષુપ્તિનું સ્વરૂપ ઉપદેશીને જીવનું સત્ય સ્વરૂપ સમજાવીને તેનું સત્‌થી, બ્રહ્મથી અનન્યત્વ 'સ્વ' શબ્દના પ્રયોગથી સૂચવ્યું છે. અને અશના અને પિપાસાના વ્યાખ્યાનદ્વારા શુંગનું-શરીરનું કાર્યત્વ દર્શાવી, પરંપરાથી એ જડનું પણ કારણ સત્ જ છે તે દર્શાવી તેનું પણ અનન્યત્વ સત્ સાથે સૂચવ્યું છે, પરંપરાથી સકલ જગતનું મૂલ છે. અત્ર આ તાત્પર્યથી સ્ફુરતું અનન્યત્વ ભાષ્ય વિના અન્ય ટીકાકારો સ્વીકારે છે. ભાષ્યને અદ્વૈત અભિપ્રાય હોવાથી આ વિભાગની સંગતિ પૂર્વવિભાગ સાથે નીચે પ્રકારે કરે છે. પૂર્વવિભાગ ભેદબોધક છે અને આ વિભાગ જીવનું સુષુપ્તિ અવસ્થામાં, જાગ્રદવસ્થામાં અને મુક્તિ અવસ્થામાં ભગવદાશ્રયત્વ બોધે છે. પૂર્વ વિભાગનું ભેદબોધકત્વ તો અસંગત છે એમ પૂર્વે દર્શાવ્યું છે. પૂર્વવિભાગમાં અનન્યતાના બોધનું ઉપપાદન કર્યું છે તે ઉપરથી આની અસંગતતા વિશેષ સ્ફુટ થાય છે. પરન્તુ અત્ર જે જીવનું સર્વાવસ્થામાં ભગવદાશ્રયત્વ પ્રતિપાદન કરે છે તે કેવલ નિર્મૂલ નથી. અત્ર માત્ર જીવનું એકલાનું નહિ પરન્તુ જીવ અને જગત્ ઉભયનું સદાશ્રિતત્વ ઉપદેશ્યું છે. યદ્યપિ જીવ અને જગત્ ભગવદાશ્રિત છે ત્યાં પણ ભાષ્ય કહે છે તેમ તે સત્‌થી ભિન્ન નથી. જીવનું સત્‌થી અનન્યત્વ સદ્‌ને વાસ્તે 'સ્વ' શબ્દના પ્રયોગથી સૂચવ્યું છે, અને જગતનું પરંપરાથી મૂલ સત્ જ છે અને કારણ કાર્ય અનન્ય છે એ ન્યાયે સત્ અને જગતનું અનન્યત્વ સિદ્ધ કર્યું છે.

(અપૂર્ણ.)

साम्प्रदायिक मुद्रित ग्रन्थो.

संस्कृत.

१	श्रीमदणुभाष्यम् सप्रकाशम्.	१५—०—०
१	श्रीमदणुभाष्यम् सप्रदीपम् यन्त्रस्थम्.	
१	विद्यार्थजयन्ती निबन्ध आवरणभङ्गसहितः । आद्यार्थ सर्वनिर्णयनामकप्रकरणद्वयम्.	५—०—०
१	श्रीसुबोधिनी (जन्म प्रकरणम्) टिप्पणीसहिता.	२—०—०
१	श्रीसुबोधिनी फलप्रकरणम्.	२—८—०
१	विद्वन्मण्डनम्, सुवर्णसूत्रसहितम्.	२—४—०
१	ब्रह्मसूत्रवृत्ति, भावप्रकाशिका. (प्रथमाध्याय) श्रीकृष्णचन्द्रकृता.	१—०—०
१	ब्रह्मसूत्रालोक, मधीषिका, श्रीमज्जगन्नाथभट्टकृता.	२—०—०
१	प्रस्थानरत्नाकरः (काशी).	२—०—०
१	प्रस्थानरत्नाकर (मुंबई.)	०—२—०
१	शुद्धाद्वैतमार्तण्डः प्रमेयरत्नार्णवः	१—०—०
१	शुद्धाद्वैतमार्तण्डः सगुजरानुवादः	२—०—०
१	मदनाष्टकः श्रीहरिरायकृतः	०—२—६
१	ऊर्ध्वपुण्ड्रमार्तण्ड	०—४—०
१	अधिकरणसंग्रहः श्रीनिर्भयरामकृतः	०—६—०
१	गीतामृततरंगिणी.	२—०—०
१	श्रीमद्भागवतपाठ प्रबोधिनी.	१५—०—०
१	पुष्टिमार्गीयस्तोत्र सरित्सागर (२३७).	१—८—०
१	भक्तिमार्तण्डः	२—०—०
१	पुष्टिमार्गीयस्तोत्र षोडशग्रन्थ. सभाषानुवाद.	२—६—०
१	श्रीमद्रसामृतम्	१—८—०
१	उपनिषद् (१०८)	२—०—०
१	प्रेमामृत.	०—२—०
१	श्रीसुबोधिनी (प्रथम स्कन्धः)	३—८—०
१	तत्त्वदीपनिबन्ध (मुंबई).	४—०—०
१	सत्सिद्धान्त मार्तण्डः	१—०—०
१	प्रमेयरत्न - मालतालिका.	
१	श्रीमद्वल्लभमहात्म्यचरी.	१—०—०

व्रजभाषा.

१	तत्त्वार्थदीप निबन्ध सर्व निर्णय शास्त्रार्थ. (व्रज)	२—०—०
૧	તત્ત્વાર્થદીપ નિબંધ શાસ્ત્રાર્થ. (વ્રજ).	૨—૦—૦
૧	શુદ્ધાદ્વૈત માર્તંડ (વ્રજ).	૦—૪—૦
૧	સર્વોત્તમજી ભાષાટીકા.	૦—૪—૦
૧	વલ્લભાષ્ટક અને ચતુઃશ્લોકી.	૦—૪—૦
૧	અષ્ટાક્ષર વિવરણ.	૦—૨—૦
૧	કીર્તન સંગ્રહ (ત્રણ વિભાગ) (રાગોરવાળી).	૮—૦—૦
૧	બસો બાવન વૈષ્ણવની વાર્તા.	૫—૦—૦
૧	ચોરાશી વૈષ્ણવની વાર્તા.	૫—૦—૦
૧	વરૂઆખ્યાન મધ પુરૂષ વગેરે.	૦—૧૨—૦
૧	શિક્ષાપત્ર (મૂળ) શ્રીહરિરાયકૃત.	૩—૦—૦
૧	કીર્તન રત્નાકર-સેવાવિધિ	૩—૦—૦
૧	શ્રીપુષ્ટિપ્રકાશ.	૩—૮—૦
૪	ભાવસિંધુ.	૧—૪—૦

ગુજરાતી.

૧	પુષ્ટિમાર્ગ લક્ષણાનિ.	૦—૨—૦
૩	શુદ્ધાદ્વૈત મંજરી.	૦—૩—૦
૨	વૈદિક માર્ગ નિરીક્ષણ.	૮—૪—૦
૧	વરૂઆખ્યાન રહસ્યદીપિકા.	૦—૧૦—૦
૧	વિજ્ઞપ્તિ શ્રીગુસાંઈજી કૃત.	૦—૩—૦
૬	દીનતા આશ્રયના પદ.	૦—૧૦—૦
૧	બ્રહ્માંડ પુરાણનો પરિચ્છેદ.	૦—૪—૦
૧	મનુષ્ય કર્તવ્ય ને ધર્મ જિજ્ઞાસા.	૦—૧૨—૦
૧	શુદ્ધાદ્વૈત સિદ્ધાન્ત પ્રદીપ-શાસ્ત્રિ ભગાભાઈ કૃત.	૨—૦—૦
૧	વિદ્વન્મંડન ગુજરાતી ભાષાન્તર.	૧—૮—૦
૧	વિવિધ ધોળ પદસંગ્રહ.	૦—૮—૦
૧	પુષ્ટિ સુધાકર નિર્ભયરામ કૃત.	૦—૧૦—૦
૧	ષોડશ ગ્રન્થ.	૦—૮—૦
૧	ષોડશ ગ્રન્થ સંક્ષિપ્ત (પદ્યમ)	૦—૪—૦
૧	ગોપીગીત અષ્ટશ્લોકી- યમુનાષ્ટકના પદ ૪૦.	૦—૧—૬
૧	ગોપીગીત વગેરે.	૦—૪—૦
૧	ગોવર્ધનનાથજીનું પ્રાકટ્ય.	૦—૪—૦
૧	વરૂઆખ્યાન મધ પુરૂષ.	૦—૬—૦
૧	શ્રીહરિરાયજીનું મોટું શિક્ષાપત્ર.	૨—૦—૦
૧	શ્રીસુબોધિની પ્રથમ સ્કંધ.	૩—૮—૦

Reg. No B. 896.

૧ ભક્તિમાર્ગ રહસ્ય.	૦—૮—૦
૧ શ્રીમદ્ભગવદ્ગીતા સુબોધિની ટીકા.	૦—૮—૦
૧ ભક્તિપ્રકરણ. રા. ગાંધી.	૦—૨—૦
૧ ઉપદેશસુધા.	૦—૪—૦
૧ તુલસીમાળાધારણવાદ.	૦—૮—૦
૧ પુષ્ટિમાર્ગીય સિદ્ધાન્ત પત્રાવલી.	૦—૮—૦
૧ બ્રહ્મવાદ શ્રીહરિરાયજી.	૦—૨—૦
૧ પત્રાવલંબન મૂલ તથા ગુજરાતી.	૦—૫—૦
૧ ભાગવતશંકાનિરાસવાદ.	૦—૨—૦
૧ ભેદાભેદસ્વરૂપનિર્ણય.	૦—૨—૦
૧ પુષ્ટિમાર્ગપ્રકાશ—ચોપાનીયાં.	૮—૪—૦
૧ માધવતીર્થના લેખનો જવાબ.	૦—૨—૦
૧ આશ્રય નિર્ણય.	૦—૮—૦
1 Systam of Vallabhachary.	free.

રા. બા. લલ્લુભાઈ પ્રાણવલ્લભદાસ પ્રકટિત.

૧ તત્ત્વદીપ શાસ્ત્રાર્થ. પ્રકરણ.	૧—૦—૦
૧ શ્રીકૃષ્ણ લીલામૃત. ૧ ભાગ	૧—૮—૦
૧ " ૨ "	૧—૦—૦
૧ શ્રીવલ્લભાચાર્ય જીવનચરિત્ર.	૧—૦—૦
૧ ક્ષમાપ્ય દોષ વિવરણ.	૦—૨—૦
૧ ધર્મવાદ.	૦—૨—૦
1 Pushtimarga.	0—8—0
૧ સુબોધ વિચાર.	૦—૩—૦

શ્રીવલ્લભીય ગ્રન્થ પ્રકાશક ફંડ પ્રકટિત.

૧ સંન્યાસનિર્ણય.	૦—૩—૦
૧ ભક્તિહંસ.	૦—૨—૦
૧ જલભેદ-પંચપદ્યાનિ.	૦—૩—૬
૧ પુષ્ટિપ્રવાહમર્યાદા.	૦—૫—૦
૧ દુઃસંગવિજ્ઞાનપ્રકાર.	૦—૧—૦
૧ ઉપદેશશંકાનિરાસવાદ.	૦—૨—૬
૧ ભક્તિવર્દ્ધિની.	૦—૨—૬
૧ સિદ્ધાન્તમુક્તાવલી.	૦—૫—૬
૧ યમુનાષ્ટક.	૦—૧—૦
૧ બાલબોધ.	૦—૩—૬

૧ અન્તઃકરણ પ્રબોધ.	૦—૧—૦
૧ સિદ્ધાન્ત રહસ્ય.	૦—૨—૦
૧ વિવેક ધૈર્યાશ્રય.	૦—૨—૬
૧ નવરત્ન.	૦—૨—૦

ગો. શ્રીજીવનલાલજી પ્રકટિત.

૧ વૈષ્ણવ ક્રિયાહ્નિક.	૧—૦—૦
૧ વૈષ્ણવ સંક્ષિપ્તાહ્નિક.	૦—૪—૦
૧ વૈદિકત્વાવૈદિકત્વ વિચાર.	૦—૨—૦
૧ ઉપદેશમીમાંસા.	૦—૧૦—૦
૧ ભ્રાન્તિવારણ દર્પણ.	૦—૧૨—૦
૧ આમ્નાય-તત્ત્વભાસ્કર.	૦—૫—૦
૧ શંકરજયન્તીવ્યાખ્યાનાવલોકન.	૦—૧૪—૦
૧ નીહાર ભાસ્કર.	૧—૪—૦
૧ મતિપૂર્ણ.	૧—૦—૦
૧ શ્રીગીતા, છગનશાસ્ત્રીની.	૦—૧૨—૦

શ્રીમદ્ વૈષ્ણવપરિષત પ્રકટિત.

૧ गायत्रीभाष्यम्.	यन्त्रस्थम्.
૧ अणुभाष्यम् सप्रदीपम्	,,
૧ अधिकरणसंग्रह.	०—४—०
૧ वेदान्ताधिकरणमाला.	यन्त्रस्थम्.
૧ शाण्डिल्यभक्तिसूत्रभाष्यम्.	०—४—०
૧ प्रस्थानरत्नाकरः	०—८—०
૧ श्रीमद्भगवद्गीतातत्त्वदीपिकासहिता.	०—८—०

श्रीगोकुलनाथद्वारा, प्रकटित.

૧ શ્રીસુબોધિની પ્રથમસ્કંધ.	યન્ત્રસ્થ.
૧ શુદ્ધાદ્વૈતદર્શન.	૦—૮—૦
૧ ભક્તિહંસ.	યન્ત્રસ્થ.
૧ सेवाकौमुदी.	,,

શ્રીદયારામ સભાદ્વારા પ્રકટિત.

૧ દયારામ કાવ્ય મણિમાળા. ભા. ૧	૧—૪—૦
૧ દયારામ કાવ્ય મણિમાળા. ભા. ૨	૧—૪—૦

ચિત્રો.

૧ શ્રીવલ્લભાચાર્યજી.	૦—૧—૦
૧ શ્રીગુસાંઈજી.	૦—૧—૦
૧ શ્રીપુરુષોત્તમજી.	૦—૧—૦

આ સર્વ પુસ્તકો નીચે લખવાથી મળી શકશે:—

૧. પુષ્ટિમાર્ગીય પુસ્તકાલય, મંત્રી—નડીઆદ.
૨. કીર્તનીયા મુલચંદદાસ, ગાનસ્વરૂપની હવેલી, ભુલેશ્વર મુંબઈ.

સ્વધર્મના મુખ્ય સિદ્ધાન્તો.

૧. જગત્ સત્ય છે.
૨. જગત્, જીવ, અંતર્યામી, અક્ષર ઇત્યાદિનાં નિમિત્ત અને ઉપાદાન કારણ શુદ્ધ નિર્ગુણ બ્રહ્મ શ્રીકૃષ્ણપરમાત્મા જ છે.
૩. જીવે અવિદ્યાથી કલ્પેલો અહંતામમતાત્મક સંસાર મિથ્યા છે.
૪. જીવ અણુ છે, શુદ્ધ નિર્ગુણ બ્રહ્મનો અંશ છે, સ્વતઃ વ્યાપક નથી.
૫. પરબ્રહ્મ પુરુષોત્તમ શ્રીકૃષ્ણનું ધામ અક્ષરબ્રહ્મ સચ્ચિદાનંદ છે.
૬. સર્વોપરિ વેદાદિશાસ્ત્રે પ્રતિપાદિત પરમફલરૂપ વસ્તુ શ્રીકૃષ્ણ જ છે.
૭. શ્રીકૃષ્ણની સેવા એ જ અંશ જીવનો ધર્મ છે, એટલે વસ્તુતઃ સ્વધર્મ શ્રીકૃષ્ણસેવા જ છે.
૮. આત્મનિવેદન અને પ્રભુપ્રપત્તિ વિના અન્ય વિશ્વધર્મ કોઇ છે જ નહિ.

" પુષ્ટિભક્તિસુધા " ઑફિસનું સરનામું—

રા. રા. વાડીલાલ નગીનદાસ શાહ, બી. એ. એલ્ એલ્. બી.
મહારાજનો ભોઇવાડો, ભુલેશ્વર, મુંબાઇ.

आवश्यक निवेदन.

---

૧. આ માસિકસંબંધી સઘળો પત્રવ્યવહાર પ્રકાશકને નામે કરવો.
૨. આ માસિક દરેક માસની કૃષ્ણ એકાદશીએ પ્રકટ થાય છે.
૩. આ માસિકમાં છપાવવાને આવેલા લેખો લેવા ન લેવા તેમ જ તેમાં યોગ્ય શુદ્ધિ-વૃદ્ધિ કરવી પ્રકાશકની મરજીઆધીન છે.
૪. શ્રીમદ્વલ્લભાચાર્યજીના સિદ્ધાન્તાનુસાર જ લેખ લેવામાં આવશે.
૫. વર્ષનું નોછાવર પ્રથમથી લેવામાં આવે છે.
૬. આ માસિકનાં પરિવર્તનમાં જેમનાં તરફથી માસિક વા પત્ર મળશે તેમને વગર-નોછાવરે આ માસિક મોકલવામાં આવશે.
૭. કોઇ પણ બાબતની ખબર મંગાવવી હોય તો જવાબને માટે ટિકીટ બીડવી, તે વિના જવાબ આપવામાં આવશે નહિ.
૮. આ માસિકમાં જાહેર ખબર છપાવવી હોય કે હેન્ડબિલ વહેંચાવવાં હોય તેમણે પ્રકાશકને લખવું અથવા મળવું.

પુષ્ટિભક્તિસુધાકાર્યાલય,
મહારાજનો ભોઇવાડો
ભુલેશ્વર, મુંબાઇ.

પ્રકાશક.

નોછાવર રૂ. ૨–૦–૦   પ્રત ૭૫૦.   છૂટક અંકના રૂ. ૦–૪–૦.

एवं स्वप्नस्य मिथ्यात्वं प्रसंगाज्जीवस्य विपरीतज्ञानोत्पादकमज्ञानं निरूप्य सुषुप्तौ केवलमज्ञानं निरूपयितुमज्ञानस्थानस्वप्नाभावौ निरूपयति, एवं श्रूयते, कौषीतकिब्राह्मणे नाडीरनुक्रम्य तासु तदा भवति यदा सुप्तः स्वप्नं न कञ्चन पश्यति अथास्मिन्प्राण एवैकधा भवतीति तथा बृहदारण्यके प्राज्ञेनात्मना संपरिष्वक्तो न बाह्यं किञ्चन वेद नान्तरमिति,

तत्र संशयः, स्वप्नवत् सुषुप्तौ प्रपञ्चसृष्टिं मायिकीमपि भगवान् करोति नवेति, काठकश्रुतौ सुषुप्तौ सृष्टिनिर्माणं श्रूयते, विषयश्रुतौ दर्शनाभावमात्रं चेति संशये गमकं, तत्र य एष सुप्ते जागर्तीत्यादिकाठके जीवस्वापमात्रे भगवत्कर्तृत्वस्योक्तत्वात्कौषीतकिश्रुतौ न किञ्चन पश्यतीत्यत्र दर्शनमात्रनिषेधात् । न बाह्यं किञ्चन वेद नान्तरमिति च बृहदारण्ये जागरणस्वप्नप्रपञ्चयोरविशेषेणादर्शनकथनात्सुषुप्तावपि प्रपञ्चनिर्माणमस्तीत्यवगन्तव्यं, ततश्च कस्यामप्यवस्थायां प्रपञ्चव्यतिरेकाभावान्मुक्तावपि स्यात्, स्वाप्ययसंपत्त्योरपेक्षाज्ञानमात्रविशेषात्सति संपद्य न विदुः सति संपद्यामह इति, तस्माद्बाह्यान्तरसंपदोर्विद्यमानयोरपि यथा ज्ञानाभावादग्रहणमेवं प्रपञ्चस्यापीत्येवं प्राप्त उच्यते,

तदभावो नाडीषु तच्छ्रुतेरात्मनि च ॥ ७ ॥

तस्य स्वप्नस्य अभावो नाडीषु, तथा आत्मनि च, कुतः, तच्छ्रुतेः, प्रपञ्चाभावश्रुतेः, 'कामनया हि प्रपञ्चं कामं कामं पुरुषो निर्मिमाण' इति काठकश्रुतेः, सुषुप्तावस्थायामकामत्वरूपश्रुतेः, बृहदारण्यके तद्वा अस्यैतदात्मकाममाप्तकाममकामरूपमिति, नाडीषु आत्मनि चेतिग्रहणात् सुषुप्तिर्द्विधा इति सूचयति, तथाहि, हिता नाम स्वप्ननाड्यः पुरीतत्यन्ता हृदयदेशाद्बाह्यदेशपर्यन्ताः, पुरीतति हृदयवेष्टनं, हृदयदेशस्तु जीवस्येन्द्रियाणां स्थितिः, तत आभ्यन्तरः परमात्मा तत्र निद्रया भगवदिच्छया बहिर्दृष्ट्याच्छादने तासु पात्यते तदा स्वाप्निकीं भगवल्लीलां पश्यति तत्राप्याच्छादने ततः प्रत्यवरुह्य पुरीतत्समीपे नाडीमात्रभावे गाढसुप्तो ज्ञानरहितः, क्रियाशक्त्या अन्तर्भगवन्तं वा प्रविशति बहिर्नाडीषु समायाति, अत एव बृहदारण्यकपाठे यत्र सुप्तो न कञ्चन कामं कामयते न कञ्चन स्वप्नं पश्यति ता वा अस्यैता हितानाम नाड्य इति, अथ यत्र सुप्तो न कञ्चन कामं कामयते, न कञ्चन स्वप्नं पश्यति तद्वा अस्यैतदात्मकाममाप्तकाममकामरूपं तद्यथा प्रियया स्त्रिया

सम्परिष्वक्त इति नाडीपरमात्मभेदेन, सुषुप्तिस्तूभयत्र ज्ञानशक्तेः सर्वथातिरोधानात्, तस्मात् सुषुप्तौ न स्वप्नसृष्टिः ॥

केचित्तु, तद्यत्रैतत्सुप्तः समस्तः संप्रसन्नः स्वप्नं न विजानात्यासु तदा नाडीसृप्तो भवतीति, ताभिः प्रत्यवसृप्य पुरीतति शेते इति, तासु तदा भवतीति च, य एषोऽन्तर्हृदयाकाशस्तस्मिञ्छेते इति, सता सोम्य तदा संपन्न इत्यादीनि दहर–दृप्तबालाकीय–बालाकीयेषु वाक्यानि उपन्यस्य अत्र नाडीपुरीतत्परमात्मानः परस्परापेक्षाविरहिणः सुषुप्तौ जीवस्य स्थानत्वे भूताः, अतः परस्परसापेक्षा एकस्येति सन्देहे नाद्यः, यदि सापेक्षपक्षोऽङ्गीक्रियते तर्हि व्रीहियवादिविकल्पाभावात्पक्षे बाधापत्तेः, न च नाडीषु सृप्तः पुरीतति शेते, य एषोऽन्तर्हृदयाकाशस्तस्मिञ्छेते, इत्येकविभक्त्यैकार्थत्वाद्विकल्पोऽप्युत इति सांप्रतं, हेतोः साधारणत्वात्, प्रासादे शेते पर्यङ्के शेते इत्यादौ नानार्थत्वसमुच्चयोरप्येकविभक्तिदर्शनात्, तासु तदा भवति यदा सुप्तः स्वप्नं न कंचन पश्यति, अथास्मिन्प्राण एवैकधा भवतीति कौषीतकिश्रुतौ नाडीब्रह्मणोराधारयोः समुच्चयश्रवणात्, प्राणशब्दवाच्यं ब्रह्मात्र, यत्र केवलनाड्यः सुषुप्तिस्थानमुक्तास्तत्रापि नाडीद्वारा ब्रह्मैव स्थानमिति सांप्रतं, अथ द्वारत्वे सप्तम्याः का गतिरिति चेद्गङ्गाद्वारा समुद्रं गन्तुर्गंगा यथा संचारस्थानं तद्वदत्र गतिः, ततो नाडीब्रह्मसमुच्चये न बाधकं, तथा पुरीतद्ब्रह्मसमुच्चयः, योऽन्तर्हृदय आकाशस्तस्मिञ्छेते इत्युपक्रमे पुरीतति शेते इति निरूपणात्, दहराधिकरणे प्रसिद्धं हृदयाकाशात्मकं ब्रह्म हृदयं वेष्टनं पुरीतत् तदावृतो हृदयाकाशो यथा प्राकारावृतं नगरं, तथा च हृदयाकाशे शयनात्पुरीततोऽपि समुच्चयो जातप्राय एव, तस्मात्सुषुप्तिस्थानं ब्रह्मैव नाडीपुरीततोर्द्वारत्वमेवेत्याहुः ।

नाडीसमुच्चयं तत्र नाङ्गीकुर्मः श्रुतेर्बलात्,
एकवाक्यगतत्वाच्च स्वीकुर्मो हि पुरीततः ।

बृहदारण्यके ज्योतिर्ब्राह्मणे, यत्र सुप्तो न कञ्चन कामं कामयते न कञ्चन स्वप्नं पश्यति ता वा अस्यैता हिता नाम नाड्य इत्यत्र नाडीषु स्वापकथनात्, अथात्र सुप्तो न कञ्चन कामं कामयते न कञ्चन स्वप्नं पश्यति तद्वा अस्यैतदाप्तकाममात्मकाममकामं रूपं तद्यथा प्रियया स्त्रिया संपरिष्वक्त इत्यत्र परमात्मनि स्वापकथनात्, अनेवमङ्गीकारे सद्धात् पूर्वोक्तव्यवच्छेदेन श्रूयमाणस्य सुप्तवाक्याभ्यासस्य विरोधः, अभ्यासभङ्गतश्छेदो निर्व्यलीकं सुषुप्तिस्थानभेदं, योजन्तौ मार्गे विकल्पं पृच्छन्तौ न, निर्दुष्टमाहुरिति, ताभिः प्रत्यवसृप्येत्युक्ते नाडीषु

सर्पण इत्यर्थादपि विकल्पासिद्धेः, तथा च कौशीतकीये अथास्मिन्प्राण एवेत्यत्रापि त्रैकाल्यिकार्थवाचकाथशब्दः, आनन्तर्यार्थकत्वेपि नास्माकं बाधो यतः पूर्वापरभावस्य तत्र सिद्ध्या पूर्वसामयिकसुषुप्तेर्निषेधस्यदुष्टत्वात्, उत्तरसामयिकप्राणैक्यस्यापि भगवदिच्छातः प्रत्यवसर्पणेन प्रयत्नाभावं विनैव सिद्धेः, अभ्याससिद्धभेदादेव नाडीषु स्वापवाक्ये प्रथमविधेयसिद्धेर्नाभावविधेय इति शंकनीयं, इतरथाऽभ्यासभेदवैयर्थ्यापातात्, तथा च सुषुप्त्युत्तरकालिकस्वप्नस्यापि कदाचित्सुप्तं स्वापविशेषणत्वेन भासते कदाचिन्नेत्यपि संगच्छते, अथ नाडीषु स्वापे स्वप्नदर्शनापत्तिरिति चेत् सुषुप्तौ कामाभावकथनेन मनसो लयनिश्चयात् करणविरहात्मायिकत्वेन करणरूपेण च भावस्य च न दर्शनापातात्, तस्माद्दर्शनाभावीयापि न तत्संपत्त्यपेक्षा, किञ्च यदि सुषुप्तिद्वैविध्यं नाभिप्रेयात् तर्हि तदभाव आत्मनि तच्छ्रुतेरित्येव वदेत् सूत्रकार, एतावतैव द्वैतदर्शनविरहरूपाप्ययसम्पन्नाभावयोः सिद्ध्या नाडीचकारयोर्निर्देशस्य वैयर्थ्यात्,

तस्मात्सिद्धमिदं स्वप्नं नाडीनां परिवर्तने ।
तासां वै मांसभोगेषु सुषुप्तिस्तु पुरीततः ॥
पुरीतदंतर्हृदये संपच्च दहरे सति ॥

नन्वेवं सति व्रीहियववाक्यदोषा विकल्पे प्रसजन्ति, तथाहि, प्रामाण्यपरित्यागः, अप्रामाण्यस्वीकारः परित्यक्तप्रामाण्यस्वीकारः, स्वीकृताप्रामाण्यपरित्यागश्चेति चत्वारो दोषाः, व्रीहियववाक्यकोटिभेदेनाष्टौ, यथाहुः, एवमेषाष्टदोषापि यद्व्रीहियववाक्ययोः। विकल्प आश्रितस्तत्र गतिरन्या न विद्यत इति,एवं प्रकृतनाडीवाक्यकोटिभ्यामष्टौ दोषा इति चेदत्र वदामः, किं प्रामाण्याप्रामाण्ययोस्स्वरूपमितिविचारणीयं, किं प्रामाण्यं नाम सदर्थबोधकत्वं, अप्रामाण्यं नामासदर्थबोधकत्वं ॥ १ ॥ आहोस्विद्बोधकत्वं प्रामाण्यं, अबोधकत्वमप्रामाण्यं ॥ २ ॥ उतानुकत्वं प्रामाण्यमननुष्ठापकत्वमप्रामाण्यमिति । तत्र नाद्येन वाक्यद्वयेनापि सदर्थबोधस्य जायमानतया तत्त्यागस्याभावेनासदर्थबोधकत्वस्य काप्यनंगीकारेण तत्कृतदोषाणामप्रसंगाभावात्, अत एव न द्वितीयेन, नापि तृतीयेन, वाक्यद्वयस्यापि सिद्धार्थपरतया अनुष्ठापकत्वस्याभावेन त्याज्यत्वस्य तथाऽयोगात्, अननुष्ठापकत्वस्य सर्वसंमतत्वेन विकल्पानंगीकर्तृमतेपि तुल्यतया तत्र पर्यनुयोगानवकाशात्; तस्मादुक्तं युक्तं ॥ ८ ॥ २ ॥

इति तृतीयाध्याये द्वितीयपादे द्वितीयाधिकरणम् ।

श्रीमदग्निकुमारकृतभक्तिहंसः ।

ભાષાંતર.

શ્લોક.

જય વિઠ્ઠલપદામ્બુજોની, રેણુ જેના પ્રસાદથી,
ખંડિતોને મળી ભક્તિ, ટળી કુમાર્ગમોહિની.

આર્યા.

મંત્રોપાસન વૈદિક તાંત્રિક દીક્ષાર્ચનાદિ મર્યાદ,
સ્પર્શે નવ, જે ખેલે નિજ ભક્તે, તેહિ સર્વસ્વ.

અર્થ—મંત્ર, ઉપાસના, વૈદિક તાંત્રિક દીક્ષા, પૂજા, વિધિ, વિગેરે જે પ્રભુને સ્પર્શ કરી શકતાં નથી, અને જે નિજ ભક્તોની સાથે ખેલે છે, તે પ્રભુ મારું સર્વસ્વ હો.

શંકા—આવું નવાઈ જેવું શું બોલો છો? શું પુરુષોત્તમ મંત્ર, ઉપાસના, વેદ અને તંત્રોની દીક્ષા, પૂજા, વિધિ વિગેરેથી અપ્રાપ્ય છે?

ઉત્તર—નવાઈ જેવું તો ખરું જ તો. સાંકડા કૂવામાં પડેલા દેડકા જેવા તને તો આ સાંભળી પણ લાગે. પણ વિદ્વાનોને એમાં નવાઈ જેવું કશું નથી, કારણકે અનેક પ્રમાણોથી એ વાત પ્રથમથી જ સિદ્ધ થતીછે. તે નીચે પ્રકારે:—"[1] આ આત્મા પ્રવચનથી પ્રાપ્ય નથી, બુદ્ધિથી પ્રાપ્ય નથી, બહુ શ્રવણથી પ્રાપ્ય નથી, જેને એ આત્મા વરે છે તેનાથી જ એ પ્રાપ્ય છે" એ શ્રુતિમાં "જેને" એમ સામાન્યપણે કહ્યું છે, અને આગળ ચાલતાં પુરુષોત્તમના અંગીકાર માત્રથી જ પ્રાપ્ય છે એમ કહ્યું છે, તેથી પ્રવચન, બુદ્ધિ, બહુ શ્રવણ વગેરે ઉપલક્ષણ: આત્મીયપણાથી ભગવદંગીકાર વિનાનાં સર્વ સાધનોનું સૂચન કરેલું છે એમ સમજાય છે; માટે જીવકૃતિથી બનતાં સર્વ સાધનોથી પુરુષોત્તમ અપ્રાપ્ય છે એમ કહેવું જ પડશે. તેમ વળી પૂર્વે જીવનો થયેલો ઉત્કર્ષ પણ પ્રભુપ્રાપ્તિમાં ખપ લાગતો નથી એમ પણ પ્રાપ્ત થયું જ. "વરે છે" એમ કહેવાથી સમજવું કે જેમ કન્યા પોતાના ઇચ્છિત નરને જ સ્વપતિ તરીકે વરે છે, અથવા વર પોતાની ઇચ્છિત સ્ત્રીને જ સ્વસ્ત્રી તરીકે વરે છે તેમ ભગવાન—પુરુષોત્તમ—પોતાના દાસ તરીકે આત્મીયપણાથી અંગીકાર કરે છે, અને જેમ વર્યા પછી તે સ્ત્રીનો બીજા પુરુષમાં વિનિયોગ થતો નથી, તેમ આ પ્રભુએ વરેલા જીવનો પણ અન્યત્ર વિનિયોગ થતો નથી, એમ સમજાય છે. વળી જેમ વરણ પહેલાં કઈ સ્ત્રીને વર પસંદ કરશે તે કોઈથી પણ જાણી શકાતું નથી, તેમ પ્રભુ કયા જીવને વરશે તે પણ જાણી શકાતું નથી. આવો પ્રકાર હોવાથી, શાસ્ત્રોમાં વિધાન કરેલી ક્રિયાઓના ફળ તરીકે જેમ સ્વર્ગ વગેરેની પ્રાપ્તિ થાય છે, તેમ શાસ્ત્રોમાં વિધાન કરેલી અમુક ક્રિયાઓ કરવાથી પુરુષોત્તમની પ્રાપ્તિ થાય છે, એમ કહી શકાતું નથી; કેમકે યાગ વગેરે આપણે સ્વકૃતિથી કરી શકીએ છીએ, પણ ભગવાન પાસે વરણ કરાવવું એ કાંઈ આપણા હાથની વાત નથી

---

(१) नायमात्मा प्रवचनेन लभ्यो न मेधया न बहुना श्रुतेन ।
यमेवैष वृणुते तेन लभ्यः ॥

શંકા—યજ્ઞાદિકમાં ઇન્દ્ર વગેરેને ઉદ્દેશીને (નિમિત્તથી) જેમ હોમ થાય છે, અને એવી રીતે નિમિત્તપણાથી ઇન્દ્રાદિકનો સંબંધ થાય છે, તેમ પુરુષોત્તમને ઉદ્દેશીને કર્મ કરવાથી પુરુષોત્તમનો સંબંધ કેમ ન થાય?

ઉત્તર—એનો ઉત્તર સાંભળ. "સર્વને [2]વશ કરનાર, સર્વને નિયમમાં રાખનાર" વગેરે શ્રુતિઓથી, તેમજ "[3]દેવ, અસુર, મનુષ્ય, યક્ષ, ગંધર્વ, વગેરે મુકુંદ ભગવાનના ચરણનું ભજન કરે તો જેમ અમારૂં કલ્યાણ થયું તેમ તેનું પણ કલ્યાણ થાય," વળી "હે [4]રાજન્, મૃત્યુથી સર્વ તરફ ત્રાસ પામેલો બુદ્ધિમાન્ એવો કોણ હોય કે જે ઉત્તમોત્તમ દેવતાઓથી સેવવા યોગ્ય મુકુંદભગવાનના ચરણકમલનું ભજન ન કરે?" વળી "હે [5]પાર્થ, જે પાપ યોનિ વાળા સ્ત્રીઓ, વૈશ્યો, તથા શૂદ્રો છે તે પણ મારો આશ્રય કરે તો પરાગતિને પામે છે" વગેરે સ્મૃતિઓથી સાબિત થાય છે કે જીવમાત્રના ભગવાન્ પતિ છે, અને સ્ત્રીઓને સ્વપતિ ભજન જેમ ઇષ્ટ છે અને ઇષ્ટ વસ્તુ પ્રાપ્ત કરવાનું સાધન છે, તેમ જીવમાત્રને ભગવદ્ભજન ઇષ્ટ અને ઇષ્ટ વસ્તુ પ્રાપ્ત કરવાનું સાધન છે, એમ તારે સર્વથા અંગીકાર કરવું જ પડશે. એ ભગવદ્ભજન ભક્ત્યાદિરૂપ છે, એમ શાસ્ત્રોમાં કહ્યું છે. એમ હોવાથી ભગવાનની માફક તેમના નામ મંત્રાદિક પણ સર્વ જીવોને સમાન—સરખું ફલ આપનારા માનવા પડશે.

હવે સાંભળ. એથી ઉલટું જ મંત્રશાસ્ત્રમાં તો એમ કહ્યું છે કે રામમંત્ર અને એ મંત્રના અધિષ્ઠાતા દેવતાનું ભજન તો કોઇ જીવના મિત્રતરીકે કામ કરે છે, અને કોઇને દુશ્મનની ગરજ સારે છે, કોઇને સિદ્ધ છે અને કોઇને સાધ્ય છે. તેમજ ગોપાલમંત્ર અને એવા બીજા મંત્રો અને તેમના અધિષ્ઠાતા દેવતાનું ભજન કોઇના મિત્ર, કોઇના દુશ્મન, કોઇને સિદ્ધ અને કોઇને સાધ્ય છે. હવે આપણે ઉપર શ્રુતિ-સ્મૃતિઓના પ્રમાણોથી કહી ગયા કે પુરુષોત્તમ તો સર્વ જીવમાત્રને સમાન છે, અને આ મંત્રોના અધિષ્ઠાતા દેવતાઓને પુરુષોત્તમ માનીએ તો તેઓ પણ સર્વ જીવમાત્રને સમાન હોવા જોઇએ, પણ તેમ તો છે નહિ, તેઓ તો કોઇ જીવના મિત્ર અને કોઇના દુશ્મન છે, માટે તેમને પુરુષોત્તમથી ભિન્ન, માત્ર વિભૂતિરૂપ જ, માનવા પડશે, તેથી એમ પ્રાપ્ત થયું કે આમાં મંત્રના જોરથી પુરુષોત્તમનો સંબંધ થતો નથી, પણ વિભૂતિરૂપોનો જ સંબંધ થાય છે.

શંકા—મંત્રશાસ્ત્રના વિધિ પ્રમાણે ભજન કર્યું હોય તો સર્વને ઇષ્ટ ફલ મળે છે, તેથી મંત્રોના અધિષ્ઠાતા દેવતાઓને વિભૂતિ માનવાનું કંઇ કારણ નથી.

---

(२) सर्वस्य वशी, सर्वस्य ईशानः ।

(३) देवोऽसुरो मनुष्यो वा यक्षो गन्धर्व एव वा ।
भजन्मुकुन्दचरणं स्वस्तिमान् स्याद्यथा वयम् ॥ भा. ७-७-५०.

(४) को नु राजन्निन्द्रियवान्मुकुन्दचरणाम्बुजम् ।
न भजेत्सर्वतोमृत्युरुपास्यममरोत्तमैः ॥ भा. ११-२-२.

(५) मां हि पार्थ व्यपाश्रित्य येऽपि स्युः पापयोनयः ।
स्त्रियो वैश्यास्तथा शूद्रास्तेऽपि यान्ति परां गतिम् ॥ गी. ९-३२.

ઉત્તર—સાંભળ. "જે [૬]ધર્મોમાં આસ્થા રાખવાથી, હે રાજન્, મનુષ્ય કોઈ પણ વખત પ્રમાદ પામતો નથી, અને આંખ મીંચીને દોડે તો પણ તે ભૂલ થાપ ખાતો નથી અથવા પડતો નથી." એ વાક્યમાં સ્પષ્ટ નિરૂપણ કરેલું છે કે ભગવદ્ધર્મમાં માત્ર આસ્થા રાખવાથી ભગવત્ પ્રાપ્તિની તીવ્ર આર્તિ હોય તો નિત્ય સાધનનો પરિત્યાગ કરે તો પણ અથવા શાસ્ત્ર અને ગુરુનું ઉલ્લંઘન કરે તો પણ ફલનો વિલંબ અથવા ફલનો અભાવ થતો નથી. આસ્થા એટલે કાયા, વાણી અને મનથી પ્રભુના થઈ રહેવું. આમ હોવાથી, હવે મન્ત્રોપાસનાને પણ જો ભગવદ્ધર્મ ગણીએ તો મન્ત્રોપાસનામાં આસ્થા માત્રથી જ સર્વ કોઈને ઇષ્ટ ફલ થવું જોઈએ, અને વિપરીત ફલ થવું જોઈએ નહિ. પણ તેમાં તો વિધિપ્રમાણે નહિ કરવાથી વિપરીત ફલ, ફલ વિલંબ, ફલનો અભાવ વગેરે થાય છે તેથી મન્ત્રોના અધિષ્ઠાતા દેવતાઓને વિભૂતિરૂપ માનવા જ પડશે.

શંકા—ગોપાલમન્ત્રને માટે એમ કહ્યું છે કે "સર્વે વર્ણોમાં, સર્વ [૭]આશ્રમોમાં, સ્ત્રીઓમાં, નાના પ્રકારના જન્મના નક્ષત્રોમાં, વાંછિત ફલને જલદી આપનાર આ ગોપાલક મંત્ર છે." આ પ્રમાણે ગોપાલમન્ત્રની ઉપાસનામાં સર્વ વાંછિત આપવાની શક્તિ હોવાથી તેના અધિષ્ઠાતા દેવતાને વિભૂતિરૂપ કહેવાય નહિ.

ઉત્તર—ખરી વાત છે કે સર્વ વાંછિત આપવાની શક્તિ ગોપાલમંત્રમાં છે, પણ એમાં ભક્તિ નથી. એમાં તો ઉપાસના છે. જેમ કર્મના અંગ તરીકે કરેલું ભગવત્ સ્મરણ ભક્તિરૂપ થતું નથી, કેમકે તે તો કર્મભાગીય છે, તેમ ઉપાસનામાં લીધેલું ભગવન્નામ ભક્તિરૂપ ભજન કહેવાય નહિ, અર્થાત્ ઉપાસનામાં લીધેલું ભગવન્નામ પુરુષોત્તમરૂપ નથી પણ વિભૂતિરૂપ જ છે.

વળી બીજું એ તારતમ્ય છે કે આ ગોપાલમંત્રની ઉપાસનાના ફલ તરીકે વરાંગના-વશીકરણ વગેરે કહેલાં છે. પુરુષોત્તમની ભક્તિનું એવું અધમ ફલ હોય નહિ, કેમકે એ તો અનર્થરૂપ છે. "સાક્ષાત્ [૮]પુરુષોત્તમને વિષે કરેલો ભક્તિયોગ અનર્થની શાંતિ કરે છે," "કોઈ [૯]પણ પ્રકારની આશા વગરના અને નિરપેક્ષને મારી ભક્તિ પ્રાપ્ત થાય છે," એ વાક્યોનો વિરોધ આવે છે, કેમકે વરાંગનાવશીકરણની ઇચ્છાવાન્ નિરપેક્ષ કહેવાય નહિ, અને નિરપેક્ષ ન હોવાથી તેને પુરુષોત્તમની ભક્તિ પ્રાપ્ત થઈ શકે નહિ, તેથી એ મંત્રના અધિષ્ઠાતા દેવતા પુરુષોત્તમ નહિ, પણ વિભૂતિરૂપ જ સમજવા, તેથી જ ધર્મશાસ્ત્રમાં શૂદ્રે સ્થાપેલી મૂર્તિને નમસ્કાર કરવાનો બ્રાહ્મણને નિષેધ કર્યો છે. "જે [૧૦]દ્વિજ શૂદ્રે સ્થાપેલા શિવલિંગ અથવા વિષ્ણુને નમે તે પ્રલય થતા સુધી ઘોર નરકમાં પડે છે."

---

(६) यानास्थाय नरो राजन् न प्रमाद्येत कर्हिचित् ।
धावन्निमील्य वा नेत्रे न स्खलेन्न पतेदिह ॥ भा. ११-२-३५,

(७) सर्वेषु वर्णेषु तथाऽऽश्रमेषु नारीषु नानाह्वयजन्मभेषु ।
दाता फलानामभिवाञ्छितानां द्रागेव गोपालकमन्त्र एषः ॥

(८) अनर्थोपशमं साक्षाद्भक्तियोगमधोक्षजे ॥ भा. १-७-६.

(९) तस्मान्निराशिषो भक्तिर्निरपेक्षस्य मे भवेत् ॥ भा. ११-२०-३५.

(१०) यः शूद्रस्थापितं लिङ्गं विष्णुं वा प्रणमेद्द्विजः ।
स याति नरकं घोरं यावदाहूतसंप्लवम् ॥

જો એ મૂર્તિમાં પુરુષોત્તમનો આવિર્ભાવ હોય તો બ્રાહ્મણોને નમસ્કાર કરવાનો નિષેધ શાસ્ત્ર કરે નહિ. બ્રાહ્મણોએ ઈશ્વરને—પુરુષોત્તમને—નમસ્કાર ન કરવો એમ કદી કહેવાય જ નહિ. ઉલટું ગીતામાં તો કહ્યું છે કે " મારો આશ્રય કરનાર પાપી હોય, સ્ત્રીઓ વૈશ્યો તથા શૂદ્ર હોય તે પણ પરાગતિને પામે છે તો પુણ્યવાન્ [11] "બ્રાહ્મણોનું તો કહેવું જ શું?" અર્થાત્ પુરુષોત્તમને નમસ્કાર કરવાનો બ્રાહ્મણને નિષેધનો સંભવ જ નથી, અને અહિં તો સ્પષ્ટ નિષેધ કરેલો છે, અર્થાત્ શૂદ્ર પ્રતિષ્ઠાપિત મૂર્તિને નમસ્કાર કરવાથી દ્વિજને ઘોર નરકરૂપ અનર્થ પ્રાપ્ત થાય છે તેમ ગોપાલાદિમંત્રથી વશંગના—વશીકરણસ્વરૂપ અનર્થ પ્રાપ્ત થાય છે, તેથી અનર્થપ્રાપક ગોપાલાદિની ઉપાસના અને અનર્થોપશામક પુરુષોત્તમભક્તિ અત્યન્તભિન્ન છે.

વળી જુદા જુદા દેવતા જુદા જુદા મન્ત્રોને અધીન હોય છે, અને નીચે લખેલાં વાક્યો તથા શ્રુતિઓથી સાબિત થાય છે કે પુરુષોત્તમ મન્ત્રોપાસના વગેરેને અધીન નથી. ભાગવતમાં કહ્યું છે કે " હે ઉદ્ધવ, [12] વૃદ્ધિ પામેલી મારી ભક્તિ જેમ મને વશ કરે છે, તેમ યોગ, સાંખ્ય, ધર્મ, સ્વાધ્યાય, તપ, ત્યાગ, મને વશ કરી શકતા નથી;" "યોગ[13] સાંખ્ય, ધર્મ તપ, સ્વાધ્યાય, ત્યાગ, વાવ કુવા ખોદાવવા વગેરે, દક્ષિણા, વ્રત, યજ્ઞ, વેદ, તીર્થ, નિયમ, યમ કોઈ મને વશ કરી શકતા નથી" ગીતામાં કહ્યું છે કે " જેમ[14] તેં મારા દર્શન કર્યાં છે, તેમ હે અર્જુન, વેદ, તપ, દાન, યજ્ઞ, વગેરેથી મારા દર્શન થઈ શકતા નથી. મને તત્ત્વથી જાણવાને, મારા દર્શન કરવાને, અને મારામાં પ્રવેશ કરવાને અનન્ય ભક્તિથી જ શક્તિમાન્ થવાય છે."

શ્રુતિમાં કહ્યું છે કે " આ[15] આત્મા પ્રવચનથી, બુદ્ધિથી વગેરેથી લભ્ય નથી." આ પ્રમાણે પુરુષોત્તમ મન્ત્રોપાસનાને અધીન નહિ હોવાથી મન્ત્રાધીન દેવતાઓમાં અને પુરુષોત્તમમાં સહજ વિલક્ષણતા—ભિન્નતા—છે એમ સમજવું.

---

(११) किं पुनर्ब्राह्मणाः पुण्याः । गी. ९-३३

(१२) न साधयति मां योगो न सांख्यं धर्म उद्धव ।
न स्वाध्यायस्तपस्त्यागो यथा भक्तिर्ममोर्जिता ॥ भा. ११

(१३) न रोधयति मां योगो न सांख्यं धर्म एव च ।
न स्वाध्यायस्तपस्त्यागो नेष्टापूर्तं न दक्षिणाः ।
व्रतानि यज्ञश्छन्दांसि तीर्थानि नियमा यमाः ॥ भा. ११-१२-११

(१४) नाहं वेदैर्न तपसा न दानेन न चेज्यया ।
शक्य एवंविधो द्रष्टुं दृष्टवानसि मां यथा ।
भक्त्या त्वनन्यया शक्य अहमेवंविधोऽर्जुन ।
ज्ञातुं द्रष्टुं च तत्त्वेन प्रवेष्टुं च परन्तप ॥ गीता ११-५४

(१५) नायमात्मा प्रवचनेन लभ्यो न मेधया न बहुना श्रुतेन ।

(१६) अहं भक्तपराधीनो ह्यस्वतन्त्र इव द्विज ।
साधुभिर्ग्रस्तहृदयो भक्तैर्भक्तजनप्रिय ।
नाऽहमात्मानमाशासे मद्भक्तैः साधुभिर्विना ।
श्रियं चाऽऽत्यन्तिकीं ब्रह्मन् येषां गतिरहं परा ॥ भा. ९-४-६३

એ વિલક્ષણતાએ કરીને પુરુષોત્તમ તો માત્ર ભક્તિને જ અધીન છે તે નીચેના અને એના જેવા બીજા સહસ્ર વાક્યોથી સાબિત થાય છે. ભાગવતમાં કહ્યું છે કે " મારા સાધુ ભક્તો વિના મારા આત્માની કે આત્યંતિકી લક્ષ્મીની પણ હું ઇચ્છા રાખતો નથી, કેમકે એ ભક્તોની પરમગતિ હું જ છું."

" જેઓ[1] ઘર, આગાર, પુત્ર, આપ્ત, પ્રાણ, વિત્ત, આ લોક પરલોક છોડી મારે શરણે આવ્યા, તેમને હું કેમ છોડું ? " " જેમ[2] સત્સ્ત્રીઓ સત્પતિને વશ કરે છે તેમ સમદૃષ્ટિવાન્ મારામાં સંબદ્ધ હૃદયવાન્ સાધુ પુરુષો ભક્તિથી મને વશ કરે છે. " " હે[3] દાનવપુત્રો, દ્વિજપણું, ઋષિપણું, સદાચાર, બહુ જાણવાપણું, દાન, તપ, યજ્ઞ, શૌચ, વ્રત, એ સર્વે મુકુંદ ભગવાનને વશ કરવાને બસ નથી. હરિ તો નિર્મલ ભક્તિથી જ પ્રસન્ન થાય છે, બીજું સર્વ તો દંભમાત્ર છે." " હું[4] એક ભક્તિમાત્રથી જ ગ્રાહ્ય છું " " ગજેંદ્રને ભગવાન્ ભક્તિથી જ પ્રસન્ન થયા હતા."[5] આવાં સર્વે વાક્યોથી સમજવું કે પુરુષોત્તમ તો માત્ર ભક્તિને જ અધીન છે; અને તેથી મંત્રોપાસનાધીન દેવતાથી ભિન્ન વિલક્ષણ છે.

શંકા—મંત્રના અધિષ્ઠાતા દેવતાનું ભજન પણ (તેમનાદ્વારા) વસ્તુતઃ પુરુષોત્તમનુંજ ભજન છે, માટે મંત્ર વગેરેને પણ પુરુષોત્તમનો સંબંધ થાય છે, તેથી તે પણ ભક્તિરૂપ જ સમજવાં.

ઉત્તર—અરેરે ! ધોળી માટીવાળું પાણી તે કુતરાને મન છાશ, તેવું તારૂં બોલવું છે.

શંકા—કેમ વારૂ ? મેં શું ખોટું કહ્યું ?

ઉત્તર—સાંભળ, શ્રીમદ્ભાગવતમાં એકાદશ સ્કંધમાં ઉદ્ધવે શ્રીકૃષ્ણને પ્રશ્ન કર્યો, ત્યારે શ્રીકૃષ્ણે પૂજામાર્ગનું નિરૂપણ કર્યું અને પછી "ભગવાનની[6] મૂર્તિની પ્રતિષ્ઠા કરવાથી ચક્રવર્તિ રાજ્ય, મંદિર બાંધવાથી ત્રણ ભુવનનું રાજ્ય, પૂજા વગેરે કરવાથી બ્રહ્મલોક અને એ ત્રણેથી એટલે પ્રતિષ્ઠા, મંદિર અને પૂજાથી મારા સરખા ઐશ્વર્યને પામે છે " એમ નિરૂપણ કર્યું, એમ એક એકનું જુદું ફલ અને ત્રણે સાથે કરવાનું જુદું ફલ નિરૂપણ કરીને કહ્યું કે " નિરપેક્ષ[7] ભક્તિયોગથી મને જ પામે છે, એ પ્રમાણે જે મારૂં પૂજન કરે

---

(१) ये दारागारपुत्राप्तप्राणान् वित्तमिमं परम् ।
हित्वा मां शरणं याताः कथं तांस्त्यक्तुमुत्सहे ॥ भा. ९-४ ६५

(२) मयि निर्बद्धहृदयाः साधवः समदर्शिनः ।
वशे कुर्वन्ति मां भक्त्या सत्स्त्रियः सत्पतिं यथा ॥ भा. ९-४-६६

(३) नालं द्विजत्वं देवत्वमृषित्वं वाऽसुरात्मजाः ।
प्रीणनाय मुकुन्दस्य न वृत्तं न बहुज्ञता ॥ भा. ७-७-५१
न दानं न तपो नेज्या न शौचं न व्रतानि च ।
प्रीयतेऽमलया भक्त्या हरिरन्यद्विडम्बनम् ॥ भा. ७-७-५१

(४) भक्त्याऽहमेकया ग्राह्यः ॥ भा. ११-१४-२१

(५) भक्त्या तुतोष भगवान् गजयूथपाय । भा. ८-९-९

(६) प्रतिष्ठया सार्वभौमं सद्मना भुवनत्रयम् ।
पूजादिना ब्रह्मलोकं त्रिभिर्मत्साम्यतामियात् ॥ भा. ११-२७-५२

(७) मामेव नैरपेक्ष्येण भक्तियोगेन विन्दति ।
भक्तियोगं स लभत एवं यः पूजयेत माम् ॥ भा. ११-२७-५३

તે ભક્તિને મેળવે છે." અહીં " મને જ " એમ નિશ્ચયાત્મક "જ" વાપરવાથી પ્રથમ જણાવેલી પૂજાના ફલથી ભિન્ન ભક્તિયોગનું ફલ સ્વપ્રાપ્તિ–પ્રભુપ્રાપ્તિ કહ્યું, તેથી ફલભેદથી પણ પૂજા અને ભક્તિના સ્વરૂપનો ભેદ સ્પષ્ટ માલૂમ પડે છે. તેમજ "મારું પૂજન કરે તે ભક્તિને મેળવે છે" એમ કહ્યું તેથી "પૂજા" સાધન, અને "ભક્તિ" તો ફલ એમ સિદ્ધ થાય છે, તેથી પૂજા વગેરે ભક્તિથી જુદી છે એમ સ્પષ્ટ થાય છે. ભગવત્સ્વરૂપથી ભિન્ન ફલ આપનાર કર્મ અથવા જ્ઞાનને ભક્તિ કહી શકાય નહિ. 'ભગવત્ સ્વરૂપની પ્રાપ્તિ' એ ફલ તો ભક્તિનું જ, અને ભક્તિનું એ વિના બીજું ફલ હોય નહિ. માટે પૂજાદિને ભક્તિ કહી શકાય નહિ, એ નિરૂપણ કરવાને માટે જ " મને જ " એમ ઉપર કહ્યું; એમ ન હોય તો પૂજાપ્રકરણમાં એના નિરૂપણની જરૂર ન હતી.

વળી ભક્તિસાધ્ય ફલ (ભગવત્સ્વરૂપપ્રાપ્તિ) બીજા કશાથી, કર્મ, મંત્ર, પૂજા, જ્ઞાન વગેરેથી સિદ્ધ થતું નથી, અને એ કર્મ વગેરેનું ફલ તો ભક્તિ કરતાં કરતાં વચમાંજ પ્રાપ્ત થઈ જાય છે, તેની સાબિતીમાં કહ્યું છે કે "જે કાંઈ કર્મથી,[1] તપથી, જ્ઞાનવૈરાગ્યથી યોગથી, દાનધર્મથી અને બીજા એવા કર્મોથી પ્રાપ્ત થાય છે તે સર્વ મારા ભક્તિયોગથી મારો ભક્ત શીઘ્ર પ્રાપ્ત કરે છે" એથી એમ પણ સૂચિત થાય છે કે ભક્તિનો કલ્પતરૂ જેવો સ્વભાવ છે. આગળ "સ્વર્ગ[2], મોક્ષ, મારું અક્ષરધામ વગેરે જેની ઇચ્છા હોય તે પ્રાપ્ત કરે છે" એમ કહેવાથી પણ એજ સૂચિત થાય છે કે ભક્તિનો સ્વભાવ કલ્પતરૂ જેવો છે. આ સર્વ કહેવાથી એમ પ્રાપ્ત થયું કે ભક્તિ જ કરવી, બીજું કશું કરવાની જરૂર નથી.

"દાન,[3] વ્રત, તપ, હોમ, જપ, સ્વાધ્યાય, સંયમ, અને એવા બીજા વિવિધ પ્રકારના શુભ કર્મોથી કૃષ્ણમાં ભક્તિ સાધ્ય થાય છે" એ વાક્યથી એમ સાબિત થાય છે કે મંત્ર, જપ વગેરેને ભક્તિ ન કહેવાય. ભગવત્પ્રાપ્તિને અર્થે કરેલી ભગવત્પૂજા ભક્તિ કહેવાય કે નહિ એ શંકાનો નિરાસ કરવાને માટે ઉપલા જ વાક્યમાં એવી ભગવત્પૂજાને ભક્તિનું સાધન કહ્યું. માટે લોકમાં અથવા શાસ્ત્રમાં કોઈક જગ્યાએ એવી સાધનરૂપ પૂજાને માટે ભક્તિ શબ્દ વાપર્યો હોય તો તે ઔપચારિક સમજવો. "એ પ્રમાણે જે મને પૂજે તેને ભક્તિયોગ પ્રાપ્ત થાય છે" એ વાક્યમાં "મને પૂજે" એ શબ્દોથી પૂજાનો વિષય પણ પુરુષોત્તમ છે એમ ન કહેવું, વિભૂતિ પણ ભગવદ્રૂપ છે તેથી વિભૂતિની પૂજા પણ "મારી પૂજા" એમ કહ્યું, તેથી અહીં "મામ્–મને" એ શબ્દ વિભૂતિપરત્વે સમજવો. પુરુષોત્તમપરત્વે લેવામાં જે બાધ આવે છે તે મંત્રશાસ્ત્રના પ્રકરણમાં કહી ગયા છીએ. અથવા અન્તઃકરણની અપેક્ષા વિના ભગવદ્ભાવના કરી હોય તો અંતઃકરણમાં તથા પૂજામૂર્તિમાં પુરુષોત્તમનો આવેશ પણ થાય એમ પણ "મામ્ મને" શબ્દથી સમજવું, એમ હોવાથી જ એવી ભાવના હોય તો જ પૂજાનું ભક્તિરૂપ ફલ પ્રાપ્ત થાય છે.

---

(१) यत्कर्मभिर्यत्तपसा ज्ञानवैराग्यतश्च यत् ।
योगेन दानधर्मेण श्रेयोभिरितरैरपि ॥
सर्वं मद्भक्तियोगेन मद्भक्तो लभतेऽञ्जसा ॥ भा. ११–२१–३२

(२) स्वर्गापवर्गं मद्धाम कथञ्चिद्यदि वाञ्छति । भा. ११–२१–३२

(३) दानव्रततपोहोमजपस्वाध्यायसंयमैः ।
श्रेयोभिर्विविधैश्चान्यैः कृष्णे भक्तिर्हि साध्यते ॥

सत्संगनिर्णय[1].

કૃપાપીયૂષપારાવર શ્રીહરિરાયપ્રભુએ અંગીકૃત જીવો ઉપર દયા વિચારીને સાંપ્રદાયિક નિગૂઢ મર્મોને સ્પષ્ટ અને સરલ ભાષામાં નિરૂપણ કરનાર અનેક ગ્રન્થો પ્રકટ કર્યા છે; એ અનુભવીઓને વિદિત જ છે. અત્યાર સુધીમાં તેઓશ્રીના લગભગ સવા સો નાના મોટા ગ્રન્થો પ્રકટ થઇ ગયા છે; પરંતુ અપ્રસિદ્ધ સાહિત્ય તરફ જ્યારે દૃષ્ટિ કરવામાં આવે છે ત્યારે જણાયા વિના નથી રહેતું કે પ્રસિદ્ધિમાં આવેલું સાહિત્ય તો માત્ર એક ચતુર્થ ભાગ જ છે. તેઓશ્રીના ગ્રન્થોનો પરિચય કરાવવો અને તેને માટે પ્રશંસા કરવી એ કાર્ય જીવસામર્થ્યની સીમાથી દૂર છે એટલે તે વિષે મૌન જ ઉચિત માનીને તેઓના વચનામૃતનું પાન ભગવદીયો કરે એટલી વિનતિ કરું છું.

यथा जलं तु भूस्थं सर्वत्रैव च तिष्ठति ॥
अत एव प्रयत्नेन लभ्यते खननादिना ॥१॥
प्रयत्ने तारतम्यं च दृश्यते भूमिभेदतः ॥
क्वचिच्छीघ्रं प्रकट्यति क्वचित् कालेन भूरिणा ॥२॥
यत्नेन कूपवाप्यादितडागादिषु लभ्यते ॥
क्वचित्तु यत्नविरहेऽप्यस्ति नद्यादिषु स्वतः ॥३॥
उभयत्रापि यस्त्यक्त्वा सर्वं तत्रैव तिष्ठति ॥
तस्य तत्सुलभं तत्र कूपे कश्चित् श्रमोऽपि हि ॥४॥
नद्यादिषु स्वतः पानमश्रमेणैव जायते ॥
यो न तिष्ठति तद्देशे परित्यज्य गृहादिकम् ॥५॥
भवेत्तदुपयोगाय घटादिस्थितमेव हि ॥
तत आनीतमप्येतद्योग्ये पात्रे च तिष्ठति ॥६॥
तत एव समस्तानामुपयोगः प्रसिध्यति ॥

ભાવાર્થ:—જે વિષયનું આ ગ્રન્થમાં પ્રતિપાદન કરવાનું છે, તે વિષયને સ્પષ્ટ રીતે સમજાવવા માટે આપેલાં જલનાં ઉદાહરણને ૬॥ શ્લોકથી વિસ્તારપૂર્વક ગ્રન્થકર્તા વિવેચન કરે છે. પ્રથમ દૃષ્ટાંતના સર્વ અંશો બતાવીને પછીથી પ્રસ્તુત વિષયનું તેની સાથે સામ્ય નિર્દેશીને સ્પષ્ટીકરણ કરવામાં આવશે.

---

[1] શ્રીહરિરાયપ્રભુચરણના કેટલાક અપ્રસિદ્ધ ગ્રન્થો મારા ભગવદ્ધર્મપરાયણ એક મિત્ર પાસે દૃષ્ટિગોચર થયા અને તે ઘણા જ ઉપયોગી હોવાથી તેનો ગુર્જરગિરાનુવાદ કરીને અત્ર આપવામાં આવે છે.

ઉદાહરણ.

જળ સર્વ [1]સ્થળે પ્રસરેલું છે અને સર્વ સ્થળે રહે છે. એથી જ ખનન (ખોદવું) વગેરે પ્રયત્નવડે પ્રાપ્ત થાય છે. જળને મેળવવા માટે કરવામાં આવતા પ્રયાસમાં કેટલીક વિલક્ષણતા રહેલી જોવામાં આવે છે, તે પૃથ્વીના ભેદથી. અર્થાત્ કઠિન અને પોચી જમીનના પ્રમાણમાં ખોદવાનો પ્રયાસ વધારે અને થોડો અનુભવાય છે. કોઈ ઠેકાણે થોડાજ પ્રયત્નથી—જલદી જળ પ્રાપ્ત થાય છે. કોઈ ઠેકાણે ઘણો સમય વીત્યા પછી જળ પ્રકટ થાય છે. થોડા પ્રયાસથી અર્થાત્ અંતરથી બહાર કાઢવા જેટલા જ યત્નથી કૂવા, વાવ, તળાવ વગેરેમાંથી જળ મળી શકે છે. કોઇ ઠેકાણે તો મહેનત વિના જ સ્વતઃ જળ મળી શકે છે, જેમ કે નદી વગેરેમાં. કૂપ અને વાવ વગેરેમાં પ્રયત્ન—વધારે મહેનત છે, તળાવ વગેરેમાં યત્ન—થોડો શ્રમ છે; તે બન્નેને છોડીને જે નિરંતર નદી વગેરેના સમીપમાં જ રહે તેને વિના શ્રમે જળ મળે અને ઘણુંજ સુલભ થઇ પડે. કૂવામાંથી જળ પ્રાપ્ત કરવામાં કંઇક શ્રમ પણ છે, પરંતુ નદી વગેરેમાંથી તો પરિશ્રમ વિનાજ સ્વતઃ જલપાન થઇ શકે છે. જે પુરુષો ગૃહ વિગેરેનો ત્યાગ કરીને શ્રમ વિના જળ પ્રાપ્ત કરી શકે તેવા દેશમાં નથી રહેતા, તેઓના ઉપયોગમાં ઘટાદિકમાં રહેલું જળ આવે છે, તે પણ શ્રમ વિના જ. જો કે તે જળ નદી વગેરેમાંથી લાવવામાં આવ્યું છે, પરંતુ તે યોગ્ય—શુદ્ધ પાત્રમાં હોય તો જ તે ખપમાં આવે છે. એથી જ સમસ્ત જળનો ઉપયોગ સિદ્ધ થાય છે.

तथा ब्रह्म व्यापकत्वात्सर्वत्रैव हि तिष्ठति ॥७॥
ज्ञानिनां यत् प्रयत्नेन प्रकटीभवति स्वतः
सुदेशे च तथा काले सत्यादावल्पयत्नतः ॥८॥
अन्यथा भूयसा काले श्रमेणाविर्भवेत् पुनः ॥

ભાવાર્થ:—તેવી જ રીતે બ્રહ્મ પણ વ્યાપક હોવાથી બધે ઠેકાણે રહે છે. જેમ જળ સર્વ સ્થળે રહે છે, તેમ બ્રહ્મ પણ સર્વત્ર વ્યાપક છે. ઘણો પ્રયાસ કરવાથી જેમ જળ પ્રકટ થાય છે; તેમ ઘણો યત્ન કર્યા પછી જ્ઞાનીઓ સમક્ષ તે બ્રહ્મ સ્વતઃ પ્રકટ થાય છે. કઠિન અને પોચી પૃથ્વીના પ્રમાણમાં વધતો ઓછો પરિશ્રમ જળને માટે કરવો પડે છે; તેમ જ બ્રહ્મને માટે પણ સારો દેશ અને સત્યયુગ વગેરે સારો સમય હોય તો થોડો પ્રયાસ વેઠવો પડે છે; અને દેશકાળ સારા ન હોય તો ઘણો કાળ વીતે છે અને શ્રમ પણ ઘણો જ નડે છે; ત્યાર પછી જ તે બ્રહ્મ પ્રકટ થતું જણાય છે.

भक्तानां स्वेच्छया कृष्णो यशोदादिषु नृरूपगतः ॥९॥
ततो भावनानयनं न प्रयत्नोऽस्ति कश्चन ॥
तथापि ये त्यक्तगृहास्तेषां तिष्ठति सन्निधौ ॥१०॥

ભાવાર્થ:—કૂપ વગેરેનાં જળની પેઠે જ્ઞાનીઓને બ્રહ્મ અત્યંત પ્રયત્નથી મળે છે, એમ

---

[1] જળ પંચમહાભૂતોમાંનું એક મહાભૂત હોવાથી સર્વ સ્થળે વ્યાપ્ત છે. વાયુ, પૃથ્વી વગેરે જેમ વ્યાપ્ત છે, તેમ જળ પણ કોઇ સ્થળે સ્થૂળરૂપે તો કોઇ સ્થળે પરમાણુરૂપે વ્યાપ્ત છે.

સિદ્ધ થયું. હવે ભક્તોને માટે નદી જલવત્ સ્વેચ્છાથી જ શ્રી મથુરાધીશજી વગેરે ગજરત્નાઓમાં પ્રકટ થાય છે, એમ નિરૂપણ કરે છે. જેમ નદીનું જલ સ્વતઃ છે, તેમ ભક્તોના ઉદ્ધાર માટે પ્રભુ પોતાનીજ ઇચ્છાથી શ્રી મથુરાધીશજી વગેરેમાં ભાવરૂપે પ્રાદુર્ભાવ પામે છે. તે પ્રકટ થયેલા પ્રભુને હૃદયમાં અથવા બહાર પધરાવવા તે પણ ભાવથી જ; તેમાં કોઈ જાતની પ્રયત્ન નથી. જેમ નદીનું જલ લેવામાં કૂવા વગેરે બીજા જલાશયો જેટલો પરિશ્રમ નથી; તેમ જ નિજાનંદદાનાર્થ પ્રકટ થયેલા પ્રભુને ભાવથી જ હૃદયમાં અથવા બહાર પધરાવતાં થોડો પણ પરિશ્રમ લાગતો નથી. તેમાં પણ જે લોકો ગૃહનો ત્યાગ કરીને નદીના સમીપમાં વસે છે, તેઓને જેમ જલ સુપ્રાપ્ય છે, તેમ જેઓ ગૃહાદિકનો ત્યાગ કરીને અવ્યાવૃત્ત થઈને રહેલા છે, તેઓના તો એ ભાવાત્મક પ્રભુ સન્નિધાનમાં જ રહે છે.

ज्ञानिनां व्यापकत्वेन हृदयस्थो बहिर्नहि ॥
अतो ध्यानादिना कश्चित् श्रमस्तत्र न विद्यते ॥ ११ ॥
भक्तानां भावरूपेण बहिरन्तश्च विप्रुषि ॥
अतो न तेषां ध्यानादिश्रमः कश्चिदपेक्षितः ॥ १२ ॥

ભાવાર્થઃ—બ્રહ્મ સર્વત્ર વ્યાપક છે એમ માનીને જ્ઞાની લોકો અનેક સાધનો કરીને તેને પ્રાપ્ત કરે છે; પરંતુ વ્યાપકરૂપ ભાવનાથી પ્રભુ તેના હૃદયમાં પધારે છે, પણ બહાર પધારતા નથી. હૃદયમાં તો સર્વ સાક્ષી રૂપે બિરાજતા જ હોવાથી જ્ઞાની લોકોને બહુ શ્રમ કરવો પડતો નથી, અર્થાત્ ધ્યાનધારણાદિથી બહુ શ્રમની જરૂર તેઓને નથી, કેમ કે તેઓ જ્ઞાની થઈ ગયેલા છે. ભક્તોના પ્રભુ તો ભાવરૂપ હોવાથી ભાવસ્વરૂપે અંદર અને બહાર બિરાજે છે. એટલે ભક્તોને પણ ધ્યાન વગેરે કરવાનો કોઈ પણ શ્રમ નથી.

अव्यक्तभावना ये तु ज्ञानिनस्ते तु दूरगाः ॥
तेषां चेत् कश्चिदागत्य पाययेत् प्राप्यते तदा ॥ १३ ॥
अतस्तेषामन्यजीवाधीनता सर्वदैव हि ॥

ભાવાર્થઃ—વ્યાપક અને હૃદયમાં રહેલા પ્રભુને ન ઓળખતાં અવ્યક્તની ભાવના જે જ્ઞાનીઓ કરે છે, તે દૂર જનારા છે, અર્થાત્ સમીપમાં રહેલા સુપ્રાપ્ય નદીજલને ત્યજીને દૂર રહેનારા છે. તેઓને કોઈ જલ લઈ જઈને પાય તો જ તેઓ જલ પ્રાપ્ત કરી શકે, નહિ તો નહિ. अव्यक्तं व्यक्तिमापन्नं, अव्यक्ता हि गतिर्दुःखं ઇત્યાદિ ભગવદ્વાક્યાનુસાર અવ્યક્તની ભાવનાવાળાઓને દુઃખ જ પ્રાપ્ત થાય છે, કોઈ તેઓને જ્ઞાન આપનાર મળે તો જ તેઓ ઠેકાણે આવે. એ કારણથી તેઓ નિરંતર બીજા જીવોને આધીન બનીને રહેલા હોય છે.

गृहस्थितास्तु ये भक्तास्तेषां सान्निध्यदूषणात् ॥ १४ ॥
अतो हरिर्येषु सिद्धयोग्येषु स्वजनेषु हि ॥
तत्सान्निध्ये सदा कृष्णः स्वोपभोगाय जायते ॥१५॥

कृष्णाश्रयेव दुःखित्वं तृषयेव तृषावताम् ॥
अन्यथान्तः सदा येषु पूर्णः कृष्णो विराजते ॥१६॥
गुणैः सेवादिभिस्तेषां सतां सततसन्निधौ ॥
स्वोपभोगाय कृष्णः स्याद्दरास्यविवरोद्गतः ॥१७॥

ભાવાર્થ:—ગૃહ ત્યાગ કરીને નદીના સમીપમાં સ્થિતિ કરવાથી જેમ જલ સુલભ છે, તેમ ગૃહાદિનો ત્યાગ કરનારના સમીપમાં જ પ્રભુ બિરાજે છે, એમ નિરૂપણ કર્યું. હવે જેઓ ગૃહમાં જ રહે છે તેઓને ઉપદેશે છે. ગૃહમાં રહેનારા ભક્તોને સન્નિધિમાં-સમીપમાં રહેનારાઓના દોષ જલદી લાગે છે; તેથી તેઓએ જેમાં પ્રભુ રહેતા હોય, જેમના નેત્રમાં ગિરવરધરણ જાગતા હોય તેવા યોગ્ય સ્વજનોમાં, પોતાના જનોમાં રહેવું. એવા ભગવદીય સ્વજનોમાં રહેવા પ્રભુનો ઉપભોગ, અર્થાત્ પ્રભુના સ્વરૂપામૃતનું પાન એ ભગવદીયોના સન્નિધાનમાં રહેવાથી નિરંતર કરી શકાય છે. જેમ શુદ્ધ પંચાદિ પાત્રોમાં ભરી રાખેલું જલ પોતાના ઉપયોગમાં આવે છે, તેમ ભગવદીયોમાં બિરાજતા પ્રભુનો સ્વરૂપાનંદ તેમના સમીપમાં રહેવાથી પ્રાપ્ત થાય છે. ગૃહમાં એવી રીતે નિવાસ કરતાં દુઃખ પ્રાપ્ત થાય તે પણ પ્રભુની આજ્ઞાથી જ, જેમ તૃષાવાળાઓને તૃષાથી દુઃખ થાય છે; તેમ પ્રભુની લગન જેને લાગી છે, તેને દુઃખ પ્રાપ્ત થાય છે, તે પ્રભુ ક્યારે મળે એવી આશાથી થાય છે. આ સમય ક્યારે પ્રાપ્ત થાય છે કે જ્યારે ગૃહમાં ઉપર જણાવેલા ભગવદીય સ્વજનો ન મળે ત્યારે, જેમ કે ગૃહમાં જલ ન હોય અને તૃષા તો લાગી હોય અને પછી જેમ દુઃખ પ્રાપ્ત થાય છે, તેમ ભગવત્સ્વરૂપાનંદનું પાન કરવાને જીવ તલસી રહ્યો હોય અને પ્રભુના સ્વરૂપામૃતનું પાન કરાવી શકે એવા યોગ્ય સ્વજન ન મળે ત્યારે ગૃહમાં સ્થિતિ કરતાં આવી રીતે દુઃખ પ્રાપ્ત થાય છે, માટે બીજો માર્ગ પ્રભુ ઉપદેશે છે. આવું દુઃખ અનુભવી શકતા ન હોય તેઓએ ભગવદીયોની સેવા કરવી. ભગવદીયો કેવા હોવા જોઈએ? ભગવદીયો એવા હોવા જોઈએ કે જેઓમાં પૂર્ણ પુરુષોત્તમ સદાનંદ પ્રભુ બિરાજતા હોય, તેવા ભગવદીયોના સમીપમાં નિરંતર રહેવાથી અને સેવા વગેરે ગુણોથી તે ભગવદીયોના મુખારવિંદમાં પ્રકટ થતા પ્રભુના સ્વરૂપાનંદનો અનુભવ કરી શકાય. તેવા ભગવદીયોના મુખમાંથી પર્વતની ગુફાઓમાંથી જેમ શીતલ જલ જ નિરંતર ઝર્યા કરે છે; અને તૃષાતુરોની તૃષાને, તાપથી તપેલાઓના તાપને બુઝાવે છે, તેમ જ ભગવત્સ્વરૂપામૃતનો અખંડ ઝરો તે ભગવદીયોના મુખમાંથી નિઃસરે છે અને પ્રભુને ભજવા ઇચ્છનારાઓના મનોરથો પૂર્ણ કરે છે.

तस्माद्भक्तियुतैर्भक्तिसाधकैस्तु गृहस्थितैः ॥
तादृक्तत्सङ्गसंसक्तैः सदा स्थेयं यतो हरिः ॥१८॥
भक्तसेवानुभूतस्तु नान्यथा सर्वथा भवेत् ॥

ભાવાર્થ:—ઉપર કહેલાં કારણોથી ભક્તિથી યુક્ત અને ભક્તિના સાધકોએ ગૃહમાં રહીને તેવા ભગવદીયોના જ સંગમાં સક્ત રહેવું. એવા માર્ગમાં પ્રવેશ કરેલા ભગવદીયોએ અને સેવા સિદ્ધ કરવાને ઇચ્છા રાખનારાઓએ ઉપર જણાવેલા મહાનુભાવી ભગવદીયોનો જ

સત્સંગ કરવો; નિરંતર તેમની પરિચર્યા કરતાં કરતાં તેમની જ પાસે રહેવું. એમ કરવાથી પ્રભુનો અનુભવ થાય છે, અન્યથા ન કોઈ પણ ઉપાય કરવાથી ભગવદનુભવ તો ન જ થાય.

भक्तिमार्गपरित्यागं भावेन विरहात्मकम् ॥ १९ ॥
कृत्वा येऽवस्थितास्तेषां जीवदेहेन्द्रियादिषु ॥
प्रविष्टो भगवानेव भावेन विरहात्मकः ॥ २० ॥
कोशवच्छरीरादि प्रतिमेव हरिः स्वयम् ॥
अतस्ते भगवद्रूपास्तेषां सङ्गो ह्यपेक्षितः ॥ २१ ॥

ભાવાર્થ:—દૂર જનારા જ્ઞાનીઓને એ દોષ પ્રાપ્ત થતો હતો કે તેઓને કોઈ આવીને જળ પીવરાવી જાય અર્થાત્ કોઈ આવીને તેને સત્ય જ્ઞાન આપે તો જ તેઓનું કલ્યાણ થાય, માટે તેઓ બીજા જીવોને આધીન બને છે. આ જ દોષ ભક્તિમાર્ગમાં પ્રાપ્ત થાય છે, કેમકે તેમાં પણ સત્પુરુષોના સંગનો ઉપદેશ કરવામાં આવ્યો છે અને સત્સંગ વિના કોઈ પણ ઉપાયથી ભક્તિ સિદ્ધ થતી નથી, એમ વારે વારે કહેવામાં આવ્યું છે, ત્યારે સત્પુરુષો—ભગવદીયો પણ જીવરૂપ હોવાથી તેઓનો સંગ કરવાની અત્યંત આવશ્યકતા હોવાથી ભક્તિમાર્ગીયને પણ બીજા જીવોને આધીન બનવાનો પ્રસંગ આવ્યો; આ સંશયને મનમાં ધરીને તેનું સમાધાન કરે છે કે:—

ભક્તિમાર્ગીય સંન્યાસ લેનારા ભગવદીયો ભગવદ્રૂપ જ છે. ભક્તિમાર્ગીય સંન્યાસ ભાવવડે લઈ શકાય છે. તે વિરહાત્મક છે. हा नाथ रमण प्रेष्ठ क्वासि क्वासि महाभुज એ દસ પ્રકરણોક્ત સંન્યાસ, પ્રભુના મહા વિપ્રયોગનો અખંડ અનુભવ પ્રાપ્ત થાય ત્યારે ભક્તિમાર્ગીય સંન્યાસ થયો કહેવાય. તેવો સંન્યાસ સ્વીકારીને જેઓ રહેલા છે; તેઓના જીવ-દેહ, ઇન્દ્રિય વગેરેમાં સાક્ષાત્ વિરહવડવાનલરૂપ ભાવવડે પ્રભુ પ્રવેશ કરે છે. પ્રભુ રસરૂપ હોવાથી શૃંગાર પણ સંયોગ વિપ્રયોગરૂપ દ્વિદલાત્મક,[1] હોવાથી રસાત્મક પ્રભુ ભક્તના દેહેન્દ્રિયાદિમાં પ્રવેશે છે. ભક્તનાં શરીર વગેરે તો તરવારની મ્યાન જેવાં જ છે. જેમ પ્રભુ સાક્ષાત્ પ્રતિમામાં સદ્રૂપ મૂર્તિમાં પ્રવેશ કરે છે અને તે સ્વસ્વરૂપ જ અનુભવાય છે, તેમ જ વિરહાત્મક પ્રભુ જ્યારે દેહેન્દ્રિયાદિકમાં પ્રવેશ કરે છે, ત્યારે ભક્તો ભગવદ્રૂપ થઈ જાય છે, માટે તેઓનો સંગ તો અવશ્ય કરવો અને તેમના આશ્રયથી જીવને આધીન બનવાનો દોષ નથી.

इति श्रीवल्लभाचार्यकृपामात्राभिकांक्षिणा ॥
हरिदासेन विहितो मुदा सत्संगनिर्णयः ॥२२॥

શ્રીવલ્લભાધીશ્વરની કૃપામાત્રની અભિલાષા ધરાવનારા શ્રીહરિદાસપ્રભુવર્યે આ સત્સંગનિર્ણય આનંદવડે રચ્યો છે. શ્રીકૃષ્ણાર્પણમસ્તુ.

---

[1] આ વિષે વધારે જાણવાની ઇચ્છા રાખનારાઓએ શ્રીમત્પ્રભુચરણનો [illegible] વાંચવો.

શ્રીમદ્વલ્લભાચાર્યની જન્મપત્રિકા.

શ્રીમદ્વલ્લભાચાર્યચરણની જન્મપત્રિકા બૃહત્સ્તોત્રસરિત્સાગરના દ્વિતીય ભાગમાં શ્રીમદાચાર્યચરણ વિરચિત ગ્રંથો પછી ૧૪૮ પૃષ્ઠે આપેલી છે. આ જન્મપત્રિકામાં શ્રીમદાચાર્યચરણનું પ્રાકટ્ય સંવત્ ૧૫૩૫ (તજના) શાકે ૧૪૦૦ ના વૈશાખ (ગુજરાતી ચૈત્ર) વદ ૧૧ રવિવારના રોજ ધનિષ્ઠા નક્ષત્રમાં સૂર્યાસ્ત પછી રાત્રિની ઘડી ૬ પળ ૪૪ સમયે થયેલું છે એમ કહ્યું છે, અને કુંડલિ આપેલી છે. શ્રીમદાચાર્યચરણના પૌત્ર શ્રીગોકુલનાથના અનન્ય ભક્ત કલ્યાણભટ્ટે રચેલા કલ્લોલ ગ્રંથમાં શ્રીમદાચાર્યચરણનું પ્રાકટ્ય સંવત્ ૧૫૨૯ ના વૈશાખ વદ ૧૧ ના રોજ થયું એમ કહેલું છે. તેથી શ્રીમદાચાર્યચરણનું પ્રાકટ્ય સંવત્ ૧૫૩૫ માં થયું કે ૧૫૨૯ માં એ સંશય રહે છે.

થોડા સમય ઉપર મેં ભક્તિપ્રકરણ પ્રસિદ્ધ કરેલું છે તેના ઉપોદ્ઘાતમાં શ્રીમદાચાર્યચરણના પ્રાકટ્યસમય સંબંધી લેખ લખેલો છે. આ લેખમાં ૧૫૨૯ અને ૧૫૩૫ ના વૈશાખ (ગુજરાતી ચૈત્ર) વદ ૧૧ ના રોજની સૂર્યોદય પછી ૭ ઘડી ૪૦ પળની કુંડલિઓ આપેલી છે, પરંતુ તે કુંડલિઓ કેવી રીતે આવી તે દેખાડ્યું નથી. મારા કેટલાક મિત્રોની એવી ઇચ્છા છે કે આ પ્રશ્ન ગંભીર હોવાથી ગણિતનો ભાગ પણ મારે આપવો અને ગ્રહોની ગણત્રી પણ સર્વ સમજી શકે તેવી રીતે આપી કુંડલિ વિષે નિર્ણય કરવો. તેથી આ લેખમાં ગ્રહલાઘવના આધારે આ બે વર્ષના ગુજરાતી ચૈત્ર વદ ૧૧ ના રોજના ગ્રહ ગણી શ્રીમદાચાર્યચરણના પ્રાકટ્ય સમય વિષે નિર્ણય કરવાનો પ્રયાસ કરવામાં આવશે.

ભક્તિપ્રકરણના ઉપોદ્ઘાતમાં મેં ૭ ઘડી ૪૦ પળ સગુણદાસના કીર્તનના આધારે લીધેલા છે, અને સગુણદાસ શ્રીમદાચાર્યચરણના સેવક હતા એમ લખેલું છે. કીર્તનનો મને પરિચય નહિ હોવાથી મારા એક મિત્રના લખવા પ્રમાણે મેં એ હકીકત આપી છે, પરંતુ હાલમાં મને જણાવવામાં આવે છે કે સગુણદાસ શ્રીમદાચાર્યચરણના સેવક ન હતા, પરંતુ શ્રીમદ્વિઠ્ઠલનાથ પ્રભુચરણના સેવક હતા, અને તેમણે સૂર્યોદય પછી ૭ ઘડી અને ૪૦ પળ સમય કહેલો નથી પરંતુ રાત્રિના ૭ ઘડી અને ૪૦ પળ કહેલો છે. આ મારી ભૂલ માટે મને ખરેખર શોચ થાય છે, પરંતુ તે ભૂલ મહત્વની નથી. ગ્રહોની ગણત્રિ ફરશે નહિ, પરંતુ કુંડલિઓમાં માત્ર લગ્ન ફરશે.

સગુણદાસ રાત્રિની ૭ ઘડી અને ૪૦ પળ પ્રાકટ્ય સમય કહે છે. પરંતુ માણેકચંદભાઈ "માધવમાસ કૃષ્ણપક્ષ શુભતમ ઉદિત એકાદશી દૂસરો યામ" કહે છે. તેથી સૂર્યોદય પછી બીજા યામમાં પ્રાકટ્ય થયું એમ માણેકચંદભાઈના કહેવાનો ભાવાર્થ જણાય છે. પ્રસિદ્ધ થયેલી કુંડલિમાં રાત્રિની ૬ ઘડી અને ૪૪ પળ પ્રાકટ્યસમય આપેલો છે. પ્રાકટ્યસમય સત્ય પ્રાપ્ત થાય એ સર્વ વૈષ્ણવ વર્ગની અભિલાષા હોય એ સ્વાભાવિક જ છે. અમને પણ કોઈ પક્ષનો આગ્રહ નથી, પરંતુ શ્રીમદાચાર્યચરણના પ્રાકટ્યનો યથાર્થ સમય જણાય તેવી ઇચ્છાથી આ લેખ લખવામાં આવે છે. તેમાં ગ્રહલાઘવના આધારથી ગ્રહોની ગણત્રી કરીશું. સામાન્યરીતે જન્મપત્રિકા પ્રસિદ્ધ થયેલી છે તે ઉપર આધાર રાખવો એવી સહજ ઇચ્છા થાય, તેથી પ્રથમ એ પ્રસિદ્ધ થયેલી જન્મપત્રિકાનો જ પ્રાકટ્યસમય લઈ તેમાં આપેલા ગ્રહ ખોટા છે અને એ જન્મપત્રિકા ઉપર કોઈ પણ વિશ્વાસ રાખી શકાય તેમ નથી એમ સિદ્ધ કરીશું. પછી ૧૫૨૯ તથા ૧૫૩૫ ના ગ્રહ કરી એક શ્રીમદાચાર્યચરણના પ્રાકટ્યસમય વિષે વિચાર કરીશું. આ લેખમાં કોઈ વૈષ્ણવને કોઈસ્થલે કાંઈ શંકા થાય અથવા વક્તવ્ય હોય તો તે લખી જણા-

ત્યાથી પુષ્ટિભક્તિસુધામાંજ તેનો યોગ્ય ઉત્તર મારી અલ્પ બુદ્ધિને અનુસરી આપીશ, અને જે મારી ભૂલ દેખાડવામાં આવશે તો કોઈપણ પક્ષનો આગ્રહ નહિ હોવાથી આભાર સાથે કબુલ કરી સુધારવામાં આવશે. સર્વ વૈષ્ણવ વર્ગને શ્રીમદાચાર્યચરણના પ્રાકટ્યસમયનો નિર્ણય થાય એવી ઇચ્છા હોયજ. તેથી ખંતથી આ લેખ વાંચી જે કાંઇ વક્તવ્ય હોય તે લખી જણાવવા સર્વને પ્રાર્થના છે.

પ્રાસ્તાવિક.

સૂર્ય, ચંદ્ર, ભોમ, બુધ, ગુરૂ, શુક્ર, શનિ, રાહુ અને કેતુ એ ગ્રહો કુંડળિમાં મૂકેલા જોવામાં આવે છે. ગ્રહો આકાશમાં ફરે છે. આ આકાશને "ચક્ર" અથવા "ભચક્ર" કહે છે. આ ચક્રના ૧૨ સરખા ભાગ કરેલા છે. આ દરેક ભાગને "રાશિ" કહે છે. દરેકના રાશિના ૩૦ સરખા ભાગ કરેલા છે, એ દરેક ભાગને "અંશ" કહે છે. દરેક અંશની ૬૦ કલા, અને દરેક કલાની ૬૦ વિકલા થાય છે. ગ્રહો આકાશના અંશમાં ભચક્રના ક્યા ભાગમાં છે તે આ વિભાગ ઉપરથી જણાય છે.

બાર રાશિઓના નામ અનુક્રમે નીચે પ્રમાણે:—

૧ મેષ ૨ વૃષભ, ૩ મિથુન, ૪ કર્ક, ૫ સિંહ, ૬ કન્યા, ૭ તુલા, ૮ વૃશ્ચિક ૯ ધન, ૧૦ મકર, ૧૧ કુંભ, ૧૨ મીન,

ભચક્ર.


ઉત્તર
૯
ધન
મકર
૮
૧૦
વૃશ્ચિક
કુંભ
૭
૧૧
તુલા
અ
મીન
પશ્ચિમ ૬
૧૨ પૂર્વ
કન્યા
ક
મેષ
૫
૧
સિંહ
વૃષભ
કર્ક
મિથુન
૪
૨
૩
દક્ષિણ

વિશેષ સરલતા માટે ભચક્ર ઉપર આપવામાં આવ્યું છે. મીન રાશિના અંત અને મેષ રાશિના પ્રારંભ પાસે '૦' મૂકેલું છે, કારણ કે ગ્રહ વિગેરે ભચક્રમાં રહેલા સર્વની સ્થિતિ તેઓ આ સ્થલેથી જેટલે દૂર હોય તે ઉપરથી કહેવાનો રીવાજ છે. જેમકે મેષ રાશિના ૨૪ અંશ, ૩ કલા અને ૫ વિકલા ઉપર અમુક ગ્રહ છે તો તે ગ્રહની સ્થિતિ " ૦–૨૪–૩–૫ " કહેવાય છે. આ ગ્રહ ચક્રમાં "ક" નિશાને મેષ રાશિમાં છે. તેજ પ્રમાણે કોઈ ગ્રહ " ૬–૯–૨૫–૩૫ " નો છે એમ કહે તો તે ગ્રહ "૦" ચિન્હથી ૬ રાશિ ૯ અંશ, ૨૫ કલા અને ૩૫ વિકલા દૂર છે એટલે તુલા રાશિમાં " ખ " ચિન્હ પાસે છે એમ સમજવું.

ભચક્રની ૧૨ રાશિ, અને દરેક રાશિના ૩૦ અંશ છે, એટલે દરેક ગોળમાં ચાર કાટખૂણા અને ૩૬૦ અંશ હોય છે, તેમ ભચક્રમાં પણ ૧૨×૩૦=૩૬૦ અંશ થયા.

ભચક્રના ૧૨ સરખા ભાગ કરી, દરેક ભાગને રાશિ કહી, તેજ પ્રમાણે પુનઃ તે ચક્રના ૨૭ સરખા ભાગ કરી, દરેક ભાગને નક્ષત્ર કહે છે. ૧૨ રાશિના ૨૭ નક્ષત્ર હોવાથી દરેક રાશિ ૨। નક્ષત્રની થઈ, ભચક્રના ૩૬૦ અંશના ૨૭ નક્ષત્ર હોવાથી દરેક નક્ષત્ર $\frac{૩૬૦}{૨૭}=\frac{૪૦}{૩}=૧૩\frac{૧}{૩}$ અંશનું થયું. મેષ રાશિનો પ્રારંભ જ્યાં "૦" મૂકેલ છે ત્યાંથી આરંભી

૨૭ નક્ષત્ર નીચે પ્રમાણે.

૧ અશ્વિની, ૨ ભરણી, ૩ કૃત્તિકા, ૪ રોહિણી, ૫ મૃગશીર્ષ, ૬ આર્દ્રા, ૭ પુનર્વસુ ૮ પુષ્ય ૯ અશ્લેષા, ૧૦ મઘા, ૧૧ પૂર્વા ફાલ્ગુની, ૧૨ ઉત્તરા ફાલ્ગુની, ૧૩ હસ્ત ૧૪ ચિત્રા, ૧૫ સ્વાતિ, ૧૬ વિશાખા, ૧૭ અનુરાધા, ૧૮ જ્યેષ્ઠા, ૧૯ મૂલ, ૨૦ પૂર્વાષાઢા, ૨૧ ઉત્તરાષાઢા, ૨૨ શ્રવણ, ૨૩ ધનિષ્ઠા, ૨૪ શતતારા, ૨૫ પૂર્વભાદ્રપદા. ૨૬ ઉત્તરાભાદ્રપદા, ૨૭ રેવતી,

ગ્રહલાઘવમાં શાકે ૧૪૪૨ ના ચૈત્ર શુદ ૧ ના સૂર્યોદયથી ગ્રહની ગણત્રીનો આરંભ કરેલો છે. આ સમયના ગ્રહને " ક્ષેપક " કહેલા છે. આ સમય પછીના કોઈપણ વખતના ગ્રહો કાઢવા હોય તો તે વખત અને આ સમયના અંતરમાં ગ્રહોની જેટલી ગતિ થઈ હોય તેમા આ ક્ષેપક ઉમેરવાથી ઇષ્ટ વખતના ગ્રહો નીકળે છે. આ સમય પહેલાના કોઈપણ વખતના ગ્રહો કાઢવા હોય તો આ સમય અને તે વખતના અંતરમાં ગ્રહોની જેટલી ગતિ થાય તે આ ક્ષેપકમાંથી બાદ કરવાથી ઇષ્ટ વખતના ગ્રહો નીકળે છે.

મધ્યમગ્રહ સાધન.

પ્રથમ આપણે મુદ્રિતસ્તોત્ર સરિત્સાગર દ્વિતીય ભાગમાં શ્રીમદાચાર્યચરણ વિરચિત ગ્રંથો પછી પૃ. ૧૪૮ માં શ્રીમદાચાર્યચરણની જન્મ પત્રિકા આપેલી છે. તેમાં લખેલાજ સમયના એટલે સંવત્ ૧૫૩૫ (જન્મના) શાકે ૧૪૦૦ ના વૈશાખ (ગુજરાતી ચૈત્ર) વદ ૧૧ રવિવાર સૂર્યાસ્ત પછી ૬ ઘડી ૪૮ પલ સમયના ગ્રહ કાઢી કુંડલિ કરશું.

શાકે ૧૪૪૨ પહેલાંનો આ સમય છે. ગ્રહની ગણત્રી કરવામાં પ્રથમ અહર્ગણ* કરવો જોઈએ. શાકે ૧૪૪૨ પહેલાંનો સમયના અહર્ગણ કરવાની રીત ગ્રહલાઘવના મધ્યાધિકારના ૧–૨ શ્લોકમાં આપેલી છે.

---

* " દિવસોનો સમૂહ " એવો આ શબ્દનો અર્થ થાય છે.

द्व्यब्धीन्द्राः शकरहितास्ततो भशाप्तं चक्राख्यं रविहतशेषकं तु हीनम् ।
चैत्राद्यैः पृथगमुतः सद्विघ्नचक्रात्सिद्धाढ्यादमरफलाधिमासयुक्तम् ॥ १ ॥
खत्रिघ्नं तिथिरहितं निरग्रचक्रांगांशाढ्यं पृथगमुतो ऽब्धिषट्कलब्धैः ।
ऊनाहैर्वियुतमहर्गणो भवेद्वै वारः प्राक्छरहतचक्रयुग्गणोऽस्मात् ॥ २ ॥

ઇષ્ટ શકને ૧૪૪૨ માંથી બાદ કરવો અને શેષ રહે તેને ૧૧ થી ભાગવા. ભાગાકાર આવે તે "ચક્ર" કહેવાય છે, અને શેષ રહે તેને ૧૨ એ ગુણવા. ગુણાકાર આવે તેમાંથી ચૈત્રથી જેટલા મહિના ગયા હોય તે બાદ કરવા, અને શેષ વધે તે મધ્યમ માસગણ કહેવાય છે. મધ્યમ માસ ગણમાં ૨× ચક્ર અને ૨૪ ઉમેરવા અને સરવાળો આવે તેને ૩૩ થી ભાગવા. ભાગાકાર આવે તે અધિક માસ કહેવાય છે. અધિક માસને મધ્યમ માસગણમાં જોડવા એટલે સ્પષ્ટ માસગણ થાય. સ્પષ્ટ માસગણને ૩૦ એ ગુણવા અને ગુણાકાર-માંથી ચાલતા માસની પડવેથી જેટલી તિથિ ગઇ હોય તે બાદ કરવી. શેષ વધે તેમાં ચક્રને ૬ થી ભાગતાં ભાગાકાર આવે તે ઉમેરવું. સરવાળો થાય તે મધ્યમ અહર્ગણ કહેવાય છે. મધ્યમ અહર્ગણને ૬૪ થી ભાગતાં ભાગાકાર આવે તે ક્ષય દિવસ થાય મધ્યમ અહર્ગણમાંથી ક્ષય દિવસ બાદ કરવાથી સ્પષ્ટ અહર્ગણ થાય. સ્પષ્ટ અહર્ગણમાં ૫×ચક્ર ઉમેરવાને સરવાળાને ૭ થી ભાગવા. આમ કરતાં જો ૦ વધે તો સોમવાર, ૧ વધે તો રવિવાર ૨ વધે તો શનિવાર એમ પાછળ પાછળનો વાર આવે.

૧૪૪૨−૧૪૦૦ (ઇષ્ટ શક)=૪૨.

૧૧)૪૨(૩ ચક્ર.
૩૩
૯

૯×૧૨=૧૦૮. અહિં ચૈત્ર વદ ૧૧ હોવાથી ચૈત્ર માસ પણ વ્યતીત થયો નથી.
તેથી ૧૦૮−૦=૧૦૮ મધ્યમ માસગણ

૧૦૮+(૨×૩)+૨૪=૧૩૮.

૩૩)૧૩૮(૪ અધિક માસ.
૧૩૨
૬

મધ્યમ માસગણ + અધિક માસ = સ્પષ્ટ માસગણ.

૧૦૮+૪=૧૧૨

૧૧૨×૩૦=૩૩૬૦

અહિં ચૈત્ર માસના શુક્લ પક્ષની ૧૫ તથા કૃષ્ણ પક્ષની દશમ સુધીની ૧૦ મળીને કુલ ૨૫ ગત તિથિ છે.

તેથી ૩૩૬૦−૨૫=૩૩૩૫

ચક્ર
૬)૩(૦
૦

૩૩૩૫+૦=૩૩૩૫ મધ્યમ અહર્ગણ.

૬૪)૩૩૩૫(૫૨ ક્ષય દિવસ.
૩૩૨૮
૭

મધ્યમ અહર્ગણ ક્ષય દિવસ સ્પષ્ટ અહર્ગણ.
૩૩૩૫ – ૫૨ = ૩૨૮૩

૩૨૮૩+(૫×૩)=૩૨૯૮.

૭)૩૨૯૮(૪૭૧
૩૨૯૭
૧

શેષ ૧ હોવાથી ચૈત્ર વદ ૧૧ ના રોજ રવિવાર હતો. આ પ્રમાણે અહર્ગણ ૩૨૮૩ આવે છે.

* શાકે ૧૪૪૨ ના ચૈત્ર શુદ ૧ પહેલાની મધ્યમ ગ્રહ શોધવાની રીત મધ્યમાધિકારના ત્રીજા શ્લોકમાં કહેલી છે.

चक्रनिघ्नध्रुवोपेताः सक्षेपा द्युगणोद्भवैः ।
खेटैरूनाः स्युरिष्टाहे अब्धीन्द्राल्पः शको यदा ॥ ३ ॥

ઇષ્ટ દિવસે ૧૪૪૨ ની શક ન્યૂન હોય તો ક્ષેપકમાં ચક્રઘ્ન ધ્રુવ ઉમેરવાથી અને અહર્ગણથી થતા ગ્રહ બાદ કરવાથી મધ્યમ ગ્રહ થાય છે.

---

* ઇષ્ટ શક ૧૪૪૨ માંથી બાદ કરતાં શેષ વર્ષ રહ્યા તેને ૧૧ થી ભાગતાં ભાગાકાર આવ્યો તેને ચક્ર કહેલ છે. તેથી ૧૧ વર્ષનું ચક્ર છે એમ સિદ્ધ થાય છે. ક્ષેપકમાં અમુક સ્થલથી ગ્રહ ફરતા માટે તે ૧૧ વર્ષ સુધી ફરે, તેમાં પણ ચક્ર ફરી રહે તે નહિ બનતું, ૧૧ વર્ષના અંતે જે સ્થલેથી ફરવું શરૂ કર્યું હતું ત્યાંથી જેટલો પાછળ રહે તે અંતરને ધ્રુવ કહેલ હોય એમ જણાય છે. હવે ધારો કે ૧૪૪૨ પછીના કોઈ શકના અમુક દિવસના ગ્રહ કરવા છે. ૧૪૪૨ ના ચૈત્ર શુદ ૧ ના ગ્રહ "ક્ષેપક" છે. તેમાં ત્યાર પછીના સમયની ગ્રહની જેટલી ગતિ થાય તે ઉમેરવાથી ઇષ્ટ સમયના ગ્રહ થાય તે સ્વાભાવિક છે. ૧૪૪૨ ના ચૈત્ર શુદ ૧ થી થતા વર્ષ અને અહર્ગણ જેટલા દિવસ ગણીએ એટલે ઇષ્ટ સમય થાય. દરેક ચક્રમાં ગ્રહ ધ્રુવ જેટલો ક્ષેપકમાં પાછળ રહે. તેથી ચક્રઘ્ન ધ્રુવ જેટલો તે ચક્રના વર્ષમાં પાછળ રહે, અને અહર્ગણના દિવસમાં તેની જે ગતિ થાય તે ઉમેરવાની રહી. તેથી "ક્ષેપક —(ચક્રઘ્નધ્રુવ)+અહર્ગણોત્પન્ન ગ્રહ" એ ઇષ્ટ દિવસે મધ્યમ ગ્રહ થાય. તેથી ૧૪૪૨ પછીનો શક હોય તો ક્ષેપકમાં અહર્ગણોત્પન્ન ગ્રહ ઉમેરી ચક્રઘ્નધ્રુવ બાદ કરવાથી ઇષ્ટ દિવસનો મધ્યમ ગ્રહ થાય. તેથી ૧૪૪૨ પછીના શક માટે ક્ષેપક+અહર્ગણોત્પન્નગ્રહ—(ચક્રઘ્નધ્રુવ)=મધ્યમ ગ્રહ. ૧૪૪૨ પછીનો શક હોય ત્યારે ક્ષેપકમાં જે ઉમેરવાથી મધ્યમ ગ્રહ થાય તેજ ૧૪૪૨ પહેલાનો શક હોય તો તેમાંથી બાદ કરવું જોઈએ. માટે ૧૪૪૨ પહેલાનો શક હોય તો.

ક્ષેપક—[અહર્ગણોત્પન્નગ્રહ—(ચક્રઘ્નધ્રુવ)]=મધ્યમ ગ્રહ.
ક્ષેપક—અહર્ગણોત્પન્ન ગ્રહ+(ચક્રઘ્નધ્રુવ)=મધ્યમ ગ્રહ.
ક્ષેપક+(ચક્રઘ્નધ્રુવ)—અહર્ગણોત્પન્ન ગ્રહ = મધ્યમ ગ્રહ.

આ શ્લોકમાં કલા પ્રમાણે ભળી રહે છે. આ ઉપપત્તિ અતિ કઠણ છે. ગણિતનું જ્ઞાન અધિક હશે તે સમજી શકશે. ગ્રહલાઘવ પ્રમાણે માની લેનારને આ ઉપપત્તિની જરૂર નથી. આ પ્રમાણે મધ્યમગ્રહ ગણવામાં દરેક ગ્રહના ધ્રુવ અને ક્ષેપક જાણવાની જરૂર પડે છે. દરેક ગ્રહના ધ્રુવ અને ક્ષેપક ગ્રહલાઘવના પ્રથમ અધિકારના શ્લોક ૬–૭ તથા ૮ માં કહેલા છે.

खविधुवानयवास्तरणेर्ध्रुवः स्वमनला रसबाहुयमेश्वराः ।
सितरुचो भमुखोऽस्य खगाश्रयमौ शरकृता गदितो विधुतुङ्गजः ॥ ६ ॥
शेषा द्वौ स्वशरा अगोऽक्षितिभुवो भूवस्वदन्ता विदः ।
केन्द्रस्याब्धिगुणोऽब्धयः सुरगुरोः खं पञ्चमा वस्विलाः ।
द्राक्केन्द्रस्य भृगोः कुभक्रयमला राश्यादिकोऽयोऽस्मनेः ।
शैलाः पञ्चभुवो यमाश्विन इमेऽस्य क्षेपकाः कथ्यते ॥ ७ ॥
रुद्रा गोऽग्नाः कुवेदास्तपन इह विधोः शुक्लिनो गोभुवः षट् ।
तुंगेऽक्षात्याष्टिदेवास्त्वमसि खभुजगोऽष्टाग्नयोऽग्यो महीजे ।
दिक्छैलाष्टौ ज्ञकेन्द्रे विभकललवमं पूजितेऽद्र्यश्विभूपाः ।
शोऽके केन्द्रे ग्रहापोऽद्रिनखनव भनौ गोतिथिस्वर्गभुक्स्यः ॥ ८ ॥

આ શ્લોકમાં ધ્રુવ અને ક્ષેપક નીચે પ્રમાણે કહેલા છે.

ધ્રુવ.

નામ.	રવિ.	ચંદ્ર.	ચંદ્રોચ્ચ.	રાહુ.	મંગળ.	બુધકેંદ્ર	ગુરુ.	શુક્રકેંદ્ર	શનિ.
રાશિ.	૦	૦	૯	૭	૧	૪	૦	૧	૫
અંશ.	૧	૩	૨	૨	૨૫	૩	૨૬	૧૪	૧૫
કલા.	૪૯	૪૬	૪૫	૫૦	૩૨	૨૭	૧૮	૨	૪૨
વિકલા.	૧૧	૧૧	૦	૦	૦	૦	૦	૦	૦

ક્ષેપક.

નામ.	રવિ.	ચંદ્ર.	ચંદ્રોચ્ચ.	રાહુ.	મંગલ.	બુધકેંદ્ર.	ગુરૂ.	શુક્રકેંદ્ર.	શનિ.
રાશિ.	૧૧	૧૧	૫	૦	૧૦	૮	૭	૭	૯
અંશ.	૧૯	૧૯	૧૭	૨૭	૭	૨૯	૨	૨૦	૧૫
કળા.	૪૧	૬	૩૩	૩૮	૮	૩૩	૧૬	૫	૨૧
વિકળા.	૦	૦	૦	૦	૦	૦	૦	૦	૦

આપણે શાકે ૧૪૦૦ ના ચૈત્ર વદ ૧૧ રવિવારના ગ્રહ કરવા છે. ચક્ર ૩ અને અહર્ગણ ૩૨૮૩ આવે છે. તેથી ક્ષેપકમાં ચક્ર×ધ્રુવ એટલે ૩×ધ્રુવ ઉમેરી તેમાંથી અહર્ગણથી ઉત્પન્ન થતા ગ્રહ બાદ કરવાથી મધ્યમગ્રહ આવશે. તેથી ધ્રુવને ૩ થી ગુણી તેમાં ક્ષેપક પ્રથમ ઉમેરીએ. ગુણાકાર તથા સરવાળા કરતાં ૧૨ રાશિથી અધિક રાશિ આવે તો ૧૨ રાશિ મૂકી દેવી, કારણ કે બાર રાશિનું ચક્ર પૂરૂં થાય છે

ગ્રહ.	રવિ.	ચંદ્ર.	ચંદ્રોચ્ચ.	રાહુ.	મંગલ.
ક્ષેપક.	૧૧-૧૯-૪૧-૦	૧૧-૧૯-૬-૦	૫-૧૭-૩૩-૦	૦-૨૭-૩૮-૦	૧૦-૭-૮-૦
ચક્ર×ધ્રુવ.	૦-૫-૨૭-૩૩	૦-૧૧-૧૮-૩૩	૩-૮-૧૫-૦	૯-૮-૩૦-૦	૫-૧૬-૩૬-૦
સરવાળો.	૧૧-૨૫-૮-૩૩	૦-૦-૨૪-૩૩	૮-૨૫-૪૮-૦	૧૦-૬-૮-૦	૩-૨૩-૪૪-૦

ગ્રહ.	બુધકેંદ્ર.	ગુરૂ.	શુક્રકેંદ્ર.	શનિ.
ક્ષેપક.	૮-૨૯-૩૩-૦	૭-૨-૧૬-૦	૭-૨૦-૫-૦	૯-૧૫-૨૧-૦
ચક્ર×ધ્રુવ.	૯-૧૦-૨૧-૦	૨-૧૮-૫૪-૦	૪-૧૨-૬-૦	૧૦-૧૭-૬-૦
સરવાળો.	૬-૯-૫૪-૦	૯-૨૧-૧૦-૦	૦-૨-૧૧-૦	૮-૨-૨૭-૦

આ સરવાળામાંથી ૩૨૮૩ દિવસના થતા ગ્રહ બાદ કરવાથી ઇષ્ટસમયના મધ્યમ ગ્રહ થશે. તેથી ૩૨૮૩ અહર્ગણથી ઉત્પન્ન થતા ગ્રહ શોધવા જોઈએ.

स्वखनगलवहीनो द्युगणो ऽर्कज्ञशुक्राः ।
खतिथिहृतगणोनो लिप्तिकास्वंशकाद्याः ॥
गणमनुहतविरिन्दुः स्वाद्रिभूभागहीनः ।
खमनुहृतगणोनो लिप्तिकास्वंशपूर्वः ॥ १० ॥ અધિકાર ૧.

અહર્ગણમાંથી તેનો ૭૦ મો ભાગ બાદ કરવો. શેષ રહે તે અંશ માનવા. વળી અહર્ગણને ૧૫૦ થી ભાગવા, અને ભાગાકાર આવે તેને કલા માની ઉપર કહેલા શેષમાંથી ઘટાડવી. આ પ્રમાણે કરવાથી જે ફલ આવે તે અહર્ગણોત્પન્ન રવિ, બુધ અને શુક્ર છે.

અહર્ગણને ૧૪ થી ગુણવા ને ગુણાકારનો ૧૭ મો ભાગ તેમાંથી બાદ કરવો. શેષ રહે તે અંશ માનવા. વળી અહર્ગણને ૧૪૦ થી ભાગવા અને ભાગાકાર આવે તે કલા માની ઉપર કહેલા શેષમાંથી ઘટાડવી. આ પ્રમાણે કરવાથી જે ફલ આવે તે અહર્ગણોત્પન્ન ચંદ્ર છે.

આને બીજગણિતના રૂપમાં ગોઠવીએ. ધારો કે क અહર્ગણની સંખ્યા છે.

અહર્ગણોત્પન્ન રવિ, બુધ, અથવા શુક્ર$=क^{\circ}-\frac{क^{\circ}}{७०}-\frac{क'}{१५०}$ *

અહર્ગણોત્પન્નચંદ્ર$=१४क^{\circ}-\frac{१४क^{\circ}}{१७}-\frac{क'}{१४०}$

અહિં અહર્ગણ એટલે क ૩૨૮૩ છે.

તેથી અહર્ગણોત્પન્ન સૂર્ય, બુધ, અથવા શુક્ર$=३२८३-\frac{३२८३^{\circ}}{७०}-\frac{३२८३'}{१५०}$

$=३२३५^{\circ}-४४'-७''$ આની રાશિ કરતાં

$=१०७-२५-४४-७=११-२५-४४-७$

રવિક્ષેપક અને ચંદ્ર×ધ્રુવનો સરવાળો પાછળ ૧૧−૨૫−૮−૩૩ આપેલ છે. તેમાંથી અહર્ગણોત્પન્ન રવિ ૧૧−૨૫−૪૪−૭* બાદ કરીએ તો ૪૯ દિવસના પ્રાતઃકાલનો મધ્યમ રવિ થાય છે તેથી મધ્યમ રવિ, બુધ, શુક્ર ૧૧−૨૯−૨૪−૨૬ આવે છે. તેવીજ રીતે અહર્ગણોત્પન્ન ચંદ્ર$=१४\times३२८३^{\circ}-\frac{१४\times३२८३^{\circ}}{१७}-\frac{३२८३'}{१४०}=१-२७-५७-४४$

ચંદ્રક્ષેપક+ચંદ્ર×ધ્રુવ પાછળ ૦−૦−૨૪−૩૩ આપેલ છે તેમાંથી આ અહર્ગણોત્પન્ન ચંદ્ર ૧−૨૭−૫૭−૪૪ બાદ* કરતાં બાકી ૧૦−૨−૨૬−૪૯ મધ્યમ ચંદ્ર થાય છે.

नवहृतदिनसंघमंदतुंगं लवाद्यं ।
भवति खनगभक्तग्रमोपेतलिप्तम् ॥

° ચિન્હ અંશનું છે. ′ ચિન્હ કલાનું અને ″ વિકલાનાં ચિન્હ છે.

* બાદબાકી થઈ ન હોય તો આખું ચક્ર એટલે ૧૨ રાશિ ઉમેરવી.

અહર્ગણોત્પન્ન ચંદ્રોચ્ચ=[illegible]=[illegible]=૦-૫-૩૩-૨૪
ચંદ્રોચ્ચ ક્ષેપક+ચક્ર×ધ્રુવ=૮-૨૫-૪૮-૦
∴ મધ્યમ ચંદ્રોચ્ચ=૮-૨૦-૧૪-૨૬

नवकुभिरिपुवेदैर्घस्रसंघाद्विभागात् ।
फलमपकलिकाद्यं स्यादगमक्षशुद्धः ॥ ११ ॥

અહર્ગણોત્પન્ન રાહુ=૩૬૦°−([illegible])=૩૬૦°−([illegible])=૬-૫-૫૯-૪૭
રાહુક્ષેપક+ચક્ર×ધ્રુવ=૧૦-૬-૮-૦
∴ મધ્યમ રાહુ=૪-૦-૮-૧૫

दिग्घ्नो द्विधा दिनगणोऽक्ककुभिस्त्रिशैलैः ।
भक्तः फलांशककलाविवरं कुजः स्यात् ॥

અહર્ગણોત્પન્ન મંગળ=[illegible]=[illegible]=૫-૧૦-૨૩-૫૭
મંગળક્ષેપક+ચક્ર×ધ્રુવ=૩-૨૩-૪૪-૦
∴ મધ્યમ મંગળ=૬-૧૩-૨૦-૩

भिघ्नो गणः स्ववसुदग्घ्नयुगघ्नशीघ्र ।
केंद्रं ज्ञपाद्द्विगुणाप्तगणोनलिप्तम् ॥१२॥

અહર્ગણોત્પન્ન બુધકેંદ્ર=[illegible]=૩-૨૯-૧૮-૩૬
બુધકેંદ્રક્ષેપક+ચક્ર×ધ્રુવ=૯-૯-૫૪-૦
∴ મધ્યમ બુધકેંદ્ર=૫-૧૦-૩૫-૨૪

गुर्विंदोऽर्कभक्तो लवाद्यो गुरुः स्यात् ।
यपिंडात्खशैलाप्तलिप्ताविहीनः ॥

અહર્ગણોત્પન્ન ગુરુ=[illegible]=૯-૨-૪૮-૬
ગુરુક્ષેપક+ચક્ર×ધ્રુવ=૯-૨૧-૧૦-૦
∴ મધ્યમ ગુરુ=૦-૧૮-૨૧-૫૪

भिनिघ्नगुर्विंडाद्विघातैः क्रिभाप्तैः ।
यथाप्तांशयोगो भृगोराशुकेंद्रम् ॥१३॥

અહર્ગણોત્પન્ન શુક્રકેંદ્ર=[illegible]=૭-૧૪-૧૨-૫૨
શુક્રકેંદ્રક્ષેપક+ચક્ર×ધ્રુવ=૯-૨-૧૫-૦
∴ મધ્યમ શુક્રકેંદ્ર=૪-૧૮-૨-૮

खाग्न्युद्धृतो दिनगणोंऽशमुखः शनिः स्यात् ।
षट्पंचभूद्युगणात्फललिप्तिकाढ्यः ॥

અહર્ગણોત્પન્ન શનિ=[illegible]×[illegible]=૩-૧૯-૪૭-૪
શનિ ક્ષેપક+ચક્ર×ધ્રુવ=૮-૨-૨૭-૦
મધ્યમ શનિ=૪-૧૨-૩૯-૫૧.

શાકે ૧૪૦૦ ના ચૈત્ર વદ ૧૧ ના રોજ પ્રાતઃકાળના આ મધ્યમ ગ્રહ થયા પરન્તુ આપણે તે દિવસના સૂર્યાસ્ત પછી રાત્રિની ઘડી ૬ અને ૪૪ પળના ગ્રહ શોધવાના હોવાથી તે સમયના મધ્યમ ગ્રહ જોઈએ. દિવસ જેટલી ઘડી પળનો હોય હોય તેમાં ૬ ઘડી ૪૪ પળ ઉમેરવાથી ઇષ્ટ ઘડી પળ મળશે. સૂર્યોદયથી પછીના ઇષ્ટ ઘડી પળ આપવાનો સામાન્ય રીતે રીવાજ છે, પરંતુ અહિં સૂર્યાસ્ત પછીના ઘડી પળ આપેલા હોવાથી તેમાં આપણે સૂર્યોદયથી સૂર્યાસ્ત સુધીના એટલે આખા દિવસના ઘડી પળ ઉમેરવા જોઈએ તેથી શાકે ૧૪૦૦ ના ચૈત્ર વદ ૧૧ નો દિવસ શ્રીમદાચાર્યચરણના પ્રાકટ્યના સ્થળે કેટલી ઘડી પળનો હતો તે આપણે શોધવું જોઈએ.

દિવસના ઘડી પળ શોધવા પ્રથમ સૂર્ય (પ્રાતઃકાળનો) સ્પષ્ટ કરીએ. પ્રાતઃકાળનો મધ્યમ સૂર્ય ૧૧-૨૯-૨૪-૨૬ છે એ આપણે પાછળ શોધ્યું છે. હવે આ મધ્યમ સૂર્ય ઉપરથી સ્પષ્ટ સૂર્ય કરીએ.

दोस्त्रिभोनं त्रिभोर्ध्वं विशोध्यं रसैश्चक्रतोऽङ्काधिकंस्याद्भुजोनंत्रिभं ।
कोटिरेकैकं त्रिभित्रिभिः स्यात्पदं सूर्यमंदोच्चमष्टाद्रयोंऽशा भवेत् ॥ १७ ॥

ત્રણ રાશિથી ન્યૂન ગ્રહ હોય તો તે ભુજ કહેવાય છે. ત્રણ રાશિથી અધિક હોય તો ૬ રાશિ અને ગ્રહમાં જેટલું અંતર હોય તે ભુજ કહેવાય છે, નવ રાશિથી અધિક ગ્રહ હોય તો ૧૨ રાશિમાંથી તેને બાદ કરતાં શેષ રહે તે ભુજ કહેવાય. ત્રણ રાશિમાંથી ભુજને બાદ કરીએ તો શેષ રહે તે કોટિ કહેવાય છે. ત્રણ ત્રણ રાશિનું પદ* કહેવાય છે (આટલી હકીકત સર્વ ગ્રહને સમાન લાગુ પડે છે)

સૂર્યનું મંદોચ્ચ ૭૮ અંશ એટલે ૨ રાશિ ૧૮ અંશ એટલે ૨-૧૮-૦-૦ છે.

मंदोच्चं ग्रहवर्जितं निगदितं केन्द्रं तदाख्यं बुधैः ।
केन्द्रे स्यात्स्वमृणं फलं क्रियतुलाद्येयो विधेयं रवेः ॥
केन्द्रेतद्भुजभागखेचरलवोनघ्ना नखास्ते पृथक् ।
तद्दोर्भागोनगेषुभिः परिहृतास्तैश्चादिकं स्यात्फलम् ॥१८॥

મંદોચ્ચમાંથી મધ્યમગ્રહ બાદ કરીએ એટલે ગ્રહનું મંદકેંદ્ર થાય મંદકેંદ્ર ઉપરથી મંદ ફલ કાઢવું. જો કેંદ્ર મેષ રાશિથી કન્યારાશિ સુધીમાં હોય તો આ ફલ ધન (positive) જાણવું. અને કેંદ્ર તુલારાશિથી મીનરાશિ સુધીમાં હોય તો ઋણ (negative) જાણવું. સૂર્યના મંદકેંદ્ર ઉપરથી સૂર્યનું મંદફલ કાઢવાની રીત નિચે પ્રમાણેઃ—

---

* Quadrant.

કેંદ્રની ભુજ કરવી, અને ભુજના અંશ કરવા. આ ભુજાંશને ૯ થી ભાગવા અને ભાગાકાર આવે તે ૨૦ માંથી બાદ કરવો. આ બાકીને ભુજાંશના ૯ મા ભાગથી ગુણવા આ ગુણાકાર જુદો રાખવો. વળી આ ગુણાકારના ૯ મા ભાગને ૫૭ માંથી બાદ કરવા, અને બાકી આવે તે વડે જુદા રાખેલા ગુણાકારને ભાગવા. જે ભાગાકાર આવે તે સૂર્યનું અંશાદિ મંદફલ છે.

આને બીજ ગણિતના સૂત્રના આકારમાં ગોઠવીએ ધારો કે ભુજના અંશ ક છે.

$$\text{તો સૂર્ય મંદફલ}=\frac{\frac{\text{ક}}{\text{૯}}\left(\text{૨૦}-\frac{\text{ક}}{\text{૯}}\right)}{\text{૫૭}-\frac{\text{ક}}{\text{૮૧}}\left(\text{૨૦}-\frac{\text{ક}}{\text{૯}}\right)}$$

પ્રાતઃકાલ અથવા સૂર્યોદય સમયનો મધ્યમ સૂર્ય ૧૧−૨૯−૨૪−૨૬ તેને સૂર્યના મંદોચ્ચ ૨−૧૮−૦−૦ માંથી બાદ કરતાં ૨−૧૮−૩૫−૩૪ સૂર્યનું મંદકેંદ્ર થયું. મંદકેંદ્ર ત્રણ રાશિથી ઓછું હોવાથી ભુજજ છે. તેના અંશ ૭૮−૩૫−૩૪ થયા.

તેનો નવમો ભાગ = ૮−૪૩−૫૭

૨૦ માંથી બાદ કરતાં = ૧૧−૧૬−૩

આ નવમા ભાગ અને બાકીનો ગુણાકાર = ૯૮−૨૩−૩૯ આ મંદફલનો અંશ થાય છે.

આ ગુણાકારનો નવમો ભાગ = ૧૦−૫૫−૫૭

૫૭ માંથી બાદ કરતાં = ૪૬−૪−૩ આ મંદફલનો છેદ થાય છે

$$\text{તેથી મંદફલ}\ \frac{\text{૯૮−૨૩−૩૯}}{\text{૪૬−૪−૩}}=\text{૨−૮−૯}$$

મંદકેંદ્ર (૨−૧૮−૩૫−૩૪) મિથુનરાશિમાં એટલે મેષથી કન્યા સુધીમાં હોવાથી મંદફલ ધન છે.

તેથી મધ્યમ સૂર્ય ૧૧−૨૯−૨૪−૨૬ માં મંદફલ ૨−૮−૯ ઉમેરવાથી મંદસ્પષ્ટ સૂર્ય ૦−૧−૩૨−૩૫ થયો.

મંદસ્પષ્ટ સૂર્યમાં અયનાંશ ઉમેરવાથી સાયન સૂર્ય થાય છે. તેથી અયનાંશ પ્રથમ શોધીએ

वेदाब्ध्यब्ध्यूनः खरसहृतः शकोऽयनांशाः ॥ २१ ॥

ઇષ્ટ શકમાંથી ૪૪૪ બાદ કરતાં બાકી રહે તેને ૬૦ થી ભાગતાં અયનાંશ આવે છે. તેથી ઇષ્ટ શક ૧૪૦૦ માંથી ૪૪૪ જતાં બાકી ૯૫૬ રહ્યા તેથી ૬૦ થી ભાગતાં ૧૫ અંશ−૫૬ કળા આવ્યા તે અયનાંશ થયા.

૦−૧−૩૨−૩૫ મંદ સ્પષ્ટ સૂર્ય
૧૫−૫૬−૦ અયનાંશ
૦−૧૭−૨૮−૩૫ સાયન સૂર્ય.

સાયન સૂર્ય ઉપરથી " ચર " નીકળે છે. ચર લાવવા માટે પ્રથમ પલભા અને ચરખંડ કરવા જોઇએ.

मेषादिगे सायनभागसूर्ये दिनार्धजाभा पलभा भवेत्सा ।
त्रिस्था हता स्युर्दशभिर्भुजंगैर्दिग्भिश्चरार्द्धानि गुणोद्धृतान्त्या ॥१०॥

જ્યારે સાયન સૂર્ય મેષ રાશિના આરંભમાં હોય તે દિવસે સમાન ભૂમિપર બાર અંગુલ શંકુ રાખતાં તેની જે છાયા પડે તેને પલભા કહે છે. પલભાને ૧૦, ૮, અને ૧૦/૩ થી અનુક્રમે ગુણવા અને ગુણાકાર આવે તે ચરખંડ કહેવાય છે.

શ્રીમહાપ્રભુજીચરણનું પ્રાકટ્ય નાગપુર પાસે થએલું હોવાથી નાગપુરની પલભા આપણે લેવી જોઇએ. પલભાઓ કાઢવાની રીત ઉપર દર્શાવેલી છે, પણ નાગપુર ગયા વિના તે પલભા નીકળે નહિ. તેથી ગુજરાતીના પંચાંગમાં પલભાઓ મોટા મોટા શહેરની આપેલી છે. તેમાં નાગપુરની પલભા ૪-૩૫ એટલે ૪ આંગળ અને ૩૫ પ્રતિ આંગળ આપેલી છે તે લઇએ* પલભાને અનુક્રમે ૧૦, ૮ અને ૧૦/૩ થી ગુણ્યા તો ૪૫॥, ૩૬⅔, ૧૫¼ આવ્યા. અપૂર્ણાંક મૂકી દઇએ તો ચરખંડ ૪૫, ૩૭, ૧૫ આવ્યા.

ચરખંડ ઉપરથી ચર લાવવાની રીતઃ—

स्यात्सायनोष्णांशुभुजर्क्षसंख्यचरार्द्धयोगो लवभोग्यघातात् ।
खाग्न्याप्तियुक्तस्तुचरं धनर्णं तुलाजषट्के तपनेऽन्यथाऽस्ते ॥

સાયન સૂર્યની ભુજની રાશિના આંકડા જેટલા ચરખંડનો સરવાળો કરવો. પછીના ચરખંડથી અંશાદિને ગુણી ૩૦ થી ભાગી તેમાં એટલે ચર થાય છે. તુલાથી આરંભી ૭ રાશિ સુધીમાં સાયનસૂર્ય હોય તો ચર ધન, અને મેષથી આરંભી ૭ રાશિ સુધીમાં હોય તો ઋણ—સૂર્ય અસ્ત હોય તે તેથી ઉલટું તુલાદિ ૭ રાશિમાં ઋણ અને મેષાદિ ૭ રાશિમાં ધન ચર જાણવું.

સાયનસૂર્ય ૦–૧૭–૨૮–૩૫; ચરખંડ ૪૬, ૩૭, ૧૫.

સાયનસૂર્ય એજ ત્રણ રાશિથી ન્યૂન હોવાથી ભુજ છે. ભુજની રાશિ ૦ છે. તેથી એકે ચરખંડ લીધો નહિ. અંશાદિ ૧૭–૨૮–૩૫ ને પ્રથમ ચરખંડ ૪૬ થી ગુણી ૩૦ થી ભાગ્યા તો ૨૭ આવ્યા. તેજ ચર થયા. તેથી ચર ૨૭ છે. અપૂર્ણાંક ૦॥ સુધી મૂકી દેવો ને ૦॥ થી વધારે હોય તો ૧ લેવો). સૂર્ય મેષાદિ ૭ રાશિમાં હોવાથી તે ઋણ છે.

देयं तच्चरमर्कणे विलिप्तिकासु ॥ २१ ॥

મંદસ્પષ્ટસૂર્યની વિકલામાં ચર ધન હોય તો ઉમેરવો, અને ઋણ હોય તો બાદ કરવો. આથી સૂર્યસ્પષ્ટ થાય છે.

મંદસ્પષ્ટસૂર્ય	૦–૧–૩૨–૩૫
ચર	૨૭
સ્પષ્ટસૂર્ય	૦–૧–૩૨–૮

આ સ્પષ્ટસૂર્ય સૂર્યોદય સમયનો છે, પરંતુ આપણે સૂર્યાસ્ત પછીના ૬ ઘડી ૪૪ પળના ગ્રહ કાઢવા છે. તેથી પ્રથમ દિવસ કેટલો હતો તે શોધવું છે.

गोलौ स्तः सौम्ययाम्यौ क्रियघटरसभे खेचरेऽथायने ते ।
नक्रात्कर्काच्च षड्भेऽपचरपलयुतोनास्तुपंचेंदुनाड्यः ॥
घस्रार्द्धं गोलयोः स्यात्तद्युतखगुणाः स्यान्निशार्द्धं ॥२१॥

બે ગોલ છે. ઉત્તર અને દક્ષિણ. સાયન રવિ મેષાદિ ૭ રાશિમાં હોય ત્યારે ઉત્તર ગોલમાં છે, અને તુલાદિ ૭ રાશિમાં હોય ત્યારે દક્ષિણ ગોલમાં છે. તેજ પ્રમાણે બે અયન છે. મકરથી આરંભી ૭ રાશિ સુધી ઉત્તરાયણ, અને કર્કથી આરંભી ૭ રાશિ સુધી દક્ષિણાયન—ચરને પલ કલ્પવી, અને સાયનસૂર્ય ઉત્તર ગોલમાં હોય તો ૧૫ ઘડીમાં ઉમેરવી અને દક્ષિણ ગોલમાં હોય તો ૧૫ ઘડીમાંથી બાદ કરવી એટલે દિનાર્ધ અથવા અર્ધ દિવસ આવે છે. તેને ૩૦ ઘડીમાંથી બાદ કરવાથી અર્ધરાત્રિ આવે છે.

અહિં સાયનસૂર્ય ઉત્તર ગોલમાં હોવાથી દિનાર્ધ=૧૫ ઘડી અને ૨૭ પલ તેથી આખો દિવસ=૩૦ ઘડી ૫૪ પલ. તેમાં રાત્રિની ગત ઘડી ૬ ને પળ ૪૪ ઉમેરતાં, સૂર્યોદયથી ઇષ્ટ સમય ૩૭ ઘડી ૩૮ પળ આવે છે.

આપણે સૂર્યોદય પછી ૩૭ ઘડી ૩૮ પળના ગ્રહ કરવા છે. સૂર્યોદય સમયના મધ્યમ ગ્રહ કરેલા છે. તેમાં ૩૭ ઘડી ૩૮ પળની દરેક ગ્રહની મધ્યમ ગતિ ઉમેરવાથી ઇષ્ટ સમયના મધ્યમ ગ્રહ આવશે. દરેક ગ્રહની એક દિવસની એટલે ૬૦ ઘડીની મધ્યમ ગતિ નીચે પ્રમાણે છે.

गोक्षागजा रविगतिः शशिनोऽभ्रगोश्वाः पञ्चाग्नयोऽथ षडिलाब्धय उच्चभुक्तिः ॥१४॥
राहोस्त्र्यं कुशशिनोऽसृज इन्दुरामास्त्वर्काश्विनोऽब्धयमलज्ञकेंद्र नवोऽर्थविश्वाः ॥
लिप्ता जिनो विकलिकाश्च गुरोः शराः खं शुक्राशुकेंद्रगतिरद्रिगुणाः शनेर्द्वे ॥ १५ ॥

અહિં દરેક ગ્રહની મધ્યમગતિ નીચે પ્રમાણે કહેલી છે.

નામ.	સૂર્ય.	ચંદ્ર.	ચંદ્રોચ્ચ.	રાહુ.	મંગલ.	બુધકેંદ્ર.	ગુરૂ.	શુક્રકેંદ્ર	શનિ.
કલા.	૫૯	૭૯૦	૬	૩	૩૧	૧૮૬	૫	૩૭	૨
વિકલા.	૮	૩૫	૪૧	૧૧	૨૬	૨૪	૦	૦	૦

એક દિવસની એટલે ૬૦ ઘડીની દરેક ગ્રહની મધ્યમ ગતિ અહિં આપેલી છે તે ઉપરથી ૩૭ ઘડી ૩૮ પળની ગતિ કરતાં નીચે પ્રમાણે આવે છે.

સૂર્ય = ૩૭'-૫"
ચંદ્ર = ૮°-૧૫'-૫૨"
ચંદ્રોચ્ચ = ૪'-૧૨"
રાહુ = ૨'-૦"

મંગલ = ૧૯'-૪૩"
બુધકેંદ્ર = ૧°-૫૬'-૫૫"
ગુરૂ = ૩'-૮"
શુક્રકેંદ્ર = ૨૩'-૧૨"
શનિ = ૧'-૧૫"

સૂર્યોદય સમયના મધ્યમ ગ્રહ આપણે પ્રથમ કરેલા છે તેમાં આ ૩૭ ઘડી ૩૮ પળની ગતિ ઉમેરવાથી ઇષ્ટ સમયના મધ્યમ ગ્રહ થશે. રાહુની ગતિ નિરંતર વક્ર હોવાથી સૂર્યોદય સમયના રાહુમાંથી તેની ૩૭ ઘડી ૩૮ પળની ગતિ બાદ કરવાથી ઇષ્ટ સમયનો રાહુ થશે.

ઇષ્ટ સમયના મધ્યમ ગ્રહ.

રવિ.	૧૧-૨૯-૨૪-૨૬	૩૭-૫	૦-૦-૧-૩૧
ચંદ્ર	૧૦-૨-૨૬-૪૯	૮-૧૫-૫૨	૧૦-૧૦-૪૨-૪૧
ચંદ્રોચ્ચ.	૮-૨૦-૧૪-૨૬	૪-૧૨	૮-૨૦-૧૮-૩૮
રાહુ.	૪-૦-૮-૧૯	૨-૦	૪-૦-૬-૧૯
મંગલ.	૬-૧૩-૨૦-૩	૧૯-૪૩	૬-૧૩-૩૯-૪૬
બુધકેંદ્ર.	૫-૧૦-૩૫-૨૪	૧-૫૬-૫૫	૫-૧૨-૩૨-૧૯
ગુરુ	૦-૧૮-૨૧-૫૪	૩-૮	૦-૧૮-૨૫-૨
શુક્રકેંદ્ર.	૪-૧૮-૨-૮	૨૩-૧૨	૪-૧૮-૨૫-૨૦
શનિ.	૪-૧૨-૩૯-૫૬	૧-૧૫	૪-૧૨-૪૧-૧૧

स्वमार्गना सिद्धान्त

રાગ ભૈરવી. તાલ દીપચંદી:—

માયા મારે માર, કૃષ્ણ બીન માયા મારે માર.
અહંતા મમતાત્મક મિથ્યા સંસાર,
જગત્ સત્ય નિર્માણ. ૧
જગત્ જીવ અંતર્યામી અક્ષર, એવું કૃષ્ણને માન. ૨
પરાત્પર પરબ્રહ્મ શ્રીકૃષ્ણ, એ નિર્ગુણ પ્રમાણ. ૩
શિવ વિષ્ણુ ને બ્રહ્મા ઇત્યાદિક, એતો સગુણ તું જાણ ૪
જીવ માત્ર છે અંશ પ્રભુનો વ્યાપક માને જ્ઞાન. ૫
અચ્યુતાનંદ અક્ષર બ્રહ્મ જે, ધામ શ્રીકૃષ્ણનું જાણ. ૬

---

*અક્ષાંશ ઉપરથી જ પલભા નીકળી શકે છે. "अक्षच्छायेपुण्यक्षमायाः कृतिरथमलवांगे यमाक्षापवर्तांसाः" ૨૨-આ સૂત્ર પ્રમાણે અ અક્ષાંશ હોય અને પ પલભા હોય તો

$$અ = ૫ પ - \frac{પ^2}{૧૦} \therefore પ^2 - ૫૦પ + ૧૦અ = ૦$$

†અક્ષાંશ નકશા પરથી જણાય છે. નાગપુરના અક્ષાંશ ૨૧°-૧૧' છે તે ઉપરથી પ પણ નીકળી શકે છે.

સર્વ વેદનો સાર શ્રીકૃષ્ણ, હરિસેવા સ્વધર્મ સુજાણ. ૭
આત્મનિવેદન શરણ વિના નહિ, વિશ્વધર્મમાં પ્રમાણ. ૮
કૃષ્ણ બિન મોસોં કવન પરત હૈ, એ છે ભાંગીરતાર. ૯
દાસ મુકુંદ "મા" કરે વિનતિ, ભજને શ્રીગિરિધાર. ૧૦

॥ श्रीबालकृष्णो जयति ॥

પ્રાચીન કીર્તનો કાકા શ્રીવલ્લભજીકૃત.

શ્રીનાથજીનું કીર્તન (રાગ બીલાવલ)

કુંજ દ્વારઠાડે સખી પીય,
દેખિ વદન ચિત ચોરી લિયોહે
તનક નિહોરિ ભયો તન છિન ૧

વામ ભુજા તન ચિત ચોરી મોતન
દક્ષન ભુજ ગહી મંદ સંભાર
વક ભોંહ ચંચલ અનિયારે
નૈન બાણ જ્યો ધરત માર ૨

રેખાગ ઉરજ અપકાવલિ
વરહચંદ મુખ હુલસાત
દેખત બને કહત નહી આવે
સુંદર નાગર સાંવલગાત ૩

કછુક સંકોચ ભયો ગુરુજનમેં
ભ્રમ દેખે બિન કહન બસાત ॥
સો ઉપચાર કરો મેરી સજની
નિરખી દાસ વારને જાત ૪

॥ ચતુર્ભુજદાસજી કૃત કીર્તન ॥

॥ શ્રીનવનીત પ્રિયાજીનું કીર્તન ॥ [રાગ બીલાવલ]

હોંવારી નવનીતપ્રિયા ॥
નિત ઉઠી દેન ઉરહની આવત, ચોરી ખાવત પોખનીયા ॥૧॥

તુમ અભિરામ સંગ મિલકે સુત ઘર આંગન ખેલો ઢોટા ભૈયા ॥
નિરખિ નિરખિ નેન સચુ પાઉં, પ્રાણ જીવન ઘનશ્યામ મનૈયા ॥૨॥

જો આવે સોઈ ઉમેરે મોહન, માખન મિશ્રી દૂધ મલૈયા ॥
ચતુર્ભુજ ગિરધર કાંહે પર, તુમ હુતે કહુ અધિક સનૈયા ॥૩॥

श्रीकृष्णाय नमः

श्रीसर्वोत्तमजी विषे श्रीगोविंदस्वामीकृत पदो.

(अनुसंधान वर्ष ५ पृष्ठ १७८.)

ભૂલથી ચતુર્થ પદનું મૂકવું રહી ગયેલું હોવાથી અહિં આપવામાં આવે છે.

राग बिलावल.

अति लघुक दुर्बोध जानि जिय[1] कीयो सुबोध श्रीविट्ठलेश ।
शत अष्टोत्तर नाम धाम दे महा अघ[2] हर्यो मिटायो क्लेश ॥ १ ॥
पढो सुनो चित्तमें चिंतन करो कछु मति धरो चिंताको लेश ।
एक रसना कहाँ कहाँ बरनों थकी[3] शारदा सहस्रमुख शेष ॥ २ ॥
यह अवतार न काहू बरन्यो[4] श्रुति स्मृति शास्त्र पुराण विशेष ।
देखि जन उद्धरनको प्रकटे भूतल गोविंद प्रभु श्रीमखेश ॥ ३ ॥ ४ ॥

અહિંથી પ્રત્યેક નામના ભાવનું એકેક પદ છે.

राग बिलावल.

आनंदरूप श्रीवल्लभको अपने जिय जानो ।
ओर सबै तुम छांडो[5] दे इनहीकों मानो ॥१॥
तीन लोकमें कोनहि पटतरको आवे ।
देव कोटि तेतीशमें कोउ पार न पावे ॥ २ ॥
आनंद नाम रसना रटो अर्थ हि विचारी ।
पैये गोविंद जन जप कोंय पुष्टि पदारथ चारि ॥३॥

श्रीसर्वोत्तमस्तोत्र.

(અનુસંધાન ગતાંક ૮, ૫ પૃ ૧૭૪).

આ પ્રમાણે ૭ શ્લોકથી ઉપર્યુક્ત પૂર્વ પીઠિકા નિરૂપણ કરીને સ્તોત્રની શરૂઆત કરેછે. નામ નિરૂપણ પ્રસ્તાવમાં તેના હેતુભૂત સ્વરૂપનું સ્મરણ થયે તદ્જનિત આનંદભરથી, સ્વરૂપમાં કેવલ આનંદ તત્ત્વની સ્ફૂર્તિથી પ્રથમ આનંદ નામથીજ નામ નિરૂપણ કરે છેઃ-

आनंदः परमानंदः श्रीकृष्णास्यं कृपानिधिः ।
दैवोद्धारप्रयत्नात्मा स्मृतिमात्रार्तिनाशनः ॥ ७ ॥

આ શ્લોકથી શ્રીમદાચાર્યચરણનાં નામનિરૂપણનો આરંભ થાય છે. આ શ્લોકમાં પ્રથમ ૭ નામ છે. ૧ આનંદ, ૨ પરમાનંદઃ, ૩ શ્રીકૃષ્ણાસ્યં, ૪ કૃપાનિધિઃ, ૫ દૈવોદ્ધારપ્રયત્નાત્મા; ૬. સ્મૃતિનાશનઃ

---

૧. હૃદયમાં, ૨. પાપ, ભક્તિમાં પ્રતિબંધ. ૩ થાક્યાં,- શારદા અને સહસ્ર મુખવાળા શેષ જેનું વર્ણન કરતાં થાક્યાં તો પછી એક રસના (જીભ) કેવી રીતે વર્ણી શકે ? ૪. વર્ણવ્યો. ૫. ત્યાગી, છોડી.

નામનો નમનપૂર્વક જપ કરવો હોય તો નામની ચતુર્થી વિભક્તિ કરી તે આગળ નમઃ શબ્દ મૂકી નીચે પ્રમાણે જપ કરવો.

૧ आनन्दाय * नमः, २ परमानन्दाय नमः, ३ श्रीकृष्णास्याय नमः, ४ कृपानिधये नमः, ५ दैवोद्धारप्रयत्नात्मने नमः, ६ स्मृतिमात्रार्तिनाशनाय नमः ।

आनन्दः આનંદમાત્રકરપાદમુખોદરાદિવિગ્રહ વિભૂતિના પ્રભુચરણના પરામર્શથી આનંદાનુભવ જ સ્થાપિત હોવાથી આનંદ એમ નામ ધરાય છે.

નામનિરૂપણ પ્રસ્તાવમાં સ્વરૂપે ફલમાં પ્રવેશ કર્યો. સ્વરૂપને ચારે ઓર આનંદરૂપ જોઈ ને કહ્યું આનંદરૂપ જ છે.

અત્ર પ્રથમ શ્લોકમાં કહી ગયા તે પ્રમાણે પ્રાકૃત-લૌકિક ધર્મના અનાશ્રય અને અપ્રાકૃત અલૌકિક નિખિલ-સર્વ ધર્મવિશિષ્ટ શ્રીમદાચાર્યચરણનાં સ્વરૂપનો દર્શન થયો તેથી કેવલ આનંદ: એમ નામ ધર્યું.

આનંદમાં બે પદ છે ૧ આ અને ૨ નંદ.

આ=સમંતાત્=ચારે ઓરથી, નંદયતિ=સમૃદ્ધિ આપે છે, સ્વભક્તાન્=સ્વભક્તોને તેથી આનંદ: સ્વભક્તોને ચારે ઓરથી સમૃદ્ધિ આપે છે તેથી આપશ્રી આનંદ કહેવાય છે.

અથવા આ=ઈષત્=ન્યૂન નંદ=વ્રજનાનંદ છે જેઓથકી વ્રજનાનંદ પણ ન્યૂન છે ન્યૂનતા તો પ્રાકૃત જ છે. શ્રીકૃષ્ણ-પિતૃત્વ બન્નેમાં સમાન છે, પરંતુ સ્વયં શ્રીમદાચાર્યચરણ અપ્રાકૃત છે, જ્યારે નંદરાયજી પ્રાકૃત છે. શ્રીમદાચાર્યચરણ શ્રીજી શ્રીવિઠ્ઠલનાથના પિતા છે અને તેમ જ નંદરાયજી પણ શ્રીકૃષ્ણચંદ્રના પિતા છે, પણ બન્નેમાં તારતમ્ય એ છે કે શ્રીમદાચાર્યચરણ અપ્રાકૃત છે અને નંદરાયજી પ્રાકૃત છે; અર્થાત્ નંદરાયજી આ રીતે શ્રીમદાચાર્યચરણથી ન્યૂન છે અને તેથી તેઓનું નામ આનંદ છે.

આ=ચારે બાજુ નંદ=આનંદ જેઓથી થાય છે તે આનંદ. ભાવાર્થ આનંદ જેઓથી આવે છે તે.

અત્ર નામનિરૂપણમાં મૂલ સ્વરૂપાત્મક ત્રણ નામ આવ્યા કરે છે. સંયોગ વિપ્રયોગના ભેદથી રસ દ્વિદલ છે. સંયોગની પૂર્વ વિપ્રયોગ છે. તેથી આનંદ નામવડે પ્રથમ સંયોગરૂપ કહે છે. સંયોગમાં જેટલો આનંદ અનુભવાય છે તેટલા જ આનંદરૂપ આનંદ એટલે સંયોગાનંદ.

'આચાર્ય મને[1] જાણો' એમ ભગવદ્વાક્યથી, 'શ્રીગોપીજન વલ્લભ[2] એવા મારામાં વિશ્વાસ હોય તો' એમ સ્વોક્તિથી અને 'વસ્તુતઃ[3] કૃષ્ણ જ છે' એમ પ્રભુચરણની ઉક્તિથી શ્રીમદાચાર્યચરણને ભગવદ્રૂપત્વ છે. 'ઉચો હસ્ત[4] કરીને પુરુષ ભક્તને બોલાવે છે.' આના (શ્રીમદ્ભાગવતના) ધારણ[5] માત્રથી કૃષ્ણ નિશ્ચે ધારણ થાય છે.' ઇત્યાદિ નિબંધોક્તિથી શ્રીમદ્ભાગવત પણ શ્રીકૃષ્ણરૂપ છે. ધર્મજ્ઞાનાદિસહ કૃષ્ણ સ્વધામ[6] પધાર્યા એટલે કલિમાં અત્યારે જેઓની દૃષ્ટિ નષ્ટ થઈ છે તેઓને માટે આ પુરાણાર્ક (શ્રીમદ્ભાગવતરૂપી સૂર્ય) ઉદય થયો છે. 'શ્રીભાગવત રૂપથી[7] કૃષ્ણ જ બિરાજે છે' ઇત્યાદિ વાક્યથી પણ શ્રીમદ્-

---

* આ પ્રમાણે વાક્યક્રમની સમજ ખાતર દરેક શ્લોકમાં આવતાં નામ નિરૂપણ કરવામાં આવશે.

[1] आचार्यं मां विजानीयात्. [2] यदि वेऽस्ति विश्वासः श्रीगोपीजनवल्लभे. [3] वस्तुतः कृष्ण एव. [4] उद्धृतहस्तः पुरुषो भक्तमाकारयत्युत. [5] एतद्धारणमात्रेण कृष्णो भवति वै ध्रुवः. [6] कृष्णे स्वधामोपगते धर्मज्ञानादिभिः सह । कलौ नष्टदृशामेष पुराणार्कोऽधुनोदितः. [7] श्रीभागवतरूपेण कृष्ण एव विराजते ।

ભાગવતને ભગવદ્રૂપત્વ છે. તેમાં (શ્રીમદ્ભાગવતમાં) દશવિધ લીલા નિરૂપણ કરી છે. તેઓના કર્તા શ્રીમદાચાર્યચરણ જ છે, કારણકે પોતે શ્રીકૃષ્ણાસ્ય છે. શ્રીઅંગમાં શ્રીમુખની પ્રધાનતા છે. ગૌણ મુખ્ય બન્નેનું કાર્ય મુખ્યમાં કહેવાય. લીલામાં નિરોધલીલા મુખ્ય છે. શ્રીમદાચાર્યચરણ રાસલીલૈકતાત્પર્ય છે. રાસલીલા નિરોધલીલામાં હોવાથી દશમસ્કંધાનુસાર નામનું વ્યાખ્યાન ઉચિત છે અને તે જ પ્રમાણે શ્રીમત્ પ્રભુચરણે આજ્ઞા કરી છે.

[1]શ્રીભાગવતના સુંદર પ્રતિપદના ભાવકિરણથી ભૂષિત શ્રીવલ્લભ નામની મૂર્તિ નિજદાસનું સૌભાગ્ય વિસ્તારો. તેથી સંપૂર્ણ શ્રીભાગવતના અર્થને જણાવનાર પુરુષોત્તમસહસ્રનામ પણ નિરોધલીલા બોધક છે. '[2]શ્રીમદ્ભાગવતનો અર્થ તો આનંદરૂપ હરિની લીલા છે' એમ શ્રીમદાચાર્યચરણે આજ્ઞા કરી છે. અને 'તે જ' એક અર્થ સાત પ્રકારે અવિરોધથી જાણે તે મુક્ત થાય છે' એમ પણ આજ્ઞા કરી છે તેથી સ્કંધાદિમાં (સ્કંધ, પ્રકરણ, અધ્યાય, વાક્ય, પદ, અક્ષરમાં) તે જ અર્થ પ્રતિપાદિત છે; માટે તદ્બોધક નામ કહે છે આનંદ:, આનંદરૂપ અથવા આનંદ જનક. સ્કંધાર્થરૂપથી આનંદરૂપતા, અધ્યાયાર્થરૂપથી આનંદજનકતા. દશમસ્કંધમાં જન્મપ્રકરણમાં પ્રથમ અધ્યાયમાં પરીક્ષિતના પ્રશ્નથી શ્રીશુકને આનંદ થયો છે અને તેથી શુકદેવજી કહે છે કે રાજર્ષિઓમાં શ્રેષ્ઠ તમારી બુદ્ધિ સારી વ્યવસાયવાળી થઈ છે જેથી તમારી નૈષ્ઠિક રતિ (પ્રીતિ) વાસુદેવ કથામાં થઈ છે. પક્ષાન્તરે ભગવદ્ અવતારના શ્રવણથી, ભૂમિને આશ્વાસનથી, દેવકીવસુદેવને આકાશવાણીથી અને સ્વગૃહમાં ભગવત પ્રાકટ્ય થશે તેના શ્રવણથી, આનંદ થયો. તેથી આ આનંદ નામ દશમસ્કંધાર્થ તથા તેમાંના પ્રથમાધ્યાયાર્થ બોધક છે.

ग्रन्थावलोकन.

१. भक्तिहंस, व्याख्यात्रितयानुगत, संशोधन कर्ता भट्ट वल्लभशर्मा, शु॰ मू॰ इत्यादि प्रकटकर्ता शुद्धाद्वैतसिद्धान्तकार्यालय.

ભક્તિહંસ શ્રીમદાચાર્યજીના દ્વિતીય પુત્ર શ્રીમદ્ વિઠ્ઠલેશ્વરનો પ્રકટિત સુંદર નામાનુગુણ ગ્રન્થ છે. આ ગ્રન્થ ઉપર ત્રણ ટીકાઓ છે. (૧) શ્રીગુસાંઈજીના પાંચમા લાલજી શ્રીરઘુનાથ વિરચિત **भक्तितरंगिणी**, (૨) શ્રીગુસાંઈજીના ત્રીજા લાલજી શ્રીબાલકૃષ્ણજીથી પાંચમી પેઢીએ પ્રકટ થયેલા શ્રીપુરુષોત્તમજીની ટીકાનું નામ તીર્થ છે. (૩) વિવેક નામની ટીકા પણ શ્રીપુરુષોત્તમજીની જ વિરચિત છે. મૂલ ગ્રન્થ તથા ટીકાત્રયના નામ પણ સ્વ સ્વ પ્રયોજન દર્શાવે છે. ભક્તિરૂપ હંસનું નિવાસસ્થાન ભક્તિરૂપ તરંગિણી (નદી) ઉપર છે. તેમાં પ્રવેશ કરવાને તીર્થ—ઓવારો—જોઈએ—તેથી શ્રીપુરુષોત્તમજીએ 'તીર્થ' પ્રકટ કર્યું. નદી તટે અનેક તીર્થ હોવાથી, તેમ નદી કીનારે અનેક હંસસદૃશ પક્ષીઓ હોવાથી, તેનો વિવેક પ્રકટ કર્યો. અર્થાત્ 'વિવેક'થી તીર્થનો વિવેક કરીને, તદ્દ્વારા ભક્તિતરંગિણી (નદી)માં પ્રવેશ કરીને વિવેકપૂર્વક ભક્તિહંસનું દર્શન કરાવવું એ જ આ સુંદર ટીકાત્રયસમેત ગ્રન્થનું પ્રયોજન છે. ગ્રન્થનું મંગલાચરણ પણ ગ્રન્થનો સાર સંગ્રહે છે.

---

[1] श्रीभागवतप्रतिपदमणिवरभावांशुभूषिता मूर्तिः श्रीवल्लभाभिधानस्तनोतु निजदासस्य सौभाग्यम्. [2]. श्रीभागवततार्थस्तु आनन्दस्य हरेर्लीला. [3] एकार्थं सप्तधा जानन्नविरोधेन मुच्यते. [4] सम्यग्व्यवसिता बुद्धिस्तव राजर्षिसत्तम, वासुदेवकथायां ते यज्जाता नैष्ठिकी रतिः.

मन्त्रोपासनवैदिकतान्त्रिकदीक्षार्चनाविधिविधिभिर्यः ।
अस्पृष्टो रमते निजभक्तेषु स मेऽस्तु सर्वस्वम् ॥१॥

પ્રભુ મન્ત્રથી, વા ઉપાસનથી, વા, વૈદિક તાન્ત્રિક દીક્ષા અર્ચન કે વિધિથી પ્રાપ્ત થતા નથી, તે સર્વથા અસ્પૃષ્ટ રહીને નિજભક્તોમાં નિરન્તર ખેલે છે એ પ્રભુ જે કેવલ શુદ્ધ ભાવાત્મક ભક્તિથી પ્રેમથી પ્રાપ્ત થાય છે તે મારું સર્વસ્વ થાઓ.' ભક્તિહંસનો આ વિષય છે, ને આ જ તાત્પર્યનું ઊહાપોહપૂર્વક ગ્રન્થમાં તેમ ટીકામાં સ્પષ્ટીકરણ કર્યું છે. એ દિગન્તવિજયી શ્રીપુરુષોત્તમજીને અવતારવાદાવલી યોજવામાં આ જ ગ્રન્થ માર્ગદર્શક થઈ પડ્યો છે એ યોગ્ય લાગે છે.

આવો સુંદર ગ્રન્થ, સંપ્રદાયનું હિત પ્રકટ કરનારો ગ્રન્થ ત્રણ ટીકા સહિત સુંદર રીતે પ્રકટ કરવાને જે પરિશ્રમ સંશોધનકર્તા ભટ્ટ મથુરાનાથશર્માએ લીધો છે તે સ્તુત્ય છે. ઉક્ત ગ્રન્થ નિર્ણયસાગરમાં પ્રકટ થયેલો હોવાથી એની સુંદરતામાં વૃદ્ધિ થઈ છે. ગ્રન્થનું સંશોધન પણ અસંતોષપ્રદ નથી, એટલુંજ નહિ પરન્તુ સંશોધન કર્તાએ જે પરિશ્રમ લીધો છે તેનું સ્પષ્ટ સૂચન કરે છે. આ ગ્રન્થ આવી સુંદર રીતે પ્રકટ થયેલો જોઈને અને વૈષ્ણવોને આ ગ્રન્થનો પરિચય અવશ્ય થવો જોઈએ એ હેતુથી ઉક્ત ગ્રન્થનું સરલ ભાષાન્તર પુષ્ટિભક્તિસુધામાં આરંભ્યું છે. આ ભાષાન્તરના સાહાય્યથી અભ્યાસક મૂલ સંસ્કૃત ગ્રન્થનો પરિચય કરી શકશે. ઉક્ત ગ્રન્થની સર્વાંગસુંદરતાનું દર્શન કરીને એમ કહ્યા વિના નથી ચાલતું કે આ ગ્રન્થનો સંગ્રહ પ્રત્યેક સંસ્કૃતજ્ઞ વૈષ્ણવ વા અવૈષ્ણવ જો કરશે, તો તેનો દ્રવ્યનો ખરેખરો પારમાર્થિક સદુપયોગજ થયો ગણાશે, અને સંસ્કૃતથી અનભિજ્ઞ વૈષ્ણવ જો સ્વરૂપભાવનાથી ઉક્ત ગ્રન્થ સ્વગૃહમાં પધરાવશે, તો તેટલા દ્રવ્યનો ભગવદુપયોગ જ થયો ગણાશે. અમારી તો ઇચ્છા છે કે પ્રત્યેક વૈષ્ણવે આ ગ્રન્થ યદ્યપિ ગ્રન્થ સંસ્કૃત છે તો પણ સ્વગૃહમાં, જો શક્તિ હોય તો, અવશ્ય પધરાવવો. અત્ર 'શક્તિ હોય' એમ કહેવાનું કારણ છે. ઉક્ત ગ્રન્થનું પ્રમાણ માત્ર ૭૨ પત્ર છે, ને આટલા નાના ગ્રન્થના ૧૪ આના વૈષ્ણવોને આપવા કંચિત્ ભારે પડે. શા. મગનલાલ શાસ્ત્રીએ પ્રસ્થાન રત્નાકર નિર્ણયસાગરમાં છાપ્યો છે,-ને તેના પત્ર પણ ૭૨ જ છે, અને પુસ્તકનું કદ પણ સુપરરોયલ છે. તેટલોજ જો અધિક નહિ તો પરિશ્રમ સંશોધનકર્તાએ તેમાં કર્યો છે, પરન્તુ તેનું નોછાવર માત્ર આઠ આના જ છે. આજ (ભક્તિહંસ) ગ્રન્થ જો નિર્ણયસાગર પ્રેસે પ્રકટ કર્યો હોત તો આનું મૂલ્ય બહુ બહુ તો ૭ આનાથી વિશેષ ન થાત. શુદ્ધાદ્વૈતસિદ્ધાન્તકાર્યાલયના ચાલકોએ અને શુભેચ્છકોએ અવશ્ય સ્મરણમાં રાખવું જોઈએ કે ગ્રન્થના પ્રસારની વૃદ્ધિ ગ્રન્થના નોછાવરની ન્યૂનતાના પ્રમાણ હોય છે. મૂલ તો આપણા વૈષ્ણવો 'સંસ્કૃત ગ્રન્થ છે એને શું કરીએ' એમ બૂમો પાડે છે, 'તેમાં જ્યારે આમ નોછાવર પણ પ્રમાણથી 'અતિશય બેવડું' જુએ ત્યારે ઉક્ત ગ્રન્થનો, ન સમજવા છતાં પણ સંગ્રહ કરવાનું કહેતાં આપણને, અતિ ઉત્સાહ હોવા છતાં, પણ સહેજ સંકોચાવું પડે છે. આ કહેવાનો ઉદ્દેશ એમ નથી કે ઉક્ત મહાશયો આમાંથી દ્રવ્યસંચય કરવા માગે છે. આપણા વૈષ્ણવોનો સ્વભાવ જ ગ્રન્થસંગ્રહની વિરુદ્ધ છે, ને તેમાં આવો સંસ્કૃત ગ્રન્થ બહુ બહુ પ્રયત્ન થાય તો પણ પાંચ દશ વર્ષે વેચાઈ જાય ત્યારે ખરો, ને તેટલા સમયમાં ઉધાઈ વગેરેનો પણ ભોગ થઈ પડે. અર્થાત્ લાભ તો આમાં અસંભવ જેવો જ છે. વસ્તુસ્થિતિ

આમ હોવાથી શુદ્ધાદ્વૈત-સિદ્ધાન્ત-કાર્યાલયના શુભેચ્છકોને સૂચના છે કે ગ્રન્થ જેમ બને તેમ અલ્પ નોછાવરે વૈષ્ણવોને આપો. ઉક્ત ભટ્ટજીનો આ પ્રથમ પ્રયાસ છે, ને તેથી એમના જ કહેવાથી લાગે છે કે રૂ. ૬૮૦) વા ૭૦૦) ખર્ચ થયો છે, પરન્તુ ભવિષ્યમાં પ્રકટ થતા ગ્રન્થોમાં આવી 'prohibitive price' રાખવામાં નહિ આવે તો સંપ્રદાયનું હિત વિશેષ થવા સંભવ છે. 'Benares Sanskrit Series' વાળા ૧૦૦ પૃષ્ઠના પુસ્તકનું પુંઠા ઉપર રૂ. ૧) નોછાવર લખે છે, તે ધોરણથી આ ગ્રન્થનું નોછાવર ૧૪ આના વિશેષ ન કહેવાય, પરન્તુ ઉક્ત સીરીઝના ગ્રન્થો જેમણે લીધેલા છે તેમને ખબર છે કે તે લોકો રૂ. ૧) ને બદલે માત્ર આના ૧૦) ચાર્જ કરે છે, ને બહુ તો ૧૨) આના અને ક્વચિત્ જો રૂ. ૧) ચાર્જ કરે છે એમ સત્ય સ્વીકારીએ તો પણ તે લોકોની દૃષ્ટિ વ્યાપારની છે જ્યારે આપણી દૃષ્ટિ ગ્રન્થપ્રસારની છે. ઉક્ત દૃષ્ટિભેદ હોવાથી આપણે તો ગ્રન્થનું જેમ બને તેમ મૂલ્ય અલ્પ જ રાખવું જોઈએ. આતો ભવિષ્યની સૂચનાઓ છે, આ ભક્તિહંસના સંબંધમાં, જેમાં વિશેષ ખર્ચ થયો છે, તેમાં શું કરવું ? આ સંબંધ નીચેથી સૂચના છે. શ્રીનાથદ્વારના તિલકાયિત શ્રીગોવર્ધનલાલજીએ ગ્રન્થ પ્રસિદ્ધિ અને પ્રસારને માટે રૂ. ૨૫૦૦૦) ની રકમ શ્રીગોકુલનાથજી ઉપર મોકલી છે એમ શ્રવણ કર્યું છે, શ્રીગોકુલનાથજી સ્વતઃ ગ્રન્થ પ્રસિદ્ધિ અને તત્પ્રસાર ઇચ્છે છે, ને તેને સારૂ યથાશક્તિ પ્રયત્ન કરે છે. તેથી જો જશભદ્ર-શર્મા ઉક્ત ગોસ્વામીશ્રીઓને જો આ પ્રકારની વિનતિ કરે કે આપશ્રી આ ગ્રન્થ સ્વતઃ ખરીદી લઈને અલ્પ નોછાવરથી—ચારથી ૭ આનાથી—વૈષ્ણવોમાં પ્રસારો, અથવા તો વિના મૂલ્યે પણ—જેમ બાલબોધ આપવામાં આવે છે તેમ—અધિકારીને દાન કરો—તો અમારો નિશ્ચય છે કે ભટ્ટજી જેઓ ઉક્ત ગોસ્વામિચરણના 'કૃપાભાજનપાત્ર' છે, તેમની આ શુભ વિનતિનો કદાપિ અસ્વીકાર થાય. ગ્રન્થનું મુદ્રણ કરવાને આપણને ગમે તેટલો ખર્ચ થાય તેટલો ખર્ચ વૈષ્ણવો કનેથી કેમ લઈ શકાય ? એ જ ગ્રન્થનું જો કોઈ ફરીથી મુદ્રણ કરે તો ચાર આનાથી વિશેષ નોછાવર ન પડે. આમ નોછાવરના સંબંધમાં આગ્રહપૂર્વક લખવાનું પ્રયોજન માત્ર એટલું જ છે કે આમ અતિશય નોછાવર રાખવાથી જશભદ્રશર્માએ લીધેલો પરિશ્રમ વૈષ્ણવોમાં અપરિચિત રહેવાનો ભય રહે છે. ઉક્ત ભટ્ટજી ઉક્ત ગોસ્વામિશ્રીઓના ઉત્તેજનથી અથવા પોતાના જે અન્ય ગ્રન્થો પ્રસિદ્ધ કરવાના છે, તે ગ્રન્થોના મૂલ્યના સંબંધમાં આ સૂચનાનો સ્વીકાર કરશે એમ આશા રાખીશું.

ગ્રન્થનું મુદ્રણ પ્રાયઃશુદ્ધ અને સ્વચ્છ છે. નૂતન ગ્રન્થનું સમુદ્ધરણ કરવામાં ભટ્ટ જશભદ્ર શર્માને ક્વચિત્ આત્મકીર્તિનો—લેખક તરીકેની—કીર્તિનો ભોગ આપવો પડ્યો છે, છતાં પણ આ આત્મભોગ અન્યપ્રકારે સાંપ્રદાયિક સાહિત્યના પ્રકાશના ઇતિહાસમાં એમનું નામ નિઃસ્વાર્થતાને લીધે વિશેષ ઝળકવાથી લાભપ્રદ વસ્તુતઃ છે. પંડિત ગટ્ટૂલાલના કરતા પણ ભટ્ટજીની આ પ્રવૃત્તિ વિશેષ પ્રશસ્ય છે. જશભદ્ર શર્માની માફક પંડિત ગટ્ટૂલાલે સ્વતઃ કોઈ પણ પ્રાચીન ગ્રંથ મુદ્રિત કર્યો હોય એમ જાણ્યામાં નથી, જો કે આમા ક્વચિત્ કારણ એમની પ્રજ્ઞાચક્ષુતા પણ હોય. પરન્તુ જ્યારે આપણે જોઈએ છીએ કે સત્સિદ્ધાન્તમાર્તણ્ડ અને ભાસ્વતશક્તિ જેવા મહાન્ સ્વગ્રન્થો મુદ્રિત કર્યા, અને પ્રાચીન ગ્રંથ પણ મુદ્રિત ન કર્યો ત્યારે એમ અનુમાન કરવામાં આવે કે જશભદ્ર શર્માની પ્રવૃત્તિ પં. ગટ્ટૂલાલના કરતાં વિશેષ નિઃસ્વાર્થ હોવાથી, વિશેષ સ્તુત્ય છે, તો તે સર્વથા અસંભવ તો નથી જ.

ભક્તિહંસ તથા ટીકાઓ-શોધવામાં બહુ પ્રયત્ન લલ્લુભટ્ટ શર્માજીએ કર્યો છે એ તો પ્રત્યક્ષ છે. પરન્તુ જેમ એમણે વિષયાનુક્રમ યોજ્યો છે તેમ જો મૂલ ગ્રન્થમાં વિષયોનું સૂચન કરવાને ખંડ પાડ્યા હોત તો ગ્રન્થ અભ્યાસકોને સુલભ થાત. ભાષ્યાદિ ગ્રન્થો સૂત્રને અનુસરીને લખાતા હોવાથી 'ખંડો' ત્યાં સુલભ નથી, પરન્તુ આવા સ્વતંત્ર ગ્રન્થોમાં આ કાર્ય અર્થહીન નથી, પરન્તુ પ્રાયઃ આવશ્યક જ છે. આ ગ્રન્થમાં બહુ વાક્યનો ઉપન્યાસ થયેલો જોવામાં આવે છે, તેથી જો એ વાક્યો ક્યાંનાં છે એમ દર્શાવવામાં આવ્યું હોત તો ગ્રન્થની ઉપયુક્તતા વધત. આ કાર્ય શ્રીમદ્ભાગવતાદિના પ્રતિદિન પાઠ કરનારને કઠિન નથી. બીજું આ ગ્રન્થની ટીકાઓમાં બહુવાર આપણે પ્રશ્નાર્થ (?) ચિહ્ન જોઈએ છે. એ ચિહ્નનું પ્રયોજન ભટ્ટજીએ પ્રસ્તાવનામાં જણાવ્યું છે છતાં અમને તો એ ચિહ્ન અમુક સ્થલે શા હેતુથી યોજાયલું છે એનો વિચાર સહજ ઉદ્ભવતાં ગ્રન્થના અનુસંધાનમાં સ્ખલન પહોંચે છે. આવા ચિહ્નોનો આ મહાન્ અવગુણ છે. કેટલેક સ્થલે તો એ (?) ચિહ્ન હોવા છતાં પણ એની ઉચિતતાની શંકા પણ થાય છે. આ સિવાય મૂલ ગ્રન્થ તથા ટીકાઓનું શોધન પ્રાયઃ શુદ્ધ હોવાથી ભટ્ટજીનો પરિશ્રમ ધન્યવાદપાત્ર છે.

આ ગ્રન્થના આરંભમાં લલ્લુભટ્ટ શર્માજીએ એક ઉપોદ્ઘાત પણ લખ્યો છે. ઉપોદ્ઘાત સંસ્કૃતમાં જ છે, અને બહુ પ્રયાસનો પરિણામ લાગે છે. (It is labourured, there is no easy in expression) મૂલ ગ્રન્થ ભક્તિહંસ અને તેની ટીકાઓની ભાષા વાંચ્યા પછી ઉપોદ્ઘાતમાં વિશેષ જ્ઞેય નથી, પરન્તુ એક બે વાત ખાસ ધ્યાન ખેંચે છે. 'यद्यपि चायं मंगलाचिन्ता स्वत एव [illegible] [illegible] पि माम्येनायमथगतार्थपरो-भाव पन्थाः किन्तु श्रीमदाचार्यचरणैरेव प्रकटीकृत इति' અત્ર લલ્લુભટ્ટ શર્મા પુષ્ટિમાર્ગનું પ્રાકટ્ય કેવલ એક શ્રીમદાચાર્યજીએ કર્યું છે એમ સ્પષ્ટ છે એમ કહી, અન્યનો નિષેધ કરે છે, તે ઉપરથી એમનો વિષ્ણુસ્વામિસંપ્રદાયનો આગ્રહ શિથિલ થયાનું અનુમાન થાય છે, અને તે ઉક્ત ભટ્ટજીના સત્યપ્રેમને માટે એમને ધન્યવાદ આપીશું.

ઉપોદ્ઘાતમાં શ્રીપુરુષોત્તમજીનો શ્રીરઘુનાથજીનો પરિચય કરાવ્યો હોત તો ઠીક થાત. શ્રીમધ્વાચાર્યજીને ગુસાંઈજીના મતવિરોધિનો પરિહાર સ્વાનુભવસિદ્ધ હોવાથી રુચિકર છે.

ભક્તિહંસનો, ભક્તિતરંગિણીનો, તીર્થનો અને વિવેકનો એમ ચતુર્વિધ વિષયાનુક્રમ ગ્રન્થના આરંભે શોભે છે.

એકંદરે ઉક્ત ગ્રન્થ સર્વ પ્રકારે આદરણીય છે. અન્તમાં ભટ્ટજી સાંપ્રદાયિક નામસેવા આથી ઉત્તરોત્તર અધિક કરો, અને તેને વાસ્તે પ્રભુ એમને અપેક્ષિત સર્વ સામગ્રીનું દાન કરો એવી શુભેચ્છા દર્શાવીશું.

साम्प्रदायिक मुद्रित ग्रन्थो.

संस्कृत.

१	श्रीमदणुभाष्यम् मुद्रणम्.	१५—०—०
१	श्रीमदणुभाष्यम् सप्रदीपम् यन्त्रस्थम्.	
१	[illegible] निबन्ध भावप्रकाशसहितः शास्त्रार्थ सर्वनिर्णयनामकप्रकरणद्वयम्.	५—०—०
१	श्रीसुबोधिनी (जन्म प्रकरणम्.) टिप्पणीसहिता.	२—०—०
१	श्रीसुबोधिनी फलप्रकरणम्.	२—८—०
१	विद्वन्मण्डनम्, सुवर्णसूत्रसहितम्.	२—४—०
१	ब्रह्मसूत्रवृत्तिः भावप्रकाशिका. (प्रथमाध्याय) श्रीकृष्णचन्द्रकृता.	१—०—०
१	ब्रह्मसूत्राणि, मरीचिका, श्रीव्रजनाथप्रभुकृता.	१—०—०
१	प्रस्थानरत्नाकरः (काशी).	१—०—०
१	प्रस्थानरत्नाकर (मुंबई.)	०—८—०
१	शुद्धाद्वैतमार्तण्डः प्रमेयरत्नाश्च	१—०—०
१	शुद्धाद्वैतमार्तण्डः सगुर्जरानुवादः	१—०—०
१	[illegible] श्रीहरिरायकृतः	०—१—६
१	[illegible]	०—४—०
१	[illegible] संग्रहः श्रीविठ्ठलप्रभुकृतः	०—४—०
१	गीतामृततरंगिणी.	२—०—०
१	श्रीमद्भागवतरहस्यप्रबोधिनी.	१—०—०
१	पुष्टिमार्गीयस्तोत्र सरित्सागर (१—१०).	३—८—०
१	भक्तिमार्तण्डः.	२—०—०
१	पुष्टिमार्गीयस्तोत्र षोडशग्रन्थ, भाषानुवाद.	२—०—०
१	श्रीमद्भागवतम्	१—८—०
१	[illegible] (१०८)	०—१—०
१	ब्रह्मसूत्र.	०—१—०
१	श्रीसुबोधिनी (प्रथम स्कन्धः)	६—८—०
१	तत्त्वदीपनिबन्ध (मुंबई)	४—०—०
१	सिद्धान्त मार्तण्ड	१—०—०
१	प्रमेयस्कन्धः भावप्रकाशिका.	
१	श्रीमद्वल्लभस्तुतिरत्नाकर	१—०—०

व्रजभाषा.

१	तत्त्वार्थदीप निबन्ध सर्व निर्णय शास्त्रार्थः (टीका)	२—०—०
१	તત્ત્વાર્થદીપ નિબન્ધ શાસ્ત્રાર્થ. (ટીકા).	૨—૦—૦
૧	શુદ્ધાદ્વૈત માર્તંડ (ટીકા).	૦—૪—૦
૧	સર્વોત્તમજી ભાષાટીકા.	૦—૪—૦
૧	યમુનાષ્ટક અને ચતુઃશ્લોકી.	૦—૪—૦
૧	[illegible] વિવેક.	૦—૨—૦
૧	કીર્તન સંગ્રહ (ત્રણ વિભાગે) (ડાકોરવાળી).	૮—૦—૦
૧	બસો બાવન વૈષ્ણવની વાર્તા.	૫—૦—૦
૧	ચોરાશી વૈષ્ણવની વાર્તા.	૫—૦—૦
૧	વલ્લભાખ્યાન મૂળ પુસ્તક વગેરે.	૦—૧૨—૦
૧	શિક્ષાપત્ર (મોટું) શ્રીહરિરાયકૃત.	૩—૪—૦
૧	કીર્તન રત્નાકર સેવાવિધિ.	૩—૦—૦
૧	[illegible]પુષ્ટિપ્રમેય.	૩—૮—૦
૧	ભાવસિંધુ.	૧—૪—૦

ગુજરાતી.

૧	પુષ્ટિમાર્ગ [illegible]	૦—૨—૦
૩	શુદ્ધાદ્વૈત મંજરી.	૦—૩—૦
૩	વૈદિક માર્ગ નિરીક્ષા.	૦—૪—૦
૧	વલ્લભાખ્યાન રહસ્યદીપિકા.	૦—૧૦—૦
૧	વિજ્ઞપ્તિ [illegible] કૃત.	૦—૩—૦
૧	દીનતા આશ્રયના પદ.	૦—૧—૦
૧	[illegible] પુરાણનો પરિચ્છેદ.	૦—૪—૦
૧	મનુષ્ય સ્વરૂપ ને ધર્મ વિલાસ.	૦—૧૨—૦
૧	શુદ્ધાદ્વૈત સિદ્ધાન્ત પ્રદીપ [illegible] કૃત.	૨—૦—૦
૧	વિદ્વન્મંડન ગુજરાતી ભાષાન્તર.	૧—૮—૦
૧	વિવિધ [illegible]	૦—૮—૦
૧	પુષ્ટિ સુધાકર [illegible] કૃત.	૦—૧—૦
૧	ષોડશ ગ્રન્થ.	૦—૮—૦
૧	ષોડશ ગ્રન્થ [illegible]	૦—૪—૦
૧	ગોપીગીત સમશ્લોકી યમુનાષ્ટકના પદ.	૦—૧—૬
૧	ગોપીગીત વગેરે.	૦—૪—૦
૧	શ્રીવલ્લભાચાર્યનું આખ્યાન.	૦—૪—૦
૧	વલ્લભાખ્યાન મૂળ પુસ્તક.	૦—૧—૬
૧	શ્રીહરિરાયજીનું મોટું શિક્ષાપત્ર.	૨—૩—૦
૧	શ્રીસુબોધિની પ્રથમ સ્કન્ધ.	૩—૮—૦

Reg. No. B.

૧ ભક્તિમાર્ગ રહસ્ય.	૦—૪—૦
૧ શ્રીમદ્ભગવદ્ગીતા સુબોધિની ટીકા.	૦—૮—૦
૧ ભક્તિપ્રકરણ, રા. ગાંધી.	૦—૨—૦
૧ ઉપદેશસુધા.	૦—૪—૦
૧ તુલસીમાલાધારણવાદ.	૦—૪—૦
૧ પુષ્ટિમાર્ગી સિદ્ધાન્ત પટચારી.	૦—૮—૦
૧ આપવાદ શ્રીહરિરાયજી.	૦—૨—૦
૧ પત્રાવલંબન મૂલ તથા ગુજરાતી.	૦—૫—૦
૧ ભાગવતતત્ત્વ મનિરાસંવાદ.	૦—૨—૦
૧ ભેદાભેદસ્વરૂપનિર્ણય.	૦—૨—૦
૧ પુષ્ટિમાર્ગપ્રકાશ—ચોપાનીયા.	૦—૪—૦
૧ માધવતીર્થના લેખનો જવાબ.	૦—૨—૦
૧ આરોગ્ય નિર્ણય.	૦—૮—૦
1 System of Vallabhacharya.	free.

રા. બા. લલ્લુભાઈ પ્રાણવલ્લભદાસ પ્રકટિત.

૧ તત્ત્વદીપ શાસ્ત્રાર્થ પ્રકરણ.	૧—૦—૦
૧ શ્રીકૃષ્ણ લીલામૃત ૧ ભાગ	૧—૦—૦
૧ ,, ૨ ,,	૧—૦—૦
૧ શ્રીવલ્લભાચાર્ય જીવનચરિત્ર.	૧—૦—૦
૧ સમાપ્ય દોષ વિવરણ.	૦—૨—૦
૧ ખણ્ડવાદ.	૦—૨—૦
૧ Pushtimarga.	0—3—0
૧ શાસ્ત્રીય વિચાર.	૦—૩—૦

શ્રીવલ્લભીય ગ્રન્થ પ્રકાશક ફંડ પ્રકટિત.

૧ સંન્યાસનિર્ણય.	૦—૩—૦
૧ ભક્તિહંસ.	૦—૬—૦
૧ જલભેદ-પંચપદ્યાનિ.	૦—૩—૬
૧ પુષ્ટિપ્રવાહમર્યાદા.	૦—૫—૦
૧ દુઃસંગવિવાદનપ્રકાર.	૦—૧—૦
૧ ઉપદેશક મનિરાસવાદ.	૦—૨—૬
૧ ભક્તિવર્ધિની.	૦—૨—૬
૧ સિદ્ધાન્તમુક્તાવલી.	૦—૫—૬
૧ યમુનાષ્ટક.	૦—૧—૦
૧ બાલબોધ.	૦—૩—૬

૧ અન્તઃકરણ પ્રબોધ.	
૧ સિદ્ધાન્ત રહસ્ય.	
૧ વિવેકધૈર્યાશ્રય.	
૧ નવરત્ન.	

ગો. શ્રીજીવનલાલજી પ્રકટિત.

૧ વૈષ્ણવ નિત્યાહ્નિક.	૦—
૧ વૈષ્ણવ સંક્ષિપ્તાહ્નિક.	૬
૧ વૈદિકત્વાવૈદિકત્વ વિચાર.	૦—૨
૧ ઉપદેશમીમાંસા.	૦—૧૦
૧ અનાચારણ દર્પણ.	૦—૧૨
૧ આમ્નાય તત્ત્વભાસ્કર.	૦—
૧ શંકરજયન્તીવ્યાખ્યાનાવલોકન.	૦—૧
૧ નીલેર ભાસ્કર.	૧—
૧ મૂર્તિપૂજા.	૧—
૧ શ્રીગીતા, છગનશાસ્ત્રીની.	૦—૧

શ્રીમદ્ વૈષ્ણવપરિષદ્ પ્રકટિત.

१ गायत्रीभाष्यम्.	यन्त्रस्थः
१ अणुभाष्यम् [illegible]	
१ अधिकरणसंग्रह.	०—
१ वेदान्ताधिकरणमाला.	यन्त्रस्था
१ शाण्डिल्यभक्तिसूत्रभाष्यम्.	०—४
१ प्रस्थानरत्नाकरः	०—८—
१ श्रीमद्भगवद्गीतातत्त्वदीपिकासहिता.	०—२—

श्री गोकुलनाथप्रचार प्रकाशित.

૧ શ્રીસુબોધિની પ્રથમસ્કંધ.	યન્ત્રસ્થ.
૧ શુદ્ધાદ્વૈતદર્શન.	૦—૮—
૧ ભક્તિહંસ.	૦—૧૪—
१ मेवाकौमुदी.	

દયારામ કાર્યાલયમાં પ્રકટિત.

૧ દયારામ કાવ્ય મણિમાલા. ભા. ૧	૧—૪—
૧ દયારામ કાવ્ય મણિમાલા. ભા. ૨	૧—૪—

ચિત્રો.

૧ શ્રીવલ્લભાચાર્યજી.	૦—૧
૧ શ્રીગુસાંઈજી.	૦—૧
૧ શ્રીપુરુષોત્તમજી.	૦—૧—

આ સર્વ પુસ્તકો નીચે ઠેકાણેથી મળી શકશે—

૧. પુષ્ટિમાર્ગીય પુસ્તકાલય, મંત્રી—નડીયાદ.
૨. કીર્તનીયા બલદેવદાસ, સાતસ્વરૂપની હવેલી, ભુલેશ્વર—મુંબઈ.
૩. દયારામ કાર્યાલય. નારાયણદાસ પરમાનંદદાસ. કંસારકંડા—મુંબઈ નં. ૪.

पुष्टिभक्तिसुधा.

नायमात्मा प्रवचनेन लभ्यो न मेधया न बहुना श्रुतेन ।
यमेवैष वृणुते तेन लभ्यस्तस्यैष आत्मा वृणुते तनुं स्वाम् ॥१॥
नाहं वेदैर्न तपसा न दानेन न चेज्यया ।
शक्य एवंविधो द्रष्टुं दृष्टवानसि मां यथा ॥ २ ॥
भक्त्या त्वनन्यया शक्यः अहमेवंविधोऽर्जुन ।
ज्ञातुं द्रष्टुं च तत्त्वेन प्रवेष्टुं च परन्तप ॥ ३ ॥

વર્ષ ૬.] શ્રીકૃષ્ણાબ્દ ૫૧૪૦. જ્યેષ્ઠ, આષાઢ કૃષ્ણ ૧૧. શ્રીવલ્લભાબ્દ ૪૨૮. [અંક ૩-૪.

તંત્રી તથા પ્રકાશક,
વાડીલાલ નગીનદાસ શાહ. બી. એ. એલ્. એલ્. બી. વકિલ, હાઈકોર્ટ-મુંબઈ.

વિષયો.	લેખકો.
૧. બ્રહ્મસૂત્રશ્રીમદણુભાષ્યમ્.	રા. રા. મૂળચન્દ તુલસીદાસ તેલીવાલા. B. A. LL. B. Vakil; High Court.
૨. નિવેદનતાત્પર્યાર્થ.	રા. રા. વસન્તરામ હરિકૃષ્ણ શાસ્ત્રી.
૩. શ્રીમત્પ્રભુચરણકૃત ભક્તિહંસ.	રા. રા. D. B. A; LL. B. Vakil, High Court.
૪. શુદ્ધાદ્વૈત પ્રવાહ.	રા. રા. મૂળચન્દ તેલીવાલા. B. A. LL. B.
૫. ગ્રન્થાવલોકન.	
અ. ભક્તિપ્રકરણ.	રા. રા. મૂળચન્દ તેલીવાલા. B. A. LL. B.
બ. ત્યાગમહત્ત્વમણિમાલા. ભા. ૧.	રા. D. B. A. LL. B.
૬. શ્રીસર્વોત્તમસ્તોત્ર.	પ્રકાશક.
૭. ટીકાનો.	રા. રા. ગોવર્ધનદાસ ફુલચંદ.

Printed by Somalal Mangaldas Shah at the Gujarat Printing Press Panch Kuva, Ahmedabad
and published by Vadilal N. Shah B. A. LL. B. and [illegible] Bhuleshwar, Bombay.

जीवसमानपर्यायप्रकरणे निरूपितं, श्रुतिस्तु स वा एष तस्मिन्संप्रसादे रत्वा चरित्वा दृष्ट्वैव पुण्यं च पापं च प्रतिन्यायं प्रतियोन्याद्रवति बुद्धान्तायैवेति सः जीवः वै निश्चयेन एषः स्वयञ्ज्योतिः संप्रसादे सुषुप्तिस्थाने रत्वा क्रीडित्वा सता संपरिष्वज्य चरित्वा तदानन्दं भुक्त्वा दृष्ट्वैव पुण्यं च पापं च चकाराच्च तदुभयफलभूते सुखदुःखे स्वाप्ने नाडीष्वनुभूय प्रतिन्यायं आयोः गमनं निवृत्त्यायो न्यायः पूर्वगमनप्रातिकूल्येन गमनं प्रतिन्यायः तथा यथा स्यात्तथा प्रतियोनि यतः संप्रसादे समागतस्तत्स्थानं योनिस्तल्लक्षीकृत्य आद्रवत्यागच्छति बुद्धान्ताय जागरणायेत्यर्थः ।

रमणं स्वरूपानन्दानुभवः आनन्दभुगिति श्रुतेः, चरणमीश्वरसंपत्तिः सता सोम्य तदा संपन्नो भवतीति श्रुतेः, पुण्यदर्शनमानन्दानुभवः पुण्यस्यानन्दफलत्वात् सुखमहमस्वाप्समित्यनुभवात्, पापस्याज्ञानफलत्वेन पापदर्शनमज्ञानानुभवः, न किञ्चिदवेदिषमित्यनुभवादिति केचिदाहुः ।

तत्रैवं सन्देहः, नाडीभ्यः पुनर्हृदयदेशं गत्वा भगवतः सकाशात्समागत्य जागर्तीति आहोस्विदत्र स्थितस्तत्र जागर्तीति, तत्र श्रुत्यनुरोधात् चरित्वा प्रतिन्यायं, प्रतियोन्याद्रवति बुद्धान्तायेति गमनार्थकचरधातुप्रकृतिकक्त्वाप्रत्ययेन प्रतियोन्याद्रवणात् पूर्वकाले गमनं हृदयदेशमागत्य जागर्तीत्येवं प्राप्त उच्यते,

अतः प्रबोधोऽस्मात् ॥ ८ ॥

अतः नाडीभ्य एव प्रबोधः आगमनक्रियात्मके प्रतिन्यायमाद्रवणे श्रुतिराह, प्रतिकूलागमनरूपा क्रिया जागरणमन्तराऽनुपपन्नातो नाडीभ्य एव प्रबोध इति बोधयति, गर्तपतितस्य प्रबोधेऽपि ततो गमनं लोके दृष्टं, चरित्वेत्यस्य भक्षित्वेत्यर्थात्, आनन्दभुगिति श्रुतेः, अत्र जीवस्य प्रतियोन्याद्रवणं भगवत एव, प्रेरकत्वात्, किञ्च प्रबोधः अस्मादात्मनः सकाशादेव प्रबोधः, प्रिययेव संपरिष्वक्तस्य बोधाभावे कथमागमनं, अत एव संपरिष्वक्तो निबिडनिद्रः, यदा हि भगवान् त्यजति परिष्वङ्गं तदायं प्रबुध्यते, प्रतियोन्याद्रवति च, तथाच सति सत आगत्य न विदुः सत आगच्छामह इत्यादिवाक्यानि तदभिप्रायाणि, न तु स्थानान्तराभावाभिप्रायाणि, स्थानान्तरसञ्चार उपपत्तेर्गौरवत्वात्, तस्मादत्रैव स्वपितीति तत एव प्रबोधो न तु हृदयदेशमागत्येति सिद्धम् ॥ ८ ॥

किञ्चिदाशंक्य परिहरति, ननु प्रियमेव प्राज्ञेनात्मना परिष्वक्तस्य ब्रह्मलोकं गतस्य प्रबोधेन ज्ञाने मुक्त एव भवेत्, न तु पुनरागच्छेत्, अतो

भगवदिच्छया देहनिर्वाहाय तत्स्थाने नियुक्तोऽन्य एव जीवः समायातु, किञ्च, अन्यतः प्रबोधे तु स एव, अन्यस्मिञ्जीवे तत्रागते व्यवहारस्तु सुषुप्तौ विघातभावमापन्नो भगवता योगिप्रवेशवत् सत्स्यति, किञ्च मुक्त्यर्थं प्रयत्नस्तु न कर्तव्यः, अनायासेनैव सुषुप्त्या मुक्तिसिद्धेः, तेनाजागलस्तनायितं साधनशास्त्रं स्यात्, तस्मादन्यतः प्रबोध इत्याशंक्य परिहरति तुशब्दः,

स एव तु कर्मानुस्मृतिशब्दविधिभ्य ॥ ९ ॥

अस्मादपि प्रबोधे स एव, कुतः, कर्मानुस्मृतिशब्दविधिभ्यः, चत्वारो हेतवः, लौकिकवैदिकयोर्ज्ञानकर्मभेदात्, तत्र लौकिके कर्मणि सामिकृतकर्मणः शेषसमापनात्, न हि कश्चित्सुषुप्तिप्रतिबुद्धः सामिकृतं न समापयतीति क्वचित्सिद्धम्, तथानुस्मृतिः, न हि पूर्वदृष्टं न स्मरतीति क्वचित्सिद्धं, शब्दाश्च, पुण्यः पुण्येन कर्मणा भवति पापः पापेन, कैप यदाभूस्तत्र पतदगादिति, एवं च सुषुप्तौ सत्संपत्त्या मुक्त्यङ्गीकारे पुण्यपापफलाभावाच्छ्रुतिविरोधः, कैप इत्याक्षेपः, सुप्तागतयोरेकस्यैव परामर्शको विरोधपदवीमारोहेत्, सति सम्पद्य न विदुरिति अनागतज्ञानकथनं मुक्तौ विरुध्येत्, तस्मादेते शब्दाः सुषुप्तिप्रबुद्धस्यैव बोधकाः, तथा सति संपद्येत्यादयश्च, विधयश्च, श्वोभूते प्रमाणं वृणीते, श्वोभूते शेषं स जुहुयात्, एक एव यजेत, द्वादशरात्री दीक्षितः स्यादित्यादि, यः कामयेत वीरोम अभायेतेत्यादयः, नायमात्मा प्रवचनेनेतिश्रुत्या भगवज्ज्ञाने वरणमेव हेतुः, स च मर्यादायां साधनद्वारैवेति भगवता मर्यादारक्षार्थं बोधे मुक्त्यभावाय स्वाज्ञानकरणात्, सति संपद्य न विदुरित्यादिश्रुतेः, पूर्वपक्षयुक्तयो दुर्बलाः, तस्माद्भगवतः सकाशात्प्रबोधेऽपि स एव प्रतिबुध्यते ॥ ९ ॥

किञ्चिदाशंक्य परिहरति, ननु यत्र कर्मानुस्मृतयो न सन्ति तत्रान्यो भविष्यति, कश्चिन्मूर्छादिविक्षेपे सर्वस्मृतिनाशेन पुनर्भावदर्शनात्, यथा कस्यचिद् सर्प्मणि यथान्येनैव लौकिकवैदिकव्यवहारास्तथान्यत्रापि सौषुप्तिकेऽन्यजीवे भविष्यन्ति, अनुस्मरणादयश्च बुद्धिवृत्तयो नानाविधा संभवन्ति, गंगाप्रवाहे प्रविष्टस्य जलान्तरस्य गंगावत् य एव विश्रंशो बुद्धिवृत्तिप्रवाहे समायाति स एव पूर्वकर्मसमाप्तिकर्ता तथा भवतु, शब्दा विधयश्च तदादिन्यायेनैकबुद्धिविषयतयोपपन्ना इति लौकिकवैदिकव्यवहारे निष्प्रत्यूहे सिद्धे किं स एव समायातीतिनिर्बन्धेनेत्याशंक्य परिहरति,

मुग्धेर्धसंपत्तिः परिशेषात् ॥ १० ॥

मुग्धे मूर्छायनन्तरं जीवतो मुग्धभावे अर्धसंपत्तिरेव तमादितरा निश्चायिका साधारणी बुद्धिर्न सर्वा, न हि मूर्छोपरमादपि निरूढपूर्वसंस्काररूपस्य मुग्धस्य यज्ञाद्यधिकारोस्ति, कर्ता शास्त्रार्थवत्त्वादित्यधिकरणे कर्ता जीव एव न तूपाधिः, ततश्च शब्दा विधयश्च जीवविषयाः, ततश्चार्थी समर्थो विद्वानित्यादिनोक्तो यज्ञाद्यधिकारस्स मुग्धस्य न संभवति, पूर्वमहृतान्यग्निहोत्रादीनि तु जीवनाधिकारात् क्रियन्ते नापूर्वाणि, एवं लौकिकव्यवहारोपि पूर्व एव निर्वहति नापूर्वः सिध्यति, तथा च तत्र स वान्यो वेति निर्णेतुं न शक्यते, लोकेन्यशरीरेन्यस्य निवेष्टुं न शक्नोति, पुराणेपि मूर्छितोपबर्हणगंधर्वजीवने तच्छरीरे तस्यैव प्रवेशोक्तेः, वशिष्ठोपदिष्टमंत्रपूजादेः पत्न्या प्रबोधनवदतिमुग्धत्वस्योदितत्वाच्च, तस्मान्मुग्धभावोत्तरं पूर्वोक्तकर्मानुस्मृतिशब्दविधिहेतुसद्भावे तु न कोपि दोषः, अतो मुग्धे यत्र मुग्धेऽनुस्मृत्यादीति ? यत्र चानुग्रहस्तत्रार्धसंपत्तिः पूर्णैव संपत्तिर्नोभयत्र, कुत एतत्, परिशेषात्, प्रसक्तप्रतिषेधे यस्तत्प्रतियोगी न भवति स परिशेषः, स एव वा न वेति निश्चयप्रमाणानामभावादयंसन्देहो विशिष्यते निषेधाप्रतियोगित्वेन, तस्मात्सन्देहान्मुग्धे अर्धप्रतिपत्तिः, किञ्चात्र प्रतिपत्त्यादिपदं नोक्तं यत्संपत्तिपदमुक्तं तेन मुग्धे मूर्छितेऽर्धसंपत्तिः, यथा नाडीषु सुप्तस्य दुःखाभावमात्ररूपार्धसंपत्तिस्तद्वदत्रेति ज्ञेयं, तेन कालियदमनस्थले मूर्छितस्यार्धसंपत्त्या इन्द्रियाणां प्राणानां च पुनरागमनं यदुक्तं तदपि न विरुणद्धि, अनुस्मृत्या च स एव जीव इत्यपि, अविचारस्तु जीवावस्थाभावत्वादेवेति च,

यत्तु अस्ति मुग्धो नाम यन्मूर्छित इति लौकिकाः कथयन्ति स च किमवस्थ इति परीक्षायामुच्यते तिस्रोवस्थाः शरीरस्थस्य जीवस्य जागरितं स्वप्नः सुषुप्तमिति, चतुर्थी तु शरीरादपसृप्तिर्न तु पञ्चमी काचिदिति चतसृणामेवावस्थानामन्यतमावस्था मूर्छेत्येवं प्राप्ते ब्रूमो, न तावन्मुग्धो जागरितावस्थो भवितुमर्हति, नह्ययमिन्द्रियैर्विषयानीक्षते, नापि स्वप्नान्पश्यति निःसंज्ञत्वात्, नापि मृतः प्राणोष्मणोर्भावात्, नापि सुप्तः वैलक्षण्यात्, मुग्धश्च कदाचिच्चिरमपि नोच्छ्वसिति, सवेपथुरस्य देहो भवति भयानकं च वदनं विस्फारितनेत्रः, सुप्तस्तु नैवं, मुग्धसुप्तयोर्मुसलाद्यभिघातनिमित्तत्वान्मोहस्य श्रमादिनिमित्तत्वाच्च स्वापस्येत्यादिभेदात्, नापि मूर्छितस्य मृत इति लोकव्यवहारः तस्मात्परिशेषादर्धसंपत्तिर्मुग्धतेत्यवगच्छामः, ततश्च पञ्चमीयमवस्था कादाचित्कीति नातिप्रसिद्धेष इति, तन्न, अत्र भ्रमकृता प्राणायनकृता मूर्छा विचार्येत चेद्बाल्यमपि विचारयेत्, मूर्छायाश्च प्राणानां स्वस्थानपरित्यागेन जायमानतया प्राणधर्मत्वात्, बाल्यस्य शरीरधर्मत्वात्,

अतो नेदं विचार्यते, वर्णयमपि न, किञ्च व्यर्थश्च विचारः प्रयोजनविरहात्,

यदत्र यदाचैतदवस्थान्तरं तदा तत्प्रविलयाय यत्नान्तरमास्थेयं, अभेदे तु न यत्नांतरमिति चिन्ताप्रयोजनमुक्तं, तदपि तदा युज्येत यथाचार्यः संसारव्यवहारबोधनाय सूत्राणि प्रवर्तयेत्, शरीराऽनामयस्यापि ज्ञाने हेतुत्वेति वयोविचारमपि सूत्रयेत्, किञ्च नेयं जीवस्यावस्थापि तु प्राणस्येति प्रकरणविरोधो विचारे, अथ जीवः साक्षी सर्वावस्थाश्च तदुपाधीनामेवेति प्राणावस्थाया विचारे को दोष इति चेत्केवलसाक्षिवादाश्रयत्वेनोक्तिर्ब्रह्मवादापरिज्ञानात्, केवलसाक्षिवादनिराकृतिस्तु सुषुप्त्युत्क्रान्त्योर्भेदेनेत्यत्र समीचीना निरूपिता, किञ्च स एव तु कर्मानुस्मृतिशब्दविधिभ्य इति सूत्रं व्यर्थं स्यात्केवलसाक्षिवादे, तस्माज्जीवावस्थात्वाभावात् मुधाधावनं प्राणावस्थाविचारे इति सुषुप्त्यधिकरणशेषत्वमेव सम्यगिति दिक् ।

कश्चित्तु येषामीश्वर एव साक्षात्संसारीति सिद्धान्तस्तेषां न पूर्वपक्षसमाधानौ प्रकल्प्येते इत्याह,

तस्मात्स एव जीवः स्वप्नादिदोषसंबंधरहितस्तादृशजन्मयुक्तो भगवज्ज्ञानरहितो ज्ञानाधिकारीतिसिद्धं,

कर्मन्दी तु मुसलाभिघातादिजन्या मूर्छा सुषुप्तिविशेषः, मुग्धे अस्पष्टज्ञाने पुरुषेऽर्धसंपत्तिरूपा सुषुप्तिर्भवति, यथा संप्रज्ञातासंप्रज्ञातभेदेन योगो द्विधा भवति तथा सुषुप्तिरपीति, इमां च प्रपञ्चार्धसंपद्रूपां सुषुप्तिमुपक्रम्य आनन्दभुक् चेतोमुखः प्राज्ञः जाग्रत्स्वप्नसुषुप्त्यादिप्रपञ्चं यत्प्रकाशत इत्यादिश्रुतयः प्रवृत्ता इत्युवाच, तन्न विचारक्षमं, श्रुतयस्तु नाडीसुषुप्तिमादाय प्रवृत्ता न मोहावस्थां, सुखदुःखमोहस्मृतयो रोमोद्गमवेपथुविकृताननयनादयो दृश्यन्ते मुग्धभावे न तु सुषुप्तौ त्वयैवाङ्गीकारात्। जागरे बहिरनुक्षणधर्मिणोपान्त्यके समस्तकरणैर्हृदि सत्सदृशान् स्वप्ने सुषुप्त उपसंहरते स एकः स्मृत्यन्वयात् त्रिगुणदीपवदिंद्रियेश इत्येकादशाज्जाग्रदाद्यवस्थास्वैक्यात् सुषुप्तावंतर्भावे कारणं न पश्यामः, अथ बृहदारण्यकेऽत्रमीदृशायामवस्थाभयमेवोक्तमतो जाग्रत्स्वप्नविलक्षणत्वेन परिशेषात्सुषुप्तावेवांतर्भाव इति चेन्न परिशेषस्य मरणार्धसंपत्तावपि तुल्यत्वात्, न च पुनरुत्थानाच्च मरणेंतर्भाव इति वाच्यं, नामभ्रान्त्या यमदूतनीतानामपि पुनरुत्थानात्, षष्ठस्कन्धे चित्रकेतुपुत्रस्य पुराणांतरे सावित्रीभर्तुः सत्यवतश्च पुनरुत्थानकथनात्, तस्मात्सर्वप्राणदेहोपरतिर्मरणं, सूक्ष्मप्राणदेहसंबन्धावस्थितिर्मूर्छेतियुक्तमुत्पश्यामः ॥ १० ॥

इति तृतीयाधिकरणं ॥ ३ ॥

निवेदनतात्पर्यार्थ.

अथ निवेदनवाक्यार्थस्तु—सृष्ट्यादावेव जीवाः स्वतो भगवता सृष्ट्यर्थं भिन्नाः कृताः, तेषां ततः प्रभृति भगवता सह भगवदंशानां वियोगोऽस्त्येव, न परं तापक्लेशः, सम्बन्धाभावात्; सम्बन्धस्तु प्रपञ्चासक्तिनिवृत्त्या भवति, सा तु यावद्देहसम्बन्धमहन्ताममतयोरविद्याकार्ययोः सत्त्वान्न भवितुं शक्नोति, अतो यदाऽहन्ताममतयोर्बाधकत्वं भविष्यतीति पुनः सम्बन्धसिद्धिः, तथा पुनर्देहादेः पाकेन गृहादेः कार्यसमर्पणमिव भगवत्कार्योपयोगित्वं भवतीत्यलमुक्त्वा ॥

इति श्रीहरिदासोदितो निवेदनतात्पर्यार्थः ॥

१. भक्तरूपा जीवा द्विविधाः। केचन मर्यादायां स्थिताः साधनपरास्तेषां मुक्तिरेव फलं, ये च मर्यादापुष्टिभक्तास्तेषां सर्वसाधनत्यागपूर्वकशरणागतौ क्रियमाणसेवनायां सेवाफलोक्तफलसिद्धिः। अन्येषां चासुराणां प्रकृतिजन्यानां संसारनिमग्नानामन्धतमसप्रवेशरूपा मुक्तिः, नहि तेषां भगवत्प्राप्तिसम्बन्धगन्धोऽपि, 'मामप्राप्यैव कौन्तेय' इत्यादिवचनात् ॥ तत्पुस्तकस्थं टिप्पणम्।

ભાવાર્થ—આત્મનિવેદનનો વાક્યાર્થ આ પ્રમાણે છે. વાક્યાર્થ એટલે નિવેદનમંત્રમાં જે શબ્દો કે અક્ષરો રહેલાં છે, તે સર્વનું સ્વરૂપ, તેનો ભાવાર્થ, એ જ નિવેદનનો વાક્યાર્થ. એને શ્રીહરિદાસજી સ્પષ્ટ કરે છે.

एकोऽहं बहु स्यां, एकाकी न रमते स द्वितीयमैच्छत् એ શ્રુતિવાક્યને આધારે પ્રથમ તો પ્રભુએ સૃષ્ટિ રચવાની ઇચ્છા કરી. રમણ કરવા માટે સૃષ્ટિ રચે છે એમ ઉપનિષદ્ કહે છે. રમણ કેમ બની શકે? સર્વત્ર એક જ ભગવાન્ છે. ભગવાન્ ભગવાન્ સાથે રમણ કેમ કરે? એ શંકા થતાં શ્રુતિ કહે છે કે પ્રભુ પોતે રમણ કરવા બહુરૂપે થાય છે. સૃષ્ટિ રચવા માટે પોતાનામાંથી જ અનેક જડજીવાદિ પ્રકટ કરે છે. જીવો સ્વસ્વરૂપ હોવાથી સૃષ્ટિ કરવાની જ્યારે પ્રભુ ઇચ્છા કરે છે, ત્યારે તે જીવોને પોતાનાથી જુદા કરે છે જ્યારથી ભગવત્સ્વરૂપ જીવો જુદા થાય છે, ત્યારથી પ્રભુથી તેઓ વિખુટા પડે છે, પ્રભુનો વિયોગ પ્રાપ્ત થાય છે. જુદા પડયા ત્યારથી પ્રભુનો સંબંધ છુટ્યો: અને વિયોગ જ રહ્યો.

---

[1] ભક્તજનના જીવો. દૈવ જીવો બે પ્રકારના છે. તેમાંના કેટલાક કેવળ મર્યાદામાં જ રહેલા છે, તેઓ વેદ શાસ્ત્રોમાં વર્ણવેલાં સાધનો કરીને મોક્ષરૂપ ફળને પ્રાપ્ત કરે છે. તેઓને મોક્ષ જ ફળ મળે છે, અધિક નહિ; જેઓનો મર્યાદા પુષ્ટિમાં અધિકાર થયેલો છે, તેઓ તો મર્યાદાના સર્વ સાધનોને તિલાંજલિ આપીને પ્રભુને શરણે જાય છે; અથવા તો મર્યાદા માર્ગના સાધનોજ તેવા જીવોને છોડીને ચાલ્યાં જાય છે. શરણે જવા પછી તે જીવો પ્રભુની સેવા કરે છે અને સેવા કરતાં કરતાં રસમય પ્રભુ સાથે અનેક અલૌકિક આનંદમય લીલા ભોગવે છે, એ સેવાફળ ગ્રંથમાં કહેલા ફળની તેઓને પ્રાપ્તિ થાય છે. જેઓ પ્રકૃતિ—આસુરભાવથી ઉત્પન્ન થયેલા છે, તેવા અસુરોને તો સંસારમાં ભમવાનો નિશ્ચય થયેલો હોવાથી તે લોકોને અંધતમસ નામના મહાનરકમાં પ્રવેશ કરવારૂપ મુક્તિ મળે છે. તે લોકોને પ્રભુની પ્રાપ્તિના સંબંધનો ગન્ધ પણ નથી. કેમકે પ્રભુ જ શ્રીમુખે ગીતામાં આજ્ઞા કરે છે કે 'હે અર્જુન, તે આસુર જીવો મને પ્રાપ્ત કર્યા વિનાજ અધમ ગતિને પ્રાપ્ત થાય છે. તેઓને આસુર યોનિમાં જ હું નાખું છું.'

ભગવાનથી વિખુટા થયા તો પણ તેઓને તાપક્લેશ નથી થતો. વિયોગ હોય તો તાપ ક્લેશ થવો જોઇએ; પરંતુ વિયોગ છતાં; હજારો વર્ષનો વિયોગ છતાં જીવોને લેશ પણ પ્રભુને મળવા માટે તાપ કે ક્લેશ કાંઇ થતું નથી. કારણ શું? કારણ એ જ કે પ્રભુનો સંબંધ નથી. જ્યારથી વિખુટા પડ્યા ત્યારથી પ્રભુ સાથેનો તાર તુટ્યો; સંબંધ છુટ્યો; હવે પ્રભુના વિયોગને લઇને થવો જોઇતો તાપક્લેશ ક્યાંથી થાય? થોડો પણ પ્રભુનો સંબંધ રહ્યો આવતો હોય તો તેઓને પ્રભુનો વિયોગ સાંભરી આવે અને પ્રભુની પ્રાપ્તિ માટે આર્તિ ઉદ્ભવે. સમૂળગો સંબંધ જ્યાં નથી ત્યાં પ્રભુપ્રાપ્તિ માટે તાપ ક્લેશની ઉત્પત્તિ ક્યાંથી ?

વિયોગ પ્રાપ્ત થયા પછી પ્રભુનો સંબંધ કેવી રીતે થાય? એ પ્રશ્નના ઉત્તરમાં આપશ્રી આજ્ઞા કરે છે કે, પ્રપંચમાંથી આસક્તિ દૂર થયા પછી પ્રભુનો સંબંધ થાય છે. પ્રપંચમાં જ્યાંસુધી આસક્તિ લાગી પડી છે, ત્યાં સુધી પ્રભુનો સંબંધ સંભવિત નથી. મારું તારું દૂર થયે પ્રભુનો સંબંધ થાય છે.

પ્રપંચમાં એટલે લોકમાં રહેલી આસક્તિ દૂર થવામાં બે આડી ફાંસો છે. એક તો અહંતા અને બીજી મમતા. એ બેની માતા અવિદ્યા એટલે અજ્ઞાન. અજ્ઞાનથી મારું તારું ઉદ્ભવે છે. સમગ્ર જગત્ પ્રભુને ખેલવાનું સ્થાન છે, એમાંના સર્વ પદાર્થો પ્રભુને ખેલવાનાં રમકડાં છે, તે બધાં પ્રભુનાં છે, પ્રભુ જ તેના માલીક છે, છતાં અજ્ઞાનને વશ થઇને કુબુદ્ધિ જીવો એને પોતાના માની લે છે, અને દુઃખી થાય છે. ત્યારે જ્યાં સુધી અવિદ્યાએ ઉત્પન્ન કરેલી બે લૌકિક અહંતા અને મમતારૂપ પિશાચિનીઓ બેઠેલી છે, ત્યાં સુધી લૌકિકમાંથી જીવની આસક્તિ દૂર થવાની નથી. જ્યારે અહંતા અને મમતાનો બાધ થશે ત્યારે ત્યારે પ્રપંચમાં રહેલી આસક્તિ દૂર થશે, અને ફરીને પ્રભુનો સંબંધ થશે. તાત્પર્ય આ છે. માયાની બે પુત્રીઓ, એક વિદ્યા અને બીજી અવિદ્યા. અવિદ્યામાં ફસાઇને જીવ પોતાનું સ્વરૂપ ભૂલી જઇને લૌકિકમાં અહંતા મમતા બાંધે છે, પ્રભુએ અહંતા મમતાનું મૂલ કારણ જે માયા, તેને જીતવાનું સરલ સાધન બતાવ્યું છે. ગીતામાં શ્રીમુખે આજ્ઞા કરે છે કે; **मामेव ये प्रपद्यन्ते मायामेतां तरन्ति ते**—મને જે શરણે આવે છે, તે એ માયાને તરી જાય છે. પ્રભુને શરણે જવાથી એ માયાનો જય થાય છે. માયાનો જય થવાથી અવિદ્યા રહેતી નથી. અવિદ્યા દૂર થતાં તેની બે પુત્રીઓ અહંતા મમતા પલાયન કરી જાય છે. અર્થાત્ જે જે પદાર્થોને ' મારા તારા ' માનવામાં આવતા તે સર્વ પદાર્થોને પ્રભુને સોંપી દઇને, પ્રભુના જ માનીને, પોતાને પણ 'હું' એમ સ્વતંત્ર ન માનતાં ' પ્રભુનો દાસ છું, એમ જાણીને ભગવત્સેવામાં પ્રવૃત્તિ થાય છે. એથી પ્રભુનો સંબંધ ફરીને સિદ્ધ થઇ ગયો એમ સમજી લેવું. જ્યારે પ્રભુનો સંબંધ થયો, ત્યારે સેવાનો અધિકાર પ્રાપ્ત થયો. જેમ કાચી માટીના ઘડાને પકાવ્યા પછી જલ લઇ આવવા વગેરે કાર્યમાં જોડી શકાય છે તેમ પ્રભુનો સંબંધ સિદ્ધ થયા પછી જ દેહ, ઇન્દ્રિય વગેરેનો પાક થાય છે. એ પાક તાપ ક્લેશરૂપ વિયોગાગ્નિથી થાય છે, પહેલાં સંબંધ થતાં જ હું પ્રભુથી હજારો વર્ષથી વિખુટો પડ્યો છું ' આવું ભાન જ્યારે થાય છે, ત્યારે પ્રભુને મળવા માટે અત્યંત આર્તિ થાય છે, તે આર્તિ વિયોગરૂપ મહાગ્નિમાં પરિણામ પામે છે, અને તે અલૌકિક અગ્નિવડે લૌકિક દેહ, ઇન્દ્રિય વગેરે જ્યારે પાકે છે, શુદ્ધ બને છે ત્યારે તે દેહ ઇન્દ્રિય વગેરે પ્રભુનાં કાર્યોમાં ઉપયોગી થાય છે. આથી વધારે શું કહીએ ! આટલું જ બસ છે.

श्रीमदग्निकुमारकृत भक्तिहंसः ।

(ગયા અંકના પૃષ્ઠ ૩૫ થી ચાલુ.)

यमेवैष वृणुते तेन लभ्यः "જેને પ્રભુ વરે, તેને જ એ પ્રભુ પ્રાપ્ત થાય" એ શ્રુતિમાં કહેલું વરણ પણ આમ નિરપેક્ષતાથી સર્વાત્મભાવથી પુરુષોત્તમની ભાવના થાય ત્યારે જ સિદ્ધ થાય.

શંકા—જેને પુરુષોત્તમ વરે તેનાથી જ પુરુષોત્તમ પ્રાપ્ય છે, તો પછી ફલને માટે કર્મજ્ઞાનભક્તિમાં નિઃશંક પ્રવૃત્તિ કેમ થાય ?

જેવો અધિકારી તેવું ફલ.

ઉત્તર—અહિં અધિકારી ભેદથી પૂજાના ફલનો ભેદ કર્યો છે. કર્મ વગેરે વિધિઓનાં વિવિધ ફલ કહેલાં છે, માટે જે જે ફલનો જેને અનુરાગ-ઇચ્છા હશે, તે તે ફલની ઇચ્છાવાળો તે તે કર્મ વગેરે કરવા પ્રયત્ન કરશે જ.

શંકા—કદાચ બીજાં ફલોને માટે કર્મજ્ઞાનભક્તિ વગેરેમાં પ્રવૃત્તિ થાય પણ પુરુષોત્તમપ્રાપ્તિને માટે તો કોઈ પ્રયત્ન કરશે જ નહિ.

ઉત્તર—ના, એમ નહિ. જેને પુરુષોત્તમપ્રાપ્તિની ઇચ્છા હોય, તેનું જ વરણ શ્રીપુરુષોત્તમે કરેલું છે એમ સમજવું; એટલે શ્રીપુરુષોત્તમે વરણ કરેલાની ઇચ્છા પુરુષોત્તમપ્રાપ્તિની થવાની જ; શ્રીપુરુષોત્તમે વરણ કર્યું ન હોય તો પુરુષોત્તમપ્રાપ્તિની ઇચ્છા થાય જ નહિ.

બે પ્રકારનું વરણ.

વરણમાં પણ બે પ્રકાર છે. મર્યાદાથી વરણ અને પુષ્ટિથી વરણ. મર્યાદામાં અંગીકૃત જીવ પુરુષોત્તમપ્રાપ્તિના સાધનમાં પ્રવૃત્ત થાય છે, કારણકે તેનું વરણ જ તે પ્રકારનું છે. પરંતુ સ્નેહની ઉત્પત્તિ થતા સુધી જ મર્યાદા (એટલે શાસ્ત્રમાં કહેલાં સાધનો તે કરશે); સ્નેહની ઉત્પત્તિ પછી તો સ્નેહથી જ પુરુષોત્તમ સંબંધી પદાર્થોમાં પ્રવૃત્ત થવાનો તે પ્રયત્ન કરશે, એટલે શાસ્ત્રમાં કહેલી વિધિનું પછી પ્રયોજન રહેતું નથી.

પુષ્ટિમાં અંગીકૃત જીવને તો સાધનમાં પ્રવૃત્તિ અપ્રવૃત્તિનું પ્રયોજન હોતું જ નથી, કારણકે તેને તો ભગવાન પોતેજ સાધનરૂપ થઈ જાય છે. માટે જ દ્વિતીયસ્કંધમાં બ્રહ્માજીએ ગોકુલનું વિશેષણ આપતાં કહ્યું કે मग्नापूर्णं निशि शयानम् " દિવસે લૌકિક વ્યાપારમાં મગ્ન રહેલું, અને તેથી થયેલા અતિશ્રમને લીધે રાત્રિએ નિદ્રાવશ થયેલું " માટે આ સર્વ યોગ્ય જ છે.

વિષ્ણુવિષયક સર્વ કર્મોને ભક્તિ કહેવાય નહિ.

વળી બીજી વાત એ છે કે વિષ્ણુ વિષયક કર્મઉપાસના જે હોય તે સર્વને ભક્તિ માનીએ તો પછી કર્મના અંગ તરીકે કરેલું વિષ્ણુનું સ્મરણ પણ ભક્તિરૂપ થઈ જાય, (શ્રાદ્ધ વગેરે કર્મોની પૂર્ણતા માટે ઉચ્ચારેલું વિષ્ણુનું નામ પણ ભક્તિરૂપ થઈ જાય). પણ તે તો કર્મમાર્ગીય છે, માટે તેને ભક્તિ કહેવાય નહિ.

કર્મમાર્ગ વિભૂતિપરત્વે છે.

પૂર્વે કહી ગયા છીએ તેમ વિભૂતિરૂપ વિષ્ણુનું જ ત્યાં સ્મરણ વગેરે કરવાની વિધિ શાસ્ત્રમાં કહી છે, માટે એવું વિષ્ણુસ્મરણ ભક્તિરૂપ કહેવાય નહિ, કેમકે કર્મમાર્ગમાં પુરુષોત્તમની વિભૂતિઓનું જ ભજન થાય છે.

આમ હોવાથી જ રાજસૂય યજ્ઞ કરવાની ઇચ્છાવાળા ધર્મરાજ યુધિષ્ઠિરે પ્રભુને વિજ્ઞપ્તિ કરી કે **यक्ष्ये विभूतिर्भवतस्तत्संपादय नः प्रभो.** " હે પ્રભુ, હું આપની વિભૂતીઓનું યજન કરીશ, માટે તે અમને સંપાદન કરી આપો." જો યજ્ઞમાં (કર્મમાર્ગમાં) સાક્ષાત્ પ્રભુનું યજન થતું હોત તો સાક્ષાત્ પ્રભુને વિજ્ઞપ્તિ કરતા ધર્મરાજ એમ જ કહેત કે હું તમને (त्वाम्) ભજન કરીશ—આ ઉપરથી એમ સિદ્ધ થયું કે ભગવદિચ્છા હોય તો જ ભક્તે કર્મ કરવાં. તેમાં જે જે દેવતાઓ યાગમાં આવતા હોય તે સર્વે **ભગવાનની વિભૂતિરૂપ** છે એમ સમજીને યાગ વગેરે કરવા, નહિ તો અનન્યતાના ભંગનો પ્રસંગ આવે.

ભાવથી ભગવત્પ્રાપ્તિ.

વળી બીજી વાત એ છે કે ઉપાસક જે જે દેવની ઉપાસના કરતો હોય તે તે દેવની સાથે સાયુજ્ય એ પરમ ફળ છે, કેમકે ગીતામાં કહ્યું છે કે **देवान्देवयजो यान्ति** "દેવોનું ભજન કરનારા દેવોને પામે છે." તેમજ

यं यं वापि स्मरन् भावं त्यजत्यंते कलेवरम् ।
तं तमेवैति कौंतेय ! सदा तद्भावभावितः ॥ गी. ८. ६.

અર્થ—હે અર્જુન, મરણ સમયે જે જે ભાવનું સ્મરણ કરતો કરતો દેહ છોડે છે, તે સદા તે ભાવની ભાવનાથી યુક્ત તે તે ભાવને પામે છે.

આમ હોવાથી જ આપણા પ્રભુ શ્રીકૃષ્ણે એકાદશ સ્કંધમાં કહ્યું કે—

केवलेन हि भावेन गोप्यो गावः खगा मृगाः ।
येऽन्ये मूढधियो नागाः सिद्धा मामीयुरंजसा ॥ भा ११-१२-८

અર્થ—કેવળ ભાવવડે જ ગોપીઓ, ગાયો, પક્ષીઓ, મૃગો અને બીજા મૂઢ બુદ્ધિવાળા, નાગો, સિદ્ધો, જલદીથી મને પ્રાપ્ત થયા છે.

એ પ્રમાણે બહુ વિસ્તારથી ગોકુલવાસીઓને સ્વપ્રાપ્તિ નિરૂપણ કરી અને પછી ભક્તિ સિવાયનાં બીજાં સાધનોથી પોતે અપ્રાપ્ય છે એમ નિરૂપણ કરતાં કહ્યું કે—

यं न योगेन सांख्येन दानव्रततपोऽध्वरैः ।
व्याख्यास्वाध्यायसंन्यासैः प्राप्नुयाद्यत्नवानपि ॥ भा. ११-१२-९.

અર્થ—હું એવો છું કે યોગવડે, સાંખ્યવડે, દાન, વ્રત, તપ અને યજ્ઞવડે, વ્યાખ્યાન વડે, સ્વાધ્યાયથી, સંન્યાસથી, યત્ન કરનારને હું પ્રાપ્ત થતો નથી.

માટે ભક્તિ સિવાયનાં બીજાં સાધનોથી પ્રાપ્ત થતું સ્વરૂપ પુરુષોત્તમસ્વરૂપ નથી, એમ નિશ્ચય થાય છે.

જ્ઞાનમાર્ગ અક્ષરબ્રહ્મની પ્રાપ્તિ કરાવે છે, પુરુષોત્તમની નહિ.

ગીતામાં અર્જુને પ્રશ્ન કર્યો કે—

एवं सततयुक्ता ये भक्तास्त्वां पर्युपासते ।
ये चाप्यक्षरमव्यक्तं तेषां के योगवित्तमाः ॥ गी. १२-१

અર્થ—સર્વદા આપનામાં ચિત્તવાળા જે ભક્તો આપની ઉપાસના કરે છે, અને જે અવ્યક્ત અક્ષરબ્રહ્મની ઉપાસના કરે છે, તે બન્નેમાં ઉત્તમ યોગ જાણનાર કોણ કહેવાય ? તેના ઉત્તરમાં ભક્તિમાર્ગીય ઉપાસનાનો જ્ઞાનમાર્ગ કરતાં ઉત્કર્ષ જણાવતાં કહ્યું કે—

मय्यावेश्य मनो ये मां नित्ययुक्ता उपासते ।
श्रद्धया परयोपेतास्ते मे युक्ततमा मताः ॥ गीता १२-२

અર્થ—જેઓ મારામાં ચિત્ત રાખીને, નિત્યયુક્ત, પરમ શ્રદ્ધાથી મને ઉપાસે છે, તેમને હું ઉત્તમ યોગ જાણનાર માનું છું.

અને પ્રભુએ જ્ઞાનમાર્ગની તુચ્છતા જણાવતાં કહ્યું કે—

ये त्वक्षरमनिर्देश्यमव्यक्तं पर्युपासते ।
सर्वत्रगमचिन्त्यं च कूटस्थमचलं ध्रुवम् ॥ १२-३.
संनियम्येन्द्रियग्रामं सर्वत्र समबुद्धयः ।
ते प्राप्नुवन्ति मामेव सर्वभूतहिते रताः ॥ १५-४.
क्लेशोऽधिकतरस्तेषामव्यक्तासक्तचेतसाम् ।
अव्यक्ता हि गतिर्दुःखं देहवद्भिरवाप्यते ॥ १२-५.

અર્થ—જેઓ સર્વત્ર સમબુદ્ધિ રાખીને, ઇંદ્રિયોનો સંયમ કરીને, સર્વે પ્રાણિમાત્રના હિતમાં અનુરક્ત થઈને અનિર્દેશ્ય, અવ્યક્ત, સર્વત્ર રહેલ, અચિંત્ય, કૂટસ્થ, અચલ, ધ્રુવ અક્ષરની ઉપાસના કરે છે તેઓપણ મને જ પ્રાપ્ત થાય છે. પણ અવ્યક્તમાં આસક્તિવાળાને ક્લેશ વિશેષ થાય છે. દેહીઓથી અવ્યક્ત ગતિ દુઃખથી પ્રાપ્ત થાય છે.

માટે જ્ઞાનમાર્ગ અવ્યક્ત અક્ષરવિષયક હોવાથી તે પુરુષોત્તમસંબંધી કહેવાય નહિ. ते प्राप्नुवन्ति मामेव (તેઓપણ મને જ પામે છે) એટલે અક્ષરબ્રહ્મ પુરુષોત્તમનું ધામ—અધિષ્ઠાન હોવાથી, પુરુષોત્તમની વિભૂતિરૂપ હોવાથી "माम्—મને" એમ કહ્યું; એ ઉપરથી એમ ન કહેવું કે અક્ષરબ્રહ્મ તે જ પુરુષોત્તમ; કેમકે ગીતામાં પ્રભુનાં વચન છે કે कूटस्थोऽक्षर उच्यते (કૂટસ્થ અક્ષર કહેવાય છે), उत्तमः पुरुषस्त्वन्यः (ઉત્તમ પુરુષ તો અન્ય છે), अक्षरादपि चोत्तमः (તે અક્ષરથી પણ ઉત્તમ છે.)

કર્મમાર્ગ પુરુષોત્તમની પ્રાપ્તિ કરાવતો નથી.

કર્મમાર્ગ પણ એવો જ સમજવો. તેનાં દૃષ્ટાંત નીચે પ્રમાણે છે:—

यामिमां पुष्पितां वाचं प्रवदन्त्यविपश्चितः ।
वेदवादरताः पार्थ नान्यदस्तीति वादिनः ॥ गी. २ ४२.

અર્થ—હે અર્જુન, વેદના વાદ કરવામાં જ ગુંથાયેલા, કર્મ સિવાય બીજું કંઈ વેદમાં છે જ નહિ, એમ વાદ કરનારા, કર્મફળને આપનારી જ આ વેદવાણી છે એમ બોલે છે, તેઓ અણસમજુ છે. વગેરે.

त्रैविद्या मां सोमपाः पूतपापा यज्ञैरिष्ट्वा स्वर्गतिं प्रार्थयंते ।
ते पुण्यमासाद्य सुरेंद्रलोकमश्नंति दिव्यान् दिवि देवभोगान् ॥ गी. ९–२०
ते तं भुक्त्वा स्वर्गलोकं विशालं क्षीणे पुण्ये मर्त्यलोकं विशंति ।
एवं त्रयीधर्ममनुप्रपन्ना गतागतं कामकामा लभंते ॥ गी. ९–२१

અર્થ—ત્રણ વેદમાં કહેલી કર્મવિદ્યામાં કુશળ, સોમપાન કરનાર, જેમનાં પાપ ધોવાઈ ગયાં છે એવા પુરુષો, યજ્ઞોવડે મારૂં યજન કરીને સ્વર્ગગતિની પ્રાર્થના કરે છે, તેઓ પુણ્યરૂપ ઇન્દ્રલોકને પ્રાપ્ત થઈને સ્વર્ગમાં દેવભોગોનો ભોગ કરે છે. તેઓ તે વિશાળ સ્વર્ગલોકને ભોગવીને પુણ્ય ક્ષીણ થયાથી મર્ત્યલોકમાં પ્રવેશ કરે છે. એ પ્રમાણે વેદત્રયમાં કહેલા ધર્મ પ્રમાણે ચાલનારા, કામોની કામનાવાળાઓ આવાગમન કર્યા કરે છે. ઇત્યાદિ ગીતામાં કહ્યું છે.

अथ यो गृहमेधीयान् धर्मानेवावसन् गृहे ।
काममर्थं च धर्मांश्च दोग्धि भूयः पिपर्ति तान् ॥
सचापि भगवद्धर्मान् काममूढः पराङ्मुखः ।
यजते क्रतुभिर्देवान् पितॄंश्च श्रद्धयान्वितः ॥

અર્થ—ગૃહસ્થાશ્રમમાં રહેનાર જે ઘરમાં રહીને ધર્મોનું જ આચરણ કરે છે, અને કામ, અર્થ અને ધર્મોનું ફલ દોહી લે છે, અને ફરી ફરીને ધર્મ, અર્થ અને કામ સિદ્ધ કરે છે, તે કામથી મૂઢ થએલો પુરૂષ ભગવદ્ધર્મથી વિમુખ થઈને યજ્ઞોવડે શ્રદ્ધાથી દેવોનું અને પિતૃઓનું યજન કરે છે.

ये त्विहासक्तमनसः कर्मसु श्रद्धयान्विताः ।
कुर्वंत्यप्रतिषिद्धानि नित्यान्यपि च कृत्स्नशः ॥
रजसा कुंठमनसः कामात्मानोऽजितेंद्रियाः ।
पितॄन्यजंत्यनुदिनं गृहेष्वभिरताशयाः ॥
त्रैवर्गिकास्ते पुरुषा विमुखा हरिमेधसः ।
कथायां कथनीयोरुविक्रमस्य मधुद्विषः ॥

અર્થ—જેઓ અહિં આસક્ત મનવાળા, કર્મોમાં શ્રદ્ધાવાળા, અનિષિદ્ધ નિત્ય પ્રમુખ કર્મો પણ કરે છે, રજોગુણથી જેમનું મન કુંઠિત થઈ ગયું છે, કામ જેમના અંતઃકરણમાં ભરેલો છે, અજીતેંદ્રિય છે, ઘરોમાં જ જેમના વિચારો ગુંથાઈ ગયા છે, રાત્રિ દિવસ જેઓ પિતૃઓનું યજન કર્યા કરે છે, તે પુરૂષો ધર્મ, અર્થ અને કામરૂપી ત્રિવર્ગમાં ભમ્યા રહે

છે, અને ગુણગાન કરવાયોગ્ય મહાલીલાઓવાળા પ્રભુની કથાથી વિમુખ રહે છે. ઇત્યાદિ શ્રીમદ્ભાગવતનાં વચનોપરથી જન્મ મરણરૂપી તૃતીય આસુર માર્ગમાં તેમનો પ્રવેશ થાય છે એમ નિરૂપણ કરેલું છે. માટે કર્મ માર્ગનો પણ પુરુષોત્તમસંબંધ નથી.

પૂજાને ભક્તિ કહેવાય કે નહિ? શ્રવણ કીર્તનના ભિન્ન ભિન્ન પ્રકાર.

શંકા—નવ પ્રકારની ભક્તિમાં અર્ચન-પૂજા પણ કહેલી છે, માટે પૂજાને ભક્તિ કેમ ન કહેવાય?

ઉત્તર—કહીએ છીએ તે સાંભળ. શ્રવણાદિ નવ પણ જુદા જુદા પ્રકારના અધિકારીઓથી કરાતાં હોવાથી કર્મમાર્ગીય, જ્ઞાનમાર્ગીય, ઉપાસનામાર્ગીય, ભક્તિમાર્ગીય એમ અનેક પ્રકારનાં થાય છે. દૃષ્ટાંત તરીકે શ્રીમદ્ભાગવત, વિષ્ણુ સહસ્રનામ વગેરેના શ્રવણ કીર્તનના ફલ તરીકે ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એમ ચારે પુરુષાર્થ કહેલા છે. તેમાં ધર્મ, અર્થ અને કામની ઇચ્છાથી કરાતાં શ્રવણ કીર્તન કર્મમાર્ગીય જ સમજવાં. તેમાં પણ દ્રવ્ય વગેરેની ઇચ્છાવાળાઓ શ્રવણ કીર્તન શાસ્ત્રમાં વિહિત એટલે કહેલાં હોવાથી જ કરે તે કર્મમાર્ગીય; વ્યાપાર તરીકે (વૃત્તિને માટે) શ્રવણ કીર્તન કરે તે તો માત્ર લૌકિક ખેતી જેવાં જ કહેવાય. જેમ ગુદા ધોવાને ગંગાજલનો સ્પર્શ અધમ ગણાય, તેમ શ્રવણ કીર્તનનો આવો ઉપયોગ અધમ જ ગણાય. ગંગાજલના આ ઉપયોગથી મલ-નિવૃત્તિ સિવાય બીજો કાંઇ ધર્મ થતો નથી, પણ ઉલટું નિષિદ્ધ આચરણથી પાપ લાગે છે, તેમ શ્રવણ કીર્તનનો આજીવિકા માટે ઉપયોગ કરવાથી પાપ લાગે છે. માટે શાસ્ત્રમાં વિધાન કરેલું-કહેલું કર્મ ગમે તે પ્રકારે કરવાથી શાસ્ત્રમાં કહેલું ફલ થાય એમ માનવું ભૂલ ભરેલું છે. (જે હેતુ અથવા આશયથી કર્મ થાય તેવું ફલ મળે.)

ચતુર્થ સંન્યાસાશ્રમમાં જ્ઞાનના ઉદયને માટે ચિત્તશુદ્ધિના હેતુથી કરાતું શ્રવણ કીર્તન જ્ઞાન માર્ગીય સમજવું. તે શ્રીમદ્ભાગવતના એકાદશ સ્કંધના ચૌદમા અધ્યાયમાં શ્રીકૃષ્ણે ઉદ્ધવને કહેલું છે; જેમકે

यथा यथाऽत्मा परिमृज्यतेऽसौ मत्पुण्यगाथाश्रवणाभिधानैः ।
तथा तथा पश्यति वस्तुसूक्ष्मं चक्षुर्यथैवाञ्जनसंप्रयुक्तम् ॥ भा. ११-१४-२६

અર્થ—જેમ જેમ મારી પુણ્ય કથાના શ્રવણ કીર્તનથી આ આત્મા શુદ્ધ થાય છે, તેમ તેમ અંજન આંજેલા ચક્ષુની માફક સૂક્ષ્મ વસ્તુને જુએ છે.

સાક્ષાત્ મોક્ષના સાધન તરીકે પંચરાત્રમાં કહેલી દીક્ષા પૂર્વક શાસ્ત્રમાં કહેલી વિધિ પ્રમાણે કરેલું શ્રવણ કીર્તન ઉપાસના માર્ગીય સમજવું. આને વૈષ્ણવ માર્ગ એમ શાસ્ત્રમાં કહ્યું છે, કેમકે વિષ્ણુના ધર્મોમાં નિષ્ઠાવાળો આ માર્ગ છે. મુક્તિના સાધનોનું પ્રતિપાદન કરનાર વાક્યોથી એમ નિશ્ચય થાય છે. જેમકે

अर्चायामेव हरये पूजां यः श्रद्धयेहते ।
न तद्भक्तेषु सः भक्तः प्राकृतः स्मृतः ॥ भा० ११

અર્થ—શ્રદ્ધાવડે જે મૂર્તિમાં જ ભગવાનની પૂજા કરે છે, તેના ભક્તોમાં તથા બીજાઓમાં કરતો નથી, તે ભક્ત પ્રાકૃત કહેવાય છે. ઇત્યાદિ વાક્યો આ વિષયને દર્શાવે છે.

ભક્તિમાર્ગીય આચાર્યે પ્રવર્તાવેલા ભક્તિસંપ્રદાયની દીક્ષાપૂર્વક મોક્ષના સાધન તરીકે કરાતા **શ્રવણ કીર્તન પ્રાવાહિકી ભક્તિ** કહેવાય છે. તેથીજ કપિલ દેવજીએ કહ્યું કે-

न युज्यमानया भक्त्या भगवत्यखिलात्मनि ।
सदृशोऽस्ति शिवः पंथा योगिनां ब्रह्मसिद्धये ॥ भा ३–२५–१९.

અર્થ—અખિલ વિશ્વના આત્મારૂપ ભગવાનમાં ભક્તિ યોજવા જેવો બ્રહ્મની સિદ્ધિને માટે યોગીઓને બીજો કલ્યાણકારક રસ્તો નથી. એમ શરૂ કરીને પછી સત્પુરુષોનાં લક્ષણો કહીને આગળ કહ્યું કે,

त एते साधवः साध्वि ! सर्वसंगविवर्जिताः ।
संगस्तेष्वथ ते प्रार्थ्यः संगदोषहरा हि ते ॥ भा. ३–२५–२४

અર્થ—હે સાધ્વિ ! આજ સર્વે સંગથી વિરક્ત સાધુ પુરુષો છે, માટે તમારે તેવા પુરુષોના સંગની પ્રાર્થના કરવી, કેમકે તેઓ સંગના દોષ હરનારા છે. સત્પુરુષોના પ્રસંગથી મારા પરાક્રમના સારા જ્ઞાનવાળી, હૃદય અને કર્ણને રસાયણરૂપ કથા થાય છે, તે કથાઓના સેવનથી જલદીથી મોક્ષના માર્ગમાં શ્રદ્ધા, રતિ અને ભક્તિ અનુક્રમથી સિદ્ધ થશે. અહિં મોક્ષના માર્ગમાં શ્રદ્ધા, ભક્તિ વગેરે થવાનું કહ્યું, તેથી એવી ભક્તિ પ્રાવાહિકી સમજવી.

પ્રેમાત્મક ભક્તિના સાધનરૂપે કરાતું **શ્રવણ** કીર્તન ભક્તિ માર્ગમાં **મર્યાદા ભક્તિ** કહેવાય છે. તેના દૃષ્ટાંત નીચે પ્રમાણે છેઃ—

भक्तियोगः पुरैवोक्तः प्रीयमाणाय तेऽनघ ।
पुनश्च कथयिष्यामि मद्भक्तेः कारणं परम् ॥ भा. ११–१९–१९
श्रद्धाऽमृतकथायां मे शश्वन्मदनुकीर्तनम् ।
परिनिष्ठा च पूजायाम् स्तुतिभिः स्तवनं मम ॥ २०
आदरः परिचर्यायां सर्वांगैरभिवंदनम् ।
मद्भक्त पूजाऽभ्यधिका सर्वभूतेषु मन्मतिः ॥ २१
मदर्थेष्वंगचेष्टा च वचसा मद्गुणेरणम् ।
मय्यर्पणंच मनसः सर्वकाम विवर्जनम् ॥ २२
मदर्थेऽर्थपरित्यागो भोगस्य च सुखस्य च ।
इष्टं दत्तं हुतं जप्तं मदर्थं यद्व्रतं तपः ॥ २३

અર્થ—હે નિષ્પાપ, પ્રસન્ન થતા તને મેં પહેલાં ભક્તિયોગ કહેલો છે, અને ફરીથી પણ મારી ભક્તિનું પરમ કારણ તને કહીશ. મારી અમૃત કથામાં શ્રદ્ધા, હમેશાં મારું અનુકીર્તન, પૂજામાં નિષ્ઠા, સ્તવનોથી સ્તુતિ, સેવા પરિચર્યામાં આદર, દંડવત્ પ્રણામ, મારા ભક્તની અધિક પૂજા, સર્વે પ્રાણીઓમાં મારી મતિ, મારે માટે શરીરની ચેષ્ટા, વાણીથી

મારા ગુણગાન, મનનું મારામાં અર્પણ, સર્વે કામનો ત્યાગ, મારે માટે ધનનો, ભોગનો, અને સુખનો ત્યાગ, યજન કરેલું, દાન કરેલું, હોમ કરેલો, જપ કરેલા, વ્રત કરેલા, તપ કરેલું, તે સર્વે મારે માટે અર્પણ કરવું—આ સર્વે ભક્તિના સાધનો કહ્યાં, અને પછી કહ્યું કે—

एवं धर्मैः मनुष्याणामुद्धवात्मनिवेदिनाम् ।
मयि संजायते भक्तिः कोऽन्योऽर्थोऽस्यावशिष्यते ॥ भा० ११-१९-२४

અર્થ—હે ઉદ્ધવ, આત્મ નિવેદન કરનાર મનુષ્યોને ઉપર કહેલા ધર્મોવડે મારે વિષે ભક્તિ થાય છે. પછી તેને બીજું શું પ્રાપ્ત રહ્યું? તેમજ એકાદશ સ્કંધના બીજા અધ્યાયમાં "ભક્તિથી ઉત્પન્ન થયેલી ભક્તિ" એમ કહ્યું. માટે એ ભક્તિ સાધનરૂપ સમજવી.

પ્રભુમાં સ્નેહ ઉત્પન્ન થયા પછી પોતાના વ્યસનથી સ્વતંત્ર પુરુષાર્થરૂપે કરાતા શ્રવણ કીર્તન ઉત્તમ પુષ્ટિ ભક્તિરૂપ છે. તેના દૃષ્ટાંતઃ—

मत्सेवया प्रतीतं च सालोक्यादिचतुष्टयम् ।
नेच्छन्ति सेवया पूर्णाः कुतोऽन्यत्कालविप्लुतम् ॥
भा. ९-४-६७

અર્થ—સેવાથી પૂર્ણ મારા ભક્તો મારી સેવાથી સાક્ષાત્ થયેલી સાલોક્ય, સામીપ્ય, સારૂપ્ય, સાયુજ્ય વગેરે ચાર પ્રકારની મુક્તિની પણ ઇચ્છા કરતા નથી, તો બીજા કાળગ્રસ્ત વસ્તુની તો ઇચ્છા ક્યાંથી જ કરે?

नैकात्मतां मे स्पृहयंति केचिन्मत्पादसेवाभिरता मदीहाः ।
येऽन्योन्यतो भागवताः प्रसज्य सभाजयंते मम पौरुषाणि ॥
भा. ३-२५-३४

અર્થ—કેટલાક ભક્તો અન્યોન્ય મળીને મારાં ચરિત્રોનું ગુણગાન કર્યા કરે છે, તે મારા ચરણારવિંદની સેવામાંજ અનુરક્ત, અને શરીરથી મારીજ ચેષ્ટા કરનારા મારી સાથે એકાત્મ થવાને પણ ઇચ્છતાં નથી.

यो दुस्त्यजान् क्षितिसुतस्वजनार्थदारान् ।
प्रार्थ्यां श्रियं सुरवरैः सदयावलोकाम् ॥
नैच्छन्नृपस्तदुचितं महतां मधुद्विट्-
सेवानुरक्तमनसामभवोऽपि फल्गुः ॥ भा. ५-१४-४४

અર્થ—દુઃખથી ત્યાગી શકાય એવા પૃથ્વી, પુત્ર, સ્વજન, ધન, સ્ત્રી અને ઉત્તમ દેવતાઓથી પ્રાર્થના કરવા યોગ્ય કૃપા કટાક્ષવાળી લક્ષ્મીની પણ જે રાજાએ ઇચ્છા રાખી નહિ, તે યોગ્ય જ છે, કેમકે શ્રીકૃષ્ણ ભગવાનમાં જેનું મન આસક્ત છે એવા મોટા પુરુષોને મોક્ષ પણ તુચ્છ છે.

नारायणपरा लोके न कुतश्चन बिभ्यति ।
स्वर्गापवर्गनरकेष्वपि तुल्यार्थदर्शिनः ॥ भा. ६-१७-२८

અર્થ—નારાયણમાં અનુરક્ત લોકમાં કોઈથી બીતા નથી, સ્વર્ગ, નરક અને મોક્ષ સર્વેને સરખા સમજનારા છે.

આ સર્વે વાક્યોથી આવી સ્વતંત્ર પુરુષાર્થરૂપ ભક્તિ ઉત્તમ પુષ્ટિ ભક્તિ સમજવી.

ભક્તિનો મુખ્ય અર્થ.

તેથી ભક્તિ પદની શક્તિ-મુખ્ય અર્થ સ્નેહ જ છે. એવી સ્નેહરૂપ ભક્તિના હેતુરૂપ શ્રવણ વગેરેમાં ભક્તિ શબ્દનો ઉપયોગ થયો હોય તે ગૌણ સમજવો. માટેજ તૃતીયસ્કંધના ૨૯ મા અધ્યાયમાં ત્રયોદશ શ્લોકમાં **सालोक्यसार्ष्टिसामीप्यसारूप्यैकत्वमप्युत । दीयमानं न गृह्णन्ति विना मत्सेवनं जनाः** (સાલોક્ય, સાર્ષ્ટિ, સામીપ્ય, સારૂપ્ય અને એકત્વ આપતા છતાં, મારી સેવા વિના મારા ભક્તો કાંઈ પણ લેતા નથી) એ પ્રમાણે લક્ષણ કહીને ચતુર્દશ શ્લોકમાં **स एव भक्तियोगाख्यः** તેજ ભક્તિયોગની વ્યાખ્યા-એમ લક્ષ્ય કર્યું. જો ભક્તિનું આ જ લક્ષણ ન હોય તો **आख्या** (આખ્યા) શબ્દ નકામો થઇ જાય, અને **एव** (જ) પણ નકામો થઇ જાય. માટે પૂર્વ કહેલાં (સ્નેહ સિવાયના) વાક્યોમાં ભક્તિ શબ્દનો પ્રયોગ ઔપચારિક સમજવો. સ્નેહને વશ થઈ કરાતાં શ્રવણ કીર્તન સ્નેહમધ્યપાતી એટલે સ્નેહરૂપ સમજવા.

અથવા સાક્ષાત્ પુરુષોત્તમને પ્રાપ્ત કરાવનાર હોવાથી શાસ્ત્રમાં જે શ્રવણાદિનું વિધાન (આજ્ઞા) કરેલું છે, એવા શ્રવણાદિમાં ભક્તિ શબ્દની પ્રવૃત્તિનું નિમિત્ત જુદું જ છે. જે જે સાક્ષાત્ પુરુષોત્તમને પ્રાપ્ત કરાવે તે ભક્તિ એમ ન કહેવું, કેમકે દ્વેષ અને ભયવત્ત્વાદિકથી પણ સાક્ષાત્ પુરુષોત્તમપ્રાપ્તિ થાય છે, માટે એમ તો તેને પણ (દ્વેષ અને ભયવત્ત્વાદિકને) ભક્તિપણું પ્રાપ્ત થાય. સાક્ષાત્ શબ્દ અનર્થક છે એમ ન કહેવું, કેમકે વિભૂતિરૂપનું ભજન કરનારને પણ તદ્દ્વારા પુરુષોત્તમપ્રાપ્તિ થાય છે. જેમ કે,

यथाऽद्रिप्रभवा नद्यः पर्जन्यापूरिता विभो ।।
विशंति सर्वतः सिंधुं तद्वत्त्वां गतयोऽन्ततः ॥ भा १०–४०–१०

અર્થ—જેમ પર્વતોમાંથી નીકળેલી નદીઓ વરસાદથી પુરાઇને સર્વ તરફથી સમુદ્રમાં પ્રવેશ કરે છે તેમ, હે વિભુ, સર્વે ગતીઓ અંતે આપમાં જાય છે. આવાં પ્રમાણોથી સિદ્ધ થાય છે કે વિભૂતિની ભક્તિ પુરુષોત્તમપ્રાપ્તિનું દ્વાર છે. એવી વિભૂતિની ભક્તિને ખરી સ્વતંત્ર ભક્તિ કહેવાય નહિ. શ્રીકૃષ્ણમાં સ્નેહ તેજ ફલરૂપ ભક્તિમાં તે ભક્તિનું નિમિત્ત છે.

એ પ્રમાણે ભક્તિ શબ્દના અનેક અર્થ છે. "પુષ્પવાન્" શબ્દના બે અર્થ છે—સૂર્ય અને ચંદ્ર. શબ્દની પ્રવૃત્તિ થવાનું કારણ જુદું હોય તો પણ જેમ "પુષ્પવાન્" શબ્દ [illegible]થી સૂર્ય અને ચંદ્ર બંનેનો બોધ થાય છે, તેમ જ કોઈક સ્થલમાં ભક્તિ શબ્દ [illegible]રૂપ અને ફલરૂપ બંને પ્રકારની ભક્તિને લક્ષવે છે; જેમ કે **भक्त्याऽहमेकया ग्राह्यः** એક ભક્તિથીજ હું ગ્રાહ્ય છું; આદિ ભક્તિ શબ્દ ઉભયવાચક સમજવો.

ફલરૂપ ભક્તિનાં દર્શન નીચે પ્રમાણે છે:—

मामेव नैरपेक्ष्येण भक्तियोगेन विन्दति ।
भक्तियोगं स लभते एवं यः पूजयेत माम् ॥ भा ११-२७-५२

અર્થ—એ પ્રમાણે જે મને પૂજે છે, તે ભક્તિયોગને મેળવે છે અને નિરપેક્ષ ભક્તિયોગથી મને જ પ્રાપ્ત થાય છે.

एवं सततयुक्ता ये भक्तास्त्वां पर्युपासते ।
ये चाप्यक्षरमव्यक्तं तेषां के योगवित्तमाः ॥ गीता १२-१
मय्यावेश्य मनो ये मां नित्ययुक्ता उपासते ।
श्रद्धया परयोपेतास्ते मे युक्ततमा मताः ॥ गीता १२-२

અર્થ—એ પ્રમાણે નિત્યયુક્ત જે ભક્તો તમારી ઉપાસના કરે છે, અને જે અવ્યક્ત અક્ષરની ઉપાસના કરે છે તેમાં યોગ જાણનારામાં શ્રેષ્ઠ કોણ? પરમ શ્રદ્ધાવાળા, મારામાં મનનો આવેશ કરીને નિત્યયુક્ત જે મને ઉપાસે છે તેને હું યોગ જાણનારમાં શ્રેષ્ઠ માનું છું.

नालं द्विजत्वं देवत्वमृषित्वं वाऽसुरात्मजाः ।
प्रीणनाय मुकुन्दस्य न वृत्तं न बहुज्ञता ॥ भा. ७-७-५१.
न दानं न तपो नेज्या न शौचं न व्रतानि च ।
प्रीयतेऽमलया भक्त्या हरिरन्यद्विडम्बनम् ॥ भा. ७-७-५२.

અર્થ—હે અસુર પુત્રો! મુકુંદ ભગવાનને પ્રસન્ન કરવા દ્વિજપણું, દેવપણું, કે ઋષિપણું સમર્થ નથી, સદાચાર સમર્થ નથી, બહુ જ્ઞાન સમર્થ નથી, દાન, તપ, યજ્ઞ, પવિત્રતા, વ્રતો કંઈ સમર્થ નથી. હરિ તો નિર્મલ ભક્તિથી પ્રસન્ન થાય છે, બીજું સર્વ ઢોંગ માત્ર છે.

न साधयति मां योगो न सांख्यं धर्म उद्धव ॥
न स्वाध्यायस्तपस्त्यागो यथा भक्तिर्ममोर्जिता ॥ ११-१४-२०.
भक्त्याऽहमेकया ग्राह्यः श्रद्धयाऽऽत्मा प्रियः सताम् ।
भक्तिः पुनाति मन्निष्ठा श्वपाकानपि संभवात् । ११-१४-२१.

અર્થ—હે ઉદ્ધવ! વૃદ્ધિ પામેલી મારી ભક્તિ જેમ મને સ્વાધીન કરે છે, તેમ યોગ, સાંખ્ય, ધર્મ, સ્વાધ્યાય, તપ, ત્યાગ કંઈ સ્વાધીન કરી શકતું નથી. શ્રદ્ધાએ કરીને સત્પુરુષના પ્રિય આત્મારૂપ હું એક ભક્તિ વડે મળું છું. જન્મથી ચાંડાલ હોય તેઓને પણ મારી ભક્તિ પવિત્ર કરે છે. આવા સર્વ વાક્યોથી શ્રેષ્ઠરૂપ ભક્તિનું સ્વરૂપ સમજી લેવું.

ગોપાલાદિક મન્ત્રોના અધિષ્ઠાતા દેવતા તો પુરુષોત્તમની વિભૂતિ છે એમ પૂર્વે સિદ્ધ કરેલું છે, માટે તેને પ્રાપ્ત કરાવનાર તેના જપ પૂજા વગેરેને ભક્તિ કહી શકાય નહિ. તે તો ભક્તિનાં સાધન છે.

ભક્તિમાં સ્નેહ નિયામક છે.

આ પ્રમાણે જેમ યજ્ઞ વગેરે કર્મોમાં વિધિ નિયામક હોય છે, તેમ ભક્તિમાર્ગીય ભજન પ્રકારોમાં સ્નેહવાળાઓને સ્નેહજ નિયામક હોય છે. જેમને પ્રભુમાં સ્નેહ થયો નથી, તેમને સ્નેહવાળાઓએ કરેલો ઉપદેશ જ નિયામક છે. એ સ્નેહરીતિનો ઉપદેશ વેદથી અવિરુદ્ધ જ છે એમ સમજવું. વિધિને નહિ જાણનાર બાળક, પિતા વગેરેના બતાવ્યા પ્રમાણે, સંધ્યાવંદન વગેરે કરે છે તે જેમ કર્મ ગણાય છે, તેમ સ્નેહ ન ઉત્પન્ન થયો હોય તોપણ સ્નેહવાળાના ઉપદેશ પ્રમાણે કરેલી સેવા પણ ભક્તિ કહેવાય, કેમકે તે સેવા ભક્તિમાર્ગીય રીત પ્રમાણે છે. એવાને આગળ જતાં પ્રભુમાં સ્નેહ અવશ્ય થશે એમ સમજવું. જેમ વિધિથી અજ્ઞાત બાળકને ઉપર કહ્યા પ્રમાણે કર્મો કરવાથી કર્મમાર્ગમાં કહેલું ફલ પ્રાપ્ત થાય છે, તેમજ સ્નેહ ન સમજનાર ભક્તને સ્નેહવાળાના કહ્યા પ્રમાણે સેવા કરવાથી પુરુષોત્તમપ્રાપ્તિ થાય, એટલે પછી શું બાકી રહ્યું ?

હાલના આચાર્યો. ભક્તિમાર્ગ. ભજનવ્યવસ્થા.

હાલના ઉપદેશકોનો પ્રભુમાં સ્નેહ ન હોય તોપણ તેમના સંપ્રદાયના મજબૂત પૂર્વના આચાર્યો પ્રભુમાં સ્નેહવાળા હોવાથી પ્રભુનો તેમનાપર અનુગ્રહ હોવાથી સર્વ સિદ્ધ થાય છે. કેમકે પોતાના કૃપાપાત્ર ભક્તે પ્રવર્તાવેલો હોવાથી તે માર્ગમાં પ્રભુનો પક્ષપાત હોય છે. તેથીજ શ્રીમદ્ભાગવતમાં બ્રહ્માદિકે કહ્યું છે કે:—

स्वयं समुत्तीर्य सुदुस्तरं द्युमन् भवार्णवं भीममदभ्रसौहृदाः ।
भवत्पदाम्भोरुहनावमत्र ते निधाय याताः सदनुग्रहो भवान् ॥भा. १०-२-३१

અર્થ—હે પ્રકાશમાન્ પ્રભો, ઘણા સ્નેહવાળા આપના ભક્તો આપના ચરણારવિંદરૂપ નાવથી દુસ્તર ભયંકર સંસારસાગરને પોતે તરી જઈને તે નાવને અહીં રાખીને તેઓ ગયા છે. સત્પુરુષોપર આપની કૃપા છે.

અહીં ભગવાનના ચરણારવિંદરૂપ ભક્તિમાર્ગ હોવાથી એ ચરણારવિંદરૂપ પોતાના સંપ્રદાયને પ્રવર્તાવવો તેજ ચરણારવિંદરૂપ નાવ અહીં મુકી જવું. તે ભક્તોએ પ્રવર્તાવેલા સંપ્રદાયમાં ચાલનારને તેવા (સ્નેહરૂપ) સાધનો ન હોય તોપણ સંપ્રદાય પ્રવર્તાવનાર મહાપુરુષોપર સાક્ષાત્પ્રભુની કૃપા હોવાથી તેમનાપર ભગવાનનો પક્ષપાત હોય છે, તેથી એવા મહાપુરુષોના સંબંધવાળાઓપર પણ તમે કૃપા કરો છો, એવો અભિપ્રાય દર્શાવવાને ઉપલા શ્લોકમાં કહ્યું કે सदनुग्रह—સત્પુરુષોપર આપનો અનુગ્રહ છે. सदनुग्रह એટલે સત્પુરુષોપર જેનો અનુગ્રહ છે એવા ભગવાન. આ બાબત પ્રમાણરૂપ છે એમ જણાવવા પ્રભુની સંમતિ भवान्—તમે એ શબ્દથી જણાવી. તેમના સંપ્રદાયમાં ચાલનારા સંસારસાગર અવશ્ય તરી જાય છે એમ જણાવવા તે નાવ રૂપ છે એમ નિરૂપણ કર્યું. તેથી વિનાશ્રમે સંસારસાગર તરવાનું સૂચવ્યું છે. કેમકે હાથવડે તરતાં શ્રમ પડે છે, નાવથી તરવામાં શ્રમ પડતો નથી. આ અર્થ આમનો શ્રીસુબોધિનીમાં (શ્રીપિતૃચરણે) શ્રીગોસાંઈજીએ વિસ્તારથી કહી છે તેથી અહીં લખી નથી. પણ ભગવદ્ભજનમાં આ વ્યવસ્થા છે, કે અગ્નિહોત્રાદિ વગેરે કર્મો પ્રભુઇચ્છા જાણીને જ્યારે કરવાં, ત્યારે તો કલ્પસૂત્ર પ્રમાણેજ કરવું. આવો પ્રકાર હોવાથી આ માર્ગ સપ્રમાણ છે અને અપૌરુષેય

માત્ર છે એવી શંકા રહેતી નથી. કારણ કે ઉપર બતાવ્યા પ્રમાણે સર્વ પ્રમાણસિદ્ધ છે. પ્રેમ તો ફલરૂપ છે, તે સ્વકૃતિસાધ્ય નથી, તેથી તેની વિધિ શાસ્ત્રોમાં હોઈ શકે નહિ, માત્ર તેનો અનુવાદજ હોઈ શકે. જેમકે:—

य एतस्मिन् महाभागाः प्रीतिं कुर्वंति मानवाः ।
नारयोऽभिभवंत्येतान् विष्णुपक्षानिवासुराः ॥ भा. १०

અર્થ—વિષ્ણુના પક્ષવાળાઓને જેમ અસુરો પરાભવ કરી શકતા નથી, તેમ આ શ્રીકૃષ્ણમાં જે મોટા ભાગ્યવાળા પ્રીતિ કરે છે. તેમને શત્રુઓ પરાભવ કરી શકતા નથી.

माहात्म्यज्ञानपूर्वस्तु सुदृढः सर्वतोऽधिकः ।
स्नेहो भक्तिरिति प्रोक्तस्तया मुक्तिर्न चान्यथा ॥

અર્થ—માહાત્મ્ય જ્ઞાનપૂર્વક સુદૃઢ સર્વથી અધિક પ્રભુમાં સ્નેહ તેજ ભક્તિ, એ ભક્તિથીજ મુક્તિ, બીજી કોઈ રીતે મુક્તિ થતી નથી.

देवानां गुणलिंगानामानुश्रविककर्मणाम् ।
सत्वएवैकमनसोवृत्तिः स्वाभाविकी तु या ॥ भा. ३–२५–३२
अनिमित्ता भागवती भक्तिः सिद्धेर्गरीयसी ।
जरयत्याशु या कोशं निगीर्णमनलो यथा ॥ भा. ३–२५–३३

અર્થ—વૈદિક કર્મ કરનારા ગુણવૃત્તિવાળા દેવોની સત્વમાંજ મનની જે સ્વાભાવિક વૃત્તિ તેજ ભગવાનની નિષ્કારણ ભક્તિ. તે સિદ્ધિથી મોટી છે, અને જેમ જઠરાગ્નિ ઉદરમાં ભક્ષણ પદાર્થને બાળી નાખે છે. તેમ તે ભક્તિ અંદરના કોશને બાળી નાખે છે.

मद्गुणश्रुतिमात्रेण मयि सर्वगुहाशये ।
मनोगतिरविच्छिन्ना यथा गंगांभसोऽम्बुधौ ॥ भा. ३–२९–११.
लक्षणं भक्तियोगस्य निर्गुणस्य ह्युदाहृतम् ।
अहैतुक्यव्यवहिता या भक्तिः पुरुषोत्तमे ॥ भा ३–२९–१२

અર્થ—જેમ ગંગાજળની સમુદ્રમાં અવિચ્છિન્ન ગતિ રહે છે, તેમ મારા ગુણ શ્રવણમાત્રથી સર્વના ગુહાશયમાં રહેનાર મારેવિષે મનની અવિચ્છિન્ન ગતિ રહે—એ નિર્ગુણ ભક્તિયોગનું લક્ષણ કહ્યું છે, જે પુરુષોત્તમમાં નિષ્કારણ અંતરાયવિનાની ભક્તિ છે.

સાધનરૂપ શ્રવણાદિ લક્ષણવાળી ભક્તિનું વિધાન તો સ્પષ્ટ દ્વિતીય સ્કંધમાં કરેલું જ છે.

तस्माद्भारत सर्वात्मा भगवान् हरिरीश्वरः ।
श्रोतव्यः कीर्तितव्यश्च स्मर्तव्यश्चेच्छताऽभयम् ॥ भा. २–१–५

અર્થ—તેથી હે પરિક્ષિત, અભય ઇચ્છનારા પુરુષે સર્વાત્મા ભગવાન્ હરિ, ઈશ્વર શ્રોતવ્ય, કીર્તિતવ્ય અને સ્મર્તવ્ય છે.

આ પ્રમાણે સર્વ બરાબર, સુંદર છે, માટે વિશેષ શું લખવું ?

શિખરિણી.

ઉપાસ્તિને માને મધુમથનભક્તિં સુજનો,
ઉપાસ્યે કૃષ્ણબુદ્ધિ, નહિ સ્વકૃતાર્થો મતિ ધરે,
સરૂપી બે તેથી; ભ્રમહતિકૃતે સ્વીયમનથી
સ્ફુટો ભક્તિહંસ મુદત પ્રકટ્યો વિઠ્ઠલવરે.

અર્થ—વિદ્વાનો પણ ઉપાસનાને કૃષ્ણની ભક્તિ માને છે, ઉપાસનાથી પોતાને કૃતાર્થ માને છે, ઉપાસ્ય દેવતાને પરમ પુરુષ કૃષ્ણ માને છે; આ સર્વ ભ્રમનું કારણ એજ કે એ બન્ને બહારથી સરખા સ્વરૂપના છે, તે ભ્રમને ટાળવાને માટે પોતાના મનમાં રહેલો નીરક્ષીરવિવેકી—ઉપાસના ભક્તિ વિવેકી—હંસ કૃતાર્થ એવા શ્રી વિઠ્ઠલે આનંદથી પ્રકટ કર્યો.

આશ્રયવાળા ભક્તજનો જેનું સ્મરણ કરે છે, નિજજનના સર્વ સંશયો જેણે નષ્ટ કર્યા છે, એવા શ્રીમદ્પ્રભુજીના ચરણકમલને આલોક પરલોકના સર્વ અર્થને માટે હર્ષથી હું શરણ જાઉં છું. તે પોતાના બાલકપર વાત્સલ્યતાથી શ્રીકૃષ્ણના ચરણારવિંદની રજના રંગથી સદા મને રંગો.

भक्तिहंसपर विवेचन.

આ ભક્તિહંસ બહુ નાનો પણ ઘણોજ સુંદર, સ્પષ્ટ અને અગત્યનો ગ્રંથ છે. એક સમય એવો હતો કે પંડિતો વૈદિક અને તાંત્રિક ક્રિયાઓ, ઉપાસના વગેરે જ માન્ય રાખતા, અને ધર્મમાં સ્નેહને સ્થાન સરખું પણ ન હતું. વૈદિક તાંત્રિક ક્રિયા વિનાનું સર્વ અશાસ્ત્રીય અપ્રામાણિક કહેનારા એવા હૃદયશૂન્ય પંડિતો પુષ્ટિમાર્ગને હસી કહાડતા અને અમે સાંભળ્યું છે કે એક પંડિતે તો ગુસ્સામાં અને મશ્કરીમાં એમ કહ્યું હતું કે “હવે વેદ, શાસ્ત્ર, પુરાણના દિવસો આવી રહ્યા, તેમાં કહ્યું પ્રમાણ નહિ, માત્ર શ્રીમદ્વલ્લભ અને શ્રીમદ્વિઠ્ઠલના વચનો જ પ્રમાણ માનવા.” આવા પંડિતોને ઉત્તર આપવો આવશ્યક હતો. અને વાચકને માલમ પડશે કે આ લઘુગ્રંથ વેદ, ગીતા અને શ્રીમદ્ભાગવતના વચનોથી ભરપૂર છે. શુદ્ધ હૃદયથી વાચનારને પુષ્ટિમાર્ગ અપ્રામાણિક નહિ, પણ ઉત્તમોત્તમ લાગ્યા વિના રહે જ નહિ.

શરૂઆતમાં પોતાનું મંતવ્ય સ્પષ્ટ જણાવતાં ગ્રંથકાર કહે છે કે મંત્ર, ઉપાસના, વૈદિક, તાંત્રિક દીક્ષા, પૂજા, વિધિ વગેરેથી પુરુષોત્તમ પ્રાપ્ય નથી, પણ પોતે સ્નેહવાળા ભક્તો સાથે જ ખેલે છે; અહીંથી જ શંકાકારની શંકા ઉઠાવે છે, અને સર્વે શંકાના નિરાસની સાથે ગ્રંથની સમાપ્તિ થાય છે. પુરુષોત્તમ વેદથી પ્રાપ્ય નથી તેને માટે વેદનું પોતાનું પ્રમાણ **यमेवैष वृणुते तेन लभ्यः** એ શ્રુતિ છે, **नाहं वेदैः...शक्य एवं विधो द्रष्टुम्, त्रैगुण्यविषया वेदाः** વગેરે ગીતાનાં પ્રમાણ છે, અને શ્રીમદ્ભાગવત તો પ્રમાણોથી ભરપૂર છે. આ પ્રમાણે વરણ માત્રથી જ પ્રાપ્ય હોવાથી વૈદિક તાંત્રિક કોઈ પણ

ક્રિયા પુરુષોત્તમને સ્પર્શ કરી શકતી નથી એ સ્પષ્ટ છે. ત્યારે એ સર્વે ક્રિયાઓથી કોની પ્રાપ્તિ થાય છે? એ પ્રશ્ન સહજ થાય છે. ઉત્તર કે વિભૂતીઓની. મંત્ર તંત્રને અધીન રહેતા પુરુષોત્તમની વિભૂતીઓ છે. અત્યારે પુષ્ટિમાર્ગમાં ઘણે સ્થળે પ્રચલિત, કૃપાપાત્ર વૈષ્ણવોને દ્રવ્યકીર્તિ વગેરેની પ્રાપ્તિને માટે મહારાજોથી દાનમાં અપાતા ગોપાલમંત્રને ઉદ્દેશીને શ્રીમદ્‌ગિરિકુમાર સ્પષ્ટ આજ્ઞા કરે છે કે એ ગોપાલમંત્ર પુરુષોત્તમપરત્વે નથી, કૃષ્ણપરત્વે નથી, પણ વિભૂતિપરત્વે જ છે. જો એવા મંત્રથી પુરુષોત્તમ વશ થતા હોય તો પુરુષોત્તમ કરતાં મંત્ર ચઢે! પુરુષોત્તમ કરતાં એક માત્ર પુરુષોત્તમની ભક્તિ—સ્નેહમય ભક્તિ જ છે, બીજું કાંઇ નથી. **अहं भक्तपराधीनो ह्यस्वतंत्र इव द्विज**—હું ભક્તને પરાધીન, અસ્વતંત્ર જેવો છું. એમ શ્રીમુખથી પુરુષોત્તમ વદે છે. અને ઉત્તમોત્તમ ભક્તોની શ્રીગોપીજનોની પ્રશંસા કરતાં પોતેશ્રી મુખથી કહે છે કે:—

न पारयेऽहं निरवद्यसंयुजां स्वसाधुकृत्यं विबुधायुषापि वः ।
या माभजन्दुर्जरगेहशृङ्खलाः संवृश्च्य तद्वः प्रतियातु साधुना ॥ भा. १०-३२-२२

અર્થ—કાપી શકાય નહિ એવી ઘરરૂપી બેડીઓને કાપી નાખીને તમે મારૂં ભજન કર્યું છે, તમને મારી સાથે નિર્દોષ રીતે સંયોગ પ્રાપ્ત થયો છે, તમારા ઉપકારનો બદલો હું બ્રહ્માના આયુષ્યપર્યંત પણ વાળી શકું એમ નથી, તમારા ઉપકારનું ઋણ તમારી સુશીલતાથી જ મારાપરથી ઉતરો, મારાથી એનો પ્રત્યુપકાર થઇ શકે એમ નથી.

દુનીઆમાં કોઇ પણ નિઃસ્વાર્થ સ્નેહ કરતાં ઉત્તમ છે ખરૂં? નહિ જ. ગમે તે મંત્ર ગમે તેવો ઉત્તમ હોય પણ તે મંત્ર જ; અને મંત્રનો જપ સ્વાર્થ માટે જ હોય, પછી તે સ્વાર્થ ઉચ્ચ મોક્ષ પર્યંતનો હોય, કે નીચ, વેશ્યાવશીકરણનો હોય. માટે શુદ્ધ પુષ્ટિમાર્ગ પ્રમાણે શાસ્ત્રવાક્યો—શ્રીમહાપ્રભુજી અને શ્રીમત્પ્રભુચરણના વચનામૃત જેમને માન્ય હોય તેમણે—ગોપાલ મંત્ર લેવો નહિ. કેટલાક વાચકોને આ વાત વસમી લાગશે, પણ નિષ્પક્ષપાત પ્રમાણે વિચાર કરનારને શ્રીમત્પ્રભુચરણના આ વચનામૃત સત્ય છે, શાસ્ત્રસિદ્ધ છે, અનુભવસિદ્ધ છે, એમ લાગ્યાવિના રહેશે નહિ ભાઇઓ, પુષ્ટિમાર્ગમાં—સ્નેહમાર્ગમાં મંત્ર તંત્ર કેવાં? સ્નેહમાર્ગમાં વશીકરણના ઉપાયો હોય? દુનીઆની અંદર અને દુનીઆને પેલેપાર સ્નેહ જેવું બીજું વશીકરણ શું છે? સ્નેહનું એ વશીકરણ સ્નેહવાળાને જ જડે. એનું સુંદર દૃષ્ટાંત તમારે જોઇએ છે? સાંભળો.

बालं च तस्या उरसि क्रीडन्तमकुतोभयम् ।
गोप्यस्तूर्णं समभ्येत्य जगृहुर्जातसंभ्रमाः ॥ भा. १०-६-१८
यशोदारोहिणीभ्यां ताः समं बालस्य सर्वतः ।
रक्षां विदधिरे सम्यग्गोपुच्छभ्रमणादिभिः ॥ भा. १०-६-१९
गोमूत्रेण स्नापयित्वा पुनर्गोरजसार्भकम् ।
रक्षां चक्रुश्च शकृता द्वादशाङ्गेषु नामभिः ॥ भा. १०-६-२०

અર્થ—પૂતનાની છાતીપર કાંઇ પણ બીકવિના રમતા બાળકને ગોપીઓએ દોડતી આવીને ગભરાટથી લઇ લીધો. યશોદા અને રોહિણીસાથે બધી ગોપીઓએ બાળકપર ગાયની પુછડી ફેરવીને તેની રક્ષા કરી. ગોમૂત્રથી, ગોરજથી, અને ગોબરથી નવરાવી ભગવાનનાં નામો દઇ દઇ તેના બારે અંગની રક્ષા કરી...

“અજ ભગવાન તારા પગની, મણિમાન્ તારા ઘુંટણની, યજ્ઞ સાથળની, અચ્યુત કટિની, હયગ્રીવ પેટની, કેશવ હૃદયની, ઇશ વક્ષઃસ્થળની, ઇન કંઠની, વિષ્ણુ ભુજની, ઉરૂક્રમ મુખની, અને ઇશ્વર મસ્તકની રક્ષા કરજો. ચક્રધારી ભગવાન્ તારી આગળ રહેજો, ગદાધારી ભગવાન્ તારી પાછળ રહેજો, ધનુર્ધારી મધુહા ભગવાન્ અને ખડ્ગધારી અજન ભગવાન્ તારે બે પડખે રહેજો; શંખધારી ઉરૂગાય ભગવાન્ ચારે ખુણામાં રહેજો, ઉપેંદ્ર ભગવાન્ ઉપર રહેજો, તાર્ક્ષ્ય ભગવાન્ નીચે રહેજો, હળધર ભગવાન્ સઘળી કોર રહેજો; હૃષિકેશ ભગવાન્ તારી ઇંદ્રિયોની રક્ષા કરજો, નારાયણ પ્રાણની રક્ષા કરજો, શ્વેતદ્વીપપતિ ભગવાન્ ચિત્તનું રક્ષણ કરજો, યોગેશ્વર ભગવાન્ મનનું રક્ષણ કરજો. પૃશ્નિગર્ભ ભગવાન્ તારી બુદ્ધિની, અને પર ભગવાન્ તારા અહંકારની રક્ષા કરજો. રમતાં ગોવિંદ ભગવાન્, સુતાં માધવ ભગવાન્, ચાલતાં વૈકુંઠ ભગવાન્, બેસતાં લક્ષ્મીપતિ, અને જમતાં યજ્ઞભોક્તા ભગવાન્ કે જે સર્વ ગ્રહોને ભયંકર છે તે તારી રક્ષા કરજો. ડાકણો, રાક્ષસીઓ, કૂષ્માંડો બાળગ્રહો, ભૂત, પ્રેત, પિશાચ, યક્ષ, રાક્ષસ વિનાયક, કોટરા, રેવતી, જ્યેષ્ઠા, પૂતના, માતૃકા, ઉન્માદ, અપસ્માર અને બીજા જે દેહ, પ્રાણ અને ઇંદ્રિયોના દ્રોહ કરનાર છે તે, સ્વપ્નમાં દેખેલા મોટા ઉત્પાતો, બાળ અને વૃદ્ધના ગ્રહો, વિષ્ણુનું નામ લેવાથી જે બીએ છે તે સર્વે નાશ પામજો.”

વાચક, સ્નેહની પરિસીમાના આ શ્લોકો વાંચી તને પણ સ્મિત આવતું હશે. પૂતનાને ક્રીડામાત્રથી મારનાર પૂર્ણ પુરૂષોત્તમની રક્ષા કરનાર આ ગોપીઓનાં સ્નેહનાં મંત્ર જંત્ર! સ્નેહની જ સુંદર અધારીવાળાં આ તામસી-પ્રભુના સામર્થ્યથી અજ્ઞાન-ગોપીજનને જોઇને પરબ્રહ્મ પ્રભુ પણ માનુષી સ્નેહની ઉત્તમતાથી ગળગળા થઇ જાય!

જ્યારે આપણે પુષ્ટિમાર્ગીઓએ આ વાત ધ્યાનમાં રાખવાની છે, ત્યારે અન્યમાર્ગીઓએ સમજવાનું છે કે તેમની જે મૂર્તિઓની મંત્રથી સ્થાપના કરવામાં આવે છે તેમાં પુરૂષોત્તમનું આવાહન થતું નથી, પણ માત્ર વિભૂતીઓનું જ આવાહન થાય છે, કેમકે એમ મંત્રને વશ થઇ પુરૂષોત્તમ પધારતા નથી.

હાલમાં પણ ઘણાને શંકા થાય છે કે ભગવાન તો વરણમાત્રથી જ પ્રાપ્ય છે, તોપછી કોઇ પણ સાધન કરવાથી શું લાભ? ભગવાન્ મળવાના હશે તો સ્વેચ્છાથી જ મળશે. આનો ઉત્તર શ્રીમત્પ્રભુચરણ ઘણી સુંદર રીતે આપે છે. “જેને પુરૂષોત્તમપ્રાપ્તિની ઇચ્છા થાય તેનું જ વરણ પુરૂષોત્તમે કર્યું છે એમ સમજવું. એટલે પુરૂષોત્તમે વરણ કરેલા ભક્તની ઇચ્છા પુરૂષોત્તમ-પ્રાપ્તિની થવાની જ.” માટે ઇચ્છા થવી એજ મહાભાગ્ય. વરણના બે પ્રકાર સમજાવતાં પોતે કહે છે કે પુષ્ટિમાં અંગીકૃત જીવને તો ભગવાન્ જ પોતે સાધનરૂપ થઇ જાય છે. અહીં આપણે એટલું યાદ રાખવું કે એવા શુદ્ધ પુષ્ટજીવોને પ્રભુપર સહજ પ્રેમ હોય છે, તેવી પ્રભુ પણ તેમનાપર તેવી કૃપા કરે છે, સંસારઅંધકારમાં મચી રહેલા, કામ ક્રોધ અને લોભથી વ્યાપ્ત. દગ્ધ,

કીર્તિ વગેરે લૌકિક વસ્તુઓની અપેક્ષાંવાળા સામાન્ય જનોએ પ્રભુપર પ્રેમ ઉત્પન્ન કરવા પ્રયત્ન કરવા જ, અને તેનાં સાધન પણ કરવાં જ. તે સાધનો શ્રીમદ્પ્રભુજીએ ભક્તિવર્ધિની ગ્રંથમાં સ્પષ્ટ લખેલાં છે:—

यथा भक्तिः प्रवृद्धा स्यात्तथोपायो निरूप्यते ।
बीजभावे दृढे तु स्यात्त्यागाच्छ्रवणकीर्तनात् ॥
बीजदार्ढ्यप्रकारस्तु गृहे स्थित्वा स्वधर्मतः ।
अव्यावृत्तो भजेत कृष्णं पूजया श्रवणादिभिः ॥
व्यावृत्तोऽपि हरौ चित्तं श्रवणादौ यतेत्सदा ।
ततः प्रेम तथाऽऽसक्तिर्व्यसनं च यदा भवेत् ॥
बीजं तदुच्यते शास्त्रे दृढं यन्नापि नश्यति ।
स्नेहाद् रागविनाशः स्यादासक्त्या स्याद्गृहारुचिः ॥
गृहस्थानां बाधकत्वमनात्मत्वं च भासते ।
यदा स्याद्व्यसनं कृष्णे कृतार्थः स्यात्तदैव हि ॥

અર્થ—ભક્તિ વધારવાના ઉપાયો કહું છું. બીજભાવ દૃઢ થવાથી, ત્યાગથી અને શ્રવણકીર્તનથી ભક્તિ વધે. બીજ દૃઢ કરવાનો પ્રકાર એ કે ઘરમાં રહીને, સ્વધર્મથી, વ્યાપાર છોડીને પૂજા શ્રવણ વગેરેથી કૃષ્ણભજન કરવું. વ્યાપાર હોય તોપણ હરિના શ્રવણમાં ચિત્ત હમેશાં રાખવા પ્રયત્ન કરવો. તેથી પ્રેમ, આસક્તિ અને વ્યસન જ્યારે થાય ત્યારે શાસ્ત્રમાં દૃઢ બીજ થયું કહેવાય, જેનો નાશ થતો નથી; સ્નેહથી સંસારમાં રાગનો નાશ થાય, આસક્તિથી ઘરપર અરુચિ થાય ઘરના મનુષ્યો બાધક અને પારકા જેવા લાગે; જ્યારે કૃષ્ણમાં વ્યસન થાય ત્યારે કૃતાર્થ થાય.

આ ઉપરથી સ્પષ્ટ માલૂમ પડશે કે, **अह्न्यापृतं निशिशायनं** એટલે દિવસે વ્યાપારમાં ગુંથાવું અને રાત્રે થાકીને ઉંઘી જવું—એટલે કે સાધનવિનાના ગોકુલને પ્રભુ જેમ વૈકુંઠમાં લઈ ગયા તેમ આપણને પણ, પુષ્ટિમાર્ગીઓને પણ, પ્રભુ લઈ જશે, માટે આપણે તો શ્રીમદ્પ્રભુજીના ભક્તિવર્ધિની ગ્રંથમાં કહ્યા પ્રમાણે ન કરતાં દિવસે વ્યાપાર કરવો અને રાત્રે થાકીને સુઈ જવું—આમ સમજનારા ભૂલ કરે છે. ગોકુલવાસીઓને જે શુદ્ધ પ્રેમ પ્રભુપર હતો તે પ્રેમ તમને છે? પ્રભુના દર્શનવગર, પ્રભુના ગુણગાનવગર જેમ ગોકુલવાસીઓથી રહેવાતું નહતું, **त्रुटिर्युगायते त्वामपश्यताम्**—"તમારા દર્શનવિના એક ક્ષણ અમને યુગ જેવી વીતે છે," એવું તમને થાય છે? જો તમારૂં અંતઃકરણ હા કહેતું હોય, તો તમે કૃતાર્થ છો, તમને પ્રેમ અને વ્યસન પણ સિદ્ધ છે, અને તમને શિખામણ આપવાની યોગ્યતા ભૂતલપર કોઈની નથી.

પુષ્ટિમાર્ગ એટલે સ્નેહમાર્ગ નિઃસાધન છે, એટલે એમાં વેદમાં, તંત્રમાં, ઉપાસના માર્ગમાં, યોગમાર્ગમાં, સાંખ્ય માર્ગમાં સર્વે શાસ્ત્રોમાં કહેલાં મુક્તિનાં સાધનોની અપેક્ષા નથી, યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન, સમાધિ, કે શમ, દમ,

તિતિક્ષા, ઉપરતિ વગેરે, કે શ્રવણ, મનન, નિદિધ્યાસન, કે એવા શાસ્ત્રીય સાધનોની અપેક્ષા નથી. પણ સ્નેહમાર્ગમાં સ્નેહની અપેક્ષા ખરી કે નહિ? અને તે સ્વાભાવિક ન હોય તો માર્ગની રીતિ સ્નેહ વધારવા પ્રભુના ગુણગાન કરવા કે નહિ? માટે શબ્દજાળમાં ન ફસાતાં-નિઃસાધનતાનો ખોટો અર્થ ન કરતાં

तस्मात्सर्वपरित्यज्य निरुद्धैः सर्वदा गुणाः ।
सदानंदपरैर्गेयाः सच्चिदानंदता ततः ॥

સર્વનો પરિત્યાગ કરી, વ્યાપાર છોડી, ઉધ છોડી, ચિત્તનો પ્રભુમાં નિરોધ કરી પ્રભુના ગુણગાન ગાયા કરવા. જેમ માતાનો બાલકપર સ્વાભાવિક પ્રેમ હોય છે, તેમ ગોકુળવાસીઓને તેમના કાનુડાપર સ્વાભાવિક પ્રેમ હતો એવો સ્વાભાવિક પ્રેમ પ્રભુપર તમને છે?

પ્રભુપર આવા પ્રેમવાળા મળવા બહુ વિરલ છે. પ્રભુકૃપાથી એવા કોઇક મળી આવે તો તેમના ચરણની રજ શિરસાવંદ્ય ગણવી. પણ "હરિ, કૃષ્ણ, નામ" વગેરે મ્હોડેથી ઉચ્ચાર કરતા પણ અંદરથી વિષયપ્રચુર લોકોથી ચેતતા રહેવું. શ્રીમહાપ્રભુજીએ સ્વતઃ શ્રીમુખથી કહ્યું છે કે **गुणाः प्रेम्णा अतिदुर्लभाः ।** માટે એવાની કસોટી તો સોના કરતાં પણ વધારે સખ્તાઇથી કરવી, કારણકે એવા ભગવદીય તો સર્વસ્વ અર્પણ કરવા યોગ્ય છે, અને પુષ્ટિમાર્ગમાં ભોળપણથી છેતરાતાં મનુષ્યોનાં દૃષ્ટાંતો કાંઇ ઓછાં મળી આવતાં નથી. જેનામાં વૈષ્ણવનાં લક્ષણો હોય, ભગવદીયના ચિન્હ હોય, જેના હૃદયમાં પ્રભુ-ભક્તિ પ્રકાશતી હોય, તેજ સર્વસ્વ અર્પણ કરવા યોગ્ય છે, બીજો કોઇ નથી. માટે આપણે પ્રભુપ્રાપ્તિના ઉપર ઘેલા પ્રયત્ન કરવા એટલુંજ નહિ, પણ ઢોંગીથી ચેતતાં રહેવું.

કેટલાક જ્ઞાનમાર્ગવાળા એમ સમજે છે કે ભક્તિથી ચિત્ત શુદ્ધ થાય અને પછી જ્ઞાન પ્રાપ્ત થાય. આ બાપડાઓ ભક્તિનો અર્થજ સમજ્યા નથી. ભક્તિ એટલે પ્રભુમાં નિઃસ્વાર્થ સ્નેહ. જ્ઞાનની ગતિજ પ્રભુ-પુરુષોત્તમ સુધી નથી, કેમકે પુરૂષોત્તમ માત્ર અનન્ય ભક્તિથી પ્રાપ્ય છે, તો એવી ઉત્તમ ભક્તિને જ્ઞાનનું સાધન ગણવું એ કેટલું ખોટું! જ્ઞાન તો અક્ષર બ્રહ્મની પ્રાપ્તિ કરાવી શકે છે, બાકી સ્થિતિ પ્રાપ્ત કરાવી, જલમાં જલ મળી જાય, સમુદ્રમાં મીઠાની પુતળી મળી જાય, તેવી સ્થિતિ કરી દે છે, **सोऽश्नुते सर्वान् कामान् सह ब्रह्मणा विपश्चिता** સુધી જ્ઞાનની ગતિ નથી, માટે શુદ્ધ ભક્તિમાર્ગનું-પુરુષોત્તમ પર્યંત ગતિવાળા સ્વમાર્ગનું-નિરૂપણ **सिद्धांतमुक्तावली**માં કરી શ્રીમહાપ્રભુજી કહે છે કે- **ज्ञानाधिको भक्तिमार्ग एवं तस्मान्निरूपितः** જ્ઞાનમાર્ગથી અધિક ભક્તિમાર્ગનું આ પ્રકારે નિરૂપણ કર્યું.

આજકાલ ચાલતાં ભિન્નભિન્ન પ્રકારની પૂજા-શ્રવણ કીર્તનને બધાને ભક્તિ કહેવાય નહિ, તેનું સ્પષ્ટ વર્ણન કરતાં શ્રીમત્પ્રભુચરણ કહે છે કે વૃત્તિને માટેનાં શ્રવણકીર્તન લૌકિક ખેતી જેવાં, તાત્કાલિક ક્ષુદ્રફલ આપનારાં, શાસ્ત્રમાં કહેલી વિધિ પ્રમાણે ધર્મ, અર્થ, અને કામની ઇચ્છાથી કરાતાં શ્રવણકીર્તન કર્મમાર્ગીય; સંન્યાસાશ્રમમાં જ્ઞાનોદયને માટે ચિત્તશુદ્ધિના હેતુથી કરાતાં શ્રવણકીર્તન જ્ઞાનમાર્ગીય; મોક્ષના સાધન તરીકે પંચરાત્રમાં કહેલી દીક્ષા પૂર્વક શાસ્ત્રવિધિ પ્રમાણે કરાતાં શ્રવણકીર્તન ઉપાસનામાર્ગીય; ભક્તિસંપ્રદાયની દીક્ષાપૂર્વક મોક્ષના સાધન તરીકે કરાતાં શ્રવણકીર્તન પ્રવાહિક ભક્તિ; પ્રેમાત્મક ભક્તિના સાધનરૂપે

કરાતું શ્રવણકીર્તન મર્યાદાભક્તિ; અને પ્રભુમાં સ્નેહ ઉત્પન્ન થયા પછી સ્વતંત્ર પુરુષાર્થરૂપે કરાતું શ્રવણકીર્તન પુષ્ટિભક્તિરૂપ છે. આ ઉપરથી સ્પષ્ટ માલૂમ પડે છે કે જે હેતુથી શ્રવણકીર્તન કરવામાં આવે છે તે હેતુજ મુખ્ય છે. અને ઉત્તમોત્તમ હેતુ પ્રેમ છે. પ્રભુપર પ્રેમથી પ્રભુની સર્વે લીલા સાંભળવામાં અને તેના કીર્તન કરવામાં સ્વાભાવિક આનંદ આવે માટે જ શ્રવણકીર્તન કરવું એ ઉત્તમ. જ્યાંસુધી પ્રભુ દયા કરી પ્રકટ થાય, ત્યાં સુધી આવા ઉત્તમ ભક્તો પ્રભુની લીલાનો ગાન કરી દહાડા કાડે છે, માટે જ શ્રીમદ્પ્રભુચરણે કહ્યું છે કે:—

महतां कृपया यावद् भगवान् दययिष्यति ।
तावदानंदसंदोहः कीर्त्यमानः सुखाय हि ॥
गुणगाने सुखावाप्तिर्गोविंदस्य प्रजायते ।
यथा तथा शुकादीनां नैवात्मनि कुतोऽन्यतः ॥

અર્થ—મોટાની કૃપાથી જ્યાંસુધી ભગવાન દયા કરશે ત્યાંસુધી આનંદસાગર પ્રભુનું કીર્તન સુખ જ આપે છે. ગોવિંદના ગુણગાનમાં જે સુખપ્રાપ્તિ થાય છે તે શુકદેવ વગેરે આત્મજ્ઞાનીને પ્રાપ્ત થતી નથી તો બીજાને તો ક્યાંથી જ.

આ સિદ્ધાંતનો અનુભવ કરતાં શ્રીગોપિકાઓએ ગાયું કે:—

तव कथामृतं तप्तजीवनं कविभिरीडितं कल्मषापहं ।
श्रवणमंगलं श्रीमदाततं भुवि गृणंति ते भूरिदा जनाः ॥

અર્થ—તમારું કથામૃત વિરહતપ્ત ભક્તોનું જીવન છે, પંડિતોએ વખાણ્યું છે, પાપનાશક છે, શ્રવણમાત્રથી મંગલ કરે છે, કીર્તિવાળું છે અને મોટા દાતાઓ પૃથ્વીપર ગાયા કરે છે.

આ સર્વનો સાર એ કે ભગવાનના પ્રાકટ્ય સિવાય બીજા કશાની અપેક્ષા રાખ્યાવિના ભગવાનના વિરહમાં જેમ તેમ દહાડા કાઢવા માટે ભગવાનની લીલાના ગુણગાન ગાયાકરવા-આજ ઉત્તમોત્તમ શ્રવણકીર્તન.

ભક્તિની શક્તિ સ્નેહમાં છે. ભક્તિના બીજા સર્વે અર્થ ગૌણ છે. શુદ્ધ સ્નેહ દુર્લભ છે એટલે ખરી ભક્તિ દુર્લભ જ. યોગ, મંત્ર, જંત્ર, કર્મ, જ્ઞાન, ઉપાસના, સર્વે કરતાં નિષ્કામ સ્નેહ ઉત્તમ છે, માટે એવી ભક્તિ પણ એ સર્વ કરતાં ઉત્તમ છે. સ્નેહ હૃદયનો સાર છે, હૃદયનું સર્વસ્વ છે, અને હૃદય સર્વે વિદ્યાનું સ્થાન છે એમ શ્રુતિ કહે છે, તો એવા હૃદયના સર્વસ્વથી થતી પ્રભુભક્તિને ઉત્તમ ન કહેનારને મૂર્ખ ન કહેવો ? વેદના, તંત્રના મંત્રોમાં નિષ્કામ સ્નેહ જેવી મોહકપણું શક્તિ નથી. વિધિ એટલે નિયમ અથવા હુકમ. નિયમ અથવા હુકમ પાળવામાં ખામી આવે તો સજા થાય. તે સજા તો ખમેજ છૂટકો. મંત્ર બોલવામાં એક અક્ષરની ભૂલ પડી કે ક્રિયાનું વળી થઇ જાય. વળી વિધિ, મંત્ર વગેરેમાં સ્વાર્થ તો ખરોજ. નહિતો એવા વિધિ કે મંત્ર જંત્રની ખટપટમાં કોણ પડે ? ધન, સ્ત્રી, પુત્ર, કીર્તિ, સ્વર્ગ કે પછી મોક્ષ, પણ કોઇને કોઇ સ્વાર્થ તો સર્વે વિધિમાર્ગમાં ખરો જ. સ્નેહમાર્ગમાં ભગવાનનું સુખ તે જ ભક્તોનો સ્વાર્થ. સાંભળો:—

यत्ते सुजातचरणाम्बुरुहं स्तनेषु ।
भीताः शनैः प्रिय दधीमहि कर्कशेषु ॥
तेनाटवीमटसि तद्व्यथते न किंस्वित् ।
कूर्पादिभिर्भ्रमति धीर्भवदायुषां नः ॥

અર્થ—હે પ્રિય! તમારા જે સુંદર (કોમલ) ચરણકમલને અમારા કર્કશ સ્તનપર બીતાબીતા ધીરેથી મુકીએ છીએ, તે ચરણકમલથી તમે વગડામાં ભટકો છો, તે કાંકરા વગેરેથી તમને દુઃખ થતું નથી? તમેજ અમારૂં આયુષ્ય—અમારૂં જીવન હોવાથી અમારી બુદ્ધિમાં આવા વિચારો આવે છે! રડતાં હતાં પોતાના દુઃખને, કે વેણુનાદ કરી પ્રભુએ બોલાવ્યાં, એટલે પતિ પુત્ર સર્વ વિષય છોડી પ્રભુના ચરણકમલમાં હાજર થયાં. ત્યારે મુક્યો આરોપ કે "રાત્રે જંગલમાં કેમ આવ્યા? સ્ત્રીઓનું અહીં શું કામ? કુલસ્ત્રીઓને છાજે નહિ, માટે જાઓ પાછા." આવા ખોટા આરોપથી મહાદુઃખમાં પડ્યા, છાતીફાટ રૂદન કર્યું, પણ પોતાના પ્રિય પ્રભુપર રોષ આવ્યો નહિ.

ગભરાતાં ગભરાતાં ઉત્તર આપ્યો કે "ચિત્ત તમે ચોરી લીધું છે એટલે ઘરમાં હવે પેસતુંજ નથી, ઘરકામમાં હાથ ચાલતા નથી, અને તમારી હાજરીમાંથી પગ ખસતા નથી એટલે ઘેર કેમ જઈએ ને શું કરીએ?......હે કમલ નયન, જ્યારથી તમારા ચરણકમલનો સ્પર્શ અમને થયો છે, ત્યારથી હે અંગ, ત્યારથી બીજા કોઈની પાસે ઉભા રહેવાનું જ નથી...... વાહ તમારા સુંદર વેણુગીતનો, ત્રિલોકીમાં એવી કઈ સ્ત્રી છે કે એ ગીત સાંભળીને આર્યચરિતથી ન ચળે? વાહ તમારા આ ત્રિલોકીમાં સુંદર રૂપનો, કે જે જોઈને ગાયો, પક્ષીઓ, ઝાડો અને હરિણોને પણ રોમાંચ થયાં! માટે હે દુઃખીના નાથ! તમે તો અમો વ્રજવાસીઓનાં દુઃખ હરવાનેજ પ્રકટ થયા છો, તેથી આ દાસીઓનાં તપેલાં હૃદયપર અને મસ્તકપર તમારો હસ્તકમલ ધરો." દુઃખમાં પણ દુઃખ દેનારનાંજ ગુણગાન! આનું નામ નિઃસ્વાર્થ પ્રેમ, અને આજ સ્વતંત્ર ભક્તિ. નહિ અપેક્ષા કોઈપણ સ્વાર્થની કે નહિ અપેક્ષા મોક્ષની. આવા ઉત્તરથી કૃપા કરી પ્રભુએ પ્રસન્ન થઈ શ્રી ગોપિકાઓસાથે રમણ કર્યું, એટલે ગોપિકાઓ ભૂતલ પર સર્વે સ્ત્રીમાં પોતાને અધિક માનવા લાગ્યાં. આ સ્વાભાવિક ગર્વ પણ પ્રભુને રુચ્યો નહિ અને અંતર્ધાન થઈ ગયા! પ્રેમની કસોટીની અવધિ થઈ, અને જેને સંસારી લોકો ગાંડપણ કહે એવી તન્મયતા, કૃષ્ણમયતા, બ્રહ્મમયતા શ્રી ગોપિકાઓના ચિત્તની થઈ. ઝાડો, લતા, પશુઓને પૂછવા માંડયું કે અમારા વહાલા પ્રભુને જોયા છે? અને અતિ પ્રેમમાં ને પ્રેમમાં પ્રભુમય થઈ પ્રભુની સુંદર લીલા કરવા માંડી, એક બની પૂતના અને એકે કર્યું તેનું સ્તનપાન; એક બની શકટ અને એકે તેને રડતાં રડતાં મારી લાત; એક બની બાલકૃષ્ણ અને એક બની દૈત્ય અને તેને લઈ ગઈ; એક બની બાલકૃષ્ણ અને ઘુંટણીએ ચાલતી ઘુઘરીઓ ખખડાવવા લાગી; એક થઈ કૃષ્ણ, એક થઈ બલદેવ, કેટલીક થઈ ગોવાલ, એક ગોપી–કૃષ્ણે વત્સ થયલીને મારી, એકે બગ થયલીને મારી, કૃષ્ણક્રીડા કરતી એકે લીધી બંસી, દૂર ગયલી ગાયોને વેણુથી બોલાવવા માંડી, અને બીજીઓ બોલી "વાહ! વાહ!" કૃષ્ણની સુંદર ચાલનું અનુકરણ કરતી એકે બીજી ગોપીના ખભા પર પોતાનો હાથ મુકી બોલી "જુઓ આ કૃષ્ણ આવ્યા! મારી લલિત

સાથ જુઓ !" પોતાનું વસ્ત્ર ઉંચું કરી એક કહ્યું "મેં ગોવર્ધન પર્વત ઉંચો કર્યો છે, જેથી અને વરસાદ અને પવનથી બ્હીશો નહિ." એક બીજાના મસ્તકપર પગ ધરી કહ્યું "દુષ્ટ કાલીય, અહીંથી જતો રહે, હું દુષ્ટનું શાસન કર્તાછું." એક ગોવાળીઆ બનેલી બીજીઓને કહ્યું "આંખ મીંચો, જુઓ હું હમણા દાવાનળનું પાન કરૂં છું." એક બીજી ગોપી–કૃષ્ણને ખાંડણીએ બાંધી અને તે ભયવ્યાકુલ દૃષ્ટિથી જોવા લાગી." સહેજ ભાન આવતાં પાછી બધી એકઠી મળી કૃષ્ણને શોધવા લાગી અને જ્યારે નજ જડયા ત્યારે—

तन्मनस्कास्तदालापास्तद्विचेष्टास्तदात्मिकाः ।
तद्गुणानेव गायंत्यो नात्मागाराणि सस्मरुः ॥

અર્થ—તેમનાં મન કૃષ્ણમય થઇ ગયાં, કૃષ્ણનાજ આલાપ કરવા લાગી, કૃષ્ણનીજ ચેષ્ટા કરવા લાગી, કૃષ્ણાત્મક થઇ ગઇ, અને કૃષ્ણના ગુણ ગાતી ગાતી પોતાના જીવ અને ઘરબારનું પણ સ્મરણ રહ્યું નહિ.

આ ગીત તેજ ગોપી ગીત. તેમાં પણ ઉપર કહ્યું તેમ પોતાના દુઃખને રડતાં રડતાં પણ "હે પ્રભુ તમે આમ જંગલમાં નાશી ભમો છો તે તમારા ચરણકમલને કાંકરા ખુંચતા નથી?" અમારૂં વિરહદુઃખ રહ્યું એક કોરે, પણ તમને દુઃખ થતું નથી?

આજ વ્યસન, આજ શુદ્ધભાવ. આ ભાવ પ્રાપ્ત કરવાનાં સાધનનું વર્ણન કોઇ પણ શાસ્ત્રોમાં નથી, માત્ર એનું અનુકરણજ થઇ શકે, અને તેજ પુષ્ટિમાર્ગ. શ્રીગોપિકાઓએ જે કર્યું તેજ ભાવસિદ્ધિને અર્થે કરવું. માટે જ શ્રી મહાપ્રભુજીએ **सर्वनिर्णय**માં કહ્યું કે–

कौण्डिन्यो गोपिकाः प्रोक्ता गुरवः साधनं च तत् ।
भावो भावनया सिद्धः साधनं नान्यदिष्यते ॥
विकलत्वं तथाऽस्वास्थ्यं प्रकृतिः प्राकृतं नहि ।
ज्ञानं गुणाश्च तस्यैवं वर्तमानस्य बाधकाः ॥

અર્થ—કૌંડિન્ય ઋષિ અને ગોપિકાઓ ગુરુ; ભાવનાથી સિદ્ધ થયેલો તેમનો–તેમના જેવો–ભાવ એજ સાધન; બીજા કોઇ સાધનની અપેક્ષા નથી; વિકલત્વ અને અસ્વસ્થપણું એજ સ્વાભાવિક થઇ જાય છે, પણ તે લૌકિક નથી; આવા વિરહીને ભગવાનના જ્ઞાન (**सर्वं खल्विदं ब्रह्म**) અને ગુણો ઐશ્વર્ય, વીર્ય, વગેરે પણ બાધક છે, કેમકે તે વિપ્રયોગરસમાં બાધક થાય છે.

આવો સ્નેહમાર્ગ સ્થાપન કરનાર શ્રીમદ્વલ્લભાચાર્યને સામાન્ય મનુષ્ય સમજવા નહિ. જેમ શિવના અવતાર શંકરે આવી માયાવાદ પ્રસારી મનુષ્યોને માયામાં ફસાવી ભગવદ્ભક્તિથી વિમુખ કર્યા, જેમ હનુમાનાવતાર મધ્વે આવી શુદ્ધ દાસ્યભક્તિનો પ્રચાર કર્યો, જેમ શેષના અવતાર રામાનુજે જ્ઞાન સહિત ભક્તિનું સ્થાપન કર્યું, તેમજ અગ્નિઅવતાર શ્રીમદ્વલ્લભે સ્નેહભક્તિનો પ્રચાર કર્યો, અને વેદ, સૂત્ર, ગીતા અને ભાગવતના શુદ્ધસ્વાભાવિક અર્થ પ્રકટ કર્યા. પોતે શ્રીમુખથી કહે છે કે—

श्रीमद्भागवतागमः सुरतरुर्लोके फलत्वं गतो ।
भाषाभेदविभेदतस्त्रयमपि स्यान्नो विरुद्धं महत् ॥
भक्त्यंशे फलता प्रमाणसबले वेदत्वमर्थे पुनः ।
स्कंधैर्द्वादशभिर्युतः सुरतरुः शाखाद्विरष्टिद्वयम् ॥
अर्थं तस्य विवेचितुं नहि विभुर्वैश्वानराद्वाक्पते ।
रन्यस्तत्र विधाय मानुषतनुं मां व्यासवच्छ्रीपतिः ॥
दत्त्वाज्ञां च कृपावलोकनपटुर्यस्मात्ततोऽहं मुदा ।
गूढार्थं प्रकटीकरोमि बहुधा व्यासस्य विष्णोःप्रियम् ॥
लक्षणां नैव वक्ष्यामि—

અર્થ—વેદાત્મક શ્રીમદ્ભાગવત કલ્પવૃક્ષ લોકમાં ફલપણાને પ્રાપ્ત થયું છે. તે મહાપુરાણ છે. સમાધિભાષા, પરમત અને લૌકિકી એમ ત્રણ પ્રકારના ભાષાભેદથી ફલપણું, વેદપણું અને કલ્પવૃક્ષપણું વિરુદ્ધ નથી. ભક્તિના અંશમાં ફલપણું, પ્રમાણના સુબલમાં વેદત્વ, અને અર્થમાં બારસ્કંધથી યુક્ત ત્રણસેં બત્રીસ અધ્યાયરૂપ શાખાયુક્ત કલ્પવૃક્ષ છે. વાણિના પતિ અગ્નિ સિવાય અન્ય કોઇ તેનો અર્થ પ્રકટ કરવા સમર્થ નથી. માટે શ્રીપતિ પ્રભુએ વ્યાસની માફક મનુષ્યતનુ ધારણ કરી મને તે અર્થ પ્રકટ કરવા આજ્ઞા આપી ચતુરાઇથી કૃપાકટાક્ષ મારાપર નાંખ્યાં, તેથી વ્યાસ અને વિષ્ણુને પ્રિય ગૂઢ અર્થ આનંદથી હું પ્રકટ કરૂં છું. હું લક્ષણાના તરંગ નહિ દોડાવતાં વાચ્યાર્થ જ કહીશ.

આવા પ્રભુએ મોકલેલા સ્વજનથી ભૂતલ ક્વચિત જ ભૂષિત થાય છે. માટે એમના વચનો અમૃતબિંદુ સમજવા. **જલભેદમાં** પોતે કહે છે કે—

गुणातीततया शुद्धान् सच्चिदानंदरूपिणः ।
सर्वानेव गुणान् विष्णोर्वर्णयंति विचक्षणाः ॥
तेऽमृतोदाः समाख्यातास्तद्वाक्पानं सुदुर्लभम् ।
तादृशानां क्वचिद्वाक्यं दूतानामिव वर्णितम् ॥
अजामिलाकर्णनवत् बिन्दुपानं प्रकीर्तितम् ।

અર્થ—વિચક્ષણ પુરુષો વિષ્ણુભગવાનના સર્વે ગુણો ગુણાતીત હોવાથી શુદ્ધ સચ્ચિદાનંદરૂપ જાણી વર્ણન કરે છે, તેઓ અમૃતસાગર કહેવાય છે, તેમની વાણીનું પાન અત્યંત દુર્લભ છે. તેમનું વાક્ય કોઇક્વાર દૂતોના વાક્ય જેવું ફલરૂપ થાય છે, જેમ અજામિલ શ્રવણ કરી તરી ગયો, તેમ અમૃતબિંદુના પાન જેવું છે.

આવા ભગવાનના અનુભવવાળા સત્પુરૂષે પ્રવર્તાવેલા સંપ્રદાયમાં જે ભક્તો ચાલે તેમનાપર પણ ભગવત્કૃપા થાય એમાં શું આશ્ચર્ય? આ નાવમાં બેસનાર વિનાશ્રમે સંસાર સાગર તરી પ્રભુ પાસે જાય એમાં શું આશ્ચર્ય ? હાલના આચાર્યોના તમે ગમે તેટલા દોષ

કારો, પણ તેથી જે સત્પુરૂષે આ સુંદર, સ્નેહમય સંપ્રદાય પ્રવર્તાવ્યો, તેનો શું દોષ? શ્રીમત્પ્રભુચરણ સ્પષ્ટ કહે છે કે आधुनिकानामुपदेष्टॄणामपि स्नेहाभावेऽपि सम्मूकमूलानां भाषाभाष्याचार्याणां तत्परत्वेन तदनुगृहीतत्वेन सर्वोपपत्तेः । એટલે "હાલના ઉપદેશકોનો પ્રભુમાં સ્નેહ ન હોય તોપણ તેમના સંપ્રદાયના મૂળભૂત પૂર્વના આચાર્યો પ્રભુમાં સ્નેહવાળા હોવાથી પ્રભુનો તેમનાપર અનુગ્રહ હોવાથી સર્વ સિદ્ધ થાય છે." માર્ગમાં રીત પણ એવીજ છે. "શ્રી મહાપ્રભુજીની કાનીથી—" એમ જ પ્રભુને વિનતિ થાય છે. હાલના આચાર્યોને પણ પૂર્ણ પુરૂષોત્તમ થવાની અને ગણાવાની ઇચ્છા હોય છે તે ઇષ્ટ છે. અદ્વૈતવાદમાં, सर्वं खल्विदं ब्रह्म, वासुदेवः सर्वमिदं એ સિદ્ધાન્તમાં આ ઇચ્છા અપ્રાપ્ય નથી. વૈષ્ણવો, ભગવદ્ભક્તો તો ગુરૂને પૂર્ણપુરૂષોત્તમ માનવાને ઉત્સુક છે. પણ જે આચાર્યો એકાક્ષરમંત્રનું દાન કરે, જે આચાર્યો આવા આવા સુંદર ગ્રંથો વાંચે નહિ, શ્રવણ કરાવે નહિ, સુબોધિનીતરફ દૃષ્ટિ પણ ન કરે, નિબંધ અને અણુભાષ્ય જેવા સિદ્ધાન્તના ગ્રંથો વાંચે પણ નહિ, પુષ્ટિમાર્ગનું તત્ત્વ સમજે નહિ, પ્રતિપાદન ન કરે, તેમને, અરે, કેટલાક નિરક્ષર આચાર્યોને બિચારા ઉત્સુક વૈષ્ણવો પણ "પૂર્ણ પુરૂષોત્તમ" કેમ માની શકે! "પૂર્ણ પુરૂષોત્તમ" આ શબ્દોનો અર્થ તો વિચારો? પ્રકૃતિથી પેલે પાર, અક્ષરબ્રહ્મથી ઉચ્ચતર, જ્ઞાનીઓને અપ્રાપ્ય, આવા "પૂર્ણ પુરૂષોત્તમ" વિષયાકાન્ત દેહવાળાને કેમ કહેવાય? જ્ઞાનીઓના જ્ઞાનને તુચ્છ કરવાની શક્તિ તેમનામાં હોય કે નહિ? 'પૂર્ણ પુરૂષોત્તમ" સુબોધિની વાંચી સમજી શકે કે નહિ? "अहं निरुद्धो रोधेन निरोधपदवीं गतः" એમ હાલના આચાર્યો કહી શકશે? પ્રભુ કરે ને પૂર્ણ પુરૂષોત્તમ થવાની આચાર્યોની આ સુંદર ઇચ્છા ફલીભૂત થાઓ. શ્રીમત્પ્રભુચરણે આ લઘુ ગ્રંથમાં બહુ સ્પષ્ટતાથી અને સુંદરતાથી વિવિધ પ્રકારની ભક્તિનું તારતમ્ય સમજાવી પુષ્ટિ ભક્તિની ઉત્તમતા, અને તેના અનુકરણની સરલતા સિદ્ધ કરી છે. સર્વે વાચકોનો આ ગ્રંથ વાંચી પ્રભુપર ગૂઢ પ્રેમ થાઓ.

शुद्धाद्वैत वा अखण्डब्रह्मवाद.

જડ વા ચેતન જે કંઇ પણ છે તે સર્વ સત્નો જ પ્રકાર છે, નામ અને રૂપ પણ સત્ની જ કૃતિ છે. અખિલ વિશ્વમંડળની અનન્ત રચનામાં જડ વા ચેતન સર્વ સદ્ જ છે, સદ્ વિના અન્ય કંઇ નથી, નામ અને રૂપ પણ તે જ છે, તેથી સત્ના વિજ્ઞાનથી સર્વનું જ્ઞાન થાય છે એ સિદ્ધાન્તનું સુસ્પષ્ટ નિરૂપણ સ્વપુત્ર શ્વેતકેતુને ઋષિ ઉદ્દાલક આરુણિએ કર્યું, પરન્તુ આ ગહન ઉપદેશ માત્ર એક જ વાર ઉપદેશવાથી કે શ્રવણ કરવાથી હૃદયમાં સુસ્થિર થતો એ અશક્ય છે તેથી આરુણિ ઋષિ સ્વપુત્રને આ સિદ્ધાન્ત ભિન્ન ભિન્ન દૃષ્ટાન્તોની સહાયથી નવ વાર ઉપદેશે છે, અને જ્યારે શ્વેતકેતુએ એનું નવ વાર શ્રવણ કર્યું ત્યારે અસંશય થઇને યથાર્થ તાત્પર્ય સમજ્યો. કોઇ પણ ઉપદેશને હૃદયારૂઢ થવામાં મુખ્ય કારણ તેની આવૃત્તિ જ છે. કૃષ્ણદ્વૈપાયન વ્યાસ પણ એજ ન્યાય 'आवृत्तिरसकृदुपदेशात्' માં સ્વીકારે છે. 'નવ' આંક પણ પૂર્ણતાનો સૂચક છે તેથી એમ પણ થાય છે કે

આરુણિને નવ દૃષ્ટાન્તથી પુનઃ પુનઃ ઉપદેશવાનું કારણ માત્ર આદેશના પૂર્ણ પ્રાકટ્યની સિદ્ધિ જ છે.

'**स एष अणिमा, ऐतदात्म्यमिदं सर्वं, तत्सत्यं, स आत्मा, तत् त्वमसि**' આ વાક્યનો ઉચ્ચાર ઉદ્દાલક ઋષિ નવ વાર કરીને સ્વપુત્ર શ્વેતકેતુને અખંડ બ્રહ્મવાદ-શુદ્ધ અદ્વૈત ઉપદેશે છે. જે સદ્ તે જ આ સૂક્ષ્મતમ છે, આ સર્વ—જગત્ ઐતદાત્મ્ય છે, તે સત્ય છે, તે આત્મા છે, શ્વેતકેતુ, તું તે છે. અહિં '**इदं सर्वं**'થી જે જગત્નો નિર્દેશ કર્યો છે તેને ઐતદાત્મ્ય અને સત્ય કહ્યું છે. જગત્ છે તે પણ આત્માનો ભાવ છે, પ્રકાર છે, સાચું જ છે, સત્ય છે, કારણ કે જગત્નો આત્મા સદ્ છે, શ્વેતકેતુ તું પણ તે છે, તું પણ ઐતદાત્મ્ય છે, અથવા વધારે સારી રીતે કહીએ તો, તું પણ તે જ છે. ઉપનિષદનું મહાવાક્ય માત્ર '**तत् त्वम् असि**' એટલું જ નહિ પણ '**स एष अणिमा ऐतदात्म्यं इदं सर्वं तत्सत्यं स आत्मा तत्त्वमसि**' એ છે. ઉદ્દાલક ઋષિનો ઉદ્દેશ માત્ર જીવનું સદ્ સાથે અદ્વૈત સિદ્ધ કરવાનો છે, એટલું જ નહિ પરન્તુ વિશ્વમાં જડ વા ચેતન જે કંઇ પણ છે તે સર્વ સદ્થી અનન્ય છે એ દર્શાવવાનો છે. સદ્ અને જડચેતન પ્રપંચનું શુદ્ધ અદ્વૈત એમને ઇષ્ટ છે. ઉદ્દાલકની આરંભની પ્રતિજ્ઞાનો વિચાર કરતા પણ આ જ વાતને પુષ્ટિ મળે છે. એકના જ્ઞાનથી સર્વનું જ્ઞાન કરાવવું એ આરુણિની પ્રતિજ્ઞા છે; હવે એકના જ્ઞાનથી સર્વનું જ્ઞાન ત્યારે જ થઇ શકે કે જ્યારે જે એક છે તે જ સર્વ હોય—અથવા એક અને સર્વ એક છે—અનન્ય છે, ઉભયનું અદ્વૈત છે એટલું સિદ્ધ થાય ત્યારે. આ ઉદ્દેશથી પ્રથમ કાર્યકારણભાવના બોધક મૃત્તિકા, સુવર્ણ, અને લોખંડના ત્રણ દૃષ્ટાન્ત આપ્યા. અત્ર ઋષિએ વિકારને વાચારંભણ કહ્યો તેથી કોઇને ભ્રાન્તિ થાય કે વિકારનું વસ્તુતઃ અસ્તિત્વ જ નથી તેથી બાદરાયણે એના અર્થનો નિર્ણય કરવાને '**तदनन्यत्वमारम्भणशब्दादिभ्यः**' સૂત્ર યોજ્યું, અને જણાવ્યું કે અત્ર વિકારનું અસ્તિત્વ નિષેધાયું નથી પરન્તુ જે વિકાર છે તે કારણથી અનન્ય છે, વિકારના ભિન્ન ભિન્ન નામ અને રૂપો વસ્તુનો ભેદ ઉત્પન્ન કરતા નથી, પણ મૂલ કારણ જ કેટલાક ધર્મો પ્રકટ કરીને અથવા કેટલાક ધર્મો ગુપ્ત કરીને તે તે નામ અને રૂપથી સ્વતઃ વ્યવહાર્ય છે, અને આ જ કારણથી કારણના મૂલ-વસ્તુના જ્ઞાનથી—સદ્ના જ્ઞાનથી—કાર્યના સદ્ના પ્રકારનું—જડજીવાત્મક પ્રપંચનું—જ્ઞાન થાય છે. આ પ્રતિજ્ઞા લક્ષમાં રાખીને અને એ પ્રતિજ્ઞા પોષવાને જે સત્સૃષ્ટિ ઉપદેશી છે તે ઉપરથી સ્પષ્ટ જ છે કે આરુણિને કાર્યનું અસત્ત્વ (non-existence) સંમત નથી. કાર્ય જો વસ્તુતઃ સત્ ન હોય તો આરુણિની પ્રતિજ્ઞા જ નિરર્થક ઠરે છે, વાચારંભણ નામધેય ઇત્યાદિ શબ્દોનું દર્શન કરીને ક્વચિત્ કોઇ કાર્યનું જડજીવાત્મક પ્રપંચનું વાઙ્મયત્વ જ સ્વીકારીને તેની વસ્તુતઃ સત્તા જે છે તે જો કોઇ નિષેધે તો એકના જ્ઞાનથી સર્વના જ્ઞાનની પ્રતિજ્ઞા કુંઠિત થાય, તે મા થાઓ એવી શુભેચ્છાથી સમગ્ર પ્રપાઠકનો વિચાર બાદરાયણ કરે છે, 'આ જગત્ ઐતદાત્મ્ય છે, સત્ય છે, તે આત્મા છે, તું તે છે' ઇત્યાદિના નવ વાર ઉચ્ચારથી આરુણિએ જે જગત્ અને જીવની અનન્યતા સ્વીકારી છે, તે પણ ધ્યાનમાં લે છે, અને એક અને સર્વ જો વસ્તુતઃ ભિન્ન હોય તો એકના જ્ઞાનથી સર્વનું જ્ઞાન ન થાય, તેથી સ્પષ્ટ ધ્વનિ છે કે અત્ર વાચારંભણાદિ શબ્દોથી મોહ ન પામવો, ઉક્ત શબ્દો કાર્યનું આત્યન્ત સત્ત્વ નિષેધતા નથી, પરન્તુ કાર્ય એ કારણથી ભિન્ન વસ્તુ છે એવી જો કોઇને ભ્રાન્તિ થાય તો

તેનો જ નિષેધ કરે છે. અર્થાત્ જેમ કાર્ય વસ્તુતઃ કારણથી ભિન્ન નથી તેમ આ જગત્ સૂક્ષ્મમાં સૂક્ષ્મ એવું જે સત્ તેનાથી ભિન્ન નથી પણ ઐતદાત્મ્ય છે, સૂક્ષ્મતમ જે સત્ છે તેનો જ પ્રકાર છે, સત્ય છે, સત્સંબંધી છે, જગત્ વસ્તુતઃ નથી એમ નહિ, તેમ જગત્ એવું સ્વતંત્ર સત્થી ભિન્ન કાંઈક છે તેમ પણ નહિ, પણ જે સત્ છે તેનો જ પ્રકાર આ જગત્ છે. જગત્ ઐતદાત્મ્ય છે, સત્ય છે, કારણ કે એનો આત્મા સત્ જ છે. 'सूर्यः आत्मा जगतः तस्थुषश्च' સૂર્ય સર્વનો પ્રસવ કરનાર–પરમાત્મા જડ અને જીવનો આત્મા છે એમ ઋચા પણ ગાન કરે છે. જગત્ નામના જડ પદાર્થની સ્થિતિ પણ સત્ એનો આત્મા છે તેથી જ છે–સત્ એનો આત્મા છે તેથી જ જગત્ ઐતદાત્મ્ય છે, સત્ય છે, સત્થી ભિન્ન સ્વતંત્ર અસ્તિત્વ જગતનું સંભવતું જ નથી, તેમ તેનું અસત્ત્વ (non-existence) પણ સંભવતું નથી, કારણ ઉભયથા સ્વીકારતાં આરુણિની એકના વિજ્ઞાનથી સર્વના વિજ્ઞાનથી પ્રતિજ્ઞા વ્યર્થ થાય છે. અર્થાત્ જગતનું અસ્તિત્વ સત્‌ની–બ્રહ્મની–સત્તાથી સ્વીકારવું તે જ યુક્ત છે, આ જ કારણથી આરુણિ ઋષિ જગતને ઐતદાત્મ્ય કહે છે, સત્ય કહે છે, અને સત્થી આ જગત્ અનન્ય છે તેથી એ સત્‌ના જ્ઞાનથી એનું જગતનું જ્ઞાન થાય છે એમ સિદ્ધ કરે છે. વ્યાસ પણ આ જ કારણથી જગત્ અને બ્રહ્મનું અનન્યત્વ કહે છે, પણ મિથ્યાત્વ નથી કહેતા.

આ પ્રકારે સૂક્ષ્મતમ સત્‌ના જ્ઞાનથી સ્થૂલ જડનું જ્ઞાન થાય છે, એમ ઉપદેશીને સૂક્ષ્મ ચેતનનું જ્ઞાન પણ સત્‌ના જ્ઞાનથી થાય છે તે દર્શાવવાને કહે છે કે શ્વેતકેતુ તે તું છે, 'तत् त्वमसि' આ વાક્ય ઔપનિષદ સાહિત્યમાં અનન્ત વિવાદક્ષેત્રનું બીજ થયું છે. એનો શું અર્થ કરવો એ વિષે મહાન્ આચાર્યોએ વિવિધ મત દર્શાવ્યા છે. કેટલાક તો એ શબ્દો[1] પણ અન્યથા કરવાનો પ્રયત્ન કર્યો છે, ત્યારે કેટલાક એ શબ્દોને યથાસ્થિત રહેવા દઈને એના અર્થને તથા તાત્પર્યને મચડવા એવા કુટિલ પ્રયત્ન કર્યાં છે કે શબ્દ ફેરવવાના દોષ કરતા ગંભીર દોષને પાત્ર થયા છે. આ કારણથી એ વાક્યનો વિચાર સવિસ્તર કરીશું.

શંકરનું મત નીચે પ્રકારે છેઃ—યદ્યપિ ऐतदात्म्यथी આરંભીને 'तत् त्वमसि' સુધીના વાક્યનો નવ વાર ઉપદેશ આરુણિએ કર્યો છે તથાપિ મહાવાક્ય તો માત્ર 'तत् त्वमसि' तत् તે બ્રહ્મ–त्वम्–તું–જીવ असि છે. તે બ્રહ્મ તું જીવ છે, એટલો આ વાક્યનો મુખ્ય અર્થ છે. પરન્તુ આ મુખ્ય અર્થ સંભવતો નથી. સગુણ બ્રહ્મ જે સર્વજ્ઞ, સર્વ શક્તિમાન, સર્વધર્મવિશિષ્ટ છે તે જીવ નથી, તેમ નિર્ગુણ બ્રહ્મ જે અવાચ્ય છે, જ્ઞાનૈકાત્મ્ય છે તે પણ જીવ નથી, ત્યારે શ્રુતિએ જે કહ્યું કે તે–બ્રહ્મ–તું–જીવ છે એ કેમ સંભવી શકે ? આ પ્રશ્નનું ઉત્તર નીચે પ્રકારે આપે છે. અત્ર તે એટલે સર્વજ્ઞાન ક્રિયા ઇત્યાદિ ધર્મોથી શૂન્ય કેવલ ચિન્માત્ર બ્રહ્મ અને જીવ એટલે અલ્પજ્ઞત્વ, સુખદુઃખાદિ ભોક્તૃત્વાદિ ધર્મોથી શૂન્ય જીવ–કેવલ ચિન્માત્ર–છે, જે બ્રહ્મ તે જ જીવ–અનન્ય નહિ પણ એક જ. અત્ર તે તું છે એમ અર્થ ફલિત નથી થતો પણ તે જ એક છે એમ અર્થ ફલિત થાય છે. 'तत्' અને 'त्वम्' એમ ઉભય પદમાં મુખ્ય અર્થનો બાધ કરી ગૌણ–લાક્ષણિક અર્થ કરવો પડે છે, અને આમ ઉભયત્ર લાક્ષણિક અર્થ પ્રતિપાદન કરવા ઉપરાંત ઉભયત્ર અસત્પર્યવ

---

[1] મધ્વ 'तत् त्वमसि'ने 'अतत् त्वमसि' વાંચે છે. ધ્યાનદીપ 'तत्त्वं मसि' કરે છે.

જીવ અને બ્રહ્મના સંબંધમાં પણ એમ ઘટી રહે છે. જ્યાં સુધી જીવ બ્રહ્મમાં સંપન્ન થયો નથી ત્યાં સુધી તેને અમુક હું છું એમ સ્વવ્યક્તિનું ભાન રહે છે, પણ જ્યાં બ્રહ્મસંપત્તિ થઈ કે સ્વ વ્યક્તિનું અસ્તિત્વ પણ બ્રહ્મત્વથી જ થયું તો પછી પૃથક્ સ્થિતિ ક્યાંથી અનુભવે. અર્થાત્ જેમાં સર્વે વ્યક્તિઓ સંપન્ન થઈને સ્વવ્યક્તિત્વ વિસ્મરીને, તદ્રૂપતાથી સ્થિતિ કરે છે તે જ સૂક્ષ્મતમ સદ્ છે, તેજ સદ્ આ જગતનો આત્મા છે, શ્વેતકેતુ તારો આત્મા તે જ છે, જગદ્ પણ સદાત્મક છે, તું પણ તદાત્મક છે, અને તેથી જ તેના જ્ઞાનથી જડ વિશ્વનું અને ચેતન જીવનું સર્વજ્ઞત્વ પ્રાપ્ત થાય છે.

નદીનું દૃષ્ટાન્ત પણ મધુદૃષ્ટાન્તની માફક સૂક્ષ્મતમ સદ્નું સર્વમયત્વ સિદ્ધ કરે છે. યદ્યપિ સર્વ નદીનું ઉત્પત્તિથી પૂર્વ સ્થાન સમુદ્ર છે, અને અન્તિમ સ્થિતિ પણ સમુદ્રમાં જ છે, છતાં પણ અમુક નદીનું જલ આ છે, અથવા તો અમુક સમુદ્ર આ નદી છે એ કહી શકાતું નથી, તેમ આ સર્વ પ્રજા જડ જીવાત્મક—સદ્માંથી આવિર્ભાવ પામવા છતાં નથી જાણતી કે મારું મૂલ સદ્માં જ છે, જે મૂલમાંથી આ સર્વ જડજીવાત્મક સૃષ્ટિ ઉત્પન્ન થાય છે તે જ સૂક્ષ્મતમ સદ્ છે. આ દૃષ્ટાન્તથી સૂક્ષ્મતમ સદ્ સૃષ્ટિની ઉત્પત્તિ પહેલા પણ સર્વમય હતું એ દર્શાવ્યું. અર્થાત્ જે સદ્ ઉત્પત્તિ અને લયમાં સર્વમય છે તેના જ જ્ઞાનથી સર્વનું જ્ઞાન થાય છે એમ આરુણિનો આશય છે.

વૃક્ષનું દૃષ્ટાન્ત પણ સદ્નું સર્વમયત્વ જ ઉપદેશે છે. જે મૂલ તત્ત્વ છે તે તે વૃક્ષમાં સર્વત્રવ્યાપ્ત છે, તેના આધારથી જ જેમ વૃક્ષની સ્થિતિ છે તેમ સદ્ના આધારથી—ચા—સદ્થી જ આ સકલ જડ જીવાત્મક પ્રપંચની સ્થિતિ છે. આ પ્રકારે ઉત્પત્તિ સ્થિતિ અને લયાવસ્થાઓમાં સદ્નું સર્વમયત્વ સિદ્ધ કર્યું, અને એ સદ્ના જ્ઞાનથી સર્વનું જ્ઞાન થાય છે એમ ઉપપત્તિપૂર્વક જણાવ્યું. હવે જે સદ્ સર્વમય તે જ સૂક્ષ્મતમ છે, અને સૂક્ષ્મતમ છે છતાં પણ અખિલ વિશ્વનું કારણકારણ છે તે દર્શાવવાને સ્વપુત્ર શ્વેતકેતુને ન્યગ્રોધનું (વડ જેવા વૃક્ષનું ફલ) ફલ લાવવાનું કહે છે. ન્યગ્રોધના પ્રયોગથી આરુણિ ઋષિ સ્વપુત્રને બે ત્રણ વસ્તુનું સ્મરણ કરાવે છે. જેમ સૂક્ષ્મતમ અદૃશ્ય બીજમાંથી મહાન્ ન્યગ્રોધ ઉદ્ભવે છે તેમ સૂક્ષ્મતમ સદ્ જેનું દર્શન ઇન્દ્રિયોથી થઈ શકતું નથી તે જ જડજીવાત્મક અખિલ પ્રપંચને સ્વતઃ પ્રકટ કરે છે. સૂક્ષ્મતમ પદાર્થનું દર્શન નહિ થવાથી પ્રત્યક્ષપ્રમાણવાદી કદાચિત્ તથા સ્વપુત્રને અશ્રદ્ધા ન થાય તેથી કહે છે કે આ વિષય જે હું તને કહું છું તે શ્રદ્ધાનો છે. અહિં સૂક્ષ્મતમ સદ્ને જ નિખિલ પ્રપંચનું કારણ કારણ કહ્યું, કારણકાર્ય અનન્ય હોવાથી ઇદં સર્વથી જગતને નિર્દેશી તેને ઐતદાત્મ્ય કહ્યું, અને જીવ પણ તદંશ હોવાથી—સજાતીય હોવાથી—તું તે છે એમ કહ્યું છે.

જડજીવાત્મક નિખિલ પ્રપંચનું કારણકારણ સૂક્ષ્મતમ સદ્ છે એ સિદ્ધાન્ત નિરૂપણ કરીને સ્વપુત્રને આરુણિએ કહ્યું કે આ મારી ઉક્તિમાં શ્રદ્ધા રાખ. પરન્તુ પિતૃવચનમાં શ્રદ્ધા રાખવા છતાં અન્તઃસંતોષ થતો નથી તેથી પિતાને શ્વેતકેતુ વિનતિ કરે છે ભગવાન્ મને પુનઃ ઉપદેશો. પુત્રની વિનતિ લક્ષમાં લઈને આરુણિ લવણનો પ્રયોગ કરે છે. જલમાં નાખેલું લવણ તેમાં વિલીન થઈ જાય છે, અને તેનું દર્શન થતું નથી, તેમ પૃથક્ સ્થિતિ પણ કરી શકતી નથી, માત્ર ચાખવાથી લવણની વિદ્યમાનતા અનુભવાય છે, તેમ આ સૂક્ષ્મતમ સદ્ જડજીવાત્મક પ્રપંચમાં સર્વત્ર વ્યાપ્ત છે, છતાં પણ એનું દર્શન થતું નથી, પરન્તુ જેમ

જળ ચાખવાથી લવણનું અસ્તિત્વ અનુભવાય છે તેમ ખારત્વની સ્ફૂર્તિ થતા લવણની સૂક્ષ્મતમ સદ્‌ની સર્વત્ર વ્યાપકતાનો અનુભવ થાય છે. જગદ્રૂપાત્મક જે કાંઈપણ છે તે સર્વ સૂક્ષ્મતમ સદ્‌થી વ્યાપ્ત છે. તેથી જ આ જગત્ ઐતદાત્મ્ય છે, અને તું તે છે.

આ પ્રકારે આરુણિ ઋષિએ પ્રથમ ત્રણ દૃષ્ટાન્તોથી ઉત્પત્તિ, સ્થિતિ અને લય એ ત્રણે અવસ્થામાં જગદ્રૂપાત્મક પ્રપંચનું સદાત્મકત્વ બતાવીને, ચતુર્થ દૃષ્ટાન્તથી તેનું સૂક્ષ્મતમત્વ અને સર્વાધારત્વ અને પંચમ દૃષ્ટાન્તથી તેનું વ્યાપકત્વ અને અનુભવૈકવેદ્યત્વ દર્શાવ્યું. હવે આ ઉપદેશ આચાર્યની કૃપાથી જ પ્રાપ્ય છે તે દર્શાવવાને આંખે પાટા બાંધેલા પુરુષનું દૃષ્ટાન્ત આપે છે. જ્યાં સુધી મનુષ્ય અજ્ઞાન છે ત્યાં સુધી આંખે પાટા બાંધેલા પુરુષની માફક આમતેમ ભટકે છે, ક્યાંથી આવ્યો તેનું પણ ભાન નથી, પણ જ્યારે ગુરુકૃપાથી જ્ઞાન પ્રાપ્ત થાય છે, કે પછી આરબ્ધ કર્મોનો ભોગ પૂર્ણ થયેથી તેનો દેહ પડે છે, ને તેનો મોક્ષ થાય છે, ને તે સદ્‌માં સંપન્ન થાય છે. આઠમું દૃષ્ટાન્ત એમ સમજાવે છે કે જ્યારે વાણી, મન, પ્રાણ, વગેરેનો નિરોધ–વા–લય પરદેવતા સૂક્ષ્મતમ સદ્‌માં થાય છે ત્યારે એને બાહ્ય વસ્તુનું–સદ્ વિના અન્યનું અનુસંધાન રહેતું નથી. અર્થાત્ જે સૂક્ષ્મતમ સદ્‌માં વાણી, મન, પ્રાણ વગેરેનો નિરોધ થાય છે તે જ સદ્ આ જગદ્રૂપાત્મક પ્રપંચનો આત્મા છે. અન્તિમ દૃષ્ટાન્ત પણ ઉપદેશે છે કે સદ્‌માં નિષ્ઠા રાખનાર–સ્થિતિ કરનારને સર્વદા અભય છે, સદ્‌માં નિષ્ઠા રાખવાથી સર્વત્ર અભય પ્રાપ્ત થાય છે, અગ્નિનો સંપર્ક કરવા છતાં દગ્ધ થવાતું નથી. આ પ્રકારે નવ દૃષ્ટાન્તોથી જ્યારે આરુણિએ સ્વપુત્ર શ્વેતકેતુને સમજાવ્યું ત્યારે તેને સમજ પડી અને શબ્દની અન્તર્ગત તાત્પર્ય એને સ્ફુરવા અનુભવ કર્યો કે જગત્ ઐતદાત્મ્ય છે, સત્ય છે, પોતે પણ તે જ છે, અર્થાત્ જે સત્ છે તે જ જગદ્રૂપ સર્વ છે, અને તેથી એ સત્‌ના જ્ઞાનથી જડ કાર્ય જગતનું અને ચેતન અંશ જીવનું સમ્યક્ જ્ઞાન થાય છે, એ પિતાશ્રીએ કરેલી પ્રતિજ્ઞા સર્વપ્રકારે યોગ્યતમ છે એમ અનુભવતો પુનઃ પ્રશ્ન નથી કરતો, અને તે સમજ્યો છે એમ જણાવવાને શ્રુતિ કહે છે કે તે સમજ્યો તે સમજ્યો. 'सर्वेषां सर्वभावे सर्वानन्त्यप्रसङ्गात् सर्वमेकमेव' સર્વે વસ્તુ બ્રહ્મ હોવાથી અને બ્રહ્મ સર્વે હોવાથી અનન્ત સર્વ થવાનો પ્રસંગ આવે તેથી સર્વ–અનન્ત તે જ એક છે એમ બ્રહ્મવાદી આચાર્યો માને છે. અર્થાત્ એક સૂક્ષ્મતમ સદ્ તે જ સર્વ છે, સર્વ તે તે જ છે, અને તેથી જ તેના જ્ઞાનથી સર્વનું જ્ઞાન થાય છે એમ અભેદોદ્દેશ ઉપદેશની શ્રુતિ શુદ્ધ સનાતન બ્રહ્મવાદ પ્રમાણે છે. **श्रीकृष्णार्पणमस्तु ।**

ग्रन्थावलोकन.

૨. **ભક્તિપ્રકરણ** શ્રીગોકુલેશગ્રન્થરત્નમાલા ગ્રન્થાંક ૨. અનુવાદક તથા પ્રકાશક રા. રા. નાનુલાલ નારાયણદાસ ગાંધી M. A., L. L. B. મુંબઈ, મૂલ્ય ૦–૮–૦, રા. ગાંધીએ વિદ્વન્મંડનનું ભાષાન્તર પૂર્વમાં કર્યું છે, અને દ્વિતીય આ પુસ્તક પણ શ્રીમદાચાર્યજીના નિબન્ધના દ્વિતીય સર્વનિર્ણયના ભક્તિ પ્રકરણનું ભાષાન્તર છે (શ્લોક. ૨૦૫–૨૫૬). રા. ગાંધીએ નિબન્ધના મૂલ શ્લોક છાપીને તેની નીચે શ્લોકનો અક્ષરાર્થ આપ્યો છે, ને તેની નીચે પ્રકાશ અને આવરણભંગનો સરલ ભાષામાં સાર આપ્યો છે. રા. ગાંધીના ભાષાન્તરમાં સરલતા છે, અને તેની સાથે પ્રાયઃ શુદ્ધતા પણ છે. કોઈ પણ વૈષ્ણવ આ

ગ્રન્થનો લાભ લઈ શકે એમ છે. મૂલ્ય પણ અલ્પ છે. રા. ગાંધીએ જો આ ગ્રન્થ કોઈ સારા પ્રેસમાં છપાવ્યો હોત તો એની સુંદરતામાં વૃદ્ધિ થાત, અને કેટલીક મુદ્રણ અશુદ્ધિઓ પણ ગ્રન્થમાં પેસી જવા પામત નહિ. આ ભાષાન્તર સંસ્કૃતથી અજાણ દરેક વૈષ્ણવે અવશ્ય વાંચવું જોઈએ, તેમ કરવાથી આચાર્યશ્રીનો તથા શ્રી પુરુષોત્તમજીનો સારો પરિચય થશે. ૨૩૬ મા શ્લોક ઉપરની ટીકા રસ અને રસાભાસનું તારતમ્ય મૂલ ગ્રન્થના આધારે દર્શાવે છે તે અવશ્ય મનનીય છે. અખિલ ગ્રન્થનું વાચન લાભપ્રદ છે એ નિ:સંશય છે.

રા. ગાંધીએ આ ગ્રન્થમાં એક વિસ્તૃત ઉપોદ્ઘાત લખ્યો છે, પત્ર ૧–૨૦ સુધીમાં શ્રીમદાચાર્યજીનું ચરિત્ર શ્રીગોકુલેશાનુયાયી કલ્યાણભટ્ટજી અને ગોપાલદાસજી વ્યારાવાલાના મત પ્રમાણે આપ્યું છે, ને આચાર્યજીનું પ્રાકટ્ય સંવત્ ૧૫૨૯ માં કે ૧૫૩૫ માં એ વિષયનો જ્યોતિષાદિના સાહાય્યથી ઊહાપોહ કરી ૧૫૨૯ ની સાલ ખરી છે, ને કલ્યાણભટ્ટજીએ આપેલું શ્રીમદાચાર્યચરિત્ર વિશેષ વિશ્વસનીય છે એમ જણાવ્યું છે. આચાર્યજીનું શ્રીસુબોધિની વાક્ય ટાંકીને કહે છે 'વિષ્ણુસ્વામીની પરંપરા માનવી એ અમને તો મૌર્ખ્ય જ જણાય છે' ઇત્યાદિ. ત્યાર પછી પત્ર ૨૧–૨૮ સુધીમાં ગ્રન્થનો સાર આપ્યો છે.

રા. ગાંધી આચાર્યજીના પ્રાકટ્ય સંવતના સંબંધમાં સુવિસ્તૃત લેખ પુષ્ટિભક્તિસુધામાં જ પ્રકટ કરે છે, એટલે તત્સંબંધમાં અભિપ્રાય હાલ આપી શકાય એમ નહિ હોવાથી મૌન જ ધારણ કરીશું. જો કે ક્વચિત્ જ્યોતિષશાસ્ત્ર પ્રમાણે પ્રચલિત જન્મકુંડલી અસત્ય કરે તો પણ ૧૫૨૯ ની સાલ માનવાને માટે પ્રમાણ તો કલ્યાણભટ્ટજીનો શબ્દ જ રહે છે, અને તેઓ પણ શ્રીમદાચાર્યજી પછી આશરે શત વર્ષે થયા છે. કલ્યાણભટ્ટજી પણ આચાર્યશ્રીના ગ્રન્થોમાં પૂર્વમીમાંસાભાષ્ય તથા ભાગવતસૂક્ષ્મટીકા, જે ઉભય ગ્રન્થનો ઉપન્યાસ શ્રીસુબોધિનીજીમાં થયેલો છે, તે આચાર્યશ્રીના ગ્રન્થો લખતી વખતે લખતા નથી. કલ્લોલ પણ સંપૂર્ણ રા. ગાંધી કને નહિ હોવાથી જીવનચરિત્ર આપેલું સંપૂર્ણ નથી. અન્ય પણ ભેદ છે. પરન્તુ આ વિષયમાં હાલ મૌન જ ઉચિત છે.

તિલકના સંબંધમાં રા. ગાંધી '**दंडयोः आकारः यस्मिन् तत् दण्डाकारम्**' એમ દંડાકાર શબ્દનો સમાસ છોડે છે. આ સમાસ છોડવાને વાસ્તે પ્રમાણ આપ્યું હોત તો ઠીક થાત. '**दंडस्य आकारः यस्मिन् तत् दण्डाकारम्**' સમાસ છોડવામાં વ્યાકરણનો બાધ નથી, પણ વ્યાકરણ અનુગુણ છે. હરિચરણને દંડાકાર નહિ કહેતા જે તિલક વૈષ્ણવો કરે છે, તેને જ દંડાકાર વૈષ્ણવો કહે તેમાં અનુપપન્ન શું છે? વૈષ્ણવો દંડાકાર માનીને જે તિલક કરે છે તેને હરિચરણાકૃતિ કહીને દૂષણ આપવું અનુપપન્ન છે. ગમે તેમ હો પરન્તુ તિલક એ બાહ્ય ચિહ્ન છે, અને ભગવદ્ભાવ સ્થિર કરવામાં જ તિલકની ઉપયોગિતા હોવાથી એ વિષયમાં ઊહાપોહ વિશેષ ફલપ્રદ નથી. ઉભય તિલક પરંપરાપ્રાપ્ત હોવાથી પ્રમાણ જ છે.

રા. ગાંધીનો આ પ્રયત્ન વૈષ્ણવોના ઉત્તેજનને પાત્ર છે. સર્વ વૈષ્ણવો આ ગ્રન્થનો આદર કરશે એમ આશા રાખીશું. ઉત્તરોત્તર રા. ગાંધી આવા ભાષાન્તરો પ્રકટ કરતા રહો, અને પ્રભુ એમને અપેક્ષિત સામર્થ્યનું દાન કરો એજ અન્તમાં ઇચ્છીશું.

શ્રીદયારામકૃત કાવ્યમણિમાળા. ભાગ ૨. સંશોધક જોશી છોટાલાલ ઉર્ફે નાથજીભાઇ ગિરિજાશંકર કવિશ્રીના શિષ્યપુત્ર, અને ડભોઇના શ્રીપુષ્ટિમાર્ગીય પુસ્તકાલયના પ્રમુખ. પ્રકાશક નારાયણદાસ પરમાનંદદાસ શાહ, ડભોઇવાળા, કવિશ્રીના શિષ્યપુત્ર. મૂલ્ય રૂ. ૦ા.

ઉત્તમ ભક્તિકવિ દયારામના કાવ્યોનું સંશોધન અને પ્રકટ કરવાનું કાર્ય દયારામના શિષ્યપુત્ર અને શિષ્યપૌત્રે પોતાના શિરપર લેવાથી અમને અત્યાનંદ થાય છે. દયારામને પ્રકાશમાં આણવાને કવિ નર્મદે, રા. રા. ગોવર્ધનરામે અને રા. રા. ઇચ્છારામે પ્રયત્નો કર્યા છે, અને તેને માટે એ સજ્જનોને ધન્યવાદ ઘટે છે, તે છતાં અમારૂં માનવું એમ છે કે દયારામને આ સાક્ષરો યથાર્થ ન્યાય આપી શક્યા નથી. એમાં એમનો દોષ નથી. કવિમાં જે અત્યંત અનન્ય ભક્તિભાવ હતો તે સંસારસુધારક નર્મદ, સાહિત્યપ્રેમી ગોવર્ધનરામ કે વ્યવસાયી ઇચ્છારામ સમજી શક્યા જ નહતા, એટલે કવિને માત્ર એની રસઝરતી કવિતાપરથી "વ્યભિચારી, ઠક, ફાંકડો" વગેરે એઓ માનતા હતા. આ સંશોધક જોશી છોટાલાલ ઉર્ફે નાથજીભાઇમાં એક મોટો ગુણ એ છે કે એ કવિના શિષ્યપુત્ર છે, અને એ કવિનાં કાવ્યો સમજવાને જે ભાવ જોઇએ તે એમનામાં સ્વાભાવિક છે. વળી સંશોધક પુષ્ટિમાર્ગીય હોવાથી ભક્તિનું સ્વરૂપ, અનન્યતા, પુષ્ટિભક્તિ વગેરે સમજી શકે છે તેથી એમને હાથે આ કવિનાં જેટલાં કાવ્યો છપાય તેટલાં સારાં. અમે ઇચ્છીએ છીએ કે એઓએ નિસ્વાર્થથી જેમ બને તેમ જલદી પોતાના જીવિતપર્યંત પોતાના ગુરૂની સેવા સમજી તેમનાં કાવ્યો જેટલાં બને તેટલાં વધારે પ્રકટ કરવાં જોઇએ. એમણે કરેલી ટીકા ઘણું ઉત્તમ છે, પણ એટલી લાંબી ટીકા આ રસના ઝરારૂપ કવિતાને સમજવાને આવશ્યક છે એમ અમને લાગતું નથી. જે વાક્ય જે ગ્રંથ, શ્રુતિ, સ્મૃતિ કે પુરાણમાંથી લીધું હોય તે માત્ર ટુંકી સંખ્યા વિવેચનથી અટકવું જોઇએ. સાહિત્યને ઉત્તેજન આપવાની ઇચ્છાવાળા કોઇપણ સજ્જનો આ પ્રકાશક અને સંશોધકને ઉત્તેજન આપશે તો તે હર્ષિત થયા વિના રહેશે નહિ. આવા પ્રયાસ ઉત્તેજનને યોગ્ય છે.

આપણું ગુર્જરરાષ્ટ્ર સ્વભાવતઃ ભક્તિપ્રધાન છે. જે ગુર્જર માતાએ નરસિંહમહેતા, મીરાં અને દયારામ જેવા ભક્ત કવિઓને જન્મ આપ્યો તેના પુત્રો—અમારા ભાઇઓ—ભક્તિ તો સહેલથી સમજશે. નર્મદ ન સમજ્યો કેમકે એના સમયમાં વિલાયતનો સુધારાનો નવો વા વાયો હતો. મોટપણે ધર્મતરફ વૃત્તિ ગઇ ખરી, પણ હૃદય ભક્તિથી ભરપૂર થઇ પ્રભુતરફ ઉભરાયું નહિ. રા. રા. ગોવર્ધનરામની બુદ્ધિ વિશાલ હતી પણ અંતર્મુખ થઇ પ્રભુતરફ ભક્તિભાવથી વળી નહતી. એમણે સાહિત્યમાં, પાશ્ચાત્ય સુધારાની અસર સમજવામાં અને અન્ય વિચારોમાં પોતાનું જીવન આપ્યું, એટલે પોતાના પિતાની શુદ્ધ ભક્તિ—નીર ભરેલી ગંગા—એ પ્રાપ્ત કરી શક્યા નહિ. રા. રા. ઇચ્છારામ સામાન્યતઃ સર્વ દેશીય હતા, પણ આ સુંદર ભક્તની અનન્ય પ્રેમની સરિત્ કેમ સમજી શકે? આ કારણોથી આ સજ્જનો તરફથી દયારામને ન્યાય મળી શક્યો નહિ, તોપણ હવે જમાનો બદલાયો છે. રવીન્દ્રનાથ ટાગોર જેવા કવિ વૈષ્ણવ કવિઓનાં ભજનો સારી રીતે સમજવા લાગ્યા છે, અને ઉત્તમોત્તમ માનવા લાગ્યા છે, ભૂતલપર મોટા ઉત્પાતો થઇ સજ્જનોની વૃત્તિ વિષયતરફથી અન્ય દિશામાં વળવા માંડી છે, આવે સમયે આ ઉત્તમોત્તમ શૃંગારભક્તિ ઝરતા કવિનાં કાવ્યો-ભાવસહિત એમના શિષ્યપુત્ર તથા શિષ્યપૌત્ર તરફથી પ્રકટ થવા માંડવાથી અમને અત્યાનંદ થાય છે.

આ ગ્રંથમાં સંપ્રદાયસાર, અજામિલાખ્યાન, ક્લેશકુઠાર, કાલજ્ઞાનસારાંશ દશમસ્કંધ લીલાનુક્રમણિકા એ પાંચ મોટાં કાવ્યો અને છેલ્લે ભક્તિનાં થોડાં સુંદર પદો છે. વાચકને આ કાવ્યો એકદેશીય લાગવાનો સંભવ છે, પણ તેમ નથી. રસ્કિન જેવાએ પણ કહ્યું છે કે હૃદયને ધાર્મિક કરવું એજ ઉત્તમોત્તમ છે. સંસારવ્યવહારમાં વ્યગ્ર ચિત્ત ધાર્મિક થઈ શકતું નથી. માટે સંસારથી વિરક્ત થવું એ ઉત્તમ મનુષ્યનું કર્તવ્ય છે, પણ તેમ કરતાં રસહીન ન થતાં હૃદયરસ પ્રભુતરફ અનન્યતાથી ઉછળાવો જોઈએ—આજ જીંદગીનું સાર્થક્ય. દયારામ નાનપણથીજ સંસારસંબંધ છોડી **मामेकं शरणं व्रज** એમ આજ્ઞા કરનાર વ્રજધીશને શરણ ગયો હતો, પોતાને વ્રજધીશની સ્ત્રી, દાસી સમજતો હતો, અને પોતાનો સર્વ પ્રેમ પ્રભુના સ્વરૂપમાં રાખ્યો હતો. માટે એનાં કાવ્યો એકદેશીય નથી, પણ ઉત્તમોત્તમ છે. જેમ ધાતુઓમાં સુવર્ણ ઉત્તમ તેમ કાવ્યોમાં એનાં કાવ્યો ઉત્તમ છે. સંપ્રદાયસાર વાચી એમ સમજવાનું છે કે સર્વ બ્રહ્મરૂપ છે એમ વ્યાસમતાનુસાર સમજાવનાર સંપ્રદાય ઉત્તમોત્તમ છે, અજામિલાખ્યાન વાચી એમ સમજવું કે સંસારમાંથી ચિત્ત છોડી પ્રભુનું નામ અહર્નિશ લેવું એજ ઉત્તમ છે, ક્લેશકુઠાર વાચી સમજવું કે પ્રભુ જ સર્વકર્તા છે, મનુષ્ય નિમિત્તમાત્ર છે, માટે સર્વે ચિંતા છોડી સર્વભાવથી પ્રભુશરણ જવું, કાલજ્ઞાનસારાંશ વાચી સમજવું કે જીંદગીનો બાકીનો સમય પ્રભુભક્તિમાં ગાળવામાંજ સાર છે, દશમસ્કંધલીલાનુક્રમણિકા વાચી સમજવું કે શુદ્ધ અનન્ય હૃદયવાળા ભક્તો પ્રભુને નિજધામમાંથી જગતપર ખેંચી લાવી પોતાને મનગમતી લાડ લડાવી પ્રભુને પણ પરાધીનની માફક નચાવે છે. આવાં કાવ્યોને એકદેશીય કહેનારને હું પુછું છું કે તમે તમારા જીવનનું લક્ષ્યબિંદુ શું છે તેનો વિચાર કર્યો છે? જે લોકો “સંસારસુધારો, દેશ સુધારો” વગેરે લક્ષ્ય રાખી બેઠા છે તેમને પુછું છું કે સંસાર અને દેશસુધારા પછી શું? what then? જે લોકો સંસારમાંથી “મુક્તિ” લક્ષ્ય લઈ બેઠા છે તેને પુછું છું કે પછી શું? what then? મારૂં માનવું તો એ છે કે હૃદયમાં રહેતા બિરાજતા સાથે સુંદર સંબંધ કરવો એજ ઉત્તમ લક્ષ્ય છે. શ્રુતિ કહે છે કે **सत्यं ज्ञानं अनंतं ब्रह्म यो वेद निहितं गुहायाम् परमे व्योमन सोऽश्नुते सर्वान् कामान् सह ब्रह्मणा विपश्चिता** રા. રા. રવીંદ્રનાથ ઠાકોર ગીતાંજલિમાં કહે છે કે “If it is not my portion to meet thee in this my life then let me *ever* feel that I have missed thy sight, let me not forget *for a moment*, let me carry the pangs of this sorrow in my dreams and in my waking hours.”

અર્થ—“જો મારા ભાગ્યમાં તને મળવાનું મારા આ જન્મમાં ન હોય તો મને સર્વદા એવું વિરહદુઃખ થાઓ કે હે પ્રભુ, મને તારાં દર્શન થયાં નથી, એક ક્ષણ પણ હું આ વિસારૂં નહિ, આ વિરહદુઃખ મને સ્વપ્નામાં તેમ દિવસમાં અહર્નિશ થાઓ.” આવો પ્રભુમાં સર્વાત્મભાવ થવો, અને એ ભાવથી સર્વ ત્યાગ કરી પ્રભુ પાસે જઈ પ્રભુનાં ગુણગાન કરવાં વિપશ્ચિત્ પ્રભુ સાથે સર્વ કામ અશન કરવું, એ એકદેશીપતા નથી, એવો કોટિ મનુષ્યોમાં કોઈક ભાગ્યવાનનેજ પ્રાપ્ત થાય છે, માટે ઉત્તમ અધિકારીએ “સંસાર” “દેશ” વગેરેથી ચિત્તને વ્યગ્ર થવા દેવું નહિ. આ હું જ નથી કહેતો, આપણો ઉત્તમ કવિ ટાગોર પણ એ જ કહે છે, “As my days pass in this crowded market of this world and my hands grow full with the daily profits, let me ever feel that I have gained nothing—let me not forget for a moment, let me carry the pangs of this sorrow in my dreams and in my wakeful hours."

અર્થ—આ સંસારના વ્યવહારની બજારમાં જ્યારે મારા દિવસો વ્યતીત થતા હોય, અને સંસારની વસ્તુઓથી મારા હસ્ત ભરાઇ જતા હોય, ત્યારે પણ મને સર્વદા એવી વૃત્તિ થાઓ કે મને કશું મળ્યું નથી, મારો સમય વ્યર્થ ગયો છે; એક ક્ષણ પણ હું આ વિસરૂં નહિ, આ વિરહદુઃખ મને સ્વપ્નમાં તેમ દિવસમાં અહર્નિશ થાઓ.

દયારામની મનોવૃત્તિ આના કરતાં પણ ઉત્તમ હતી. સંસારનો ત્યાગ નાનપણથીજ એને સિદ્ધ થયો હતો, અને પ્રભુની શૃંગારભક્તિ એને સિદ્ધ થઇ હતી. માટે એનાં કાવ્યો એકદેશીય નથી, પણ ઉત્તમોત્તમ છે.

શામળભટ અને નર્મદ સંસારનો વિષયરસજ ગાય છે, પ્રેમાનંદ રસનું સ્વરૂપ ઝીણું કરી શકે છે, પણ દયારામે તો રસનું સ્વરૂપ ઝીણું કરી ભક્તહૃદયથી અનન્યતાથી તે પ્રભુને સમર્પણ કરી, શૃંગારભક્તિની સુંદર વાટિકાઓમાં નિઃશંકપણે વિચરી એ રસનો આસ્વાદ કરાવતાં ગુજરાતને ગાંડી કરી મુકી છે. આ કવિના હૃદયો સમજી શકે છે. ભક્તનું હૃદય ભક્તજ સમજે. માત્ર વિદ્વત્તાથી ભક્તહૃદય સમજાતું નથી. કવિના સમયમાં એના ભક્તોનું મંડળ હતું, તેમના વંશજો હયાત છે. દયારામને વ્યભિચારી કહેનાર અને સમજનાર સજ્જનો જો આમાંથી કોઇને મળ્યા હોત, જો કવિના જન્મવૃત્તાન્તના પ્રસંગો એમને મુખ શ્રવણ કર્યા હોત તો આ સુંદર ભક્તકવિપર આવા આક્ષેપો કદાપિ ન કર્યા હોત. માટે દયારામને યથાર્થ સમજવો હોય તેણે પુષ્ટિમાર્ગની ઉત્તમતા પ્રથમ સમજી પછી દયારામનાં કાવ્ય વાંચવાં. એમ કરવાથી જે આનંદ પ્રાપ્ત થશે તે અન્ય કોઇપણ કાવ્યો વાંચવાથી થઇ શકશે નહિ. આમ હોવાથી પુષ્ટિમાર્ગના એક વિદ્વાન અમારા મિત્ર રા. રા. મૂળચંદ તુલસીદાસ તેલીવાળા બી. એ., એલ. એલ. બી. ના હાથે લખાયલું દયારામનું શુદ્ધ ટુંકું જીવનચરિત્ર આ પુસ્તકની શરૂઆતમાં આપેલું છે તે દરેક વાચકને કાવ્યો વાંચવા પહેલાં વાંચી જવાનો અમે આગ્રહ કરીએ છીએ. છેવટે આવી ઉત્તમ રીતે શરૂઆત કરનાર સંશોધક અને પ્રકાશકને અમે ધન્યવાદ આપીએ છીએ.

सर्वोत्तमस्तोत्र.

(અનુસંધાન વર્ષ ૫૪, અંક દ્વિતીય પૃષ્ઠ ૫૨.)

પરમાનંદઃ—શ્રીમદાચાર્યચરણનું નામ નિરૂપણ કરતાં તેઓશ્રીનું સ્વરૂપ પ્રભુચરણના હૃદયમાં આવિર્ભૂત થયું. સ્વરૂપનાં દર્શનથી મન આનંદથી ઉભરાઇ ગયું અને તેથી આરંભ પુરુષોત્તમ કે અક્ષરાનંદના તારતમ્યની અનુવૃત્તિથી આનંદ એમ પ્રથમ નામ ધર્યું, પરંતુ આનંદ તો ગણિતાનંદ અક્ષરમાં પણ છે તેથી શ્રીમદાચાર્યચરણમાં અગણિતાનંદની [illegible] પ્રકટ થાય તેવી આશ્ચર્યકારક આ દ્વિતીય નામ પરમાનંદ આજ્ઞા કરે છે.

પરમ+આનંદ=પરમાનંદ. પરમ=અગણિત+આનંદ. શ્રીમદાચાર્યચરણ અક્ષરવત્ ગણિતાનંદ નથી પરંતુ પુરુષોત્તમવત્ અગણિતાનંદ છે.

'જ્યાંથી[1] વાણિ પાછી ફરે છે' એ શ્રુતિપ્રતિપાદ્ય જે પુરુષોત્તમાનંદ તદ્રૂપ શ્રીમદાચાર્યચરણ છે. પરમ ઉત્કૃષ્ટ રાસોત્સવાદિજનિત આનંદ જેઓશ્રીને અથવા જેઓશ્રીથી છે. શ્રીમદાચાર્યચરણને રાસોત્સવાદિજનિત આનંદ છે. શ્રીમદાચાર્યચરણથી રાસોત્સવાદિજનિત આનંદ થાય છે.

પરમથી (શ્રીપુરુષોત્તમથી) જેઓશ્રીને આનંદ છે તે પરમાનંદ.

પિપર્તિ પૂરે છે તે પર=વિષ્ણુ, મા=શ્રી તે બન્નેને (વિષ્ણુ તથા શ્રીને) પણ આનંદ જેઓશ્રીથી અને જેમાંથી છે તે પરમાનંદ. પર વિષ્ણુ ફલાત્મક કૃષ્ણ અને મા શ્રી શ્રીસ્વામિનીજી તે બંનેને પણ આનન્દદાતા શ્રીમદાચાર્યચરણ છે.

પ્રથમ શ્લોકમાં વર્ણવેલ પ્રાકૃત ધર્મના અનાશ્રય અને અપ્રાકૃત નિખિલ ધર્મરૂપ એવા ધર્મવિશિષ્ટ શ્રીમદાચાર્યચરણના દર્શનથી પ્રથમ નામ કેવલ આનંદઃ ધરવામાં આવ્યું પણ પછી दयया निजमाहात्म्यं એ શ્લોકમાં કેવલ રસદાનને માટે જ લીલાવિશિષ્ટ પુરુષોત્તમના આસ્ય મુખારવિંદનું પ્રાકટ્ય શ્રીમદાચાર્યચરણ સ્વરૂપે થયું એમ કહેવાથી લીલાવિશિષ્ટ આનંદનો અનુભવ થયો અને તેથી દ્વિતિય નામ પરમાનંદઃ એમ પ્રભુચરણે આજ્ઞા કરી. પરમ ઉત્કૃષ્ટ જે આનંદ તદ્રૂપ. જેનાથી પર બીજો આનંદ નથી.

પર=પરામતઃ મા=લક્ષ્મ્યાઃ લક્ષ્મીનો આનંદ જેનાથી તદ્રૂપ પરમાનંદઃ

શ્રીમદાચાર્યચરણ એવા આનંદરૂપ છે કે જે આનંદથી લક્ષ્મીનો આનંદ પણ પરાગત થઇ જાય છે. મહાપ્રભુજીના આનંદ આગળ લક્ષ્મીનો આનંદ પણ તુચ્છ છે.

કેવલ આનંદરૂપ એક દેશમાંજ હોય છે અને તેથી શ્રીમદાચાર્યચરણ સચ્ચિદાનંદ નથી એમ શંકા થાય તો આજ્ઞા કરે છે કે પરમાનંદઃ પરમ આનંદ અર્થાત્ પરમ તાપાનંદરૂપ. પરમને આનંદ જેમાંથી જેનાથી થાય છે તે પરમાનંદ.

શ્રીમદાચાર્યચરણ રસરૂપ છે. રસ સંયોગવિપ્રયોગ ભેદથી દ્વિદલ હોવાથી સંયોગપૂર્વક વિયોગાત્મક છે. માટે પ્રથમ સંયોગરૂપત્વ આનંદ નામ કહી પછી ઉત્તરદલત્વરૂપ આજ્ઞા કરે છે પરમાનંદઃ. પૂર્વે (સંયોગમાં) અનુભૂત આનંદથી પણ વિપ્રયોગમાં તે તે અનુભવના સ્મરણથી, તે તે મનોરથની ભાવનાથી, અને (ભક્તોના) પરસ્પર ગુણાલાપથી આનંદ અનંતગુણિત થાય છે અને તેથી પરમાનંદ તે અનંતગુણિત આનંદરૂપ છે.

પર લોકવેદપ્રસિદ્ધથી પર, મીયતે સાક્ષાત્ કરાય છે જેનાથી તે પરમ, તાદૃશ આનંદરૂપ તે પરમાનંદ નિરોધાનંદ. નિરોધાનંદ દશામાં જ ભગવત્સાક્ષાત્કાર થાય છે.

પરમાનંદઃ શ્રીમદ્ભાગવતના પ્રથમસ્કંધના દ્વિતીય અધ્યાયાર્થ બોધક નામ છે. પરમ પુરુષોત્તમને આનંદ આપે છે તે પરમાનંદ. પરમ ભગવદ્દાસ્યથી આનંદ છે જેને તે ભાવા

---

[1] यतो वाचो निवर्तन्ते।

દાસી[1] છે જેની તે પરમાનંદ. પરમ ભગવદાવેશથી[2] આનંદ જેને અથવા જેથીને છે તે અથવા તેથી પિતા અથવા માતાપણું જેના છે તે પરમાનંદ. ભગવદાવેશથી વસુદેવ દેવકીને આનંદ છે અને વસુદેવ દેવકીને કૃષ્ણનું પિતૃત્વ માતૃત્વ છે. શ્રીમદાચાર્યચરણ વસ્તુતઃ કૃષ્ણ જ છે.

પર ભગવાનનું માન થાય છે જેનાથી તે પરમ હંસ તેને આનંદ[3] જેનાથી છે તે પરમાનંદ. પરમ ભગવદવતાર થશે તેના જ્ઞાનથી આનંદ જેમાને છે તે બ્રહ્માદિ[4] પરમાનંદ, તે છે તારકપણાથી જેમના તે પરમાનંદ.

* * *

काकाश्रीवल्लभजीकृत प्राचीन कीर्तनो.

श्रीगोकुलनाथजीनुं कीर्तन.

राग बिलावल.

गिरि धार्यो श्रीगोकुलनाथ जे जे मंगल कीयो सनाथ
गोपी गाय गोप व्रजके सब धीरज दे तब हाथ ॥ १ ॥
दक्षिण पाणि स्वीकार कियो हे नग वाम पाणि संखोदक लाय
द्वै कर मुरलीनाद कीये हे कमलासन ठाडे गिरिराय ॥ २ ॥
वपरके पंछी द्रुमवेली कीनहुं न लागी वाती ब्यार
गोरंभन धुनी करत कुतूहल पुलकित अंग कछु न संभार ॥३॥
मघवा शरण भयो पद दीनो जे जे कुसुम बरखे सब देव
चिरं जीयो प्रभु कुंवर लाडीलो नीरखी दास चरणरज सेव ॥४॥

श्रीगोकुलचंद्रमाजीनी भावनानुं कीर्तन.

(राग मालव.)

गोपीजनसंताप मिटावन प्रकट भये श्रीगोकुलचंद
कोटि कोटि अनंग विमोहित नीरख नीरख मीटयो दुखद्वंद ॥१॥
सखियन मीली पूछत हे प्रियकूं परोक्ष भजत एक भजत परस्पर
एक भजत भजवे नहीं तीनको भेद कहो गिरिवरधर ॥२॥
इनही मे न्यारो मोही जानो इनही ते रहो अति निरमल
मनकर्मवचहु जान विकायो वश कर लीनो प्रेम स्नेहबल ॥३॥
नृत्य करन आरंभन कीनो युवती एक एक मति वपुधर
जे जे हरखी रही व्रजवनिता नीरखी नीरखी दास वारनो कर ॥४॥

---

१. गच्छ देवि व्रजं भद्रे गोपगोभिरलंकृतम् । २. भगवानपि विश्वात्मा भक्तानामभयंकरः । आविवेशांशभागेन मनः आनकदुन्दुभेः ॥ सा देवकी सर्वजगन्निवासनिवासभूता नितरां न रेजे । ३. आहेय मे प्राणहरो हरिर्गुहां ध्रुवं स्थितो यत्र पुरेयमीदृशी । आसीनः संविशंस्तिष्ठन्भुञ्जानः पर्यटन्महीम् । चिन्तयानो हृषीकेशमपश्यत्तन्मयं जगत् ॥ ४. ब्रह्मा भवश्च तत्रैत्य मुनिभिर्नारदादिभिः।

श्रीमदनमोहनजीनी भावनानुं कीर्तन.

(राग मालव.)

मदनमोहन मुरलीधुन कीनी व्रजवनिता आकर्पित लीनी
माता पीता सुत बंधु बिसारे कमलनेनचरणे रति दीनी ॥ १ ॥
वृंदावन मुखचंद विलोक्यो फुली रह्यो सब गात
मोहन मासों कुशल बुझत है सब निश राका परम सुहात ॥ २ ॥
अब घर बगदावो गोपीजन धर्मनही पतिनी रहो
कृष्णकलामे सब अंग उरझ्यो तन ना रही संभार हो ॥ ३ ॥
अधर हसे नेनन आंसु ढरे गाति सुली व्रजनारी हो
याते दुर मदनमोहन पीय नीरखी दास बलीहारी हो ॥ ४ ॥

श्रीविठ्ठलनाथजीनुं कीर्तन.

(राग बिलावल.)

देखेरी एक अद्भुत बाम
देखे बने कहत नहीं आवे नख कटि राधे कटिसीख श्याम ॥ १ ॥
प्रियके प्रेम छक्यो तन भुल्यो कहो मेरी श्याम गई अबही कीत ।
अपने सखनसो बुझत डोलत कटि दे हस्त लगे आकार्पित ॥ २ ॥
श्रमजलबींदु लग्यो गंडिनमे नेनवदन सु बिकसे देखव ।
क्रीडाचटक भवरी संवरी तन श्यामाते श्याम भये सनमुख ॥३॥
कीटसीत हरिदास दीखावत अतुल सुभाव नाथ श्रीविठ्ठल ।
रजीआरज लाग्यो मेरी अखीयन नीरखी दास जात सब कालिमल ॥४॥

श्रीकृष्णायनमः

(राग विभास)

(श्रीसर्वोत्तमजी विषे श्रीगोविंदस्वामीकृत पदो अनुसंधान वर्ष ६ अंक २ पृष्ठ ५६)

तन मन धन मम श्री परमानंद ।
मेरो सर्वस्व श्रीवल्लभ प्रभु निशदिन गान करहु छंद ॥ १ ॥
निरखि निरखि मेरे नेन सिराउं श्रीहरिवदन चाह मुखचंद ।
आनंद मगन सदाजु रहुंहुं छवी दरशन मानहु अरविंद ॥ २ ॥
सुभग मूरति निनि नेनन निरखें सो जन परे प्रेमके फंद ।
यह महानिधि मेरे (हृदय) हिरदे कमलतें
छिनुं (क्षण) मति करो टरो कहहु गोविंद ॥ ३ ॥

Reg. No. B. 89૯

સ્વધર્મના મુખ્ય સિદ્ધાન્તો.

૧. જગત્ સત્ય છે.
૨. જગત્, જીવ, અંતર્યામી, અક્ષર ઇત્યાદિના નિમિત્ત અને ઉપાદાન કારણ, શુદ્ધ નિર્ગુણ બ્રહ્મ શ્રીકૃષ્ણપરમાત્મા જ છે.
૩. જીવે અવિદ્યાથી કલ્પેલો અહન્તાંમમતાત્મક સંસાર મિથ્યા છે.
૪. જીવ અણુ છે, શુદ્ધ નિર્ગુણ બ્રહ્મનો અંશ છે, સ્વતઃ વ્યાપક નથી.
૫. પરબ્રહ્મ પુરુષોત્તમ શ્રીકૃષ્ણનું ધામ અક્ષરબ્રહ્મ સચ્ચિદાનંદ છે.
૬. સર્વોપરિ વેદાદિશાસ્ત્રે પ્રતિપાદિત પરમકાષ્ઠાપન્ન વસ્તુ શ્રીકૃષ્ણ જ છે.
૭. શ્રીકૃષ્ણની સેવા એ જ અંશ જીવનો ધર્મ છે, એટલે વસ્તુતઃ સ્વધર્મ શ્રીકૃષ્ણસેવા જ છે.
૮. આત્મનિવેદન અને પ્રભુપ્રપત્તિ વિના અન્ય વિધિધર્મ દોષરૂપ જ છે.

"પુષ્ટિભક્તિસુધા" ઑફિસનું સરનામું—

રા. રા. વાડીલાલ નગીનદાસ શાહ, બી. એ. એલ્. એલ્. બી.
મહારાજનો ખોડવાડો, ભુલેશ્વર, મુંબાઇ.

आवश्यक निवेदन.

૧. આ માસિકસંબંધી સઘળો પત્રવ્યવહાર પ્રકાશકને નામે કરવો.
૨. આ માસિક દરેક માસની કૃષ્ણ એકાદશીએ પ્રકટ થાય છે.
૩. આ માસિકમાં છપાવવાને આવેલા લેખો લેવા ન લેવા તેમ જ તેમાં યોગ્ય શુદ્ધિવૃદ્ધિ કરવી પ્રકાશકની ઇચ્છાધીન છે.
૪. શ્રીમદ્વલ્લભાચાર્યજીના સિદ્ધાન્તાનુસાર જ લેખ લેવામાં આવશે.
૫. વર્ષનું નોછાવર પ્રથમથી લેવામાં આવે છે.
૬. આ માસિકના પરિવર્તનમાં જેમના તરફથી માસિક યા પત્ર મળશે તેમને વગર નોછાવરે આ માસિક મોકલવામાં આવશે.
૭. કોઇ પણ બાબતની ખબર મંગાવવી હોય તો જવાબને સારૂ ટિકીટ બિડવી, તે વિના જવાબ આપવામાં આવશે નહિ.
૮. આ માસિકમાં જાહેર ખબર છપાવવી હોય કે હેન્ડબિલ વહેંચાવવાં હોય તેમણે પ્રકાશકને લખવું અથવા મળવું.

પુષ્ટિભક્તિસુધાકાર્યાલય,
મહારાજનો ખોડવાડો,
ભુલેશ્વર, મુંબાઇ. } પ્રકાશક.

નોછાવર રૂ. ૨—૦—૦   પ્રત ૭૫૦.   છુટક અંકના રૂ. ૦—૪—૦

વર્ષ ૪ થું] શ્રીકૃષ્ણાબ્દ ૫૧૩૯ શ્રાવણ

पुष्टिभक्तिसुधा.

કૃષ્ણ ૧૧ શ્રીવલ્લભાબ્દ ૪૩૫. [અંક ૫.

नायमात्मा प्रवचनेन लभ्यो न मेधया न बहुना श्रुतेन
यमेवैष वृणुते तेन लभ्यस्तस्यैष आत्मा वृणुते तनुं स्वाम् ॥ १ ॥
नाहं वेदैर्न तपसा न दानेन न चेज्यया
शक्य एवंविधो द्रष्टुं दृष्टवानसि मां यथा ॥ २ ॥
भक्त्या त्वनन्यया शक्यः अहमेवंविधोऽर्जुन ।
ज्ञातुं द्रष्टुं च तत्त्वेन प्रवेष्टुं च परंतप ॥ ३ ॥

પ્રકાશક,
વાડીલાલ નગીનદાસ શાહ,
બી.એ., એલએલ.બી., વકીલ, હાઈ કોર્ટ.

ન્યોછાવર, રૂ. ૨—૦—૦

છૂટક અંકના, રૂ. ૦—૬—૦

Printed by R. Miller, Superintendent, British India Press, Bombay. Published by Vadilal Nagindas Shah, B.A., LL.B., Princess Street, Bombay.

निरूपणादभियुक्तैः शान्तस्यापि नवमस्याङ्गीकाराद् दशरसवादिनो भोजस्यापि मते भक्तेरगणितत्वात्तावन्त एव रसाः, नत्वतिरिक्तो भक्तिरसोपीति मते,

अभिधीयते—

श्रुतत्वाल्लोकसिद्धत्वादनुभूतेश्च भेदतः ।
तेभ्योतिरिक्तो मन्तव्यः साङ्गो भक्तिरसो बुधैः ॥ १ ॥

तथाहि भक्तिस्तावद्गोपालतापनीये श्रूयते 'भक्तिरस्य भजनं तदिहामुत्र फलभोगनैराश्येनास्मिन्मनःकल्पन'मिति, तन्मनःकल्पनं किंस्वरूपमिति जिज्ञासायां, नारदपञ्चरात्रे तन्निष्कृष्यते 'माहात्म्यज्ञानपूर्वस्तु सुदृढः सर्वतोधिकः स्नेहो भक्तिरिति प्रोक्तस्तया मुक्तिर्न चान्यथे'ति, शाण्डिल्यसूत्रेऽपि 'अथातो भक्तिजिज्ञासे'ति प्रतिज्ञाय 'सा परानुरक्तिरीश्वर' इति तस्या लक्षणं क्रियते, अनुरक्तिश्च स्नेह एव, स्निग्ध एवानुरक्त इति प्रयोगदर्शनात्, स्नेहश्च नेच्छाविशेषः, विशेषस्य निर्वक्तुमशक्यत्वात्, न च सुखविषयिणी सा स्नेह इति युक्तं, स्वर्गकामनायामपि तथात्वप्रसङ्गात्, तिरश्चामपि पुत्रादिविषयकस्नेहस्येच्छारूपत्वाभावेन तस्य स्नेहत्वाभावप्रसङ्गाच्च, ननूक्तमिष्यमाणविषयिणी सा स्नेह इति, तन्न, स्वर्गस्य शत्रुहननादेश्चेष्यमाणत्वात् तद्विषयेच्छायां स्नेहादिपदप्रयोगस्य क्वाप्यदर्शनात्, स्निह्यामि प्रीणाम्यनुरज्यामि नेच्छामीति विरुद्धानुव्यवसायाच्च, अत एव नाराध्यत्वेन ज्ञानं ज्ञानान्तरं वा सः, अत एव न यत्नोऽपि सः, अनुकूलबुद्धिविषयत्वाच्च न द्वेषादिरपि, स्वविषयकत्वाच्च लौकिकसुखरूपोऽपि, प्रत्यक्षत्वाच्चादृष्टरूपोऽपि न, अतो मनोधर्मान्तरमेव स इति निश्चयः ।

सोपि न क्षणिकः, कालान्तरे तत्कार्यस्य दर्शनात्तद्विषयकसंस्कारे मानाभावाच्च, किन्तु स्थाय्येव, अत एव काव्यादावप्युच्यते, 'आविर्भावदिने न येन गणितो हेतुस्तनीयानपि क्षीयेतापि न चापराधविधिना नत्या न यद्वर्धते पीयूषप्रतिवादिनस्त्रिजगतीदुःखद्रुहः साम्प्रतं प्रेम्णा तस्य गुरोः किमद्य करवै वाङ्निष्ठितालाघव'मित्यादौ, एवं स्थायित्वे तस्य सिद्धे मातुः पुत्रे पीयूषप्रतिवादिनस्त्रिजगतीदुःखद्रुहो गुरोरुत्कर्षश्च-

---

१. भगवति । २. भक्तिः । ३. भक्तेः । ४. पित्रादिविषयकेच्छा । ५. स्नेहस्य । ६. स्वर्गशत्रुहननादिविषयकेच्छायाम् । ७. पुत्रादिप्रतियापने । ८. स्नेहः । ९. शत्रुत्वाविहननेऽप्रातिक्यो-[illegible] । १०. स्नेहस्येति शेषः । ११. प्रेम्णा । १२. येन हेतुना गणितस्तस्य प्रेम्ण इतियोजना । १३. स्नेहस्य ।

भवतीति रसत्वमपि तस्य सुघटमेव, अत एव तत्स्मरणादौ दुग्धस्रावो यथासंभवं व्यभिचारिणश्च तत्र प्रसिद्धा एव, अत एव श्रीमदुद्धवागमने उक्तं, 'यशोदाकर्ण्य नामानि कृष्णस्यानुचरितानि च शृण्वन्त्यश्रूण्यवास्राक्षीत्स्नेहस्नुतपयोधरे'ति, एवमेव पितृभ्रातृमित्रादिष्वपि द्रष्टव्यं, अत एव श्रीनन्दादीनां तादृशानि तत्र वचांसि, शौनकस्य च 'तदश्मसारं हृदयं बतेदं यद्गृह्यमाणैर्हरिनामधेयैः न विक्रियेताथ यदा विकारो नेत्रे जलं गात्ररुहेषु हर्षः' इति भक्ते रसत्वं कण्ठतोऽप्युक्तं, 'निगमकल्पतरोर्गलितं फलं शुकमुखादमृतद्रवसंयुतं पिबत भागवतं रसमालयं मुहुरहो रसिका भुवि भावुकाः' इत्यत्रोक्तो भागवतो रसो भक्तिरस एव, 'यस्यां वै श्रूयमाणायां कृष्णे परमपूरुषे भक्तिरुत्पद्यते पुंसः शोकमोहभयापहे'ति भक्त्यर्थमेव भागवतसंहिताप्रणयनकथनात्तत्र श्रीभागवतप्रतिपाद्यमानस्य भागवतरसस्य भक्तिरूपताया एव सिद्धेरिति, अत एव शृङ्गाररसस्तोऽभिन्नतयानुभूयत एव रसिकैः, यत्तु शृङ्गारस्यैव द्वावस्थाभेदौ संयोगो विप्रलम्भश्चेति सर्वैरुच्यते, तत्त्वविचारितरमणीयं, मात्रादिष्वप्यनिषिद्धसंयोगविप्रलम्भयोरुपलब्धेः, अतः स्नेहस्यैव तौ भेदौ, वस्तुतस्तु रतिरपि स्नेहविशेष एव, एवं सति शृङ्गारस्यैव रसत्वं न केवलं स्नेहस्येत्यत्र विनिगमकाभावादुभयोः पार्थक्येन रसत्वं स्वीकार्यं, तथा च नायिकायां नायकस्य तस्मिंस्तस्याश्च या रतिः सा शृङ्गारः, मात्रादीनां पुत्रादौ तेषां च तेषु या रतिः स केवलं स्नेहरस एव इति सिद्धं, भगवद्विषयिकाया निरुपाधिकाया द्विविधाया अपि रतेरलौकिकत्वेन मुख्यरसरूपत्वं, 'रसो वै सः' इतिश्रुतेर्भगवतो रसस्वरूपत्वात्, लौकिकस्य तूपाधिजन्यत्वात्तदाभासत्वमिति ज्ञेयं, तेन भक्तिरसस्य तेभ्योऽतिरिक्तत्वं निःप्रत्यूहं, श्रवणादिर्नवके तु तज्जनकत्वात्तत्प्रयोगो भाक्तः, अतो न शङ्कालेश इति दिक् ।

इति श्रीमल्लीलार्णवचरणकाश्मीरजरजोऽनुरागारक्तः श्रीमद्भूपतिरविभासनिखिलः ।
पयोदश्रीदारिद्र्यविहरवितडित्स्पर्शवसनाभिधानान् स्नेहस्य स्वभजनरसत्वं व्यरचयत् ॥

॥ इति श्रीमद्यदुपतितनयश्रीपीताम्बरविरचितो भक्तिरसवादः सम्पूर्णः ॥

---

१. स्नेहस्य । २. श्रीभागवते । ३. भक्तिरसाभिन्नतया । ४. पुष्टिरस्य स्नेहरूपा भक्तिर्नारदस्य धर्मादिस्मृतिसिद्धेः भिन्नत्वेन कथनेऽपि न दोषो नारदस्य कीर्तनप्राचुर्यभवनात् कीर्तनस्य नवधान्तःपातित्वात् । ५. रसस्याभीष्टजनकत्वात् । ६. भक्तिपक्षप्रयोगः । ७. इयं कृतिस्तु नः श्रीमत्पुरुषोत्तमगोस्वामिचरणानामेव ।

यद्युच्येत तर्हि चिदंशस्यापि तत्समानयोगक्षेमत्वादेवात्रासत्त्वमिति वक्तव्यमिति चेन्न, स्वरूपहान्यन्यथोपपत्तिभिया तत्स्वीकारस्यावश्यवक्तव्यत्वात्, तत एव सोऽपि स्वरूपात्मको न तु धर्मात्मकज्ञानात्मकः, अत एव 'सच्चिदानन्द'मित्यारभ्य 'सर्वमनवद्य'मित्यन्तं प्रभवः, तस्मादानन्दांशतिरोभूता जीवाः सच्चिदंशेनोद्भूता इति फलितं, तत्र सदंशमात्रवृत्तिजडेष्वपि सत्ता परब्रह्मण एव उभयांशमात्रवृत्त्यणुजीवेष्वपि तस्यैव तदा किं पुनर्देवेषु तत्सत्तायाः प्रश्नोऽपि? तथा सति तस्यैव विग्रहवत्त्वेन तदंशवृत्तिदेवेष्वपि तद्वत्त्वमनुक्तमागतं, ननु तस्यापि तद्वत्त्वसत्त्वे तस्य मध्यमपरिमाणवत्त्वनियमेनाव्यापकत्वादिदोषाः समुच्छेयुरिति चेत्, न, अज्ञेयत्वात्, ननु कुत एवं? गृहाण, तस्यानुमानविषयत्व ज्ञेयत्वं सिध्यति, तथाहि घटादिपक्षैककार्यत्वसाध्यकसावयवत्त्वलिङ्गकपटदृष्टान्तकदृष्टान्तेन कुलालादिसिद्धिर्यथा तथा सर्वत्र सावयवत्वेन कार्यत्वजिज्ञासायां क्षित्यादौ तथादर्शनेन ज्ञानोपपत्तौ कार्यस्य कर्तृजन्यत्वनियमेन तद्धर्मगतत्वेन कर्तृत्वस्य सामान्यकर्तृसिद्धिः, तथा सति क इत्याकाङ्क्षायां कुलालतन्तुवायादिषु तत्कर्तृत्वासामर्थ्यग्रहणेनानुक्तेश्वरसिद्धिः, तथा च दृष्टान्तीययत्किञ्चिद्धर्मस्यापि दार्ष्टान्ते अवश्यवक्तव्यत्वाच्छरीरत्वज्ञानादिमत्त्वसिद्धिः, जन्यत्वाद्यसिद्धिर्यत्किञ्चित्पदात्, मुखे चन्द्रसादृश्यमाह्लादजनकत्वधर्ममादायैवेतिवत्, ननु शरीरत्वे पुनः पूर्वोक्तदूषणापत्तिरिति चेत्, तन्नादरणीयं, अन्वयव्यतिरेकसिद्धस्य तस्य यावता दूषणपरिहारस्तावल्लक्षणकमेव, साधनीयत्वात्, कावन्वयव्यतिरेकाविति चेत्, यत्सत्त्वे यत्सत्त्वं यदभावे यदभाव इत्येव, तथा च शरीरित्वसत्त्वे कर्तृत्वसत्त्वं तदभावे तदभाव इत्यागतं, ननु ज्ञानादिकमेव कुतो न तत्साधकमिति चेत्, न, मुक्तात्मसु तद्वत्स्वपि तथा दर्शनात्, एवं च सावयवत्वानित्यत्वज्ञानापेक्षितकर्तृरूपसर्वकर्तृत्वान्यथानुपपत्तिबलात्सिध्यन् कर्ता स्वयमेव सकलदेशगतकार्योत्पत्त्यनुपपत्त्यादिदूषणगणानवच्छिन्न एव शरीरज्ञानादिमानेव सिद्धः, स चेश्वर एव, ननु सर्वकर्तृत्वमीश्वरस्यैवेति को वा नियमः? घटादौ कुलालादीनां तथा दर्शनादिति चेत्, अवेहि, तत्तत्कार्ये हि तत्तद्विषयकज्ञानस्य कारणत्वमिति तु तवापि सम्मतं, तथा च सर्वकार्ये सर्वविषयकज्ञानस्य कारणत्वमित्यप्यादरणीयं, एवं च 'यः सर्वज्ञः सर्ववि'दित्यादिश्रुतिप्रतिपाद्यतत्त्वविशिष्टस्येशितुः सर्वकार्यकरणे को वा सन्देहः? ननु प्रत्यक्षबाधो घटादिष्विति चेत्, नैवं, न ब्रह्मविदां, यत एतत्तत्स्वेच्छयैव तेषां तत्तत्कार्यकरणे प्रवर्तमानत्वात्, अन्यथानवच्छिन्नघटादिधारापत्तिः, किञ्च, यो हि यदिच्छया यदधीनत्वे सति यत्कार्ये प्रवर्तते तस्य तदिच्छया तदधीनत्वेन प्रवर्तितत्वादवान्तर-

व्यापारत्वमेव, तथा च भगवदिच्छया तदधीनत्वे सति सर्वस्य सर्वकार्ये प्रवर्तितत्वात्तत्त्वमेवेति मतं, अवान्तरकुलालादीच्छया दण्डादिद्वारा भ्रम्यादेर्यथेतिवत्, ननु तादृशानां जडत्वात्तथा कल्प्यं प्रकृते तद्भिन्नत्वान्न तथा कल्पनीयं, तथा च स्वेच्छयैव कुतो न प्रवृत्तिरिति कुलालादीनां स्वतःकर्तृत्वं सिद्धमेवेति पुनः पूर्ववद् इति चेत्, मूर्खो भ्रान्तिं न त्यजति कुब्जरशौचवत्, अरे यद्येवं स्यात्तदा कुलालादीनां तदेकपरत्वेनानवच्छिन्नघटादिधारापत्तिरिति पूर्वमेवापादि, यद्वा, प्रयोज्यप्रयोजकभावेन हि द्वेधा व्यवहारप्रवृत्तिः, तथा च तन्मात्रे तदधीनः स इति तु युक्तं, तत्र च 'सर्वस्य वशी सर्वस्येशान' इतिश्रुत्या प्रयोजको हि भगवान्प्रयोज्याश्च जीवा इति मन्तव्यं, तथा सति तेषां चेतनत्वेऽपि कर्तृत्वे सत्यपि न स्वतःकर्तृत्वं किन्तु गौणमेव, तथा च मुख्ये संभवति तस्मिंस्तत्कल्पनाया अन्याय्यत्वात्तेषु तत्त्वज्ञानमज्ञानत एव, किन्तु 'स्वतन्त्रः कर्ते'त्यनुशासनाच्चैवं, इतरेषां स्वातन्त्र्याभावात्, तस्मात्पूर्वोक्तदूषणगणानवसरितक्षित्यादिपक्षकाद्यनुमानविधया जगत्कर्तृत्वेन तादृश ईश्वरः सिद्धः, एतदपि स्वयुक्त्युत्कर्षरूपराहतमुखांस्तार्किकान् प्रत्यक्षानुभावकानां, भगवदीयानां तु 'सहस्रशीर्षा सर्वतः पाणिपादान्तं नमोस्त्वनन्ताय सहस्रमूर्तये अनेकबाहूदरवक्त्रनेत्रं' द्वासप्तस्कन्धीयपञ्चरस्तुत्यां 'नाभिर्नभोग्निर्मुखं' 'आनन्दमात्रकरपादमुखोदरादिः' 'शरीरश्चोभयेऽपि ही'त्यादिसहस्रश्रुतिस्मृतिपुराणतत्त्वसूत्रोल्लिखादेव तथैवेश्वरः सिद्ध इति किमल्पसामर्थ्येनानुमानेन? तथा च सर्वधर्मविशिष्टो भगवानेव सर्वत्र सर्वरूपतया बलिं भुङ्क्ते आयात्यपि च, अत एव 'यस्य विभूतीर्भवतस्त्वत्सम्पादय नः प्रभो' इत्यादियुधिष्ठिरोक्तिः, अतो न बाधकावकाशः, ननु वादी पुनराशङ्कते, 'इन्द्राय स्वाहे'त्यादौ का गतिरिति चेत्, एतदप्यवधारय, सोपि स्वेष्टफलावाप्त्यर्थं 'मिदि परमैश्वर्ये' इतिधातुप्रतिपाद्यमेन्द्रायेश्वरायैव वितरतीति किमनुपपन्नम्? तस्य तु सर्वशक्तिः 'परास्य शक्ति'रित्यादिश्रुत्युक्तत्वेन तथात्वात्, अत एव 'ये धातुशब्दा यत्रार्थे उपदेशे प्रकीर्तिताः तदर्थवाच्यो वेदराशेः कर्तव्यो नान्यथा क्वचिदि'ति वागीशचरणाः, तथा चोक्तया रीत्या देवेषु विग्रहवत्त्वमेवेति, ग्राहिलतया कदाचित्तदभाववत्त्वमिति वदन्तः कर्मिणोऽकर्मिण एव, अत एवोक्तं 'श्रूयतेपि इन्द्रादीनां देवानामप्रत्यक्षत्वं विग्रहवत्ता'मिति विद्वन्मण्डने प्रभुचरणैः, ननु देवादिबलिभोक्तृत्वं भगवतस्तर्हि तेषां कथं तृप्तिरिति चेत्, न, कोटिब्रह्माण्डविग्रहस्य तस्य तृप्तावेतद्गर्भगतत्वेन तेषां सुतरां तृप्तत्वात्, गोसुखे गर्भसुखवत्, अत एव 'सर्वदेवमयो हरिः' 'सर्वदेवनमस्कारः' 'यथा तरोर्मूलनिषेचनेने'त्यादीनि वचांस्यपि सङ्गतानि

(નિજજનને) ભજનાનંદનું દાન કરવા પુષ્ટિમાર્ગનો પ્રકાશ કરનારા (એમની) કરુણાવડે જ વરવા યોગ્ય, શ્રીવલ્લભપ્રભુ મારું શરણ છે.

स्वामिनीभावसंयुक्तभगवद्भावभावितः ॥
अत्यलौकिकमूर्तिः श्रीवल्लभः शरणं मम ॥ ३ ॥

સ્વામિનીભાવસંયુક્ત ભગવદ્ભાવ વડે ભાવિત, અતિઅલૌકિકસ્વરૂપવાન્ શ્રીવલ્લભપ્રભુ મારું શરણ છે.

श्रीकृष्णवदनानंदो वियोगानलमूर्तिमान् ॥
भक्तिमार्गाब्जभानुः श्रीवल्लभः शरणं मम ॥ ४ ॥

શ્રીકૃષ્ણના મુખકમલના આનંદરૂપ, (ભગવદ્-)વિપ્રયોગાગ્નિસ્વરૂપ, ભક્તિમાર્ગરૂપ કમલના (પોષક) સૂર્ય, શ્રીવલ્લભપ્રભુ મારું શરણ છે.

रासलीलारसभरसमाक्रांताऽखिलांगभृत् ॥
भावरूपाखिलांगः श्रीवल्लभः शरणं मम ॥ ५ ॥

રાસલીલારૂપ રસના પૂરથી સારીરીતે વ્યાપ્ત શ્રીઅંગને ધારણ કરનારા, જેનું સંપૂર્ણ શ્રીઅંગ ભાવરૂપ છે એવા શ્રીવલ્લભપ્રભુ મારું શરણ છે.

श्रीभागवतभावार्थाविर्भावार्थावतारितः ॥
स्वामिसंतोषहेतुः श्रीवल्लभः शरणं मम ॥ ६ ॥

શ્રીભાગવતના (શ્રીભાગવતમાં વિરાજમાન ભગવલ્લીલાના) ભાવરૂપ અર્થનો આવિર્ભાવ કરવાને પ્રકટ થએલા સ્વસ્વામી (શ્રીગોવર્ધનનાથજી)ની સંપૂર્ણ પ્રસન્નતારૂપ હેતુ, શ્રીવલ્લભપ્રભુ મારું શરણ છે.

वल्लवीवल्लभांतःस्थलीलानुभववल्लभः ॥
अन्यास्फुरणरूपः श्रीवल्लभः शरणं मम ॥ ७ ॥

શ્રીગોપીજનનાપતિ (શ્રીકૃષ્ણ)ની નિગૂઢ લીલાઓના અનુભવમાં પ્રીતિવાળા, (શ્રીકૃષ્ણની ગોપ્ય લીલાઓના અનુભવ વિના) અન્યસ્ફુરણથી રહિત, શ્રીવલ્લભપ્રભુ મારું શરણ છે.

जितांभोजपदांभोजविभूषितवसुंधरः ॥
सदा गोवर्धनस्थः श्रीवल्लभः शरणं मम ॥ ८ ॥

કમલનો પરાજય કરનાર (અતિસુંદર) ચરણકમલ વડે ભૂમિને શોભાવનારા, શ્રીગિરિરાજ ઉપર સદા વિરાજમાન શ્રીવલ્લભપ્રભુ મારું શરણ છે.

अनन्यस्तन्मना नित्यं पठेद्यः शरणाष्टकं ॥
सलभेत्साधनाऽभावयुक्तोप्येतत्पदाश्रयम् ॥ ९ ॥

શ્રીવલ્લભપ્રભુમાં સંલગ્ન મનવાળો જે અનન્યભક્ત પ્રતિદિન (આ) શરણાષ્ટક નો પાઠ કરે તે (પોતાના ઉદ્ધારને માટે) સર્વસાધનથી રહિત હોય તોપણ શ્રીવલ્લભપ્રભુના ચરણકમલના (દૃઢ) આશ્રયને પામે.

" इति श्रीहरिदासविरचितं श्रीवल्लभशरणाष्टकं संपूर्णम् ॥

महानुभावी श्रीगोपालदासजी.

શ્રીમદ્ગોસ્વામીના ચતુર્થ પુત્રનું સ્મરણ કરીને ભક્ત કવિ એઓશ્રીના પંચમ પુત્ર શ્રીરઘુનાથજીનું સ્મરણ કરે છે-

" શ્રીરઘુપતિ અતિગજગતિ રતિપતિ કરું બલિહાર રે રસના,
જાનકીજીવન એ સદા મમ મણિરત્નમય હાર રે રસના;"

શ્રીમદ્ગોસ્વામીના પંચમ પુત્ર શ્રીરઘુનાથજી છે, એઓશ્રીનાં ધર્મપત્નીનું નામ શ્રીજાનકીજી હતું, શ્રીગોકુલચંદ્રમાજી એઓશ્રીનું સેવ્ય સ્વરૂપ છે. આ શ્રીગોકુલચન્દ્રમાજી નારાયણદાસ બ્રહ્મચારીના પ્રથમ સેવ્ય હતા. પંચમ ગૃહના પ્રથમ તિલકાયિત શ્રીરઘુનાથજી જ હતા. શ્રીરઘુનાથજી પ્રથમ વિદ્વાન ન હતા. એક સમયે સેવાના પ્રક્રમમાં શ્રીગુસાંઈજીએ એઓશ્રીને 'नम्नुगामानय' એમ કહ્યું, તે સમયે સંસ્કૃતજ્ઞાનના અભાવને લીધે નહિ સમજવાથી એઓશ્રીને પરમ ખેદ થયો, ત્યારપછી એઓશ્રી શ્રીમદ્ગોકુલનાથજીની સમીપ ગયા, અને શ્રીમદ્ગોકુલનાથજીએ જ એઓશ્રીને વિદ્યાદાન કર્યું. શ્રીરઘુનાથજીનાં કેટલાક સ્વતન્ત્ર સ્તોત્રો સિવાય વિવૃતિરૂપ અન્ય પણ ગ્રન્થો છે. ભક્તિહંસ ઉપરિ એઓશ્રીની ટીકા ઉપલબ્ધ છે, ષોડશગ્રન્થમાંના કેટલાક ગ્રન્થો ઉપરિ પણ એઓશ્રીએ ટીકાઓ કરેલી છે. એઓશ્રીના વંશમાં પણ મહાધુરંધર વિદ્વાન ગોસ્વામીઓ થઈ ગયા છે. જે સ્વરૂપે પ્રભુએ રાસોત્સવ કર્યો છે તે જ સ્વરૂપ આ શ્રીગોકુલચંદ્રમાજીનું કહેવાય છે, અને તેથી આ રસિક પ્રભુની સેવા કરનારા શ્રીરઘુનાથજીના વંશ્યોના ગ્રન્થો પણ રસભર હોય છે. શ્રીરઘુનાથજીના પૌત્ર શ્રીદેવકીનન્દનજી મહાધુરંધર વિદ્વાન હોવા ઉપરાંત અલૌકિક કાવ્ય કરવાની શક્તિ ધરાવતા હતા. એઓશ્રીવિરચિત 'रसाब्धिकाव्य' ડેક્કન કૉલેજના પુસ્તકાલયમાં છે. બાલબોધાદિ ષોડશ ગ્રન્થ ઉપરિ પણ એઓશ્રીની ટીકા ઉપલબ્ધ છે. શ્રીદેવકીનન્દનજી સિવાય અન્ય વિદ્વાન મહાનુભાવી બાલકોએ પણ આ ગૃહને અલંકૃત કરેલું છે. શ્રીવિદ્વન્મંડન ઉપરિ એક વિસ્તૃત ટીકા પણ આ જ વંશમાંના કોઈ મહાનુભાવી બાલકે કરી છે, એમાં શ્રીગોકુલચન્દ્રમાજીને જ નમન કરેલું છે. યદ્યપિ શ્રીરઘુનાથજીના વંશ્યો શ્રીરઘુનાથજીની ઉપનિષદ્‌ના જેવી સરલ ટુંકા વાક્યોવાળી ભાષા લખતા નથી તથાપિ એ ગ્રન્થોમાં શ્રીમદાચાર્યજીમાં, શ્રીમત્પ્રભુચરણમાં, અને શ્રીમદ્ગોકુલચન્દ્રમાજીમાં નિરુપધિ પ્રીતિ અને ભક્તિ પ્રતિપદ ઝળકે છે.

શ્રીમદ્ગોકુલચંદ્રમાજીનું સ્વરૂપ અતિસુકુમાર છે તેથી જે બાલકોને માથે એઓશ્રી બિરાજ્યા તેઓ પણ આચારમાં બહુ સુકુમાર થયા. અદ્યાપિપર્યન્ત શ્રીગોકુલચન્દ્રમાજીની સેવા અતિસુકુમારતાથી થાય છે.

પૂર્વે જણાવી ગયા તે પ્રમાણે શ્રીરઘુનાથજીના વંશની ઇતિશ્રી થઈ ચુકી છે. આધુનિક તિલકાયિત એઓશ્રીના સાક્ષાદ્ વંશ્ય નથી, પરન્તુ શ્રીગિરિધરજી (પ્રથમ લાલ)ના વંશ્ય છે, અને પંચમ ગૃહની ગાદી ઉપરિ સેવાબદ્ધ છે.

૬૦ અથવા ૭૦ વર્ષ ઉપરિ આ સ્વરૂપ જયપુરમાં બિરાજતું હતું. ત્યાં એક માયાવાદીએ ૧૪ પ્રશ્ન તિલકાયિત શ્રીગોવિન્દપ્રભુને પૂછ્યા, પરન્તુ એ પ્રશ્નનો તત્કાલ ઉત્તર અપાય એવું નહિ હોવાથી, મહારાજશ્રીને જયપુરનો ત્યાગ કરવો પડ્યો. અમુક સમય એ સ્વરૂપ બીકાનેરમાં બિરાજ્યું. હાલ એ સ્વરૂપ કામવનમાં બિરાજે છે. ઉપર્યુક્ત ૧૪ પ્રશ્નનું સમર્થ પ્રત્યુત્તર કેટલાંક વર્ષ પછી સદ્ગત પંડિત ગટ્ટુલાલે સ્વકૃત 'सत्सिद्धान्तमार्तण्ड'માં આપેલું છે.

પંચમ ગૃહના આધુનિક સમયના તિલકાયિત આપણા સુપ્રસિદ્ધ શ્રીમાન્ દેવકીનન્દનાચાર્યજી છે. આ ગોસ્વામી મહારાજશ્રીની મુંબાપુરીના વૈષ્ણવો ઉપરિ નિરતિશય કૃપા છે, જેને પરિણામે મહારાજશ્રી સ્વસેવ્ય પ્રભુની સેવાનો પણ કેટલીએકવાર ત્યાગ કરીને અત્ર બિરાજે છે. અમુક વૈષ્ણવો કહે છે

महानुभावी श्रीगोपालदासजी.

શ્રીમદ્‌ગોસ્વામીના ચતુર્થ પુત્રનું સ્મરણ કરીને ભક્ત કવિ એઓશ્રીના પંચમ પુત્ર શ્રીરઘુનાથજીનું સ્મરણ કરે છે-

"શ્રીરઘુપતિ અતિસજ્જનતિ રતિપતિ કરું બલિહાર રે રસના,
જાનકીજીવન એ સદા મન્મથમથિરૂતનય ઉદાર રે રસના;"

શ્રીમદ્‌ગોસ્વામીના પંચમ પુત્ર શ્રીરઘુનાથજી છે, એઓશ્રીનાં ધર્મપત્નીનું નામ શ્રીજાનકીજી હતું, શ્રીગોકુલચંદ્રમાજી એઓશ્રીનું સેવ્ય સ્વરૂપ છે. આ શ્રીગોકુલચન્દ્રમાજી નારાયણદાસ બ્રહ્મચારીના પ્રથમ સેવ્ય હતા. પંચમ ગૃહના પ્રથમ તિલકાયિત શ્રીરઘુનાથજી જ હતા. શ્રીરઘુનાથજી પ્રથમ વિદ્વાન ન હતા. એક સમયે સેવાના પ્રકરણમાં શ્રીગુસાંઈજીએ એઓશ્રીને 'नम्पृशामागय' એમ કહ્યું. તે સમયે સંસ્કૃતજ્ઞાનના અભાવને લીધે નહિ સમજવાથી એઓશ્રીને પરમ ખેદ થયો, ત્યારપછી એઓશ્રી શ્રીમદ્‌ગોકુલનાથજીની સમીપ ગયા, અને શ્રીમદ્‌ગોકુલનાથજીએ જ એઓશ્રીને વિદ્વાન કર્યું. શ્રીરઘુનાથજીનાં કેટલાંક સ્તવન સ્તોત્રો સિવાય વિવૃતિરૂપ અન્ય પણ ગ્રન્થો છે. ભક્તિહંસ ઉપરિ એઓશ્રીની ટીકા ઉપલબ્ધ છે, ષોડશગ્રન્થમાંના કેટલાક ગ્રન્થો ઉપરિ પણ એઓશ્રીએ ટીકાઓ કરેલી છે. એઓશ્રીના વંશમાં પણ મહાધુરંધર વિદ્વાન ગોસ્વામીઓ થઈ ગયા છે. જે સ્વરૂપે પ્રભુએ રાસોત્સવ કર્યો છે તે જ સ્વરૂપ આ શ્રીગોકુલચંદ્રમાજીનું કહેવાય છે, અને તેથી આ રસિક પ્રભુની સેવા કરનાર શ્રીરઘુનાથજીના વંશજોના ગ્રન્થો પણ રસમય હોય છે. શ્રીરઘુનાથજીના પૌત્ર શ્રી[illegible]નન્દનજી મહાધુરંધર વિદ્વાન હોવા ઉપરાંત આલંકારિક કાવ્ય કરવાની શક્તિ ધરાવતા હતા. એઓશ્રીવિરચિત 'रसाब्धिसारस्य' ડેક્કન કૉલેજના પુસ્તકાલયમાં છે. [illegible] ષોડશ ગ્રન્થ ઉપરિ પણ એઓશ્રીની ટીકા ઉપલબ્ધ છે. શ્રી[illegible]નન્દનજી સિવાય અન્ય વિદ્વાન મહાનુભાવી બાલકોએ પણ આ ગૃહને અલંકૃત કરેલ છે. શ્રીવિદ્વન્મંડન ઉપરિ એક વિસ્તૃત ટીકા પણ આ જ વંશમાંના કોઈ મહાનુભાવી બાલકે કરી છે, એમાં શ્રીગોકુલચન્દ્રમાજીને જ નમન કરેલ છે. યદ્યપિ શ્રીરઘુનાથજીના વંશજો શ્રીરઘુનાથજીની ઉપનિષદ્‌ના જેવી સરલ રૂપે વાક્યોવાળી ભાષા લખતા નથી તથાપિ એ ગ્રન્થોમાં શ્રીમદાચાર્યજીમાં, શ્રીમત્પ્રભુચરણમાં, અને શ્રીમદ્‌ગોકુલચન્દ્રમાજીમાં નિરવધિ પ્રીતિ અને ભક્તિ પ્રતિપદ ઝળકે છે.

શ્રીમદ્‌ગોકુલચંદ્રમાજીનું સ્વરૂપ અતિસુકુમાર છે તેથી જે બાલકોને માથે એઓશ્રી બિરાજતા તેઓ પણ આચારમાં બહુ સુકુમાર થયા. અદ્યાપિપર્યન્ત શ્રીગોકુલચન્દ્રમાજીની સેવા અતિસુકુમારતાથી થાય છે.

પૂર્વે જણાવી ગયા તે પ્રમાણે શ્રીરઘુનાથજીના વંશની ઇતિશ્રી થઈ ચુકી છે. આધુનિક તિલકાયિત એઓશ્રીના સાક્ષાત્ વંશજ નથી, પરન્તુ શ્રીગિરિધરજી (પ્રથમ ગૃહ)ના વંશજ છે, અને પંચમ ગૃહની ગાદી ઉપરિ બેઠેલા છે.

૬૦ અથવા ૭૦ વર્ષ ઉપરિ આ સ્વરૂપ જયપુરમાં બિરાજતું હતું. ત્યાં એક માયાવાદીએ ૧૪ પ્રશ્ન તિલકાયિત શ્રીગોવિન્દપ્રભુને પૂછ્યા, પરન્તુ એ પ્રશ્નનો તત્કાલ ઉત્તર અપાય એવું નહિ હોવાથી, મહારાજશ્રીને જયપુરનો ત્યાગ કરવો પડ્યો. અમુક સમય એ સ્વરૂપ બીકાનેરમાં બિરાજ્યું. હાલ એ સ્વરૂપ કામવનમાં બિરાજે છે. ઉપર્યુક્ત ૧૪ પ્રશ્નનું સમર્થ ઉત્તર કેટલાંક વર્ષ પછી સદ્ગત પંડિત ગટ્ટુલાલે સ્વકૃત 'सत्सिद्धान्तमार्तण्ड'માં આપેલું છે.

પંચમ ગૃહના આધુનિક સમયના તિલકાયિત આપણા સુપ્રસિદ્ધ શ્રીમાન દેવકીનન્દનાચાર્યજી છે. આ ગોસ્વામી મહારાજશ્રીની મુંબઈના વૈષ્ણવો ઉપરિ નિરતિશય કૃપા છે, જેને પરિણામે મહારાજશ્રી રસિક પ્રભુની સેવાનો પણ [illegible] ત્યાગ કરીને અત્ર બિરાજે છે. ભાવુક વૈષ્ણવો કહે છે

કે દુર્જન મનુષ્યો જે એઓશ્રીનાં સાક્ષાત્ દર્શન કરીને કૃતાર્થ નથી થતા તેમને કેવલ કૃપાથી દર્શન આપીને કૃતાર્થ કરવાને મહારાજશ્રી સ્વયં નાટકાદિમાં પધારે છે, અને મોટરાદિમાં બિરાજીને એ મોહમયીમાં અત્ર તત્ર વૈષ્ણવોનું દર્શનથી જ હિત કરવાને વિચરે છે. ઉક્ત ગોસ્વામિશ્રીનાં એ પ્રકારે દર્શન અમને પણ વારંવાર થયાં છે. મહારાજશ્રીનું તિલક, હસ્તમાંનો સ્ફટિક બેરખો, શ્રીઅંગ ઉપરિ દેખીતાં સાદાં પણ સ્વચ્છ અને ક્વચિત્ મૂલ્યવાન્ વસ્ત્ર સાથે આશીર્વાદ વર્ષાવતાં એઓશ્રીનાં દર્શન અમને પણ થયાં છે. મહારાજશ્રીનો યત્કિંચિત્ વિદ્યાભ્યાસ એઓશ્રીના પિતા શ્રીગોવિન્દપ્રભુજીના પરિશ્રમને આભારી છે. પંડિત ગટ્ટુલાલના ગાઢ સંબંધથી કે પંડિતના કેટલાક સંસ્કારો મહારાજશ્રી ઉપરિ અંકિત થયેલા છે. મંજુ ભાષણથી વાદીને પ્રસન્ન કરી તેનું સ્વવિષે પ્રિયત્વ સંપાદન કરવાની અપૂર્વ પદ્ધતિ આ મહારાજશ્રીમાં દૃષ્ટિગોચર થાય છે, તે પં. ગટ્ટુલાલના સંગમથી જ પ્રાદુર્ભવી છે. શ્રીનૃસિંહલાલજીના લાલજી શ્રીગોવર્ધનલાલજીના [illegible] મહારાજશ્રીના સર્વ પ્રયત્ન યેન કેન પ્રકારેણ લોકપ્રિયતાસંપાદનાર્થ જ છે. યદ્યપિ અધુના અનિષ્ટ સંયોગોને લીધે એઓશ્રીની લોકપ્રિયતામાં કાંઇક ન્યૂનતા થઇ છે, તથાપિ એક સમય મહારાજશ્રીએ તે સંપાદન કરવામાં સંપૂર્ણ વિજય મેળવ્યો હતો. કાલચક્રગતિને અધીન થઇને પં. ગટ્ટુલાલ અને મહારાજશ્રી ઉભય સ્મૃતિકાર મનુને વિશેષ માન આપીને સ્વશાખાના તૈત્તિરીયના શીક્ષાધ્યાય '**सत्यान्न प्रमदितव्यम्**' એ વચનને સંભાળથી અનુસરતા, અને '**सत्यं ब्रूयात्**' કરતાં પણ '**प्रियं ब्रूयात्**' પર અધિક લક્ષ અર્પણ કરતા.

વૈષ્ણવો કનેથી સેવા લેવામાં પણ મહારાજશ્રીની કુશળતા અદ્વિતીય છે. એ કૌશલ્યના પ્રમાણમાં કહેવાય છે કે મહારાજશ્રીએ ૩૦ લક્ષ રૂપિયાનું ઉપાર્જન કર્યું છે. રૂપિયાનો અંક કદાચિત્ અતિશયોક્ત હોય તથાપિ મહારાજશ્રીની આધુનિક સમૃદ્ધિ અસાધારણ છે. યદ્યપિ મહારાજશ્રી આચાર્યવંશ્ય હોવાથી જ આટલું દ્રવ્ય સંપાદન કરી શક્યા છે, તથાપિ તેથી મહારાજશ્રીની દ્રવ્યોપાર્જન કરવામાં અસાધારણ શક્તિ અને કૌશલ્યની કોઇ પણ પ્રકારે ન્યૂનતા નથી. અન્ય ગોસ્વામિ બાલકો પણ આચાર્યના જ વંશ્ય છે, તથાપિ તેઓની આમનાથી વિપરીત આર્થિક સ્થિતિ મહારાજશ્રીની શક્તિનો જ ઉદ્બોધ કરે છે. મહારાજશ્રીને માત્ર વિચારવાનું એટલું જ છે કે આ સર્વ દ્રવ્ય શ્રીમહાપ્રભુજીની કૃપાથી જ પ્રાપ્ત થયું છે, અને તે જ દ્રવ્ય પ્રભુની સેવાને માટે જ વૈષ્ણવોએ એઓશ્રીને નિવેદન કર્યું છે, તેથી સ્વયં ટ્રસ્ટી તરીકે હોવાથી એ સર્વ દ્રવ્યનો વિનિયોગ આત્મામાં નહિ પરંતુ પ્રભુમાં જ થવો જોઇએ. મહારાજશ્રીની સ્વરૂપસેવામાં આસક્તિ હોય તો તેમાં, અને નામસેવામાં આસક્તિ હોય તો તેમાં, તથાપિ ભગવદ્ભજનાતિરિક્ત કોઇ પણ સ્થળે આ દ્રવ્યનો ઉપયોગ થાય તો માત્ર એટલું જ અનુમાન થઇ શકે કે એ દ્રવ્ય ભગવદ્દ્રવ્ય નથી, અથવા તો ભગવદ્દ્રવ્યનો અન્યથા ઉપયોગ થયો. જે ગૃહના સ્વતઃ નિષ્કાસિત છે તે ગૃહના અમૂલ્ય ગ્રંથોની અવદશા થાય છે નામસેવા કરીને મહારાજશ્રીને જો તે દૂર કરવાની શુભેચ્છા થાય તો તો આ દ્રવ્યનો સદુપયોગ થયો કહેવાય, અને એ સદુપયોગથી દાતાનું અને દાન ગ્રહણકરનાર ઉભયનું પરમ કલ્યાણ થાય. આ વિષયમાં મહારાજશ્રીએ પોરબંદરવાળા શ્રીજીવનલાલજીનું અનુકરણ કરવું જોઇએ. શ્રી નૃસિંહલાલજીના તિરોધાન પછી માત્ર આ જ મહારાજશ્રી નામસેવા યથાશક્તિ કર્યા કરે છે.

વૈષ્ણવો પાસેથી પ્રાપ્ત ભગવદર્થ દ્રવ્યનો વિનિયોગના પ્રમાણમાં જ પ્રાચીન ગ્રન્થનું સમુદ્ધરણ આવશ્યક છે. આ વિષયમાં મહારાજશ્રીની શિથિલતા વિશેષ છે. મહારાજશ્રીના ૫૦ વર્ષના જીવનમાં એક પણ પ્રાચીન સાંપ્રદાયિક ગ્રન્થનું એઓશ્રીએ સ્વદ્રવ્યથી મુદ્રણ કરાવ્યું નથી, એટલું જ નહિ, પરન્તુ અન્ય કોઇ પણ ગોસ્વામીઓને તે કાર્ય તરફ તેમણે દોર્યા નથી. 'પુ.ભ.સુ'ના આ વર્ષના દ્વિતીય અંકમાં પ્રાચીનગ્રન્થમુદ્રણસંબંધમાં અમુક ગોસ્વામીઓના કર્તવ્ય વિષે અમે સૂચના કરી હતી, તે સમયે રાજનગરમાં શ્રીરણછોડલાલજીનો લગ્નપ્રસંગ હોવાથી મહારાજશ્રી તથા અન્ય ગોસ્વામી બાલકો પણ

ત્યાં બિરાજતા હતા. એ અંક વાંચીને મહારાજશ્રીએ અમારા શબ્દોને અન્યથારૂપ આપીને જાણે કે અમે સર્વ ગોસ્વામીઓને હુકમ કરતા નહિ હોય શું એમ અમને વર્ણવ્યા. મહારાજશ્રી કહે છે, 'એ લોક અપની ગર્દન પર ચઢ બેઠનેકું આતે હૈ, પન અપન સબ ગોસ્વામી મીલકે એ લોકકી ગર્દનપર બેઠેંગે'!!! સદ્ગત છગનશાસ્ત્રીએ અમને મહારાજશ્રીનું આ સંભાષણ કહ્યું હતું. પરન્તુ અમને સમજ નથી પડતી કે મહારાજશ્રીને આવા શબ્દનો ઉચ્ચાર શા વાસ્તે કરવો પડ્યો! આપ સર્વ ગોસ્વામીઓ તો વૈષ્ણવોની ગર્દનપર ચઢેલા જ છો, તેમ અમે વૈષ્ણવોને તમને ગર્દન પરથી ઉથલાવી ફેંકી દેવાની સ્વપ્ને પણ ઇચ્છા નથી. અમારી તો એવી ઇચ્છા છે કે 'તમે સર્વ શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઈજીની પ્રાચીન પ્રણાલિકાનો, અન્ય સર્વ ધર્મોનો ત્યાગ કરીને, સર્વાંશે સ્વીકાર કરો.' આમ કરવાથી અમારા પિતામહોએ જેમ અંતઃકરણથી આપના પિતામહોનું દાસ્ય સ્વીકાર્યું હતું, તેમ અમે પણ આપનું મન વાણી કર્મથી સ્વીકારશું. પ્રાચીન પ્રણાલિકાનો સ્વીકાર નહિ થાય તો તેનું પરિણામ વૈષ્ણવોની અને આપની ભાવિની પ્રગટ ભેરી. મહારાજોને હુકમ કરવો એ અમારું કર્તવ્ય નથી, તેથી અમે કદાપિ હુકમ તો કરીશું જ નહિ, તથાપિ જે અમને એઓને વાસ્તે શ્રેયસ્કર લાગે તે શુદ્ધ અંતઃકરણથી સત્ય સ્વરૂપમાં એઓશ્રીને નિવેદન કરવું તો આવશ્યક જ છે. મહારાજશ્રીઓને અમારા વચનનો સ્વીકાર વા અસ્વીકાર કરવો એ સ્વેચ્છાધીન છે. છગનશાસ્ત્રી કહેતા હતા કે 'શ્રીદિવ્યજ્ઞાનનન્દનજીની એવી આજ્ઞા છે કે પુસ્તકોનું મુદ્રણ કરવું એ વૈષ્ણવોનું કર્તવ્ય છે, મહારાજોનું કર્તવ્ય તો માત્ર સેવા કરવાનું જ છે, મહારાજો અન્ય શું કરે!' આ અભિપ્રાયના સત્ત્વાસત્ત્વનો નિર્ણય પછી કરીશું, પરન્તુ મહારાજશ્રીનું આ વચન શ્રીમંજુસ્વનપાદજીના શબ્દોમાં 'નારદજી' જેવું નથી? ૫૦ વર્ષના જીવનમાં મહારાજશ્રીએ શ્રીગોકુલચંદ્રમાજીની સેવા કેટલાં વર્ષ કરી? તે તો પોતે નિજઅન્તઃકરણને પૂછે. સેવાના વિષયમાં મહારાજશ્રીને મથુરાવાળા શ્રીગોપાલદાસજીએ શિક્ષા કરી ન હતી શું? વળી આ અભિપ્રાય પણ અયુક્ત છે. મહારાજોના પિતામહોના અગાધ પરિશ્રમથી લખાયલા ગ્રન્થોને કીટપતંગાદિના ભક્ષણમાંથી સમુદ્ધરણ કરવાનું કર્તવ્ય શું એઓના વંશજોનું ન હોઈ શકે? ન હોઈ શકે એમ જો કહેવામાં આવે તો આથી મહતી કૃતઘ્નતા અન્ય કયી હોઈ શકે! જે પિતામહોના વંશજ હોવાથી અસાધારણ સમૃદ્ધિ પ્રાપ્ત થઈ, તે જ પિતામહોના નામ વિસ્મરણમાં અગ્રેસર થવું એ પણ કાલની જ બલિહારી! વળી મહારાજોના પિતામહોના ગ્રન્થો સર્વથા ભગવદ્દીપક છે, તેથી તે ગ્રન્થોના મુદ્રણથી પ્રભુની નામસેવા જ થાય છે, અર્થાત્ સેવાના વિષયમાં જ પ્રાચીન ગ્રન્થનું સંરક્ષણ અન્તર્ગત છે. શ્રીગોવિંદપ્રભુએ ઉક્ત મહારાજશ્રીને પંડિત તરીકે મનાવવાને વાસ્તે કેટલાક ગ્રન્થો એઓશ્રીના નામથી યોજાવ્યા હતા. આ ગ્રન્થમાંના કેટલાક પં. ગટ્ટુલાલના પુસ્તકાલયમાં અમે જોયા છે. એ ગ્રન્થોનું પણ મુદ્રણ જ્યારે મહારાજશ્રીથી નથી થયું તો પછી અન્યની વાતો દૂર જ. પુસ્તકનું મુદ્રણકાર્ય વૈષ્ણવોનું પણ છે. મહારાજશ્રીએ ચન્દ્રમાગમાં એક હસ્તલિખિત પુસ્તકોનો સંગ્રહ કર્યો હતો, તે પણ પ્રભુની ઇચ્છાથી નષ્ટ થયો. કહેવાય છે કે 'આ મન્દિરના પુસ્તકાલયમાં પ્રાચીન મહાનુભાવીઓના નામથી કેટલાક નવા ગ્રન્થોની યોજના પંડિતોને હાથે થઈ, તેથી આચાર્યશ્રીએ શ્રીમદગ્નિસ્વરૂપે પ્રકટ થઈને એ સર્વ પાખંડપથનો પ્રલય કર્યો. વસ્તુતઃ શ્રીદિવ્યજ્ઞાનનન્દનજીની સાધનસંપત્તિ એટલી બધી છે કે મહારાજથી માત્ર વચનથી જ સર્વ ગ્રન્થોનું મુદ્રણ કરાવી શકે એમ છે, તેમ છતાં પણ મહારાજશ્રીની આવા સરલ અને મંગલ કાર્યમાં ઉદાસીનતા પ્રભુની એમને હસ્તે સેવા નહિ સ્વીકારવાના ચિન્હરૂપે ભાસતી જણાય છે. મહારાજશ્રીની સાંપ્રદાયિક જ્ઞાનના વિસ્તાર પ્રતિ એટલી બધી અરુચિ છે અને લોકો જ કહે છે કે એમના અને શ્રીબાલકૃષ્ણલાલજીના પ્રભાવથી શ્રીમદ્વૈષ્ણવપરિષદ્ જેવી સાંપ્રદાયિક જ્ઞાનપ્રસારક સભા સુરતમાં એમનાં દર્શન કર્યાં પછી, ઠરીઠામ બેઠી છે.

પંડિત ગટ્ટૂલાલના વચનમાત્રથી મહારાજશ્રીએ અને તેમના પિતાએ વિષ્ણુસ્વામિપરંપરાનો સ્વીકાર કર્યો છે. પંડિત ગટ્ટૂલાલના 'વચનમાત્રથી' જ કહેવાનું તાત્પર્ય એટલું જ છે કે અદ્યાપિપર્યન્ત સાંપ્રદાયિક પાંડિત્ય એઓશ્રીમાં છે, એમ માનવાને અનુમાનસામગ્રી મળતી નથી, એટલું જ નહિ પરન્તુ મહારાજશ્રીનાં કેટલાંક આચરણો તો સંપ્રદાયવિરુદ્ધ જ લાગે છે, આથી મહારાજશ્રીએ સ્વઅજ્ઞાનમાં પંડિત ગટ્ટૂલાલના શબ્દનો સ્વીકાર કર્યો હોય એમ લાગે છે. આવા જ કાંઈક કારણથી મહારાજશ્રી શુદ્ધ નિરુપધિ ભક્તિના સ્થાનમાં ગોપાલાદિની સકામ ઉપાસના કરે છે. આ પણ પં. ગટ્ટૂલાલના ઉપદેશનું જ પરિણામ છે. પં. ગટ્ટૂલાલનું સાંપ્રદાયિક પાંડિત્ય ન્યૂન ન હતું, તથાપિ કોણ જાણે કઈ ભીતિથી એ પંડિતે વાદિવિરોધને માટે અથવા કોઈ અન્ય કારણથી, શુદ્ધપુષ્ટિનું નિગૂહન કરીને ઉપર્યુક્ત વિષયનો પ્રચાર કર્યો. હાલ પણ વિષ્ણુસ્વામિપરંપરાનું પ્રત્યક્ષ સ્વીકરણ કરનારા મહારાજોમાં એમના ત્રણ શિષ્યો સિવાય અન્ય કોઈ નથી. શ્રીગોવર્ધનલાલ તિલકાયિત, શ્રીદેવકીનન્દનજી, અને શ્રીજીવનલાલજી આ ત્રણે ગોસ્વામીઓએ એમના પાંડિત્યથી અંજાઈને સાંપ્રદાયિક જ્ઞાનના અભાવમાં એ પરંપરાનો સ્વીકાર કર્યો હોય એમ અનુમાન થાય છે.

લોકોમાં એવી માન્યતા છે કે હવે મહારાજશ્રીએ સ્વતઃ ભાષણ નહિ કરતાં ભારત મહામંડલના સુપ્રસિદ્ધ દીનદયાલશર્મા જેવા વક્તાઓને રાખીને અનેક વ્યાખ્યાનો કરાવી વૈષ્ણવોને ઉપકૃત કર્યા છે, પરન્તુ વસ્તુતઃ એમ કરવામાં પણ મહારાજશ્રીથી સંપ્રદાયને કંઈ લાભ થયો એમ માનવું અયુક્ત લાગે છે, પ્રત્યુત એથી સંપ્રદાયને કેટલીક હાનિ થઈ છે. 'સનાતન ધર્મ'ની પદ્ધતિ પ્રમાણે મૂર્તિપૂજન શ્રાદ્ધાદિ વિષયો ઉપરિ ભાષણ અપાવ્યાં, તે પણ પુષ્ટિમાર્ગના જ્ઞાનની ઉપેક્ષામાં જ, નહિ તો મૂર્તિપૂજન ઉપરિ પુષ્ટિમાર્ગમાં વ્યાખ્યાન જ ન હોઈ શકે. મન્ત્રાધીન દેવતાની પ્રતીકોપાસના પુષ્ટિમાર્ગમાં થતી જ નથી, અને જે લોકો કરે છે તેમને એ ફલપ્રદ હોય એમ શ્રીમદ્‌ભાષ્યકારે માન્યું પણ નથી. પુષ્ટિમાર્ગમાં તો સાક્ષાદ્ ભાવગમ્ય પ્રભુના સ્વરૂપની જ સેવા થાય છે, તેની મૂર્તિની નહિ. પુષ્ટિમાર્ગમાં મૂર્તિપૂજન ન હોય, પણ સ્વરૂપસેવા જ છે. પુષ્ટિમાર્ગમાં સેવ્ય સ્વરૂપ મન્ત્રાધીન નથી, પણ ભાવગમ્ય છે. પ્રભુના સર્વવ્યાપકત્વથી જ સ્વરૂપની પૂર્ણ સેવ્યતા સિદ્ધ થાય છે.

વળી પુષ્ટિમાર્ગમાં શ્રીમદાચાર્યચરણદ્વારા પ્રભુમાં સંપૂર્ણ નિરોધ પ્રાપ્ત થવાથી લૌકિક દેહત્યાગ કર્યા પછી, શ્રીમદ્‌ગોપીજનવલ્લભની નિત્યનવલલીલામાં પ્રવેશ થાય છે. આવા જ આશયથી જ્યારે કોઈ ગોસ્વામી વા મહાનુભાવી વૈષ્ણવનો લૌકિક દેહપાત થાય છે ત્યારે 'ગોકુલનિવાસ કર્યો' એમ પારિભાષિક શબ્દો ઉચ્ચારાય છે. શ્રાદ્ધ તો પિતૃલોકમાં વસતા પ્રેતના આત્માની શાન્તિને વાસ્તે છે, પણ જ્યારે શુદ્ધપુષ્ટિમાર્ગમાં લૌકિક દેહત્યાગ પછી (અને પહેલાં પણ) નિત્યભગવલ્લીલામધ્યપાત થાય તો પછી અમન્દ આનન્દ અનુભવનારને કર્મજન્ય દુઃખની સંભાવના જ નથી, તો પછી શાન્તિ વા શમનની અપેક્ષા પણ શા હોઈ શકે! વસ્તુતઃ પુષ્ટિમાર્ગનું આવું સત્ય સ્વરૂપ માત્ર શ્રીગોકુલનાથજી જ સમજ્યા હતા, અને એમના પ્રસાદથી જ એમના વૈષ્ણવો અને શિષ્યોએ એનો કંઈક અનુભવ કર્યો છે. મહારાજોમાં જે શ્રાદ્ધાદિ થાય છે તે પણ એક લોકરૂઢિ જ સમજવી, બાકી ઉપર્યુક્ત દૃષ્ટિથી તો શ્રાદ્ધાદિ નિરર્થક લાગે છે. અદ્યાપિ પર્યન્ત શ્રાદ્ધાદિ જે પુષ્ટિમાર્ગમાં થાય છે તે પણ લૌકિક રીતિથી લોકસંગ્રહાર્થે જ થાય છે, બાકી શુદ્ધપુષ્ટિમાં આવા વિડંબનની કંઈ પણ અપેક્ષા હોય એ અસંભવિત છે. શુદ્ધપુષ્ટિમાં તો સર્વ ભાવો પ્રભુમાં જ શોભે, અને તે સિવાય જે અન્ય થાય તે તો કંધરાગ્રાધસ્તી અન્યાશ્રય જ.

વસ્તુસ્થિતિ આ પ્રકારે હોવાથી આવા વિષયો ઉપરિ વ્યાખ્યાનો થાય એ તો વૈષ્ણવોને એમની પ્રાચીન પ્રણાલિકામાંથી પ્રચ્યુત કરવા સિવાય અન્ય કંઇ ફલ સાધી શકે એમ લાગતું નથી. આવા વિષયો ઉપરિ વ્યાખ્યાનો મહારાજશ્રીએ નિજ પ્રતિભાર્થ ભલે કરાવે, પણ લોકોના મનમાં એવું ન ઠસવા દેવું જોઇએ કે એવાં કર્મમાર્ગીય વ્યાખ્યાનોને પુષ્ટિમાર્ગ સહ સંબંધ છે, અથવા તો પુષ્ટિમાર્ગ સનાતન ધર્મનો અન્તર્ગત એક ફાંટો છે. પુષ્ટિમાર્ગ તો પ્રભુના જેવો વિરુદ્ધધર્માશ્રય છે. વિશાલમાં વિશાલ હોવા છતાં સંકુચિતમાં સંકુચિત છે. પ્રભુમાં અત્યન્ત નિરોધવાળો દેવ, દાનવ, મનુષ્ય, પશુ, ચેતન, જડ, કોઇ પણ અધિકારી છે, જ્યારે નિરોધશૂન્ય વે. શા. સં. યથાર્થ બ્રાહ્મણ હોય કે મહા સામર્થ્યવાન્ દેવ હોય, ગમે તે હોય, પરન્તુ તે સર્વથા અનધિકારી છે.

મહારાજશ્રી અન્ય સંપ્રદાયના પંડિતના વ્યાખ્યાનમાં પ્રતિષ્ઠાથી અવશ્ય પધારે છે, પરન્તુ જ્યારે એઓશ્રીના કનિષ્ઠ ભાઈ કામવનવાલા શ્રીગોપાલલાલજીએ એમને નિમન્ત્રણ આપ્યું, ત્યારે અસ્પર્શના અંતરાયથી ત્યાં આવેલા છતાં દ્વારમાંથી જ એઓશ્રી પાછા ફર્યા ! આવા વર્તનથી એમના ભાઈને પરમ ખેદ થયો અને સ્વાભાવિક રીતે એઓશ્રીના મુખમાંથી એમ નિકળ્યું કે 'વહુજીઓ સાથે નરકમાં જતા હશે ત્યાં પણ અસ્પર્શમાં રહેતા હશે ?'

મહારાજશ્રીને વળી આચાર્યપદ ધારણ કરવાનો બહુ શોખ છે. સ્વનામ સાથે સ્વતઃ આચાર્યની પદવી ધારણ કરનાર આચાર્યવંશજ તરીકે એઓશ્રી પ્રથમ જ છે. સ્વનામસહ આચાર્યપદ યોજવામાં વિશેષ શું લાભ હશે તે તો મહારાજશ્રી જાણે. અમને તો વૃથા આડંબર સિવાય અન્ય કંઇ લાગતું નથી, એટલું જ નહિ, પરન્તુ એથી એમનું શ્રીઆચાર્યજી મહાપ્રભુજી તરફ ભક્તિરાહિત્ય સૂચવાય છે. શ્રીમદાચાર્યજી પછી એમના સર્વ વંશજોએ સ્વતઃ આચાર્યપદ ધારણ નહિ કરતાં પ્રભુપદ અંગીકાર કરેલું, એનું કારણ એમ નથી કે તે વંશજોમાં શ્રીમાન્ દેવકીનન્દનજીથી આચાર્યપદ ધારણ કરવાની યોગ્યતા કોઇ પણ પ્રકારે ન્યૂન હોય, પરન્તુ શ્રીમહાપ્રભુજીનું 'ન ભૂતો ન ભવિષ્યતિ' અદ્વિતીયત્વ દર્શાવવાને આચાર્યશબ્દ તો કેવલ શ્રીમહાપ્રભુજીમાં જ રૂઢ કર્યો, અને યદ્યપિ શ્રીગુસાંઈજીની યોગ્યતા શ્રીમહાપ્રભુજીથી કોઈ પણ પ્રકારે ન્યૂન ન હતી, તથાપિ એઓશ્રીને માટે પણ આચાર્યપદ નહિ ધરતાં શ્રીમત્પ્રભુચરણપદ જ થયું. અતઃ સાંપ્રદાયિક ગ્રન્થોમાં શ્રીમહાપ્રભુજી 'આચાર્યાઃ' અને શ્રીગોપીનાથજી અને શ્રીગુસાંઈજી 'પ્રભુચરણાઃ' એમ વિશેષ સંજ્ઞાથી પ્રાયઃ ઓળખાય છે. એઓશ્રીઓના પછી શ્રીમાન્ હરિરાયચરણે, અને દશદિગન્તવિજયી શ્રીપુરુષોત્તમજીએ પણ વારંવાર શ્રીમદાચાર્યજી, શ્રીપ્રભુચરણ, અને શ્રીઠાકુરજીના દાસ્યની જ અભિલાષાપૂર્વક પ્રાર્થના કરેલી છે. જો કે વૈષ્ણવોના સર્વ આચાર્યવંશજો તો આચાર્ય જ છે, અને સર્વથા એ આચાર્યસંજ્ઞાથી વૈષ્ણવો મહારાજોને વ્યવહારે તો તે અનુચિત તો નથી જ, તથાપિ મહારાજોએ પોતે તો સ્વસ્વરૂપનો વિચાર કરતાં આ દાસ્યધર્મક સંપ્રદાયમાં શ્રીમદ્ગોપીજનવલ્લભના કમનીય દાસ્ય વિના અન્યની ઇચ્છા રાખવી એ એક મહામોહ જ સમજવો. વળી પ્રાચીન પદ્ધતિ એવી છે કે પ્રસ્થાનચતુષ્ટય પર ભાષ્ય કરનાર જ આચાર્ય પદાભિરૂઢ વાસ્તવિક રીતે થઈ શકે, અને શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઈજી પછી એમના કોઇ પણ વંશજે એવું નહિ કરવાથી આચાર્યપદ યોગ્યતાથી ગ્રહણ કરી શકાય નહિ, તથાપિ જો કોઇ ગ્રહણ કરે તો દક્ષિણમાં જેમ પંડિત 'આચાર્ય' બની જાય છે તેમ બનવા જેવું થાય છે. આવું આચાર્યપદ ધારણ કરવામાં કંઇ વિશેષ હોય એમ અમને તો લાગતું નથી, પછી તો મહારાજશ્રી સ્વતઃ જાણે.

॥ मार्गस्वरूपनिर्णयः ॥

तथा सम्वन्धिभिः कृत्वा सर्ववस्तु समर्पयेत् ॥
स्वानन्यतानुसम्वन्धाभासो वाधक इष्यते ॥ १० ॥

શ્લોકાર્થ.—પૂર્વોક્ત પ્રકારવડે સ્વસંબંધિદ્વારા પોતાની સર્વ વસ્તુ પ્રભુને સમર્પવી. બ્રહ્મસંબંધ દ્વારા પોતાને અનન્ય પ્રભુમાં સંબંધ જે પ્રાપ્ત થયો છે, તેનું વિસ્મરણ થવું તે અત્ર મહાન્ બાધક પુષ્ટિમાર્ગમાં મનાય છે.

ભાવાર્થ.—આ ભાવાત્મકમાર્ગમાં પ્રભુને સર્વવસ્તુનું સમર્પણ એટલે સર્વ દેહ પ્રાણાદિક તથા લૌકિક પારલૌકિક સર્વે ભગવદર્થે જ છે, એ વિભાવના કરીને પોતાના દેહેંદ્રિયપ્રાણાંતઃકરણાદિને સાક્ષાત્ પ્રભુનો સંબંધ કરાવવો, એ સમર્પણ શબ્દનું તાત્પર્ય છે. સમર્પણ વ્યુત્પત્તિ **सम्यक् प्रकारेण अर्पणम् समर्पणम्.** અર્થ—સારી રીતે યાવત્ જીવ, પ્રભુના સંબંધ સિવાય અન્યત્ર કોઈ પણ વસ્તુનો સંબંધ થાય નહિ, એ પ્રકારે તદીયતાનુસંધાન રહ્યું આવે તે સમર્પણ કહેવાય. અર્થાત્ પ્રભુ સંબંધ સિવાય અન્યત્ર કોઈ પણ વસ્તુનો તથા દેહેંદ્રિયાદિકનો વિનિયોગ જીવન પર્યંત ન થવો, તે સમર્પણ કહેવાય. કારણ કે સારી રીતે અર્પણ કર્યું ત્યારે કહેવાય. પ્રભુવ્યતિરિક્ત અન્યત્ર કોઈ પણ પદાર્થ તથા દેહેંદ્રિયાદિકનો વિનિયોગ ન થાય ત્યારે જ સમર્પણ કહેવાય. પોતામાં અનન્યતા એટલે હું સર્વથા પ્રભુનો જ છું, પ્રભુ સિવાય સર્વે પરધર્મ છે, એવી અવ્યભિચારિણી ભક્તિનું વિસ્મરણ થવું તે આ પુષ્ટિમાર્ગમાં મહદ્બાધક છે. માટે જ સર્વ ધર્મત્યાગપૂર્વક સચ્ચિદાનંદ પૂર્ણસ્વરૂપ શ્રીકૃષ્ણમાં જ અનન્ય, અવ્યભિચારિણી પરાભક્તિ કરવી, એ અત્ર ધ્વનિતાર્થ નિષ્પન્ન થાય છે.

यथा सम्वन्धिभिः साकं स्वपातिव्रत्यरक्षणम् ॥
तथात्र ब्रह्मसम्वन्धचिन्तनं तादृशैर्जनैः ॥ ११ ॥

શ્લોકાર્થ.—જેમ પતિવ્રતા સ્ત્રીએ પોતાના સંબંધીઓની સાથે રહીને પોતાના પાતિવ્રત્યનું રક્ષણ કરવું, તેમ જ અત્ર પુષ્ટિમાર્ગમાં તાદૃશીય ભગવદીયોની સાથે રહીને બ્રહ્મસંબંધનું ચિંતન કરવું.

ભાવાર્થ.—અત્ર શ્રીમદાચાર્યના વાક્યનું સંસ્મરણ કરવું. **निवेदनं तु स्मर्तव्यं सर्वथा तादृशैर्जनैः** સ્વધર્મ રક્ષણાર્થ તાદૃશીય જનની સાથે નિવેદનનો વિચાર કરવો. અર્થાત્ નિવેદનમંત્રદ્વારા સર્વ દેહેંદ્રિયાદિકનો પ્રભુમાં વિનિયોગ થયો છે, તેમાંથી કઈ કઈ ઇંદ્રિયો પ્રભુમાં નથી લાગી, તેનો વિચાર ભગવદીય પાસેથી કરી પ્રભુપરાયણ કરવી. બ્રહ્મસંબંધચિંતનનું એટલે અનંત પરિવત્સરથી જીવ પ્રભુ પાસેથી વ્યુચ્ચરણ પામ્યો છે, તન્નિમિત્ત તાપક્લેશની આવશ્યકતા છે, જે ભક્તિમાર્ગમાં ભગવદ્વિરહજન્ય તાપ તથા ભગવદ્દર્શનાર્થ ક્લેશ અને સંગમપ્રાપ્તિક આનંદની આવશ્યકતા છે. પુષ્ટિમાર્ગમાં તાપ, ક્લેશ અને આનંદ એ ત્રણે ફલાત્મક છે. તે ત્રણેને અહિં આવીને અહંતામમતાત્મક સંસારમાં પડવાથી જીવ ભુલાવી બેઠા છે, માટે શ્રીમદાચાર્યના કૃપાપાત્ર તાદૃશીય ભગવદીયની સંગતિ કરીને તે તાપાદિકની ઉપલબ્ધિ કરવી ઉપયુક્ત છે. પતિવ્રતા સ્ત્રી જેમ પોતાના આત્માને અન્યના સંપર્કથી બચાવે છે, અને સ્વપતિના સંબંધિ પાસે જ પાતિવ્રત્ય જાળવવા પતિની ગેરહાજરીમાં રહે છે, તેમ પુષ્ટિમાર્ગીય ભગવદીઓએ પણ પ્રભુના સાનુભાવ પદમાં પ્રભુથી વિમુખ વિજાતીય અન્યમાર્ગીય જીવોથી અને અન્યાશ્રયથી બચીને રહેવું, અને ભગવદીયોનો સાક્ષાત્ અંતર થયા પછી **न बिभेति कुतश्चन** એ ઉપનિષદ્વાક્યથી ભયાભાવ જ તેને થઈ રહે છે. આવા વિરલ ભગવદીયને પ્રચ્યુતિ કરનાર કામાદિક પણ થઈ શકતા નથી, તો અન્યનું તો સામર્થ્ય ક્યાંથી? અપેક્ષા ઇતિ ' માટે સાંપ્રતકાલમાં આધુનિક વૈષ્ણવોએ તો તાદૃશીય વૈષ્ણવની સાથે મળી નિવેદનનું જે અન્ય થાય તે તો કર્ત. એમ નિષ્પન્ન થયું. અન્યથા અનન્યતાના ભંગનો પ્રસંગ થવા સંભવ છે.

॥ દાખલો અત્રે આપ્યો છે.

વેદને અનિત્ય અને મિથ્યા માનનાર વૈદિક કહેવાય કે ?

(૩)

'[1]ગુજરાતી પંચ'ના તા. ૧૧-૪-૦૫ના અંકમાં મિ. ત્રિવેદીના સર્વ પ્રશ્નના ઉત્તર આપી ગયા છે, અને 'તટસ્થ' વિવેચક વાચકો તો તેથી સત્યાસત્યનિર્ણય પણ કરી જ લીધો છે, તથાપિ 'સાર્વજનિક વૈમનસ્યનો આડમ્બર કરનાર જ્ઞાનલવદુર્વિદગ્ધ મિ.ત્રિવેદીએ તા. ૧૮-૪-૦૫ના અંકમાં કેટલાક નિર્લજ્જ દુષ્પ્રલાપ કર્યા છે, તેના ઉપશમાર્થે યત્કિંચિત્ લખવામાં આવે તો તે ક્ષન્તવ્ય ગણાશે.

તા. ૪-૪-૦૫ના અંકમાં વેદનું અનિત્યત્વ અને તા. ૧૮-૪-૦૫ના અંકમાં વેદનું મિથ્યાત્વ મિ.ત્રિવેદી અંગીકાર કરી ચુક્યા છે. વેદને અનિત્ય અને મિથ્યા માને તે અવૈદિક, શંકરજી અને તેના અનુયાયી વેદને અનિત્ય અને મિથ્યા માને છે, તેથી શંકરજી અને તેના અનુયાયી અવૈદિક છે, એમ શુદ્ધ નિર્દુષ્ટ અનુમાનથી સિદ્ધ થઈ રહે છે, એટલે નિગ્રહસ્થાનમાં મિ.ત્રિવેદી સપડાઈ ગયા છે એમ સર્વે બુદ્ધિમાન્ પુરુષની પ્રતીતિ થઈ ચુકી છે.

શ્રીમદ્વલ્લભાચાર્યજીના 'બાલબોધ' અને 'પુષ્ટિપ્રવાહમર્યાદાભેદ' ગ્રંથમાં પણ કુતર્કથી જે આશંકા મિ.ત્રિવેદીએ કરી હતી તેનું પણ યથાર્થ યોગ્ય ઉત્તર આપીને વૈદિક મોક્ષનું પણ ભાન કરાવીને [illegible] વેદકાલીન પુષ્ટિમાર્ગ અત્યંત વૈદિક હોવાથી વેદનો પણ આધાર છે એમ સિદ્ધ કરી આપ્યું છે. પ્રશ્નોત્તરકાર્ય સમાપ્ત થઈ ગયું, સત્યાસત્યનિર્ણય વાચકો કરી લીધો, તથાપિ [illegible] ત્રિવેદીજીની કુટિલતાનું પણ સહજ નિદર્શન કરાવે જ મિ.ત્રિવેદીને પોતાને પિષ્ટપેષણ કરવું પડ્યું છે.

શ્રીમદ્વલ્લભાચાર્યજીના અનુયાયીને અતિતુચ્છ [illegible] અને વૈદિક બ્રહ્માનંદની પણ અપેક્ષા નથી, કારણ કે તેમને સર્વાન્તર સ્વરૂપાનન્દનો અધિકાર છે, એમ પુનઃ પુનઃ અર્થવિક્ષિપ્ત મિ.ત્રિવેદીને સંસ્મરણ કરાવવું પડે છે. 'બાલબોધ' આદિ ગ્રંથ 'પ્રકરણગ્રન્થ' કહેવાય છે એ શ્રવણ કરીને મિ.ત્રિવેદીના ઉદરમાં નવીન શૂલ થઈ આવ્યું છે, તેથી અત્ર 'પ્રકરણગ્રન્થ'નો અર્થ સ્પષ્ટ કરીએ છીએ. **'सिद्धान्तस्य तदेकदेशस्य वा प्रतिपादकः शास्त्रीयोऽल्पग्रन्थः प्रकरणम्'** 'સિદ્ધાન્તને અથવા સિદ્ધાન્તના અમુક અંશને પ્રતિપાદન કરનાર શાસ્ત્રીય અલ્પગ્રન્થ' શાંકર મતમાં પણ 'પ્રકરણગ્રંથ' કહેવાય છે. પ્રકરણગ્રન્થ શાસ્ત્રીય છતાં અલ્પ હોવાથી, સમાધિવિરહી બાલકને તેના અર્થજ્ઞાનમાં સંશય થાય તો મહાગ્રન્થનું શરણ અંગીકાર કરવું પડે છે. વૈદિકમોક્ષના મિ.ત્રિવેદીએ કરેલા દુરર્થનું ખંડખંડન કરીને શુદ્ધ અર્થ પણ આપવામાં આવ્યો છે, તથાપિ અપસ્મારગ્રસ્ત મિ.ત્રિવેદીને સર્વે વિપરીત જ જ્ઞાન થાય, એમાં આશ્ચર્ય નથી. મિ.ત્રિવેદીના પ્રત્યેક દુરર્થનો પ્રતિષેધ કરવામાં આવ્યો છે, તેથી **'अप्रतिषिद्धमनुमितम्'** નહિ પણ **'अप्रतिषिद्धमनुमतम्'** ન્યાયનો અત્ર અવકાશ જ નથી. શ્રીમદ્વલ્લભાચાર્ય તો શું પણ સ્વકીય શાંકર ભાષ્યની એક પણ પંક્તિનો અર્થ મિ.ત્રિવેદીથી થઈ શકે એમ નથી, કારણ કે તેમને સંસ્કૃત ભાષા સાથે જ પરંપરાથી વિરોધ છે. શ્રીમદ્વલ્લભાચાર્યજીમાં [illegible]નો ગંધ પણ નથી, પરંતુ ત્રિદોષગ્રસ્ત સંનિપાતપીડિત મિ.ત્રિવેદી જ [illegible] છે. **'नायमात्मा प्रवचनेन लभ्यः'** ઇત્યાદિ શ્રુતિ જ ઉપદેશે છે કે 'પરમાત્મા શાસ્ત્રવિહિત પ્રવચનાદિ સાધને કરીને લભ્ય નથી, પરંતુ વરણૈકલભ્ય છે.' પરમાત્મા અનુગ્રહૈકલભ્ય છે. **'नाहं वेदैर्न तपसा'** ઇત્યાદિ શ્રીમદ્ભગવદ્ગીતા પણ એ જ ઉપદેશનો અનુવાદ કરે છે. ભગવદનુમતનું અવલમ્બન કરનારને અવૈદિક માનતાં મિ.ત્રિવેદી **'नायमात्मा'** ઇત્યાદિ શ્રુતિ અને **'नाहं वेदैर्न तपसा'** શ્રીકૃષ્ણવાક્યની હત્યા કરવાને સન્નિપાતમાં ઉદ્યત થયા છે ।।।

---

[1] આ ખંડ 'ગુજરાતી પંચ'માં મિ.ત્રિવેદીના આક્ષેપના ઉત્તરરૂપે તા. ૨-૫-૦૫ને દિવસે પ્રસિદ્ધ થયો હતો.

॥ मार्गस्वरूपनिर्णयः ॥

तथा सम्बन्धिभिः कृत्वा सर्ववस्तु समर्पयेत् ॥
स्वानन्यतानुसम्बन्धाभावो बाधक इष्यते ॥ १० ॥

શ્લોકાર્થ.—પૂર્વોક્ત પ્રકારવડે સ્વસંબંધિદ્વારા પોતાની સર્વ વસ્તુ પ્રભુને સમર્પવી. બ્રહ્મસંબંધદ્વારા પોતાને અનન્ય પ્રભુમાં સંબંધ જે પ્રાપ્ત થયો છે, તેનું વિસ્મરણ થવું તે અત્ર મહાન્ બાધક પુષ્ટિમાર્ગમાં ગણાય છે.

ભાવાર્થ.—આ ભાવાત્મકમાર્ગમાં પ્રભુને સર્વવસ્તુનું સમર્પણ એટલે સર્વે દેહ પ્રાણાદિક તથા લૌકિક પારલૌકિક સર્વે ભગવત્સંબંધી જ છે, એ વિભાવના કરીને પોતાના દેહેંદ્રિયપ્રાણાંતઃકરણાદિકને સાક્ષાત્ પ્રભુનો સંબંધ કરાવવો, એ સમર્પણ શબ્દનું તાત્પર્ય છે. સમર્પણ વ્યુત્પત્તિ **सम्यक् प्रकारेण अर्पणम् समर्पणम्.** અર્થ—સારી રીતે યાવત્ જીવ, પ્રભુના સંબંધ સિવાય અન્યત્ર કોઈ પણ વસ્તુનો સંબંધ થાય નહિ, એ પ્રકારે તદીયતાનુસંધાન રહ્યું આવે તે સમર્પણ કહેવાય. અર્થાત્ પ્રભુ સંબંધ સિવાય અન્યત્ર કોઈ પણ વસ્તુનો તથા દેહેંદ્રિયાદિકનો વિનિયોગ જીવન પર્યંત ન થવો, તે સમર્પણ કહેવાય. કારણ કે સારી રીતે અર્પણ કર્યું ત્યારે કહેવાય. પ્રભુવ્યતિરિક્ત અન્યત્ર કોઈ પણ પદાર્થ તથા દેહેંદ્રિયાદિકનો વિનિયોગ ન થાય ત્યારે જ સમર્પણ કહેવાય. પોતામાં અનન્યતા એટલે હું સર્વથા પ્રભુનો જ છુ, પ્રભુ સિવાય સર્વે પરધર્મ છે, એવી અવ્યભિચારિણી ભક્તિનું વિસ્મરણ થવું તે આ પુષ્ટિમાર્ગમાં મહદ્બાધક છે. માટે જ સર્વ ધર્મત્યાગપૂર્વક સદાનંદ પૂર્ણસ્વરૂપ શ્રીકૃષ્ણમાં જ અનન્ય, અવ્યભિચારિણી પરા ભક્તિ કરવી, એ અત્ર ફલિતાર્થ નિષ્પન્ન થાય છે.

यथा सम्बन्धिभिः साकं स्वपातिव्रत्यरक्षणम् ॥
तथात्र ब्रह्मसम्बन्धचिन्तनं तादृशैर्जनैः ॥ ११ ॥

શ્લોકાર્થ.—જેમ પતિવ્રતા સ્ત્રીએ પોતાના સંબંધીઓની સાથે રહીને પોતાના પાતિવ્રત્યનું રક્ષણ કરવું, તેમ જ અત્ર પુષ્ટિમાર્ગમાં તાદૃશીય ભગવદીયોની સાથે રહીને બ્રહ્મસંબંધનું ચિંતન કરવું.

ભાવાર્થ.—અત્ર શ્રીમદાચાર્યના વાક્યનું સંસ્મરણ કરવું. **निवेदनं तु स्मर्तव्यं सर्वथा तादृशैर्जनैः** સ્વધર્મ રક્ષણાર્થે તાદૃશીય જનની સાથે નિવેદનનો વિચાર કરવો. અર્થાત્ નિવેદનમંત્રદ્વારા સર્વ દેહેંદ્રિયાદિકનો પ્રભુમાં વિનિયોગ થયો છે, તેમાંથી કઈ કઈ ઇંદ્રિયો પ્રભુમાં નથી લાગી, તેનો વિચાર ભગવદીય પાસેથી કરી પ્રભુપરાયણ કરવી. બ્રહ્મસંબંધચિંતનનું એટલે અનંત પરિવત્સરથી જીવ પ્રભુ પાસેથી વ્યુચ્ચરણ પામ્યો છે, તન્નિમિત્ત તાપક્લેશની આવશ્યકતા છે, જે ભક્તિમાર્ગમાં ભગવદ્વિરહજન્ય તાપ તથા ભગવદ્દર્શનાર્થે ક્લેશ અને સંગમસામયિક આનંદની આવશ્યકતા છે. પુષ્ટિમાર્ગમાં તાપ, ક્લેશ અને આનંદ એ ત્રણે ફલાત્મક છે. તે ત્રણેને છોડી આવીને અહંતામમતાત્મક સંસારમાં પડવાથી જીવ ગુમાવી બેઠો છે, માટે શ્રીમદાચાર્યના કૃપાપાત્ર તાદૃશીય ભગવદીયની સંગતિ કરીને તે તાપાદિકની ઉપલબ્ધિ કરવી ઉપપન્ન છે. પતિવ્રતા સ્ત્રી જેમ પોતાના આત્માને અન્યના સંપર્કથી બચાવે છે, અને સ્વપતિના સંબંધિ પાસે જ પાતિવ્રત્ય બચાવવા પતિની ગેરહાજરીમાં રહે છે, તેમ પુષ્ટિમાર્ગીય ભગવદીયોએ પણ પ્રભુના સાનુભાવ પહેલાં પ્રભુથી વિમુખ વિજાતીય અન્યમાર્ગીય જીવોથી અને અન્યાશ્રયથી બચીને રહેવું, અને ભગવલ્લીલાનો સાક્ષાત્ અનુભવ થયા પછી **न बिभेति कुतश्चन** એ ઉપનિષદ્વાક્યથી સ્વભાવ જ તેને થઈ રહે છે. આવા વિરલ ભગવદીયને પ્રચ્યુતિ કરનાર કાલાદિક પણ થઈ શકતા નથી, તો અન્યનું તો સામર્થ્ય ક્યાંથી અપેક્ષા હોય? માટે સાંપ્રતકાલમાં આધુનિક વૈષ્ણવોએ તો તાદૃશીય વૈષ્ણવની સાથે મળી નિવેદનનું જે સ્મરણ થાય તે તો કર્તવ્ય એમ નિષ્પન્ન થયું. અન્યથા અનન્યતાના ભંગનો પ્રસંગ થવા સંભવ છે.

રો દાખલો અત્રે આપ્યો છે.

વેદને અનિત્ય અને મિથ્યા માનનાર વૈદિક કહેવાય કે ?

(૩)

'[1]ગુજરાતી પંચ'ના તા. ૧૧-૪-૦૯ના અંકમાં મિ. ત્રિવેદીના સર્વે પ્રશ્નના ઉત્તર આપી ગયા છે, અને 'તટસ્થ' વિવેચક વાચકો એ તેથી સત્યાસત્યનિર્ણય પણ કરી જ લીધો છે, તથાપિ 'સાર્વજનિક ધામનસ્યનો આડંબર કરનાર જ્ઞાનલવદુર્વિદગ્ધ મિ. ત્રિવેદીએ તા. ૧૮-૪-૦૯ના અંકમાં કેટલાક નિર્લજ્જ દુષ્પ્રલાપ કર્યો છે, તેના ઉપશમાર્થે યત્કિંચિત્ લખવામાં આવે તો તે ક્ષન્તવ્ય ગણશે.

તા. ૪-૪-૦૯ના અંકમાં વેદનું અનિત્યત્વ અને તા. ૧૮-૪-૦૯ના અંકમાં વેદનું મિથ્યાત્વ મિ. ત્રિવેદી અંગીકાર કરી ચુક્યા છે. વેદને અનિત્ય અને મિથ્યા માને તે અવૈદિક, શંકરજી અને તેના અનુયાયી વેદને અનિત્ય અને મિથ્યા માને છે, તેથી શંકરજી અને તેના અનુયાયી અવૈદિક છે, એમ શુદ્ધ નિર્દુષ્ટ અનુમાનથી સિદ્ધ થઈ રહે છે, એટલે નિગ્રહસ્થાનમાં મિ. ત્રિવેદી સપડાઈ ગયા છે એમ સર્વે ચક્ષુષ્માન્ પુરુષની પ્રતીતિ થઈ ચુકી છે

શ્રીમદ્વલ્લભાચાર્યજીના 'બાલબોધ' અને 'પુષ્ટિપ્રવાહમર્યાદાભેદ' ગ્રંથમાં પણ કુતર્કથી જે આશંકા મિ. ત્રિવેદીએ કરી હતી તેનું પણ યથાર્થ યોગ્ય ઉત્તર આપીને વૈદિક મોક્ષનું પણ ભાન કરાવીને, લોકાતીત વેદાતીત પુષ્ટિમાર્ગ અત્યંત વૈદિક હોવાથી વેદનો પણ આધાર છે એમ સિદ્ધ કરી આપ્યું છે. પ્રશ્નોત્તરકાર્ય સમાપ્ત થઈ ગયું, સત્યાસત્યનિર્ણય વાચક કરી લીધો, તથાપિ કપટ્યવચ્છિન્નાન્તર ત્રિવેદિજીની કુટિલતાનું પણ સહજ નિદર્શન કરાવવાને જ મિ. ત્રિવેદીને પોતાને પિષ્ટપેષણ કરવું પડ્યું છે.

શ્રીમદ્વલ્લભાચાર્યજીના અનુયાયીને અનિત્યતુચ્છ વિષયાનંદ અને વૈદિક બ્રહ્માનંદની પણ અપેક્ષા નથી, કારણ કે તેમને સર્વાન્તર સ્વરૂપાનન્દનો અધિકાર છે, એમ પુનઃ પુનઃ અર્થવિક્ષિપ્ત મિ. ત્રિવેદીને સંસ્મરણ કરાવવું પડે છે. 'બાલબોધ' આદિ ગ્રંથ 'પ્રકરણગ્રન્થ' કહેવાય છે એ ગ્રહણ કરીને મિ. ત્રિવેદીના ઉત્તરમાં નવીન શૂલ થઈ આવ્યું છે, તેથી અત્ર 'પ્રકરણગ્રન્થ'નો અર્થ સ્પષ્ટ કરીએ છીએ. **'सिद्धान्तस्य सर्वैकदेशस्य वा प्रतिपादकः शास्त्रीयोऽल्पग्रन्थः प्रकरणम्'** 'સિદ્ધાન્તને અથવા સિદ્ધાન્તના અમુક અંશને પ્રતિપાદન કરનાર શાસ્ત્રીય અલ્પગ્રન્થ' શાંકર મતમાં પણ 'પ્રકરણગ્રંથ' કહેવાય છે. પ્રકરણગ્રન્થ શાસ્ત્રીય છતાં અલ્પ હોવાથી, સમાધિવિરહી ભાષાને તેના અર્થજ્ઞાનમાં સંશય થાય તો મહાગ્રન્થનું શરણ અંગીકાર કરવું પડે છે. વૈદિકમોક્ષના મિ. ત્રિવેદીએ કરેલા દુરર્થનું ખંડખંડન કરીને શુદ્ધ અર્થ પણ આપવામાં આવ્યો છે, તથાપિ અપસ્મારગ્રસ્ત મિ. ત્રિવેદીને સર્વ વિપરીત જ જ્ઞાન થાય, એમાં આશ્ચર્ય નથી. મિ. ત્રિવેદીના પ્રત્યેક દુરુક્તનો પ્રતિષેધ કરવામાં આવ્યો છે, તેથી '**अप्रतिषिद्धमनुमितम्**' નહિ પણ '**अप्रतिषिद्धमनुमतम्**' ન્યાયનો અત્ર અવકાશ જ નથી. શ્રીમદ્વલ્લભાચાર્ય તો શું પણ સ્વકીય શાંકર ભાષ્યની એક પણ પંક્તિનો અર્થ મિ. ત્રિવેદીથી થઈ શકે એમ નથી, કારણ કે તેમને સંસ્કૃત ભાષા સાથે જ પરંપરાથી વિરોધ છે. શ્રીમદ્વલ્લભાચાર્યજીમાં અનર્થવચનિત્વનો ગંધ પણ નથી, પરંતુ ત્રિદોષગ્રસ્ત સંનિપાતપીડિત મિ. ત્રિવેદી જ અનર્થવચની છે. '**नायमात्मा प्रवचनेन लभ्यः**' ઇત્યાદિ શ્રુતિ જ ઉપદેશે છે કે 'પરમાત્મા શાસ્ત્રવિહિત પ્રવચનાદિ સાધને કરીને લભ્ય નથી, પરંતુ વરણૈકલભ્ય છે.' પરમાત્મા અનુગ્રહૈકલભ્ય છે. '**नाहं वेदैर्न तपसा**' ઇત્યાદિ શ્રીમદ્ભગવદ્ગીતા પણ એ જ ઉપદેશનો અનુવાદ કરે છે. ભગવદનુગ્રહનું અવલમ્બન કરનારને અવૈદિક માનતા મિ. ત્રિવેદી '**नायमात्मा**' ઇત્યાદિ શ્રુતિ અને '**नाहं वेदैर्न तपसा**' શ્રીકૃષ્ણવાક્યની હત્યા કરવાને સંનિપાતમાં ઉદ્યત થયા છે!!!

---

[1] આ ખંડ 'ગુજરાતી પંચ'માં મિ. ત્રિવેદીના આક્ષેપના ઉત્તરરૂપે તા. ૨-૫-૦૯ને દિવસે પ્રસિદ્ધ થયો હતો.

ત્રિદોષગ્રસ્તને સર્વત્ર વિષયાન્તરની જ સ્ફૂર્તિ થયા કરે એ સ્વાભાવિક છે. સાવધાન વિદ્વાનને અમારા લેખમાં તેવી સ્ફૂર્તિ થતી નથી, એટલે મિ. ત્રિવેદીની ઉપેક્ષા કરવામાં આવે છે.

વેદ, શ્રીકૃષ્ણવાક્ય, બ્રહ્મસૂત્ર, અને સમાધિભાષા એ પ્રસ્થાનચતુષ્ટયને અનુસરીને લખાએલા શ્રીમદ્વલ્લભાચાર્યજીથી પ્રારંભી તેમના અદ્યાવધિ સર્વ અનુયાયીના સર્વે ગ્રન્થ શિરસાવન્દ્ય જ છે, એમાં પ્રશ્ન શું?

'માયાવાદી'નો અર્થ ફરી ચુક્યા છીએ, પિષ્ટપેષણ કરવાનું કારણ નથી. વ્યાસજી 'માયાવાદી' છે એમ અમે કહ્યું નથી. યંત્રારૂઢ સર્વ અક્ષરને માયાએ કરીને ભ્રમણ કરાવનારથી (printer થી) ક્વચિત્ તેમ થયું હોય તોએ ગુર્જરગિરાના વ્યાકરણનું અલ્પાલ્પ જ્ઞાન પણ જેને હોય તેને તે તરત સમજાય તેમ છે, છતાં મિ. ત્રિવેદી જેવા એક અક્ષિથી જ અવલોકન કરનારને પણ ભ્રાન્તિ ન થાય તેવા હેતુથી શુદ્ધિપત્ર આપેલું હતું, અને તે પણ તા. ૧૮ મીના અંકમાં સપ્તમ પત્રમાં સુમુદ્રિત જ છે. વેદ, ગીતા, બ્રહ્મસૂત્ર, અને શ્રીમદ્ભાગવત સર્વે શુદ્ધ બ્રહ્મવાદી જ છે, માયાવાદી નથી.

'**इन्द्रो मायाभिः पुरुरूप ईयते**' શ્રુતિમાં માયાવાદ નથી, પરંતુ બ્રહ્મવાદ જ છે. ઇન્દ્ર (પરમાત્મા) બુદ્ધિવૃત્તિઓએ કરીને અનેકરૂપ જણાય છે. સર્વત્ર એક જ સર્વરૂપ બ્રહ્મ વ્યાપક છે, તથાપિ બ્રહ્મની સ્ફૂર્તિ ન થતાં ભેદસ્ફૂર્તિ થાય છે તે બુદ્ધિની વૃત્તિઓને લીધે છે. અત્ર '**मायाभिः**' વડે 'અનિર્વચનીય સદસદ્વિલક્ષણ' શાંકરપારિભાષિક 'મિથ્યા માયા' સમજવાની નથી. નિઘણ્ટુ અને અનેકાર્થકોશમાં 'માયા'નો 'બુદ્ધિ' અર્થ સુપ્રસિદ્ધ જ છે. બુદ્ધિવૃત્તિઓએ કરીને પરમાત્મા અનેકરૂપ જણાય છે. આ શ્રુતિમાં '**मायाभिः**' માં બહુવચન અને '**ईयते**' એ માયાવાદીથી વિરુદ્ધ જાય છે. સર્વ બ્રહ્મ છે, તથાપિ સર્વમાં બ્રહ્મની સ્ફૂર્તિ થતી નથી અને ભેદની સ્ફૂર્તિ થાય છે, એ બુદ્ધિવૃત્તિઓનું કાર્ય છે. નામરૂપાત્મક જગત્ માયાકાર્ય નથી, પરન્તુ અહંતામમતાત્મક સંસારની ભેદસ્ફૂર્તિ માયાઓનું કાર્ય છે. માયાએ કરીને ઇન્દ્ર પુરુરૂપ 'થતો નથી', પણ માત્ર પુરુરૂપ 'દેખાય છે'. પરમાત્મા અનેકરૂપ ધારણ કરે છે તે માયાનું કાર્ય નથી, પરન્તુ ભિન્નરૂપ જણાય છે એ માયાઓનું અર્થાત્ બુદ્ધિવૃત્તિઓનું કાર્ય છે. જેની બુદ્ધિવૃત્તિઓ સ્થિર છે તેને સર્વત્ર બ્રહ્મસ્ફૂર્તિ થાય છે, અને જેની બુદ્ધિવૃત્તિઓ ભ્રાન્ત છે તેને ભેદસ્ફૂર્તિ થાય છે. ઇતર સન્દિગ્ધ શ્રુતિઓનો પણ આ પ્રકારથી અર્થ ઘટાવી લેવો. ઘટાવતાં ન આવડે તો અભિજ્ઞને પૃચ્છા કરવી, તપસ્યા કરવી, પણ શ્રુતિહત્યા કરવી નહિ. '**इन्द्रो मायाभिः**' આદિ શ્રુતિમાં પણ માયાવાદ નથી, વસ્તુતઃ શંકરજી જ માયાવાદી–મિથ્યાવાદી–મૃષાવાદી છે. શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદીની તો સદા સર્વદા જ્ઞાનભક્તિનિષ્ઠ સદાચાર્યોમાં જ અગ્ર ગણના છે.

જે અક્ષરશત્રુમાં શ્રીમદ્વલ્લભાચાર્યજીના સંસ્કૃત ગ્રન્થોનું અવલોકન કરવાનું બળ ન હોય તેવા નિર્બલ લેખુ જંતુ અત્યંત શોચનીય છે. સંસ્કૃતજ્ઞને તો શ્રીમદ્વલ્લભાચાર્યજીના આચારવિચાર નિસર્ગતઃ હસ્તંગમ થઈ પડે છે. કોમલક પુસ્તકાભ્યાસ સદૈવ ઉપેક્ષ્ય છે. ભિક્ષુક સંન્યાસપાખંડીના અધર્મોપાર્જિત અલ્પાલ્પ દ્રવ્યની ઇચ્છા સાર્વભૌમ ક્ષિતીન્દ્ર કરે એ જલ્પ નિર્મૂલ જ છે.

મિ. ત્રિવેદીને આખરે ભાન આવ્યું તો ખરું કે માધવજી અને મધ્વાચાર્ય વિભિન્ન વ્યક્તિ છે. શંકરજીના ભાષ્યાભાસથી વિરુદ્ધ શ્રીરામાનુજ, શ્રીમધ્વ, શ્રીનિમ્બાર્ક, શ્રીમદ્વલ્લભાચાર્યજી, ભિક્ષુ, અને નીલકંઠ એ સાત આચાર્યોએ ભાષ્ય પ્રકટ કર્યાં છે. એ સાતે ભાષ્યકારોએ શંકરજીના દુર્મતદ્રુમનું સમૂલોન્મૂલન કરી મૂક્યું છે. માધવજીમાં કાંઈ વિદ્યા અને શંકરજી માટે લેશ પણ અભિમાન હોય તો આ સર્વ ભાષ્યનું મનનાદિ તો દૂર રહ્યું પણ યથાવિધિ શ્રવણમાત્ર કરીને, [illegible] અવધારણા કરીને આ સર્વ ભાષ્યના પ્રત્યુત્તરરૂપ જગન્માન્ય સંસ્કૃત લેખ સિદ્ધ કરવા

બદ્ધપરિકર થવું જોઈએ, એ સૂચનાનું અમે પુનઃ સ્મરણ કરાવીએ છીએ. 'અદ્વૈતસિદ્ધિ' આદિ ગ્રંથનાં નામ ગણાવવાથી માયાવાદ વૈદિક સિદ્ધ થતો નથી. શ્રીમદ્વલ્લભાચાર્યજીના સિદ્ધાન્ત શુદ્ધાદ્વૈત સંપ્રદાયમાં 'ભાષ્ય,' 'પ્રકાશ,' 'તત્ત્વદીપનિબંધ,' 'ભાસ્કરભંગ,' 'વિદ્વન્મણ્ડન,' 'સુવર્ણસૂત્ર,' 'પ્રહસ્ત,' 'પણ્ડિતકરભિન્દિપાલ,' 'પ્રભંજન,' આદિ લક્ષાવધિ ગ્રન્થરત્નમાં માયાવાદપાખણ્ડનું ખંડખંડન કર્યું છે. સર્વતન્ત્રસ્વતંત્ર શ્રીમદ્વલ્લભાચાર્યજીના અનુયાયીઓને શ્રીરામભટ્ટાદિનો 'હવાલો' આપવો પડતો નથી.

જગતને મિથ્યા માનનારને શ્રીકૃષ્ણચંદ્રે જ શ્રીમદ્ભગવદ્ગીતાના ષોડશાધ્યાયમાં 'આસુર' કહ્યો છે. આસુર 'બ્રહ્મવાદી' હોઈ શકે નહિ; તેનો અધિકાર જ માયાવાદમાં છે. '**सर्वं खल्विदं ब्रह्म**' ઇત્યાદિશ્રુતિઉક્ત બ્રહ્મવાદનો આદર જેવો શ્રીવલ્લભાચાર્યજીએ કર્યો છે તેવો ઇતર વૈષ્ણવાચાર્ય પણ કરી શક્યા નથી, તો પામર માયાવાદીનો બ્રહ્મવાદમાં સંપ્રવેશ જ ક્યાં ! શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદી જ શુદ્ધ 'વેદાન્તી' છે.

શ્રીનાથદ્વારાદિ આદિધામના મહાપુસ્તકાલયની નિરીક્ષા તો દૂર રહી, પરન્તુ પણ્ડિત શ્રીગટ્ટુલાલજીના પુસ્તકાલયની એકાદ વાર નિરીક્ષા કરી હોય તો શ્રીમદણુભાષ્ય ઉપર કેવા કેવા શિષ્ટ વિશિષ્ટ દુર્જનવિજયી વિદ્વત્કેસરીઓએ ટીકા કરેલી છે તે સમજાય એમ છે. 'પ્રદીપ,' 'વિવરણ,' 'પ્રકાશ,' 'રશ્મિ,' ઇત્યાદિ અણુભાષ્યની ટીકાઓમાંથી 'પ્રકાશ' તો મુદ્રિત પણ છે. 'શ્રીમદણુભાષ્યપ્રકાશ' જેવો એક પણ પ્રામાણિક ગ્રન્થ શંકરજીના ભાષ્યાભાસપર મિ. ત્રિવેદી બતાવી શકશે ખરા કે ? શિષ્ટ પુરુષો બ્રહ્મવાદનો જ આદર કરે છે, માયાવાદનો આદર કરતા નથી. શંકરજીના માયાવાદને 'શિષ્ટાપરિગ્રહ' દોષ નડે છે. 'શ્રીમદણુભાષ્ય' શિષ્ટસંમત છે, અને તેથી જ 'બાલબોધ' આદિ સમસ્ત પ્રકરણગ્રંથ પણ શિરસામાન્ય છે, એટલે પુષ્ટિમાર્ગના વૈદિકત્વ વિષે બે મત નથી.

શંકરજીને 'પ્રચ્છન્નબૌદ્ધ' શ્રીશિવજીએ કયે સ્થળે કહ્યો છે એ વિષે મિ. ત્રિવેદીને જીજ્ઞાસા હોય તો 'પ્રત્યક્ષપ્રમાણશૂન્ય'નામધારી માધવજીને જ પૂછી લેવું. જ્યાં વેદ અનિત્ય અને મિથ્યા છે, ત્યાં શિવજીનાં તેવાં વચન પણ અનિત્ય અને મિથ્યા છે, એટલે 'પ્રચ્છન્નબૌદ્ધ' પણ અનિત્ય અને મિથ્યા જ છે, તેનો માયાવાદ પણ અનિત્ય અને મિથ્યા જ છે એમ મનન કરીને જીજ્ઞાસા પણ ઠંડ થઈ જવું. 'પ્રત્યક્ષપ્રમાણશૂન્ય'નામધારીથી તેવાં વાક્ય નહિ બતાવાય તો પછી અમે પ્રસિદ્ધિમાં બતાવીશું.

વસ્તુતઃ શંકરજી વેદને અનિત્ય અને મિથ્યા માને છે તેથી શંકરજી અવૈદિક છે એમ મિ. ત્રિવેદીનો આંતર નિશ્ચય થઈ જ ગયો છે, એટલે સ્વેચ્છાથી જ નિગ્રહસ્થાનમાં આવી પડ્યા છે. હવે માધવજીને સારુ લગાડવા આકાશપાતાળ અને અપ્રસ્તુત પ્રસંગ ન કરતાં, શંકરજીને પ્રસિદ્ધિમાં 'અવૈદિક' અંગીકાર કરવામાં જ ભૂષણ છે. વાદિપ્રતિવાદીના જયપરાજયનો વિનિર્ણય કરવાનું કામ વિવેચક સમીક્ષકોનું છે. શંકરજી વેદને અનિત્ય અને મિથ્યા માને છે, એમ મિ. ત્રિવેદી સ્પષ્ટ અંગીકાર કરે છે, એટલે નિગ્રહસ્થાનનું લક્ષણ ક્યાં ઘટે છે તે વિચારી લેવું. સ્વકીય વૈદિકત્વના સમર્થનની પ્રતિજ્ઞાનો સંન્યાસ કરવો એ તો જાતિભ્રંશરૂપ સંન્યાસપાખણ્ડનું લક્ષણ જ છે. સ્વમતસમર્થનાર્થે એક પણ ઉક્તિ કે યુક્તિ ન આપતાં સાક્ષાદ્ભગવત્પ્રોક્ત પુષ્ટિમાર્ગ વિષે વિતંડા આરંભીને અપ્રસ્તુત પ્રસંગમાં પડતાં પણ નિર્લજ્જને લજ્જા ક્યાંથી હોય ! પુષ્ટિમાર્ગ '**नायमात्मा प्रवचनेन लभ्यो**' ઇત્યાદિ સહસ્રાવધિશ્રુતિસિદ્ધ હોવાથી સદૈવ વૈદિક જ છે, પરન્તુ અપસ્માર થવાથી મિ. ત્રિવેદીને ભ્રાન્તિ થાય છે.

દુરામ્નાતત્ત્વતરંગિણી ભૂમંડલના ક્યા અપ્રસિદ્ધ કોણમાં પ્રવહે છે તે જાણવાની અમને દરકાર નથી, તથાપિ જો તેનું અતિપ્રવહણ થશે તો નિયામક સાગરનો પણ પ્રાદુર્ભાવ થશે.

વેદમાં શુદ્ધ અદ્વૈત જ છે. પરમાર્થ દશામાં ભેદદૃષ્ટિનો અત્યંત અપગમ થાય છે, એટલે વિશેષતઃ જગત્માં પણ બ્રહ્મત્વ અનુભવાય છે. વેદને મિથ્યા માનનાર નાસ્તિક કહેવાય છે. સ્વમતપ્રમાણે સ્વસિદ્ધાંતને સર્વ જ 'વૈદિક' કહે, પરંતુ 'વસ્તુતઃ વૈદિક' સિદ્ધાંત કયો છે એ સમીક્ષક જાણે છે. 'નિરૂક્તિ' શબ્દ અશુદ્ધ છે, 'નિરુક્તિ' જોઈએ. સંસ્કૃત ભણો, પછી વાદ પ્રારંભો. શુદ્ધ અદ્વૈત સિદ્ધાંત વૈદિક જ છે, માયાવાદ વૈદિક નથી, તેથી શ્રીરામાનુજાદિ સાતે ભાષ્યકારોએ તેને પુનઃ પુનઃ ખંડ્યો છે. સંસ્કૃત જાણ્યા વિના પોતાનું ઘર જ તપાસાયું નથી, તેથી બ્રહ્મવાદભવનની નિરીક્ષાનો આડંબર કરતાં ઉપહાસમાં ઉપસંહાર થાય છે.

પ્રસ્તુત પ્રસંગ 'વેદને અનિત્ય અને મિથ્યા માનનાર વૈદિક કહેવાય કે!' એ પ્રશ્નનો નિર્ણય કરવાનો છે. 'વેદને અનિત્ય અને મિથ્યા માનનાર પણ વૈદિક કહેવાય' એમ સિદ્ધ કરી આપો, એટલે નિગ્રહસ્થાન, પ્રતિજ્ઞાહાનિ અને અપ્રસ્તુત પ્રસંગમાંથી મુક્તિ આપીશું. તે સામર્થ્ય ન હોય તો માધવજીનો હરસ્મરણ કરીને ઉદરપોષણમાત્ર કર્યા કરો, શાસ્ત્રચર્ચા કઠિન છે.

'બાલબોધ' અને 'પુષ્ટિપ્રવાહમર્યાદાભેદ' ગ્રંથ વિષે મિ.ત્રિવેદીએ પ્રશ્ન કર્યો તેનું શાસ્ત્રીય સપ્રમાણ સુસ્પષ્ટ ઉત્તર અમે આપી ચુક્યા છીએ. હવે શાંકર મત વૈદિક છે એ જ મિ.ત્રિવેદીએ નવરાસ કાઢીને સિદ્ધ કરવાનું છે. શંકરજી ફરીથી અવતરે તોએ શાંકર મત વૈદિક છે એમ હવે કોઈ પ્રેક્ષાવાન્ અંગીકાર કરે એમ રહ્યું નથી.

પુષ્ટિમાર્ગમાં લોક અને વેદની અપેક્ષા નથી, લોક અને વેદનો ભય પણ નથી. પુષ્ટિમાર્ગમાં લોકના, વેદના અને સર્વના નિયામક પરમાત્માની જ અપેક્ષા છે, એટલે તેમાં લોક અને વેદની પૃથક્ અપેક્ષા ન જ હોય. છાંદોગ્યમાં નવમ પ્રપાઠકમાં નારદ અને સનત્કુમાર ભક્તના ભૂમવિદ્યાપ્રસંગમાં "आत्मत एवेदं सर्वम्" કહીને ભક્તને પરમાત્માની જ અપેક્ષા છે એમ સ્પષ્ટ ઉપદેશ કર્યો છે. તૈત્તિરીયોપનિષદ્માં આનંદમયસ્વરૂપપ્રસ્તાવમાં आनन्दमय સ્વરૂપનું પાન કરનારને કોઈનું પણ ભય નથી એમ 'यतो वाचो निवर्तन्तेऽप्राप्य मनसा सह आनन्दं ब्रह्मणो विद्वान् न बिभेति कुतश्चन' શ્રુતિ સ્વતઃ જ આજ્ઞા કરે છે. લૌકિક અન્નમય પ્રાણમય, અને વૈદિક મનોમય વિજ્ઞાનમય એ સર્વમાં સર્વાન્તર આનંદમય પુરુષ જ ઉત્કૃષ્ટોત્કૃષ્ટ છે. પરમકાષ્ઠાપન્ન આનંદમયના આનંદની માત્રામાત્રમાં અન્નમયાદિ લૌકિક વૈદિકની ઉપજીવિકા ચાલે છે. આનંદમય પરમાત્માની ઉપરિ કાંઈ નથી, તેથી આનંદમય પુરુષોત્તમના સ્વરૂપામૃતનું પાન કરનાર ભક્ત સ્વરૂપામૃતના ઉન્માદમાં સાધનભૂત મનોમય વેદની પણ અપેક્ષા અથવા ભીતિ ન રાખે એ પુષ્ટિમાર્ગનું પરમ ભૂષણ છે. ફલ પ્રાપ્ત થયા પછી પણ સાધનને માયાવાદિવત્ મિથ્યા માનવામાં આવતું નથી, પરંતુ બ્રહ્મરૂપ જ માનવામાં આવે છે, એવી પરમવૈદિકતા પુષ્ટિમાર્ગની છે. લોકવેદાતીત છતાં વૈદિક પુષ્ટિમાર્ગનો સર્વ ભાગમાં સર્વોત્કર્ષ સિદ્ધ કરવાનું માન શ્રીમદ્હરિરાયચરણને ઘટે છે. પરમાત્મામાં સુદૃઢ સર્વતોધિક સ્નેહ સિદ્ધ થયા પછી માહાત્મ્યજ્ઞાન પણ ગૌણ છે. વેદ, ગીતા બ્રહ્મસૂત્ર, અને શ્રીમદ્ભાગવતની યથાશ્રુત એકવાક્યતા કરતાં શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદના અવલંબનપૂર્વક પુષ્ટિમાર્ગ વિના ઇતર કાંઈ પણ સિદ્ધ કરવાની લોલુપતા કેવલ હાસ્યજનક છે. માધવજી તો શું પણ તેમના અલૌકિક ગુરુ શંકરજી પણ પુનઃ જન્મે તોએ માયાવાદ વૈદિક છે એમ આ સમીક્ષાયુગમાં સિદ્ધ થવું ગગનકુસુમસમાન છે.

मायावादकरीन्द्रदर्पदलनेनास्येन्दुराजोद्गत-
श्रीमद्भागवताख्यदुर्लभसुधावर्षेण वेदोक्तिभिः।
राधावल्लभसेवया तदुचितप्रेम्णोपदेशैरपि
श्रीमद्वल्लभनामधेयसदृशो भावी न भूतोस्त्यपि॥

(૪)

'તા. ૩ જીના 'મુંબઈ સમાચાર'માં રા.'કપડવણજકર. ત્રિવેદી'ની સહીથી જે લેખ પ્રકટ કરવામાં આવ્યો છે તેનું ઉત્તર મૈત વૈષ્ણવ રા. વાડીલાલ નગીનદાસ શાહ તરફથી તા. ૨૮-૩-૦૯ના 'ગુજરાતી પંચ'માં અને તા. ૪-૪-૦૯ના 'આર્યપ્રકાશ'માં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. તા. ૪-૪-૦૯ના 'ગુજરાતી પંચ'માં રા. ત્રિવેદી તરફથી શ્રીમદ્વલ્લભાચાર્યના સિદ્ધાન્ત વિષે કેટલાક પ્રશ્ન કરવામાં આવ્યા હતા, તેનાં પણ સંતોષકારક ઉત્તર તા. ૧૧-૪-૦૯ના 'ગુજરાતી પંચ'માં પ્રસિદ્ધ થઈ ચૂક્યાં છે, તથાપિ રા. 'તટસ્થ'ના ઉપશમનાર્થે[૧] કિંચિત્ લખવામાં આવે છે તેને આપના પત્રમાં સ્થલ આપવા કૃપા કરશો.

'તટસ્થ' પુછે છે કે 'નામદાર મુંબઈ હાઈ કોર્ટે ઠરાવેલા પ્રચ્છન્નશાક્ત અને લૌકિકમોક્ષવાદી વૈદિક શી રીતિ ઠરી શકે છે ?'

ઉત્તરમાં જણાવવું પડે છે કે હાઈ કોર્ટ આદિ ન્યાયસંસ્થાનું કામ વ્યાવહારિક ન્યાય આપવાનું છે; બ્રહ્મવાદ, માયાવાદ, પ્રકૃતિવાદ, પરમાણુવાદ ઇત્યાદિ વાદમાં કયો વાદ વૈદિક છે અને કયો વાદ વેદવિરુદ્ધ છે તે નિર્ણય કરવાનું કામ હાઈ કોર્ટ આદિ ન્યાયસંસ્થાનું નથી, અને તેથી જ શ્રીમદ્વલ્લભાચાર્યજીના વૈદિક સિદ્ધાંતને નામદાર મુંબઈ હાઈ કોર્ટે કદાપિ પ્રચ્છન્નશાક્ત અથવા લૌકિકમોક્ષવાદી કહ્યો જ નથી. શ્રીમદ્વલ્લભાચાર્યજી શુદ્ધ બ્રહ્મવાદી ભગવત્પરાયણ છે, એમ જગતીતલમાં સર્વત્ર સુવિખ્યાત જ છે.

રા.'તટસ્થ' જણાવે છે કે બૌદ્ધનો પરાજય કર્યાનું માન મેક્સમુલર આદિ પાશ્ચાત્ય પંડિતો આદિ શંકરાચાર્યને આપે છે, અને રોમેશચંદ્ર દત્ત આદિ ઇતિહાસલેખકો તે વાત કબુલ રાખે છે, વિશેષમાં રા.'તટસ્થ' સી. જે. મૈરના પુસ્તકમાંથી પોતાનો સર્વાંશે માન્ય ઉલ્લેખ પણ કરે છે.

એ સર્વ આડંબરનું ઉત્તર નીચે પ્રકારે છે. ઉલ્લેખમાંથી એમ ફલિત થાય છે કે શંકરાચાર્ય ક્રાઇસ્ટ પછી અષ્ટમ શતકમાં થયા. રા.'તટસ્થ'ના ઉલ્લેખમાં શંકરાચાર્યનો કાલ આપ્યો છે તે કાલ માધવતીર્થ આદિ શંકરમતાનુયાયીઓને જ માન્ય નથી એમ તેમના ગુરુસ્થાનમાંથી વારંવાર નીકળતી આજ્ઞાપત્રિકામાં અપાતી શંકરાબ્દસંખ્યાથી સિદ્ધ થાય છે. માધવતીર્થના મતપ્રમાણે શંકરાચાર્યને ૨૪૦૭ વર્ષ થયાં, અર્થાત્ ક્રાઇસ્ટની પૂર્વે પાંચમા શતકમાં શંકરાચાર્ય થઈ ગયા એમ માધવતીર્થના મતથી વિરુદ્ધ રા.'તટસ્થ'નો ઉલ્લેખ છે. રા.'તટસ્થ'ના ઉલ્લેખમાંથી એમ પણ ફલિત થાય છે કે શંકરાચાર્યે સ્વતઃ ચાર મઠ સ્થાપ્યા, પરન્તુ પ્રો. ધ્રુવ શુદ્ધ શાંકર છતાં આ વાત અંગીકાર કરતા નથી, એમ માધવતીર્થના કેસમાં પ્રો. ધ્રુવની જુબાની ઉપરથી સ્પષ્ટ નિશ્ચય થાય છે. રા. તટસ્થના ઉલ્લેખમાંથી એ સિદ્ધાન્ત જ્યારે માધવતીર્થ અને પ્રો. ધ્રુવ જેવા શાંકર જ અંગીકાર કરતા નથી ત્યારે તે ઉલ્લેખ કોઈ પણ રીતિ વજનદાર ગણાય નહિ. વસ્તુતઃ ભારતવર્ષના પ્રાચીન ઇતિહાસનું સર્વમાન્ય એક પણ પુસ્તક અદ્યાવધિ પ્રસિદ્ધ જ થયું નથી એ શોચનીય છે. બૌદ્ધધર્મનો સમૂલ નાશ કરવા સર્વ આસ્તિક દર્શનકારોએ સ્વસિદ્ધાન્તાનુસાર પ્રયત્ન કર્યો છે. એમ ન્યાય, વૈશેષિક, સાંખ્ય, યોગ, પૂર્વમીમાંસા અને ઉત્તરમીમાંસાનાં સૂત્રમાત્ર વાંચનારને પણ સુવિદિત જ છે. બૌદ્ધનું યથાર્થ ખંડન કરીને વૈદિક સિદ્ધાન્ત સ્થાપવાનું માન જૈમિનિના અનુયાયી કુમારિલભટ્ટ કે શ્રીમદ્વેદવ્યાસજીના અનુયાયી શંકરાચાર્યને ન આપતાં જૈમિનિને અને તેથી પણ વિશેષ ભગવાન્ વેદવ્યાસજીને જ અભિયુક્ત પુરુષો આપતા આવ્યા છે. બૌદ્ધમતના ખંડનનું માન અભિયુક્ત પુરુષો કુમારિલભટ્ટને આપતા નથી, કારણ કે યદ્યપિ કુમારિલભટ્ટ

---

[૧] 'કાઠીઆવાડ, મહીકાંઠા, રેવાકાંઠા અને 'પાલણપુર ગેઝેટ'માં મિ.'તટસ્થે' કરેલી શંકાનું ઉત્તર આ ખંડમાં આપવામાં આવ્યું છે. તે જ સાપ્તાહિકમાં તા. ૯-૫-૧૯૦૯ના અંકમાં આ વિભાગ પૂર્વે પ્રસિદ્ધ કરવામાં આવ્યો હતો.

વેદને નિત્ય અને અપૌરુષેય માને છે, તથાપિ કુમારિલભટ્ટ કેવલ કર્મવાદી છે અને તે સર્વપ્રવર્તક કર્મનિયામક ઈશ્વરનો પણ અંગીકાર કરતા નથી. એવા કર્મજડ મીમાંસક વિષે શ્રીકૃષ્ણ શ્રીમદ્ભગવદ્ગીતાના દ્વિતીયાધ્યાયમાં નીચે પ્રમાણે નિજ અભિપ્રાય આપે છે:—

यामिमां पुष्पितां वाचं प्रवदन्त्यविपश्चितः ।
वेदवादरताः पार्थ नान्यदस्तीतिवादिनः ॥
कामात्मानः स्वर्गपरा जन्मकर्मफलप्रदाम् ।
क्रियाविशेषबहुलां भोगैश्वर्यगतिं प्रति ॥
भोगैश्वर्यप्रसक्तानां तयापहृतचेतसाम् ।
व्यवसायात्मिका बुद्धिः समाधौ न विधीयते ॥

બૌદ્ધમતના ખંડનનું માન અભિયુક્ત પુરુષો શંકરાચાર્યને તો આપતા જ નથી, કારણ કે શંકરાચાર્યે તો બૌદ્ધનું ખંડન કરવાને બદલે વેદમાં પ્રવેશ કરીને બૌદ્ધમતનું મંડન કર્યું છે. શંકરાચાર્યે ઉપનિષદ્, ગીતા, અને બ્રહ્મસૂત્રનો અનર્થ કરીને સમગ્ર બ્રહ્મવાદનો ઉચ્છેદ કર્યો છે. પામર બૌદ્ધ તો વેદને જ માનતો નથી, પરન્તુ પ્રચ્છન્નબૌદ્ધ શંકરાચાર્ય તો વેદને પ્રમાણ માનવાનો ને મનાવવાનો આડંબર કરીને વેદને અનિત્ય અને મિથ્યા કહીને વેદની તિલાંજલિ કરે છે. ગૌતમબુદ્ધ સ્વતંત્ર બુદ્ધિબલે બૌદ્ધ મતનું સ્થાપન કરે છે, પરંતુ શંકરાચાર્ય તો વેદને માનવાનો અને પરમ વૈદિક આચાર્ય શ્રીમદ્વેદવ્યાસજીના બ્રહ્મસૂત્ર ઉપર ભાષ્ય લખવાનો ભગીરથ આડંબર કરીને વેદ અને વેદવ્યાસ ઉભયથી વિરુદ્ધ માયાવાદજાલ પ્રસારીને બૌદ્ધમતનું ખંડન નહિ પ્રત્યુત મંડન કરે છે. શ્રુતિમાં, ગીતામાં કે બ્રહ્મસૂત્રમાં વેદને કયે સ્થલે મિથ્યા અને અનિત્ય કહ્યો છે તે કોઈ શાંકર બતાવશે ખરો કે? શ્રુતિ ગીતા સૂત્રમાં વેદને સત્ય અને નિત્ય માન્યા છે, બ્રહ્મને આનંદાકાર માન્યું છે, જીવને અણુ અને અંશ માન્યો છે, જગત્‌ને બ્રહ્મનું સત્ય કાર્ય માન્યું છે, અને સાંખ્ય યોગ તપ વૈરાગ્ય અને ભક્તિ એ પંચ અંગ વડે અથવા સાક્ષાત્ ભગવદનુગ્રહથી પરમાત્માની પ્રાપ્તિ માની છે. આ સર્વેથી વિરુદ્ધ શંકરાચાર્ય વેદને અનિત્ય અને મિથ્યા માને છે, બ્રહ્મને કેવલ નિરાકાર માને છે, જીવને જ બ્રહ્મ કલ્પીને વ્યાપક માને છે, જગત્‌ને પરમાર્થતઃ મિથ્યા માને છે, ગુરુ સાધનસંપત્તિ સર્વને મૃષા માનીને લોકમાં વ્યામોહ કરે છે. બ્રહ્મસૂત્રના દ્વિતીયાધ્યાયના તર્કપાદમાં ૨૬મા સૂત્રમાં બૌદ્ધખંડનપ્રસ્તાવમાં શ્રીમદ્વેદવ્યાસજી આજ્ઞા કરે છે કે 'અસત્‌માંથી સત્ કાર્ય થઈ શકે નહિ,' સત્ બ્રહ્મમાંથી જ સત્ કાર્ય થઈ શકે, તથાપિ શંકરાચાર્ય સદસદ્વિલક્ષણ અસત્પર્યાય અવિદ્યાને જગત્‌નું કારણ કહે છે. ૨૬ અને ૨૭મા સૂત્રમાં શ્રીમદ્વેદવ્યાસજીએ કારણને સત્ કહ્યું છે, તેથી વિરુદ્ધ જઈને શંકરાચાર્ય કારણને અસત્ કહે છે. આગળ ૨૮મા સૂત્રમાં શ્રીમદ્વેદવ્યાસજી આજ્ઞા કરે છે કે 'કાર્ય સત્ય છે, કારણ કે કાર્યની ઉપલબ્ધિ થાય છે.' શંકરાચાર્ય આથી વિરુદ્ધ જઈને કાર્યને અસત્ માને છે. ૨૯મા સૂત્રમાં શ્રીવેદવ્યાસજી સ્પષ્ટ કહે છે કે 'આ જગત્ સ્વપ્નાદિવત્ મિથ્યા નથી, કારણ કે સ્વપ્નાદિ અને જગત્‌માં બહુ વૈધર્મ્ય છે, જગત્‌ને મિથ્યા માનતાં મોક્ષાર્થ પ્રવૃત્તિનો જ વ્યાઘાત થઈ જાય'. આ સર્વથી વિરુદ્ધ શંકરાચાર્ય જગત્‌ને અસત્ય માને છે, અને મોક્ષાર્થ પ્રવૃત્તિનો જ વ્યાઘાત કરી મૂકે છે. આવા વેદદ્રોહી, વ્યાસદ્રોહી, બ્રહ્મદ્રોહી, પ્રચ્છન્નબૌદ્ધ શંકરને બૌદ્ધમતના ખંડનનું લેશમાત્ર પણ માન ન આપતાં અભિયુક્ત વિપશ્ચિત્ પુરુષો સદાસર્વદા તે માન શ્રીમદ્વેદવ્યાસને જ આપે છે તે અત્યંત યોગ્ય છે. માન વૈષ્ણવ વેદદ્રોહ અને વેદવ્યાસદ્રોહ સહન ન કરી શકે એ ઉપપન્ન છે, કારણ કે 'मायेत्यसुराः' 'असत्यमप्रतिष्ठं ते जगदाहुरनीश्वरम्' ઇત્યાદિ વાક્યમાં પણ માયાવાદને 'આસુર' કહ્યો છે.

રા.'તટસ્થ' 'શ્રૌત-વૈષ્ણવ' શબ્દનો અર્થ અને તેમને માન્ય પ્રમાણ ગ્રંથોનાં નામ પુછે છે। 'શ્રૌત' એટલે 'વૈદિક', અને 'વૈષ્ણવ' એટલે 'બાહ્યાભ્યંતરાનંદાવિષ્ટ શ્રીકૃષ્ણનો સંબંધી.' 'શ્રૌત વૈષ્ણવ' એટલે વેદાદિસ્થિતપ્રમાણસિદ્ધ બાહ્યાભ્યંતરાનંદાવિષ્ટ શ્રીકૃષ્ણનો સંબંધી. પૂર્વ અને ઉત્તર ઉભયકાંડાત્મક વેદ, શ્રીમદ્ભગવદ્ગીતા, બ્રહ્મસૂત્ર, અને સમાધિભાષા એ પ્રસ્થાન ચતુષ્ટયને અનુકૂલ શ્રીમદાચાર્યચરણથી પ્રારંભીને અદ્યાવધિ સર્વ મતાનુયાયી અનુયાયિમાત્રના ગ્રંથો બ્રહ્મવાદમાં સર્વાંશે સમ્માન્ય છે.

वेदाः श्रीकृष्णवाक्यानि व्याससूत्राणि चैव हि ।
समाधिभाषा व्यासस्य प्रमाणं तच्चतुष्टयम् ॥ १ ॥
उत्तरं पूर्वसन्देहवारकं परिकीर्तितम् ।
अविरुद्धं तु यत्त्वस्य प्रमाणं तच्च नान्यथा ।
एतद्विरुद्धं यत्सर्वं न तन्मानं कथंचन ॥ २ ॥

પારમાર્થિક બ્રહ્મવાદમાં સાંખ્યગ્રંથ કેસ આદિ લેશમાત્ર ઉપયુક્ત થઈ શકતો નથી, તથાપિ રા.'તટસ્થ'ની તેવી જ રૂચિ હશે તો માધ્વતીર્થાદિથી વિરુદ્ધ કોઈ યોગ્ય કેસ થયા નથી, એટલે તેનું પણ રહસ્ય જનસમાજમાં મુકવાની અમને ફરજ પડશે.

जीर्णशीर्णपर्णाकीर्णविविधमतभवनमये पर्णपुरे स्वयं वसन् दूषणदहनमुज्ज्वालयन् निजभवनदाहं किं नानुसंधत्से इति चेदयि देवानांप्रिय न वेत्सि किं युक्तिकनकपंकसंघट्टितविविधनिगममहामणिविरचितं ब्रह्मवादभवनं मम ॥

'पुष्टिप्रवाहमर्यादाभेद' ગ્રન્થનું રહસ્ય રા.ત્રિવેદી સમજી શક્યા નથી એ તા. ૧૧-૪-૦૫ ના 'ગુજરાતી પંચ'માં તે તે શ્લોકના તાત્પર્યાર્થ વિસ્તારથી આપીને સિદ્ધ કર્યું છે. **पुष्टिमार्गलक्षणानि** ગ્રન્થ વિષે રા.ત્રિવેદીનો પ્રશ્ન છેક તા.૧૮-૪-૦૫ ના 'ગુજરાતી પંચ'માં આવ્યો છે, તથાપિ તેનું પણ સ્પષ્ટ ઉત્તર શ્રૌત વૈષ્ણવે ક્યારનું પણ વિસ્તારથી મોકલી આપ્યું છે.

માધ્વતીર્થે કયી ચોપડી ભૂમંડલના કયા ખૂણામાં છપાવી પ્રસિદ્ધ કરી છે તે જાણવાની અમને દરકાર નથી. માધ્વતીર્થને સંપ્રદાયની સમીક્ષા કરવાની આકાંક્ષા હોય તો તેણે તે ચોપડી શ્રીનાથદ્વાર, શ્રીરંગ, શ્રીત્રિપદી, શ્રીઉડુપી આદિ ધામમાં વિરાજમાન સર્વ વૈષ્ણવાચાર્યોને મોકલી આપવી, જેથી તેનું યથાર્થ ઉત્તર મળે. મત્સરરહિત લાજ કરીને સાક્ષાત્ વૈષ્ણવાચાર્યોની સન્મુખ થવાનું માધ્વતીર્થમાં વીર્ય ન હોય તો તે તે સંપ્રદાયના પ્રસિદ્ધ શાસ્ત્રીઓને તે ચોપડી મોકલી આપવાથી પણ પરાઙ્મુખ માધ્વતીર્થને ન્યાય મળ્યા વિના રહેશે નહિ. ન્યાય માગનારે કદાપિ અધીર થવું નહિ.

શંકરાચાર્યના ભાષ્યથી વિરુદ્ધ શ્રીરામાનુજ, શ્રીમધ્વ, શ્રીનિમ્બાર્ક, શ્રીવલ્લભ, શ્રીભાસ્કર, ભિક્ષુ, અને નીલકંઠ એ સાતે ભાષ્યકારોએ સ્વસ્વસિદ્ધાન્તાનુસાર ભાષ્ય રચ્યાં છે. એ સાતે ભાષ્યકારો પરસ્પર પણ શાંકરમતોન્મૂલન કરવામાં અતીવ નિપુણ છે, એટલે કોઈ પણ આચાર્યને બીજા આચાર્યની 'ઓથ' લેવાની જરૂર નથી, એટલું જ નહિ પણ જેવું માયાવાદકરીન્દ્રદર્પદલન શ્રીમદ્વલ્લભાચાર્યચરણે શ્રીમદણુભાષ્યાદિગ્રન્થપંજરે કરીને કર્યું છે તેવું બીજા કોઈ પણ આચાર્યથી થવું કઠિન છે એમ સાભિમાન કહીને પ્રમોદ પામીએ છીએ.

તા.૮-૪-૦૫ ના 'દેશી મિત્ર'માં આપેલી વાત નિર્મૂલ છે, કારણ કે પ્રામાણિક ગ્રંથોથી તે વિરુદ્ધ છે. શ્રીવિષ્ણુસ્વામીના સગુણ ભક્તિસંપ્રદાયથી શ્રીમદ્વલ્લભાચાર્યજીનો ગુણાતીત ભક્તિસંપ્રદાય વિભિન્ન છે. શ્રીમદ્વલ્લભાચાર્યજીને 'ગાદી' જ ન હતી, કે, પરમંશ ભ્રમ. શ્રીકૃષ્ણદાસ શૂદ્ર ન હતા, પરંતુ દ્વિજ

હતા. શંકરાચાર્યના સંપ્રદાયમાં કલ્પિત શિષ્યપરંપરા છે. તેથી પતભ્રંશ સંભવે પણ ખરો, પરંતુ શ્રીમદ્‌વલ્લભાચાર્યજીના સંપ્રદાયમાં તો વૈદિક પુત્રપરંપરા છે, તેથી પતભ્રંશ સંભવતો જ નથી. શ્રીગોકુલનાથજીની અનન્ય ભક્તિથી જહાંગીર સદાસર્વદા પ્રસન્ન જ રહેતો એટલું જ નહિ પણ પેલા પાખંડિશિરોમણિ દાશનેશ્વતાર ચિદ્રૂપનો અંતે માલવિધ્વંસ જ થયો, એ મોગલવંશના ઇતિહાસવિદ્‌ને સુવિદિત જ છે. જહાંગીરની જહાંગીરીમાં પણ તિલકમાલા વૈદિક મનાયાં હતાં !

બ્રહ્મનિર્ણયમાં બ્રહ્મવાદ અને માયાવાદ ઉભય વાદના મુખ્ય ગ્રન્થોના અધ્યયન વિના બીજાં પ્રાકૃત સાધન વ્યર્થ છે. બ્રહ્મવાદ અને માયાવાદ ઉભયમાંથી કયો વાદ વૈદિક છે તે નિર્ણય કરવાનું કામ હાઇકોર્ટનું નથી, પણ વેદશાસ્ત્રસંપન્ન વિદ્વદ્વરોનું છે એમ અમે કહી ચુક્યા છીએ. પાખંડીનું શાસન કરવાને હાઇકોર્ટ આદિ ન્યાયસંસ્થા સમર્થ જ છે.

શંકરાચાર્ય તેમના વાડામાં ભલે માન્ય હોય. શાંકરમતાનુયાયી ગ્રેજ્યુએટ બહાર પડશે તો શ્રીવલ્લભસિદ્ધાંતાનુયાયી પણ સજ્જ જ છે. શાંકરમતાનુયાયી પ્રજાની અલ્પ સંખ્યા વિષે વિચાર તો તા.૧૧-૪-૦૫ ના 'ગુજરાતી પંચ'માં થઈ જ ગયો છે. ચંપક, કમલ, આદિ સુરભિ કુસુમ વિરલ હોય છે, અને કંટક તો સર્વત્ર વિદ્યમાન હોય છે, તથાપિ લોકવેદમાં ચંપકાદિ કુસુમનો જ સુગન્ધ પ્રસરે છે. ભીષ્માભિરક્ષિત અનંત દુસ્તર કૌરવસૈન્યસાગરને શ્રીકૃષ્ણપરાયણ પાંડવો વત્સપદ કરીને તરી ગયા ! શ્રીકૃષ્ણના દ્રોહીનો આ લોકમાં પણ કદાપિ વિજય થતો જ નથી.

यत्र योगेश्वरः कृष्णो यत्र पार्थो धनुर्धरः ।
तत्र श्रीर्विजयो भूतिर्ध्रुवा नीतिर्मतिर्मम ॥

મહારાજ લાઇબલ કેસમાં અન્યમાર્ગીય મુખ્ય પંડિતોથી પ્રકરણગ્રન્થોના પણ અર્થ થઈ શક્યા નથી, તો અણુભાષ્યના અર્થ તેમનાથી થશે નહિ એ તેમના નિશ્ચયથી મહામાન્ય કોર્ટમાં લાવવામાં આવ્યા ન હતા. વસ્તુતઃ હાઇકોર્ટનું કામ વ્યવહારનિર્ણય કરવાનું છે, બ્રહ્મનિર્ણય કરવાનું નથી, એમ મહાનુભાવીઓ જાણતા હતા. સપ્રકાશ શ્રીમદણુભાષ્ય પ્રસિદ્ધ થઈ ગયું છે, તેની નિરીક્ષા કરવાથી રા.'તટસ્થ' આદિને ભાન આવશે કે શાંકરમતનું કેવું ખંડખંડન તેમાં થયેલું છે. વેદને અનિત્ય અને મિથ્યા માને તે અવૈદિક, શંકરાચાર્ય વેદને અનિત્ય અને મિથ્યા માને છે, તેથી શંકરાચાર્ય અવૈદિક છે. એ નિર્દુષ્ટ વિશુદ્ધ અનુમાનનું ખંડન 'કુસુમગગનવત્' નહિ પણ 'ગગનકુસુમવત્' છે.

पुरन्दरमदोद्धतप्रचुरवृष्टिसंपीडितस्वकीय-
नरगोकुलावनपरायणो लीलया ।
स्मितामृतसुदृष्टिभिः परिपुपोष तान् यो गिरिं
दधार च स एव हि श्रुतिशिरस्सु संराजते ॥ १ ॥
मायावादादिवादैर्व्यवहितमिव यं ब्रह्मवादं प्रकाश्य
श्रीमत्कृष्णाज्ञया तद्गतिपथ उदितो दैवजीवावनार्थम् ।
यैस्तांश्च श्रीकृष्णरूपानमितगुणगणाढ्यान् श्रीमदाचार्यवर्यान्
ध्यायं ध्यायं नमामि स्वहितमवहितस्वत्कृपादृष्टिवृष्ट्या ॥ २ ॥

સત્યવક્તા.

અધિકારવિવેક.

ગ્રંથકાર પુષ્ટિનો વિવેક કરીને હવે તેના અધિકારિઓનું સ્વરૂપ દર્શાવે છે.

હવે પુષ્ટિમાર્ગના અધિકારસંબંધે વિચારાય છે. અધિકારવિમર્શન કરતાં નિશ્ચય થાય છે કે જેમાં ભગવત્કૃપા ઉતરી હોય તે અધિકારી. 'આ[1] આત્મા પ્રવચનથી નથી મળતો; બુદ્ધિથી કે બહુશ્રુત થવાથી પણ નથી મળતો.' આ શ્રુતિ ઉપરના નિશ્ચયને વધારે દૃઢ કરે છે. ભગવત્કૃપાનું પ્રત્યક્ષ નથી થતું; તેનું કાર્ય જે પુષ્ટિમાર્ગમાં રુચિ છે, તે વડે પ્રભુકૃપાનું અનુમાન થાય છે, કેમ કે ભગવત્કૃપાવિના પુષ્ટિમાર્ગમાં રુચિ જ ન ઉપજે. નિબંધના कृपायुक्तस्य એ શ્લોકના વ્યાખ્યાનમાં સ્પષ્ટ નિરૂપણ છે કે, માર્ગમાં થતી રુચિને લઈને ભગવત્કૃપાજ્ઞાન નિશ્ચિત થાય છે. આ સર્વ ઉપરથી પુષ્ટિમાર્ગના અધિકારિનું સ્વરૂપ આ નિષ્પન્ન થાય છે. પુષ્ટિમાર્ગીય ફલ આપવાની ઇચ્છાથી ઉદ્ભૂત થયેલી જે ભગવત્કૃપા, અને તેથી જેની પુષ્ટિમાર્ગમાં રુચિ થાય તે અધિકારી. આવી રુચિ ઉત્પન્ન થવામાં કેટલાક પ્રકાર કહેવામાં આવે છે. દૈવી જીવોમાં જે જીવને પ્રભુ પુષ્ટિમાર્ગમાં અંગીકાર કરવા ઇચ્છે છે, તેને પ્રભુકૃપાથી સત્સંગ પ્રાપ્ત થાય છે, અને પછી તત્કૃપાથી સેવાદિવડે પ્રસંગાનુસાર યથાસંભવ શ્રવણ, તનુજસેવન વગેરે ભજનનો અનુભવ થયા પછી આ માર્ગમાં રુચિ થાય છે. 'એ[2] પ્રમાણે થયેલા વિશુદ્ધ અંતઃકરણવાળા ભગવદીયની ભગવદ્ધર્મમાં જ રુચિ થાય છે,' એ વાક્ય અત્રપ્રમાણ છે. આવી રુચિવાળો અધિકારી પુષ્ટિમાર્ગમાં હોવો જોઇએ. ત્યારપછી માર્ગમાં રુચિપૂર્વક શ્રવણાદિમાં પ્રવૃત્ત થાય એટલે ચિત્તમાં ભગવદાવેશ થાય. પછી ચિત્તશુદ્ધ થાય. પછી શ્રવણાદિની અનુવૃત્તિ થાય. દ્વિતીયસ્કંધમાં નિરૂપણ છે કે:–'કર્ણના છિદ્રદ્વારા નિજજનના ભાવરૂપી કમલમાં પ્રવિષ્ટ[3] થઈને પ્રભુ શ્રીકૃષ્ણ પાપનો નાશ કરે છે. જેમ શરદૃતુ જલનાં માલિન્યનો નાશ કરે છે, તેમ. શુદ્ધ–નિષ્પાપ થયેલો પુરુષ કૃષ્ણના ચરણમૂલને ત્યજતો નથી.' આવી રીતિ શ્રવણાદિની આવૃત્તિ થવાથી ભગવાનમાં રુચિ ઉત્પન્ન થાય છે. 'હે[4] અંગ! શ્રદ્ધાથી અનુપદે ભગવત્કથાને સાંભળતાં સાંભળતાં મારી પ્રભુમાં રુચિ થઈ,' આ વાક્ય ઉપરના સિદ્ધાંતનો નિશ્ચય કરાવે છે. આ રુચિ અનુભવમાં ન આવે એવી પરોક્ષ રુચિ કહેવાય છે. આ રુચિ શ્રવણ વગેરેથી અને સત્પુરુષોનો સત્કાર, દર્શન વગેરેથી પ્રકટ છે, માટે પ્રથમ કથાની સમજવી. यत्त्वनुप्यासिमा शुकाः એ શ્લોકના વ્યાખ્યાનમાં—શ્રીસુબોધિનીમાં 'સર્વ સ્વરૂપ અલૌકિક પદાર્થમાં માહાત્મ્યના શ્રવણથી રુચિ ઉત્પન્ન થાય છે' એમ વ્યાખ્યા કરી આ જ રુચિ કહેલી છે, એમ જાણવું. તે રુચિ એક પ્રકારની ભક્તિ જ છે. પ્રથમ સ્કંધની શ્રીસુબોધિનીમાં ત્રણ પ્રકારની ભક્તિ ઉક્ત છે—૧. રુચિ, ૨. શ્રવણાદિ, ૩. પ્રેમ. આ ત્રણ પ્રકારો છે. ત્યાર પછી અનુભવમાં ન આવે એવી ભગવદ્રુચિવડે શ્રવણાદિરૂપ ભજન થાય અને પછી ભક્તિવર્દ્ધિનીમાં બતાવેલી દિશા અનુસાર બીજરૂપ ભાવ–સૂક્ષ્મભક્તિ વૃદ્ધિ પામે છે. તે ભાવ ભગવાને પહેલેથી જ–જીવત્વ પ્રાપ્ત કરાવ્યા પછી, પુષ્ટિમાર્ગીયત્વ જીવમાં સિદ્ધ થાય માટે સૂક્ષ્મરૂપ રાખ્યો છે, એમ

---

[1] नायमात्मा प्रवचनेन लभ्यो न मेधया न बहुना श्रुतेन ॥

[2] एवं प्रवृत्तस्य विशुद्धचेतसस्तद्धर्म एवात्मरुचिः प्रजायते ॥

[3] प्रविष्टः कर्णरन्ध्रेण स्वानां भावसरोरुहम् ॥ धुनोति शमलं कृष्णः सलिलस्य यथा शरत् ॥ धौतात्मा पुरुषः कृष्णपादमूलं न मुञ्चति ॥

[4] ताः श्रद्धया मेऽनुपदं विशृण्वतः प्रियश्रवस्यङ्ग ममाभवद्रुचिः ।

જાણી લેવું. તે જ બીજભાવ કહેવાય છે. તે જ ભાવ ઉપર કહેલી પરોક્ષ રુચિથી શ્રવણાદિની સહાયના મેળવી અન્તરમાં ભગવત્સ્ફૂર્તિ કરે છે. શ્રવણાદિવડે સ્વાભાવિક ભગવાન્ પ્રકટ થાય છે, એ દ્વિતીયસ્કંધના નિબંધથી એમ નિશ્ચય થાય છે. આવી રીતે અન્તર્ભગવત્સ્ફૂર્તિ થવાથી કંઇક અનુભવથી રુચિવિશેષ ઉત્પન્ન થાય છે. તે પ્રત્યક્ષ રુચિ કહેવાય છે. તે રુચિથી તે બીજરૂપ ભાવ શ્રવણાદિસાધનબળથી વધી જઇને પ્રેમરૂપ થાય છે. તે સ્નેહ પ્રભુથી ઇતર જેટલા વિષયમાં રાગ હોય તેની નિવૃત્તિ કરે છે. '[૧]સ્નેહથી રાગની નિવૃત્તિ થાય' એ ભક્તિવર્દ્ધિની ગ્રંથથી. ભગવાનથી ભિન્ન પદાર્થમાં થતા રાગની નિવૃત્તિ કરનાર જે ભગવદ્ભાવ તે સ્નેહ એમ એનું લક્ષણ છે. સ્નેહ પછી સેવા અને શ્રવણાદિ વારંવાર થાય એટલે તે જ સ્નેહ વૃદ્ધિ પામી આસક્તિરૂપ બની જાય છે. તે આસક્તિરૂપ સ્નેહ તો ભગવત્સંબંધરહિત સર્વ પદાર્થને બાધક જ દર્શાવે છે. ભક્તિવર્દ્ધિની પ્રકરણમાં પણ એમ જ છે—'[૨]આસક્તિથી ગૃહમાં અરુચિ થાય છે.' અરુચિ એટલે મુદ્દલ રુચિ નહિ એમ નહિ, પણ રુચિવિરુદ્ધ ભાવ થાય છે. અરુચિમાં 'ન' વિરોધાર્થમાં છે. '[૩]ગૃહસ્થોનું બાધકત્વ અને અનાત્મત્વ ભાસે છે,' એવું ત્યાં જ વિવરણ છે. તો આસક્તિ એટલે ભગવાનથી ઇતર વિષયમાં બાધકત્વની સ્ફૂર્તિ કરાવનારો ભાવ. તે જ આસક્તિરૂપ ભાવ ઉત્તરોત્તર વૃદ્ધિ પામી વ્યસનરૂપ થઇ જાય છે. વ્યસન એટલે દેહના ધર્મો, જેમાં વિશેષ ત્યજાય. વ્યસનરૂપ ભાવને પ્રાપ્ત થવાથી ભક્તિ, માનસી સેવા કહેવાય છે. 'ઇશ્વરમાં ઉત્કૃષ્ટ અનુરાગ[૪] તે જ ઉત્કૃષ્ટ ભક્તિ' એમ ભક્તિસૂત્ર વર્ણવે છે. '[૫]જ્યારે શ્રીકૃષ્ણમાં વ્યસન થાય ત્યારે જ ભક્ત કૃતાર્થ થાય,' એમ ભક્તિવર્દ્ધિનીમાં આજ્ઞા છે. '[૬]પ્રભુમાં ચિત્તનું પરોવાવું તે સેવા, અને તેની સિદ્ધિ માટે તનુજા અને વિત્તજા છે,' આ પ્રમાણે મુક્તાવલીપ્રકરણમાં પણ તે જ અર્થનું વિશદીકરણ છે. મુક્તાવલીપ્રકાશમાં આનું વિવરણ કરતાં ता मास्विदन्' એ એકાદશસ્કંધના વાક્યનો ઉપન્યાસ કર્યો છે. '[૭]જેમ ગંગાજળની સમુદ્રમાં અવિચ્છિન્ન (તૂટે નહિ એવી) ગતિ છે, તેમ જ અવિચ્છિન્ન–એકસરખી મનની ગતિ (પ્રભુ પ્રત્યે) થાય ત્યારે જ નિર્ગુણ ભક્તિયોગનું લક્ષણ કહેવાય.' આ પ્રમાણે તૃતીય સ્કંધમાં તેવી જ ભક્તિ બતાવી છે. આ શ્લોકના જ વ્યાખ્યાનમાં જેમ કાયિક ગતિ ગોપિકાની છે, એમ કહી મુખ્યભક્ત તો તે જ છે એમ સ્પષ્ટ કર્યું છે. માટે વ્યસન સુધી સાધનનું આચરણ છે. એથી જ સુબોધિની અને નિબંધમાં પ્રમાણ, પ્રમેય અને સાધન એ ત્રણ પ્રકરણથી પ્રેમ, આસક્તિ અને વ્યસનનું નિરૂપણ કરીને આગળ ફળનું નિરૂપણ કર્યું માટે શ્રીમદ્ભાગવત વગેરેમાં, શ્રીમદાચાર્યની ઉક્તિમાં અને શ્રીમદ્વિઠ્ઠલેશની ઉક્તિમાં જ્યાં જ્યાં 'સાધનો ફક્ત પ્રેમસુધી જ છે' એમ જણાય છે, ત્યાં ત્યાં પ્રેમ અને વ્યસનનો અભેદ માની કહ્યું છે, એમ ધારવું. પ્રેમસેવાઽન્ઃ વગેરે વાક્યમાં પણ પ્રેમસેવા શબ્દથી માનસી સેવા વ્યસનશબ્દવાચ્ય જ સમજવી.

આ પ્રમાણે ભગવાનમાં રુચિ થયા પછી શ્રવણાદિ સાધનો કરવાથી સિદ્ધ થતી પ્રેમભક્તિની પ્રથમ-અવસ્થા 'પ્રેમ' કહેવાય છે, મધ્યમ-અવસ્થા 'આસક્તિ, પરિપાક-અવસ્થા વ્યસન' કહેવાય છે.

---

१. स्नेहाद्रागविनाशः स्यात् ।

२. आसक्त्या स्याद्गृहारुचिः ।

३. गृहस्थानां बाधकत्वमनात्मत्वं च भासते ।

४. सा परानुरक्तिरीश्वरे ।

५. यदा स्याद्व्यसनं कृष्णे कृतार्थः स्यात्तदैव हि ।

६. चेतस्तत्प्रवणं सेवा तत्सिद्ध्यै तनुवित्तजा ।

७. मनोगतिरविच्छिन्ना यथा गङ्गाम्भसोऽम्बुधौ । लक्षणं भक्तियोगस्य निर्गुणस्य ह्युदाहृतम् ।

CHAPTER II.

PRAMÊYA-BRAHMAN.

Section 1.

In the preceding Chapter the data on which Vallabhâchârya bases his conclusions regarding theology and metaphysics are given. This Chapter proceeds to give a detailed account of the conclusions arrived at by him on the basis of the same data. This is technically known as Pramêya. The Pramêya comprises of Brahman, Jîva, Jagata, etc.; and as Brahman is everything Jîva, Jagat, etc., the word Pramêya is very often restricted in its meaning of Brahman alone. So we now consider Brahman or the Supreme as conceived of by Vallabhâchârya on the authority of the revealed scriptures. It is very essential to grasp this for round the Supreme as the centre the whole philosophy and theology of Vedic scriptures turn.

To a beginner it becomes a great puzzle, as to what Brahman is, specially when he meets with passages in scriptures apparently contradicting one another, and an enormous diversity of opinions among the exponents of Vedic scriptures. One[1] passage of the Upanishads describes Brahman as devoid of any attributes, while the other[2] as possessed of all attributes. Śankara gives it as his opinion that Supreme Brahman is absolutely free from any attributes while Râmânuja goes to the other extreme, and declares that the supreme Brahman is possessed of all attributes. Even in the times of Bâdarâyana a great conflict of opinions existed among the great doctors of Vedânta. This fact is testified to from the Vedânta Sûtras themselves which are introduced to refute or mention their opinions.

The Supreme[3] is described by different names in different Prasthânas. It is known as Brahman in the Upanishads and the Vedânta Sûtras, as Paramâtmâ in the Geetâ, as Bhagavân in the Bhâgavata. A cursory glance at the Vedânta Sûtras will convince the unbiassed reader that Vyâsa describes Brahman as possessed of all attributes and all *powers. The idea that Brahman is absolutely devoid of attributes* does not seem to have at all occurred to him when he summarised the teachings of the Upanishads in his Vedânta Mîmânsâ. The Vedic[4] passages describe Brahman as one who is omniscient and omnipotent, the ruler and the controller of all. The powers[5], knowledge-omniscience and activity are all inherent in Brahman. They are not the figments of nescience. The very name Sacchidânanda by which Brahman is very

---

1. अस्थूलमनण्वह्रस्वमदीर्घम्, etc.
2. यः सर्वज्ञः सर्ववित्
3. वेदान्ते च स्मृतौ ब्रह्मलिङ्गं भागवते तथा। ब्रह्मेति परमात्मेति भगवानिति शब्द्यते ॥ तत्त्वदीप.
4. 'यः सर्वज्ञः सर्वशक्तिः' 'सर्वस्य वशी सर्वस्येशानः'
5. स्वाभाविकी ज्ञानबलक्रिया च ।

of non-existence. It would therefore show that the so-much-talked-of-prominence to all the Vedic texts is illusory. It is only in appearance. Thus it will be seen that the view that S'ankara alone can reconcile the mutual contradictions of Vedic passages by introducing a higher Brahman as referring to S'rutis describing Brahman as devoid of attributes, and a lower Brahman referring to S'ruti passages describing Brahman as omnipotent, omniscient, etc., remains objectionable for the same reason.

Thirdly the propounders confute the very theory by want of consistency. Once they declare that Brahman, supreme, is devoid of all attributes; then again they assert that it is eternal, pure, intelligent and free. It is impossible to conceive Brahman as absolutly devoid of attributes. Without the divine attributes in Brahman one would get not knowledge, but opposite of knowledge.

The question of a faithful and harmonious interpretation of mutually conflicting passages of the Upanishads has been treated by Vyâsa. The difficulty of this problem is enhanced by the fact that Vaidikas are always anxious to look on all passages of the Vedas with an equal reverence. The passage describing Brahman as Nirâkâra carries as much weight as the passages describing Brahman Sâkâra. Like Sankara they would not like to subordinate one to the other.

The solution of this difficulty as given by Vyâsa is worthy of his powerful genious. One is reminded of Vyâsa's great zeal in refuting the Sânkhya doctrine. To completely crush their claims on the Vedas it is not impossible that he might have the idea of still more carrying on with his success. By denying the attributes of Prakriti of Sânkhyas in Brahman, he gives a rude shook to the Vedic claims of the Sânkhyas. This exactly coincides with the view that the negative S'rutis deny only the Sattva, Rajas, and Tamas, the attributes of Prakriti in Brahman, while the positive S'rutis describe the Aprâkrita-unearthly divine attributes of Brahman. Thus Vyâsa evolves a pleasing and harmonious meaning from the mutually conflicting passages of the Upanishads and at the same time gives an equal scope and prominence to all of them without the least violence to them.

Again, only what belongs to this world, what is seen in this world can be negatived in Brahman; but what is beyond this world, what is divine cannot be so done in it. S'rutis when they describe Brahman as Ânandamaya, omniscient or all-doer, they speak of the divine Alaukika-Aprâkrita attributes of Brahman, but when they describe it as one without parts, Niranjana-Asthûla, 'Neti-neti,' Nirguna, etc., they do not negative the divine attributes spoken of Brahman before, but only the Prâkrita attributes. This interpretation of the Vedic passages completely harmonises with the wording of the Vedic verses. In the first part of the verse we meet with a negative conception, while in the second part with the positive. In the first, Brahman is described as one beyond mind and speech; while in the second part the person who has obtained bliss of Brahman is past all fear. Hence[1] only the 'Prâkrita' attributes are denied in Brahman by sentences like 'Neti-neti' but not the Divya-divine attributes like those in sentences 'He is certainly bliss,' etc., spoken of Brahman before. This way of harmoniously interpreting the S'ruti passages is at a very great advantage as being easy and natural, and obviates the necessity of dreaming of two Brahmans, *viz.*, Saguṇa or lower and Nirguṇa or higher.

Vyâsa, it appears, does not stop here; he is not fully satisfied with this and he boldly goes a step further, when he[2] declares that Brahman is possessed of even contradictory attributes. When Brahman is possessed of all attributes there is nothing incongruous if it is possessed of contradictory ones.

That this is the view of Vyâsa can be seen from the line of reasoning adopted by him in the following Sûtras. The view of the opponent who maintains that Brahman is Avyakta[3] *i.e.*, one which is beyond conception, which is described only negatively in S'rutis and Smritis, is refuted[4] by Vyâsa by saying that when Brahman is pleased through devotion, it does manifest itself at its own sweet will. Numerous passages[5] from the Upanishads and Geeta give testimony to the fact that Brahman is seen and realised, and hence it is not Avyakta. In numerous passages of the Upanishads Brahman is described as possessed of contradictory attributes. It[6] is the smallest and the biggest. There[7] is none greater than Brahman, nor his equal, and at the same time it is equal to a gnat and also to an elephant. Sitting,[8] it goes to a distance, while lying, its motion covers everything. All this would go to show that Brahman is possessed of contradictory attributes, if only they are interpreted such as they are without the twisting wand of Mâyâ. Brahman is partless, still it developes this universe etc from itself without undergoing the least change in itself. It[9] runs without feet, catches without hands, sees without eyes, hears without ears. It is all-pervading, still it resides in the heart of all individuals. It is merciful and just. Brahman is with attributes (Sadharmaka) and without attributes (Nirdharmaka) with form (Sâkâra) and without form (Nirâkâra) Nirvis'esha and Savis'esha, firm (Kûṭastha) and moving (Chala). It is beyond our reasoning. All these attributes are not due to nescience (Mâyika), but they are real and non-dual from Brahman. Beyond speech and thought as it is, one attaining its bliss is fearless. The nature[1] (Swarûpa) of Brahman is so wonderful that even so-called contradiction (Virodha) in it is merit. The[2] whole of this wonderful creation takes place within itself. To Brahman[3] the creation of this whole universe is a mere sport ; so much so that, if any one were to sing this glory of Brahman he would get Moksha. Thus Brahman is one and infinite. One[4] as it is, it manifests itself in infinite forms. Unborn[5] it is born. At the time of incarnation it does not fall from his original state, hence, it is sung as (Achyuta) infalliable. The wheel (a symbol of fire) and conch (symbol of water, Garuda and serpent bearing mutual and natural animosity) are to be seen in the presence of Vâsudeva. This mythology illustrates the Vedic truth that Brahman is possessed of even contradictory attributes.

---

[1] प्रकृतैतावत्त्वं हि प्रतिषेधति ततो ब्रवीति च भूयः। V. S. 3. 2, 22.

[2] उभयव्यपदेशात्त्वहिकुण्डलवत्। V. S. 3. 2. 27

[3] तदव्यक्तमाह हि V. S. 3-2-23 I.

[4] अपि संराधने प्रत्यक्षानुमानाभ्याम्। V. S. 3-2-24.

[5] यमेवैष वृणुते तेन लभ्यः। तं पश्यते निष्कलं ध्यायमानः। कश्चिद्धीरः प्रत्यगात्मानमैक्षत्। पश्यन्ति यं योगिनः। भक्त्या त्वनन्यया शक्य अहमेवंविधोऽर्जुन ज्ञातुं द्रष्टुं च तत्त्वेन प्रवेष्टुं च परंतप। etc.

[6] अणोः अणीयान् महतो महीयान्।

[7] न तत्समश्चाभ्यधिकश्च दृश्यते, समो मशकेन समो नागेन।

[8] आसीनो दूरं व्रजति शयानो याति सर्वतः।

[9] अपाणिपादो जवनो ग्रहीता पश्यत्यचक्षुः स शृणोत्यकर्णः। न तस्य कार्यं करणं च विद्यते स्वाभाविकी ज्ञानबलक्रिया च॥ etc.

No incredible demand is made on the credulity when Brahman is defined as possessed of contradictory attributes. This has been the belief of the Vedic seers from the times immemorial. Lord Krishna teaches the same thing, when he teaches Arjuna ' I am[6] the beginning and end of the universe.' Even S'ankara is unconsciously teaching the same thing. In his commentary on the Vedânta Sûtras (2-1. 7) he first writes that partless Brahman evolves this universe from within itself without undergoing the least change; but soon after this, his zeal for the theory of nescience baffles him and he hazards to twist the real truth, subjecting himself thereby to a justly severe criticism[7] of Vallabhâchârya.

It has been pointed out that Brahman is possessed of all attributes even those that appear to be contradictory-appear[8] to be-because Brahman being possessed of infinite powers and attributes, the apparent contradiction is no demerit in Brahman but it suggests the highest glory of the greatest Brahman.

---

1. विरोधस्तु महत्त्वे भूषणाय. Anu Bhashya.

2. आत्मनि चैवं विचित्राश्च हि । V S. 2. 1.

3. लोकवत्तु लीलाकैवल्यम् । V S. 2. 1. तस्य लीलात्वेऽन्यस्य तत्कीर्तने मोक्षः ।

4. एकोऽहं बहु स्याम् । छांदोग्य.

5. अजायमानो बहुधाविजायते ।

6. अहं सर्वस्य जगतः प्रभवः प्रलयस्तथा ।. Geeta.

7. एवं परिहृतेऽपि दोषे स्वमत्याऽनुपपत्तिमुद्भाव्य सर्वसंप्लवं मत्तप्रमादिः परिकल्पयति , श्रुतेस्तु शब्दमूलत्वात् । 2. 1. 27.

8. सर्वभवनसमर्थे ब्रह्मणि विरोधाभावाच्च A. B. 2. 1. 27

સ્વધર્મના મુખ્ય સિદ્ધાન્તો.

૧. જગત્ સત્ય છે.

૨. જગત્, જીવ, અંતર્યામી, અક્ષર ઇત્યાદિનાં નિમિત્ત અને ઉપાદાન કારણ શુદ્ધ નિર્ગુણ બ્રહ્મ કૃષ્ણ પરમાત્મા જ છે.

૩. જીવે અવિદ્યાથી કલ્પેલો અહન્તામમતાત્મક સંસાર મિથ્યા છે.

૪. જીવ અણુ છે, શુદ્ધ નિર્ગુણ બ્રહ્મનો અંશ છે, વ્યાપક નથી.

૫. પરબ્રહ્મ પુરુષોત્તમ કૃષ્ણનું ધામ અક્ષર બ્રહ્મ સચ્ચિદાનંદ છે.

૬. સર્વોપરિ વેદાદિ શાસ્ત્ર પ્રતિપાદિત પરમફલાત્મક વસ્તુ શ્રીકૃષ્ણ જ છે.

૭. કૃષ્ણની સેવા એ જ અંશ જીવનો ધર્મ છે, માટે વસ્તુતઃ સ્વધર્મ કૃષ્ણસેવા જ છે.

૮. આત્મનિવેદન અને પ્રભુપ્રપત્તિ વિના અન્ય નિજધર્મ હોઈ શકે જ નહિ.

GRATIS.

The 'Śuddhādwaita Philosophy' or 'System of Vallabhāchārya,' by Mr. Mulchandra T. Telivala, B.A., will be posted to any gentleman by applying to—

Hanuman Street,
Bombay, 1.

Ishvardas Tribhuvandas Varjeevandas Seth.

Reg. No. B. 8.

'પુષ્ટિભક્તિસુધા'ના ગ્રાહકોને સવિનય નિવેદન.

આ માસિકના સર્વ લેખકો જે લેખ લખે છે તે સાંપ્રદાયિક સેવા કરવાની વિમલ બુદ્ધિથી જ લખે છે, તેથી બીજાં પત્રોની માફક આ માસિકના લેખકોને આપવામાં રકમનો ખર્ચ બિલકુલ થતો નથી, એ જણાવતાં આનંદ થાય છે. માસિકની છપામણી વગેરે ખરચ ઘણી જ કરકસરથી કરવામાં આવે છે, તેથી નાણાવરમાંથી જે કાંઈ બચશે તેમાંથી સાંપ્રદાયિક પ્રાચીન ગ્રંથો પ્રસિદ્ધ કરવામાં આવશે. વૈષ્ણવભાઈઓએ આવાં માસિકના પોતે ગ્રાહક થવું જોઈએ, એટલું જ નહિ પણ પોતાના મિત્રોને પણ આવા ધાર્મિક કાર્ય તરફ પ્રેરવાનું ખાસ લક્ષમાં રાખવું જોઈએ.

મુંબાઈ,
પ્રિન્સેસ સ્ટ્રીટ.

પ્રકાશક.

पुष्टिभक्तिसुधा.

नायमात्मा प्रवचनेन लभ्यो न मेधया न बहुना श्रुतेन ।
यमेवैष वृणुते तेन लभ्यस्तस्यैष आत्मा वृणुते तनूं स्वाम् ॥१॥

नाहं वेदैर्न तपसा न दानेन न चेज्यया ।
शक्य एवंविधो द्रष्टुं दृष्टवानसि मां यथा ॥ २ ॥

भक्त्या त्वनन्यया शक्य अहमेवंविधोऽर्जुन ।
ज्ञातुं द्रष्टुं च तत्त्वेन प्रवेष्टुं च परन्तप ॥ ३ ॥

વર્ષ ૯.] શ્રીકૃષ્ણાબ્દ ૫૦૨૯: આશ્વિન, કાર્તિક કૃષ્ણ ૧૧. શ્રીવલ્લભાબ્દ ૪૪૮. [અંક ૭—૮.

તંત્રી તથા પ્રકાશક,
વાડીલાલ નગીનદાસ શાહ. બી. એ. એલ્. એલ્. બી. વકીલ, હાઇકોર્ટ-મુંબઈ.

વિષયો.	લેખકો.
૧. શ્રીગિરિધરજીકૃતપદાનિ.	રા. રા. મૂલચન્દ તુલસીદાસ તેલીવાલા, બી. એ. એલ્એલ્. બી. વકીલ હાઇકોર્ટ.
૨. શ્રીરઘુનાથજીકૃતપદમ્.	,,
૩. શ્રીપ્રભુચરણનાં પદાનિ.	,,
૪. શ્રીગોવિંદસ્વામીનાં પદાનિ.	,,
૫. શ્રીસર્વોત્તમસ્તોત્રવિષે ધરો.	પ્રકાશક.
૬. સર્વોત્તમસ્તોત્ર.	,,
૭. શ્રીસુબોધિનીજી.	રા. મૂલચન્દ તેલીવાલા.
૮. શ્રીવલ્લભાખ્યાનવિવૃતિ.	પ્રકાશક.
૯. શ્રીવલ્લભાષ્ટક.	,,
૧૦. દૈન્યાષ્ટક.	,,
૧૧. પુષ્ટિમાર્ગમાં સાધન કોણ છે?	Mr. D. B. A. LL. B. Vakil, High Court.
૧૨. શ્રીગોપીનાથજીની જન્મકુંડલી.	રા. મૂલચન્દ તેલીવાલા.
૧૩. બ્રહ્મસંબંધ.	Mr. D. B. A. LL. B. Vakil, High Court.
૧૪. ગઝલ.	,, ,, ,,
૧૫. પુષ્ટિધર્મ.	રા. રા. વસન્તરામ હરિકૃષ્ણ ભટ, શાસ્ત્રી.
૧૬. હરિભક્તિમહિમા.	,, ,, ,, ,,

Printed by Somalal Mangaldas Shah at the Gujarat Printing Press Panch Kuva, Ahmedabad
and published by Vadilal N. Shah, B. A. LL. B. 3rd Bhoiwada, Bhuleshwar, Bombay.

श्रीकृष्णाय नमः ॥

[1]प्राचीनपद्यानि ।

अम्बस्मितासितापांगध्यानावस्थितचेतसा ।
प्राप्ततन्निजरूपाय गोविंदाय नमो नमः ॥ १ ॥
शून्यं ज्ञानेन पूर्णं मां पूर्णज्ञानेन यः स्वयम् ।
कृतवान् कृपया पूर्णं तस्मै पूर्णात्मने नमः ॥ २ ॥
दक्षिणेन करेणासौ वशीकृत्य मनांसि नः ।
वामं करं समुद्धृत्य निह्नुते पश्य चातुरीं ॥ ३ ॥
आन्दोलयति गोविन्दं गोपी तद्गतमानसा ।
शोभां तनोति रुचिरां मानमानापनोदयोः ॥ ४ ॥
अपराधघनोन्मुक्तचिन्तासारात् विपीडितम् ।
को मां त्रातुं क्षमः श्रीमद्गोवर्धनधरं विना ॥ ५ ॥
चिन्तान्धकूपे पतितं कालव्यालमुखे गतं ।
को मां त्रातुं क्षमः श्रीमन्नवनीतप्रियं विना ॥ ६ ॥
संसारसागरे मग्नं चिन्ताग्राहमुखे गतं ।
विना श्रीमथुरानाथं को मां त्रातुमिह क्षमः ॥ ७ ॥

॥ इति श्रीगिरिधरदीक्षितानां पद्यानि ॥

श्रीविठ्ठलेश तव पाणिसरोजमेतन्नन्दालयस्य नियतं नवनीतपात्रम् ।
नो चेदर्पयसि यस्य शिरःप्रदेशे तस्यान्तिकं द्रुतमुपैति कथं मुकुन्दः ॥ १ ॥

श्रीरघुनाथानां पद्यम् ॥

श्रीगोपीजनवल्लभाय नमः

श्रीमत्प्रभुचरणानां स्वतंत्रलिखनम् ॥

कथा इमास्ते कथिता महीयसां विधाय लोकेषु यशः परेयुषाम् ।
विज्ञानवैराग्यविवक्षया विभो वचो विभूतिर्न तु पारमार्थ्यम् ॥ १ ॥

---

[1] एतत्पद्यरत्नानि 'भारतमार्तण्ड'वेदान्तमहाचार्यपण्डितगट्टूलालपुस्तकसंग्रहाद् प्राप्तानि ॥

कस्तुपा.

आश्रयनिवारणम् ।
स आश्रयः परं ब्रह्म श्रीकृष्ण इति गीयते ॥ २ ॥

यावत्तु साधनावस्था तावदन्याश्रयो भवेत् ।
पूर्णे त्वनुग्रहे भावांकुरे जाते रसाश्रयः ॥ ३ ॥

दशधा रसरूपः सन्नवतार इतीर्यते ।
तादृशी भावना कार्या यया भावांकुरोदयः ॥ ४ ॥

श्रीमदाचार्यकृपया भवेच्चासो न चान्यथा ।
भावात्मा भगवान् कृष्णः स एव ह्याश्रयो मतः ॥ ५ ॥

भावो भावनया सिद्ध इति वाक्यात्प्रतीयते ।
सद्भावपरिनिष्ठानां हृदि भावांकुरो भवेत् ॥ ६ ॥

सदा दशा भवेदेषा स निरोध इतीर्यते ।

स्थानसीन आत्मा जनानां नामानि कृत्वाभिवदन् यदास्ते ॥७॥
व्रजवीथिषु कौतुकानि कुर्वन् सखि दृष्टो हि तयाय (त्वया ?) नन्दसूनुः ।
तदनन्तरवीक्षणं निपतत्स्मृतिधारामवघूर्णदेव चास्ते ॥ ८ ॥

श्रीवोरस्थलकटितटकांचीदामम पदयोः ।
सततं विहरन्ती वनमाला मत्तालिकुलैरभवदुद्गीता ॥ ९ ॥

तमेव धीरो विज्ञाय प्रज्ञां कुर्वीत ब्राह्मणः ।
नानुध्यायाद्बहून् शब्दान् वाचो विग्लापनं हि तत् ॥ १० ॥

श्रीभागवतमेवात्र केवलं चेत्समाश्रितः ।
गंगावद्दरिसर्वत्र शंभूयश्च फलिष्यति ॥ ११ ॥

य एनं वेद सत्येन मर्तु सद्यो जातमुत महास्येपः ।
तत्रागाद्द्वितीयं प्रोक्तं गुरु दुःसंगवर्जनम् ॥ १२ ॥

पारम्पर्यमिदं ज्ञेयं नान्यत् श्रीगोकुलेश्वरात् ।
यशोविभूतिकथनात् श्रीमदाचार्यशोधनम् ॥ १३ ॥

स एव परमार्थोऽस्ति ब्रह्मविष्णुहरात्मकः ।
स्वयशोगानसंहृष्टहृदयांभोजविष्टरः ॥ १४ ॥

संकर्षण इवात्रापि स विशेषस्तु भावनात् ।
वासुदेव स विज्ञेयो यः शेते तत्र सर्वदा ॥ १५ ॥

प्रद्युम्न इव विज्ञेयो भावाधारः स राधसा ।
कामस्य तृप्तिमानन्दं तस्याग्रे भावयेद्रमा ॥ १६ ॥
अनिरुद्धः स विज्ञेयः पुष्टिर्यस्मादभूत्स्फुटम् ।
स हि लीलाशुको भूत्वा भावं प्राह सुदुर्लभम् ॥ १७ ॥
आस्था ये तुमसुजानिति सूक्ष्मसंचयम् ।
स हि पूर्णगुणः प्रोक्तः श्येनेन किकिरी ? विना ॥ १८ ॥
स्वाधिकारानुसारेण मार्गसेवा फलाय हि ।
मुक्तिलीला तु सा पां ? मुनिमानसहंसके ॥ १९ ॥
अलौकिकस्य संसिद्ध्या भावपूरितविग्रहः ।
समाश्रयं विभानीयाक्रूरेरपि हरिर्यदि ॥ २० ॥
विज्ञानवैराग्यविविक्तयेति प्रोक्तं यतः श्रीशुकपादपद्मैः ।
अतोयमेवात्र विभावनीयो भावोदयाक्रान्त्य इहाश्रयेऽस्तु ॥ २१ ॥

श्रीमत्प्रभुचरणविरचितं स्वतन्त्रलेखनं संपूर्णम् ॥

श्रीवल्लभाचार्यचरणांभोरुहेभ्यो नमः ॥

श्रीकृष्णाय नमः ।

श्रीमद्गोपीनाथानां पद्यानि ॥

गोपिकावत् विप्रयोगे कालक्षेपाय सर्वथा ।
कृष्णमूर्तिं प्रियां कृत्वा भजेत् तत्पराशयः ॥ १ ॥
भावात्मविप्रयोगेऽपि न स्यातुं शक्यते यतः ।
अतः स्वहस्तैः भावैः भूषयेत् तं मनोमयम् ॥ २ ॥
धर्मार्थयोर्नित्यतावत् भक्तिरात्यन्तिकी हरौ ।
यदेति श्रीवल्लभेति नामोच्चारणमात्रतः ॥ ३ ॥
स्वार्थप्रकटसेवाख्यमार्गे श्रीवल्लभप्रभोः ।
अंगीकृतस्य मे भोज्यं स्वास्ये कुरु हुताशन ॥ ४ ॥
सौंदर्यं निजहृद्गतं प्रकटितं स्त्रीगूढभावात्मकम् ।
पुंरूपं च पुनस्तदन्तरगतं प्रावीविशत् स्वप्रिये ॥

श्रीकृष्णाय नमः ।

श्रीसर्वोत्तमजी विषे गोविंदस्वामीकृत पदो.

[अनुसंधान गतांक ३–४ पृष्ठ १०२]

राग धन्याश्री.

मेरो सर्वस्व श्रीकृष्णास्य ।
मायावाद निवारण कारण कीने हैं अणुभाष्य ॥ १ ॥
सुर नर मुनि देव कोटि तैंती सों करत हैं सदा उपास्य ।
यह तजि और तत्त्व कहि रे मानें होंहि लोक उपहास ॥ २ ॥
श्रीवल्लभचरणकमलसेवकमन सबतें रहत उदास्य ।
श्रीविठ्ठलपदरज गोविंदको करत बहिर्मुख हास ॥ ३ ॥

राग भैरव.

कृपासिंधु कृपा कीनि दरश दिखायो ।
भटकी भटकी अब यह निधि पायो ॥ १ ॥
श्रुति स्मृति शास्त्र पुराण अगोचर सुर नर मुनि
कोउ पार न पायो ।
श्रीहरिवदनवह्नि करुणा करी निज
स्वरूप महिमा बतायो ॥ २ ॥
पद् साधन अधिकार नए भए कलिमां
कृष्णभजनजु सिखायो ।
यह विवेक जानि जिय अपनें
जन गोविंद विमल यश गायो ॥ ३ ॥

सर्वोत्तमस्तोत्र.

(અનુસંધાન વર્ષ ૫૪ અંક તૃતીય-ચતુર્થ પૃષ્ઠ ૧૦૧.)

श्रीकृष्णास्यः—લોકમાં પ્રકટ પૂર્ણ પુરુષોત્તમ છે તેમાં પ્રમાણ શું એમ-શંકા કરે તો તેના નિરાસ સારૂ શ્રીમત્પ્રભુચરણ શ્રીકૃષ્ણાસ્યં એમ ત્રીજા નામની વ્યાખ્યા કરે છે. શ્રીકૃષ્ણ ભક્તિમાર્ગીય રસાત્મક હોવાથી તેઓશ્રીનું આસ્ય-મુખારવિંદ પણ તેવું જ (ભક્તિમાર્ગીય રસાત્મક) હોય તે યુક્ત જ છે માટે કોઇ પણ શંકા કરવી નહિ. શ્રીમદાચાર્યચરણ શ્રીકૃષ્ણનું આસ્ય મુખારવિંદ છે તેથી તેઓશ્રી પણ રસાત્મક છે.

स्वास्यं प्रादुर्भूतं चकार हि (સ્વમુખને નિશ્ચે પ્રાદુર્ભૂત-પ્રકટ કર્યું) એ પ્રમાણે તૃતીય શ્લોકમાં જે વ્યાખ્યા કરી છે તદર્થક આ નામ છે.

શ્રીકૃષ્ણાસ્ય—શ્રીકૃષ્ણનું મુખ વૈશ્વાનરાખ્ય-વૈશ્વાનર-અગ્નિ નામે છે. આ તો (શ્રીમદાચાર્યચરણની વૈશ્વાનરતા તો) નિમિત્તક છે વાસ્તવ નથી. તેથી તત્ત્વરૂપાભિજ્ઞે (શ્રીમદાચાર્યચરણના વાસ્તવિક સ્વરૂપને જાણનારા શ્રીપ્રભુચરણે શ્રીવલ્લભાષ્ટકમાં) આજ્ઞા કરી છે કે **अज्ञानाद्यंधकारप्रशमनपटुताख्यापनाय त्रिलोक्यामग्नित्वं वर्णितं ते कविभिरपि सदा वस्तुतः कृष्ण एव** અજ્ઞાનાદિ અંધકાર પ્રશમન કરવાની પટુતા-ક્ષમતા-ચતુરાઈ ખ્યાપન કરવા સારું ત્રિલોકમાં આપશ્રીનું (શ્રીમદાચાર્યચરણનું) અગ્નિત્વ કવિઓએ વર્ણન કર્યું છે પણ વસ્તુતઃ આપ સદા કૃષ્ણ જ છો.

અથવા કૃષ્ણપદવડે કૃષ્ણદ્વૈપાયનવ્યાસ પણ કહેવાય છે તેથી કાર્યભેદથી શ્રીમદાચાર્યચરણ ઉભયનાં (શ્રીકૃષ્ણના તથા વ્યાસજીના) આસ્ય છે. ભક્તોને મુક્તોને આહ્લાદક હોવાથી અને સર્વ રસના ભોક્તા હોવાથી શ્રીમદાચાર્યચરણને ભગવદાસ્યત્વ જાણવું. શ્રીમદાચાર્યચરણ નિજભક્તોને મુક્તોને પણ આનંદ આપે છે અને સર્વ રસનો ભોગ કરે છે તેથી તેઓશ્રી ભગવાનનાં આસ્ય-મુખ છે. તેઓશ્રીને વ્યાસાસ્યત્વ તો શ્રીભાગવતના અભિપ્રાય વર્ણન કરવાના સામર્થ્યથી છે. શ્રીમદાચાર્યચરણમાં શ્રીભાગવતનો અભિપ્રાય કહેવાનું સામર્થ્ય હોવાથી તેઓશ્રી વ્યાસાસ્ય પણ છે. અને તેથી જ આપશ્રી શ્રીમદ્ભાગવતનાં વિવરણના આરંભમાં આજ્ઞા કરે છે કે '**यतो मुदा गूढार्थं प्रकटीकरोमि सततं व्यासस्य विष्णोः प्रियम्**' તેથી આનંદથી વ્યાસ વિષ્ણુને નિરંતર પ્રિય ગૂઢાર્થને પ્રકટ કરૂં છું.

શ્રીયુક્ત કૃષ્ણપદથી ભક્તસહિત લીલારસના વિવિધ ગૂઢ ભાવતત્ત્વનું સૂચન થાય છે. તેથી લીલામાં ઉચ્છલિત વિવિધ રસભાવથી વિકસિત પ્રમુદિત પરમ પ્રેમાસ્પદ શ્રીમત્પ્રાણપ્રિયાના પ્રસંગના સંબંધી પૂર્ણપરમાનંદ સુધાબ્ધિ ઉદ્ભવ પામે છે, અને તેથી યત્કિંચિત્ અનિર્વચનીય અપૂર્વતર સુષમા-ભરથી શ્રીકૃષ્ણાસ્ય અતિ મનોહર થાય છે. તેની સુષમા-શોભા-મનોહરતા કદાપિ લક્ષ્મીરમણની પણ થતી નથી. શ્રીમદાચાર્યચરણ તેવા રસાત્મક સ્વરૂપનાં આસ્યરૂપ હોવાથી તેવું સાધર્મ્યવિશિષ્ટ સુષમાસહિત નિજ સ્વરૂપ શ્રીમત્ પ્રભુચરણને અનુભૂત થાય છે તેથી શ્રીમત્પ્રભુચરણ પ્રથમ પરમાનંદ એમ આપશ્રીનું નામ આજ્ઞા કરી તત્સ્વરૂપજ્ઞાપક શ્રીકૃષ્ણાસ્યં નામની વ્યાખ્યા કરે છે. તેથી જ આવા (શ્રીમદાચાર્યચરણનાં) સ્વરૂપનાં જ્ઞાનપૂર્વક તદેકમનથી (તેઓશ્રીમાં એક મન રાખી)

(આ સ્તોત્રનો) જપ કરનારને શ્રીકૃષ્ણાધરામૃતાસ્વાદસિદ્ધિ રૂપ થાય છે એમ ભ્રમરકીટ ન્યાયથી વ્યાખ્યા કરવામાં આવી છે. તે કીટ (કીડો) જેમ ભમરના ધ્યાનથી ભ્રમર થઇ મધુપાનાદિક કરે છે તેમ આ આસ્ય સ્વરૂપના ધ્યાનથી એવા રસાત્મક થઇ રસપાન કરે છે એમ ભાવ છે. નહિ તો, આચાર્યશ્રીને તત્સિદ્ધરૂપત્વનો અભાવ હોય અર્થાત્ આચાર્યશ્રીનું તેવું સ્વરૂપ ન હોય તો તેઓશ્રીનાં નામને તે દાન (તેવા રસદાન) કરવાનું સામર્થ્ય પણ ન હોય. આવું રૂપ પરમાનંદ સ્વરૂપમાં જ છે એમ જણાવવાને શ્રીકૃષ્ણાસ્યં એ નામની પરમાનંદ નામ પછી વ્યાખ્યા કરી છે.

પરમને પુરુષોત્તમને આનંદ જેમાંથી થાય છે તે પરમાનંદ. એવા આચાર્યશ્રીના નામની શ્રીમત્પ્રભુચરણે વ્યાખ્યા કરી તેમાં કોઇ શંકા કરે કે ભગવાનને પણ આનંદ કરવાપણું અનુચિત જેવું લાગે છે કારણકે તેવું (ભગવાનને આનંદ કરવાવાળું) કોઇ નથી, તો તેના નિરાસ સારૂ શ્રીમત્પ્રભુચરણ તૃતીય નામ શ્રીકૃષ્ણાસ્યં વ્યાખ્યા કરે છે. શ્રીકૃષ્ણનું આસ્ય મુખ તે શ્રીકૃષ્ણાસ્ય શ્રીમદાચાર્યચરણ છે, અને તેથી સૂચવે છે કે તે (શ્રીમદાચાર્યચરણના) સ્વરૂપના અજ્ઞાનવાળા મૂર્ખ તને (શંકા કરનારને) તે (ભગવાનને આનંદદાતૃત્વ) અનુચિત લાગે તે સત્ય છે, પરંતુ વિદ્વાનોને (આચાર્યશ્રીના સ્વરૂપને જાણનારને) તો અનુચિત લાગતું નથી; કારણકે આપશ્રી શ્રીકૃષ્ણાસ્ય છે. સંપૂર્ણ સ્વરૂપમાં દર્શનીય (દર્શન કરવા યોગ્ય) મુખ છે, તેવી રીતે શ્રીમદાચાર્યચરણ પણ દર્શનીય છે. વળી મુખારવિંદ વિના પોતાને ભગવાનને શ્રીઠાકોરજીને પણ ભક્તના (ગોપીજનોના) અધરામૃતનો આસ્વાદ થાય નહિ, અને તેઓ વિષે (વ્રજસીમન્તિની ભક્તો વિષે) કટાક્ષાદિક પણ થાય નહિ, પોતાને દર્શન સુખ પણ ન થાય (દર્પણમાં નિજ મુખનાં દર્શનથી આનંદ થાય છે, મુખ વિના તે થાય નહિ) તેથી શ્રીમદાચાર્યચરણને દાતૃત્વ એટલે ભગવદાનંદદાતૃત્વ (ભગવાનને પણ આનંદ દેવાપણું) છે. આચાર્યશ્રીનાં પ્રાકટ્ય પહેલાં કોઇપણ ઠેકાણે ભગવદ્ભોજનાદિક થયું નથી; પછી (શ્રીમદાચાર્યચરણનાં પ્રાકટ્ય પછી) તદીય ભક્તોને વિષે ભગવદ્ભોજનાદિક થયું છે એમ શ્રીમત્પ્રભુચરણે શ્રીવલ્લભાષ્ટકમાં નિરૂપણ કર્યું છે. 'यदा तद्गोकुलेशः स्ववदनकमले चारुहासे करोति' તે (પોતાને જે અર્પવામાં આવે છે તે) શ્રીગોકુલેશ ચારુ (સુંદર) હાસવાળા સ્વવદનકમલમાં સાક્ષાત્ ધરે છે. તેથી સર્વત્ર શ્રીમદાચાર્યચરણને ભગવાનને ભોક્તાનું આનંદદાતૃત્વ છે. ભગવાન્ સર્વનો ઉપભોગ શ્રીમુખથી કરે છે અને તેથી આપશ્રીને જે આનંદ થાય છે તેનું દાતૃત્વ (દાન કરવાપણું) શ્રીમુખને શ્રીમદાચાર્યચરણને છે. શ્રીકૃષ્ણાસ્યં શ્રીમદ્ભાગવતના દશમ સ્કંધના તૃતીયાધ્યાયાર્થબોધક શ્રીમદાચાર્યચરણનું નામ છે. શ્રીકૃષ્ણાસ્યં એટલે શ્રીકૃષ્ણનું મુખ. જેવીરીતે અંગમાં (અવયવમાં) મુખનું પ્રાધાન્ય છે તેવી રીતે કથામાં આધિદૈવિક કપિલકથનું, અવતારમાં કૃષ્ણાવતારનું, સ્તુતિમાં વસુદેવની (વસુદેવે કરેલી) સ્તુતિનું, પ્રાર્થનામાં દેવકીજીની (દેવકીજીએ કરેલી) પ્રાર્થનાનું, વાક્યોમાં ભગવદ્વાક્યોનું, લીલામાં પ્રાકૃતભાવની (ભગવાનની મનુષ્યરૂપની) લીલાનું પ્રાધાન્ય છે. અને તે શ્રીમદ્ભાગવતના દશમ સ્કંધના તૃતીય અધ્યાયમાં કહેવામાં આવ્યું છે.

(પ્રથમાદિના ગમન) પછી[1] સર્વ ગુણોપેત પરમશોભન કાલ થયો. આથી કાલનું પ્રાધાન્ય જણાવે છે.

---

[1] अथ सर्वगुणोपेतः कालः परमशोभनः

તે અદ્ભુત[2] કમલનેત્ર બાળકનાં (વસુદેવે દર્શન કર્યાં.) આથી કૃષ્ણાવતારનું પ્રાધાન્ય બતાવે છે.

આપને મેં જાણ્યા[3] છે કે આપ પ્રકૃતિથી પર સાક્ષાત્ પુરુષ છો. આથી વસુદેવની સ્તુતિની પ્રધાનતા બતાવી છે.

હે વિશ્વાત્મન્[4], આ અલૌકિક રૂપનો ઉપસંહાર કરો (અર્થાત્ લૌકિક બાલ રૂપથી સ્થિતિ કરો.) આથી દેવકીપ્રાર્થનાનું પ્રાધાન્ય બતાવે છે.

હે સતિ માતા, તમો પૂર્વજન્મમાં[5] સ્વાયંભુવ મન્વંતરમાં પૃશ્નિ હતા. આથી ભગવદ્વાક્યનું પ્રાધાન્ય બતાવે છે.

(પછી પોતાના માતાપિતા દેવકીવસુદેવના દેખતાં ભગવાન્ સ્વેચ્છાથી જ) પ્રાકૃત[6] લૌકિક શિશુ બાલક (જેવા) થયા. (ત્યારપછી કંસથી તમો બીતા હો તો મને ગોકુલ લઈ જાઓ અને મારી માયાને લાવો એમ) પ્રેરણા કરાયેલા તે વસુદેવે સુતને સમ્યક લઈને (પ્રભુ શયન જેમાં પધારેલ છે તેવા પાત્રમાં પધરાવીને) સૂતિકાગૃહમાંથી (બહાર જવાની ઇચ્છા કરી ત્યારે ભગ શબ્દથી પ્રસિદ્ધ યોગમાયા નિમિત્તભૂત નંદની જાયા યશોદાથી જન્મી.) આથી પ્રાકૃત ભાવની લીલાનું પ્રાધાન્ય બતાવ્યું.

કૃપાનિધિઃ—શ્રીકૃષ્ણાસ્યની (શ્રીમદાચાર્યચરણની) પણ શ્રીકૃષ્ણતુલ્યતા હોવાથી જેમ તે (શ્રીકૃષ્ણ) અલૌકિક જન્મમાં પ્રકટ થયા તેમ તેઓશ્રીના આસ્યનું (શ્રીમદાચાર્યચરણનું) પ્રાકટ્ય અલૌકિકમાં જ થવું ઉચિત છે પરંતુ લૌકિક વિષે થવું ઉચિત નથી એમ આશંકા થાય તેના નિરાસ સારુ શ્રીમત્પ્રભુચરણ અગ્રીમ ચતુર્થ નામ આજ્ઞા કરે છે 'કૃપાનિધિઃ' કૃપાના નિધિ, નિધાન, ભંડાર, સ્થાન એટલે નિરુપધિ અલૌકિક કૃપાના આશ્રય. કૃપાવિષયોનું (જેમના ઉપર કૃપા કરવાની છે તેઓનું) પ્રાકટ્ય લૌકિક વિષે થવાથી, આપશ્રી જો અન્યત્ર પ્રકટ થાય તો તેઓમાં કૃપાવિષયત્વનો અસંભવ થવાથી આપશ્રીનું કૃપાનિધિત્વ જ થાય નહિ. અર્થાત્ જે જીવોના ઉપર આપશ્રીને કૃપા કરવી છે તે કૃપાવિષયો (દૈવી જીવો) લૌકિક વિષે પ્રકટ થાય અને આપશ્રી જો લૌકિકવિષે પ્રકટ ન થતાં અન્યત્ર પ્રકટ થાય તો આપશ્રી તેઓ (તે દૈવી જીવો-કૃપાવિષયો) આપશ્રીના કૃપાવિષય થાય નહિ અને ત્યારે આપશ્રી કૃપાનિધિ પણ કહેવાય નહિ, માટે લૌકિકવિષે આપશ્રીનાં પ્રાકટ્યનો હેતુ જણાવવાને આ કૃપાનિધિઃ નામની આજ્ઞા કરી છે. આપશ્રી કૃપાનિધિ હોવાથી આપશ્રીના કૃપાના વિષયો-પાત્રો જ્યાં (લૌકિક વિષે) પ્રકટ થયાં ત્યાં આપશ્રી પણ તેઓ ઉપર કૃપા કરવાને પ્રકટ થયા. તોપણ કૃપાનિધિત્વમાં સ્વાશ્રિતોને સ્વપ્રતિપાદિતભક્તિમાર્ગીય સાક્ષાત્ ભગવત્‌સંબંધરૂપ સ્થાપન કેમ સંભવી શકે? શ્રીમદાચાર્યચરણ ભલે કૃપાનિધિ હોય તોપણ આપશ્રી-નિજ અંગીકૃત જીવોને આપશ્રીએ પ્રકટ કરેલ પુષ્ટિભક્તિમાર્ગીય સાક્ષાત્ ભગવત્સંબંધરૂપ રત્નનું દાન કેમ કરી શકે? એમ કોઈ શંકા કરે તો તેના નિરાસ સારુ નિધિ પદ છે અને તેનો (નિધિપદનો) આ આશય છે. જેમ સમુદ્રને જલનિધિત્વ હોવાથી (જેમ સમુદ્ર જલનિધિ હોવાથી) અગાધ જલવાળો કહેવાય છે તેમ આચાર્યશ્રી કૃપાનિધિ

---

[2] तमद्भुतं बालकमम्बुजेक्षणं. [3] विदितोऽसि भवान् साक्षात् पुरुषः प्रकृतेः परः [4] उपसंहर विश्वात्मन्नदो रूपमलौकिकं. [5] त्वमेव पूर्वसर्गेऽभूः पृश्निः स्वायंभुवे सति. [6] बभूव प्राकृतः शिशुः। ततश्च शौरिर्भगवत्प्रचोदितः सुतं समादाय स सूतिकागृहात्।

હોવાથી અગાધ- કૃપાવાળા કહેવાય છે. તેથી જેવીરીતે અગાધમાં પડેલું પાત્ર મહત્ કે અલ્પ પૂર્ણ જ થાય છે (અગાધમાં પડેલું નાનું કે મોટું વાસણ પૂર્ણ જ ભરાય છે) તેવી-રીતે આચાર્યશ્રીએ પ્રકટ કરેલા ભક્તિમાર્ગમાં અંગીકાર થયેલાઓને યથાધિકાર ભજનાનુભવ થાય છે જ એમ જણાવવાને નિમિત્ત કહેલું છે. એતાદૃશ અલૌકિક શ્રીકૃષ્ણરસ અતિ દુર્લભ છે, અન્યને મનથી પણ જાણવું અશક્ય છે તેનું જ્ઞાન અને તેનો અનુભવ આપશ્રીને કેમ થયો અથવા તેઓશ્રીએ આપશ્રીને તેનું જ્ઞાન કેમ કરાવ્યું અને તેનો અનુભવ પણ કેમ કરાવ્યો એમ કોઈ શંકા કરે તો તેના નિરાસસારું શ્રીમત્પ્રભુચરણ કૃપાનિધિઃ એમ શ્રીમદાચાર્યચરણનું ચતુર્થ નામની આજ્ઞા કરે છે. કૃપાનિધિ એટલે કૃપાના નિધિ સમુદ્ર, અનિર્વચનીય નિરવધિ કૃપાના સમુદ્ર. કૃપાનિધિ નામનો આશય નીચે પ્રમાણે છે. જેવીરીતે રત્નનિધિ સમુદ્રમાં અગાધ જળમાં જે મજ્જન કરે છે તેઓને જ યત્કિંચિત્ રત્ન પણ ભગવદિચ્છાથી પ્રાપ્ત થાય છે, બધાને (મજ્જન કરનાર સિવાય ઇતરને) કાંઇ રત્નપ્રાપ્તિ થતી નથી તેવીરીતે અહિં પણ તેઓશ્રીને (કૃપાનિધિ શ્રીમદાચાર્યચરણને) શરણે ગયેલા અમોને (શ્રીમત્પ્રભુચરણને) જ તેઓશ્રીની કૃપાથી તેઓશ્રીના જણાવવાથી તેઓશ્રીનાં સ્વરૂપનું જ્ઞાન થાય છે અને તેનો અનુભવ થાય છે, બીજાઓને (તેઓશ્રીને શરણે ગયા વિનાના બીજાઓને) તેઓશ્રીનાં સ્વરૂપનું જ્ઞાન અને તેનો અનુભવ થતો નથી, એમપ્રમાણે કૃપાનિધિ પદથી શ્રીમત્પ્રભુચરણે સ્વજ્ઞાન-માં (આપશ્રીને થતા આચાર્યશ્રીનાં સ્વરૂપજ્ઞાનમાં) હેતુની આજ્ઞા કરી. વળી તે (રત્ન-નિધિ) તો પ્રાકૃત લૌકિક સમુદ્ર છે આ (કૃપાનિધિ) અલૌકિક (સમુદ્ર) છે. ત્યાં ફલદાનમાં ભગવદિચ્છા દૃષ્ટ અદૃષ્ટ વગેરે નિયામક છે અને સ્વયમ્ (રત્નનિધિ) દાનમાં (ફલદાન આ-પવામાં) અસ્વતંત્ર (પરતંત્ર) છે અને આ (કૃપાનિધિ) તો સ્વયમેવ પોતે જ સર્વનિયા-મક સ્વતંત્ર સમુદ્રરૂપ છે તેથી જે કોઈ તેઓશ્રીના શરણે જાય તેને તેઓશ્રી કૃપાથી કિંચિત્ પણ આપે છે જ (કિંચિત્ પણ ફલદાન કરે છે જ) પરંતુ તાદૃશ (તેવા પૂર્વોક્ત) સ્વરૂપા-નુભવનિધિનું દાન તો પોતાને જ (શ્રીમત્પ્રભુચરણને જ) આપશ્રીએ કર્યું અન્યને નહિ એમ જણાવવાને કૃપાનિધિઃ એમ (શ્રીમદાચાર્યચરણનું) નામ ધર્યું છે. આ (કૃપાનિધિ) નામ તો શ્રીમત્પ્રભુચરણે તદનુભવજનિત પરમસંતોષથી ભાવપ્રેરિત થઈ ધર્યું છે એમ અનુ-માન થાય છે. આમ હોવાથી તાદૃશ દુર્લભતમ નિધિના દાનથી અબ્ધિથી અતિશયિત કૃપા સમુદ્રત્વનું સૂચન થાય છે.

કૃપાનિધિ નામ વડે તત્પૂર્વ નામ શ્રીકૃષ્ણાસ્યનું અસાધારણ લક્ષણ જણાવે છે. અર્થાત્ શ્રીમદાચાર્યચરણ શ્રીકૃષ્ણસમ દીનનું દુઃખ સહન ન કરી શકે તેવા કૃપાસમુદ્ર છે.

કૃપાનિધિઃ એ શ્રીમદ્ભાગવતના દશમસ્કંધના પૂર્વાર્ધના ચતુર્થ અધ્યાયાર્થબોધક શ્રીમદા-ચાર્યચરણનું નામ છે. કૃપાનિધિ એટલે નિરુપધિ પરદુઃખ પ્રહાણેચ્છાના નિધિ, કોશ, ભંડાર અર્થાત્ કોઈપણ પ્રકારની ઉપાધિ વિના (નિષ્પ્રયોજન) પરદુઃખ નાશ કરવાની ઇચ્છાના ભંડાર.

'એપ્રકારીતે [1]અનુતાપ થયેલા (પોતાના) ભાઈનું (કંસનું) દૌરાત્મ્ય ક્ષમા (માફ) કરીને દેવકીજીએ રોષનો ત્યાગ કર્યો. વસુદેવે પણ ક્ષમા કરીને (ભગવન્માયાના માહાત્મ્યના અનુસંધાનથી) પ્રહાસ કરીને (તેને) કંસને કહ્યું.' આવડે વસુદેવાદિનું ધૈર્ય દેખાડ્યું છે તથા પોતાનું અનેકરીતે અહિત કરનાર કંસના ઉપર તેઓની નિઃસીમ દયા, કૃપા જતાવી છે.

---

[1] भ्रातुः समनुतप्तस्य क्षांत्वा रोषं च देवकी । व्यसृजद्वसुदेवश्च प्रहस्य तमुवाच ह ॥

श्रीसुबोधिनी.

फलप्रकरण.

ભગવાનનું નિરૂપણ કરવાને સ્ત્રીઓમાં [1]સ્વાનંદ સ્થાપવો જોઇએ તેથી [2]પ્રથમ તેમને વિષે રમણાર્થ કામ પ્રગટ કરી તે (ભગવાન પણ) ઇત્યાદિથી શ્રીશુકદેવજી કહે છે,

भगवानपि ता रात्रीः शरदोत्फुल्लमल्लिकाः ।
वीक्ष्य रन्तुं मनश्चक्रे योगमायामुपाश्रितः ॥ १ ॥

(શરદ ઋતુમાં પ્રફુલ્લિત મલ્લિકાના પુષ્પોવાળી તે રાત્રીઓનું વિશેષ દર્શન કરીને ભગવાને પણ યોગમાયાનો નિકટ આશ્રય કરીને રમણાર્થ મન ઉત્પન્ન કર્યું.)

'મારી સાથે આ રાત્રિઓમાં રમણ કરશો' એ અનુસાર જે રાત્રિઓ સ્ત્રીઓના રમણાર્થ વર તરીકે દાન કરેલી છે તે રાત્રિઓનો ભગવાન્ [3]પરિગ્રહ કરીને, [4]સર્વે રાત્રિઓમાં તે આધિદૈવિક રાત્રિઓ સ્થાપીને, તે રાત્રિઓ રસશાસ્ત્રીય સર્વકલાથી પૂર્ણ હોવાથી તેમને [5]પૂર્ણિ-

---

[1] સ્વાનંદ, આ આનંદ સ્વરૂપાત્મક છે, અને રમણથી પ્રભુ વ્રજસુંદરીઓમાં સ્થાપન કરે છે. આ આનંદ સ્વરૂપાત્મક હોવાથી નિત્ય છે.

[2] પ્રથમ, આત્માથી, મનથી, વાણીપ્રાણથી, ઇન્દ્રિયોથી અને શરીરથી એમ પાંચ પ્રકારે રમણું પ્રભુ રમણ કરે છે, તેમાં અત્ર આત્માથી કરેલી લીલાનું નિરૂપણ છે.

[3] પરિગ્રહ, અંગીકાર.

[4] સર્વે રાત્રિઓમાં, પ્રભુ લૌકિક રાત્રિઓમાં આધિદૈવિક અલૌકિક રાત્રિઓનું સ્થાપન કરે છે; અને તેવી સર્વ લૌકિક રાત્રિઓમાં રમણું કરે છે. આધિદૈવિક રાત્રિઓ નિત્ય હોવાથી, તેમની સત્તા દિવસે પણ હોવા છતાં પ્રભુ આધિદૈવિક રાત્રિઓનું સ્થાપન તો માત્ર લૌકિક રાત્રિઓમાં જ કરીને તે રાત્રિઓમાં રમણ કરે છે. જેટલી રાત્રિઓમાં આધિદૈવિક પૂર્ણ રાત્રિઓનું સ્થાપન કરે છે તે તે સર્વ લૌકિક રાત્રિઓમાં પ્રભુ રમણ કરે છે. લૌકિક રાત્રિઓમાં આધિદૈવિક પૂર્ણ રાત્રિઓનું સ્થાપન ન માનીએ તો 'एवं शशाङ्कांशुविराजिता' ૧૦-૩૦-૨૬. એ શ્લોકમાં લૌકિક રાત્રિઓનો રમણરાત્રિ તરીકે કરેલો અતિદેશ સંગત થાય નહિ, તેમ દિવસમાં આધિદૈવિક પૂર્ણ રાત્રિઓનું સ્થાપન માનીએ તો 'दुहन्त्योऽभिययुः काश्चिद् दोहं हित्वा समुत्सुकाः पयोधिश्रित्य संयावमनुद्वास्यापरा ययुः' એ શ્લોકમાં કહેલો ગોપિકાઓનો પોતાનો નિત્ય રાત્રિ ધર્મનો ત્યાગ ઘટી શકે નહિ; તેમજ શ્રીશુકદેવજીએ કહેલી દિવસના અંદર ફરનારા ગોચારણપરાયણ ગોપોની માન્યતા કે ગોપીઓ તો પોતાની પાસે જ છે તે પણ ઘટી શકે નહિ. અર્થાત્ જેટલી લૌકિક રાત્રિઓમાં પ્રભુ રમણ નિર્ણય કરે છે તેટલી સર્વ રાત્રિઓમાં આધિદૈવિક પૂર્ણ નિત્ય રાત્રિઓનું સ્થાપન કરીને પ્રભુ ખેલે છે.

[5] પૂર્ણિમારૂપ, સર્વ કલાથી પૂર્ણ ભગવાનનું મન છે, અને ચન્દ્ર પણ તત્સંબંધી હોવાથી સદા પૂર્ણ જ છે. એ રાત્રિઓમાં એ ચંદ્રનું પ્રાકટ્ય કરીને પ્રભુ સર્વ રમણરાત્રિઓને પૂર્ણિમારૂપ કરે છે. રમણથી સર્વ રાત્રિઓ પૂર્ણિમાની રાત્રિઓ થાય છે.

મારૂપ કરીને, ઋતુ પણ [6]શરદ્ જ કરીને, શરદનું પણ કાર્ય પુષ્પો કરીને, રસની ઉદ્દીપક સર્વ સામગ્રી સિદ્ધ [7]કરીને, પછી રમણાર્થ આનન્દના પ્રકાશક [8]કામપિતામહ મનને ઉત્પન્ન કરે છે. ત્યાં (ગાનથી) સર્વ વ્રજસ્ત્રીઓમાં રમણરૂપ [9]સંકલ્પ આપમાં બોધવો જોઇએ. ત્યાં [10]વેણુ પણ સહાયતા પ્રાપ્ત કરશે. ત્યાં 'અનંગવર્ધન' ઇત્યાદિ પદોથી [11]કામવર્ણન થશે.

---

૬. ઋતુ અને શરદ, અન્ય સમયે દોષયુક્ત એવા જલાદિના દોષ નિવારણ કરીને કમલ વગેરેની સંપત્તિથી તેમને ગુણયુક્ત કરવાં એ શરદ્‌ના અસાધારણ ધર્મનું લોકમાં દર્શન થાય છે, તેમ અહિં પણ રસમાં અનુપયોગિ વસ્તુનો નિરાસ કરીને ભગવદ્ભાવપોષક અલૌકિક શરદ્ ઋતુનું પ્રાકટ્ય પ્રભુ કરે છે. પુરુષો તેમ સદોષભાવવતી સ્ત્રીઓનો પ્રવેશ રમણમાં નથી તે દર્શાવવાને અત્ર પુરુષ વસન્ત કે સદોષ (મેઘાદિથી, વા કર્દમથી) વર્ષા એ ઉભયનું પ્રાકટ્ય પ્રભુ કરતા નથી. એ 'ઋતુ પણ શરદ્ જ કરી' એ કહેવાનું કાર્ય છે.

૭. રાત્રિઓ નિત્ય હોવાથી, તદ્ધર્મ પણ નિત્ય થવાથી રાત્રિમાં કામાત્મકતાથી તો અવશ્ય હોવી જ જોઇએ, છતાં શ્રીસુબોધિનીજીમાં તત્કરણ જે ઉપદેશેલું છે તે ઘટે નહિ, તેમ મનની ઉત્પત્તિવત્ આની ઉત્પત્તિ સ્વીકારી શકાય એમ પણ નથી કારણ કે મનઃકરણ અત્ર મૂલ શ્લોકમાં શ્રુત નથી, તથાપિ અત્ર મૂલ શ્લોકમાં વીક્ષણને મનઃકરણના હેતુરૂપ કહ્યું છે, અને તેથી સર્વ વિષયનું અપરોક્ષ સાક્ષાત્ નિત્ય જ્ઞાન છે એવા ઇશ્વરને નિત્ય રાત્રિનું દર્શન પણ તેમ જ સાક્ષાત્ હોવાથી વીક્ષણકાર્ય મનની ઉત્પત્તિ પણ તેમ જ હોવાથી તેના સમાધાનને માટે આ વીક્ષણમાં પૂર્વ કરતાં કાંઇક વિશેષ તો હોવો જ જોઇએ. તે વિશેષ અત્ર વિષયરૂપ જ કહી શકાય અને તે વિશેષણાંશ જ છે. પૂર્વ તેનો આવિર્ભાવ થયેલો નહિ હોવાથી, અને હમણાં જ પ્રભુએ તેમ કરેલું હોવાથી આચાર્યશ્રીએ સુંદર રીતિએ કહ્યું કે 'પ્રભુએ જ સર્વ રસોદ્દીપક સામગ્રી પ્રકટ કરી.' યદ્યપિ વિશેષણ પણ નિત્ય હોવાથી આ હેતુથી ઉક્તદૂષણનો ઉદ્ધાર થતો નથી તથાપિ અત્ર પ્રભુએ ભક્તોની પણ દર્શનયોગ્યતા સંપાદન ત્યાં કરી છે તેથી સમાધાન થઇ શકે છે. આ જ તાત્પર્ય મૂલ શ્લોકનું જ છે તે નીચે પ્રકારે સ્પષ્ટ થાય છે. મૂલ શ્લોકમાં રમણાર્થ પ્રભુએ મન કર્યું એમ કહેલું છે તેથી અત્ર નાયકભાવથી પ્રભુએ ઇક્ષણ કર્યું છે એમ સ્ફુટ થાય છે અને તે જ આ વીક્ષણમાં વિશેષ છે. 'વિ' ઉપસર્ગથી નાયકભાવપૂર્વક થયેલું ઇક્ષણ જ સમજાય છે, અને તે જ અત્ર વિશેષ છે. આ વિશેષ પણ ભગવદીય હોવાથી નિરર્થક થતો નથી, પણ સ્વકાર્ય સંપાદન કરવાને રતિવિષયોમાં પણ સ્વોપયુક્ત સામગ્રી દૃષ્ટિગોચર કરે છે. આ જ તાત્પર્ય મૂલશ્લોકમાં 'વિ' પદથી સ્ફુટ થાય છે. યદ્યપિ વીક્ષણ કાલ મનોરૂપ છે, છતાં પણ તેનું નિત્યત્વ ખંડિત થતું નથી. વસ્તુતઃ તત્ક્ષણસંબંધિની લીલા પણ નિત્ય જ કહેવાય છે. લીલા માત્ર નિષ્પરિચ્છિન્ન હોવાથી, અથવા ક્ષણો પણ તેવી જ હોવાથી ચક્રવત્ ગમાગમરૂપ થવાથી નિત્યતા તો સિદ્ધ જ છે, તેથી ભગવલ્લીલાની નિત્યતામાં બાધ આવતો નથી.

૮. કામપિતામહ, કામ એ સંકલ્પમાંથી ઉત્પન્ન થાય છે. અને સંકલ્પ મનોજન્ય છે. મનમાંથી સંકલ્પ અને સંકલ્પમાંથી કામ આ પ્રકારે મન કામપિતામહ થાય.

૯. પોતાનામાં વિદ્યમાન વ્રજસ્ત્રી સાથે રમણ કરવાનો સંકલ્પ સર્વ વ્રજસ્ત્રીઓમાં બોધવો જોઇએ. સર્વ વ્રજસુંદરીઓને એ સંકલ્પનું ભાન થવું જોઇએ.

૧૦. સંકલ્પનો બોધ ગાનથી પ્રભુ કરે છે, અને વેણુદ્વારા એ ગાન ત્યાં વ્રજવધૂઓના શ્રવણમાં આવે છે. કેવલ ગાનમાં દૂર શબ્દ ન જાય તેથી વેણુથી એ કાર્ય સંપાદન કરે છે આ પ્રકારે વેણુ સહાયતા પ્રાપ્ત કરે છે.

૧૧. કામવર્ણન, અનંગવર્ધન ઇત્યાદિ શ્લોકમાં શ્રી શુકદેવજી તત્સ્થિત કામવર્ણન કરશે.

[12]યદ્યપિ આ પ્રયુક્તિક વિના પણ સ્વાનંદ ત્યાં સ્થાપન કરી શકે એમ છે તથાપિ રસમર્યાદા રહે તેથી ભગવાન્ પણ યત્ન કરે છે. રમણથી પ્રભુ વ્રજવધૂઓમાં આનંદનું સ્થાપન કરે છે છતાં સ્થાન ત્યાગથી તે અન્યથા થતો નથી, ઉપધર્મત્વ તે પ્રાપ્ત કરતો નથી, તેમ સ્વરૂપમાંથી પ્રચ્યુત થતો નથી, કારણ કે યોગમાયાને નિકટ સ્થાપીને પ્રભુ તેનો આશ્રય કરે છે. આ [13]યોગમાયા વસ્તુને યથાસ્થિત જ, જેવી હોય તેવી જ, અન્યત્ર, અન્ય સ્થલે

---

૧૨. યદ્યપિ, મૂલ ભાગવત શ્લોકમાં જે 'अपि' શબ્દ છે તેનો અર્થ આચાર્યશ્રી અત્ર નિરૂપણ કરે છે. ભગવાન્ પણ સર્વ સમર્થ હોવા છતાં અને આ પ્રયુક્તિક વિના રસદાન કરવા શક્તિમાન્ હોવા છતાં, રસમર્યાદાના રક્ષણાર્થ આ પ્રયુક્તિકનો સ્વીકાર કરે છે એ પ્રભુનું લીલાવૈચિત્ર્ય છે.

૧૩. યોગમાયા, જે યોગમાયાનો પ્રભુ પરિગ્રહ કરે છે અને મૂર્તિમતી કરીને તેને સ્વનિકટ સ્થાપે છે, અને તેનો આશ્રય કરીને જે કાર્ય આપ કરે છે, તે નિરૂપણ કરતાં તેનું સ્વરૂપ શ્રીમત્પ્રભુચરણ સ્પષ્ટ કરે છે. આ યોગમાયા અન્તરંગ છે, આધિદૈવિક છે. યથાસ્થિત વસ્તુને અન્યત્ર યોજે છે, જેમકે સંકર્ષણ જે દેવકીના ગર્ભમાં સ્થિત છે તેને રોહિણીના ગર્ભમાં યોજે છે. સ્વયં પ્રકટ થઇને મથુરામાં સ્થિત આનંદરૂપ પ્રભુને ગોકુલમાં યોજે છે, તેમ અહિં પણ પૂર્વ ગોપીઓને ગોપોના ગૃહમાં સ્થાપીને હવે ભગવાનમાં યોજે છે, અને પ્રભુમાંનો સ્વરૂપનિષ્ઠ આનંદ તે વ્રજવધૂઓમાં યોજે છે.

સામાન્યતઃ યોગમાયાનું કાર્ય સ્થિત વસ્તુનું આવરણ છે, અન્યત્ર સ્થિત વસ્તુનું અન્યત્ર ભાનરૂપ કાર્ય એનું છે એમ દ્વિતીય સ્કંધના શ્રીસુબોધિનીજીમાં 'ऋतेऽर्थं यत्प्रतीयेत' એ શ્લોકમાં સિદ્ધ છે. પરન્તુ આ યોગમાયા તો અંતરંગ છે, આધિદૈવિક છે, અને તેથી તે માયાથી આ વિલક્ષણ હોવાથી તેનાથી પણ કેટલુંક વિલક્ષણ કાર્ય કરે છે. જેમ તે માયા બહિરંગ–જડવર્ગની મનોવૃત્તિને અન્યત્ર લઇ જાય છે તેમ આ યોગમાયા પણ ગોપોમાં ગોપીઓ પોતાની પાસે છે એવી બુદ્ધિ ઉત્પન્ન કરે છે; પણ તે ઉપરાંત યથાસ્થિત વસ્તુને અન્યત્ર સ્થાપે છે તેથી તે જ આ અંતરંગ યોગમાયાનું વૈલક્ષણ્ય છે.

'यन्मायामोहितधियः पुरुषाः पुरुषर्षभ श्रेयो वदन्ति अनेकान्त्यात् यथाधर्म यथारुचि' એ શ્લોક પ્રમાણે માયાનું કાર્ય તો પ્રમાણની અન્યત્ર યોજના દેખાય છે, પણ આનન્દ અન્યત્ર એ યોજે છે તે સ્પષ્ટ થતું નથી. વળી આનન્દ એ સુખરૂપ છે, અમૂર્ત છે, અને અમૂર્ત વસ્તુનું અન્યત્ર ગમન–યા સ્થાપન સંભવી શકે જ નહિ, તેથી પ્રિયસંનિધિથી સ્વામિનીઓમાં સુખવિશેષ ઉત્પન્ન કર્યો એટલું જ કહેવું યોગ્ય હોવાથી તે આનંદનું સ્થાપન–ગમન–ને યોગમાયાના આશ્રયના નિમિત્તથી કહેવું એ અનુપપન્ન જણાય; પરન્તુ તેમ નથી. 'आनन्दाद्ध्येव खल्विमानि भूतानि जायन्ते' 'આનંદમાંથી આ ભૂતો પ્રકટ થાય છે' ઇત્યાદિ શ્રુતિઓથી, 'आनन्दमयोऽभ्यासात्' 'ભગવાન્ આનંદમય છે' ઇત્યાદિ વ્યાસસૂત્રોથી એમ સિદ્ધ થાય છે કે ભગવત્સ્વરૂપ આનન્દરૂપ છે, કોઇને અનિશ્ચય હોય તો પણ એ વેદૈકસમધિગમ્ય હોવાથી, અને વેદ તથા વેદાર્થ નિરૂપક વ્યાસસૂત્રો પણ ભગવત્સ્વરૂપને આનન્દરૂપ કહેતા હોવાથી ભગવત્સ્વરૂપને આનંદરૂપ માન્યા વિના ગત્યન્તર જ નથી. તેમ જ ચિદ્રૂપની ધર્મરૂપતા ધર્મિરૂપ જેમ સૂર્યની જ્ઞાનરૂપતાની માફક 'प्रकाशाश्रयवद्वा तेजस्त्वात्' એ સૂત્રાધારે સ્વીકારવી પડે છે. તેમ 'तदेजति' એ શ્રુત્યનુસાર ભગવાનની ગતિરૂપતા પણ અંગીકાર કરવી પડે છે. આમ ક્રમમાં વ્યાપકતા

સ્થાપે છે, જેમ સંકર્ષણને (દેવકીના ગર્ભમાંથી રોહિણીના ગર્ભમાં સ્થાપ્યા તેમ). લીલાને માટે તેનો પણ પરિગ્રહ પ્રભુએ કર્યો છે એટલે કંઇ પણ અપૂર્વ નથી. જેમ પ્રમાણમાં, પ્રમાણ સંબંધિ કાર્યમાં તત્સંબંધી વિરોધનો પરિહાર કરવામાં, અને રક્ષામાં, પ્રતિબંધ દૂર રાખીને રસરક્ષામાં, બલભદ્રનો ઉપયોગ તેમ ભજનાનંદના દાનરૂપ કાર્યમાં યોગમાયાનો ઉપયોગ પ્રભુ કરે છે. તેમાં પણ આ યોગમાયા અંતરંગ છે, સ્વરૂપાનંદથી વિરુદ્ધ સર્વનું નિવારણ કરવાવાળી છે. અન્યત્ર સ્થિત પ્રમાણ અન્યત્ર પણ યોજે છે, અને અન્યત્ર સ્થિત આનંદ અન્યત્ર. [૧૪]આથી પ્રમાણથી અતિરિક્ત, ભિન્ન, માર્ગ અને [૧૫]ભક્તિમાર્ગ આગાડી વિસ્તાર પામશે.

હોવા છતાં ગતિલીલા ઉપપન્ન છે. દામોદરલીલા પણ આ સત્યનું સમર્થન કરે છે. પ્રભુ સ્વતઃ વિરુદ્ધધર્માશ્રય હોવાથી, ધર્મરૂપતા અને ગતિરૂપતાથી વિરુદ્ધધર્માશ્રયત્વ પ્રમાણ સિદ્ધ હોવાથી, અને આનન્દ અમૂર્ત નહિ હોવાથી ધર્મ કે ધર્મીના વિચારથી આનંદરૂપ પ્રભુની અન્યત્ર ગતિ સ્ફુટ છે. તેમ યોગમાયા પણ સ્વસામર્થ્યરૂપ ધર્મવિશેષ હોવાથી તેનો પ્રભુ આશ્રય કરે તો તેમાં પણ દોષ નથી. આ પ્રકારે આ શાસ્ત્રીય રીતિથી સમાધાન થાય છે. વસ્તુતઃ અત્ર પુષ્ટિલીલા પ્રકૃત છે તેથી તદ્રીતિને અનુસરતા પ્રભુ સ્વરૂપ મર્યાદાનું અતિક્રમણ કરીને ભક્તાર્થ લીલા કરે છે. અર્થાત્ અત્ર કોઇ પણ અનુપપત્તિ નથી. 'रसं हि एव अयं लब्ध्वा आनन्दी भवति' એ શ્રુતિ આ જ સિદ્ધાન્તનું સમર્થન કરે છે. સર્વાત્મભાવરૂપ સ્થાયિભાવાત્મક રસને જ પ્રાપ્ત કરીને આનન્દવાન્ ભક્ત થાય છે. તેવાને પ્રભુ સ્વસ્વરૂપાનંદનું દાન કરે છે તેથી તે પ્રકારે લાભપ્રાપ્તિના કથનથી ભગવત્સ્વરૂપાનંદની પ્રાપ્તિ ભગવાન્ કરે ત્યારે જ થાય છે, અન્યથા નહિ. અત્ર શ્રુતિમાં 'एव' 'જ' શબ્દ છે તેનો સંબંધ સર્વ પદો સાથે છે. રસ જ પ્રાપ્ત કરીને આનંદી થાય છે, તે જ રસને પ્રાપ્ત કરીને આનંદી થાય છે, તે પ્રકારે પ્રાપ્ત કરીને જ આનન્દી થાય છે, એવાને કોઇ પણ લૌકિક દુઃખ પ્રાપ્ત થતું નથી, લૌકિક દુઃખથી તે દુઃખી થતો નથી. સર્વાત્મભાવયુક્ત વ્રજવધૂ પણ સ્વમહિમરૂપ હોવાથી સ્વસ્વરૂપાત્મક હોવાથી, સ્વરૂપાનંદનું તેઓ વિષે સ્થાપન એની પ્રચ્યુતિ કરાવતું નથી, તેમ યોગમાયા પણ સ્વરૂપાત્મક હોવાથી તેનો આશ્રય પણ પારિભાષિક રીતિથી કહી શકાય. અર્થાત્ પ્રમાણ વા પ્રમેય ઉભય રીતિથી વિચાર કરતાં કોઇ પણ પ્રકારનો બાધ નથી.

૧૪. આથી જ આ પ્રમાણથી અતિરિક્ત માર્ગ છે એમ આચાર્યશ્રી નિરૂપણ કરે છે. આ તો અન્યત્ર સ્થિત પ્રમાણને અન્યત્ર પણ યોજે છે. માટે જ અન્યના જારત્વરહિત વિવાહિત પતિના ભજનનું વિધાન કરતાં ધર્મશાસ્ત્રના સામર્થ્યથી વ્રજવલ્લભનું આ માર્ગ વિધાન કરે છે. આ તાત્પર્ય સ્વામિનીઓએ તેવી રીતિથી કરેલા ભજનથી, અને તેવા ભજનથી થયેલી ફલસિદ્ધિથી, અને પ્રભુએ પણ 'या माभजन्' એ વાક્યથી તેમનો પ્રત્યુપકાર સ્વીકારેલો હોવાથી સ્પષ્ટ થાય છે. આ સર્વથી ઉક્ત ભજન જ ફલરૂપ છે એમ અત્ર નિશ્ચય થાય છે. ઉત્તમોત્તમ ફલ શ્રીસ્વામિનીઓને પ્રાપ્ત થતું હોવાથી આનું માર્ગત્વ સિદ્ધ થાય છે. ફલ જો સિદ્ધ થયું ન હોત તો તે ઉન્માર્ગ જ થઇ જાય. શ્રીવલ્લભપ્રભુઓ આગાડી 'मस्तु परमेतद्' શ્લોકમાં જ આનું માર્ગત્વ સ્પષ્ટ પ્રતિપાદન કરે છે.

ઈશ્વરવાક્ય અખિલ પ્રમાણના કરતાં અધિક બલવાન્ હોવા છતાં પણ શ્રીસ્વામિનીઓના વચનોથી દુર્બલ છે તે પણ આનું પ્રમાણાતિરિક્ત માર્ગત્વ બતાવે છે.

જે ૧૧રાત્રિઓનું રમણાર્થ નિર્માણ કર્યું છે તેનો જ પરિગ્રહ પ્રભુ કરે છે. જો એમ ન

અથવા પ્રભુ પ્રાપ્તિને માટે ગુરુનો ઉપદેશ લેવો ને તદનુસાર કૃતિ કરવી એ ભક્તોનો પ્રમાણ માર્ગ છે. પણ અહિં તો શ્રીસ્વામિનીઓની પ્રાપ્તિ માટે યોગમાયાના આશ્રયાદિ પ્રભુ કરે છે, અને કરશે. આથી પણ આ પ્રમાણથી ભિન્ન વિલક્ષણ માર્ગ છે એમ સમજાય છે. માટે જ અન્યત્ર પ્રતિબિંબિત આનંદ અન્યત્ર યોજે છે.

૧૫. ભક્તિમાર્ગ, અન્યત્ર પ્રતિબિંબિત આનંદ અન્યત્ર યોજે છે, માટે જ સ્વભાવથી આલંબનરૂપ ઉત્કટ સ્નેહથી પ્રકટ થતો વિરહભાવ થાય છે, અને તેનાથી સર્વના ત્યાગપૂર્વક સ્વદેહાદિની વિસ્મૃતિ થાય છે, અને તદ્વિસ્મૃતિપૂર્વક ભગવદન્વેષણપરતા થાય છે, પ્રભુની જ શોધમાં સર્વત્ર સર્વદા પ્રવૃત્તિ થાય છે. આ લક્ષણયુક્ત ભક્તિમાર્ગ છે. આવો ભક્તિમાર્ગ—નિઃસાધાન પ્રેમ માર્ગ દ્વિતીય તૃતીય અધ્યાયોમાં સ્પષ્ટ છે. આ જ શુદ્ધ પુષ્ટિમાર્ગ શ્રીવ્રજવધૂઓ પ્રકટ કરે છે. આ પુષ્ટિમાર્ગની પ્રમાણમાર્ગથી ભિન્નતા વા વિપરીતતા ઉપર સ્પષ્ટ થઇ છે. આવા ઉત્તમોત્તમ માર્ગના ગુરુઓ શ્રીવ્રજવધૂઓ વિના કોણ હોઇ શકે? આથી જ શ્રીમત્પ્રભુચરણ આજ્ઞા કરે છે 'एवं सति भक्तिमार्गे स्वामिन्य एव गुरव इति ज्ञापितं भवति' અર્થાત્ આ પ્રમાણાતિરિક્ત માર્ગમાં, આ ભક્તિમાર્ગમાં, આ પ્રેમમાર્ગમાં, આ નિઃસાધન માર્ગમાં, આ દૈન્યમાર્ગમાં આ શુદ્ધ પુષ્ટિમાર્ગમાં શ્રીવ્રજવધૂઓ જ, શ્રીસ્વામિનીઓ જ ગુરુ છે. શુદ્ધિ વિનાના પુષ્ટિમાર્ગમાં ભલે અન્ય ગુરુઓ થાઓ. પણ શુદ્ધ પુષ્ટિમાર્ગમાં તો શ્રીસ્વામિનીઓ જ, અથવા તદ્રૂપ શ્રીમદાચાર્યાદિ, અથવા તદંશથી કોઇ અન્ય હોય, તેના વિના અન્યનો અત્ર પ્રવેશ જ નથી, તેમનું ગુરુત્વ તો અસંભવિત જ છે. ઉક્ત માર્ગરૂપના વિસ્તારનું પ્રયોજન શ્રીગોપિકાનું ગુરુત્વ પ્રતિપાદન કરવાને છે એમ [illegible]વિજયી શ્રીપુરુષોત્તમજીનો નિગૂઢ અભિપ્રાય છે. આ વાક્યનો વિચાર લક્ષમાં થતાં વિષ્ણુસ્વામીની પરંપરાનો સંબંધ આચાર્યશ્રીથી દૂર સુદૂર થાય છે.

શ્રીસ્વામિનીઓને વિપ્રયોગભાવમાં સૌભાગ્યમદાદિ જે થયાં હતાં તેનું કારણ પણ એજ કે તે સમયે તેમનામાં ભગવદ્ધર્મનો પ્રવેશ થયો હતો. એમાં કોઇ શ્રીસ્વામિનીઓમાં દોષ આવતો નથી. ભગવદ્ધર્મના પ્રવેશથી એમને માનાદિ થયાં છે, નહિ તો પ્રભુના સ્વસ્વરૂપને પ્રાપ્ત થયેલાં, શરણે આવેલાં શ્રીસ્વામિનીઓને મદ વા માન થાય જ નહિ. આથી એમનું ગુરુત્વ નિઃસંદિગ્ધ છે.

૧૬. 'एवं शशाङ्कांशु विराजिता निशाः' એ શ્લોકમાં લૌકિક રાત્રિઓમાં પણ પ્રભુ રમણ કરે છે એમ કહેલું છે તેમ છતાં લૌકિક રાત્રિઓને સ્થલે અલૌકિક રાત્રિઓનો પ્રકૃત પરિગ્રહ માનવામાં ગૌરવ તથા વિરોધભાવ નથી આવતા, કારણ કે આ લૌકિક રાત્રિઓનું સ્વરૂપ વિલક્ષણ છે. જે રાત્રિઓનું રમણાર્થ નિર્માણ કર્યું હતું તેનો જ પરિગ્રહ પ્રભુ કરે છે. 'નિર્માણ કર્યું હતું' એમ કહીને આચાર્યશ્રી એમ સૂચવે છે કે સર્ગના આરંભમાં રમણાર્થ જે રાત્રિઓ ભગવાને સરજી હતી તેથી કેટલીક રાત્રિઓ અત્યાર સુધીમાં ભગવાનમાં સ્થિત હતી. તેને લીલાસમયે લૌકિક રાત્રિઓમાં સ્થાપન કરીને પ્રભુ તે લીલા કરે છે. લૌકિક ચન્દ્રમાથી આ રાત્રિઓ પ્રકાશિત હોવાથી શ્રીગીતગોવિન્દાદિમાં દર્શાવેલા પ્રકારથી લૌકિક રીતિથી જ પ્રભુ તે રાત્રિઓમાં રમણ કરે છે. તેથી તે રાત્રિઓને લૌકિક

માનીએ તો સાધારણ રાત્રિનો પરિચય થતાં, સર્વત્ર જ આનંદ થાય. [૧૭]શરદ્ ઋતુમાં ખીલેલાં છે મલ્લિકાના ફૂલો જેમાં તે રાત્રિઓ જોઈને રમણ વાસ્તે આપે મન કર્યું, અને મૂર્તિમતી [૧૮]યોગમાયાને સ્વસમીપ, નિકટ, સ્થાપીને, તેનો આશ્રય કરીને આપ સ્થિત થયા, વિરાજ્યા.

રાત્રિઓ કહે છે. સૂર્યચન્દ્રનો સંબંધ સાધારણ હોવા છતાં લોકમાં જેમ તે આહ્લાદક છે તેમ સાધારણ રાત્રિઓ પણ લીલાસંબંધથી આહ્લાદક થતાં રમણની યોગ્યતા સંપન્ન કરે છે.

આ રાત્રિઓ વિવક્ષિત ચન્દ્રના પ્રકાશથી પ્રકાશિત થતી હોવાથી, નાયકના માનના કથનથી, તેનાથી નાયિકાના પ્રણિપાતના કથનથી, આમના માનમાં નાયકનું અન્તર્ધાન અને નાયિકાના તેથી થતાં દૈન્યના કથનથી, દૈન્યને લીધે પ્રભુના આવિર્ભાવમાં દૈન્યાધીનતાના કથનથી, પ્રશ્નોત્તરમાં પરોક્ષભજનના કથનમાં પૂર્વ અનુભવ નહિ હોવા છતાં અને બાધ પ્રત્યક્ષ છતાં તદનુભવ અને તેના વચનમાં વિશ્વાસના કથનથી, ભગવદ્વિશ્વાસિત આનુપૂર્વિક 'स्वरजास्पुपयन्' શ્લોકોમાં કહ્યા પ્રમાણે આ રાત્રિઓમાં અલૌકિક રીતિથી જ રસદાન પ્રભુ કરે છે એમ સમજાય છે. ઉક્તાર્થોમાં લૌકિકથી વિલક્ષણતા તો સ્પષ્ટ છે. આમ હોવાથી સ્વરૂપથી અલૌકિકતા છે એમ વિવેક કરવો.

આમ માનવામાં અન્ય પણ ઉપપત્તિ છે. આ પ્રકારે જો વિવેક ન થાય તો સાધારણ રાત્રિઓ તે લીલાના આશ્રયરૂપ હોવાથી, અને તે રાત્રિઓ સર્વત્ર તુલ્ય હોવાથી, સર્વ દેશોમાં સર્વને આનંદનું પ્રાકટ્ય થાય, પણ તેમ થવું અશક્ય છે. ભૂમિ સર્વત્ર એક હોવા છતાં લીલાશ્રયભૂમિ અધિષ્ઠાનરૂપ હોવાથી કોઈપણ અનુપપત્તિ નથી. અર્થાત્ પ્રભુ વિચારે તેને જ તે સ્થલમાં તે સમયે તે લીલાની તે સ્ફૂર્તિ થાય.

૧૭. શરદ્ ઋતુ ઇત્યાદિ, સર્વદા પ્રભુને રાત્રિદર્શન પણ સાર્વદિક હોવા છતાં અહીં તેમાં જે વિશેષ છે તે દર્શાવે છે. વિશિષ્ટ દર્શન તેજ અત્ર વિશેષ છે. વિશેષણયુક્ત, ધર્મયુક્ત વસ્તુનું દર્શન અત્ર વિશેષરૂપ છે. યદ્યપિ વિશેષણ પણ નિત્ય છે છતાં પણ જેવી લીલા કહેવાયલી છે તેવી જ તે નિત્ય છે તેથી અહીં જ વિશેષણનું વૈશિષ્ટ્ય કહેવામાં પણ દોષ નથી. વિદ્વન્મંડનમાં આ નિત્યલીલાવાદનો વિસ્તાર શ્રીમત્પ્રભુચરણે કર્યો છે તેથી વિશેષ જિજ્ઞાસા થાય તો ઉક્ત ગ્રન્થનું વા ભાષાન્તરનું દર્શન કરવું. ઉપર પણ વીક્ષણના સંબંધમાં આવો વિસ્તાર કર્યો છે.

૧૮. યોગમાયાનો, ઇશ્વર અન્યનો આશ્રય કરે એ લોકરીતિ છે, અને તે અહિં કહેવાયલું હોવાથી તે રીતિથી પણ રમણ અત્ર સૂચિત છે. આમ હોવાથી એ યોગમાયા અત્ર મધ્યસ્થ છે, તેથી તેનો વિશેષ ઉપયોગ પ્રભુ કરતા હોવાથી પ્રભુએ તેનો આશ્રય કર્યો એમ કહેવાય છે. વળી, સ્વથી અશક્ય અર્થમાં, જે કાર્ય પોતાથી થઈ શકે નહિ તેવામાં, અન્યનો આશ્રય કરાય છે, અને તેથી સર્વસમર્થ ઇશ્વરને પણ સ્વનિષ્ઠ આનંદનું દાન કરતા સમયે ઇશ્વરત્વાદિ ધર્મોનું અજ્ઞાન–સંપાદન કરવાને આ યોગમાયાનો આશ્રય અહિં નિરૂપણ કરેલો છે. જો આ યોગમાયાનો આશ્રય પ્રભુ ન કરે તો સ્વયં રસપરવશ હોવાથી તેમ (ઇશ્વરત્વાદિનું વિસ્મરણ) થઈ શકે નહિ, તેમ ગોપીને પણ આ લીલાવિષયક અજ્ઞાન થઈ શકે નહિ–શ્રીવ્રજવધૂઓ પધાર્યાં તે સમયે નિષેધવચનોથી તે જ્ઞાનનું કથન છે તેથી પણ યોગમાયાનો

શ્રીવલ્લભચરણવિજ્ઞપ્તિ.

નિજાચાર્યનું સર્વ સુખાવહ ચરણકમલદ્વંદ્વ શિરવડે વંદુ છું તેથી મને સકલ રસ ધ્રુવ છે. ૧.

યાવન ભયથી દીનહીન હું દુઃખી છું, આર્તની આર્તિના નાશક, આપ અમને તેથી નિવૃત્ત કરો. ૨.

શ્રી ગોકુલેશ્વર! નથી કરી શકતી સ્થિતિ વા નથી કરી શકતી ગતિ, હે પ્રભો! મીનવત્ અમારી કરુણ ગતિ થાય છે. ૩.

હે પ્રભો! કર્યો છે હૃદયનો ભેદ જેણે એવા, સુખસંભેદથી રહિત, અને જતો રહ્યો છે સ્વીયરસભેદ જેમાં એવા ખેદમાં આપ જ ગતિ છો ૪.

હે નાથ! ધૈર્યરહિત નિજજનોએ ભવજનિત દુઃખ સહી શકાતું નથી, આપ સારી રીતિથી નિવૃત્ત કરો.[1] ૫.

હે નાથ! આપના સ્મરણરૂપ સર્વપાપનિવારક ઉપાય છે, હમણા તે ભયથી સંભવતો નથી, અત્ર મારી[2] શી ગતિ? ૬.

ઇતિ શ્રીહરિદાસવિરચિત શ્રીમદ્વલ્લભચરણવિજ્ઞપ્તિ સંપૂર્ણ.

શ્રીવલ્લભભાવાષ્ટક.

શ્રીમહાપ્રભુજી અમારા પતિ છે, શ્રીમહાપ્રભુજી સદા ગતિ છે, શ્રીમહાપ્રભુજીમાં મારી મતિ હજો, શ્રીમહાપ્રભુજીમાં મારી રતિ હજો. ૧.

મારી વૃત્તિ શ્રીવલ્લભીય જ હજો, મારી કૃતિ શ્રીવલ્લભમાર્ગની હજો, શ્રીવલ્લભનું (મને) દર્શન હજો, શ્રીવલ્લભપ્રભુનું સ્મરણ હજો. ૨.

આશ્રય પ્રભુ કરે છે. આ સર્વ કાર્યની સિદ્ધિને માટે, લીલાવિષયક અપેક્ષિત વિસ્મૃતિ અને સ્મૃતિને માટે, અને અન્ય સર્વ અપેક્ષિત સામગ્રી સંપાદન કરવાને રમણમાં યોગમાયાનો આશ્રય પ્રભુ અલૌકિક રીતિથી કરે છે. શ્રીશુકદેવજી પણ 'मोहिता स्वस्य मायया' એ શ્લોકમાં ગોપીને માયાથી થયેલો મોહ નિરૂપણ કરશે. ગોપીને લીલાવિષયક અજ્ઞાન એ યોગમાયાનું ત્યાં કાર્ય સ્પષ્ટ થાય છે. તાત્પર્ય કે આ યોગમાયા રસોપયોગી જે જે કાર્ય છે તે તે તે તે સમયે સંપાદન કરવાને શક્તિમતી છે, તેથી તે યોગમાયાને સ્વરૂપનું જ્ઞાન કરીને, મૂર્તિમતી કરીને, પ્રભુ સ્વ નિકટ તેને સ્થાપે છે. 'उप' ક્રિયાવિશેષણ અવ્યય આનું જ સૂચન કરે છે. આચાર્યશ્રી આજ કારણથી કહે છે કે 'યોગમાયાના સમીપમાં આશ્રય કરીને પ્રભુ સ્થિત છે.'

'प्रसीदतु मयि श्रीमत्कृष्णः प्राणप्रियोत्सवः ।
येन भाति जगत् सत्यं विना येन न तत्तथा ॥ १ ॥'

---

[1] 'निवर्तय दयानिधे' એમ પાઠ હોય તો 'હે દયાનિધે, આપ નિવૃત્ત કરો' એમ અર્થ કરવો.

[2] 'नाथ त्वत्स्मरणोपायाः सर्वापायविवर्जिताः नैवाद्य संभवन्त्येतद्भयात् कात्र गतिर्मम' એમ પાઠ કરેલો હોય તો 'હે નાથ! આપનાં સ્મરણરૂપ ઉપાય સર્વ અપાયવડે વિવર્જિત છે પરંતુ તે ભયથી હમણા સંભવતા નથી, અત્ર મારી શી ગતિ? એમ અર્થ કરવો.

આપના કૃપાસુધાનું આઘ્રાણ હજો, આપના ઉચ્છિષ્ટ રસનો આમદ—આસમંતાત્ મદ હજો, આપના ગુણોનું શ્રવણ હજો, આપના ચરણકમલનું સ્મરણ હજો. ૩.

આપના મહિમાનું શ્રવણ, આપના શ્રીહસ્તનું સેવન, આપના સ્વરૂપવિષે જ આન્તર ભોગ, અને આપના સન્નિધિમાં ગમન હજો. ૪.

આપના આગલ સર્વથા સ્થિતિ, સદા આપના સેવકો સહ સંગ, આપની વાર્તાવિષે અત્યન્ત અભિરુચિ અને કેવલ આપના જ વાક્યમાં ગમનકર્ત્રી નિષ્ઠા હજો. ૫.

કેવલ આપના જ સંબંધમાં શ્રદ્ધા, આપના ચરણકમલમાં વિશ્વાસ, આપનું જ દાસ્ય અને આપના જ ચરણનો આશ્રય હજો. ૬.

મારા મસ્તકવિષે શ્રીમત્પ્રભુજી સ્થિતિ કરો, મારા હૃદયવિષે શ્રીવલ્લભ સ્થિતિ કરો, મારી સર્વ પાર્શ્વે શ્રીવલ્લભ હજો, શ્રીવલ્લભ મારું સર્વ [સર્વસ્વ] હજો. ૭.

શ્રીવલ્લભને જ નમસ્કાર, સદા શ્રીવલ્લભવિષે જ દૈન્ય, શ્રીવલ્લભપ્રતિ જ પ્રાર્થના, અને શ્રીવલ્લભના ચરણમાં જ મારી અધીનતા હજો. ૮.

ભક્તિમાર્ગમાં રત* છે આત્મા જેમનો એવાઓને આ અષ્ટકના પાઠથી વિનાયાસે શ્રીવલ્લભના ચરણકમલમાં ભાવ થાય (થશે).

ઇતિ શ્રીહરિદાસવિરચિત શ્રીવલ્લભભાવાષ્ટક સંપૂર્ણ.

દૈન્યાષ્ટક.

શ્રીમદ્વલ્લભ! વૃન્દાવનવિષે[1] રજયુક્ત શ્રીયમુનાજલવડે પંકિલ[2] ચરણકમલને [મારા] મસ્તકવિષે ક્યારે ધરશો? ૧.

શ્રીમદ્વલ્લભ! સરાગસાર્દ્ર હૃદયવિષે સદા પરિભાવિત ચરણકમલને મસ્તકવિષે ક્યારે ધરશો? ૨.

શ્રીમદ્વલ્લભ! નિજ સ્નાનજલામૃતવડે સંજીવ્યા છે આશ્રિત જેણે એવા ચરણકમલને મસ્તકવિષે ક્યારે ધરશો? ૩.

શ્રીમદ્વલ્લભ! કૃતપુણ્યપુંજોએ પ્રાપ્ત સર્વદા પરિસેવિત ચરણકમલને મસ્તકવિષે ક્યારે ધરશો? ૪.

શ્રીમદ્વલ્લભ! ભક્તિસહ પંચપુરુષાર્થરૂપ અંગુલિઓવડે સંયુક્ત ચરણકમલને મસ્તકવિષે ક્યારે ધરશો? ૫.

શ્રીમદ્વલ્લભ! સ્વભક્તિરૂપ રાગસંદોહની સતત સ્થિતિએ કરીને રંજન (રંજિત[3]) ચરણકમલને મસ્તકવિષે ક્યારે ધરશો? ૬.

શ્રીમદ્વલ્લભ! નખચન્દ્રના પ્રકાશે કરીને સ્વતઃ નિજજનના પ્રકાશરૂપ ચરણકમલને મસ્તકવિષે ક્યારે ધરશો? ૭.

શ્રીમદ્વલ્લભ! ભૂતલને વિષે ભક્તસહિત સારી રીતિએ આગત પુષ્ટિકલ્પદ્રુમાત્મક ચરણકમલને મસ્તકવિષે ક્યારે ધરશો? ૮.

ઇતિ શ્રીહરિદાસવિરચિતદૈન્યાષ્ટક સંપૂર્ણ.

---

* 'રત' એમ પાઠ હોય તો 'ભક્તિમાર્ગે છે રત જેમનું એવાઓને' એમ અર્થ કરવો.

[1] અથવા 'વૃન્દાવનની.' [2] પંકયુક્ત.

[3] રંજિતમ્ એમ પણ પાઠ છે.

પુષ્ટિમાર્ગમાં સાધનો છે ?

ગયા અંકમાં શ્રીમદ્વલ્લભાચાર્યજીના જ્યેષ્ઠ પુત્ર શ્રીગોપીનાથજીનો સાધનદીપક ગ્રંથ વાંચી ઉપજી શંકા સ્વાભાવિક રીતે સ્ફુરે છે. પુષ્ટિ એટલે અનુગ્રહ. સાધન વિના પ્રભુ-અનુગ્રહથી જ વિનાશ્રમે સંસારસાગર તરી જઈ પ્રભુના ભજનાનંદનો અનુભવ થવો એજ પુષ્ટિમાર્ગની ઉત્તમતા; તો આવા પુષ્ટિમાર્ગમાં—અનુગ્રહમાર્ગમાં ઘણાં સાધનો કરવાનાં ખરાં કે ?

આ મતનું વિશેષ ઉદ્ઘાટન કરતાં એક સન્મિત્ર લખે છે કે "પુષ્ટિમાર્ગસ્થ નામ ધારી પણ લૌકિકવૈદિકથી અતીત જ છે. એનામાં 'વ્યાપૃતિ' (વેપાર રોજગાર) પણ ભગવદ્દત્ત જ સમજવી, કારણ કે તે પણ નિસ્સાધનતાનું અંગ છે. આમાં શ્રીમહાપ્રભુજીની આજ્ઞાનું ઉલ્લંઘન ન સમજવું, પરંતુ શ્રીમહાપ્રભુજીએ જે આજ્ઞા કરી તેનું પરિપાલન પણ તે જ કરાવશે એમ વિશ્વાસ પ્રધાન છે. નિસ્સાધનતાને કોઈપણ પ્રકારે બાધ આવે એ સહ્ય ન હોવાથી આ લખ્યું."……"પ્રશ્ન એ છે કે જેમને—આધુનિક વૈષ્ણવોને—શરણ અને બ્રહ્મસંબંધ સ્વમાર્ગીય રીતિથી થયલું છે, શાસ્ત્રીય સાધનમાં વૃત્તિ હોતી નથી, આપ જે 'પ્રેમ' અનુવાદો છો તે પણ સ્પષ્ટ તો પ્રતીત નથી, સંસારમાં નિમગ્ન છે, દિવસે વ્યાપાર કરે છે, રાત્રિએ નિદ્રાને સેવે છે, એવા—નામ માત્ર ધારી—પુષ્ટિમાર્ગીઓને શ્રીમહાપ્રભુજી જ સ્વપ્રમેય બળથી ઉદ્ધારશે કે સ્વોદ્ધારાર્થ આ જીવોએ વિહિત સાધન આચરવાં જ ? સાધન અને વિહિત સાધન આચરતાં નિસ્સાધનતામાં ક્ષતિ ન થાય ?"

આખા પત્રપર અને ખાસ કરી આ ભાગપર વિચાર કરતાં શ્રીમહાપ્રભુજીના સિદ્ધાંતથી પ્રતિકૂળ અને વિપરીત પરિણામી લાગવાથી મને જે સત્ય જણાય છે તે નીચે કહું છું. મારા વિચારમાં ભૂલ હોય તો તે મને બતાવવાથી હું ઉપકાર સહિત સુધારીશ. જ્યારે આ નિસ્સાધનતાનો વિષય જ આ લેખને માટે લીધો છે, ત્યારે એ બાબતમાં બને તરફના પ્રમાણો જે મને તાત્કાલિક મળ્યાં છે તેનો પણ સંગ્રહ કરી નિર્ણયપર આવવા પ્રયત્ન કરીશ.

પ્રથમ એટલું સમજવું આવશ્યક છે કે આપણે પ્રભુને કર્તુમકર્તુમન્યથાકર્તું સર્વ સમર્થ માનીએ છીએ, એટલે કયા જીવને કેવી રીતે કેવા સાધનથી કે સાધન વિના પ્રભુ ફળ આપવા ઇચ્છે છે તે જાણવું અશક્ય છે; તેમજ તે પ્રભુઇચ્છાનું કોઈપણ રીતે નિયંત્રણ પણ અશક્ય જ છે. પ્રશ્ન માત્ર એટલો જ છે કે શ્રીમહાપ્રભુજીએ જે પુષ્ટિમાર્ગ પ્રકટ કર્યો, જેથી પૃથક્શરણમાર્ગોપદેષ્ટા પોતે કહેવાયા, તે પુષ્ટિમાર્ગ—અનુગ્રહમાર્ગ—નિસ્સાધન માર્ગ કેવા પ્રકારનો છે ? તેમાં કોઈપણ સાધનો છે કે તે સાધનશૂન્ય છે ? શરણ અને બ્રહ્મસંબંધ મંત્ર લઈ પછી વ્યાપૃતિ પણ ભગવદ્દત્ત હોવાથી સાધુ ગણવી ? જે પ્રેમ પ્રતીત નથી તે વધારવાના સાધનનો ઉપદેશ શ્રીમહાપ્રભુજીએ કર્યો છે ? કે સ્વપ્રમેય બળપર વિશ્વાસ રાખી સંસારમાં નિમગ્ન રહેવાનો ઉપદેશ કર્યો છે ? જો સાધનનો ઉપદેશ કર્યો હોય અને તે કરવા પ્રયત્ન કરીએ તો નિસ્સાધનતામાં ક્ષતિ ન થાય ?

મને તો આનો ઉત્તર બહુજ સરલ લાગે છે. આપણે ષોડશ ગ્રંથ નિત્ય વાંચીએ છીએ, તે પુષ્ટિમાર્ગના છે એમાં તો કોઈથી ના કહેવાશે નહિ. હું તો એ સર્વે ગ્રંથોને શ્રીમહા-

પ્રભુજીનું કામ માનું છું, અને શ્રીમહાપ્રભુજીનો અમુક વિષયમાં શું આશય છે તે એ ગ્રંથોનો વિચાર કરતાં સેહેજમાં સમજાય છે. હવે ભક્તિવર્ધિનીમાં પોતે શું કહે છે તે જુઓઃ—

यथा भक्तिः प्रवृद्धा स्यात्तथोपायो निरूप्यते ।
बीजभावे दृढे तु स्यात् त्यागाच्छ्रवणकीर्तनात् ॥
बीजदार्ढ्यप्रकारस्तु गृहे स्थित्वा स्वधर्मतः ।
अव्यावृत्तो भजेत् कृष्णं पूजया श्रवणादिभिः ॥
व्यावृत्तोऽपि हरौ चित्तं श्रवणादौ यतेत् सदा ।
ततः प्रेम तथाऽसक्तिर्व्यसनं च यदा भवेत् ॥
बीजं तदुच्यते शास्त्रे दृढं यन्नापि नश्यति ।
स्नेहाद्रागविनाशः स्यादासक्त्या स्याद् गृहारुचिः ॥
गृहस्थानां बाधकत्वं अनात्मत्वं च भासते ।
यदा स्याद् व्यसनं कृष्णे कृतार्थः स्यात्तदैव हि ॥
तादृशस्यापि सततं गृहस्थानं विनाशकम् ।

× × × ×

सेवायां वा कथायां वा यस्यासक्तिर्दृढा भवेत् ।
यावज्जीवं तस्य नाशो न क्वापीति मतिर्मम ॥

અર્થઃ—જે પ્રકારે ભક્તિ વધે તેના ઉપાય નિરૂપણ કરીએ છીએ. બીજભાવ દૃઢ થવાથી (૨) ત્યાગથી (૩) અને શ્રવણ કીર્તનથી ભક્તિ વધે. બીજ દૃઢ થવાનો પ્રકાર એકે ગૃહમાં સ્થિતિ કરી સ્વધર્મથી 'વ્યાવૃત્તિનો ત્યાગ કરીને પૂજા શ્રવણ વગેરેથી કૃષ્ણનું ભજન કરવું. વ્યાવૃત્તિ હોય તોપણ હરિને વિષે શ્રવણાદિમાં ચિત્ત પરોવવા સદા યત્ન કરવો. તેથી પ્રેમ તથા આસક્તિ અને વ્યસન જ્યારે થાય ત્યારે તે શાસ્ત્રમાં બીજ કહેવાય છે, જે દૃઢ થવાથી નાશ પામતું નથી. સ્નેહથી રાગનો વિનાશ થાય, આસક્તિથી ગૃહપર અરુચિ થાય, ગૃહમાં રહેતાં સર્વ બાધક અને પારકા લાગે, જ્યારે કૃષ્ણમાં વ્યસન થાય ત્યારેજ કૃતાર્થ થાય. એવાનું પણ હમેશ ગૃહમાં રહેવું વિનાશકારક છે. × × સેવા અથવા કથામાં જેની જીવતા સુધી દૃઢ આસક્તિ થાય તેનો કદી પણ નાશ થતો નથી એવી મારી મતિ છે.

અહિં જે ઉપાય નિરૂપણ કર્યાં તે સાધન નહિ તો શું કહેવાય? અહિં સ્પષ્ટ કહ્યું કે આસક્તિ હોવી, ન હોવાતી હોય તોપણ શ્રવણ વગેરેના પ્રયત્ન કરવા. આસક્તિ ભગવદ્દત્ત સમજી ભગવાન્ છોડાવે ત્યાં સુધી તેમાં મગ્ન રહેવાનું કહ્યું નથી, આસક્તિને નિસ્સાધનતાનું અંગ માનવાનું કહ્યું નથી, પણ એથી ઉલટું અને તેટલો ત્યાગ કરી શ્રવણનો પ્રયત્ન કરવા આજ્ઞા કરી છે. પ્રેમ, આસક્તિ અને વ્યસન પણ ભગવાન્ દાન કરે ત્યાંસુધી હાથ જોડી બેસી રહેવાનું કહ્યું નથી, પણ તેનાં સાધનોનો સ્પષ્ટ નિર્દેશ છે. વળી શ્રવણ કરવું વગેરે વિધાન છે, માટે પુષ્ટિમાર્ગમાં કર્તવ્ય કર્તવ્ય તરીકે નથી એમ પણ નહિ કહેવાય.

ત્યાગપૂર્વક [illegible] શ્રીમહાપ્રભુજીનો ઉપદેશ છે એમ આ ગ્રંથથી સ્પષ્ટ થાય છે.

વળી " પુષ્ટિમાર્ગસ્થ નામધારી પણ લૌકિક વૈદિકથી અતીત જ છે " તે બાબતમાં શ્રીમહાપ્રભુજીનાં વચનામૃત સાંભળો.

ब्रह्मसंबंधकरणात् सर्वेषां देहजीवयोः ।
सर्वदोषनिवृत्तिः । × × ×
असमर्पितवस्तूनां तस्माद् वर्जनमाचरेत् ।
निवेदिभिः समर्प्यैव सर्वं कुर्यादिति स्थितिः ।

અર્થ—બ્રહ્મસંબંધ કરવાથી સર્વે દેહજીવોના સર્વ દોષની નિવૃત્તિ થાય છે. × × માટે અસમર્પિત વસ્તુઓનો ત્યાગ કરવો. નિવેદીઓ સાથે સમર્પણ કરીને સર્વ કરવું.

અહીં સ્પષ્ટ કહ્યું કે બ્રહ્મસંબંધથી સર્વ દોષ નિવૃત્ત થયા પછી અસમર્પિત વસ્તુનો ત્યાગ કરવો. સર્વ વસ્તુ પ્રભુને સમર્પણ કરી ઉપયોગમાં લેવી. જેમ સેવકોનો વ્યવહાર સ્વામીના ઉતરેલી વસ્તુઓથી ચાલે છે તેમ વૈષ્ણવોએ રહેવું. આ સર્વ માત્ર નામધારી વૈષ્ણવોને કેમ લાગુ પડે ? બાલપણમાં અજ્ઞાનાવસ્થામાં મન્ત્રોપદેશ લીધા પછી ભલે તે ભૂલી જવા પછી કાંઇ કર્તવ્ય રહ્યું જ નહિ, એવો સિદ્ધાન્ત હોય તો અસમર્પિતનો ત્યાગ વગેરે ખટપટ શા માટે જોઇએ ? બ્રહ્મસંબંધ થયા પછી સંસારમાં પડવાની છુટી મળે છે, કેમ કે " પુષ્ટિમાર્ગસ્થ નામધારી પણ લૌકિક વૈદિકથી અતીત જ છે, " એમ આ ઉપલા ગ્રંથનો સાર નથી, પણ એ બ્રહ્મસંબંધ થયો કે તરત સંસારના દ્વાર બંધ કરી પુષ્ટિમાર્ગના દ્વારમાં પ્રવેશ કરવાથી જ ફલપ્રાપ્તિ થાય એમ સ્વાભાવિક અર્થ નીકળે છે. હવે આપણે બીજો નવરત્ન નામનો સુંદર ગ્રંથ લઇએ. તેમાં શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે,

चिन्ता कापि न कार्या निवेदितात्मभिः कदापि ।
भगवानपि पुष्टिस्थो न करिष्यति लौकिकीं च गतिम् ॥
निवेदनं तु स्मर्तव्यं सर्वथा तादृशैः जनैः ॥
× × ×
लोके स्वास्थ्यं तथा वेदे हरिस्तु न करिष्यति ।
× × ×
अतः सेवापरं चित्तं विधाय स्थीयतां सुखम् ।
× × ×
तस्मात् सर्वात्मना नित्यं श्रीकृष्णः शरणं मम ।
वदद्भिरेव सततं स्थेयमित्येव मे मतिः ॥

આ સુંદર ગ્રંથમાં લૌકિક ગતિથી ડરતા સરલ હૃદયના ભગવદીયને શ્રીમહાપ્રભુજી આશ્વાસન આપે છે કે જેઓએ પોતાનો આત્મા ભગવાનને નિવેદન કર્યો છે તેઓએ કાંઇપણ ચિંતા કરવી નહિ. પુષ્ટિસ્થ ભગવાન લૌકિક ગતિ કરશે નહિ. તાદૃશ જનની સાથે નિવેદનનું સર્વથા સ્મરણ કરવું, નહિ કે લૌકિક કાર્યોમાં જ વ્યાપૃત

રહેવું. **સ્મર્તવ્ય** શબ્દમાં પણ સ્મરણનું સ્પષ્ટ વિધાન છે, માટે પણ ભગવાનની કૃપા થાય ત્યાં સુધી હાથ જોડીને બેસી રહેવું એમ ફલિત થાય જ નહિ. સેવાપર ચિત્ત **કરીને સુખથી રહેવું,** અહિં પણ સ્પષ્ટ સેવાનું વિધાન છે, નહિ કે સેવા પણ પ્રભુ કરાવે ત્યારે કરીશું. "શ્રીકૃષ્ણઃશરણંમમ" નિત્ય જપવું, એમ જપવાનું પણ વિધાન છે. નિસ્સાધનતામાં ક્ષતિ થવાની ભીતિ શાસ્ત્રવિરુદ્ધ–શ્રીમહાપ્રભુજીના ષોડશ ગ્રંથના–વચનામૃત વિરુદ્ધ છે, એમ એક વાર નહિ, પણ અનેક વાર સ્પષ્ટ માલમ પડે છે. ઉલટું શ્રીમહાપ્રભુજીનો આશય તો એક ક્ષણવાર પણ પ્રભુ નામ લીધા વગર રહેવું નહિ એમ ઉપલાં વાક્યોથી જણાય છે; તો વ્યાપૃતિ ભગવદ્દત્ત સમજી તે છોડવાના પ્રયત્ન–સાધન–ન કરવા એમ ઉંધો સાર નિકળી શકે ખરો? અરે, **निरोधलक्षण**માં તો પોતે સ્પષ્ટ આજ્ઞા કરે છે કે,

तस्मात् सर्वं परित्यज्य निरुद्धैः सर्वदा गुणाः ।
सदानंदपरैर्गेयाः सच्चिदानंदता ततः ॥

આમ સર્વનો પરિત્યાગ કરવાની સ્પષ્ટ આજ્ઞા છે, માટે નિસ્સાધનતાની ક્ષતિની ભીતિ વૈષ્ણવોએ રાખવી કે મહાપ્રભુજીની આજ્ઞા પાળવા પ્રયત્ન કરવો? **हरिमूर्तिः सदा ध्येया संकल्पादपि तत्र हि** વગેરેમાં ધ્યેયામાં સ્પષ્ટ વિધાન છે તે સાધન નહિ તો શું?

સર્વસમર્થ પ્રભુ અજામિલ જેવા દુષ્ટને વિનાસાધને તારે છે તેની અમે ના પાડતા નથી એમ શરૂઆતમાં કહ્યું છે, આપણે તો જોવાનું એટલું જ છે કે અજામિલ જેવા રહેવાની મહાપ્રભુજીની આજ્ઞા છે કે નિવેદનનું સર્વદા સ્મરણ કરવું, સર્વદા વ્રજાધીપનું ભજન કરવું, કૃષ્ણસેવા સદા કરવી, એવી એવી આજ્ઞા છે? પુષ્ટિમાર્ગ એટલે અજામિલ જેવા દુષ્ટ રહેવાનો–લૌકિક વૈદિકમાં વ્યાપૃત રહેવાનો માર્ગ કે સહજ પરિશ્રમથી થયલાં કૃષ્ણવિયોગનું સર્વદા સ્મરણ રાખી, દેહપ્રાણ ઇંદ્રિય અંતઃકરણ, આલોક પરલોક વગેરે પ્રભુને સમર્પણ કરી પ્રભુના દાસ થઇ રહેવાનો માર્ગ? કે **નામ માત્રધારી વૈષ્ણવે** નિસ્સાધનતામાં ક્ષતિ થાય માટે વિનાપ્રયત્ને–વિનાસાધને બેસી રહેવાનો માર્ગ?

सेवाफल વિવરણમાં તો સાધનનો ઉપદેશ ઉપરાંત સર્વ ત્યાગની આજ્ઞા એટલો બધો સ્પષ્ટ છે કે **निस्साधनता**ની ક્ષતિની લેશ પણ દરકાર જણાતી નથી. **सेवायां प्रतिबन्धकत्रयम् उद्वेगः प्रतिबन्धो वा भोगो वा ॥ त्रयाणां साधनपरित्यागः कर्तव्यः॥** સેવામાં ત્રણ પ્રતિબંધ છે, ઉદ્વેગ, પ્રતિબંધ અથવા ભોગ. ત્રણેનો સાધનથી પરિત્યાગ કરવો. આગળ ચાલતાં શ્રીમહાપ્રભુજી કહે છે કે **भोगो द्विविधः लौकिकोऽलौकिकश्च। तत्र लौकिकस्त्याज्य एव। प्रतिबन्धोऽपि द्विविधः साधारणो भगवत्कृतश्च। तत्र आद्यो बुद्ध्या त्याज्यः॥ ननु साधारणो भोगः कथं त्यक्तव्य इत्याकांक्षायामाह सविषमोऽल्पो घातकः स्यादिति॥ सविषत्वादल्पत्वात् भोगस्त्याज्यः॥**

भोगाभावस्तदैव सिद्ध्यति यदा गृहपरित्यागः ॥

"આપનું વચન ત્યાગપ્રતિ હોવાથી ત્યાગપૂર્વક ગુણગાનનો ઉપદેશ આપનો (મારો) જણાય છે," આમ કહેનાર સન્મિત્રને ઉપલાં સર્વે વાક્યોપરથી કહી શકું છું કે એ ત્યાગપૂર્વક ગુણગાનનો ઉપદેશ મારા ઘરનો નથી, પણ શ્રીમહાપ્રભુજીનો છે, સાંભળો:—

तस्मात् सर्वं परित्यज्य निरुद्धैः सर्वदा गुणाः ।
सदानंदपरैः गेयाः सच्चिदानंदता ततः ॥

આવો ઉપદેશ શ્રીમહાપ્રભુજી કરે છે, હું કરતો નથી. આ ઉપદેશ શ્રીમહાપ્રભુજી પુષ્ટિમાર્ગીય વૈષ્ણવોને કરે છે, મર્યાદામાર્ગીને નહિ, માટે નિસ્સાધનતાની ક્ષતિની વૈષ્ણવોએ દરકાર ન કરતાં શ્રીમહાપ્રભુજીના વચનામૃતાનુસાર સર્વે સાધનો કરવા પ્રયત્ન કરવા.

વિવેકધૈર્યાશ્રયગ્રંથ તો સાધનોથી ભરપૂર છે. નિસ્સાધનતાને જ જે પુષ્ટિમાર્ગ માને છે તે તો એ ગ્રંથની સામું પણ જોતા નહિ. શ્રીમહાપ્રભુજી એ ગ્રંથમાં આજ્ઞા કરે છે કે "વિવેક, ધૈર્ય અને આશ્રયનું હંમેશાં રક્ષણ કરવું. વિવેક—હરિ સર્વ નિજેચ્છાથી કરશે...અભિમાનનો ત્યાગ કરવો. ત્રિદુઃખ સહન કરવું તે ધૈર્ય...**स्वयमिन्द्रियकार्याणि कायवाङ्मनसा त्यजेत् ॥ अशूरेणापि कर्तव्यं स्वस्यासामर्थ्यभावनात्...प्राप्तं सेवेत निर्ममः । यथाकथंचित् कार्याणि कुर्यादुच्चावचान्यपि । किंवा प्रोक्तेन बहुना शरणं भावयेद्धरिम् ॥** પોતે ઇંદ્રિયોનાં કાર્ય કાયવાણી અને મનથી ત્યજવાં. મમતા વગર પ્રાપ્ત વસ્તુનું સેવન કરવું. જેમ તેમ કરીને ઉચ્ચ નીચ કામો કરવાં. બહુ શું કહેવું ? હરિના શરણની ભાવના કરવી.

આમાં તો શ્રીમહાપ્રભુજીએ કહ્યું કે સંસારનો ત્યાગ કરવો એટલું જ નહિ, પણ ઇંદ્રિયોનાં કાર્યો પણ ત્યજવાં. માટે " પુષ્ટિમાર્ગીયને શ્રીમહાપ્રભુજી જ સ્વયમેવ ભવથી ઉદ્ધારશે " એવો વિચાર કરી બેસી ન રહેતાં **શ્રીમહાપ્રભુજીની આજ્ઞા પ્રમાણે ચાલી શ્રીમહાપ્રભુજીએ** કહેલાં સર્વ સાધનો કરવા પ્રયત્ન અવશ્ય કરવો જ—એમ ન કરીએ તો બહિર્મુખતા પ્રાપ્ત થાય, દ્રવ્ય, કીર્તિ વગેરે પ્રાપ્ત કરવાની લોલુપતા વધે અને વધારે ને વધારે પતિત થવાય, અને અતિ—(આ કહું છું તે ખોટું નથી, પણ અક્ષરશઃ ખરું છે) પુષ્ટિમાર્ગના ઉત્તમોત્તમ ગ્રંથો વાંચ્યા છતાં, સેવા કથા પણ કેટલોક વખત કર્યાં છતાં પ્રભુમાંથી શ્રદ્ધા ઉઠી જઈ નાસ્તિકતા પ્રાપ્ત થાય, અને સર્વરૂપી શ્રીપ્રભુ વિષે પણ ન બોલવાનાં વચનો બોલે, અને પરિણામે **लोकार्थी चेद् भजेत् कृष्णं क्लिष्टो भवति सर्वथा**—આસપાસ સર્વત્ર ક્લેશ ક્લેશ અને ક્લેશ સિવાય બીજું કાંઈ દૃષ્ટિગોચર થાય જ નહિ. નિસ્સાધનતાના અર્થનું ફલ લૌકિકતા જ થાય, પ્રતિષ્ઠા અને દ્રવ્ય જ વહાલાં લાગે. માટે શ્રીમહાપ્રભુજીનું વચનામૃત કે ત્યાગ એ સર્વધર્મનું મૂલ છે એનું વિસ્મરણ ન થવું જોઈએ—લૌકિક ત્યાગ મનથી અવશ્ય જોઈએ જ. એ જ શ્રીમહાપ્રભુજીએ વારંવાર આજ્ઞા કરી છે. અને છેલ્લી પોતાના મુખની આજ્ઞા પણ એ જ છેઃ—

बहिर्मुखा यदा यूयं भविष्यथ कथंचन ।
तदा कालप्रवाहस्था देहचित्तादयोऽप्युत ॥
सर्वथा भक्षयिष्यन्ति युष्मानिति मतिर्मम ॥
न लौकिकः प्रभुः कृष्णो मनुते नैव लौकिकम् ।
भावस्तत्राप्यस्मदीयः सर्वस्वं चैहिकश्च सः ।

અર્થ—અધુના કલિયુગમાં સર્વે વિપ્ર આચારમાં [illegible] છે, સ્વાધ્યાય વગેરે ક્રિયાહીન છે, આચાર પરાઙ્મુખ છે, કદાપિ કોઇ આચાર કરે તો વિધિવિના કરે છે, વિક્ષિપ્ત ચિત્તવાળા થઇ ગયા છે, ભ્રાંત થઇ ગયા છે, ક્ષુદ્રો અને ઉપસ્થપરાયણ થઇ ગયા છે, પાપપ્રાય થઇ ગયા છે, પોતે દુષ્ટ છે, આવામાં ધર્મ કેમ થઇ શકે? ધર્મસંપાદન કરવામાં છ વસ્તુની જરૂર છે, દેશ, કાલ, દ્રવ્ય, કર્તા, મંત્ર, કર્મ એ સર્વ કલિયુગમાં અત્યંત દુર્લભ છે.

શ્રીકૃષ્ણાશ્રય ગ્રંથ આ વાતનું આપણને સારી રીતે ભાન કરાવે છે. આપણી આસપાસ દૃષ્ટિ ફેરવી વિચાર કરતાં આપણને આ વાત અક્ષરશઃ સત્ય લાગે છે. માટે જો વેદમાં કહેલાં સાધનથીજ મુક્તિ થતી હોય તો આ કલિયુગમાં મુક્તિનું દ્વાર બંધ થઇ ગયું છે, વેદમાર્ગ, આર્યમાર્ગ લુપ્ત થઇ ગયો છે, એમ કહેવું ખોટું નથી જ. આ વેદમાર્ગ તે જ મર્યાદામાર્ગ. પ્રભુએ વેદમાં જે સાધનો કહ્યાં છે, જે મર્યાદા બાંધી છે, તે રીતે ચાલી મુક્તિ મેળવવી એનું નામ મર્યાદા. જ્યારે મનુષ્યોને આ માર્ગે સાધન કરી મુક્તિ મેળવવી અશક્ય થઇ પડી ત્યારે પ્રભુએ કૃપા કરી વેદમાંથીજ એવો માર્ગ બતાવ્યો કે જેમાં ઉપલા વૈદિક સાધનોની જરૂર રહે નહિ, અને ગીતામાં સ્વમુખથી આજ્ઞા કરી કે—

मन्मना भव मद्भक्तो मद्याजी माम् नमस्कुरु ।
मामेवैष्यसि सत्यं ते प्रतिजाने प्रियोऽसि मे ॥
सर्वधर्मान् परित्यज्य मामेकं शरणं व्रज ।
अहं त्वा सर्वपापेभ्यो मोक्षयिष्यामि मा शुच ॥

પ્રભુએ કહ્યું કે મારામાં મન રાખ, મારો ભક્ત થા, મારું ભજન કર, મને પ્રણામ કર, હું તને સત્ય પ્રતિજ્ઞા કરી કહું છું કે તું મારી પાસેજ આવશે. સર્વે ધર્મોનો ત્યાગ કર, મને એકલાને શરણે આવ, હું તને સર્વ પાપમાંથી મુક્ત કરીશ. શોક ન કર.

હાશ ! કેવી સુંદર, કેવી સરલ આજ્ઞા ! વેદના સાધન કરવાની, નિષ્કામ કર્મો કરી બ્રહ્મબોધનને યોગ્ય પવિત્ર દેહ પ્રાપ્ત કરવાની જરૂર નહિ, વેદ ભણવાની જરૂર નહિ, કોઇપણ જ્ઞાન, ઉપાસના વગેરે સાધનોની જરૂર નહિ, માત્ર

सर्वात्मना नित्यं श्रीकृष्णः शरणं मम ।
वदद्भिरेव सततं स्थेयमित्येव मे मतिः ॥

અહિં જે સર્વ ધર્મોના ત્યાગપૂર્વક એકસ્વરૂપમાત્રપરતાનો ઉપદેશ કર્યો, તેનું ઉદ્ઘાટન શ્રીમદ્વલ્લભપ્રભુજી જેવું સ્પષ્ટ અન્ય કોઇ આચાર્યે કર્યું જણાતું નથી. यदपासीद्रूपमेव त्रिभुवनतरणे भक्तिवच्च स्वतंत्रं । વગેરેમાં તેમજ અન્ય સ્થલે પણ એ વાત ફરીફરીને કહી છે, અને એ સ્વરૂપના સંબંધમાં આવવાથી સર્વ દોષની નિવૃત્તિ થાય છે, એમ ब्रह्मसंबंधकरणात् सर्वेषां देहजीवयोः सर्वदोषनिवृत्तिः એમાં પોતે સ્પષ્ટ આજ્ઞા કરે છે, માટેજ પોતે पृथक्शरणमार्गोपदेष्टा કહેવાયા. આ માર્ગ તેજ પુષ્ટિમાર્ગ. વૈદિક મર્યાદામાર્ગથી અત્યંત ભિન્ન છતાં પણ વૈદિક. દેહ, ચિત્ત વગેરે વૈદિક સાધનોથી પવિત્ર કર્યા પછી ભક્ત-પ્રભુ પાસે જવું એમ નહિ, પણ પ્રભુ સંબંધથીજ દેહ ચિત્ત વગેરેને

પવિત્ર કરવી. कृष्णात्परं नास्ति दैवं वस्तुतः दोषवर्जितम् માટે કૃષ્ણાવલંબન કરવો, એ જ પુષ્ટિમાર્ગ. साधनक्रमेण मोचनेच्छा हि मर्यादामार्गीया मर्यादा। विहितसाधनं विनैव मोचनेच्छा पुष्टिमार्गमर्यादा એટલે સાધનક્રમથી—વેદમાં કહેલા સાધન ક્રમથી—મુક્તિની ઇચ્છા એ મર્યાદામાર્ગની મર્યાદા, વેદમાં વિધાન કરેલાં સાધન કર્યા વિના મુક્તિની ઇચ્છા એ પુષ્ટિમાર્ગમર્યાદા. આ સ્વરૂપમાં આસક્તિ થવી એ જ પુષ્ટિમાર્ગનું સાધન, તે માટે પ્રેમ, પ્રેમ માટે ભગવત્કીર્તન, તે માટે વિરક્તિ, बीजभावे दृढे तु स्यात्त्यागाच्छ्रवणकीर्तनात् ॥ બીજદાર્ઢ્ય પ્રકાર એટલે ગૃહમાં સ્થિતિ કરી, સ્વધર્મથી વ્યાપાર રોજગાર છોડી પૂજા શ્રવણ વગેરેથી કૃષ્ણભજન કરવું. આ સાધનો વેદમાં—મર્યાદામાર્ગમાં—કહેલા મુક્તિના સાધનોથી અત્યંત ભિન્ન છે. આ સાધનો તો વસ્તુતઃ ફલરૂપ જ છે. ફલ તો પાસે જ બિરાજે છે, બહિર્મુખતાનો ત્યાગ કરી, તે ફલના દર્શન કરવા, તેનો અનુભવ કરવો એટલા જ સાધનની અપેક્ષા. વ્યાપાર રોજગારથી સંસારનો અનુભવ થાય માટે તેનો ત્યાગ એ એક સાધન, શ્રવણ કીર્તનથી ફલરૂપ પ્રભુનો અનુભવ થાય માટે તે બીજું ફલાત્મક, સાધન, જેને પ્રેમ આસક્તિ પ્રભુમાં સિદ્ધ જ છે, તેને આ સાધનોની જરૂર રહી નથી એ પ્રત્યક્ષ છે, પણ "જેનામાં પ્રેમ પ્રતીત નથી, સંસાર નિમગ્ન છે, તે નામ માત્ર ધારી પુષ્ટિમાર્ગીને" પુષ્ટિમાર્ગના ફલના અનુભવને માટે આટલા સાધનની આવશ્યકતા શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી છે, ભાવવૃદ્ધિ માટે એ આવશ્યક છે એમ આપણું હૃદય કબુલ કરે છે, આપણું લૌકિક પારલૌકિક સર્વ પ્રભુ જ છે એ સમજવા, અનુભવવા માટે આ સાધનોની આવશ્યકતા છે જ એની કોણ ના કહેશે ?

ત્યારે વૈદિક સાધનોની અપેક્ષા વિના પ્રભુ કૃપા કરી ફલદાન જે માર્ગમાં કરે તે પુષ્ટિમાર્ગ. આ સંબંધમાં શ્રીમહાપ્રભુજીનો पुष्टिप्रवाहमर्यादाग्रंथ વિચારવા યોગ્ય છે. પ્રથમ તો એમ જ સંશય થાય કે વેદમાં કહેલા સાધનો જે ન કરે તેના પર 'પુષ્ટિ' અથવા અનુગ્રહ પ્રભુ કરે છે એનું શું પ્રમાણ ? શ્રીમહાપ્રભુજી કહે છે કે,

भक्तिमार्गस्य कथनात् पुष्टिरस्तीति निश्चयः ।
कश्चिदेव हि भक्तो हि यो मद्भक्त इतीरणात् ।
सर्वत्रोत्कर्षकथनात् पुष्टिरस्तीति निश्चयः ॥

એ પ્રમાણે "પુષ્ટિ"નું પ્રમાણ આપીને પુષ્ટિમાર્ગ વેદ અથવા મર્યાદામાર્ગથી ભિન્ન છે એમ પોતે આગળ કહે છે, અને પછી पुष्टिः कायेन निश्चयः એમ કહી પુષ્ટિજીવોને કાયાથી ઉત્પન્ન કર્યા, એમ કહ્યું અને તેમનું ફલ પણ कायेन तु फलं पुष्टौ એમ આજ્ઞા કરી, એટલે પુષ્ટિમાર્ગીને સ્વસ્વરૂપથી જ ફલ આપે છે એમ પોતે કહ્યું:

तस्माज्जीवाः पुष्टिमार्गे भिन्ना एव न संशयः ।
भगवद्रूपसेवार्थं तत्सृष्टिर्नान्यथा भवेत् ॥
भगवानेव हि फलं स यथाविर्भवेद् भुवि ।
गुणस्वरूपभेदेन तथा तेषां फलं भवेत् ॥

અર્થ:—માટે પુષ્ટિમાર્ગીય જીવો ભિન્ન હોય છે એમાં કોઈપણ સંશય નથી. ભગવદ્ સ્વરૂપની સેવાને માટે જ તેમો ઉત્પન્ન થયા હોય છે. ભગવાન્ મુખ્ય [illegible]

સ્વરૂપના ભેદથી જેવી રીતે ભૂતલપર પ્રકટ થાય તેજ પુષ્ટિમાર્ગનું ફળ. મર્યાદામાર્ગથી પુષ્ટિમાર્ગની આ ભિન્નતા સ્પષ્ટ દર્શાવવાને પોતે સિદ્ધાંતમુક્તાવલીમાં આજ્ઞા કરી કે **अनुग्रहः पुष्टिमार्गे नियामक इति स्थितिः ॥**

એવા પુષ્ટિમાર્ગીય ભક્તો જે લૌકિક વૈદિક કર્મો કરે છે તે કપટપણાથી જ કરે છે, પોતાનું ભગવદીયત્વ ગુપ્ત રાખવાને જ કરે છે, તો પછી “સંસારમાં નિમગ્ન” પામરજનો, જેમનો ‘ભગવાનમાં પ્રેમ પ્રતીત’ નથી, અને જેઓ દ્રવ્ય અને પ્રતિષ્ઠા પાછળ દોડતા હોય અને તે ન મળતાં “આ દુનીઆ તો શેતાનની છે, ભગવાન છે જ ક્યાં,” વગેરે નાસ્તિક ઉદ્‌ગાર કાઢતા હોય તેમને પુષ્ટિમાર્ગીય પણ કેમ કહેવાય? એવાં મનુષ્યોને તો અમારે અત્યંત પ્રાવાહિક કહેવા જ પડે છે, માટે તેમના ભલાને માટે, તેમને પ્રવાહથી ભિન્ન કરવાને શુદ્ધ હૃદયથી તેમને શ્રીમદ્પ્રભુજીના આ વચનામૃતપર વિચાર કરી શીઘ્ર વૈષ્ણવત્વનું અવલંબન કરી કર્તવ્યપરાયણ થવા સૂચના કરવી જોઇએ, નહિ કે માત્ર વાણીમાં પ્રભુના પ્રમેયબલપર વિશ્વાસ રાખી સંસારના ખાડામાં પડવા જેવી સૂચના કરવી.

પ્રિય વાચક, હાલમાં સનાતનધર્મીઓ પણ ઘણું નીકળ્યા છે, તે બાપડાઓને ખબર નથી કે સનાતન ધર્મ એટલે શું? અગ્નિહોત્ર વગેરે રાખવા, વેદમાં કહેલા યજ્ઞયાગાદિ નિષ્કામતાથી કરવા, પવિત્ર દેશ, કાલ, દ્રવ્ય, મંત્ર, શ્રદ્ધા વગેરેની સહાયતાથી કાંઇપણ ભૂલ ન થાય તેમ કરવા, તે કરી પવિત્ર દેહ ઉત્પન્ન કરવો, પછી બ્રહ્મબોધ થાય, જ્ઞાનઉપાસના, ભક્તિ વગેરે સાધનો કરે ત્યારે બ્રહ્મનો અનુભવ થાય અને મુક્તિ થાય—આ વૈદિક સનાતન ધર્મ. આ ધર્મ લુપ્તપ્રાય થઇ ગયો ત્યારે પરમકૃપાલુ પ્રભુએ ગીતામાં પુષ્ટિમાર્ગની રૂપરેખા દર્શાવી, ભાગવતમાં વિસ્તાર કર્યો, અને હાલમાં ફરીથી પરમકૃપાલુ પ્રભુએ સ્વમુખારવિંદ દ્વારા—શ્રીમદ્પ્રભુજીદ્વારા—પુષ્ટિમાર્ગ પ્રકટ કર્યો. પ્રિય વાચક, જો કોઇ સત્ય, સરલ માર્ગ પ્રભુપ્રાપ્તિ માટે આધુનિક સમયમાં હોય તો તે આ પુષ્ટિમાર્ગ જ છે, અને તેથી જ આપણા એક મુખ્ય સિદ્ધાંત તરીકે “આત્મનિવેદન અને પ્રભુપ્રપત્તિવિના અન્ય વિષયમાં હોઇ શકે જ નહિ” એમ માનીએ છીએ.

હવે આપણે કેટલાક ઉપરઉપરથી સંદિગ્ધ દેખાતા વાક્યો લઇ તેનો અર્થ સ્પષ્ટ કરીશું.

न हि साधनसम्पत्त्या हरिस्तुष्यति कस्यचित् ।
भक्तानां दैन्यमेवैकं हरितोषणसाधनम् ॥

અર્થઃ—સાધનસંપત્તિથી હરિ કોઇપર પ્રસન્ન થતા નથી; ભક્તોનું માત્ર દૈન્ય જ હરિને પ્રસન્ન કરવાનું સાધન છે.

દશમસ્કંધના ઓગણત્રીસમા અધ્યાયની શરૂઆતમાં શ્રીમદ્પ્રભુજીએ આજ્ઞા કરેલી ત્રણ કારિકામાંની આ બીજી કારિકા છે. તેની પહેલાના અઠ્ઠાવીશમા અધ્યાયમાં ગોપિકાગીતનો સુંદર પ્રસંગ છે. એ ગીત ગાવાનું પ્રયોજન શું? **समवेताः जगुः कृष्णं तदागमनकांक्षिताः** “સઘળાં કૃષ્ણ પધારવાની આકાંક્ષાવાળા ગોપિકાઓએ ભેગાં થઇ કૃષ્ણના ગુણગાન કર્યાં.” એમ સત્તાવીશમા અધ્યાયના છેલ્લા શ્લોકમાં કહ્યું છે. એ શ્લોકના શ્રીસુબોધિનીમાં કહ્યું છે કે “**तदा साधनान्तरमजानानाः कृष्णं सदानंद जगुः दोषनिवारणे हरिगुणगानमेव साधनमिति । निवृत्ते पुनर्दोषे स्वयमेवायास्यतीति तदागमनकांक्षया जगुः ॥**

અર્થ—પછી બીજું કાંઈ સાધન નહિ મળવાથી દોષનિવારણમાં હરિગુણગાન એ જ સાધન છે એમ સમજી કૃષ્ણ સદાનંદના ગુણગાન કર્યાં. દોષ નિવૃત્ત થવાથી પ્રભુ પોતે જ પધારશે એમ સમજી પ્રભુના પધારવાની આકાંક્ષાથી ગાન કર્યું." છવ્વીસમા અધ્યાયના સુડતાલીસમા શ્લોકમાં કહ્યું છે કે કૃષ્ણ તરફથી માન મળવાથી ગોપિકાઓએ પૃથ્વીપર પોતાને સ્ત્રીઓમાં મોટી માની. અમારા જેવી બીજી કોઈ નથી, જ્યારે પ્રભુ અમારી પ્રાર્થના કરશે ત્યારે જ અમે પ્રભુને રસદાન કરીશું એમ ગર્વ થયો. જે એક ઉત્તમ ગોપીને ગર્વ નહિ થયો હતો તેમને પણ પાછળથી ગર્વ થયો અને મારાથી ચલાતું નથી, મને લઈ લો એમ સગર્વથી બોલ્યાં એમ સત્તાવીસમા અધ્યાયના સાડત્રીસમા શ્લોકમાં કહ્યું છે—આ પ્રમાણે સર્વે ગોપીઓને ગર્વ થયો હતો તે દોષનું નિવારણ કરવાને માટે પ્રભુ અંતર્હિત થઈ ગયા. પછી ગોપીઓએ વિહ્વલ થઈ પ્રભુ પ્રાકટ્યનાં સર્વસાધન કર્યાં, પ્રભુની શોધ કરી, ગુણગાન કર્યાં અને અંતે દીનતાથી રડ્યા. જ્યારે ગર્વ દોષ નિવૃત્ત થઈ દીનતા આવી કે પ્રભુ હસતા હસતા પ્રકટ થયા.

આ પૂર્વાપરનું અનુસંધાન કર્યા પછી ઉપલી કારિકાનો પ્રભુના ધર્મબલપર વિશ્વાસ રાખી બેસી રહેવાનો અર્થ નીકળતો નથી પણ ઉલટું શ્રીમહાપ્રભુજીએ કહેલાં સર્વસાધનો કર્યા પછી પણ જો પ્રભુ પ્રકટ ન થાય તો આર્તિથી દોષ-નિવૃત્તિ અર્થે રડવું, સાધન સંપત્તિનો ગર્વ, ઉત્તમતાનો ગર્વ મનમાં આણી મનને મલિન ન કરવું, પણ દીનતા—શુદ્ધ દીનતા—સર્વદા રાખવી એવો અર્થ નીકળે છે. સાધન સંપત્તિનો ગર્વ હોય ત્યાં સુધી પ્રભુ પ્રસન્ન કેમ થાય? અરે! મનુષ્ય પાસે એવું શું સાધન છે કે પ્રભુને સંતોષ આપી શકાય? આપણે ભલે તે કરીએ પણ પ્રભુ તો સ્વતંત્ર છે, તેની ઇચ્છામાં આવશે તો જ પ્રાકટ્યનું સુખ આપશે, એમ દીનતા રાખવી એવો આ કારિકાનો અર્થ છે, આર્તિ રાખવી, આસક્તિ અને વ્યસનથી રડવું, નહિ કે વ્યાપત્તિ ભગવત્ત્વ માની વિશ્વાસ રાખી સંસારમાં પડવું અને સર્વસાધનનો ત્યાગ કરવો. સાધન સંપત્તિનો ત્યાગ નહિ, પણ સાધન સંપત્તિના ગર્વનો ત્યાગ એવો આ કારિકાનો અર્થ છે.

શ્રીગોપીકાઓને તો પ્રેમ આસક્તિ અને વ્યસન પણ સિદ્ધ હતાં. આધુનિક નામમાત્ર-ધારી વૈષ્ણવ જેને પ્રભુપ્રેમની ગંધ પણ નથી, તેણે શ્રીમહાપ્રભુજીએ કહેલાં સાધનોનો ત્યાગ કરવો અને સંસારમાં નિરાંતવાળા રહેવું, એવો આ કારિકાનો અનર્થ ન કરવો.

अहन्यापृतं निशि शयानमतिश्रमेण लोकं विकुण्ठ उपनेष्यति गोकुलं स्वम् ॥

અર્થ—દિવસે વ્યાપારમાં રોકાયેલા અને રાત્રે અતિશ્રમથી સુઈ રહેતા પોતાના ગોકુલને વૈકુંઠમાં લઈ જશે.

દ્વિતીયસ્કંધના સાતમા અધ્યાયનો એકત્રીસમો આ શ્લોક છે. કૃષ્ણ પ્રકટ થઈ શું શું ચરિત્ર કરશે તેનું આ વર્ણન છે. અહિં ગોકુલને પ્રભુનું "સ્વ" પોતાનું કહ્યું છે, અને વસ્તુતઃ ગોકુલવાસીઓને પ્રભુપર નૈસર્ગિક પ્રેમ હતો, પ્રભુનો આશ્રય હતો, પ્રભુ તેમની નિકટ હતા. એવા ગોકુલવાસીઓને પ્રભુપ્રાપ્તિને માટે શું સાધન કરવાનાં હોય? પ્રભુનું પ્રાકટ્ય અને પ્રભુપ્રેમ તો હતાં જ, એવા ગોકુલવાસીઓનું દૃષ્ટાંત નામમાત્રધારી વૈષ્ણવ, પ્રભુપ્રેમની ગંધ પણ નહિ, એવા મનુષ્યોએ લેવું વાજબી કહેવાય? ક્યાં પ્રભુપર નૈસર્ગિક પ્રેમવાળા ગોકુલવાસી અને ક્યાં પ્રેમશૂન્ય નામમાત્રધારી? (અપૂર્ણ.)

સૂચના.

ગયા ૫-૬ અંકમાં ૧૦૨ પાનાપર શ્લોક ૫૬ અને ૫૮ ના ભાષાંતરમાં "મંત્ર"ને બદલે "મનુ" શબ્દ વાચવો. મનુ એટલે પુરુષ.

પ્રભુસંબંધ.

શિષ્ય—આપણે અહીં પૃથ્વીપર ક્યાંથી આવ્યા ?

ગુરુ—આપણે પ્રભુના આનંદમય ધામમાંથી આવ્યા છીએ.

શિષ્ય—પ્રભુનું સ્વરૂપ કેવું છે ?

ગુરુ—પ્રભુનું સ્વરૂપ રસરૂપ છે. વેદમાં કહ્યું છે કે रसो वै सः रसं ह्येवायं लब्ध्वाऽऽनन्दी भवति । રસ બે પ્રકારનો છે. સંયોગ અને વિપ્રયોગ. જ્યારે આપણે પ્રભુધામમાં હતા, ત્યારે આપણે સંયોગરસનો અનુભવ કરતા હતા; હાલમાં આપણે પ્રભુની ઇચ્છાથી પ્રભુના સ્વરૂપમાંથી વિછૂટાં છીએ તે વિપ્રયોગનો અનુભવ કરવા માટે જ.

શિષ્ય—એ અનુભવ કેમ થાય ?

ગુરુ—જ્યારે આપણાથી સર્વ વસ્તુનો મનથી ત્યાગ થાય, અને હૃદય અનન્ય થઈ પ્રભુનું ચિંતન કરે, પ્રભુનાં ગુણગાન કરે, ત્યારે પ્રભુનું સ્વરૂપ આપણા હૃદયમાં સ્ફુરે; પછી આપણને પ્રભુને મળવાની આર્તિ થાય, ત્યારે વિપ્રયોગનો અનુભવ થાય.

શિષ્ય—એવો અનુભવ કોઇને થયો છે ?

ગુરુ—ઘણાને; શ્રીગોપિકાઓ, શ્રીઉદ્ધવજી, નારદજી, અંબરીષ, પ્રહ્લાદ, નરસિંહ મેહેતા, પદ્મનાભદાસ, સુરદાસ, પરમાનંદદાસ, કુંભનદાસ, વગેરે હજારો ભક્તોને આવો અનુભવ થયો છે.

શિષ્ય—ત્યારે મારે શું કરવું ?

ગુરુ—હું આ મંત્ર આપુંછું તેનું નિરંતર ધ્યાન ધરવું. "સહસ્ર વર્ષો જેટલો કાલ થયાં કૃષ્ણનો વિયોગ મને થયો છે, એ કૃષ્ણવિયોગના તાપક્લેશના આનંદનો તિરોભાવ હાલ મને થયો છે. ભગવાન કૃષ્ણને દેહ, પ્રાણ, ઇંદ્રિય, અંતઃકરણ, તેમનાં ધર્મો, દારા, આગાર, પુત્ર, આપ્ત, વિત્ત, આ લોક, પરલોક, મારા આત્માની સાથે હું સમર્પણ કરું છું, હું દાસ છું. હે કૃષ્ણ, હું તારો જ છું."

શિષ્ય—હું આપની આજ્ઞા પ્રમાણે કરીશ.

ગુરુ—પ્રભુ તારું કલ્યાણ કરો.

(૨)

જગત્

શિષ્ય—આ સર્વ જગત શું છે ?

ગુરુ—જગત્ બ્રહ્મરૂપ છે. વેદમાં કહ્યું છે કે सर्वं खलु इदं ब्रह्म. બ્રહ્મનાં જ રૂપ છે.

સત્, ચિત્, અને આનંદ; જડ વસ્તુઓમાં ચિત્ અને આનંદનો તિરોભાવ છે, જીવવાળી વસ્તુઓમાં આનંદનો તિરોભાવ છે, કોઈપણ જડ વસ્તુમાં અથવા જીવવાળી વસ્તુમાં જ્યારે આનંદનો આવિર્ભાવ થાય ત્યારે તેમાં આપણને પ્રભુના દર્શન થાય છે.

શિષ્ય—એમ આનંદનો આવિર્ભાવ થઈ પ્રભુના દર્શન પહેલાં કદી થયા છે ?

ગુરુ—ઘણીવાર. જ્યારે કોઈપણ ભક્તની ભક્તિથી પ્રભુ પ્રસન્ન થાય છે ત્યારે તેને પ્રભુ પ્રકટ થઈ દર્શન આપે છે, ધ્રુવજી, પ્રહ્લાદજી, નરસિંહ મેહેતા, અંબરીષ વગેરે હજારો ભક્તોને પ્રભુએ દર્શન આપ્યાં છે.

શિષ્ય—ત્યારે બધા મનુષ્યો પ્રભુની ભક્તિ કેમ કરતા નથી ?

ગુરુ—જગતની સર્વે વસ્તુઓ બ્રહ્મમય છે, છતાં મનુષ્યો તે ભૂલી જાય છે અને એ વસ્તુઓના મોહમાં પડી જાય છે.

શિષ્ય—જગતની બધી વસ્તુઓ બ્રહ્મમય છે તો મનુષ્ય પણ બ્રહ્મમય જ હશે.

ગુરુ—હા. સર્વે મનુષ્યો બ્રહ્મમય છે, એકેએક મનુષ્ય બ્રહ્મનો અંશ છે, શ્રીકૃષ્ણે ગીતાજીમાં કહ્યું છે કે ममैवांशो जीवलोके जीवभूतः सनातनः ॥ વ્યાસજીએ બ્રહ્મસૂત્રોમાં કહ્યું છે કે अंशो नानाव्यपदेशात् ॥ માટે બ્રહ્મના અંશરૂપ જીવે આનંદમય બ્રહ્મનો સંબંધ ન ભૂલતાં બ્રહ્મનું જ ચિંતન-ભજન-કરવું જોઈએ; તેને બદલે જગતની વસ્તુઓથી જીવ મોહ પામી બ્રહ્મસંબંધ ભૂલી જાય છે અને પ્રભુ ભજન કરતો નથી, અને દુઃખ પામે છે.

શિષ્ય—ત્યારે એ મોહમાંથી છૂટવાનો ઉપાય શો ?

ગુરુ—એક પ્રભુને શરણે જવું એ જ ઉપાય. પ્રભુએ ગીતાજીમાં કહ્યું છે કે " સર્વે ધર્મો છોડીને એકલા મારે શરણે આવ. હું તને સર્વે પાપમાંથી છોડાવીશ. શોક કર નહિ"

શિષ્ય—આપે બ્રહ્મસંબંધના મંત્રમાં મને એ જ ઉપદેશ કર્યો છે.

ગુરુ—હા. હવે તારે સંસારમાં ચિત્ત [illegible] ન [illegible] દેતાં પ્રભુમાં જ જોડવું.

શિષ્ય—હું આપની આજ્ઞા પ્રમાણે કરીશ.

ગુરુ—પ્રભુ તારું કલ્યાણ કરો.

पुष्टिपथमर्म.

(અનુસંધાન પૃ૦ ૯૯.)

५ पञ्चमं मर्म.

पञ्चमं कृष्णलीलाया भावनं हृदि सर्वथा ।
तद्भावेन प्रभुः [1]प्राप्तो भावात्मा तदभेदतः ॥ ११ ॥
न हि लीला विचारे तु स्वरूपादतिरिच्यते ।
स्वसर्वधर्मरूपत्वात् प्रभोर्भेदो न युज्यते ॥ १२ ॥
तथाप्याविष्कृते रूपे भेदबुद्धिर्निजेच्छया ।
लोकदृष्ट्या यथा सूर्ये किरणेषूदिते सति ॥ १३ ॥
धर्मधर्मिप्रतीतिर्हि प्राकट्ये रूपलीलयोः ॥
अन्तःस्थितौ तु लीलैव स्वरूपमिति निश्चयः ॥ १४ ॥
गुणगाने तथाचार्यैरासक्तिप्रभवो हरौ ।
जाता तन्मयता लीलामयतैव निरूपिता ॥ १५ ॥
लीला स्वरूपतो नैव भिन्ना किरणसूर्यवत् ।
प्रतीतिमात्रतो भेदः स्वरूपेण न वस्तुतः ॥ १६ ॥
कृष्णः प्रविशति प्रीतो लीलाया हृदयस्थितौ ।
तदात्मा सकलैः स्वीयस्वरूपैरिति निश्चयः ॥ १७ ॥

मर्म–५ ‘ भाव उद्बोध. ’

ભાવાર્થ:—પંચમ મર્મ ભાવોદ્બોધ છે. સદાનંદ પ્રભુની નિત્ય નવલ લીલાની નિરંતર હૃદયમાં ભાવના કરવી, એ પાંચમું મર્મ છે. એ લીલાની ભાવના કર્યાથી પ્રભુ પ્રાપ્ત થાય છે, અથવા પ્રસન્ન થાય છે, કેમકે પ્રભુ પોતે જ તે ભાવરૂપ છે. જ્યારે તે ભાવ હૃદયમાં આવે ત્યારે તે ભાવસ્વરૂપ પ્રભુ પણ હૃદયમાં પધારે જ, એમાં આશ્ચર્ય શું? વળી પ્રભુથી પ્રભુની લીલા પણ જુદી નથી. લીલા પણ સ્વસ્વરૂપ જ છે એથી પણ એ લીલાની ભાવના કર્યાથી તે લીલાત્મક અને લીલાભાવાત્મક પ્રભુ હૃદયમાં બિરાજે એ અર્થ અત્યંત સ્પષ્ટ છે. જ્યારે લીલાના સ્વરૂપનો વિચાર કરીએ છીએ, ત્યારે લીલા પ્રભુના સ્વરૂપથી જુદી પાડી શકાતી નથી. પ્રભુ જુદા અને તેમની લીલા જુદી એવા ભેદભાવને સ્થાન મળતું નથી. જો પ્રભુમાં ભેદ હોય તો તેમની લીલામાં પણ ભેદ હોય. તેમ તો બની શકે જ નહિ કે પ્રભુ પણ જુદા જુદા હોય. પ્રભુ તો એક જ છે, પણ તેમના ધર્મો ઘણા છે. તે ધર્મો પણ ભગવત્સ્વરૂપથી જુદા નથી, પણ પ્રભુરૂપ જ છે. પોતાના સર્વધર્મરૂપ પણ પ્રભુ જ હોવાથી જુદા જુદા ધર્મોને લઈને પ્રભુસ્વરૂપમાં ભેદની કલ્પના કરવી યોગ્ય નથી. સ્વસર્વધર્મરૂપ

---

[1] प्रीत इत्यपि पाठः

પ્રભુ જ હોવાથી તેમાં ભેદ મનાવો એ ઠીક નથી, પરંતુ પ્રભુ પોતાનાં જ સ્વરૂપો પ્રકટ કરે છે, તેમાં જે ભેદબુદ્ધિ જણાય છે, જેમ કે આ સ્વરૂપ જુદું, તે ભેદ પ્રભુની ઇચ્છાથી જ જણાય છે. તેમાં દૃષ્ટાંત—જેમ સૂર્ય ઉદય પામે તે વખતે તેના કિરણોમાં અને સૂર્યમાં જેમ ભેદબુદ્ધિ લોકની દૃષ્ટિમાં થાય છે. સૂર્ય જ્યારે ઊગે છે ત્યારે જ તે જુદો અને તેનાં કિરણો જુદાં એમ લોકની દૃષ્ટિમાં દેખાય છે. એવી રીતે જ્યારે પ્રભુ પોતાનું સ્વરૂપ અને તે સ્વરૂપથી કરવાની લીલા જ્યારે પ્રકટ કરે છે, ત્યારે પ્રભુના તે લીલારૂપ ધર્મો અને તે લીલાયુક્ત ધર્મિસ્વરૂપ એમ ભેદબુદ્ધિ થાય છે. જેમ શ્રીનવનીતપ્રિયાજીના પ્રકટ સ્વરૂપમાં બાલલીલાની સ્ફૂર્તિ મુખ્યતઃ થાય છે અને શ્રીગોકુલેન્દ્રના સ્વરૂપમાં મુખ્યત્વે રાસલીલાની સ્ફૂર્તિ થાય છે અને તેથી બન્ને સ્વરૂપમાં ભેદભાવ થાય છે. આ બધું જ્યારે તે તે સ્વરૂપથી તેવી તેવી ભિન્ન ભિન્ન લીલાઓ પ્રકટ કરેલી હોય, ત્યારે જ તેવી લીલાઓને આધારે તે તે સ્વરૂપમાં ભેદભાવ મનાય છે. लीलाभेदे स्वरूपभेदः એ સિદ્ધાંત એતન્માત્રક જ લાગે છે. આ ભેદભાવ જ્યારે તે સ્વરૂપ અને તેની લીલા પ્રકટ થાય છે, ત્યારે જ જણાય છે. જેમ સૂર્ય ઉદય પામે છે ત્યારે જ તેમાં અને તેના કિરણોમાં જુદાપણું ભાસે છે, ઉદય પામેલો નથી હોતો, ત્યારે તો કિરણો અને સૂર્ય જુદા છે એવું જ્ઞાન થતું જ નથી. તેવી જ રીતે જ્યારે સદાનંદ પ્રભુ પોતાની સદાનંદમય લીલા અને પોતે જ્યારે પ્રકટ થાય છે ત્યારે તે લીલા અને તે સ્વરૂપમાં ભેદભાવ ભાસે છે. જ્યારે પોતે અન્તર્ગમન કરે છે, ત્યારે તો લીલા સ્વરૂપાત્મક જ જણાય છે એવો નિશ્ચય છે. જ્યારે લીલા સ્વરૂપની ભીતર રહે છે, ત્યારે તો લીલા સ્વરૂપથી અલગ ભાસતી નથી, તે વખતે લીલા જ સ્વરૂપ છે એમ નિશ્ચયસિદ્ધાંત થાય છે. શ્રીવેણુગીતની સમાપ્તિમાં શુકદેવજી કહે છે કે '[1]શ્રીવૃન્દાવનવિહારી પ્રભુની એવા પ્રકારની લીલાઓનું પરસ્પર વર્ણન કરનારાં વ્રજભક્તો તન્મયતાને પ્રાપ્ત થયાં.' શ્રીમદાચાર્યચરણ આ શ્લોકના શ્રીસુબોધિનીજીમાં તન્મયતા શબ્દનો એવો અર્થ પ્રકટ કરે છે કે, તન્મયતાને પ્રાપ્ત થયાં એટલે '[2]ક્રિયારૂપ—લીલારૂપ થઈ ગયાં.' જાગ્રદવસ્થા કે સ્વપ્નાવસ્થામાં પ્રભુલીલાનું જ વર્ણન કરતાં કરતાં કીટ જેમ ભ્રમરરૂપ થઈ જાય છે, તેમ પ્રભુલીલારૂપ થઈ ગયાં. એથી જ પ્રભુની લીલા પ્રભુના સ્વરૂપથી થોડી પણ ભિન્ન નથી જ. જેમ સૂર્યનાં કિરણો સૂર્યથી જુદાં નથી, તેમ. માત્ર તે લીલા જ્યારે બહાર પ્રકટ દૃષ્ટિગોચર થાય છે, ત્યારે જ તેમાં ભેદ જણાય છે વસ્તુતઃ સ્વરૂપથી તો ભિન્ન નથી જ. વર્ણન કરતી વેળાએ ભગવાનનું સ્વરૂપ અને તેથી પ્રકટ થતી અનંત લીલાઓમાં તારતમ્ય જણાય છે, પરંતુ વસ્તુતઃ ભગવાનનું સ્વરૂપ તે જ લીલા અને લીલા તે જ પ્રભુનું સ્વરૂપ એવો સિદ્ધાંત છે. એ હેતુથી જ જો પ્રભુની લીલા હૃદયમાં સ્થાન મેળવે તો સદાનંદ ભગવાન પણ પ્રસન્ન થઈને હૃદયમાં પ્રવેશે છે. પૂર્ણપુરુષોત્તમની અનેક રસરૂપ લીલાઓમાંની એક પણ લીલાની સ્થિતિ જો હૃદયમાં થાય તો રસાત્મક નંદકુમાર હૃદયમાં પ્રવેશે છે. કેમકે આપ તે લીલારૂપ છે, માટે તે લીલાની સ્થિતિ જ્યારે હૃદયમાં થાય ત્યારે આપની પણ તેમાં સ્થિતિ થઈ જવી જ જોઈએ. જે લીલાની સ્ફૂર્તિ ભક્ત હૃદયમાં થઈ હોય તે લીલામાં જેટલાં પોતાનાં સ્વરૂપો હોય, તે સર્વસ્વરૂપ સાથે લીલાત્મક પ્રભુ ભક્તહૃદયમાં પ્રવેશ કરે છે, એવો નિશ્ચય છે.

---

[1] एवंविधा भगवतो या वृन्दावनचारिणः । वर्णयन्त्यो मिथो गोप्यः क्रीडास्तन्मयतां ययुः ॥ क्रीडास्तन्मयतां ययुः ॥ वेणुगीत । [2] क्रीडामय्य एव जाताः ।

६ षष्ठं मर्म.

षष्ठं व्रजस्थितानां यो भावः स्मर्यो वियोगिनाम् ।
ततो भावस्य सम्प्राप्तिर्भवितासौ हरेर्भवेत् ॥ १८ ॥
अवस्था क्लेशभावो या तत्सम्बन्धी विचिन्त्यताम् ।
न स्वरूपं पृथग् यस्मान्न तत्र विशते मनः ॥ १९ ॥
तत्प्रविष्टतया नैव स्वरूपं भिद्यते ततः ।
अतोऽन्तःस्थितकृष्णास्ताः सततं हृदि भावयेत् ॥ २० ॥

मर्म ६ '(गुनगान'तें) घोषप्रिय भावना हृदय जाने'

ભાવાર્થ:—છઠું મર્મ વ્રજસુંદરીનો ભાવ છે. તે પણ વિરહી વ્રજસુંદરીનો જે ભાવ તેનું સ્મરણ કરવું એ છઠું મર્મ છે. हा नाथ रमण प्रेष्ठ क्वासि महाभुज એમ સતત ઉચ્ચારણ કરતાં વ્રજરત્નાઓનાં નિગૂઢ ભાવનું સ્મરણ કરતાં કરતાં ભાવની પ્રાપ્તિ થશે. હૃદયમાં પ્રભુલીલાની નિરંતર [1]ભાવના પણ વ્રજાંગનાઓના ભાવનું સ્મરણ કર્યાથી જ થશે. એથી જ પ્રભુની પણ સમ્પ્રાપ્તિ—સમ્યક્ પ્રકારે પ્રાપ્તિ થશે. વિપ્રયોગથી સંયોગ થશે. આ ફલ પ્રાપ્ત કરવા માટે વ્રજભક્તોની વિરહાવસ્થાનું ચિન્તન કરો. વિરહાવસ્થામાં પ્રાપ્ત થતા ક્લેશ ભાવનું વિશેષ સ્મરણ કરો. પ્રભુની લીલાથી પ્રભુનું સ્વરૂપ જુદું નથી, જેથી ત્યાં મનનો પ્રવેશ થતો નથી. જ્યારે વ્રજસુંદરીના ભાવમાં કે પ્રભુલીલામાં મનનો પ્રવેશ થાય છે, ત્યારે તેથી સ્વરૂપનો ભેદ થતો નથી. વ્રજભક્તોનાં હૃદયમાં પ્રભુલીલા નિરંતર ઉદ્ભવે છે. લીલાથી સ્વરૂપ ભિન્ન નથી. માટે જ સ્વરૂપમાં મન પ્રવેશ કરતું નથી, પણ લીલામાં પ્રવેશ કરે છે. અને લીલામાં મન પ્રવિષ્ટ થવાથી સ્વરૂપનો ભેદ રહેતો પણ નથી. એટલા માટે જેમનામાં નંદનંદન બિરાજે છે, એવા વ્રજભક્તોની નિરંતર ભાવના કરવી.

ઉપરના શ્લોક ઉપર મનન કરતાં આ આશય પ્રકટ થાય છે. શ્રીહરિરાયચરણ પહેલાં ભગવલ્લીલાની ભાવના કરવાની આજ્ઞા કરે છે. પછી એમ આજ્ઞા કરે છે કે વ્રજભક્તોના ભાવનું સ્મરણ કરવું, તેથી જ લીલાની ભાવના અથવા તો સર્વાત્મભાવ સિદ્ધ થશે. લીલા અને સ્વરૂપ એક જ છે, જેથી મન સ્વરૂપમાં પ્રવેશ ન કરતાં, લીલાનું રસિક સંપર્ક જલદી થાય છે. જ્યારે લીલામાં પ્રવેશે છે, ત્યારે લીલાથી સ્વરૂપ ભિન્ન ન હોવાથી સર્વાત્મભાવ પ્રાપ્તિ અને પ્રભુની સમ્યક્ પ્રાપ્તિ પણ થાય છે. વ્રજભક્તો તો તન્મયતાને—લીલાસ્વરૂપપણાને પ્રાપ્ત થયેલાં છે, તેથી જ પ્રભુનું સ્વરૂપ પણ તેમનાથી જુદું નથી; માટે તેમનાં ભાવનું સ્મરણ કરવાથી ભગવત્પ્રાપ્તિ સાથે જ થાય છે. એ હેતુથી જેમાં સાક્ષાત્ પ્રભુ બિરાજે છે, એવાં વ્રજસુંદરીની ભાવના હૃદયમાં કરવી.

---

[1] શ્રીહરિરાયચરણ કીર્તનમાં 'ગુણગાન'ને છઠ્ઠા મર્મ 'વ્રજસુંદરીભાવ'ના પહેલાં કહ્યો છે. મૂળ ગ્રંથમાં પ્રથમ છઠ્ઠા મર્મ તરીકે વ્રજસુંદરીભાવનો પરિચય કરાવ્યો છે અને ગુણગાનને ૭ મા મર્મ તરીકે ઓળખાવ્યું છે. વળી શ્રીહરિરાયચરણ વ્રજસ્ત્રીભાવને 'હૃદય' વિશેષણ યોજે છે, તેથી સંયોગ વિપ્રયોગરૂપ બન્ને ભાવ સ્મરવા એવો અર્થ થાય છે. મૂળ ગ્રંથમાં શ્રીહરિરાયચરણ તો માત્ર વિપ્રયોગી વ્રજભક્તોના ભાવને સ્મરવાની આજ્ઞા કરે છે આટલી વિલક્ષણતા લક્ષમાં રાખવા જેવી છે.

७ सप्तमं मर्म.

सप्तमं प्रोच्यते मर्म सर्वदोषनिवारकम् ॥
गुणा एव हरेर्गेयाः[1] सर्वदोषनिवारणे ॥ २१ ॥
अन्यत् सर्व न समास्ति साधनं सर्व चैव हि ॥
गुणेषु गीयमानेषु प्रसन्नः सन् हरिः स्वयम् ॥ २२ ॥
स्वात्मानमाविर्भाव्यैव स्वानन्दं सम्प्रयच्छति ॥
गुणाः पूर्वं तु विरहे स्मृत्यार्तिं दहाति प्रभोः ॥ २३ ॥

मर्म ७ 'गुनगानतें'

ભાવાર્થ:—સાતમું મર્મ ગુણગાન છે. એ સર્વ દોષનું નિવારણ કરે છે. સર્વ દોષનાં નિવારણ માટે હરિના ગુણો ગાવા. સર્વ દોષનું નિવારણ કરવા માટે બીજું કોઈપણ સાધન નથી. પ્રભુનાં ગુણગાન સિવાય બધા દોષને દૂર કરવા માટેનો બીજો કોઈ પ્રબલ ઉપાય છે જ નહિ. ગુણોનું ગાન કરતાં કરતાં પ્રભુ પ્રસન્ન થાય છે, અને પ્રસન્ન થઈને આપ પોતે જ સ્વસ્વરૂપ પ્રકટ કરીને સ્વાનંદનું દાન કરે છે. પહેલાં વિરહાવસ્થામાં પ્રભુનાં સ્મરણથી જે આર્તિ થાય છે તેને ગુણો જ ભાગે છે—દૂર કરે છે. અથવા તો ગુણો પ્રભુનું સ્મરણ કરાવીને વિરહાવસ્થામાં થતી અસહ્ય પીડાને શાંત કરે છે. ભગવાન્ પોતે આનન્દમય છે, એમની લીલા આનંદમય છે, અને ગુણો, ધર્મો પણ આનંદમય જ છે, તો તે ગુણોનું ગાન કરવાથી તે ગુણોનું સ્વરૂપ જાણવાથી આનંદ પ્રાપ્ત થાય તેમાં કોઈ આશ્ચર્ય નથી જ.

८ अष्टमं मर्म.

अष्टमं नाममाहात्म्यस्फूर्तिः सर्वोपरि हरेः ॥
तदन्यसाधनेष्वल्पबुद्धिः स्फुरति चेत्तदा ॥ २४ ॥

मर्म ८ 'कृष्णनाम स्फुरे.'

ભાવાર્થ:—આઠમું મર્મ શ્રીહરિના નામના માહાત્મ્યની સ્ફુર્તિ થવી એ છે. અજામિલાદિ મહાદુષ્ટોનો ઘોર પાતકોમાંથી ઉદ્ધાર કરનાર ભગવન્નામ જ છે, એવી નામની મહત્તા સર્વોપરી સ્ફુરે. નામ સિવાયના બીજાં સાધનોમાં અલ્પ બુદ્ધિ થાય. નામ જેવા ચિંતામણિ પાસે બીજાં સાધનો તુચ્છ ભાસે. નામ પણ ભગવત્સ્વરૂપ જ છે. પ્રભુ નામ અને રૂપ, એમ બન્ને સ્વરૂપે પ્રકટે છે. નામ પણ સ્વરૂપાત્મક હોવાથી તેની મહત્તા પ્રભુસ્વરૂપથી ન્યૂન હોય નહિ.

९ नवमं मर्म.

नवमं वाक्यमात्रैकनिष्ठता अविचारणात् ॥
यतो वाक्यप्रमाणस्तु साधनं साध्यसाधयन् ॥ २५ ॥

---

[1] गेया इत्यपि पाठः ।

हरिभक्तिचन्द्रिका.

(श्रीदयारामकृत)

(અનુસંધાન પૃષ્ઠ ૩૧૦)

જેને પ્રસન્ન વૈકુંઠરાય, તે જન જે કરે તે ન્યાય;
મહેતા નૃસિંહ હરિની મહેર, ઉત્સવ કર્યો અનાભિ પેર. ૧૦૨
નાતે નિંદા સાચી કરી, તદપિ શિક્ષા પામ્યા ખરી;
તો પછી પીડ કરી અન્યાય, તે પછી કેમ ન ખમશે આપ ? ૧૦૩
જેને ક્રોધ ખાતું સ્વામનું, તેથી ખાતું નહિ કામનું;
ભૂલી કામ કરે તે કદા, તો પણ સહીએ નમીએ સદા. ૧૦૪
કૃષ્ણદાસ દુર્જન નવ સહીએ, મોટમ જગ કશું કહુંક ન કહીએ;
ગર્વ સહે નહિ શ્રીગોપાળ, ભૂલ્યો ભક્ત પણ હરિનો બાળ. ૧૦૫
જૂઠો ભક્ત હરિ રાખે માન, જદ પુરોહિત પોષે યજમાન:
દાસ દોષ નવ સહે ગોપાળ, જેમ ન ગમે મા ભૂલ્યું બાળ. ૧૦૬
જે અપરાધે વાળી હણ્યો , તે સુગ્રીવ તજ્યો નવ ગણ્યો;
તે જ વિભીષણ કેરા હતો, નિજ જાણી પણ મુક્યો જતો. ૧૦૭
રણમાં પુત્ર હણ્યો સુરરાય, તેને તે લાગી હત્યાય;
અર્જુન ગુરૂ આદિ દ્વિજ હણ્યા, તે કૃષ્ણ સ્વપ્ને નવ ગણ્યા. ૧૦૮
ભક્ત દોષ ભગવંત ન વસ્યો, આપણ જોવે હેતુ કર્યો;
કદિ શિક્ષા દે તો નિજનાથ,
ભક્ત ન પમ

मार्कः कृष्णस्तम हि [1]तादृशः ॥
धास्तत्समा ज्ञेयाः प्रवीणा अपि चान्यथा ॥ २८ ॥
यत्करोति हरिः कृष्णः स्वकीयेषु कृपापरः ॥
तथा तदीयाः स्वीयेषु यत् कुर्वंति कृपालवः ॥ २९ ॥
तत्साम्येवेति मन्तव्यं यथा विभोः कृतौ स्तुतः ॥
एतानि दश मर्माणि वेत्ति यः सर्वथा जनः ॥ ३० ॥
श्रीमदाचार्यकृपया भक्तिमार्गे महामतिः ॥
तस्य मार्गेश्वरः कृष्णो वशो भवति तत्क्षणात् ॥ ३१ ॥
विचार्यैतानि मर्माणि श्रीमदाचार्यसेवकैः ॥
भक्तिमार्गे स्थितिः कार्या सर्वदातिविचक्षणैः ॥ ३२ ॥

॥ इति श्रीहरिदासोदितस्वमार्गमर्मनिरूपणं समाप्तम् ॥

पर्व १० ‘ कृति वचन विश्वास मन चित्त आने ’

---

[1] तादृक् इत्यपि पाठः ।

ઉદ્ધવ મને નવ રોધે યોગ, સાંખ્ય ધર્મ ન કર્મ પ્રયોગ;
ન સ્વાધ્યાય ન તપ ને ત્યાગ, દાન દક્ષિણા નાના યાગ. ૧૧૮
વ્રત નિયમ યમ તીર્થાટને, ન રોધાઉં વેદ સર્વ ભણે;
એક મને રોકે સત્સંગ, નારકોથી તેનો મને તરંગ. ૧૧૯
તર્યાં અયોગ્ય ઘણા સત્સંગ, એકે ધર્મ ન સાધન રંગ.
રાક્ષસ દૈત્ય સહ ખગ મૃગ બહુ, ગંધર્વ નાગ અપ્સરા સહુ. ૧૨૦
સિદ્ધ ચારણ ગુહ્યક ખરા, વિદ્યાધર મનુષ્ય વાનરા;
વૈશ્ય શૂદ્ર સ્ત્રી અંત્યજ જાતિ, રજસ્તમઃપ્રકૃતિ યુગ યુગ ખ્યાતિ. ૧૨૧
તે તે સહુ મુજ પદ પામિયા, કેવલ સત્સંગ જગ નહિ બીજ;
કોણ કોણ કોઇ એક કહું નામ, જે જે પામ્યા સુંદરશ્યામ. ૧૨૨
પ્રહ્લાદાદિક વૃત્રાસુર, વૃષપર્વા બલિ બાણાસુર;
સુગ્રીવ અંગદાદિ હનુમાન, રીંછપતિ વળી જાંબુવાન. ૧૨૪
ગજ સમાહ ગૃધ્ર ખગજાતિ, વ્યાધ વળી કુબ્જા જગખ્યાતિ;
યજ્ઞપત્નીઓ વ્રજગોપીઓ, ભક્તમણિ સગે ગોપીઓ. ૧૨૩
તે સહુ ન હતા વિદ્યાભ્યાસ, મહદુપાસન ન હતું પાસ;
તપે ન તપ કર્યાં કો તન, વ્રતાદિ ન હતું કોઇ સાધન. ૧૨૫
તે છુટથી સહુ આપદુઃસંગ, શ્રીપુરુષોત્તમ પ્રકટ્યો રંગ;
સિદ્ધ પરમપદ પામ્યાં તેહ, કેવળ સત્સંગતિ બળ એહ. ૧૨૬
ભક્તોત્તમ ઘણા જેટલાં, સહજ પ્રાપ્ત થાય જ તેટલાં;
કૃષ્ણ મિલનમાં જે અંતરાય, અનાયાસ તે સર્વ પલાય. ૧૨૭
શ્રીપુરુષોત્તમ નિત્ય પ્રસન્ન, નિજાનંદ દે હરી નિજજન,
એ સહુ શીઘ્ર ભજો સત્સંગ, જો સેવાય હમારી રંગ. ૧૨૮
એ સહુ સિદ્ધ થવું હરિ હાથ, બીજાને કર સહુની નાથ;
છે તો એમ જ ભાખ્યું જેમ, તદપિ કરવો જતસમ શ્રમ. ૧૨૯
ત્યારે હરિને આવે દયા, સુતાં સુખીઆ કોઇ નવ થયા;
પવન ભર્યો છે પંખામાંય, પણ વણ હલાવે મળનો ક્યાંય ? ૧૩૦
અર્ભકમુખ સ્તન અર્પે માત, મવશીપણ મમ અર્ભક હાથ;
કલ્પવૃક્ષ સહુ ફળ દાતાર, સમર્થી નિકટ જવું નિર્ધાર. ૧૩૧
ત્યાં જવું તેમ હરિજન, તો સહુ સુખ દે થઇ પ્રસન્ન;
દુષ્ટ સંગથી રહેવું દૂર, ભજતામાં જ જમાવે ઉર. ૧૩૨
કુમિત્ર અવર શીખવે ખરી, જેમ તેમ કરી ભુલાવે હરિ;
પ્રથમ ઉપજાવે તૃષ્ણ, જે થકી પ્રિય નવ લાગે કૃષ્ણ. ૧૩૩
સજ્જનમાં સદ્ગુણ જેટલા, દુર્જનમાં અવગુણ તેટલા;
અપણું આવણું હરિજન થકી, એટલામાં સમજો હીત ભલું. ૧૩૪
વિષયી પણ વણસાડ્યું ઘણા, મોટા દુઃખદાતા નાહ ભણ્યા;
ત્રિય તો કરે તેજ તનુ ભંગ, અમિત જન્મ વણસે દુઃસંગ ? ૧૩૫

સજ્જન સુખદ સુધાથી અતિ, સજે સમતા હરિમાં મતિ;
રાહુ અમૃત પીધું હતું, તદપિ દુષ્ટપણું નથી ગયું. ૧૩૬
માટે દુષ્ટ થકી નાસવું, જેમ તેમ સાધુ શરણે જવું;
શ્રીહરિકથા શ્રવણ ત્યાં થાય, જેથી સઘળા સંશય જાય. ૧૩૭
મહાચાર્યચરણશરણે જવું, વૈષ્ણવી દીક્ષા વૈષ્ણવ થવું;
વળી ફરી વસવું સત્પ્રેમમાં, નિશદિન રહેવું હરિ રંગમાં. ૧૩૮
ઊર્ધ્વપુંડ્ર શુભ ધરવું ભાલ, માળે મુદા તુલસી માલ;
શ્રીહરિ સેવા કરવી સદા, સ્મરણ કૃષ્ણ ત્યજવું નહિ કદા. ૧૩૯
હરિકીર્તન નિત્યે હરિકથા, ભૂલે કૃષ્ણ, જન્મ હોય વૃથા;
નામ મંત્ર ત્યજવો નહિ ક્ષણું, અન્યાશ્રય કરવો નહિ અણુ. ૧૪૦
ખાનપાન આદિ સહુ વસ્ત, વસ્ત્રાભૂષણ અપર સમસ્ત;
ગ્રહવો નિજ પ્રભુ તણો પ્રસાદ, નરક રૂપ છે તે વિન સ્વાદ. ૧૪૧
પવિત્ર રહેવું અંતર બહાર, ત્યજવાં આલસ્ય ને અહંકાર;
અવર ન ધરવી ચિંતા રતિ, હરિ ભજવા આતુરતા અતિ. ૧૪૨
હરિગુરુ હરિજન લહેવા એક, તન ધન અર્પવું કરી વિવેક;
વિષયે જતી ઇંદ્રિય ક્ષાળવી, હરિ સેવનમાં સહુ વાળવી. ૧૪૩
સઘળે દયા ન ક્રોધનો દોષ, સહજ લાભ ધરવો સંતોષ;
ઇત્યાદિક પ્રકરણ ઝાલવું, પ્રામાણિક પુછી ચાલવું. ૧૪૪
વણ વૈષ્ણવ કદી ના ભેટીએ, ભેટે સહુ સુકૃત મેટીએ;
અસત્યજે અડતાં માત્ર, પાપરૂપ થાય જનમનગાત્ર. ૧૪૫
વ્યાલ વ્યાઘ્ર અગ્નિ ઝંપીએ, તેથી અધિક વિમુખે કંપીએ;
સ્માર્ત શાક્ત સગો કદી હોય, તદપિ નાજ ભેટવું કોય. ૧૪૬
કૃષ્ણ ભક્તિ વિણ ધિક અવતાર, કેવળ ભૂમિ કેરો ભાર;
ભક્ત માત્ર દિન જીવ્યા ધન્ય, સહસ્ર કલ્પ જીવ્યા ધિક અન્ય. ૧૪૭
ધન્ય અધમ કુલ પશુ હરિ ભક્ત, વિપ્ર વિમુખ ધિક વિષયાસક્ત;
સુધા મૃદ ઘટ લખી ચૂકીએ, મધ કનક કલશી પૂરીએ. ૧૪૮
કૃષ્ણ ભક્ત જેમાં તે સુખી, સઘળી વાતે છે તે સુખી;
મદનાદિક તેને નવ દમે, નવગ્રહ તેને શરણે નમે. ૧૪૯
અષ્ટ મહાસિદ્ધિ નવનિધિ, હરિજનને સેવે સહુ વિધિ;
મુક્તિ ચાર તેને ઘેર દાસી, માયા સરખી કરે ખવાસી. ૧૫૦
મહાકાલ પણ રહે કંપતો, હરિજન રહે એને ચાંપતો;
બ્રહ્માદિક જેનો ભય ધરે, ઇંદ્રાદિક સુર પણ થરથરે. ૧૫૧
નગ અસુર નગ નમતા રહે, મુનિઋષિ નમન કરે વર લહે;
સુર નરપતિ પદ રજ ચ્હાય, ભાગ્ય વડું માને જો નહાય. ૧૫૨
વેદશાસ્ત્ર હરિભક્ત વખાણ, ઝાઝું શું કહું ? પ્રભુનો પ્રાણ;
સર્વ ત્યજી જે એને ભજે, પ્રભુનું મન તેને કેમ ત્યજે ૧૫૩

અખિલ વિશ્વ જે આજ્ઞા હીન, તે ભગવાન્ ભક્તાધીન;
આમ વાણી શ્રીમુખ કહી કથી, મુને ભક્ત સમ પ્રિય કો નથી. ૧૫૪
શેષ અજ ને ઉમાપત, શ્રીમત જેથી પરસત;
તે પણ પ્રિય નથી ભક્ત પ્રમાણ, એથી વધુ બીજું કોણ? ૧૫૫
મુજ આત્મા તેવો પ્રિય નથી, જેવા ભક્ત સત્ય કહું કથી;
અખિલ વિશ્વ મુજ આજ્ઞા હીન, તે ઈશ્વર હું ભક્તાધીન. ૧૫૬
શ્રીમુખે એમ કહ્યું શ્રીહરિ, તે પ્રમાણ શ્રુતિ ઘણે કરી;
ન કરવાનાં નીચાં કામ, ભક્ત માટે તે કીધાં શ્યામ. ૧૫૭
જની દાસીથી હરિ હિત ધર્યું, પીસણે પડ પીસ્યું પીસણું;
છાણાં વીણ્યાં તે પણ ખરૂં, નામાનું છાયું છાપરૂં. ૧૫૮
સેન ભક્ત ઉપર અતિ માયા, નારાયણજી નાપિક થયા;
ધારિ વપુ ત્રિલોચન ધામ, બાર વર્ષ લગી સુંદર શ્યામ. ૧૫૯
બલિ રાજાથી બની રતિ, દ્વારપાળ દ્વારાવતી પતિ;
ઉગ્રસેન શું ઉમંગ અપાર, છેલ છબીલો છડીદાર. ૧૬૦
કુંતી પુત્ર સખી અતિ પ્રીત, ત્યાં નવ રાખી ઈશ્વર રીત;
દૂત થઈ વિષ્ટિએ ગયા, ચરવાદાર અર્જુન થયા. ૧૬૧
અર્જુનની શી અદ્ભુત કથા, પાયું પાણી અશ્વો તથા;
જુઠાં પાત્ર વાળ્યાં જગરાય, વળી પખાળ્યા સહુના પાય. ૧૬૨
પરમેશ્વર પાર્થ સારથિ, શું શું કહું ? કંઇ બાકી નથી;
દીઠો દાસ નિજ ભક્તિની રક્ત, તે આપી એવા પ્રિય ભક્ત. ૧૬૩
અંબરીષને ઋષિનો શાપ, તે શ્રીકૃષ્ણે મુક્યો આપ;
સખા સુદામા રંકે વર્યો, સુત થઈ મૃતક જીવાડી લ્યો. ૧૬૪
સહુ વ્રજ ભક્ત કૃષ્ણના ખાસ, તેમના સદા થઈ રહ્યા દાસ,
ચોર જાર પદ અધમ અપાર, ભક્ત હિત હરિ અંગીકાર. ૧૬૫
બાંધ્યા દામોદર દામણે, જાણે યશોદા હિત વારણે;
ગોવાળીઆ મૂર્ખનું નામ, ભક્ત હિત તે પણ ભણ્યું શ્યામ. ૧૬૬
ગૃધ્ર વ્યથા ભિલ્લ ગુહ મિત્ર, શબરી ઉચ્છિષ્ટ ભક્ષ્યું અપવિત્ર;
રમે રમ્યા કુબ્જા કિંકરી, અસીખાન પુત્રી શી કરી. ૧૬૭
નંદલાલ નૃસિંહ પિતૃશ્રાદ્ધ, કાર્યું સ્નેહથી ન આવ્યો બાધ;
હરે દુઃખ દામાજી રાય, મહારરૂપ ધર્યું વિઠ્ઠલરાય. ૧૬૮
મીરાંનું વિષ કીધું પાન, સ્વામિ સુખ આપ્યું ભગવાન;
સધન કસાઈ પેર હરિ રહ્યા, માંસ તોળવા તોલું થયા. ૧૬૯
પ્રિય રોહીદાસ ચમારનું ધામ, સુખે સાથે શાલિગ્રામ;
ચોખામેળ અન્ત્યજ હરિભક્ત, તે ઉપર શ્રીવિઠ્ઠલ રક્ત. ૧૭૦
તેની સ્ત્રીનું સંકટ લખી હરિ, નણંદ થઈ સુવાવડ કરી;
ભક્ત પૂંહરો મોહન નામ, તેને રાખે રહ્યા ઘનશ્યામ. ૧૭૧

માધવદાસ પ્રિય અતિ પુત્ર, જગન્નાથ ઘોષાં મખમત્ર;
ચંદ્રદાસ મુખમાં હરિ રમ્યા, ઉચ્છિષ્ટ હત પ્રહાર પ્રિય ગમ્યા. ૧૭૨
કર્યું રમકડું રમવાતણું, ઝારીમાં મરખડીયા ઘણું;
કરકાંતિ કમલાપદ સેવ; ભક્ત પ્રેમ દુઃખ સુખ હરિ દેવ. ૧૭૩
સખુબાઈ રૂપે થયા હરિ, તેના પતિની સેવા કરી;
સત્ય સંકલ્પ જુઠા કરી, ભીષ્મ પ્રતિજ્ઞા સાચી કરી. ૧૭૪
રત્સ્વધા ગુપ્તા કર કરી, વદાસે મુકુટ ધરાવ્યો હરિ;
ભિક્ષા સમર્થને અપહિત, માગી કૃષ્ણ ઋષિ પત્ની હિત. ૧૭૫
એથી નીચાં લાખો કામ, ભક્ત માટે કીધાં ઘનશ્યામ;
હરિજન દ્રોહ કરે તે મરે, હરિજન કૃતિ મનસ્વી કરે. ૧૭૬
જગન્નાથ પંડિત પ્રિય હરિ, પવનસુતા ઘરની સ્ત્રી કરી;
શ્રીગંગા બાવન સોપાન, ઉંચા ચઢી કરાવ્યું સ્નાન. ૧૭૭
મુનિ પરાશર હરિ અનુભવી, તેણે કૃતિ કરી અવનવી;
ગંગા મધ્યે નૌકા માંય, ધિમર કન્યા ભુક્તી ત્યાંય. ૧૭૮
મત્સ્યગંધા હતી બહુવરી, મૃગમદ યોજનગંધા કરી;
દોષ ધર્યો નહિ હરિ મનમાંય, વ્યાસરૂપ નિજ પ્રકટ્યા ત્યાંય. ૧૭૯

જ્ઞાનદેવ મોટા હરિજન, જે કીધા યતિએ ઉત્પન્ન;
સંસ્કારદ્વિજ કર્યો નિષેધ, પાડા પાસે ભણાવ્યા વેદ. ૧૮૦
કશ્યપ પુત્ર પુત્રીને વર્યો, શોધી એવ ભક્તિથી કર્યો;
નિજ પુત્રી બ્રહ્મા મનભટ, રમી ભક્તિ બળ સઘળી ઘટિ. ૧૮૧
ભસ્મ કરે શિવ સઘળું જગત, તદપિ અનઘ છે હરિભક્ત;
પતિદાસ પિતા છે અતિ, સત્ય ભક્તને દોષ ન રતિ. ૧૮૨

દ્વિજ હણ્યે અધમ અચ્યુત, મારે મઘ સહુ ભસ્મીભૂત;
જેમ રસનામાં અગ્નિ સદા, મારે ચીકટ અડે નહિ કદા. ૧૮૩
વિચારતાં સમ સઘળું તન, પણ પ્રતાપ જોતાં અતિ ભિન્ન;
તેમ હરિ ભક્ત જગતના જન, બધસમ નહિ સમ દીસે તન. ૧૮૪
શ્રીગંગાજી પણ જળરૂપ, જેમ જળ અવર સરોવર કૂપ;
જોતાં જળના ધર્મ સમાન, પણ પ્રભાવ ક્યાંથી ? કર અનુમાન. ૧૮૫
તેમ સન્માન એક તનુ વ્યવહાર, ભક્ત જગત અતિ પૃથક્ અપાર;
અધમ વંશ પણ જો હરિ ભક્ત, નિઃશંક ત્યાં થઈએ આસક્ત. ૧૮૬
જેમ અહિથી ઉપજ્યો છે મણિ, પણ શિર બાંધે ધરણિ ધણી;
નર જોવો તેમજ રવિ દોષ, દુઃખ પામીએ રાખતાં રોષ. ૧૮૭
અગ્નિથી જેમ દીપક શ્યામ, પણ સારે આપણું કામ;
દીપક વધા સમયો જાય, ત્યારે વડો થયો કહેવાય. ૧૮૮
તેમ હરિ ભક્તિ વિના જે વધુ, તે જેમ ખોળામાં દીવડા;
જો મન નથી કૃષ્ણ પદ પ્રેમ, સાધન ધર્મ વ્યર્થ સહુ નેમ. ૧૮૯

ત્યજ્યો કામ તો શંઢ વખ્યો, ક્ષમા ધર્મ વણ ક્રોધે સખ્યો;
નિર્લોભી અજગર છે ઘણું, પણ પામે નહિ પદ હરિ તણું. ૧૫૦
મોહ નહિ ઘરાને મન, પણ પામે નહિ જગજીવન;
ગુનાહગારને મન મદ નથી, પણ પ્રભુ ન મળે કહું શ્રુતિ મથી. ૧૫૧
ન માત્સર્ય ઉન્મદ કોઇનિ, પણ તે ન આવ્યા હરિ લોચનિ;
સર્પ કરે છે વાયુ ભક્ષ, ઘણુ આહારી શુક લક્ષોલક્ષ. ૧૫૨
જીવે અજા પત્રભક્ષણે, હરિ ક્યાં દેખે એ લક્ષણે ?
તૃષા સહે છે ચાતક સહુ, પણ હરિ ન મળે રટણે સહુ. ૧૫૩
ઘણુ નિશિ જાગે છે ઘુવડ, પણ સ્વપ્ને ન મળે શ્રીરણછોડ;
નિદ્રા અલ્પ કરે છે શ્વાન, માટે શું મળશે ભગવાન ? ૧૫૪
ચારે વેદ ભણ્યો દશ શિર્ષ, રતિ વિના હણ્યા જગદીશ;
સહુ ભાષણ કરવાનું જ્ઞાન, રતિવણ ખગ ચંડાળસમાન. ૧૫૫
હરિ રતિ વિના અસંગી રહ્યો, ચારે મન અહિમાર્ગ મળો;
કુમ વાયસ ભણુ આયુષ્માન, પણ સુખ શું ? સંતોષી શ્વાન. ૧૫૬
હરિ ભાવે ભીક પોપટ્ટ લાખ, પરોક્ષા પોપ લાખ ફળ રાખ;
મીન સદા તીર્થ જળ મગ્ન, મુક્તિ ન પામે વણ હરિ લગ્ન. ૧૫૭
સુગુણ નૃત્ય કરે ને ગાય, વણ ભાવે વૈકુંઠ ન જાય;
કાસદ લાખ વાર સત કથી, ભક્તિ વિના ન મળે અવિનાશી. ૧૫૮
બાળકવત્સ બે પયહારી, અહંમમતાદિ નહિ અવિકારી;
તદપિ ભક્તિ વિના હરિ દૂર, જ્ઞાની લક્ષણ યદપિ પૂર. ૧૫૯
પતંગ અનલ વિષે સંચરે, દુઃખીઆ જળમાં ડુબી મરે;
મધુરી વાણી બોલે મોર, રતિ વિણ રીઝે ન નંદકિશોર. ૨૦૦
સ્વાર્થી કડુક વચન પણ સહે, મૃગાદિક પણ વનમાં રહે;
દરિદ્રિનિ સઘળા ત્યાગ, હરિ પ્રસન્ન નહિ વણ અનુરાગ. ૨૦૧
તેલી જગદ પરિક્રમા કરે, સર્પ દંડવત કર તો ફરે;
સહુ દેખે તપોધન આપ, ખર રક્ષામાં રોળે કાય. ૨૦૨
વડ જો ભાર જટાનો સહે, ઇંડ આંધળા અન્ન જ મેહે;
નરવો નેત્ર ધરે અવધૂત, બગલો ધ્યાન ધરે અદ્ભુત. ૨૦૩
અજગરને શાંતી હોય સદા, ભક્તિ વિન પ્રભુ ન મળે કદા;
નૃગનૃપ કર્યાં ઘણાં ગૌદાન, ભક્તિ વિના ન મળ્યા ભગવાન. ૨૦૪
ઘણા અમિત પ્રાચીનબર્હિષ, ભક્તિ વિના દુર્લભ જગદીશ;
નટ સમાધિ સાધે છે ખરી, પ્રેમ વિના તાહિ દૂર હરિ. ૨૦૫
આ સંતોષી મુંગા મુનિ, અશક્ત સાધુ કુકુટ ધુની;
નિર્ધન તપીઆ વિરહી ઉદાસ, સઘળું ધિક જો નથી હરિદાસ. ૨૦૬
ચકોર મત્સ્ય પંખીનિ પ્રીત, સિદ્ધ ભેખ નહિ વણ હરિ હેત;
કૃષ્ણ ભક્તિ વણ ઇત્યાદિક, કૃતિ હરિ ન મળે સહુ ભગ ધિક. ૨૦૭

સાધન વ્યર્થ થાય નહિ કોય, જો હરિ ભાવે ભજતા હોય;
પણ વહ્નિ ઘૃત હોમે રાખ, પૂર્ણ કરે કો મન અભિલાખ. ? ૨૦૮
શ્રીહરિ ભક્તિ અંક પ્રમાણ, સાધન શૂન્ય સરીખાં જાણ;
આગ અંક મળી દશ ગણું થાય, કેવળ શૂન્યે કશું ન ગણાય. ૨૦૯
તેમ ન અંકને સાધન કામ, કેવળ ભક્તિ ભજે ઘનશ્યામ;
શુભાચરણ શું હતું પારધિ ? જીવ્યો સદા પશુને વધિ. ૨૧૦
વય હરિ ક્યાં જોયું ધ્રુવ તણું ? ગજેન્દ્રમાં વિદ્યા નહિ ભણ્યું;
રૂપ હતું શું કુબ્જામાંય ? દ્રવ્ય સુદામાને ઘેર ક્યાંય ? ૨૧૧
વિદુર શું જાતિ પણું વસ્યું ? ઉગ્રસેન પુરુષાર્થ કર્યું;
હરિ ન વિચાર્યું કોઇ સાધન, પ્રીતિ માત્રથી કૃષ્ણ પ્રસન્ન. ૨૧૨
સર્વ સરસ એક ભક્તિવડે, તે ભક્તિ સત્સંગે જડે;
મુક્તિ ભક્તિ દુર્લભ જગતમાં, સહજે દે બલ હરિ ભક્તમાં. ૨૧૩
મુક્તિ દીધી મહીની સાટ, ભક્તિ આપી ભાજી માટ;
પ્રભુદાસજી ગદાધરદાસ, પ્રમાણ વચન કર્યાં પ્રભુ ખાસ. ૨૧૪
'મુશાભિમ હરિજન કિયા અંક વિધાતાના છે કિયા ?
શૂન્ય ભાગ્ય નૃપને ત્રણ સુત, આપ્યા હરિજન બલ અદ્ભુત. ૨૧૫
નામે મુખ ઉચ્ચારી ગાય, વસિષ્ઠ પુત્ર કર્યો કલ્યાણ;
હરિજન જોર હરિથી ઘણું, ક્યાં લગી વર્ણવું મોટમપણું ? ૨૧૬
રાધિકા ભક્તિ મહારાણી, જેને વશ છે શાર્ઙ્ગપાણિ;
તે કરુણા કરી જેમાં વસે, તેને ફંદ હરિ મોહન ફસે. ૨૧૭
હરિ પ્રસન્ન થઇ સહુ સુખ આપે, ચોમુક્તિ નિજ સમ કરી સ્થાપે;
પણ ભક્તિ કોઇને નવ અર્પે, થવું આધીન માટે હરિ કરપે. ૨૧૮
આપી પ્રેમ સહિત જ્યાં ભક્તિ, ત્યાં ઉપજી પ્રભુની આસક્તિ;
તેને વશ કીધે સહુ થયું, સહજ સદા મન હરિમાં ગયું. ૨૧૯
જેને હૃદયે વસ્યું હરિ રૂપ, તે તો અખિલ વિશ્વનો ભૂપ;
તેજ પૂજ્ય પંડિતને ગુણી, ભજે કૃષ્ણ વસ્તુ શી ઉણી ? ૨૨૦
કોટિ પ્રકાર ધન્ય તે જન, ક્ષણું વિસરે નહિ જગજીવન;
શ્રીહરિ ગુરુ ભક્ત ને ભક્તિ, માગું ચાર પદ સહજાસક્તિ. ૨૨૧
સહુથી અધિક કીમયત મારે, શ્રીહરિ પ્રિય કહે વારે વારે;
સુણો કૃષ્ણજન વિનતિ મારી, મારે આશા સદા તમારી. ૨૨૨
સકલ ધર્મ સહુ સાધન હીન, હું છું દાસ તમારો દીન;
સદા તમારી કરુણા માગું, તમ અપરાધ થકી ફરી ભાગું. ૨૨૩
દઇ અનન્ય આશ્રય ગુરુ તણો, આપો મને મનોરથ ઘણો;
અનન્ય પ્રેમ લક્ષણા ભક્તિ, અનપાયિની વ્યસનાસક્તિ. ૨૨૪
શ્રીગોપીજન વલ્લભ કેરી, આપો મુજને હોસ ઘણેરી;
દાસ દયાની પૂરો તૃષ્ણ, સાચો ભક્ત કરો શ્રીકૃષ્ણ. ૨૨૫

દયારામ બ્રાહ્મણ હરિદાસ, હરિજન ગુણ આશ ઉલ્લાસ;
શ્રીહરિભક્તિચંદ્રિકા નામ, ગુરુ ભક્ત ગ્રંથ રચ્યો અભિરામ. ૨૨૬
નિગમાગમ પ્રમાણ રચી કથા, રખે વદો મન: કલ્પિત વૃથા;
આ ચરિત્ર શ્રવે-ધરી નેમ; હરિજન—હરિ શું વધશે પ્રેમ. ૨૨૭
પાપ તાપ સહુ પ્રલય થશે, અંતે શ્રીહરિ પદ પામશે;
મન: કામના થાશે પરિપૂર્ણ, સર્વે ચિંતા થાશે ચૂર્ણ. ૨૨૮
આઠ પહોર મનમાં આનંદ, નહિ વિસરે હરિપદારવિંદ.

દુહો.

પૂર્ણ ગ્રંથ પ્રેમે કર્યો. સજ્જન થયા પ્રસન્ન;
શ્રીગુરુગોવિંદ કૃપા કરી દો જાણી નિજજન.

श्रीकृष्णो विजयते ।

श्रीमदाचार्यचरणकमलाभ्यां नमः ।

श्रीमद्गोपीनाथप्रभुचरणानां जन्मकुण्डली.

चिन्तासन्तानहन्तारो यत्पादाम्बुजरेणवः ।
स्वीयानां तान् निजाचार्यान् प्रणमामि मुहुर्मुहुः ॥ १ ॥
यदनुग्रहतो जन्तुः सर्वदुःखातिगो भवेत् ।
तमहं सर्वदा वन्दे श्रीमद्वल्लभनन्दनम् ॥ २ ॥

स्वस्तिश्रीनृपविक्रमार्कसमयातीत संवत् १५५७ दक्षिणायने शरदृतौ महामाङ्गल्यप्रदमासोत्तममासे भाद्रपदमासे कृष्णपक्षे तिथौ १२ चन्द्रे पुष्यनक्षत्रे पद्मयोगे कौलवकरणे एवं पंचाङ्ग शुद्धौ अत्र दिने शुभसमये सर्वग्रहानुकूल्ये श्रीमदाचार्यमहाप्रभूणां गेहे श्रीमद्गोपीनाथानां प्राकट्यमभूत्, तथा विश्वोद्धारकृते स्फुटोऽभवदिह श्रीगोपीनाथाभिधः (ततोऽद्य स्वस्तिश्रीनृपविक्रमादित्यकृतसमयातीतसंवत् १९७१, तथा शके १८३७ राक्षसनाम संवत्सरे दक्षिणायने शरदृतौ भाद्रपदमासे कृष्णपक्षे तिथौ १२ भौमे. घ. ५७ प. २६ मध्याह्न घ. ६० प. ० साध्य यो. घ. ३३ प. २८ कौल. एवं पं. अत्र दिने सकलगोब्राह्मणप्रतिपालकश्रीमदाचार्यमहाप्रभूणां गेहे श्रीगोपीनाथानां प्राकट्यवर्षाणि ४०४ गतानि. अग्रे ४०५ वर्षप्रवेशः । शुभं भवतु ।)

*जन्मकुण्डली.

<table>
<tr><td colspan="3">२
शुक्र. ७</td><td colspan="3">१२
५</td></tr>
<tr><td colspan="2">३
शनि. ८</td><td colspan="2">१
बुध, गुरु, रवि. ६</td><td colspan="2">११
४ चन्द्र.</td></tr>
<tr><td colspan="3">४
९. राहु.</td><td colspan="3">१०
केतु, मंगल. ३</td></tr>
<tr><td colspan="2">५
१०</td><td colspan="2">७
१२</td><td colspan="2">९
२</td></tr>
<tr><td colspan="3">६
११</td><td colspan="3">८
१</td></tr>
</table>

मंगलो विस्तरतां यातु । सदैव क्षेमम् । शुभम् । श्रीसम् ।

---

*गुर्जरेषु पूर्णिमान्त्या संक्रान्तेश्च गतिर्मन्त्या मन्यते ।

કહે છે:—

तदोडुराजः ककुभः करैर्मुखं प्राच्या विलिम्पन्नरुणेन शंतमैः ।
स चर्षणीनामुदगाच्छुचो मृजन् प्रियः प्रियाया इव दीर्घदर्शनः ॥२॥

(પ્રિયા સ્ત્રીના દીર્ઘ સમય પછી દર્શન દેતા પ્રિય પતિની માફક પૂર્વ દિશાનું મુખ કિરણોથી અરુણ રંગે રંગતા અને શીતલ સુખદ કિરણોથી સર્વ પ્રાણીઓના દુઃખ દૂર કરતા નક્ષત્રરાજ ચન્દ્રમાનો તે જ સમયે ઉદય થયો. ૨.)

જે સમયે પ્રભુએ મન ઉત્પન્ન કર્યું તે સમયે જ તેના અધિષ્ઠાતા દેવ નક્ષત્રરાજ ચન્દ્રમાનો ઉદય થયો. [૨]યદ્યપિ પ્રભુએ સર્વ રમણ રાત્રિઓનું દર્શન તો એક જ સમયે કર્યું છે છતાં એ સર્વ રાત્રિઓની સ્થિતિ તો ક્રમથી જ છે. ભગવાનના મનનો અધિષ્ઠાતા ચન્દ્ર પણ આધિદૈવિક હોવાથી તે પૂર્ણ જ અને નિષ્કલંક છે. મનના આવિર્ભાવ સાથે એનો આવિર્ભાવ થાય છે, લીલાની ઉપરતિ (વિરામ, તિરોધાન) સાથે તેનું તિરોધાન થાય છે. આકાશના મધ્ય પર્યન્ત જ આનું ગમન છે, કોઈ સમયે પણ એનો અસ્ત નથી. એ

પ્રભુએ ચન્દ્રને ઉત્પન્ન કર્યો એમ કહેવું કદાચિત્ વિરુદ્ધ લાગે, પરન્તુ તેમ લાગવાનું કારણ નથી. સહજ વિચાર કરવાથી પ્રભુએ ચન્દ્રને ઉત્પન્ન કર્યો એ સ્પષ્ટ થાય છે. જે સમયે પ્રભુએ મન ઉત્પન્ન કર્યું તે સમયે જ નક્ષત્રરાજ ચન્દ્રમાને અર્થાત્ ઉત્પન્ન કર્યો. નહિ તો મૂલમાં 'तदुद्गात्' ને બદલે 'स उद्गात्' કહેત. વળી આગાડીના શ્લોકમાં નિરૂપણ કરેલ ચન્દ્રદર્શન અન્ય રીતિથી ઘટાવી શકાતું નહિ હોવાથી, ચન્દ્રોદય તો પ્રાપ્ત જ થયો, અને તેમ માનતા આ શ્લોક પણ વ્યર્થ થાય. આથી પ્રભુને જે લીલાની ચિકીર્ષા છે, કરવાની ઈચ્છા છે, તે લીલા લોક અને વેદમાં અપ્રતીત હોવાથી અપૂર્વ છે અને તેથી લોકવેદાતીત લીલાની સર્વ સામગ્રી અત્ર પ્રભુ જ સંપાદન કરે છે તે જણાવવાને 'तद्' શબ્દના પ્રયોગ પૂર્વક ચન્દ્રનું ઉપવર્ણન કર્યું છે એમ સ્પષ્ટ થાય છે. આથી જ 'ભગવાનના મનનો ચન્દ્ર અધિદૈવતા છે' એમ આરંભી 'કદાચિત્ પણ' પર્યન્તનો ગ્રન્થ યુક્તાર્થ જ છે. જો આમ ન માનીએ તો બીજી શંકા પણ ઉદ્ભવે. મૂલ શ્લોકમાં ચન્દ્રનો પૂર્ણત્વ અને નિષ્કલંકત્વાદિ ધર્મો કંઈ કહેલા વા સ્પષ્ટ નથી, અને આચાર્યશ્રી પણ તેમ કહેત નહિ. તેથી આ આધિદૈવિક ચન્દ્રની ઉત્પત્તિ પોષવાને અને સર્વ સામગ્રી અત્ર પ્રભુએ સિદ્ધ કરેલી છે, અને તેથી જ એ સર્વ લીલા સમાજ નિર્દોષ પૂર્ણગુણ છે, એ સૂચવવાને આચાર્યશ્રી કહે છે કે ચન્દ્ર તો ભગવાનના મનનો અધિદેવતા છે, એ પૂર્ણ છે, એ નિષ્કલંક છે, એનું ગમન મધ્યાકાશપર્યન્ત જ છે, અને એનો અસ્ત કદાચિત્ પણ થતો નથી. વળી પ્રથમ શ્લોકમાં 'चक्रे' કર્યું એ પદથી મનની ઉત્પત્તિ નિરૂપણ કરેલી છે. લીલામાં મન જ મુખ્ય હોવાથી, તેની ન્યૂનતા હોય તો લીલા સિદ્ધ ન થાય તેથી તેની ઉત્પત્તિ પ્રભુએ કરી એમ કહેવાથી સર્વ લીલાસૃષ્ટિ અને લીલાસામગ્રીની ઉત્પત્તિ પણ સ્પષ્ટ થાય છે. આમ વિચાર કરવાથી તેવી લીલાસૃષ્ટિઓ યોગ્ય એવા આધિદૈવિક નિર્દોષ પૂર્ણગુણ ચન્દ્રને પ્રભુ ઉત્પન્ન કરે છે, સર્જે છે, તેથી આગાડીના શ્લોકમાં શ્રીગુંસાંઈજી એવા ચન્દ્રનો ઉદય નિરૂપણ કરે છે એમ શ્રીસુબોધિનીજીનો આશય છે એમ અવધારવું.

૨. યદ્યપિ પ્રભુએ સર્વ રમણ રાત્રિઓનું દર્શન એક જ સમયે કર્યું છે છતાં

ચન્દ્ર પણ શ્રીજીઓના મન, જે અત્ર નક્ષત્રના[૪] સ્થાનમાં છે, તેમનો પણ સ્નેહ ઉદય પ્રથમથી જ થાય છે, તેથી પૂર્વ જ દિશામાં તેનો ઉદય કહેવાય છે. 'તે દિશા દેવોની છે' એ અનુસાર તે દિશાનો ઇન્દ્ર દેવતા અને અધિપતિ છે. આ સમયે ભગવાન્ જ ઇન્દ્ર છે, તેથી તેમનો વીર્યરૂપ—સામર્થ્યરૂપ તે આધિદૈવિક ચન્દ્ર તેમાં જ ઉદય પામે છે. આથી પૂર્વ દિશાના મુખને, 'મુખ' ભાગને, ઇન્દ્રાનનને, પોતાના કિરણોથી રંગતો ચંદ્ર ઉદય પામ્યો. પૂર્વ દિશાના મુખ ઉપર રાગ ન હતો. પ્રતિસ્પર્ધિની પશ્ચિમ[૫] દિશામાં સૂર્યના

એ રાત્રિઓની સ્થિતિ તો ક્રમથી જ સમજવી. આગળ પણ '[illegible]' 'આ રાત્રિ' એમ કહે છે, તેથી એમ સ્પષ્ટ થાય છે કે રાત્રિઓનું દર્શન પણ એકજ સમયે કરે છે, છતાં રાત્રિઓની સ્થિતિ તો એક પછી એક એમ ક્રમથી જ છે. આ રાત્રિ નિત્ય હોવાથી તેની એક રાત્રિથી સર્વ કાર્ય થઈ શકે એમ છે છતાં અત્ર આવી અનેક રાત્રિઓનો અંગીકાર પણ કરે છે તેનું પ્રયોજન આ નીચે પ્રકારે છે. વાત્સ્યાયન ઋષિએ એમ નિરૂપણ કરેલું છે કે રસનો પ્રાદુર્ભાવ થવાને નાયિકાઓ સાથે પ્રતિપદાદિ તિથિઓમાં અમુક પ્રકારના ન્યાસાદિ વિશેષોથી નિયત રમણ થવું જોઈએ. અત્ર રસનું પ્રાકટ્ય એ ઇષ્ટ છે તેથી પણ સર્વ તિથિઓની રાત્રિઓનું દર્શન એક જ સમયે કરે છે, અને આ પ્રકારે આપે દર્શન કરેલી આધિદૈવિક પૂર્ણ નિત્ય રાત્રિઓનો સર્વ પ્રકારે સુંદર રીતે અંગીકાર કરી, તે રાત્રિઓને લૌકિક રાત્રિઓમાં સ્થાપન કરી, તેમને વિષે નિત્ય અખંડ રસાત્મક રમણ સિદ્ધ કરી, આપનું કેવલ ભાવૈકાત્મ્ય સ્વરૂપત્વ પ્રકટ કરી, શ્રીમત્સ્વામિનીઓ સહ રસશાસ્ત્રોક્ત રમણદ્વારા સ્વસ્વરૂપ એમનામાં પધરાવે છે.

૪. આ રમણરાત્રિઓ સર્વ અલૌકિક છે તેથી પ્રાકૃત રાત્રિઓના નક્ષત્રો એમનું રક્ષણ અત્ર કરી શકે નહિ, તેમ આ રાત્રિઓમાં પ્રકાશવા યોગ્ય ઉડુઓ, નક્ષત્રો, પણ અપ્રસિદ્ધ છે, છતાં પણ અહિ ઉડુ શબ્દનો ઉપયોગ કર્યો છે તેનું પ્રયોજન નીચે પ્રકારે છે. અત્ર જે ઉડુઓ—નક્ષત્રો—છે તે આ જ રમણ રાત્રિઓમાં પ્રકાશમાન છે, અને અહિ શ્રીમત્સ્વામિનીઓનાં મન—નક્ષત્ર—તરીકે અભિપ્રેત છે. 'नक्षत्राणामहं शशी' 'નક્ષત્રોમાં હું ચન્દ્ર છું' એ ગીતાવાક્યમાં ચન્દ્ર અને નક્ષત્રો એક જાતિના છે એમ સિદ્ધ છે. અત્ર શ્રીસ્વામિનીઓના મન ક્રમના સજાતીય હોવાથી, આ અલૌકિક ચન્દ્રની સાથે પણ તેમની સજાતીયતા સમજાય છે. સ્વામિનીઓના મન અને આ અલૌકિક ચન્દ્રની સજાતીયતા—એક જાતિ—આ પ્રકારે સ્પષ્ટ થાય છે. આ ચન્દ્ર ભગવાનના મનનો સંબંધી છે, કારણ કે મનનો એ અધિદેવતા છે, ને શ્રીસ્વામિનીઓનાં મન જે અત્ર નક્ષત્રોને સ્થાને છે, તે પણ નક્ષત્રરાજ ચન્દ્રની સાથે ભગવાનના સંબંધી થાય છે. આ સંબંધ પણ અંશાંશિભાવનો જ સમજવો. શ્રીસ્વામિનીઓના મન અને ચન્દ્ર ઉભયે ભગવાનના મનના અંશ જ છે. અને અંશ શબ્દ પણ પારિભાષિક અર્થમાં સમજવો. સાધારણ રીતે અંશનો અર્થ અવયવ થાય છે, પણ અહિ અંશ-અર્થ સ્વમનની પ્રવૃત્તિ નિવૃત્તિ સંકલ્પાદિ કાર્ય સંપાદન કરવાને આવિર્ભાવ થયો તે છે.

૫. ઉત્તર સંધ્યા કાલે અખિલ દ્વિજોને ઉપાસ્ય, પૂજ્ય, તરીકે આ પશ્ચિમ દિશા મુખ્ય તે આ દિશા મર્યાદામાર્ગીય છે એમ કહેવાય છે. રવિ પણ મર્યાદામાર્ગીય છે, તેથી આ પશ્ચિમ દિશાને રાગનો સંભવ પ્રાપ્ત થાય છે. અહિ આ પૂર્વ દિશા જેમાં

સંબંધથી રાગનો સંભવ છે. આથી આ પૂર્વ દિશાના મુખને કુંકુમના જેવા કરોથી, કિરણોથી આરક્ત, રંજિત કરે છે. જો ચન્દ્ર સ્વદિશાનું મુખ રંગે નહિ, રાગયુક્ત કરે નહિ, તો ભગવાનનું મન પણ સ્ત્રીઓના હૃદયને રંજિત રાગયુક્ત, કરે નહિ. ચન્દ્રના કિરણો સુખકર છે, શીતલ હોવાથી તે તાપને દૂર કરે છે. વળી, એ કિરણો અરુણ રક્ત-રંગને લીધે અત્યન્ત કલ્યાણરૂપ છે. અરુણ રંગ રાગપ્રધાન છે એ પ્રસિદ્ધ છે. પુરુષ પણ જો અનુરાગથી સ્પર્શ કરે ત્યારે સુખ થાય છે. આ ચન્દ્ર જો માત્ર ભગવાનના મનનો અધિષ્ઠાતા દેવ જ છે તો મનને વિષે એનો ઉદય થાય, જો અંધકારની નિવૃત્તિ એનું પ્રયોજન છે તો ભગવાન્ જ અંધકારનું નિવારણ કરે, અથવા જો ઉદ્દીપકત્વ, ભાવનો ઉદ્બોધ, છે તો પણ ભગવાનથી જ તેનો સંભવ છે, માટે આનું અસાધારણ કાર્ય કહેવું જોઈએ તો તે કહે છે. 'ચર્ષણીઓ એ સર્વત્ર પરિભ્રમણ કરનારી શક્તિઓ છે. તેમણે સર્વત્ર પરિભ્રમણ

આ અલૌકિક ઇન્દુનું, ચન્દ્રનું, પ્રાકટ્ય થાય છે, એ પુષ્ટિમાર્ગીય છે એમ પણ સમજાય છે. આ પ્રકારે પશ્ચિમ દિશા એ પૂર્વ દિશાની પ્રતિસ્પર્ધિની, હરીફ થાય છે. આથી મર્યાદામાર્ગમાં સૂર્યનો સર્વથા સંબંધ હોવાથી સર્વથા તાપ જ છે, અને એ તાપની નિવૃત્તિ પુષ્ટિમાર્ગમાં પ્રવેશ થયેથી થાય છે એ તાત્પર્ય પણ અત્ર સ્પષ્ટ થાય છે. પ્રાતઃકાલમાં અરુણોદય સમયે પૂર્વ દિશા પણ સૂર્યના સંબંધથી રાગયુક્ત હોય છે, પણ આ સમયે એ પૂર્વ દિશાને રાગયુક્ત કરી છે તેનું કારણ એ છે કે હમણાં પ્રભુ જ ઇન્દ્ર તરીકે છે અને એ દિશાના દેવતા તરીકે પણ છે. આથી પણ પશ્ચિમથી પૂર્વનો ઉત્કર્ષ સિદ્ધ થાય છે. પ્રભુ સર્વત્ર પુષ્ટિમાર્ગનો જ ઉત્કર્ષ કરે છે, એટલું જ નહિ પણ અન્યત્ર આનાથી અન્યનો ઉત્કર્ષ સહન કરતા જ નથી. આ સર્વ ધ્યાનમાં લઈને આચાર્યશ્રી આજ્ઞા કરે છે કે 'તે પૂર્વ દિશાના મુખ ઉપર રાગ ન હતો, અને પશ્ચિમ દિશામાં રાગ હતો તેથી પશ્ચિમ દિશાએ પૂર્વની હરીફ, પ્રતિસ્પર્ધિની, થાય છે.

૯. સર્વત્ર ભક્તોમાં પરિભ્રમણ કરનાર, પ્રભુના પ્રસાદનું કૃપાનું, નિરૂપણ કરનાર, કાત્યાયનીની શક્તિના અંશભૂત ભગવાનના મનની શક્તિઓને ચર્ષણી કહે છે. તેની શક્તિઓ સર્વત્ર કુબ્જાદિ ભક્તોમાં પરિભ્રમણ કરે છે, તથાપિ તેમને આ પરમાનંદનો સંબંધ થતો નથી, કારણકે તેવા ભક્તોની તો મુક્તિ જ થાય છે. પરમાનંદની પ્રાપ્તિમાં એવા કુબ્જાદિ ભક્તોનો અધિકાર નથી એમ જાણીને, અને શ્રીસ્વામિનીઓમાં એ યોગ્યતા, અધિકાર, સિદ્ધ છે એમ નિશ્ચય કરીને, તેઓ આશામાં અત્ર શ્રીસ્વામિનીઓમાં સ્થિતિ કરે છે. અહિ પણ પરમાનંદની પ્રાપ્તિમાં વિલંબ થવાથી તેમને શોક થાય છે. ભગવત્પ્રસાદ જ્યાં પ્રાપ્ત થાય કે મુક્તિનું દાન પ્રભુ ન જ કરે તે સમજવાને મુક્તિ થતાં પૂર્વે જ તેમની નિવૃત્તિ જણાવી છે. સમુદિત પ્રથમ ઐતના ઉદ્ભવરૂપી શક્તિ તે કાત્યાયની છે, અને તેના અંશભૂત આ ચર્ષણીઓ અવધિ-પર્યન્ત શ્રીસ્વામિનીઓમાં સ્થિતિ કરે છે. ચન્દ્રોદયથી ભગવત્સંગમ સુખ પ્રાપ્ત થશે એમ જણાયાથી એમનો શોક નિવૃત્ત થાય છે.

દ્વિતીય પક્ષમાં યોગમાયાની અંશભૂત આ સ્વામિનીઓમાં સર્વોત્તમભાવ પ્રકટ કરનારી શક્તિઓ તે ચર્ષણી કહેવાય છે. યોગમાયા ભગવાનને જ્યાં જેવી લીલા કરવાની ઇચ્છા થાય ત્યાં તદનુરૂપ, તેવો જ ભાવ સંપાદન કરે છે. અત્ર સર્વોત્તમભાવ લીલા કરવાની પ્રભુની

કર્યું પણ ક્યાંઈ પણ પરમાનન્દનો સંબંધ થયો નહિ, સર્વત્ર તેઓ ભટક્યા પણ પરમાનંદ પ્રાપ્ત થયો નહિ. જો કોઈ મુક્ત થાય તો પણ તેમને પ્રવેશ પ્રાપ્ત થતો નથી, ત્યાંથી તો તેઓ પહેલા જ નિવૃત્ત થાય છે. આથી તેમનો શોક રહે છે જ. ચર્ષણીસહિત જીવોનો અથવા તે શક્તિઓનો શોક હમણાં જ નિવૃત્ત થાય છે, કારણ કે શક્તિસહિત જીવોને જ

કામ્ય છે તેથી આ શક્તિઓ યોગમાયાના અંશભૂત તે તે ભૂમિકાઓમાં સ્થિતિ કરે છે, અને સગુણ નિર્ગુણ ઇત્યાદિ અનેક પ્રકારોથી તે તે ભાવ સંપાદન કરે છે. બીજા સમયે તે તે વસ્તુના અનુરૂપ ભાવ પ્રકટ કરવાને શક્તિઓની સ્વામિનીઓમાં સ્થિતિ છે, તેથી શક્તિ સહિત જીવોનો શોક દૂર થયો એમ આચાર્યશ્રી આજ્ઞા કરે છે.

આ પ્રકારે ઉભય પક્ષમાં ચર્ષણીના સ્વરૂપમાં ભેદ છે. ચર્ષણીનું સ્વરૂપ આ પ્રકારે શ્રીમત્પ્રભુચરણ નિરૂપણ કરે છે. ચર્ષણી શબ્દમાં મૂલ ધાતુ 'ચૃષ્' છે, એનો અર્થ આવિર્ભાવ, વા દૃષ્ટિ ધાતુના અર્થમાં, અથવા ગમનાર્થક પણ થાય. અથવા એષણના અર્થમાં પણ વપરાય. અત્ર એક સર્વાત્મભાવથી પ્રાપ્ય રસની અધિકારિણી વૃત્તિઓ જ જે શક્તિઓ અધિકૃત છે તેઓ ભગવદાવિર્ભાવ જાણીને તેની વૃદ્ધિ પ્રકટ કરીને, ફલ સિદ્ધિની પ્રતીક્ષા કરતી ત્યાંસુધી અન્ય ભાવથી તે વૃત્તિનું રક્ષણ કરે છે. ચર્ષણી શબ્દ પ્રયોજવાનું આ તાત્પર્ય છે. યદ્યપિ શાબ્દિકો આ ધાતુને ગતિવાચક કહે છે છતાં અહિ 'ચૃષ્ પ્રગમનૈષણયોઃ' માં ગતિ શબ્દ નહિ કહેતાં એમ કહ્યું તેથી આ તાત્પર્ય પણ અભિપ્રેત અમને લાગે છે 'ચૃષ્' ધાતુનો અર્થ ગમન કરીએ તો તેઓ જ્યાં પ્રકટ થઇ ત્યાં જઇને તત્ત્વસિદ્ધિના અનુકૂલ પ્રયત્ન કરવા માંડી. તેથી સ્વસ્વામિનીઓ જે ભગવાનના ભોગને યોગ્ય છે તેમનામાં પણ ભગવદ્ભોગનો વિલંબ અને તેને લીધે તેમને થતી આર્તિ જોઇને આ ચર્ષણીઓને પરમ સ્નેહને લીધે શોક થયો. આમ હોવાથી આ ચન્દ્ર શ્રીસ્વામિનીઓનું પ્રિયના સંગમના અભાવથી થતું દુઃખ, વિરહ દુઃખ, દૂર કરે છે, કેવલ સ્વામિનીઓનું દુઃખ દૂર કરે છે એટલું જ નહિ પરન્તુ ચર્ષણીસહિત સર્વેનું દુઃખ હરે છે. આ પ્રકારે ગ્રન્થાર્થ બેસે છે. ચર્ષણીઓના શોકનું કારણ સ્વામિનીઓને ભગવત્સંગના અભાવને લીધે થતું દુઃખ છે. તેથી એમના એ દુઃખની નિવૃત્તિ થવાથી તે ચર્ષણીઓનું પણ દુઃખ નિવૃત્ત થયું. આ પ્રકારે ચર્ષણીઓના દુઃખની નિવૃત્તિ અમુખ્ય, ગૌણ, હોવાથી આચાર્યશ્રી ચર્ષણીસહિત જીવોના દુઃખની નિવૃત્તિ થઇ એમ કહીને તેમનો સત્કાર અનુવદે છે. આ અલૌકિક ચન્દ્ર સ્વભાવથી એવો હોવાથી એના ઉદયની સાથે પ્રભુ સંગમ થશે એમ નિશ્ચય થતાં દુઃખની નિવૃત્તિ થાય છે. આથીજ આચાર્યશ્રીએ કહ્યું કે 'ચર્ષણીસહિત જીવોના શોક દૂર થયા' આ દ્વિતીય પક્ષ છે.

પ્રથમ પક્ષમાં તો જેના સંબંધીઓને જ પરમાનંદનો અનુભવ છે તે શક્તિઓ તે પરમાનંદની આકાંક્ષાવતીઓ થઇને, ભગવાનથી ભિન્ન ભક્તોમાં અત્યાર સુધી પરિભ્રમણ કરે છે. આવી પરિભ્રમણ કરનારી શક્તિઓને અત્ર ચર્ષણી કહ્યાં છે. મુક્તિમાં પરમાનંદનો અનુભવ થશે નહિ એમ જાણીને તેવા ભક્તોમાંથી સ્વતઃ જ નિવૃત્ત થાય છે. ભગવાને જ એ ચર્ષણી શક્તિઓને એવી નિર્મેલી હોવાથી તેનામાં તેમનો પ્રવેશ થતો નથી અને સ્વતઃ તેઓ ત્યાર પહેલા નિવૃત્ત થાય છે એમ આચાર્યશ્રી કહે છે. અર્થાત્ આ શક્તિઓની ફક્ત નિવૃત્તિ

પરમાનંદનો અનુભવ થવાનું કહેવાનું છે. સામાન્યતાથી પ્રભુના અવતારકાલીન જીવો [૭]તેની શક્તિથી યુક્ત છે. ચન્દ્રનો ઉદય થયો છે એટલે પરમાનંદનો અનુભવ અવશ્ય થશે. આમ હોવાથી ચન્દ્રોદયના ત્રણ પ્રયોજન છે, દિગ્વનિતાના મુખનું સંમાર્જન, ચર્ષણીઓના શોકનું દૂરીકરણ, અને અંધકારની નિવૃત્તિ. બે પ્રયોજન સ્પષ્ટ છે છતાં પણ એ ચન્દ્રના જ આગમનથી સિદ્ધ થાય છે તે કહેવાને દૃષ્ટાન્ત આપે છે. દીર્ઘ કાલ પછી દર્શન હોય, બહુ સમય પછી આવેલો ભર્તા પ્રિય હોય છે. તે પ્રિય પતિ પતિવ્રતાનો શોક દૂર કરીને તેનાં મુખનું [૮]સંમાર્જન કરે છે. અને આ [૯]કાર્ય કોઈ અન્ય રીતે સિદ્ધ થતું નથી.

કરતું નથી, પણ જાતે જ તેઓ નિવૃત્ત થાય છે. આ કારણથી જ્યારે ચન્દ્રોદય થયો એટલે તેમના શોકની પણ નિવૃત્તિ થઈ. આ પક્ષમાં ચન્દ્રનું પુનઃ પરામર્શ કરવાનું પ્રયોજન નહિ હોવાથી અને એક વાક્યમાં બે વાર ચન્દ્રનું કથન અસંભવિત હોવાથી અને પૂર્વ અપ્રસિદ્ધ એવા ચન્દ્રની પ્રસિદ્ધિ થતાં, તે અર્થ 'તત્' શબ્દનો થઈ શકે નહિ તેથી અરુચિથી આચાર્યશ્રીએ શ્રીસુબોધિનીમાં દ્વિતીય પક્ષ કહ્યો છે એમ લાગે છે.

વળી, મર્યાદા ભક્તિ માર્ગમાં મુક્તિ થતાં પહેલાં જ શક્તિઓની નિવૃત્તિ થાય છે. મુક્ત લોકોને પરિભ્રમણ નહિ હોવાથી ચર્ષણીઓનો ત્યાં ઉપયોગ થતો નથી, પરન્તુ અહિ તો ચર્ષણી શક્તિઓ જેઓ પરિભ્રમણના કારણભૂત છે તેમનો રાસક્રીડામાં નૃત્યાદિમાં ભ્રમણનો ખાસ ઉપયોગ હોવાથી એ શક્તિઓની નિવૃત્તિ થતી નથી, પણ પરિભ્રમણ કરવાની શક્તિયુક્ત શ્રીવ્રજજીવોને જ રાસમાં પરમાનંદનો અનુભવ થશે એમ જાણવાથી તેમના શોકની નિવૃત્તિ થઈ. આ જ આશયથી આચાર્યશ્રી કહે છે કે ચર્ષણીસહિત જીવોના શોકની નિવૃત્તિ થઈ, કારણ કે તેઓએ જાણ્યું કે હવે તેમને પરમાનંદનો અનુભવ અવશ્ય થશે જ.

૭. તે તે લીલા કરવાની ઇચ્છા પ્રમાણે તે તે ભાવની સંપાદક યોગમાયાની અંશભૂત શક્તિઓથી યુક્ત જીવો.

૮. મુખ સંમાર્જન યદ્યપિ કેવલ ચન્દ્રના આગમનથી સિદ્ધ થઈ શકે એમ છતાં પણ એ ચન્દ્રોદયનું મુખ્ય કારણ નથી, એ તો પ્રાસંગિક કાર્ય છે.

૯. ચન્દ્ર મનનો અધિષ્ઠાતા હોવાથી એ ચર્ષણીઓનો ભર્તા થાય છે. ઉપર કહ્યું તે પ્રમાણે ચર્ષણીઓ ભગવાનના મનની અંશભૂત શક્તિઓ છે, અને આ ચન્દ્ર ભગવાનના મનનો અધિષ્ઠાતા દેવ હોવાથી એ ચર્ષણીઓનો પતિ કહેવાય છે. દિગ્વનિતાનું પતિપણું ચન્દ્રમાં સ્પષ્ટ છે, અને તેના મુખસંમાર્જનમાં પણ. જેમ બહુ કાલે આવેલો પ્રિયપતિ સ્વપ્રિય સ્ત્રીનું મુખસંમાર્જન કરી શોક દૂર કરે છે તેમ આ ચન્દ્ર પણ ચર્ષણીઓનો પતિ હોવાથી તેમનો શોક દૂર કરે છે. અત્ર મુખસંમાર્જન ગૌણ છે, તેથી ચન્દ્ર ચર્ષણીઓનું મુખસંમાર્જન નથી કરતો તો પણ વિરોધ નથી. મુખ્ય પ્રયોજન જે શોકનું દૂરીકરણ છે એ સર્વત્ર સમાન છે.

श्रीगोपीपरिषद्.

કૃષ્ણપ્રભુ પૂર્ણ છે, પૂર્ણરૂપ છે, સર્વરૂપ છે, રસરૂપ છે, આનંદાકાર છે, અને એજ પ્રભુ વિવિધ સમયે વિવિધ પ્રયોજનથી વિવિધ અવતારો ધરે છે, એ આપણે ગયા એક લેખમાં કહી ગયા છીએ. પોતે સંપૂર્ણ વ્યાપી જે અવતાર ધર્યો તે કૃષ્ણાવતારની લીલા દશમસ્કંધમાં છે, અને તેનું એક પ્રયોજન શ્રુતિઓને આપેલું રમણનું વરદાન પાળવાને માટે હતું. પોતે અપરિચ્છિન્ન છતાં, સર્વરૂપ છતાં, નટવત્ ભક્તની ઇચ્છા પૂર્ણ કરવા માટે ગમે તે રૂપ ધરે તે છતાં અપ્રચ્યુત રહે છે, પરિચ્છિન્ન દશ્યમાન છતાં અપરિચ્છિન્ન છે, કેમકે પોતે સર્વે વિરુદ્ધ ધર્મોના આશ્રય છે, એ પણ આપણે જોઈ ગયા છીએ.

એ રસરૂપ આનંદાકાર કૃષ્ણ પ્રભુએ જે શ્રુતિઓમાં રમણ કરવાનું વરદાન આપેલું, તે રાત્રિઓને જોઈને, પ્રભુએ મનોહર વેણુનાદ કર્યો. તે સુંદર નાદ સાંભળી સર્વ ગોપીઓ પોત પોતાનાં સર્વ કામ પડતાં મુકી દોડતી દોડતી તે વર-રસના ભોગ કરવા પ્રભુ પાસે આવી. કોઈએ અધવચ્ચે છાંડી ગાય દોહોવી, અને કોઈએ પડતી મુકી ચુલાપરની ખીર, કોઈએ ઉલટું પીરસવાનું અને કોઈએ ઉલટું ધવરાવવાનું ને જમવાનું; કોઈએ ઉલટું લીંપવું ગુંપવું અને કોઈએ ઉલટું અંજન આંજ્યું. કોઈએ તો સંભ્રમમાં વસ્ત્રાલંકાર ઉંધા ચત્તાં પહેરી લીધાં. પતિ, પુત્ર, બંધુઓએ ઘણુંએ સમજાવ્યાં, પણ માને કોનાં! આ ગોપીઓમાં પ્રભુપર સ્વાભાવિક પ્રેમ હતો, પ્રાકટ્યના દિવસથીજ પ્રેમ હતો, એમનામાં કોઈ કામની ઉપાધિવાળો સ્નેહ ન હતો. શ્રીમહાપ્રભુજી કહે છે કે:—

नहि तादृशे कामोपाधिकस्नेहः संभवति । न वा तादृशीनामञ्जनादित्यागः संभवति । प्रत्युत तदादि सर्वं प्रसाध्यागमनं कुर्यात् । तदनन्तरं यद्रमणं तत्तु रसो वै स इति श्रुतेः स्वरूपस्य रसात्मकत्वाद्रसरीत्या स्वरूपानन्ददानमेव । “ सात्त्विकं सुखमात्मोत्थं विषयोत्थं तु राजसम् । तामसं मोहदैन्योत्थं निर्गुणं मदपाश्रय ” मिति भगवद्वाक्यात् भगवत्सम्बन्धि सुखस्यापि गुणातीतत्वमेव ॥

અર્થ:—બાહ્યપ્રતિ કામની ઉપાધિવાળો સ્નેહ સંભવતો નથી. તેમ હોય તો તેવી સ્ત્રીઓથી અંજન વગેરેનો ત્યાગ ન થાય, પણ ઉલટું કુબ્જાની માફક સર્વે શૃંગાર સજીને આવે. એવા શુદ્ધ સ્નેહવાળી ગોપીઓ સાથે જે રમણ, તે તો રસોવૈસઃ એ શ્રુતિને અનુસાર પ્રભુનું સ્વરૂપ રસાત્મક હોવાથી રસ રીતે સ્વરૂપાનંદનું દાનજ સમજવું. 'આત્માથી ઉત્પન્ન થતું સુખ સાત્વિક, વિષયથી થતું સુખ રાજસ, મોહ દૈન્યથી થતું સુખ તામસ, અને મારા આશ્રયથી થતું સુખ નિર્ગુણ" આમ ભગવદ્વાક્ય હોવાથી ભગવત્ સંબંધી સુખ પણ ગુણાતીત જ સમજવું.

આ વર-સ્વરૂપ સુંદર પ્રભુએ ગોપીઓને પાસે આવેલાં જોઈ તેઓમાં જે સગુણ હતાં, અનન્ય ન હતાં, તેમને મોહ કરી અટકાવવાને, માત્ર અનન્યાના જ અધિપતિ એવા પ્રભુએ કહ્યું " મહાભાગ્યશાળી ગોપીઓ, તમે ભલે આવ્યાં, હું તમારું શું પ્રિય કરું?

વ્રજમાં કંઈ ઉપદ્રવ તો નથી? આવવાનું કારણ શું? આ રાત્રિ ઘોરરૂપ છે, ઘોર પ્રાણીઓ અહીં રહે છે, માટે પાછાં વ્રજમાં જાઓ. હે સુંદર કટિવાળી સ્ત્રીઓ, સ્ત્રીઓને લાયક આ સ્થાન નથી. તમારાં માબાપ, પતિ, પુત્ર, ભાઈઓ તમને જોશે નહિ એટલે શોધવા નીકળશે, માટે તેમને દુઃખ ન આપો. આ ખીલેલાં કુસુમોવાળું વન તો જુઓ! ચંદ્રના કિરણોથી કેવું શોભે છે! યમુનાના પવનની લહેરીઓથી વૃક્ષોનાં પલ્લવ કેવાં શોભી રહ્યાં છે! હવે ગોષ્ઠમાં જાઓ! વાર ન લગાડો. હે સતીઓ, પતિની સેવા કરો. વાછરડાં ને બાળકો રડે છે તેમને દૂધ પાઓ અને છાનાં રાખો. અથવા કદાચ તમે પ્રેમથી મારાં દર્શન કરવા આવ્યાં હો તો ઠીક છે. હવે દર્શન કરી પધારો. ધણીની, તેના બંધુઓની અને પ્રજાની સેવા કરવી, નિષ્કપટથી પોષણ કરવું એ સ્ત્રીઓનો ધર્મ છે, ધણી દુઃશીલ, દરિદ્રી, વૃદ્ધ, જડ, રોગી, ગરીબ, એવો હોય તોપણ લોકમાં અપકીર્તિની બીકવાળી સ્ત્રીએ તેનો ત્યાગ કરવો નહિ. કુલ સ્ત્રીઓએ ઉપપતિ કરવો એ પરલોકનો નાશ કરનાર, અપયશ આપનાર, તુચ્છ, કષ્ટ સાધ્ય, ભય કરનાર અને જુગુપ્સા કરનાર છે. શ્રવણ, દર્શન, ધ્યાન, કીર્તનથી જેવો મારા પર ભાવ થાય તેવો કંઈ હમેશાં નિકટ રહેવાથી થતો નથી. એ તો લૌકિક અને કામ મિશ્રિત, કંઈ શાસ્ત્રીય નહિ. માટે ઘેર પાછા વળો."

પ્રભુનું આવું વિપ્રિય ભાષણ સાંભળીને ગોપીઓ બહુ દુઃખ પામ્યા, તેમના બધા સંકલ્પ ધૂળમાં મળી ગયા, અને તેઓ ગાઢ ચિંતામાં પડ્યા. મ્હોં વ્હીલાં થઈ ગયાં, હોઠ સુકાઈ ગયા, નખથી જમીન ખોતરવા લાગ્યા, કાળી મેસવાળાં આંસુથી કુચકુંમ ધોવાઈ ગયાં, અને દુઃખના ભારથી લમાઈને મુગા મુગા ઉભા રહ્યા. પછી જેને માટે પોતે સર્વે કામનો ત્યાગ કર્યો હતો તે પ્રાણપ્રિય કૃષ્ણને અપ્રિય બોલતાં સાંભળીને આંખો લુછીને, કંઈક ભયભીત થઈ ગદ્ગદ વાણીથી નીચે પ્રમાણે બોલવા લાગ્યા. "હે પ્રભુ, આવાં કઠોર વચન બોલવાં આપને છાજતાં નથી. સર્વે વિષયોનો ત્યાગ કરી અમે આપના ચરણકમળ આગળ આવ્યા છીએ. માટે અમારો અંગીકાર કરો. હે હઠીલા પ્રભુ, અમારો ત્યાગ ન કરો. જેમ આદિ પુરુષ મુમુક્ષુઓનો અંગીકાર કરે છે, તેમ અમારો અંગીકાર કરો. આપે કહ્યું કે સ્ત્રીઓએ પતિ, પુત્ર, સુહૃદ વગેરેની સેવા કરવી તે ખરું, પણ દેહધારીઓના પતિ, બંધુ સર્વસ્વ આપજ છો. ડાહ્યા મનુષ્યો તો પોતાના આત્મારૂપ, નિત્ય પ્રિય આપને વિષે જ રતિ કરે છે દુઃખદાયી ધણી છોકરાંને શું કરવાં છે? માટે હે વરેશ્વર, હે કમલનેત્ર, ચિરકાળથી આપને વિષે બાંધેલી અમારી આશાનો ભંગ ન કરો. અમારું ચિત્ત તો આપે ચોરી લીધું છે, તે શું તમને ખબર નથી કે? હવે એ ચિત્ત ઘરમાં પેસતું જ નથી, અને ઘર કામમાં હાથ ચાલતા નથી. આપના ચરણકમળમાંથી અમારા પગ ખસતા નથી. હવે વ્રજમાં કેમ જઈએ, અને શું કરીએ? હવે તો હે અંગ, હાસ્યથી, દૃષ્ટિથી, અને ગીતથી અમારા હૃદયમાં અગ્નિનો જે ભડકો કર્યો છે, તેપર આપના અધરામૃતનું સિંચન કરો; નહિ તો, હે સખે, વિરહાગ્નિથી અમારા દેહ બળી જશે, અને અમે આપની પાછળ પાછળ ભટકીશું. હે કમલનયન, વનવાસીને પ્રિય એવા આપના લક્ષ્મીને સુખ આપનાર ચરણકમળનો સ્પર્શ અમે કર્યો છે, ત્યારથી આપની સાથે રમણ કરનાર અમે બીજા કોઈ પાસે ઉભા પણ રહી શકતા નથી. આપના વક્ષઃસ્થળમાં સ્થાન મળવા છતાં લક્ષ્મીજી આપના ચરણકમળની રજની અપેક્ષા કરે છે, તેમ અમે પણ આપના ચરણકમળની રજને ચાહીએ છીએ. માટે હે દુઃખ દૂર કરનાર

અમારાપર પ્રસન્ન થાઓ. આપની સેવા કરવાની ઇચ્છાથી ગૃહસ્થાશ્રમનો ત્યાગ કરીને અમે આપના ચરણકમલમાં આવ્યા છીએ. આપની સુંદર સ્મિતભરી દૃષ્ટિથી અમને તીવ્ર કામ ઉત્પન્ન થઇ અમારો હૃદય દહે છે, તેને હે પુરુષભૂષણ, દાસ્ય આપો. આપનું કુંડલથી શોભિત, અલકાવલીથી વીંટાએલું, વિશાલ ગંડસ્થલવાળું, અધરોષ્ઠને વિષે સુધાવાળું, અને હાસ્યયુક્ત કટાક્ષવાળું મુખારવિંદ જોઇને, અભયદાન કરનાર ભુજદંડ યુગલ, અને માત્ર લક્ષ્મીજીને જ યોગ્ય વક્ષઃસ્થલ જોઇને અમે આપની દાસી થયાં છીએ. હે અંગ ! આપનાં કલાં કલાં પદામૃતવાળા વેણુગીતથી મોહિત થઇને, અને આ ત્રણ લોકના સૌભાગ્યરૂપ, ગાયો, પક્ષી અને હરિણોને પણ રોમાંચ કરનાર આપનાં સ્વરૂપનાં દર્શન કરીને કઇ સ્ત્રી આર્ય ચરિતથી ન ચળે ? જેમ આદિ પુરુષ દેવલોકનું રક્ષણ કરે છે, તેમ આપ વ્રજનાં ભય અને આર્તિને હરણ કરવા પ્રકટ થયા છો, માટે હે દુઃખીના બેલી, આ કિંકરીઓનાં તપ્ત સ્તન અને શિર ઉપર આપનો હસ્તકમલ ધરો." ગોપીઓનાં આવાં વિકલ વચનો સાંભળીને યોગેશ્વરેશ્વર પ્રભુએ પોતે આત્મારામ છતાં હસીને દયાથી તેમની સાથે રમણ કર્યું. નક્ષત્રોમાં જેમ ચંદ્ર શોભે, તેમ ગોપીઓમાં અચ્યુત પ્રભુ શોભી રહ્યા. યમુનાજીના પુલિનપર પધારીને રમણરેતીમાં પોતે રમણ કર્યું. બાહુ પ્રસારીને, ભેટીને, કર, અલક, ઉરુ, નીવી, સ્તન વગેરે ગ્રહણ કરીને નર્મ નખાગ્રતથી, વિહારથી, અવલોકનથી, હાસ્યથી, વ્રજસુંદરીઓનો કામ ઉદ્દીપન કરીને તેમની સાથે રમણ કર્યું. अहो क्रिया सर्वाऽपि सा एव परं कामो न विद्यते तासां कामस्य संपूर्तिर्निष्कामेनेति तास्तथा ॥ સર્વ કામની ક્રિયા છતાં પ્રભુમાં કામ વિદ્યમાન નથી, ગોપીઓના કામની સંપૂર્તિ નિષ્કામ પ્રભુથી થઇ તેથી ગોપીઓ નિષ્કામ થયાં—એ શ્રીમહાપ્રભુજીની કારિકાનું સ્મરણ રાખી મનને કામથી મલિન ન થવા દેતાં કામરૂપી મહારોગનું નિવારણ કરી સ્વરૂપલીલાના સ્વારસ્યમાં તન્મય થવું. આ રમણથી ગોપિકાઓ ભૂતલપર પોતાને સૌથી શ્રેષ્ઠ માનવા લાગ્યાં. તેમનો આ સૌભાગ્ય મદ તથા માન જોઇને તે મદ શાંત કરવા પ્રભુ અંતર્ધાન થઇ ગયા. ગોપીઓ પ્રભુને નહિ જોવાથી સંતાપમાં પડ્યાં. ભગવાનની ગતિ, અનુરાગ, ઇક્ષિત, મનોરમ આલાપ, વિહાર અને વિભ્રમથી જેમનાં ચિત્ત આકર્ષાઇ ગયાં છતાં એવાં ગોપિકાઓ તદ્રૂપ થઇ પ્રભુની સર્વ લીલા કરવા મંડયાં. ઉન્મત્તની માફક વનેવન ભટકવા લાગ્યાં. વૃક્ષોને, લતાઓને, હરિણીઓને, તુલસીને પ્રભુના સમાચાર પૂછવા લાગ્યાં, અને પૂતનાલીલા શકટલીલા, દૈત્યલીલા, રિંગણલીલા, વગેરે સર્વ લીલા કરવા માંડી; પછી કૃષ્ણપરમાત્માના તથા કોઇ ભાગ્યવાન્ ગોપીનાં પગલાં જોયાં. સર્વ ગોપીને છોડી પોતાને સાથે લેવાથી તે ગોપીને મદ થયો, એટલે તેને છોડી પ્રભુ અંતર્ધાન થઇ ગયા. પછી સર્વ ગોપીઓ કાલિંદીના તટપર બેઠાં થઇ પ્રભુપ્રાકટ્યની ઉત્કટ ઇચ્છાથી પ્રભુના ગુણગાન કરવા લાગ્યાં, તે ગોપીગીત ગાયું, અને પછી નિરસાધન, નિરાધાર, દીન થઇ રહ્યાં. નિજ જનનું દુઃખ નહિ સહન થવાથી સાક્ષાત્ મન્મથના મન્મથ પ્રભુ માથાનો પટો ખસેડી હાસ્યયુક્ત મુખારવિંદ સહિત પ્રકટ થયા. પ્રાણ આવવાથી જેમ ઇંદ્રિયોમાં ચૈતન્ય આવે, તેમ પ્રીતિથી ઉત્ફુલ્લ દૃષ્ટિવાળાં સર્વ ગોપીઓ પ્રાણપ્રિયને જોઇ એકદમ ઉભાં થયાં. કોઇ ગોપીએ હર્ષથી પ્રભુનો હસ્ત અંજલિથી ગ્રહણ કર્યો; કોઇએ ચંદનલિપ્ત પ્રભુહસ્ત પોતાના અંસ (ખભા) પર મુક્યો. કોઇ કામિનીએ પ્રભુનું તાંબૂલચર્વિત અંજ-

ક્ષિમાં લીધું, એક અત્યંત વિરહાતુર ગોપીએ પ્રભુનું ચરણકમલ શાંતિને માટે પોતાના સ્તનપર ધર્યું. આ પ્રમાણે સર્વ ગોપીઓએ પ્રભુપ્રાકટ્યના પરમોત્સવથી સુખી થઈ વિરહથી થયલા તાપનો ત્યાગ કર્યો. જેમ પુરુષ શક્તિઓથી શોભે તેમ અચ્યુત પ્રભુ વિગતશોક ગોપીઓથી વિંટાયલા અધિક શોભવા લાગ્યા. જ્યાં ડોલર, મંદારના પુષ્પો ખીલતાં હતાં, સુગંધી વાયુ વાતો હતો અને ભમર ઉડતા હતા એવા કલિંદીપુલિનપર ગોપીઓને લઈ પ્રભુ પધાર્યા. શરચ્ચંદ્રની ચાંદનીથી રાત્રિનો અંધકાર મટી ગયો હતો, યમુનાજીના હસ્ત-તરંગોએ ત્યાં કોમલ વાલુકા (રેતી) પાથરી દીધી હતી,—અહીં ગોપીપરિષદ્ ભરાઈ. કલિંદી કલિના સર્વભય મટાડે છે, અને ભક્તહૃદયોને નિર્મલ કરી પ્રભુસાથે રતિયોગ્ય કરે છે, માટે આજ ગોપીપરિષદ્‌ને યોગ્ય સ્થાન હતું. હવે એ પરિષદ્‌માં શું બિના બની તે આપણે વિગતવાર કહીશું.

तद्दर्शनाह्लादविधूतहृद्रुजो मनोरथान्तं श्रुतयो यथा ययुः ।
स्वैरुत्तरीयैः कुचकुंकुमाङ्कितैः अचीक्लृपन्नासनमात्मबन्धवे ॥

અર્થ:—પ્રભુના દર્શનના આહ્લાદથી તેમના હૃદયના રોગ નિવૃત્ત થઈ ગયા, અને શ્રુતિઓની પેઠે તેઓએ પોતાના સર્વે મનોરથો પૂર્ણ થયલા માન્યા. કુચકુંકુમથી રંગાયલા પોતાના ઉત્તરીય વસ્ત્રોનું આત્મબંધુ ભગવાનને આસન કરી આપ્યું.

પ્રભુના દર્શનથી શોક નિવૃત્ત થયો, પણ કામનો તાપ કંઈ નિવૃત્ત થાય છે ? હજુ પ્રભુ સાથે જોઈએ તેવું રમણ ક્યાં થયું છે ? પણ હવે તો રમણને માટે પ્રભુ પોતે જ આ સુંદર સ્થલપર આપણને લાવ્યા છે એટલે રમણ નક્કી થવાનું જ, એ વિચારથી એમના મનમાં આહ્લાદ થયો. શ્રુતિઓ નિરંતર ભગવદ્‌ગુણ ગાય છે, તેથી વાણીનું પૂર્ણરૂપ જે મન તેને પણ અગમ્ય એવા ભગવત્સ્વરૂપની પ્રાપ્તિ કરે છે. यतो वाचो निवर्तन्ते अप्राप्य मनसा सह એમ શ્રુતિ પોતે કહેવા છતાં ગુણગાનથી सर्वे वेदा यत्पदमामनन्ति સર્વે વેદ જેના પદનું આ મનન કરે છે એમ કહે છે ! શ્રુતિ પણ સ્વબલથી પ્રભુપ્રાપ્તિ કહેતી નથી, પણ यमेवैष वृणुते तेन लभ्यः એમજ કહે છે, તેમ ગોપીઓના સર્વે મનોરથો પ્રભુ ઇચ્છાથી જ પૂર્ણ થયા. પોતાને પરમ પુરુષાર્થ આપનાર પ્રભુને શું આસન આપ્યું ? સર્વ ગોપીઓએ કુચકુંકુમથી રંગાયલાં પોતાનાં ઉત્તરીય વસ્ત્ર એકપર એક પાથરી પ્રભુ માટે આસન બનાવ્યું. પ્રિય વાચક, આ આસન આપવામાં ગોપીઓને તથા તેપર બેસવામાં પ્રભુને જે આનંદ થયો તે સોના ચાંદીના આસનથી કોઈ દિવસ થાત નહિ. અને તેટલી કીંમતના સોના ચાંદીના આસન પ્રભુને યોગ્ય નથી. પ્રભુને નિવેદન કરેલા હવે પોતે પહેરેલું વસ્ત્ર પ્રભુને બેસવાના આસન માટે આપી પોતાની કૃતાર્થતા, અનન્યતા અને પ્રેમ બતાવ્યાં. જે ગોપિકાઓ પોતાના અલૌકિક સામર્થ્યથી પ્રભુને પ્રકટ કરી શક્યા, જેઓ પ્રભુની લીલા કરી શક્યા, તેઓ ઇચ્છત તો ગમે તેવું કિંમતી આસન ઉત્પન્ન કરી શકત, પણ આ પ્રેમાસનની તુલ્યે તે આવત જ નહિ. પણ પ્રભુ આવા આસનપર બેઠા !

तत्रोपविष्टो भगवान् स ईश्वरो योगेश्वरान्तर्हृदि कल्पितासनः ।
चकास गोपीपरिषद्गतोऽर्चितस्त्रैलोक्यलक्ष्म्येकपदं वपुर्दधत् ॥

અર્થ:—યોગેશ્વરોના અંતર્હૃદયમાં પણ જેનું આસન માત્ર કલ્પિત છે, એવા ભગવાન્

ઈશ્વર, તે પર બેઠા. ગોપી પરિષદમાં પૂજાતા પ્રભુ અત્યંત શોભવા લાગ્યા, અને ત્રણ લોકના સૌંદર્યના સ્થાનરૂપ સ્વરૂપ ધારણ કર્યું.

પ્રિય વાચક ! એક ક્ષણ પણ વિચાર કર્યા વિના આનંદથી પ્રભુ આસનપર બેઠા, એમ જણાવવા શ્લોકમાં તત્રોપવિષ્ટઃ (તે પર બેઠા) એ શબ્દો પ્રથમ જ લખ્યા છે. પોતે ભગવાન્ એટલે ઐશ્વર્ય, વીર્ય, યશ, શ્રી, જ્ઞાન, વૈરાગ્ય વગેરેથી પૂર્ણ, અને ઈશ્વર એટલે સર્વ કરણ સમર્થ છતાં એ જ આસન એમને વહાલું લાગ્યું. એ આસન અપવિત્ર ન લાગ્યું ? ના, પ્રેમ-આગળ પવિત્રતા તુચ્છ છે, યમ, નિયમ, શમ, દમ વગેરેથી જેઓએ પોતાનાં હૃદય શુદ્ધ કર્યાં છે એવા યોગીઓના શુદ્ધ હૃદયમાં પણ પ્રભુને ગોઠતું નથી. તેથી ત્યાંથી તો પોતે ઉભા ઉભા ન છૂટકે પધરામણી કરી નાખી જાય છે, અને અહીં આવી નિરાંતે બેસે છે. દુનીઆનો છેડો ઘર, તેમ પ્રભુનું સ્વધામ પણ આ જ, અને અહીં પ્રેમથી એકઠા થયેલ નિજજનની પરિષદમાં આનંદથી બેઠા. અને પોતાની પ્રિયાઓને આનંદ આપવાને ત્રણ લોકમાં સૌથી સુંદર એવું સ્વરૂપ ધારણ કર્યું.

सभाजयित्वा तमनङ्गदीपनं सहासलीलेक्षणविभ्रमभ्रुवा ।
संस्पर्शनेनांककृतांघ्रिहस्तयोः संस्तुत्य ईषत् कुपिता बभाषिरे ॥

અર્થઃ—હસવાવાળાં લીલાયુક્ત કટાક્ષથી, વિલાસવાળી ભ્રૂકુટિથી, અનંગને ઉદ્દીપ્ત કરનાર તે પ્રભુનો સત્કાર કરીને, પ્રભુના ચરણને પોતાના ખોળામાં લઈને, બેઉ હાથવડે તેની સાથે રમત કરતાં પ્રભુની સ્તુતિ કરી, કંઈક રોષથી બોલ્યાં–

પ્રભુના દર્શન યોગીઓને કોઈકવાર થાય છે, ભક્તોપર કૃપા કરી પ્રભુ દર્શન આપે છે, પણ આ તામસ પ્રેમથી તો હદ જ વળી. આ પ્રેમને વશ થઈ પ્રભુ પ્રકટ થયા એટલું જ નહિ, પણ ગોપીઓને આનંદ થાય, તેમના મનોરથ પૂર્ણ થાય એવું સ્વરૂપ ધર્યું. ગોપીઓએ બનાવેલા ગોપીવસ્ત્રના આસનપર ગોપીઓની સભામાં બેઠા, ગોપીઓએ પ્રભુનું ચરણારવિંદ પોતાના ખોળામાં લીધું, અને ખેલ કરતાં, સ્તુતિ કરતાં, પ્રભુપર રોષ કર્યો ! રોષ કરી બેસી રહ્યાં ? ના, ના. બભાષિરે–બોલ્યાં પણ ખરાં ! ક્યાં પરબ્રહ્મ, પૂર્ણ પુરુષોત્તમ ! અને ક્યાં તામસ ગોપીઓ ! ધન્ય છે એમના ભાગ્યને ! પણ પ્રભુ ગુસ્સે થયા ? ના, ના. બાળકના રોષથી પિતા ગુસ્સે થાય છે ? પિતાની મુછો પકડતા બાળકપર પિતા ક્રોધ કરે છે ? રસનાભિમાનના ભાન પ્રસંગમાં ધીરોદાત્ત નાયક તેના પર ક્રોધ કરે છે ? જેનાથી મોટો લોકમાં કોઈ બીજું મોટું નથી–मत्तः परतरं नान्यत् किंचिदस्ति–તે પ્રભુપર ક્રોધ કરવાનું અલૌકિક સામર્થ્ય આ ગોપિકાઓને શુદ્ધ પ્રેમથી–અનન્યતાથી જ પ્રાપ્ત થયું. પ્રભુ સેવા–પ્રભુમાં ચિત્ત પ્રવણતાનાં ત્રણ ફલ છે, અલૌકિક સામર્થ્ય, સાયુજ્ય અને સેવોપયોગિ દેહ. તેમાં ઉત્તમોત્તમ અલૌકિક સામર્થ્ય છે, તે આવા ઉત્તમોત્તમ, શુદ્ધ પ્રેમી, ભક્તોને મળે તેમાં આશ્ચર્યકારક કશું નથી. અંતર્ધાન થઈ ગયા, હૃદયમાં ભરાઈ બેઠા–પ્રભુને બહાર પ્રકટ કરી, પોતાને મનવાંછિત સ્વરૂપ ધારણ કરાવી, મનવાંછિત લીલા કરી, પ્રભુપર દોષારોપણ કરવાની ધૃષ્ટતા આવવી એ પ્રેમની પરિસીમા છે. પ્રભુ એ ધૃષ્ટતારૂપી દોષનું નિવારણ કરશે જ, પણ આ પ્રસંગનો વિચાર કરતાં જે આનંદ થાય છે તે અવર્ણનીય છે. મૃદ્ભક્ષણલીલામાં, દામોદરલીલાપ્રસંગમાં, આ જ પૂર્ણ પુરુષોત્તમે–પરબ્રહ્મે–યશોદાને પ્રભુને ધમકાવ્યાનો,

પ્રભુને લૌકિક બાલકની માફક બાંધવાનો જે અધિકાર આપ્યો છે તે પણ આપણને આશ્ચર્યચકિત કરે છે. હવે રોષમાં, ભાષણ કરતાં, કટાક્ષથી પ્રભુને શું મેહેણું માર્યું તે સાંભળો.

भजतोऽनुभजन्त्येक एक एतद्विपर्ययम् ।
नोभयांश्च भजन्त्येक एतन्नो ब्रूहि साधु भोः ॥

અર્થ:—અરે ચતુર ! કોઇ પોતાપર પ્રીત કરનારપર સામી પ્રીત કરે છે, કોઇક તો પ્રીત નહિ કરનારપર પણ પ્રીત કરે છે, અને કોઇ (તમારા જેવા) તો પોતાપર પ્રીત કરનાર અને નહિ કરનાર કોઇપર પ્રીત કરતા જ નથી, આ જરા અમને બરાબર સમજાવો !

સામાન્યતઃ પ્રીતિ કરનાર પર મનુષ્ય પ્રીતિ કરે છે. કોઇ ઉદાર જનો પ્રીતિ-ન કરનાર પર પણ પ્રીતિ કરે છે; પણ અહીં તો અમે તમારે સારૂ ઝુરી ઝુરીને મરીએ છીએ. **त्रुटिर्युगायते त्वामपश्यताम्**—તમે નજર બહાર જાઓ છો કે એક ક્ષણ અમને યુગ જેવી વીતે છે, અને તમારા તો હિસાબમાં નથી ! આનું કારણ શું ? તમે આમ નગુણા કેમ છો ? પ્રિય વાચક ! પૂર્ણ પુરુષોત્તમને, પરબ્રહ્મને, પોતાની conduct clear કરવાનો, પોતાનું વર્તન વાજબી છે એમ બચાવ કરવાનો, not guilty કે guilty ગુનેગાર છો કે નહિ, તે સાબિત કરવાનો આ પ્રસંગ છે ! વાહ, તેમાં પોતે જીતે છે કે ? ના, ના. શુદ્ધ પ્રેમ આગળ જીતવું અશક્ય છે ! પછી પૂર્ણ પુરુષોત્તમ-કૃષ્ણ સામે હોય તોએ શું ! પણ જોઇએ તો ખરા પ્રભુ શું બચાવ રજુ કરે છે ? !

मिथो भजन्ति ये सख्यः स्वार्थैकान्तोद्यमा हि ते ।
न तत्र सौहृदं धर्मः स्वार्थार्थं तद्धि नान्यथा ॥
भजन्त्यभजतो ये वै करुणाः पितरौ यथा ।
धर्मो निरपवादोऽत्र सौहृदं च सुमध्यमाः ॥
भजतोऽपि न वै केचिद् भजन्त्यभजतः कुतः ।
आत्मारामा ह्याप्तकामा अकृतज्ञा गुरुद्रुहः ॥

અર્થ:—હે સખીઓ ! જેઓ અરસપરસ (પરસ્પર) પ્રીત કરે છે, તે તો માત્ર સ્વાર્થી છે. એમાં કંઇ પ્રીત નથી ને ધર્મ પણ નથી, એ તો માત્ર સ્વાર્થ માટેજ છે, એમાં બીજું કશું નથી. પ્રીત નહિ કરનારપર પણ પ્રીતિ કરે છે તે કરુણાવાળા હોય છે, જેમકે માબાપ પોતાનાં છોકરાં ગમે તેવાં કૃતઘ્ન હોય તોપણ પોતાની પ્રીતિ છોડતા નથી. હે સુંદર કટિવાળી ગોપીઓ ! આવા સજ્જનોમાં ધર્મ અને પ્રીત બને હોય છે, વળી કેટલાક પ્રીત કરનારપર સામી પ્રીત કરતા નથી, તો પ્રીત નહિ કરનાર પર તો ક્યાંથીજ ? એવાં જનો ક્યાં તો આત્મારામ હોય છે, અથવા આપ્તકામ હોય છે, અથવા કૃતઘ્ન કે ગુરુદ્રોહી હોય છે.

આ ઉત્તર પહેલેજ સ્પષ્ટ છે. વણિક્ વૃત્તિવાળા સ્વાર્થી લોક, તેમજ માબાપ જેવા કરુણ, તેમજ કૃતઘ્ન અને ગુરુદ્રોહી એવે પ્રકારના જનો દુનીઆમાં ઘણું મળે છે, તેમ આત્મારામ અને આપ્તકામ પણ કોઇક મળી આવે છે. ત્રણેનું સ્પષ્ટ નિરાકરણ આ ત્રણ શ્લોકમાં બહુજ સરલતાથી પ્રભુએ કર્યું છે. પણ એથી ગોપિકાઓના મનનું સમાધાન થયું ? શું,

રસહીન જ્ઞાનીઓ ભલે આ ઉત્તરથી સંતોષ માને, પણ ચતુર ગોપીઓને તો આમાં ભગવાન્‌નાં ખાલી બહાનાંજ લાગ્યાં ! પ્રથમ શ્લોક તો ભગવાનને લાગુ પડતો નથી, કેમકે પોતે સામી પ્રીત ગોપિકાઓપર કરતા નથી. દ્વિતીય શ્લોક પણ લાગુ પડતો નથી કેમકે પ્રભુમાં પ્રીતિની ખામી છે ગોપિકાઓમાં નહિ. ત્રીજો શ્લોક પ્રભુને લાગુ પડે ખરો ! તેમાં પણ આત્મારામ અને આપ્તકામ વિશેષણો તો તમને ક્યાંથી લાગુ પડે ? ! તમે તો અમારી સાથે પહેલાં નવું રમણ કર્યું છે ! તે કંઇ અમે ભુલી ગયાં નથી ! માટે તમે આત્મારામ અને આપ્તકામ શાના ? ! એમ હોત તો તમે ગોપીપતિ, ગોપીશ્વર, વ્રજનાથ વગેરે શાનો કહેવાત ? ! તમે એવા સાચા હોત તો પ્રભાડમરા જ્ઞાનીઓ તમને સ્વચ્છંદી, વ્યભિચારી, ચોર, વગેરે શાના કહેત ? ! માટે તમે અકૃતજ્ઞ અને ગુરુદ્રોહીના વર્ગમાંજ આવ્યા ? ! તેમાં તમે તો સર્વજ્ઞ ! એટલે અકૃતજ્ઞ અમારાથી ન કહેવાય ! એટલે છેલ્લાજ ! ગુરુદ્રોહી ! પ્રભુ—મરમ સમજ્યા. પોતાની ભુલ કબુલ કરી. પોતાનો બચાવ છોડી દીધો. ભક્તાધીન ભગવાને ભક્તની ઉત્તમતા, પોતાની... સ્વીકારી, જે ત્રણ શ્લોક આ પ્રસંગમાં પોતે સ્વમુખથી ઉચ્ચર્યા છે તે દુનિયાના સકલ શાસ્ત્રોમાં ઉત્તમોત્તમ છે. પ્રિય વાચક ! તારૂં અને મારૂં ધનભાગ્ય છે કે આ શ્લોકો આપણા કર્ણ પર પડે છે.

नाहं तु सख्यो भजतोऽपि जन्तून् भजाम्यमीषामनुवृत्तिवृत्तये ।
यथाधनो लब्धधने विनष्टे तच्चिन्तयान्यन्निभृतो न वेद ॥
एवं मदर्थोज्झितलोकवेदस्वानां हि वो मय्यनुवृत्तयेऽबलाः ।
मया परोक्षं भजता तिरोहितं मासूयितुं मार्हथ तत्प्रियं प्रियाः ॥
न पारयेऽहं निरवद्यसंयुजाम् स्वसाधुकृत्यं विबुधायुषापि वः
या माभजन् दुर्जरगेहशृङ्खलाः संवृश्च्य तद्वः प्रतियातु साधुना ॥

અર્થઃ—હે સખીઓ ! નિર્ધન મનુષ્યને પુષ્કળ ધન મળે, અને પછી તે જતું રહે તો તે જેમ તેની ચિંતામાં મસ્ત થઇ બીજું કંઇ સમજતો નથી, તેમ મારૂં ભજન કરનારાઓની વૃત્તિ સર્વદા મારામાં રહે તેટલા માટે જ તેમનું ભજન હું કરતો નથી.

હે અબળાઓ ! એ પ્રમાણે મારે માટે લોક વેદ અને સ્વનો ત્યાગ કરનાર જે તમે, તે તમારી વૃત્તિ મારામાં રહે તે માટે જ હું અંતર્ધાન થઇ ગયો હતો; પણ પરોક્ષમાં હું તમારૂં ભજન કરતો જ હતો ! માટે હે પ્રિયાઓ ! તમારા પ્રિય પતિની ઇર્ષ્યા કરવી તમને યોગ્ય નથી.

નિર્દોષ ભજનથી તમે મારી સાથે સંયોગ પામ્યા છો. દેવતાના આયુષ્યથી કે મન્વંતર સુધી પણ તમારી સેવા કરી તમારો પ્રત્યુપકાર—બદલો મારાથી વાળી શકાય એમ નથી. ઘરરૂપી બેડી જે જુની થતી જ નથી, તે સખત બેડીને તોડીને તમે મારી સાથે પ્રીતિ બાંધી છે અને મારી સેવા કરી છે, એ સર્વનો ભાર તમારા સાધુપણાથીજ મારા ઉપરથી ઉતરો.

જ્યારે ઉપલા ઉત્તરથી ગોપાંગનાને સંતોષ ન થયો, ત્યારે જે પોતાના હૃદયમાં હતું, જે ખરો ઉત્તર હતો, તે પ્રભુએ આપવો શરૂ કર્યો. હે પ્રિયાઓ ! ઉપલા શ્લોકો કહ્યા તે

ના અમથાજ! તે કાંઇ મને કે તમને લાગુ પડતા નથી! હવે ખરી વાત કહું છું! હું કાંઇ જીવ નથી! હું તો કોટિબ્રહ્માંડોનો સ્વામી છું. મારા પર સર્વદા પ્રેમ રાખવો, મારા એકલા પર સર્વદા પ્રેમ રાખવો, મારૂં જ ભજન કરવું, એજ જીવનું કર્તવ્ય છે. ધર્મ સમજવાનું કારણ ડહોળનાર અર્જુનને છેવટમાં છેલ્લી બનાવમાં આની વાત મેં એજ કહી હતી. મારૂં ભજન તમારામાં સિદ્ધ થવાને માટેજ હું તમને ફલ આપી અંતરાય કરતો નથી. મારા ભજનનો સ્વાદ મેં તમને પ્રથમ ચખાડયો છે. તમારી સમક્ષ હું હમેશાં રહું તો તેથી તમને પોતાને હાનિ છે. વિપ્રયોગમાં તમે સર્વદા મારૂં સ્મરણ કરો તે માટેજ હું અંતર્ધાન થઇ ગયો હતો. તમે મારા પર એવો નિષ્કામ પ્રેમ રાખ્યો છે કે લોકમાં યોગ્ય દેખાશે કે નહિ, તેની તમે દરકાર કરી નથી. તેમજ પરલોકની કે મોક્ષની પણ દરકાર રાખી નથી. સંસારનો ત્યાગ કરી તમે મારી પાસે આવ્યા છો, તે તમારી મનોવૃત્તિ નિરંતર મારામાં રહે તેટલા માટે જ હું તિરોહિત થઇ ગયો હતો. ખરૂં પુછો તો હું તમારી પાસેથી ગયો જ નથી! પણ તમારો દોષ નિવારણ કરવા માટે જ, તેમજ તમારૂં આ નિર્જન વનમાં રક્ષણ કરવા માટે હું પરોક્ષમાં પણ તમારી પાસે જ હતો! માટે હે પ્રિયાઓ! મારો દોષ કાઢશો નહિ. આ શ્લોકના એકેક શબ્દમાં ભગવાનની ભક્તવત્સલતા દૃશ્યમાન થઇ આવે છે. પ્રથમ શ્લોકમાં પ્રભુએ ગોપિકાઓને "સખી" કહીને સંબોધ્યા છે. આ બીજા શ્લોકમાં પ્રભુ ગોપિકાઓને "પ્રિયા" અને પોતાને "પ્રિય" કહી સંબોધે છે, અને ગોપિકાઓના—પ્રિયાઓના—નિઃસ્વાર્થ પ્રેમની પ્રશંસા કરે છે.

હવે ગોપીઓને સંતોષ થયો. જે પ્રભુને પોતે પતિ માને છે, તે જીવરૂપ પતિ નથીજ, પણ સર્વ જીવોના પતિ છે, ખરા પતિ છે, તે પતિ મોટા મોટા આડંબરવાળા કર્મયોગીઓ, સહસ્ર યજ્ઞો કરનારા યાજ્ઞિકો, જ્ઞાનનું ડુંપણું તાણનારા મહાપંડિતોની દરકાર ન કરતાં આપણને "પ્રિયા" કહી બોલાવે છે, પોતાને "પ્રિય" કહે છે, અને હમેશાં આપણી રક્ષા આપણી હાજરીમાં રહી કર્યાજ કરે છે! અને યાજ્ઞિકો અને પંડિતોને તો દર્શન પણ દુર્લભ! પ્રિય વાચક! અહીં પરિશિષ્ટનું અનુસંધાન કરી લે. માત્ર બેજ શ્લોક અહીં ટાંકું છું:—

हि ही ही हींकारान् प्रतिपशु वने कुर्वति सदा
नमस्यप्रक्षेपेंद्रप्रभृतिषु च मौनं धृतवति ।
मृगाक्षीभिः स्वेक्षानवकुवलयैरर्चितपदे
रतिप्रादुर्भावो भवतु सततं श्रीपरिवृढे ॥
पराकाष्ठा प्रेम्णां पशुपतरुणीनां क्षितिभुजाम्
सुदृशानां भासास्पदमखिलभाग्यं पशुपतेः ।
धियुर्यस्त्वस्मिन् ये दरविकचमंचालमम्बुखे
रतिप्रादुर्भावो भवतु सततं श्रीपरिवृढे ॥

નિસ્સાધન, દીન, પ્રેમાતુર પશુપોને પ્રભુ પોતે "હી. હી, હી, હી" કહી બોલાવે છે. અને ગર્વિષ્ઠ બ્રહ્મા, મહેશ, ઇંદ્ર પ્રાર્થનાઓ કરી કરીને થાકી જાય તો પણ મૌન ધરી

આપું કોઈ ઉત્તર પણ આપતા નથી. ગુણાશ્રીઓ કમલનયનના કટાક્ષો નાંખી પ્રભુસાથે તારામૈત્રક રચે છે. પ્રેમાળ ગોપીઓના પ્રેમની પરમ સ્વરૂપ છે, અને અનિકેત સજ્જનોને વાસનું સ્થાન પણ પ્રભુ જ છે.

આ પ્રમાણે ગોપીઓના સર્વે સંબંધ ટાળી પ્રભુ અટકતા નથી, ગોપીઓના ઋણનું નિવારણ કરી પોતે કહે છે કે તમારાં પ્રેમથી તો હું વશ થયો! શું કરું! હું તમારા જેવો ઋણ નથી! હું પ્રેમ કરી શકતો નથી! મારામાં મોટી ઉણપ છે. પણ તમે તો મારાપર નિષ્કામ પ્રેમ કર્યો અને તે પણ અનંત! ત્રણલોકમાં તમારા જેવો મારાપર પ્રેમ મેં કોઈમાં જોયો નથી! એ પ્રેમનો હું શું બદલો વાળું?! પ્રેમ મારામાં છે નહિ, અને પ્રેમનો બદલો બીજી કોઈ રીતે વળી શકતો જ નથી! માટે હું તો તમારો સદાનો ઋણી રહેવાનો! પણ તમે એવાં ભલાં છો કે તમારે બદલો જોઈતો જ નથી, એટલોજ મને સંતોષ છે. તમારી ભજનસાધનને લીધે જ તમારો પાડ મારા પર ચડશે નહિ; નહિ તો હું તો કોટિ ઉપાય કરું તો પણ તમારા પ્રેમનો બદલો વાળવો અશક્ય છે. ભૂતલપરના સર્વે ધર્મોના ભગવદીઓ જુઓ. કોઈ પણ સ્થળે, પૂર્ણ પુરુષોત્તમે-પરબ્રહ્મે-પોતાના ભગવદીઓની આટલી પ્રશંસા કરેલ દૃશ્યમાન થતી નથી! આટલું છતાં કેટલાક વાચકોને આ ગોપીપ્રેમ ગમતો નથી, આ ગોપીલીલા ભાગવતમાં ન હોત તો સારૂં એમ તેઓ માને છે. ભલે તેઓ પોતાનું દુર્ભાગ્ય સમજે, પણ આ ગોપીલીલા શ્રીમદ્ભાગવતમાં છે તેથી અમે તો અમારું અહોભાગ્ય માનીએ છીએ. ભગવાન્ ભક્તાધીન કેમ રહે છે તેની કુંચી આ શ્લોકમાં છે.

ભક્તો જેવું ભગવાનનું ભજન કરી શકે છે, તેવું ભક્તોનું ભજન ભગવાનથી થઈ શકતું નથી. પ્રભુ કહે છે કે मयि भजनं नास्ति । भजनस्य जीवधर्मत्वात् । अतोऽग्रेऽपि यदि स्वत एव संमुखाः तदा भजत । नो चेद्यथासुखं विधेयमिति भावः । मत्कार्यं कश्चित् कर्तुं शक्नोतीति ॥ અર્થ—મારામાં ભજન છે જ નહિ. ભજન તો જીવધર્મ છે. માટે હવે પછી પણ જો મારા ભજનની અપેક્ષા ન હોય તો જ ભજન કરજો. નહિ તો જેમ તમને સુખ થાય તેમ કરજો. મારાથી જે થઈ શકતું નથી તે ભજન—હું કેવી રીતે કરું?

પ્રિય વાચક! આ સુંદર પ્રસંગ મેં મારી બોબડી તોતડી વાણીમાં વર્ણવ્યો છે, તેમાં અર્થનો અનર્થ પણ થયો હશે, તે તને નહિ રુચવાથી કદાચ ગુસ્સો પણ થયો હશે. પણ ક્ષમા કરજે. ઘણો ઉચ્ચતર આનંદ આ પ્રસંગમાંથી મળી શકે એ નિર્વિવાદ છે. પણ આ પ્રસંગે તું પરિષદમાં હાજર હતો અને પ્રભુ સાથે વાર્તાલાપમાં ભાગ લેતો હતો એવું સ્મરણ તને થાય છે? તે ગમે તે હો, પણ જો તને આમાં કંઈક આનંદ આવ્યો હોય તો હવે એ શ્લોકોપર શ્રી સુબોધિની વ્યાખ્યા સાંભળવા પ્રયત્ન કરજે, તેથી તને સહસ્રગણો આનંદ પ્રાપ્ત થશે.

अथ स्वमार्गीयसाधनरहस्यम् ॥

श्रीमदाचार्यमार्गोऽयं निःसाधनफलात्मकः ।
तत्र तज्ज्ञापनं मात्रसाधनं तत्कृपायताम् ॥ १ ॥

અર્થ—શ્રીમદ્આચાર્યનો આ માર્ગ નિઃસાધનફલાત્મક છે. એ માર્ગમાં આપણી

ભાવના કરવા રૂપ ભાવસાધન છે.

स भावः संगराहित्याच्च भविष्यति सर्वथा ।
संगस्य साधनं सर्वरागाभावो गृहादिषु ॥ २ ॥

અર્થ—એ ભાવ સંગ રહિત થવાથી-સંગનો ત્યાગ કરવાથી-સર્વથા થશે નહિ. સંગ (સત્સંગ) પ્રાપ્ત કરવાનું સાધન ગૃહ વગેરેમાં સર્વ રાગનો ત્યાગ કરવો એ છે.

रागाभावस्तु सततं सेवया तत्कृपावताम् ।
तत्कृपा साधनं सा तु भवेत्तत्तोषणेन हि ॥ ३ ॥

અર્થ—ગૃહવગેરેમાં રાગનો અભાવ પ્રાપ્ત કરવાનું સાધન આચાર્યની કૃપાવાળા ભગવદીયોની નિરંતર સેવા કરવી એ છે. તેમની કૃપા એ જ સાધન. એ કૃપારૂપ સાધન તેમને પ્રસન્ન કરવાથી પ્રાપ્ત થાય છે.

तत्तोषणं तु तद्भक्तिभाववर्धनतो भवेत् ।
भावो हि मार्गसर्वस्वं कर्तव्यं तस्य रक्षणम् ॥ ४ ॥

અર્થ—તેમની પ્રસન્નતા તેમના ભક્તિભાવની વૃદ્ધિ થવાથી થાય છે. ભાવ માર્ગનું સર્વસ્વ છે. તેનું રક્ષણ કરવું.

सेवाऽपि सततं चित्ते भावनात्मा तदा भवेत् ।
निवेदनं तु स्मर्तव्यं इति यत्साधनं परम् ॥ ५ ॥

तादृशैरिति वाक्येन संगस्तत्राप्यपेक्षितः ।
स एव साधनं संगो मोक्षोऽस्मिन्मार्ग एव च ॥ ६ ॥
ममोत्तमेति वाक्येन तदभावे वृथाऽखिलम् ।

અર્થ—ત્યારે જ ભાવનારૂપ સેવા ચિત્તમાં સર્વદા થાય. તાદૃશ જનની સાથે નિવેદનનું સ્મરણ કરવું એ વાક્યમાં જે પરમ સાધન કહેલું છે, તેમાં પણ સંગની અપેક્ષા છે જ. તેજ સાધન આ માર્ગમાં સંગ એજ મોક્ષ. ममोत्तमश्लोक એ શ્લોકથી એ સિદ્ધ થાય છે. સંગના અભાવમાં સર્વ વૃથા છે.

तस्मात् सर्वं परित्यज्य सत्संगेन सदा हरिम् ।
सेवयेदांतरेणापि बाह्येन मनसा पुनः ॥ ७ ॥
स्वतः फलं हि सत्संगं विदित्वा विदधीत हि ॥ ८ ॥

અર્થ—માટે સર્વનો પરિત્યાગ કરીને, સત્સંગ પ્રાપ્ત કરીને, મનમાં ભીતરથી તથા બહારથી, સદા હરિની સેવા કરવી. સત્સંગ સ્વતઃ ફલ છે, એમ સમજી સત્સંગ કરવો.

इति श्रीहरिदासविरचितं स्वमार्गीयसाधनरहस्यं समाप्तम् ॥

पुष्टिमार्गमां साधनो छे ?

(અનુસંધાન ગત અંક પા. ૧૫૭)

એવા નામ-માત્ર-ધારીએ ગોકુળવાસીની માફક વિનાશ્રમે પ્રભુપ્રાપ્તિ કરવી હોય તો ગોકુળવાસીની માફક પ્રભુપર પ્રેમ કરવો આવશ્યક છે. એવો પ્રભુપર પ્રેમ થાય ત્યારે જ પ્રભુ એને "સ્વ" એટલે પોતાનો ગણે. એ પ્રેમ પ્રભુના ગુણજ્ઞાનવિના અશક્ય છે, તેથી જ શ્રીમહાપ્રભુજીએ નિરોધલક્ષણમાં આજ્ઞા કરી કે સર્વનો પરિત્યાગ કરી, પ્રભુમાં ચિત્તનો નિરોધ કરી, સદાનંદ પ્રભુના ગુણગાન કર્યા કરવા. સેવા અથવા કથામાં આસક્તિ રાખવાનું કારણ પણ આ જ. શરૂઆતમાં પ્રેમ પ્રતીત ન થાય તોપણ તનુજા વિત્તજા સેવા કર્યા જ કરવી, ગુણ ગાન કર્યા જ કરવાં, એ જ પુષ્ટિમાર્ગની ટેક, એ જ પ્રેમાત્મ નિસ્સાધન ગોપિકાઓનો માર્ગ. શ્રી ગુસાંઇજીનો ભક્તિહંસ વાંચવાથી આ સ્પષ્ટ માલમ પડશે.

" एवं सति भक्तिमार्गीयभजनप्रकारेषु स्नेह एव नियामकः स्नेहवताम्। कर्मणि विधिवत्। तद्रहितानां तु तद्वत्कृत उपदेश एव। स च वेदाविरुद्ध एवेति ज्ञेयम्। विधिमजानता बालेन पित्रादिशिक्षया कृतसन्ध्यावन्दनादेः कर्मत्ववदुपदेशानुसारेण कृतेरपि भक्तित्वम्। तन्मार्गीयत्वात्। एवं भूतस्याऽग्रे स्नेहोऽवश्यं भावीति ज्ञेयम्। यथा तादृशबालकृतकर्मणोऽप्युक्तफलसाधकत्वं तथा तादृग्भक्तस्याऽपि पुरुषोत्तमप्रापकत्वम् इति किमन्यद्वक्ष्यते।

ભાવાર્થ:—આ પ્રકારે ભક્તિમાર્ગીય ભજનપ્રકારોમાં સ્નેહવાળાઓનો સ્નેહ જ નિયામક છે; જેમ વ્રત વગેરે કર્મોમાં વિધિ નિયામક હોય છે તેમ. જેમને પ્રભુમાં સ્નેહ નથી, તેમને પ્રભુમાં સ્નેહવાળાઓએ કરેલો ઉપદેશ જ નિયામક છે. એ સ્નેહરીતિનો ઉપદેશ વેદથી અવિરુદ્ધ જ છે એમ સમજવું. વિધિને નહિ જાણનાર બાળક, પિતા વગેરેના બતાવ્યા પ્રમાણે, સંધ્યાવંદન વગેરે કરે છે તે જેમ કર્મ ગણાય છે, તેમ સ્નેહ ન ઉત્પન્ન થયો હોય તોપણ સ્નેહવાળાના ઉપદેશ પ્રમાણે કરેલી સેવા પણ ભક્તિ કહેવાય, કેમકે તે સેવા ભક્તિમાર્ગીય રીત પ્રમાણે છે. એ પ્રમાણે (સ્નેહ વગર પણ) સેવા કરનારને આગળ જતાં પ્રભુમાં સ્નેહ અવશ્ય થશે એમ સમજવું. જેમ વિધિથી અજ્ઞાન બાળકને ઉપર કહ્યા પ્રમાણે કર્મો કરવાથી કર્મમાર્ગમાં કહેલું ફળ પ્રાપ્ત થાય છે, તેમ જ સ્નેહ ન સમજનાર ભક્તને સ્નેહવાળાના કહ્યા પ્રમાણે સેવા કરવાથી પુરુષોત્તમપ્રાપ્તિ થાય, પછી શું બાકી રહ્યું ?

મારે પ્રિય વાચક, સંસારમાંથી છૂટી સેવાકથામાં ચિત્ત વધારેને વધારે રોકવા પ્રયત્ન કર. ગોપીઓના માર્ગમાં ચાલવા પ્રયત્ન કર. ત્યારે જ તને પ્રભુપર સ્નેહ થશે, અને ત્યારે જ ગોકુળવાસીની માફક પ્રભુ પોતાનો "સ્વ" ગણી સર્વ સુખદાન કરશે.

नायमात्मा प्रवचनेन लभ्यो न मेधया न बहुना श्रुतेन ।

यमेवैष वृणुते तेन लभ्यः ।

અર્થઃ—આ આત્મા પ્રવચનથી લભ્ય નથી, બુદ્ધિથી લભ્ય, પ્રાપ્ય નથી, બહુશ્રુત થવાથી પ્રાપ્ય નથી, જેનું એ આત્મા વરણ કરે, તેનાથી જ પ્રાપ્ય છે.

આ मुण्डक ઉપનિષદ્‌માંની શ્રુતિ છે. એ શ્રુતિ કહે છે કે પ્રભુ પ્રવચન, બુદ્ધિ, બહુશ્રવણ વગેરે સાધનથી પ્રાપ્ય નથી, અને શ્રીગુસાંઈજી भक्तिहंसमां આજ્ઞા કરે છે કે આ સાધનોમાં સર્વ સાધનોનો સમાવેશ કરી લેવો; એટલે પ્રભુ સાધન પ્રાપ્ય નથી, એમ સ્પષ્ટ થાય છે. पुष्टिभक्तिसुधानो મુદ્રાલેખ પણ એ જ છે. ત્યારે સાધનથી શું ફલ?

આનો ઉત્તર આપતા પહેલાં કહેવાનું કે આ શ્રુતિ જે મુંડક ઉપનિષદમાં છે તે પુષ્ટિમાર્ગના એક સબલ પ્રમાણરૂપ છે; નિસ્સાધન જીવોને વિના-સાધને પ્રભુ તારે છે એનું વેદમાંથી જ આ સબલ પ્રમાણ છે. પ્રભુ તો વરણમાત્રથી જ પ્રાપ્ય છે. અરે! વૈદિક સાધનમાર્ગ, મર્યાદામાર્ગ, આર્યમાર્ગને રસ્તે ચાલનારને પણ અંતે આ શ્રુતિનો આશ્રય લઈ પ્રભુપ્રાપ્તિમાં પોતાની નિસ્સાધનતા કબુલ કરવી પડે છે. સ્વતંત્ર પ્રભુ જીવે કરેલા કોઈપણ સાધનથી બંધાતા નથી, પછી તે વૈદિક સાધન હોય તોપણ શું? પ્રભુ તો પોતાની ઇચ્છા થાય તો જ મળે. આપણી સુંદર વાર્તાઓમાં આસ્વાદનો પ્રશ્ન કે "પ્રભુ કૈસે મિલે?" એનો ઉત્તર સર્વે વૈષ્ણવોને વિદિત જ છે.

પણ આ સર્વનો અર્થ શું એવો થાય છે કે આપણે ઠીક, સંસારાસક્ત જ રહેવું? પ્રભુ સાધનપ્રાપ્ય નથી, માટે આપણે ઉલટી દિશામાં જવું? પાંચ સાત કન્યાઓમાંથી વર જેમ તે એકને વરવાનો હોય તેથી તે કન્યાઓએ પોતે પસંદ થશે કે નાહ તે નિશ્ચયાત્મક ન હોવાથી તે વરની દરકાર ન કરવી? તેને પ્રસન્ન કરવાના સર્વ પ્રયત્ન ન કરવા? સઘળી કન્યા સર્વ પ્રયત્ન કરશે જ, અને તેમ કર્યાં છતાં વરપ્રાપ્તિ ન થાય તો પોતાનું હીનભાગ્ય સમજી રહેશે. હવે અસંખ્ય કરોડોમાંથી કોઈક જીવને જ પ્રભુ વરે છે, એવા ભાગ્ય પ્રભુ છે તેને પ્રસન્ન કેમ કરાય? માત્ર અનન્યતાથી જ. બીજા સર્વનો ત્યાગ કરી માત્ર તે પ્રભુના સર્વદા ગુણગાન કરવાથી જ. પ્રભુને માટે ઝુરીને ઝુરીને મરવાથી જ. સંતોમાં કહ્યું છે કે પ્રભુ અનન્યના અધિપતિ છે. શ્રીમહાપ્રભુજી કહે છે કેઃ—

क्लिश्यमानान् जनान् दृष्ट्वा कृपायुक्तो यदा भवेत् ।
तदा सर्वं सदानंदं हृदिस्थं निर्गतं बहिः ॥

અર્થઃ—જ્યારે પ્રભુ નિજ જનને ક્લેશ પામતાં જુએ છે, ત્યારે પ્રભુને દયા આવે છે, અને હૃદયમાં રહેલા સદાનંદ પ્રભુ બહાર પ્રકટ થાય છે.

પ્રિય વાચક! પ્રભુપ્રાપ્તિ રસ્તામાં પડી નથી. સંસારાસક્તિનો જ્યાંસુધી અત્યંત અભાવ થાય નાહ, જ્યાં સુધી ચિત્ત પ્રભુમાં પ્રેમથી પરોવાય નહિ, ત્યાં સુધી પ્રભુ પ્રાકટ્યના ફાંફાં જ! અને તેથી જ એ શ્રુતિની નીચેની જ બીજી શ્રુતિએ તરત ગાયું કે नायमात्मा बलहीनेन लभ्यो न च प्रमादात् तपसो वाप्यलिङ्गात् । एतैरुपायैर्यतते यस्तु विद्वांस्तस्यैष आत्मा विशते ब्रह्मधाम । અર્થ—આ આત્મા બલહીનથી પ્રાપ્ય નથી, પ્રમાદથી પ્રાપ્ય નથી, તપસ અથવા અલિંગથી પ્રાપ્ય નથી. જે વિદ્વાન આ ઉપાયોથી યત્ન કરે છે, તેનો આ આત્મા બ્રહ્મધામમાં પ્રવેશ કરે છે.

અહીં બલરૂપી ઉપાય કહ્યો તે બલ ભૌતિક, સાત્વિક, રાજસ કે તામસ નહિ સમજવું, કેમકે એ સર્વ પ્રાકૃત બલ છે, માટે એ બલ નિર્ગુણ, ભક્તિબલ સમજવું. એ બાબતમાં વિશેષ સમજ "જીવના બંધન, મુક્તિ અને નિર્ગુણાવસ્થા" નામના થોડા વખત પર લખેલા લેખપરથી જોઈ લેવી. પ્રમાદ ન કરતાં આ ભક્તિબલ વધારવાનાં સાધન ઉદ્યોગ અવશ્ય કરવાં જ.

"પુષ્ટિમાર્ગમાં સાધન છે કે નહિ," એ પ્રશ્નનો પ્રભુના પ્રેરકત્વ સાથે સંબંધ ન કરવો. "પુષ્ટિમાર્ગ સાધનશૂન્ય છે" એમ કહેવું એ એક વાત છે, અને "પુષ્ટિમાર્ગમાં સાધનો છે, પણ તે સાધનો પ્રભુ કરાવે ત્યારે જ થઈ શકે" એ બીજી વાત છે; બન્નેમાં ઘણું જ ફેર છે. "પ્રભુ કરાવે તો જ થઈ શકે" એટલે પ્રભુનું પ્રેરકત્વ તો મર્યાદામાર્ગમાં પણ સ્વીકારવું પડશે જ. વૈદિક મર્યાદામાર્ગની રીતે ચાલવાને પ્રયત્ન કરનારને સર્વેને ખબર છે કે વેદમાં મુક્તિના સાધનો છે; પણ પ્રભુપ્રેરણા વિના ભાગ્યે જ કોઈ તે સાધનો કરી શકે છે. પ્રભુની પ્રેરણા વિના એક પાંદડું પણ હાલતું નથી. તેમ જ પુષ્ટિમાર્ગની રીતિ ચાલનાર પણ પ્રભુકૃપા વિના, પ્રભુપ્રેરણા વિના સંસારાસક્ત જ રહે છે, જાણતાં છતાં પણ સંસારાસક્ત જ રહે છે એ નિર્વિવાદ છે. સાધનો છે કે નહિ એ જાણવું એ એક વાત છે, જાણીને કરી શકવું એ બીજી વાત છે. પ્રભુ પ્રેરણા વિના, પ્રભુ ઇચ્છા વિના, પ્રભુ કૃપા વિના, કોઈથી પણ કોઈ પણ સમયે કંઈ પણ થઈ શકતું નથી. સાધન અને માર્ગનાં સાધન આચરતાં નિસ્સાધનતામાં ક્ષતિ થતી નથી, પણ નામ માત્ર ધારી ભક્તિબલ વિહીન રહેવાથી, પ્રમાદ કરવાથી, સંસારાસક્ત રહી દિવસે વ્યાપાર કરવાથી, અને રાત્રિએ નિદ્રાને સેવવાથી, પ્રભુ ઇચ્છા તેને વિષે વિપરીત છે, એમ માલમ પડે છે. નિસ્સાધનતાનો અર્થ બરાબર લક્ષમાં નહિ રહેવાથી આમ સર્વ વિપ્લવ થાય છે, માટે ચેતીને ચાલવાનો આપણો ધર્મ છે. પુષ્ટિમાર્ગનું તત્ત્વ અતિગૂઢ છે.

પુષ્ટિમાર્ગ પણ એક પ્રભુપ્રાપ્તિનો માર્ગ છે. માર્ગ થયો એટલે સાધન હોય જ. સાધન પણ ફલાત્મક છે તેની અમે ના કહેતા નથી. અમારું કહેવું એ છે કે પુષ્ટિમાર્ગ નિસ્સાધન છે એનો અર્થ એટલો જ છે કે વૈદિક સાધનોને પુષ્ટિમાર્ગ સાથે સંબંધ નથી. પુષ્ટિમાર્ગનું ફલ શું ? પ્રભુપ્રાકટ્ય. પહેલાં કહેલાં સર્વ શ્રીમહાપ્રભુજીનાં વાક્યોપરથી જણાશે કે શ્રીમહાપ્રભુજી એમ આજ્ઞા કરતા નથી કે મારા પ્રમેય બલપર વિશ્વાસ રાખી બેસી રહો, ઉલટું બહિર્મુખતાથી ચેતતા રહેવાની આજ્ઞા એકએક ગ્રંથમાંથી મળી આવે છે. શ્રીગુસાંઈજીની પણ આમાં સર્વાંશે સમ્મતિ છે. થોડા વખતપર શ્રીગુસાંઈજીના સેવાશ્લોકાઃ પુષ્ટિભક્તિસુધામાં આપણે છાપ્યા છે, તેમાં નીચેનો સુંદર શ્લોક છેઃ—

श्रीमद्वल्लभाचार्यमते फलं तत्प्राकट्यमथाऽव्यभिचारिहेतुः ।
प्रेमैव तस्मिन् नवधोक्तभक्तिस्तस्यैवोपयोगोऽखिलसाधनानाम् ॥

અર્થઃ—શ્રીવલ્લભાચાર્યના મતમાં પ્રભુપ્રાકટ્ય એ ફલ છે. પ્રાકટ્યનું સાધન—કદાપિ પણ વ્યર્થ ન જાય એવું સાધન પ્રેમ છે. પ્રેમનું સાધન નવધાભક્તિ છે. અને સર્વ સાધનોનો ઉપયોગ પ્રેમ ઉત્પન્ન કરવામાં જ છે.

(અપૂર્ણ)

श्रीकृष्णाय नमः

श्रीसर्वोत्तमस्तोत्र.

(અનુસંધાન ગતાંક પૃષ્ઠ ૧૩૫.)

दैवोद्धारप्रयत्नात्मा—જે કૃપાવિષયો–કૃપાપાત્રો માટે (શ્રીમદાચાર્યચરણે) અલૌકિકમાં પ્રાકટ્ય ન કરતાં લૌકિકમાં પ્રાકટ્ય કર્યું તે કૃપાવિષયો–કૃપાપાત્રો કોણ છે એમ જાણવાની આકાંક્ષા થાય (તે આકાંક્ષા પૂર્ણ કરવા તે કૃપાપાત્રો જણાવવા) માટે શ્રીમત્પ્રભુચરણ દૈવોદ્ધારપ્રયત્નાત્મા એમ પંચમ નામની આજ્ઞા કરે છે.

दैवोद्धारप्रयत्नात्मा નામમાં **दैव+उद्धार+प्रयत्न+आत्मा** એમ ચાર શબ્દ છે. (દૈવના ઉદ્ધારમાં જે પ્રયત્ન તેમાં આત્મા જેનો (જેઓશ્રીનો) છે તે દૈવોદ્ધારપ્રયત્નાત્મા). દૈવ એટલે ભગવદુક્ત (ભગવાને શ્રીમુખે શ્રીમદ્ભગવદ્ગીતામાં કહેલી) દૈવસૃષ્ટિમાં પ્રાદુર્ભૂત–પ્રકટ થયેલા જીવો તેઓના ઉદ્ધારમાં જે પ્રયત્ન તેમાં આત્મા–અંતઃકરણ છે જેઓશ્રીનો તે દૈવોદ્ધારપ્રયત્નાત્મા. દૈવસૃષ્ટિમાં ઉત્પન્ન થયેલાઓને મુક્તિફલસિદ્ધિ માટે વેદપુરાણોમાં કહેલા સાધનો સિદ્ધ જ છે તો પછી આચાર્યશ્રીના પ્રાકટ્યથી શું અધિક (પ્રાકટ્યનું શું પ્રયોજન) એમ કોઈ શંકા કરે તો કહે છે સત્ય, ભગવાને પુષ્ટિ અને મર્યાદા માર્ગના ભેદથી જીવોનો અંગીકાર કરેલો હોવાથી પૂર્વોક્ત (વેદપુરાણોક્ત) સાધનોને મર્યાદામાર્ગીય ફલસાધકત્વ ભલે હો, પરંતુ શુદ્ધ પુષ્ટિમાર્ગીયોને મુક્તિફલાતિરિક્ત સાક્ષાત્ ભગવત્સંબંધ જ ફલ હોવાથી, તેના (ભગવત્સંબંધ પ્રાપ્તિના) સાધનો અન્યત્ર અપ્રસિદ્ધ હોવાથી, અને તે એક શુદ્ધ પુષ્ટિમાર્ગથી જ ગમ્ય હોવાથી તે (પુષ્ટિમાર્ગીય) સિવાયના અન્યને–ઇતરને (તેનું) અજ્ઞાન હોવાથી એતન્માર્ગીયો (પુષ્ટિમાર્ગીયો)નો અનુદ્ધાર જ થાય, અને તેથી આ માર્ગનું પ્રકટન નિરર્થક જ થાય, તેમ ન થાય તેટલામાટે એતન્માર્ગીયોનો (પુષ્ટિમાર્ગીયોનો) જેવી રીતે એતન્માર્ગીય (પુષ્ટિમાર્ગીય) ફલસિદ્ધિથી ઉદ્ધાર થાય તેમાટે જ આચાર્યશ્રીનું પ્રાકટ્ય છે એમ જણાવવાને દૈવોદ્ધારપ્રયત્નાત્મા નામની શ્રીમત્પ્રભુચરણે આજ્ઞા કરી છે.

દૈવ એટલે દૈવી જીવો. દૈવ જીવોનું સર્વ દુઃખથી ઉદ્ધરણ કરવા (તેઓનો ઉદ્ધાર કરવા) ભક્તિમાર્ગ પ્રાકટ્યાદિથી જે પ્રયત્ન તેમાં આત્મા–પ્રયત્નરૂપે ચિંતા જેઓશ્રીને છે તે દૈવોદ્ધારપ્રયત્નાત્મા. સર્વથી જ જેઓ આસુર છે તેઓનો ઉદ્ધાર ન થાય તેમાં વસ્તુગૌણ નથી. કારણ કે ભગવાનને જ તેમ જ કરવું છે. શ્રીમદ્ભગવદ્ગીતામાં આપે આજ્ઞા કરી છે કે આસુરજનો પ્રવૃત્તિ અને નિવૃત્તિ જાણતા નથી.

શ્રીમત્પ્રભુચરણે આજ્ઞા કરી છે કે શ્રીમદાચાર્યચરણ કૃપાનિધિ હોવાથી પોતાને (શ્રીમત્પ્રભુચરણને) આપશ્રીનાં (શ્રીમદાચાર્યચરણનાં) સ્વરૂપનું જ્ઞાન તથા તેનો અનુભવ કરાવ્યો તેમાં કોઈ શંકા કરે કે પોતાને (શ્રીમત્પ્રભુચરણને) તેના દુર્લભતમ (ફલનું) આપશ્રીએ (શ્રીમદાચાર્યચરણે) દાન કર્યું પણ આપશ્રી (શ્રીમદાચાર્યચરણ) અન્યને યત્કિંચિત્ ફળ (ફલ)નું દાન કરે છે, તો તેના નિરાસ અર્થે દૈવોદ્ધારપ્રયત્નાત્મા નામની શ્રીમત્પ્રભુચરણ આજ્ઞા કરે છે. શ્રીમદાચાર્યચરણ દૈવોદ્ધારપ્રયત્નાત્મા છે

એટલે દૈવીના ઉદ્ધારમાં જે પ્રયત્નો તત્સ્વરૂપ તદ્રૂપ છે. અહિં આમ જણાય છે. દૈવ (જીવો)નો અંગીકાર તો મર્યાદા પુષ્ટિ ભેદે બે પ્રકારનો છે. મર્યાદામાં અંગીકૃત (જીવો) ને મર્યાદામાર્ગોક્ત સાધન હોય તોપણ તેઓને સ્વબળથી જ સર્વ સાધન સંપાદન કરાવી તેઓને જેમ ફલપ્રાપ્તિ થાય તેવા પ્રયત્નરૂપ આપશ્રી છે. તેથી આગળ પણ આપશ્રીનું નામ સ્વદાસાર્થકૃતાશેષસાધનઃ કહેવામાં આવશે. આપશ્રી જ સાધન કરે છે તેથી આપશ્રીના ચરણને શરણે જવાથી તેઓને (મર્યાદામાર્ગીય દૈવી જીવોને) શીઘ્ર ફલ થાય, બીજી રીતે નહિ. તે (શ્રીમદાચાર્યચરણનું શરણગમન) જ તેઓ (મર્યાદામાર્ગીય દૈવી જીવો) નું કર્તવ્ય છે, તદતિરિક્ત (તે સિવાય અન્ય-બીજું) (કર્તવ્ય) નથી. તેનાથી જ (ચરણશરણથી જ) સ્વોદ્ધારની સિદ્ધિ છે અને તેમાં જ (ચરણશરણમાં જ) સર્વ સાધનોને સિદ્ધત્વ છે, અને જેઓ પુષ્ટિમાં અંગીકૃત છે તેઓનો ઉદ્ધાર તો સાક્ષાદ્ભગવત્સંબંધરૂપ છે, તેમાં (પુષ્ટિમાર્ગાંગીકૃતોને ભગવત્સંબંધ થાય તેમાં) જે પ્રયત્નરૂપ લીલાસંબંધી ઉત્કટભાવ, સર્વાત્મભાવ વગેરે તદાત્મક તત્સ્વરૂપ તે દૈવોદ્ધારપ્રયત્નાત્મા આપશ્રી (શ્રીમદાચાર્યચરણ) છે. આથી પુષ્ટિમાર્ગીયોને પણ આપશ્રીના ચરણશરણે જવાથી જ તેઓશ્રીની કૃપાથી તેવા ભાવના (રસસંબંધી ઉત્કટ સર્વાત્મભાવાદિ) ઉદયે તે (ભગવત્સંબંધ) ફલ થાય છે, અન્યસાધનથી તે ફલ થતું નથી એમ ઉભય અર્થસૂચક નામ દૈવોદ્ધારપ્રયત્નાત્મા છે. મર્યાદામાર્ગમાં મુક્તિ જ ફલ છે, અન્ય (મુક્તિ સિવાય અન્ય) (ફલ) નથી. પ્રાકૃતમાં આચાર્યશ્રીએ અંગીકાર કરેલા મર્યાદામાર્ગીયોને પણ પુષ્ટિ ફલ થાય છે. મર્યાદામાર્ગીય જીવો જેમ પહેલાં સ્વમાર્ગ ફલરૂપ પરમાનંદ સમુદ્રમાં ભગવાનમાં સાયુજ્ય પ્રાપ્ત કરે છે અને પછી તેમને જ્યારે (ભગવાન્) પુષ્ટિ ફલ આપવાની ઇચ્છા કરે છે ત્યારે તેઓને પ્રભુ તે બ્રહ્માનંદમાંથી ઉદ્ધારીને (બહાર કાઢીને) ભજનાનંદનો અનુભવ કરાવે છે. તે (ભજનાનંદના અનુભવરૂપ ઉદ્ધાર) તો એતદ્ (શ્રીમદાચાર્યચરણના) ચરણ ગમનથી એઓશ્રીની કૃપાથી જ થાય છે, બીજા કોઈ પ્રકારે (શ્રીમદાચાર્યચરણના શરણે જવા સિવાય) થતો નથી, એમ પણ આ દૈવોદ્ધારપ્રયત્નાત્મા નામથી શ્રીમત્પ્રભુચરણે જણાવ્યું. દૈવોદ્ધારપ્રયત્નાત્મા એટલે સાક્ષાદ્ [illegible]માંથી દૈવીનો સમુદ્ધાર સમ્યક્ ઉદ્ધાર (કરવા)ના પ્રયત્નમાં આત્મા-અંતઃકરણ જેઓશ્રીનું છે તે. દૈવીને જેમ પુષ્ટિમાર્ગીય ફલ પ્રાપ્ત થાય તેવા પ્રયત્નવાન્ નિરંતર પ્રયત્નશીલ આપશ્રી છે અને તેથી જ આપશ્રીનું નામ દૈવોદ્ધારપ્રયત્નાત્મા છે. આથી ભગવાનને તો મર્યાદામાં જ અંગીકાર અભિપ્રેત છે તોપણ કેવલ પુષ્ટિમાર્ગપ્રવર્તકપણાએ તથા (પુષ્ટિમાર્ગના) અધિપતિપણાએ શ્રીમદાચાર્યચરણની નિજ અંગીકૃત (જીવો) ઉપર કૃપાથી ભગવાન્ પણ તેમને ફલ આપે છે અને તેઓશ્રી (શ્રીમદાચાર્યચરણ) સ્વપ્રકટિત સેવાથી ભગવાનનો તેઓશ્રી (શ્રીમદાચાર્યચરણ) ઉપર પક્ષપાત છે તેથી એતદ્ (શ્રીમદાચાર્યચરણના) પ્રયત્ન વિના એ ફલ (સાક્ષાદ્ભગવત્સંબંધની, ભજનાનંદની) સિદ્ધિ નથી એમ જણાવ્યું. જે જીવને ફલ આપવાનો ભગવાનનો અભિપ્રાય છે તેના જ ઉપર શ્રીમદાચાર્યચરણની કૃપા થાય છે આથી શ્રીમદાચાર્યચરણ ભગવાનનું અનભિપ્રેત કરે છે એવી આશંકાનો પણ નિરાસ થયો. આ જ અભિપ્રાય શ્રીમત્પ્રભુચરણે શ્રીવલ્લભાષ્ટકમાં નાવિર્ભૂયાદ્ (આપશ્રી જો ભૂતલપર પ્રકટ થયા ન હોત તો........ દૈવીસૃષ્ટિ વ્યર્થ થાત ઇત્યાદિ) શ્લોકમાં જણાવ્યો છે.

દૈવ-સ્વસેવાર્થ પ્રકટિત જીવો તેઓ સ્વમાર્ગના અજ્ઞાનથી અન્યભજન કરી બહિર્મુખ થવાથી તેઓનો અનુદ્ધાર માની જે પ્રયત્નથી તેઓનો ઉદ્ધાર-ભગવાન્ સાથે સમ્યક્ સંબંધ થાય તે માટે આત્મા-અંતઃકરણ જેઓશ્રીનું છે તે દૈવોદ્ધારપ્રયત્નાત્મા.

ભગવાને જે માટે પુષ્ટિમાર્ગીય જીવોને ઉત્પન્ન કર્યાં છે તે તેઓ જાણતા નથી અને તેથી પોતાનું શું કર્તવ્ય છે તેની તેઓને ખબર ન હોવાથી જે કાંઇ (સ્વમાર્ગીય કર્તવ્ય સિવાય) અન્ય કરે તે અયોગ્ય કહેવાય અને તેમાં તેમનો અનુદ્ધાર કહેવાય. જેરીતે જે વ્રજવધૂઓને જારમાં પતિબુદ્ધિ હતી તે તેઓનો વ્યભિચાર જ હતો એમ શ્રીમદાચાર્યચરણે ક્વેમાઃ સ્ત્રિયઃ શ્લોકની શ્રીસુબોધિનીજીમાં આજ્ઞા કરી છે, તેમ અહિં પણ પુષ્ટિમાર્ગીય ભાવ-સેવા વિના જે કાંઇ મર્યાદાથી સેવાદિકરણ તે પણ પુષ્ટિમાર્ગીય જીવોનો અનુદ્ધાર જ ગણાય. તેમાંથી ઉદ્ધાર કરનાર શ્રીમદાચાર્યચરણ જ છે. શ્રીમદાચાર્યચરણ દૈવજીવના ઉદ્ધાર (કર્તા) સ્વરૂપ છે. આપશ્રીના પ્રાકટ્ય માત્રથી જ ઉદ્ધાર છે. આથી શ્રીમદાચાર્યચરણની કૃતપ્રયત્નરૂપતા પણ કહી.

દૈવોદ્ધારપ્રયત્નાત્મા શ્રીમદ્ભાગવતના દશમસ્કંધના પૂર્વાર્ધના પંચમ અધ્યાયાર્થબોધક શ્રીમદાચાર્યચરણનું નામ છે. દૈવ સાત પ્રકારના છે. ૧. ઉત્સવરસાવિષ્ટ. ૨. આશ્ચર્યરસાવિષ્ટ. ૩. કીર્તિરસાવિષ્ટ ૪. શાસ્ત્રરસાવિષ્ટ. ૫. શ્રીસ્વભાવરસાવિષ્ટ. ૬. લૌકિકરસાવિષ્ટ. ૭. સર્વરસાવિષ્ટ. આ સાત પ્રકારના દૈવોનો ઉદ્ધાર(થાય)(તેઓને પ્રપંચવિસ્મૃતિપૂર્વક કૃષ્ણાસક્તિ થાય) તેના પ્રયત્નમાં આત્મા અંતઃકરણ જેઓશ્રીનું છે તે દૈવોદ્ધારપ્રયત્નાત્મા. આથી આ નામને સપ્ત અધ્યાયાત્મક પ્રકરણાર્થરૂપતા કહી. પંચમ અધ્યાયથી એકાદશ અધ્યાય સુધી સાતઅધ્યાયનું એક પ્રકરણ (તામસ પ્રમાણ પ્રકરણ)છે. તે સમગ્ર પ્રમાણ પ્રકરણના અર્થ રૂપ આ નામ છે. (ઉદ્ધારમાં) ભગવાનનો પ્રયત્ન કહેવાથી ભક્તોની તામસતા સૂચવે છે. અથવા દૈવ-દૈવોનો સમુહ નારદવાક્યથી નંદાદિ જે વ્રજમાં છે તેઓનો ઉદ્ધાર-સર્વથી ઉત્કર્ષ તેમાં પ્રયત્ન-મહોત્સવરૂપ તેમાં આત્મા જેઓશ્રીનો છે તે દૈવોદ્ધારપ્રયત્નાત્મા. યત્નને પ્રકર્ષતાવાચક પ્ર-ઉપસર્ગ લગાડવાથી યત્નની ભક્તસ્વભાવાનુકૂલતા સૂચન કરી. નંદસ્તુ[1] શ્લોકમાં નંદરાયજીને તો (એમ તોવાચક તુ શબ્દ મૂકવાથી શ્રીમદ્ભાગવતકાર સૂચવે છે કે શ્રીકૃષ્ણના પ્રાકટ્યથી વસુદેવજીને આનંદ થયો પણ નંદરાયજીને તો તેથી પણ વિશેષ આનંદ થયો) (શ્રીકૃષ્ણ) પુત્રરૂપથી પ્રકટ થયે આહ્લાદ-આનંદ થયો અને તેથી મહામન-અતિ વિસ્તૃત મનવાળા થયા-દાનાદિમાં અતિ ઉદારચિત્તવાળા થયા, (વસુદેવજી કંસભીતિથી સંકુચિત ચિત્તવાળા હતા).

દૈવોદ્ધારપ્રયત્નાત્મામાં ૭ પદ છે. ૧ દૈવ ૨ ઉત્ ૩ હાર ૪ પ્ર ૫ યત્ન ૬ આત્મા. એ પ્રમાણે વ્યસ્ત (છૂટાં) ૭ પદ અને એક સમસ્ત (આખું) પદ એનાથી સાત પ્રકારનો ઉત્સવ કહેવાય છે. શ્રીસુબોધિનીજીમાં શ્રીમદાચાર્યચરણે ઉત્સવાધ્યાયમાં ઉત્સવ સાત પ્રકારનો નિરૂપણ કર્યો છે. ૧ વિપ્રકૃતોત્સવ. ૨ ભૂમિસંસ્કારોત્સવ. ૩ ગોશૃંગારોત્સવ. ૪ ગોપકૃતોત્સવ. ૫ ગોપીકૃતોત્સવ. ૬ વાદિત્રવાદનોત્સવ. ૭ દાનોત્સવ. એ પ્રમાણે સાતે ઉત્સવો સાતે પદમાં યથા યથા જાણવા.

---

[1] नंदस्त्वात्मज उत्पन्ने जाताह्लादो महामनाः।

સ્મૃતિમાત્રાર્તિનાશનઃ શુદ્ધ પુષ્ટિમાર્ગમાં અંગીકૃત જીવોને ભક્તિમાર્ગમાં તેઓનો અંગીકાર હોવાથી તે અંગીકારના સ્વાભાવિક બળથી ઇતરમાર્ગીય ફલમાં ફલત્વાભાવની (ફલના અભાવની) સ્ફૂર્તિથી અને સ્વતઃ સ્વમાર્ગીય ફલસાધનનું જ્ઞાન ન હોવાથી સ્વોદ્ધારવિષયિણી આર્તિ સદા રહે છે જ અને તેથી જ જ્યારે શ્રીમદાચાર્યચરણે પ્રકટ થઇ સ્વીય વિષે શુદ્ધ પુષ્ટિમાર્ગીય પ્રાકટ્ય કર્યું ત્યારે તેઓશ્રીના ચરણારવિંદના સ્મરણમાત્રથી જ સ્વમાર્ગીય ફલ (તેઓને) સિદ્ધ થાય. તે પહેલાં (શ્રીમદાચાર્યચરણના પ્રાકટ્ય પહેલાં) સ્વમાર્ગીય ફલનિશ્ચયના અજ્ઞાનથી પોતાની કૃતાર્થતા માટે (પુષ્ટિ જીવોને) આર્તિ હતી તે સર્વ (આર્તિ) પણ (શ્રીમદાચાર્યચરણના પ્રાકટ્યથી) સમૂલ ગઇ તે જણાવવાને આ પણ નામ સ્મૃતિમાત્રાર્તિનાશનઃ શ્રીમત્પ્રભુચરણ આજ્ઞા કરે છે.

સ્વકીયની સ્વમાર્ગીય અસાધારણ આર્તિનું નાશકત્વ (શ્રીમદાચાર્યચરણમાં છે તેમ) કહી ગયા, પણ સાધારણ (જીવો)ની પણ મનોનિષ્ઠ (મનમાં રહેલી) આર્તિનો નાશ કરવાનું સામર્થ્ય આપશ્રીના ચરણારવિંદના સ્મરણમાં છે, એમ જણાવવાને શ્રીમત્પ્રભુચરણ પણ નામ આજ્ઞા કરે છે સ્મૃતિમાત્રાર્તિનાશનઃ.

સ્મૃતિ—સ્મરણ માત્રથી (ભક્તોની) આર્તિનો—ત્રિવિધ તાપનો જે નાશ કરે છે તે સ્મૃતિમાત્રાર્તિનાશનઃ. સ્મૃતિ—સ્મરણ તો ઉભયથા જાણવું એટલે જે ભક્તો શ્રીમદાચાર્યચરણનું સ્મરણ કરે છે તેઓની આર્તિનો તેઓશ્રી નાશ કરે છે તેમ જ જે (ભક્તો)ને શ્રીમદાચાર્યચરણ સ્મરે છે—યાદ કરે છે તેઓની આર્તિનો નાશ પણ તેઓશ્રી કરે છે.

તેઓશ્રીના શરણે જવાથી તેઓશ્રીની કૃપાથી (તેવા પૂર્વોક્ત) ભાવના ઉદયથી પ્રચુર (ભાવ) વ્રજાધિપસ્વાનનદિદૃક્ષાર્તિ (વ્રજાધિપના વદનકમલ—મુખકમલના દર્શન કરવાની ઇચ્છા થાય અને તે દર્શન ન થવાથી તે માટે—દર્શનમાટે પ્રચુર આર્તિ) થાય. તે (આર્તિ)નો ક્યારે અને કેવી રીતે નાશ થાય છે તે આ સ્મૃતિમાત્રાર્તિનાશનઃ નામ જણાવે છે. આચાર્યશ્રીની ભક્તવિષયિણી જે સ્મૃતિ સ્વમનમાં કે પ્રભુ સમક્ષ (પ્રભુના આગળ) તેનાથી જ (શ્રીમદાચાર્યચરણ) સાક્ષાત્સંબંધાભાવરૂપ (પોતાને ભગવાનના સાક્ષાત્સંબંધનો અભાવ છે, સાક્ષાત્ ભગવાનનો સંબંધ નથી તેમાટેની) આર્તિનો નાશ કરે છે. એતત્ (આચાર્યશ્રીની) સ્મૃતિમાત્રથી સાક્ષાત્સંબંધરૂપ ફલ થાય છે જ એમ નિસ્સંદિગ્ધપણે જણાવવાને અહિં માત્ર પદ મૂકવામાં આવ્યું છે. માત્રપદથી સાધનનો અભાવ જણાવી સૂચવે છે કે જેવીરીતે વ્રજજનની આર્તિનો નાશ ભગવાને સ્વતઃ (વ્રજજનના સાધન સિવાય) કર્યો તેવી રીતે શ્રીમદાચાર્યચરણ પણ નિજ સેવકોના સાધનની અપેક્ષા વિના તેઓની (નિજ સેવકોની) આર્તિનો નાશ કરશે. આમ હોવાથી એ પણ સૂચન કર્યું કે જો આર્તિ હોય તો ફલમાં વિલંબ (ઢીલ) નથી. પૂર્વ નામમાં જણાવ્યા પ્રમાણે દૈવ જીવોના ઉદ્ધાર કરવાના પ્રયત્નમાં શ્રીઆચાર્યચરણનું અંતઃકરણ ભલે હો પણ તેઓશ્રીમાં ઉદ્ધાર કરવાનું સામર્થ્ય ન હોય તો પછી દૈવદુઃખનિવૃત્તિ કેમ થઇ શકે એમ કોઇ શંકા કરે તો તેના નિરાસને સારૂં આ સ્મૃતિમાત્રાર્તિનાશનઃ નામની શ્રીમત્પ્રભુચરણ આજ્ઞા કરે છે.

સ્મૃતિમાત્ર—સર્વ સાધન નિરપેક્ષ સ્વસ્મૃતિમાત્રથી જ સર્વની આર્તિનો નાશ

Reg. No. B. 896.

સૂચના.

સર્વ ગ્રાહકોને વિનંતિ કરવામાં આવે છે કે આ અંક મળેથી લવાજમના રૂ. ૨-૮-૦ સત્વર મોકલી આપવા નહિ તો આગામિ અંક વી. પી. કરવામાં આવશે.

પ્રકાશક.

पुष्टिभक्तिसुधा.

नायमात्मा प्रवचनेन लभ्यो न मेधया न बहुना श्रुतेन ।
यमेवैष वृणुते तेन लभ्यस्तस्यैष आत्मा वृणुते तनूं स्वाम् ॥१॥

नाहं वेदैर्न तपसा न दानेन न चेज्यया ।
शक्य एवंविधो द्रष्टुं दृष्टवानसि मां यथा ॥ २ ॥

भक्त्या त्वनन्यया शक्य अहमेवंविधोऽर्जुन ।
ज्ञातुं द्रष्टुं च तत्त्वेन प्रवेष्टुं च परन्तप ॥ ३ ॥

વર્ષ ૬.] શ્રીકૃષ્ણાબ્દ ૫૦૪૧. પોષ કૃષ્ણ ૧૧. શ્રીવલ્લભાબ્દ ૪૪૮. [અંક ૧૦

તંત્રી તથા પ્રકાશક,
વાડીલાલ નગીનદાસ શાહ. બી. એ. એલ્એલ્. બી. વકીલ, હાઈકોર્ટ-મુંબઈ.

વિષયો.	લેખકો.
૧. વાર્તિક-પત્ર.	રા. રા. વસન્તરામ હરિકૃષ્ણ ભટ્ટ.
૨. શ્રીસુબોધિની.	રા. રા. મૂળચન્દ તુલસીદાસ-તેલીવાલા. બી. એ. એલ્એલ્. બી. વકીલ હાઈકોર્ટ.
૩. આચાર્યશ્રીની જન્મપત્રિકા.	રા. રા. નાનુલાલ નારાયણદાસ ગાંધી. એમ. એ. એલ્એલ્. બી.
૪. શ્રીસુબોધિની, અવલોકન.	રા. રા. મૂળચન્દ તેલીવાલા. B. A. LL. B.
૫. શ્રીસર્વોત્તમજીનાં પદો.	પ્રકાશક.
૬. [illegible]	Mr. D. B. A, LL. B. Vakil, High Court.
૭. સ્વામિનીજીના પદો.	રા. રા. વસન્તરામ શાસ્ત્રી.
૮. આદિમુખનિરૂપણમ્.	

Printed by Somalal Mangaldas Shah at the Gujarat Printing Press Panch Kuva, AHMEDABAD
and published by Vadilal N. Shah, B. A. LL. B. 3rd Bhoiwada, Bhuleshwar, Bombay.

તૈયાર છે!   વાંચો અને મિત્રમંડળને વંચાવો.   જલદી મંગાવો!!

ગુજરાતના સુપ્રસિદ્ધ ભક્ત કવિ શ્રીદયારામભાઈના અપૂર્વ અપ્રસિદ્ધ ગ્રંથો
તથા કાવ્યોનો મહાન સંગ્રહ.

શ્રીદયારામકૃત કાવ્યમણિમાળા, ભાગ ૧ લો.

આ ગ્રંથમાં અત્યાર સુધીમાં પ્રકટ નહિ થએલાં હરિરત્ન ભક્ત શ્રીદયારામભાઈના ઉત્તમોત્તમ અપ્રસિદ્ધ ગ્રંથો કાવ્યોનો નીચે પ્રમાણે ટિપ્પણ સાથે સમાવેશ કર્યો છે.

સંપ્રદાયસાર—(તત્વજ્ઞાનનો મહાન ગ્રંથ) રામાનુજ, નિંબાર્ક, મધ્વ, અને શાંકર વગેરે સંપ્રદાયોના તત્વજ્ઞાનનું રહસ્ય બહુજ સચોટ રીતે સમજાવ્યું છે.

અજામિલાખ્યાન—ભગવન્નામ લેવાનો અદ્ભુત ચમત્કાર જોવો હોય તો આ ગ્રંથ જરૂર વાંચો.

ક્લેશકુઠાર—આજના સમયમાં દરેક મનુષ્ય ચિંતાના સમુદ્રમાં ગરકાવ થાય એ સ્વાભાવિક છે, " ચિંતા ચિતા સમાન છે." અમો ખાત્રીથી કહીએ છીએ કે આ ગ્રંથ વાંચ્યા પછી જીંદગીભર તમને ચિંતા થશેજ નહિ.

કાલજ્ઞાનસારાંશ—પોતાનો કાળ ક્યારે આવશે એ કોઈ જાણતું નથી, અને [illegible] રહે છે. આ ગ્રંથ એવો તો અદ્ભુત છે કે પોતાનો કાળ ક્યારે આવશે તેનો જલદીથી નિશ્ચય થઈ શકે છે.

બીજાં પદો—બીજાં અનેક જ્ઞાન, નીતિ અને ભક્તિનાં પદોનો મહાન સંગ્રહ આટલો મોટો ગ્રંથ છતાં કીંમત માત્ર રૂ. ૧ા સવાજ રાખવામાં આવી છે. [illegible] દાખલ થોડી પ્રતો છપાવી છે, માટે સત્વર મંગાવો, પછીથી સીલક હશે તોજ મળી શકશે. આ માસીકના ગ્રાહકોને માટે ફક્ત રૂપીઆ એક.

[illegible] ડેમી આઠ પેજી ૩૬ ફોર્મ પાકું બાઇન્ડીંગ સોનેરી નામ સાથેનું.

શ્રીદયારામ કૃત કાવ્ય મણિમાળા ભાગ બીજો છપાય છે. અગાઉથી કીં. રૂ. ૧) પછીથી રૂ. ૧ા

કવિશ્રીનું સંપૂર્ણ જીવન ચરિત્ર—તેમની ખ્યાતિમાં વધારો કરનારાં પ્રસંગો ટિપ્પણીઓ પરથી બહુજ મનોહર અને સપ્રમાણ તેમની જન્મ કુંડળી ચિત્ર તથા હસ્તાક્ષર સાથે તૈયાર કર્યું છે તે થોડા વખતમાં બહાર પડશે. અગાઉથી ગ્રાહક થનારને કવિશ્રીની પ્રાચીન છબીનો લાભ મળશે.

બહારગામ માટે સારા આબરૂદાર અને પ્રામાણિક એજન્ટો જોઈએ છીએ.

પુસ્તકો મળવાના ઠેકાણાઃ—

નારણદાસ પરમાનંદદાસ ડભોઈવાળા.
ઠે. કુંભારટુકડા શ્રી મુંબઈ નં.

पुष्टिमार्गसुधा.

खण्डिता के पद.

राग, मालकोश.

(१)

माई री रंग रहरी लालन उन ही त्रियन संग,
निरखत छबि अंग परस भोरे भोरे. माई.
ले दरपन मुख देखो जु प्यारे लाल,
अधरनि अंजन लाग्यो ठोर ठोर. १ माई.
हमसों अबश पडी औरनसों रस मानी,
करत फिरत प्रीत नई नई पोर पोर;
जाओ जी जाओ तुम उनही के सुर मग,
काहे को आवत प्रात मेरे दोर दोर. २ माई.

राग, ललित.

(२)

सुघर पिया एन, जाके रहे तुम रेन;
लटपटी पाग सुभग सीस ढरक रहे कछु नेन. १
कोन सुघर जिन रसबस कर लीने, उनक नहीं चित चेन,
रसिक प्रीतम पिय निसके उनींदे, बोलत अटपटे बेन. २

(३)

सुघर पिय स्याम अजहु न आये धाम;
सगरी रेन मोही मग जोवत बिसर गई, बिसर गयो हरिनाम. १
कोन सुघर जिन बस कर लीने, राखे चारों जाम,
रसिक प्रीतम रस चाहीके भोगी औरनसों नही काम. २

(४)

सुघर प्रिय कोन वाईपे उतारो राई लोंन.
नागर नटवर उनक चितवनमें, बसे वाहीके भोन. १
जा सुखकों सनकादिक तरसत, मुनिजन धरि रहे मौन,
रसिक प्रीतम धारि जाप बसे, अनहोनी भई होन. २

છે તેને રામયુક્ત એ કેમ ન કરે। ત્યાર પછી, રમાનન્તર, સંકલ્પદ્વારા કામની ઉત્પત્તિ થયેલી સર્વ કાર્ય થશે તેથી અવ્યક્ત મધુરગાન[૮] પ્રભુ કરે છે. એ ગાન વામદૃષ્ટિવાળી, સુંદરદૃષ્ટિવાળી, સ્ત્રીઓના મનનું હરણ કરવાવાળું છે, તેમને એ ગાન મનોહર[૯] લાગે છે. શ્રુતિ પણ કહે છે કે 'તેથી ગાન કરનારમાં સ્ત્રીઓને કામ ઉત્પન્ન થાય છે.' અર્થાત્ ગીતથી સર્વનું સમ્યક્ પ્રકારે પ્રભુ આહ્વાન[૧૦] કરે છે, જો વ્યક્ત[૧૧], સ્પષ્ટ, મધુર ગાન કરત તો ગીતનું જ શ્રવણ કરતા તેઓ ત્યાં જ સ્થિતિ કરત. પરન્તુ જેમની દૃષ્ટિ ઉત્તમ[૧૨] ન હતી તેમનું આહ્વાન પ્રભુ કરતા નથી. ૩.

એ ગાનનું શ્રવણ કરીને સર્વ સ્ત્રીઓ ત્યાં આવ્યા તે કહે છે:—

निशम्य गीतं तदनंगवर्धनं व्रजस्त्रियः कृष्णगृहीतमानसाः।
आजग्मुरन्योऽन्यमलक्षितोद्यमाः स यत्र कान्तो जवलोलकुण्डलाः ॥४॥

શબ્દાર્થ:—'અનંગની વૃદ્ધિ કરનાર તે ગીતનું શ્રવણ કરીને, કૃષ્ણથી જેમના મન ગ્રહીત છે, જેમને એક બીજાનો કરેલો ઉદ્યમ અજાણ્યો છે, તથા જેમના ત્વરાના વેગથી હાલતા કુંડલો છે એવા વ્રજસ્ત્રીઓ જ્યાં કાન્ત છે ત્યાં આવ્યા.' ૪.

પ્રદેશોમાં નિજાનંદસુધાની વૃષ્ટિ પ્રભુ કરે છે એમ વિદ્વન્મંડનની સંમતિ પ્રમાણે સ્વામિનીરૂપ ભૂમિમાં મોદ ઉત્પન્ન કર્યો તેથી પૂર્વશ્લોકોક્ત અર્થશ્રીના ટીકાના સ્ફુટીકરણનો જ આ અનુવાદ છે.

૮ જેમ ભાવોદ્રેક થતાં સ્વતઃ જ ગાન થાય છે તેમ ભગવાન્ તે ભાવને વશ થઈને ગાન કરે છે તે સૂચવવાને નાદનું સ્વાતંત્ર્ય કહ્યું છે. મૂલ શ્લોકમાં 'जगौ' એમ કહ્યું છે તેથી ભાવોદ્રેક એ ગાનનો હેતુ થાય છે અને ભાવોદ્રેક તો રસિકનું અસ્વાતંત્ર્ય-પરવશતા-સૂચવે છે.

૯ મનોહર, ગાન મનને હરે છે એટલે સ્વાધારવિષયક સંકલ્પ મુક્ત કરે છે, સ્વાધાર ગાનનો આધાર પ્રભુ તદ્વિષયક સંકલ્પ શ્રીસ્વામિનીઓમાં ઉદ્બોધે છે.

૧૦ સમાહ્વતા, પ્રભુએ ગાનથી આહ્વાન કર્યું, અર્થાત્ સ્વગાનથી શ્રીસ્વામિનીઓમાં સ્વવિષયક સંકલ્પ ઉદ્બોધ્યો.

૧૧ પ્રભુ કલ ગાન કર્યું તેનું કારણ આ છે. યદ્યપિ સ્વરૂપના દર્શનની ઇચ્છા આ ગાનના શ્રવણથી નિવૃત્ત થતી નથી તથાપિ ગીતનું સ્વરૂપ અર્થ જ છે, અને તે અર્થ સંયુક્ત જ છે. ગીત જો વ્યક્ત હોય તો અર્થ પણ વ્યક્ત થતાં 'આ ગીત અનંગવર્ધક છે' એ વાક્યથી સ્વરૂપ રસના અનુભવ કરવાની ઇચ્છા પ્રકટ થતાં, તે અર્થાનુભવ જ આગમનમાં પ્રતિબંધ થાય. તેથી 'બર્હાપીડ' શ્લોકમાં કહ્યા પ્રમાણે સ્વરૂપ ગુણ લીલાના અનુભવથી વેણુગીત અભિરમણસંપાદક વગત સ્થિતનું થયું નહિ.

૧૨ પુષ્ટિમાર્ગાનુસારિ ભજનમાં તત્પર થવું એનું જ નામ ઉત્તમ દૃષ્ટિ. અન્યથા 'સુંદર' વગેરે શબ્દ ત્યજીને મૂલ શ્લોકમાં 'વામ' પદ કેમ મૂકે? ન જ મૂકે.

યદ્યપિ[૧૩] ભગવાને કુમારિકાઓનું જ આહ્વાન[૧૪] કર્યું છે તથાપિ આહ્વાન[૧૫] સમાન છે તેથી (અને) નિરોધ પણ કર્તવ્ય છે તેથી સર્વે જ આવ્યા. વળી, જે ભગવાને ગીત ગાયું તે અનંગ[૧૬] વધારે છે, અંગનો તો નાશ જ કરે છે. આથી નૂતન ઉત્પન્ન થયેલો કામ તેમનું આનયન કરે છે. વળી વ્રજની સ્ત્રીઓ પૂર્ણ પણ ભગવદીય હતા, માટે જ કૃષ્ણથી જ ગૃહીત છે મન જેમનાં (એમ મૂળ શ્લોકમાં એમનું વિશેષણ કર્યું છે). માટે જ ત્વરાથી જ જ્યાં કાન્ત છે ત્યાં આવ્યા. આથી બોલાવેલી જ પ્રથમ આવ્યા એમ કહ્યું, કારણ કે તેમના મુખ્ય કાન્ત[૧૭] છે. માટે જ એક બીજાનો અલક્ષિત, અજાણ્યો છે, ઉદ્યમ જેમનો. તેઓ પ્રત્યેક ભગવાનને પતિ તરીકે સ્વીકારે છે. જેનો પૂર્વ સ્વીકાર કરેલો છે તે જ કાન્ત. તેમની શરીરવિચાર ઉપર દૃષ્ટિ ન જાય તે કહેવાને ત્વરિત વેગથી હાલતા કુંડલો છે જેમના, (એ વિશેષણથી) કહીને થતી પીડાનું અનુસંધાન ન થયું તે કહ્યું. તે સ્ત્રીઓ ગોકુલસ્થ છે. ત્યાંથી જ કુમારિકાઓ આવ્યા. પૂર્વ મથુરા દેશમાં સ્થિતિ કરનારા અનાગરીઓના પણ કુંડલ જ હતા. અથવા કુંડલ એટલે તાટંકનામનું કર્ણનું આભૂષણ. જ

---

૧૩ યદ્યપિ, આરંભમાં કુમારિકાના સંબંધી રાત્રિના દર્શનને જ રમણની ઇચ્છાના હેતુ તરીકે કહ્યું છે તેથી.

૧૪ આહ્વાન, ભગવાનના આહ્વાનના વિષયરૂપ, સ્વવિષયક સંકલ્પ જ્ઞાનરૂપ આહ્વાનમાં પ્રવિષ્ટત્વમ.

૧૫ આહ્વાન, ગાન. ઉભયે, કુમારિકા અને અન્યપૂર્વા, સમાન કરેલું ગાન સાધક છે, કારણ કે નિરોધ ઉભયને દાન કરેલો છે, સ્વરૂપાનંદનું પણ દાન કર્યું છે.

૧૬ અનંગ, 'અનંગવર્ધન' વચનથી ભગવદીય અનંગ જ્યાં છે ત્યાં તેની વૃદ્ધિ કરે છે. આ ગોપિકામાં એ સ્થિતિ કરે છે તેથી આ ગીત તેની વૃદ્ધિ કરે છે. તેથી આ પણ આવ્યા એમ કહ્યું. આથી જ અહિં અનંગજનક નહિ કહેતા, અનંગવર્ધક કહ્યું છે. આથી જ કહ્યું છે કે આહ્વાન ગીત સાધક છે, નિરોધ પણ કરેલો છે, સ્વરૂપાનંદનું દાન કર્યું છે તેથી પૂર્વ કરતાં ભગવદ્ કામ અતિ ઉત્કટ પ્રકટ થયો છે તે આશયથી નૂતન કામ ઉત્પન્ન થયો છે એમ કહ્યું. અત્ર અનંગ શબ્દનો ગંભીર જ ધ્વનિ છે. અનંગથી ભગવદીય કામ, અથવા પ્રાકૃત અંગરહિત સ્વરૂપાત્મક કામ સમજવો. આ ગીત આ પ્રકારનો અનંગ વધારે છે પરંતુ અંગનો તો નાશ જ કરે છે. અંગનો નાશ કરે છે, અર્થાત્ સ્વરૂપવિસ્મારકતાથી કામના અંગભૂત દેહાદિકનો નાશ કરે છે. વળી ભક્તોના પ્રપંચનો અભાવ એનું નામ નિરોધ એમ દ્વિતીય સ્કંધ શ્રીસુબોધિનીમાં કહ્યું છે. તે જ પ્રમાણે અહિં દશમ સુબોધિનીમાં 'આ પ્રકારે સર્વસ્થ વિષ્ણુ પ્રકટ થઈને પ્રવેશ કરે નહિ ત્યાં સુધી સર્વ લય પામતું નથી તેથી અહિં કૃષ્ણનો સુંદર ઉદ્યમ છે' એ પ્રકરણમાં પ્રપંચના લયને નિરોધ કહ્યો છે. તેથી ભક્તોના પૂર્વોક્તાદિ, પ્રપંચનો લય જ લયાત્મક નિરોધ છે. રા. મગનલાલ શાસ્ત્રીએ દશમસ્કંધના પ્રથમાધ્યાયના આરંભમાં નિરોધનું સ્વરૂપ સુસ્પષ્ટ કર્યું છે તેથી તત્કૃતભાષાન્તરનું વિશેષ જિજ્ઞાસુએ દર્શન કરવું. આથી સિદ્ધ એ થયું કે દેહાદિનો લય કરતો વેણુનાદ છે. માટે આચાર્યશ્રીએ કહ્યું કે આ ગીત, વેણુનાદ, અંગનો નાશ કરે છે. આ પ્રકારે અલૌકિક પ્રપંચનું સંપાદન એ વેણુનાદનું કાર્ય છે.

૧૭ કાન્ત, આ શબ્દ અનન્યપૂર્વા કુમારિકાઓનું આગમન સૂચવે છે.

પ્રસંગથી[18] અન્ય સ્ત્રીઓનું પણ આગમન થયું તે કહે છેઃ—

दुहन्त्योऽभिययुः काश्चिद् दोहं हित्वा समुत्सुकाः ।
पयोऽधिश्रित्य संयावमनुद्वास्यापरा ययुः ॥ ५ ॥

શબ્દાર્થઃ—'કેટલાક બહુ ઉત્સુક દોહતા દોહ છોડીને આવ્યા, અને બીજા ચૂલા ઉપર દુધ રહેવા દઇને, તો બીજા ઘઉંની ખીર ચૂલા ઉપરથી ઉતાર્યા વિના આવ્યા.' ૫.

અથવા તેવા ક્રિયાપરાયણ[19], (ગોપીજનોનું આગમન થયું). ત્યાં કેટલાક સોળ હજાર કુમારિકાઓથી ભિન્ન એવાં નવ પ્રકારના આવ્યા. અથવા દશ પ્રકારના. ગુણ ત્રિવિધ હોવાથી નવ પ્રકાર, અને નિર્ગુણ એક પ્રકારના. જાતિધર્મપરાયણ, કુલધર્મપરાયણ, લોકધર્મપરાયણ એમ ત્રણ ત્રણ પ્રકારનું અત્ર કથન છે. તેમાં પ્રથમ ગોપજાતીય દુગ્ધક્રિયાપર છે. તેઓ દુધની ઉત્પત્તિ સ્થિતિ અને પ્રલય કરે છે. તે ત્રણ પ્રકારનાનું કથન અત્ર છે. આ પ્રકારના પણ યૂથમાં આવ્યા તે કહેવાને સર્વત્ર બહુવચન શ્લોકમાં યોજ્યું છે. કેટલાક દોહતા જ દોહનકાર્ય મધ્યમાં તજીને ભગવાનના સન્મુખ ગયા, ગાય અને વત્સ બાંધેલા છે, અને દોહનપાત્ર દુધથી અર્ધ ભરેલું છે કે જે સમય સર્વથા તજી શકાય નહિ તે સમયે ત્યાં આવ્યા. તેમ આવવામાં હેતુ છે. તેઓ સમુત્સુક છે, બહુ ઉત્સુક છે, આતુર છે. કોણ જાણે ક્ષણાન્તરમાં ભગવાન ક્યાં જશે! અન્ય સ્ત્રીઓ પાછી ચૂલા ઉપર દુધ તેમ જ રહેવા દઇને આવ્યા. ભોજનને વાસ્તે દુધમાં રંધાતા ઘઉંના કણો સંયાવ શબ્દથી બોધાય છે. તેમનો દાહ થયે સર્વ નાશ જ થાય, તેથી અત્ર સંયાવશબ્દથી પક્વદશા કહી છે. આથી તેને ચૂલા ઉપરથી ઉતાર્યા વિના કેટલાક બીજા ગોપીજનો આવ્યા. બીજા કહીને સર્વત્ર ગુણોથી ભિન્નસ્વભાવવાળા સમજ્યા છે.

---

[18] અત્ર બે પક્ષ સંભવી શકે છે. કુમારિકાઓનું આહ્વાન મુખ્ય છે તે એક, સામાન્યતાથી આહ્વાન છે એમ બીજો. ત્યાં પ્રથમ પક્ષમાં પ્રસંગથી વગેરે, અને દ્વિતીયમાં તેમના વગેરેથી સમજવો. એમ આગાડી પણ સમજવું.

[19] ક્રિયા એ રજોધર્મ છે, તેથી દુધની ઉત્પત્તિ સ્થિતિ અને લય નામક તે તે ક્રિયા કરનાર ગોપિકાઓ તે તે ક્રિયાનો ત્યાગ કરીને પ્રભુ સન્મુખ આવ્યા છે. આ સર્વ ક્રિયામાં રાજસભાવમુખ્ય હોવાથી આ ગોપિકાઓ રાજસ છે એમ નિશ્ચય થાય છે. તેમાં દુધનું દોહન કરનારા રાજસરાજસ છે, દુધ ચૂલા ઉપર મૂકનારા સાત્વિક રાજસ છે, અને ઘઉંની દુધમાં ક્ષીર કરનારા તામસરાજસ એ. રાજસ, સાત્વિક, અને તામસ, ઉત્પત્તિ, સ્થિતિ, અને લય, એવા કાર્યનો સર્વેએ ત્યાગ કર્યો. આવા રાજસ ત્રણ પ્રકારના, સાત્વિક ત્રણ પ્રકારના અને તામસ ત્રણ પ્રકારના એમ નવ, અને નિર્ગુણ એક પ્રકારના એમ દશવિધ ગોપીજનો પ્રભુ સન્મુખ આવ્યા, તે આ ત્રણ શ્લોકમાં કહે છે. અત્ર ગુણશબ્દ ભાવના અર્થમાં સમજવો. સદ્ગત લાલુભાઇ શ્લોકાર્થમાં રાજસ ગોપીજનોના ત્રણ પ્રકાર સ્પષ્ટ નથી કરતા, માત્ર બેજ પ્રકાર દર્શાવે છે, પરન્તુ આચાર્યશ્રી તો ત્રણ પ્રકાર સ્પષ્ટ કહે છે.

આ પ્રકારે ત્રિવિધ રાજસ ગોપીજનો આવ્યા, હવે સાત્વિક ગોપીજનો આવ્યા તે કહે છે:—

परिवेषयन्त्यस्तद्धित्वा पाययन्त्यः शिशून्पय।
शुश्रूषन्त्यः पतीन् काश्चिदश्नन्त्योऽपास्य भोजनम् ॥ ६ ॥

શબ્દાર્થ—'કેટલીક ગોપીજનો પીરસતા હતા તે પીરસવું છોડીને આવ્યા, તો કેટલીક બાલકોને સ્તનપાન કરાવતા હતા તેનો ત્યાગ કરીને આવ્યા. કેટલીક પતિઓની પરિચર્યા કરતા હતા તેનો ત્યાગ કરીને આવ્યા, તો કેટલીક અન્ય ગોપીજનો ભોજન કરતા હતા તે ભોજનનો ત્યાગ કરીને આવ્યા.' ૬.

પતિના બાલકની પણ સેવા એ સ્ત્રીનો ધર્મ છે. તેમ પતિનું ભોજન અને શયનમાં સેવા એ સ્ત્રીનો સ્વધર્મ છે. અતિબાલક પુત્રોને સ્તનપાન કરાવવું પણ સ્ત્રીનો સ્વધર્મ છે. અને પીરસવું[20] એ સૃષ્ટિ જ છે, કારણ કે, ભોજન, વીર્યનું ઉત્પાદક છે. સ્તનપાન એ પાલન છે. શિષ્ટ, પતિસેવા, અન્ય, પ્રલય છે. અન્ય[21] ગોપીજનો પણ, એમ કહીને, તામસ ગોપીજનોનું આગમન કહે છે. ભોજન કરતા ભોજન તજીને આવ્યા, ઇત્યાદિ ૬.

---

[20] પરિવેષણ કરનારીઓ એ રાજસસાત્વિક છે. તેમનું રાજસીત્વ દર્શાવે છે. પરિવેષણ સૃષ્ટિ છે, વીર્યોત્પાદક છે તેથી. સ્તનપાન કરાવનારીઓ સાત્વિકસાત્વિક છે. તેમનું સાત્વિકપણું એ સ્તનપાનરૂપ પાલનાર્થે છે. શિષ્ટ—પતિસેવા—અન્યત્—નાશકારે છે. આ ગોપિકાઓ તામસ સાત્વિક છે. તેમનું તામસીત્વ દર્શાવે છે, પતિની સેવા ભોગ પ્રધાન હોવાથી પારમાર્થિક બુદ્ધિની નાશક છે તેથી પતિસેવા એ નાશ–પ્રલય સૂચવે છે. અને નાશ એ તમસનું કર્મ છે, તેથી આ તેમનું તામસીત્વ દર્શાવે છે. સાંપ્રત વસ્તુબાધ પતિસેવા શિષ્ટ છે એમ ભાષાન્તર બોલે છે પરન્તુ તે આગામીચાંશ સ્પષ્ટ કરે છે ?

અન્ય ગોપીજનો તે રાજસતામસ, સાત્વિક તામસ, અને તામસતામસ છે. તેમાં ભોજનનો ત્યાગ કરનારા રાજસતામસ છે, શરીર વા ગૃહનું ચિંતન કરનારા સાત્વિક તામસ છે, અને શરીર વા આભરણ આદિ પ્રમાર્જન કરનારા તામસતામસ છે. આ પ્રકારે નવવિધ ગોપીજનોનું આગમન થયું.

[21] આ પ્રકારે રાજસ, તામસ અને સાત્વિક ત્રિક કહીને રાજસ તામસ સાત્વિક કેમ તે સમજાવે છે. શરીર સેવાથી ગોસેવા મુખ્ય છે, તેથી પતિસેવા મુખ્ય છે. આમાં શરીર સેવા એ તામસ ધર્મ છે. ભોજન કરતા, શરીરનું લેપન કરતા, અને શરીરને સ્નાનાદિ કરતા એ તામસીના ક્રમે ઉત્પત્તિ, સ્થિતિ અને લય સૂચવે છે. ગોસેવા શરીર સેવાથી ઉત્તમ છે તેથી એ રાજસધર્મ છે. દોહતી ઇત્યાદિ ક્રમે રાજસી ગોપીજનો છે. ગોસેવાથી પતિસેવા ઉત્તમ છે. તે પીરસતી ઇત્યાદિથી ક્રમે સમજવા. અહિ ક્રમ પૂર્વવત્ એટલે પ્રથમ ઉત્પત્તિ, પછી સ્થિતિ પછી નાશ. શરીરનું માર્જન, માલિન્યનું પ્રલાયક હોવાથી પ્રલય કર્તૃત્વ આમ શરીર–સેવા એ લોકધર્મ સમજવો. યદ્યપિ ત્રણ જ અહિ કહ્યા છે તથાપિ તે તેના ધર્મ પૂર્વ સરખી પ્રમાણે તેવાજ સમજવા.

लिम्पन्त्यः प्रमृजन्त्योऽन्या अञ्जन्त्यः काश्च लोचने ।
व्यत्यस्तवस्त्राभरणाः काश्चित् कृष्णान्तिकं ययुः ॥ ७ ॥

શબ્દાર્થ:—કેટલાક શરીરને અનુલેપન કરતા, કેટલાક સ્નાન કરતા, તો અન્ય લોચનમાં અંજન આંજતા, જેમના વસ્ત્ર તથા આભરણ ઉલટાસુલટી થઈ ગયા છે તેવા કેટલાક કૃષ્ણની સમીપ આવ્યા.' ૭.

લિંપન કરતા, શરીરને અનુલેપન કરતા, પ્રમાર્જન કરતા, 'ઉદ્વર્તનાદિ, અભ્યંગ સ્નાન, કરતા, અથવા ગૃહ લિંપતા, આભરણ અથવા પાત્રો માંજતા, ત્યાં આવ્યા. અત્ર પણ ક્રમ પૂર્વવત્ જ છે. ²²શરીરસેવાથી આમની સેવા મુખ્ય છે, આ સેવાથી પતિસેવા મુખ્ય છે. લોચનમાં અંજન આંજતા કેટલાક એમ કહીને દુર્લભ અધિકાર સૂચવ્યો છે. આ ગોપીજનો જ્ઞાનમાર્ગને વિશુદ્ધ કરનારા છે તેથી એમનું નિર્ગુણત્વ સૂચવાય છે. આગમન સમયે તેમને દેહનો વિચાર ન આવ્યો તો પછી દેહના ધર્મનો તો ક્યાંથી જ આવે તે કહેવાને વસ્ત્ર તથા આભરણનો વ્યત્યાસ—વિપરીતતા—કહે છે, વ્યત્યસ્ત થયેલા છે, વિપરીત થયેલા છે, વસ્ત્ર અને આભરણ જેમના. આ પ્રકારે ઉત્તમ સર્વ ગોપીજનોનો જ સાધારણ નિરૂપણ કર્યો. કેટલાક વ્યત્યાસ—વિપરીતતા—માર્ગમાં જતા થયો એમ કહે છે. તે ઉક્ત ગોપીજનોમાં કેટલાક કૃષ્ણની સમીપ ગયા અને કેટલાક નહિ વળી જેઓ શબ્દપર²³ થયા તેઓએ ઉદ્યમ કરેલો છતાં પણ ન આવ્યા, પણ જેઓએ શબ્દની અપેક્ષા તજી, સર્વપ્રકારે નિરપેક્ષ થયા, જેમના આવશ્યક દેહના ધર્મો વિપરીત થયેલા છે, તેઓ ભગવાનની સમીપ આવ્યા. ૭.

સર્વ ગોપીજનોનું આગમન ન થયું તેનો હેતુ²⁴ કહે છે:—

ता वार्यमाणाः पतिभिः पितृभिः पुत्रबन्धुभिः ।
गोविन्दापहृतात्मानो न न्यवर्तन्त मोहिताः ॥ ८ ॥

શબ્દાર્થ:—પતિઓથી, માતા પિતાથી, પુત્રોથી, સંબંધીઓથી તેઓ રોકાયેલા છતાં જેમના આત્મા ગોવિન્દથી અપહરણ થયેલા છે, અને જેઓ મોહિત થયેલા છે તેઓ નિવૃત્ત થયા નહિ, પાછા ફર્યાં જ નહિ. ૮.

---

૨૨. દોહનાદિ કરતા અંજન અંતરંગ હોવાથી, આ મંડન હોવા છતાં પણ આના વિના તેમનામાં સૌન્દર્યજનક કંઈ નહિ હોવાથી, અસંપૂર્ણ શોભાજનક હોવાથી, મુખ્ય છે, તેથી તેનો ત્યાગ અશક્ય છે, અને આ ગોપીજનો એ અશક્યનો ત્યાગ કરેલો હોવાથી એ ત્યાગ કરનારા ગોપીજનોનો અધિકાર દુર્લભ છે એમ આચાર્યશ્રી નિરૂપણ કરે છે. આ ગોપીજનો ગુણાતીત છે. જ્ઞાનમાર્ગશોધક છે. આ શાસ્ત્રીય રીતિથી જિજ્ઞાસા કરનારાઓને માટે આચાર્યશ્રીએ કહ્યું છે.

૨૩. શબ્દપર, પત્યાદિએ કરેલ નિવારણ શબ્દ શ્રવણ કરીને, પુનઃ તદ્વિચારપર થયેલા-પત્યાદિના શબ્દને વશ થનારા. સંમત લઘુભાષ્ય શબ્દપરનો અર્થ વેણુનાદના શબ્દના અનુસાર કરે છે, પરન્તુ શ્રીપુરુષોત્તમજી અને શ્રીવલ્લભજી ઉભય આમે આપેલો અર્થ કરે છે અને તે જ મને વિચારથી યુક્ત લાગે છે.

૨૪. પતિ વગેરે રોક્યા તેથી ન આવ્યા, તેથી નિવારકત્વાત્ જ સર્વને નહિ કેટલાક ગોપીજનો આવ્યાનું કારણ છે.

કન્યાનું પિતાએ રક્ષણ કરવું - વિવાહિતનું, પરણેલીનું, પતિએ, વૃદ્ધનું પુત્રે, પિતા, પતિ અથવા પુત્રના અભાવમાં તેમના (પિતા, પતિ, પુત્રના) જ્ઞાતિજનોએ (રક્ષણ કરવું); સ્ત્રીને ક્વચિત્ પણ સ્વાતંત્ર્ય નથી એ સ્મૃતિ-પ્રમાણે ચાર રક્ષક સ્ત્રીના છે. આથી તે જ પ્રકારે કેટલાક પતિઓથી રોકાયા, કેટલાક માતા–પિતાથી, તેમ જ પુત્રોથી, તેમ સંબંધીઓથી. તેઓ નિરુદ્ધ છે છતાં પણ ઘરસંબંધી અનભિજ્ઞ છે, તેઓ સાધનનિષ્ઠ છે, સ્વદ્વારા જ શ્રીઓનું ભજન માને છે, પરન્તુ સ્વતંત્રતાથી નહિ તથાપિ ગોવિન્દથી જેમના આત્મા, અન્તઃકરણ, ચોરાયેલા છે (તેઓ તો રોકાયા નહિ જ.). નિવૃત્તિ કરવાનું, રોકવાનું નેત્રદ્વાર, કર્ણદ્વાર, જ થઈ શકે છે, અને અન્તઃકરણના પ્રેરક ભગવાન છે; અને પુરુષો, શ્લો.[૨૫] અન્તઃકરણને વશ છે. (તેથી જેમનું અન્તઃકરણ પ્રભુએ હર્યું નથી તેઓ જ માત્ર નિવૃત્ત થયા, રોકાયા, અન્ય ગોપીજનો જેમનું અન્તઃકરણ પ્રભુએ હર્યું છે તેઓ તો પ્રભુનીસમીપ ગયા.) શું પ્રવાહના વેગથી જતી નૌકાને થોભ થોભ એમ કહેવાથી શું થોભે છે ? નહિ જ. ભય[૨૬] વા સ્વધર્મ તેમને નથી તે કહે છે, તેઓ મોહિત છે, ચિત્તરહિત છે. જો તેઓ કૃષ્ણની સમીપ ન જાય તો મૂર્છિત[૨૭] થઈને પ્રાણનો ત્યાગ કરે.

“ સર્વાત્મભાવનું[૨૮] સ્થાપન કરવાને જ ઉત્તમ ભગવદીયોને આપના આગમનનું જ્ઞાન પ્રભુએ કરાવ્યું છે. નહિ તો અગાઉ ‘ ગોપીઓ પોતાની પાસે છે એમ માનતા ’ એ વાક્યથી જેમ ગોપિકાઓની વર્તમાની સ્થિતિનું ગોપોનું જ અજ્ઞાન કહ્યું તેમ જ પૂર્વ અહિ આગમનનું અજ્ઞાન કેમ સંપાદન ન કરત ? અર્થાત્ કરત જ. કીચડમાં પગ ઘાલીને પછી તેને ધોવો તેના કરતાં કીચડમાં પગ જ ન બોળવો એ ન્યાય પ્રમાણે ગોપિકાનું અજ્ઞાન સંપાદન કરીને, એ અજ્ઞાનથી સંભાવિત દોષનો અભાવ સંપાદન કરવા કરતાં અજ્ઞાન સંપાદન ન જ કર્યું એ જ શ્રેય કહેવાય. ” ૮.

---

[૨૫] પુરુષો, શ્લો. ‘ અગ્રગણ્ય પુરુષ છે ’ ‘ પુરમાં શયન કરે છે ’ એમ વ્યુત્પત્તિથી પુરુષ શબ્દ અહિ આધારસ્થતાથી ઉપચાર્યો છે. તેથી આ ગોપીજનો અન્તઃકરણને વશ છે, અને અન્તઃકરણ ભગવાન પોતાનામાં પ્રવૃત્ત કરે છે, આથી તે ગોપીજનો ભગવત્સમીપ ગયા. પ્રવર્તકસામ્યથી પ્રવાહસ્થાનીય ભગવાન છે. આથી શબ્દપર ગોપીજનોનું અન્તઃકરણ ભગવાને પોતાનામાં ન પ્રવર્તાવ્યું તેથી તેઓ તે શબ્દના વિચારપર થયા. આથી મૂળમાં વાર્યમાણ તો સર્વ થયા પરન્તુ તેમનામાં જે ગોવિન્દાપહૃતાત્મા હતા તેઓ નિવૃત્ત થયા નહિ એમ સમજવું.

[૨૬] ભય પતિ વગેરેનો, સ્વધર્મ મર્યાદામાર્ગીય અથવા દેહાદિ ધર્મ લજ્જા વગેરે.

[૨૭] અન્તઃકરણ ભગવત્સમીપ ગયું હોવાથી, તેના વિના જીવ રહી શકે નહિ તેથી પ્રાણત્યાગની સ્થિતિ પ્રાપ્ત થવાથી પત્યાદિના ભયનો અથવા સ્વધર્મનો શાસ્ત્રોક્ત વિચારનો એ ગોપીજનોમાં અભાવ હતો એમ સમજવું.

[૨૮] અહિંથી આરંભીને આ શ્લોકના અંત સુધીનો ભાગ શ્રીમત્પ્રભુચરણનો છે એમ મને સ્ફુરે છે. ‘ सर्वात्मभावस्थापनाय......श्रेयस्त्वादिति ’ ભાગ ત્યાં શ્રીમત્પ્રભુચરણની છે. આ ભાગ સમસ્ત વલ્લભાખ્ય ભાષ્યાન્તરમાં જોડી દે છે.

શ્રીકૃષ્ણાર્પણમસ્તુ ।

आचार्यजीनी जन्मपत्रिका.

સૂર્યચંદ્રસ્પષ્ટીકરણ.

આ પ્રમાણે ઇષ્ટ સમયનાં મધ્યમગ્રહ કાઢી હવે આપણે ગ્રહ સ્પષ્ટ કરીશું. પ્રથમ સૂર્ય અને ચંદ્ર સ્પષ્ટ કરીએ. પાછળ (પૃ. ૫૧–૫૨) ગ્રહલાઘવનો સૂર્ય સ્પષ્ટ કરતાં સૂર્ય સ્પષ્ટ કરવાની રીત આપેલી છે. તે પ્રમાણે પ્રથમ સૂર્ય સ્પષ્ટ કરીએ. અહિં મધ્યમ સૂર્ય ૦–૦–૧–૩૧ છે તેને સૂર્યના મંદોચ્ચ ૨–૧૮–૦–૦ માંથી બાદ કરતાં,

૨–૧૭–૫૮–૨૯ સૂર્યનું મંદ કેંદ્ર થયું. કેંદ્ર ત્રણ રાશિથી ન્યૂન હોવાથી તે જ ભુજ છે.
૨–૧૭–૫૮–૨૯ મંદ કેંદ્ર ભુજ. ભુજના
૭૭–૫૮–૨૯ અંશ થયા. ભુજના અંશ ઉપરથી મંદફલ કાઢવાનું સૂત્ર પાછળ (પૃ. ૫૧) આપેલું છે. તે પ્રમાણે મંદફલ કાઢતાં
૨–૭–૫૨ મંદફલ આવે છે. કેંદ્ર મેષથી કન્યા રાશિની અંદર હોવાથી આ મંદફલ ધન છે. તેથી
૦–૦–૧–૩૧ મધ્યમ સૂર્યમાં
૨–૭–૫૨ મંદફલ ઉમેરવાથી
૦–૨–૯–૨૩ મંદ સ્પષ્ટ સૂર્ય થાય છે. તેમાં
૧૫–૫૬–૦ અયનાંશ ઉમેરવાથી
૦–૧૮–૫–૨૩ સાયનસૂર્ય આવે છે. તે ઉપરથી ચર કાઢવાની રીત પાછળ (પૃ. ૫૨) આપેલી છે તે પ્રમાણે ચર કાઢતાં ચર ૨૮ આવે છે. આ ગ્રહ રાત્રિના સમયના હોવાથી સૂર્ય તે વખતે અસ્ત છે, અને સાયનસૂર્ય મેષથી કન્યા સુધીમાં હોવાથી ચર ધન છે. તેથી
૦–૨–૯–૨૩ મંદસ્પષ્ટ સૂર્યની વિકલામાં
૨૮ ચર ઉમેરવાથી
૦–૨–૯–૫૧ સ્પષ્ટ સૂર્ય થાય છે.

આ પ્રમાણે સ્પષ્ટસૂર્ય શોધ્યા પછી સ્પષ્ટચંદ્ર શોધીએ.

મધ્યમ ચંદ્ર ૧૦–૧૦–૪૨–૪૧ (પૃ. ૫૪) શોધેલ છે. આ મધ્યમ ચંદ્રમાં ત્રણ સંસ્કાર કરવાથી નિશ્ચલ સંસ્કૃત ચંદ્ર થાય છે. (૧) દેશાંતર સંસ્કાર. निजनिजपुररेखान्तःस्थयोजनौघाद्रसकृषमिताकलिताः स्वर्णमिन्दौ पर प्राक् ॥ १–९. પોતપોતાના દેશ ઉજ્જયિનીમાંથી પસાર થતી રેખાથી જેટલા યોજન પશ્ચિમે અથવા પૂર્વે હોય તેને છથી ભાંગતાં જે આવે તેટલી કળા મધ્યમચંદ્રમાં ઉમેરવાથી અથવા બાદ કરવાથી દેશાંતરસંસ્કાર થાય છે. પોતાનો દેશ ઉજ્જયિનીથી પશ્ચિમમાં હોય તો એટલી કળા ઉમેરવી, અને પૂર્વમાં હોય તો બાદ કરવી. નાગપુર ઉજ્જયિનીની રેખાથી આશરે ૩૯ા યોજન પૂર્વમાં હોવાથી અહિં $\frac{૩૯ા}{૬}$ એટલે ૬ કળા–૩૫ વિકળા મધ્યમ ચંદ્રમાંથી બાદ કરવાથી આ પ્રથમ દેશાંતર સંસ્કાર થાય–

(૨) ચર સંસ્કાર. देयं तच्चरमरुणे विलिप्तकासु मध्येन्दौ त्रिगुणगवोद्धृतं कलासु ॥ २-२१. પ્રથમ આપણે સૂર્ય સ્પષ્ટ કરતાં ચર સાધેલ છે. તે ચરને ૨/૯ થી ગુણતાં જે આવે તેટલી કલા ચર ધન હોય તો મધ્યમ ચંદ્રમાં ઉમેરવી અને ઋણ હોય તો તેમાંથી બાદ કરવી. ચર પાછળ ૨૮ આવેલ છે તેથી ૨૮×૨/૯=૬ કલા–૧૩ વિકલા ચર ધન હોવાથી મધ્યમ ચંદ્રમાં ઉમેરવાથી આ દ્વિતીય ચર સંસ્કાર થશે.

(૩) મંદફલ સંસ્કાર. मार्तं तद्भुजमपिफलं लवे ॥ २-२१. સૂર્યનું મંદફલ આવેલ હોય તેને ૨૭ થી ભાગતાં જે આવે તેટલા અંશ મધ્યમ ચંદ્રમાં મંદફલ ધન હોય તો ઉમેરવાથી અને ઋણ હોય તો તેમાંથી બાદ કરવાથી આ તૃતીય મંદફલસંસ્કાર થાય છે. સૂર્યનું મંદફલ પાછળ સૂર્ય સ્પષ્ટ કરતાં ૨–૭–૪૨ આવેલ છે. તેને ૨૭ થી ભાગતાં ૦–૪–૪૪ આવે છે તે મંદફલ ધન હોવાથી મધ્યમ ચંદ્રમાં ઉમેરવાથી આ તૃતીયસંસ્કાર થશે.

૧૦–૧૦–૪૨–૪૧ મધ્યમ ચંદ્ર (પૃ. ૫૪)
૬–૩૫ ઋણ. દેશાંતર સંસ્કાર.
૬–૧૩ ધન. ચર સંસ્કાર
૦–૪–૪૪ ધન. મંદફલ સંસ્કાર.
૧૦–૧૦–૪૭–૩ ત્રિફલ સંસ્કૃત ચંદ્ર.

ચંદ્રોચ્ચમાંથી ત્રિફલ સંસ્કૃત બાદ કરવાથી ચંદ્રનું મંદ કેન્દ્ર આવે છે. ચંદ્રનું કેન્દ્ર સાધી તેની ભુજ કરવી, અને ભુજના અંશ કરવા. તે ઉપરથી ચંદ્રનું મંદફલ નીકળે છે. ચંદ્રનું મંદફલ કરવાની રીત નીચે પ્રમાણે–

विधोः केंद्रदोर्भागषष्ठोनभिन्नाः खरामाः पृथक् तत्खांशोनितैस्तैः । रसाशैर्हृतास्ते लवाद्यं फलं स्यात् ॥ २. २२.

ચંદ્રના કેંદ્રની ભુજના અંશને ૬ થી ભાગવા, અને ભાગતાં, અને ભાગાકાર આવે તે ૩૦ અંશમાંથી બાદ કરવો. આ ભાગાકાર અને બાકીનો ગુણાકાર કરવો. આ ચંદ્રમંદફલનો અંશ થાય છે. આ અંશને ૨૦ થી ભાગતાં જે આવે તે ૫૬ અંશમાંથી બાદ કરવાથી ચંદ્રમંદફલનો છેદ થાય છે. અંશને છેદવડે ભાગવાથી ચંદ્રમંદફલ આવે છે. આને ગણિતના આકારમાં લાવીએ. ધારો કે ચંદ્રકેંદ્રની ભુજના અંશ ક છે તો

$$\text{ચંદ્રમંદફલ} = \frac{\frac{ક}{૬}\left(૩૦^\circ - \frac{ક}{૬}\right)}{૫૬^\circ - \frac{ક}{૧૨૦}\left(૩૦^\circ - \frac{ક}{૬}\right)}$$

ચંદ્રનું મંદફલ પણ રવિમંદફલ પેઠે કેંદ્ર મેષથી કન્યાસુધીમાં હોય તો ધન છે, અને તુલાથી મીન સુધીમાં હોય તો ઋણ છે. મંદફલ ધન હોય તો ત્રિફલસંસ્કૃતચંદ્રમાં ઉમેરવાથી. અને ઋણ હોય તો તેમાંથી બાદ કરવાથી સ્પષ્ટચંદ્ર થાય છે.

આ રીત પ્રમાણે ચંદ્ર સ્પષ્ટ કરીએ.

૮–૨૦–૧૮–૩૮ ચંદ્રોચ્ચ. (પૃ. ૫૪) તેમાંથી
૧૦–૧૦–૪૭–૩ ત્રિફલસંસ્કૃતચંદ્ર બાદ કરવાથી
૧૦–૯–૩૧–૩૫ ચંદ્રમંદકેંદ્ર આવ્યું તેને ૧૨ રાશિમાંથી બાદ કરતાં
૧–૨૦–૨૮–૨૫ કેંદ્રની ભુજ થઇ તેના

૫૦—૨૮—૨૫ અંશ થયા. આ क ધારી સૂત્ર લગાડી મંદફલ કરતાં
૩—૫૨—૧૩ મંદફલ આવે છે. મંદકેંદ્ર કુંભરાશિનું હોવાથી તુલાથી મીનની અંદર છે અને તેથી મંદફલ ઋણ છે. તેથી
૧૦—૧૦—૪૭—૩ ત્રિફલ સંસ્કૃતચંદ્રમાંથી
૩—૫૨—૧૩ મંદફલ બાદ કરવાથી
૧૦—૬—૫૪—૫૦ સ્પષ્ટચંદ્ર આવે છે.

આ પ્રમાણે સૂર્ય અને ચંદ્ર સ્પષ્ટ થયા. હવે તેઓની સ્પષ્ટ ગતિ ઇષ્ટ સમયે કેટલી હતી તે શોધીએ. ગતિ શોધવાની રીત નીચે પ્રમાણે—

केंद्रस्य कोटिलवखाब्धिलवोननिघ्ना
रुद्रा रवेस्त्रिकुहृताः शशिनो द्विनिघ्नाः ॥
स्वांगांशकेन सहिताश्च गतौ धनर्णं
केंद्रे कुलीरमृगषट्कगते स्फुटा सा ॥ २. २४.

- સૂર્ય અને ચંદ્રના મંદકેંદ્રની કોટિ કરવી. (ભુજને ત્રણ રાશિમાંથી બાદ કરવાથી કોટિ આવે છે. પૃ. ૫૦ જુઓ.) કોટિના અંશ કરવા અને તેને ૨૦ થી ભાગવા. ભાગાકારને ૧૧ અંશમાંથી બાદ કરવા, અને આ ભાગાકાર તથા બાદબાકીનો ગુણાકાર કરવો. સૂર્યની ગતિ કરવી હોય તો આ ગુણાકારને ૧૩ થી ભાગવા અને ચંદ્રની ગતિ કરવી હોય તો આ ગુણાકારને $\frac{૭}{૩}$ થી ગુણવા. આ પ્રમાણે કરવાથી ગતિફલ કલામાં આવે છે. કેંદ્ર કર્કથી આરંભી ૭ રાશિમાં હોય તો આ ગતિફલ મધ્યમગતિમાં ઉમેરવું, અને કેંદ્ર મકરથી આરંભી ૭ રાશિમાં હોય તો મધ્યમગતિમાંથી બાદ કરવું. આ પ્રમાણે કરવાથી સ્પષ્ટગતિ થાય છે. આને સૂત્રના આકારમાં ગોઠવીએ. ધારો કે કેંદ્રની કોટિના અંશ क છે. તો

$$\text{રવિગતિફલ} = \frac{क}{૨૬૦}\left(૧૧^\circ - \frac{क}{૨૦}\right)$$
$$\text{ચંદ્રગતિફલ} = \frac{૭क}{૬૦}\left(૧૧^\circ - \frac{क}{૨૦}\right)$$
$$\text{મધ્યમગતિ} \pm \text{ગતિફલ} = \text{સ્પષ્ટગતિ.}$$

સૂર્ય સ્પષ્ટ કરતાં સૂર્યનું મંદકેંદ્ર ૨—૧૭—૫૮—૨૫ છે તે આપણે જોયું. કેંદ્રની ભુજ પણ તેજ છે તેથી તેને ૩ રાશિમાંથી બાદ કરતાં ૦—૧૨—૧—૩૧ કેંદ્રની કોટિ આવી. તેના અંશ ૧૨—૧—૩૧ થયા. તેને क ગણી રવિગતિફલનું સૂત્ર લગાડતાં સૂર્યગતિફલ ૦—૨૫ આવે છે. રવિકેંદ્ર મિથુનનું હોવાથી મકરથી આરંભી ૭ રાશિમાં છે તેથી ગતિફલ ઋણ હોવાથી રવિની મધ્યમ ગતિ ૫૯—૮ (જુઓ પૃ. ૫૩) માંથી બાદ કરતાં ૫૮—૪૩ રવિની સ્પષ્ટગતિ થઇ.

તેજ પ્રમાણે ચંદ્રસ્પષ્ટ કરતાં ચંદ્રનું કેંદ્ર ૧૦—૯—૩૧—૩૫ આવેલ છે. તેની ભુજ ૧—૨૦—૨૮—૨૫ આવેલ છે. તેથી ત્રણ રાશિમાંથી બાદ કરતાં ૧—૯—૩૧—૩૫ કોટિ આવી. તેના અંશ ૩૯—૩૧—૩૫ થયા તેને ચંદ્રગતિફલનું સૂત્ર લગાડતાં. ચંદ્રગતિફલ ૪૧—૩૯ આવ્યું. કેંદ્ર મકરથી આરંભી ૭ રાશિની અંદર હોવાથી ગતિફલ ઋણ છે. તે ચંદ્રની મધ્યમગતિ ૭૯૦—૩૫ (જુઓ પૃ. ૫૩) માંથી બાદ કરતાં ૭૪૮—૫૮ ચંદ્રની સ્પષ્ટગતિ થઇ.

આ પ્રમાણે સ્પષ્ટ સૂર્ય અને ચંદ્ર શોધી તેમાની સ્પષ્ટ ગતિ શોધી—હવે અન્ય ગ્રહો સ્પષ્ટ કરીએ.

પંચતારાસ્પષ્ટીકરણાધિકાર.

મંગલ, બુધ, ગુરુ, શુક્ર, અને શનિ, એ પાંચ ગ્રહો સ્પષ્ટ કરવાની રીત ગ્રહલાઘવના બીજા અધિકારમાં કહેલી છે. આ પાંચ ગ્રહોનાં શીઘ્રાંક નીચે પ્રમાણે છે.

અનુક્રમ નંબર.	૦	૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨
મંગલ.	૦	૫૮	૧૧૭	૧૭૪	૨૨૮	૨૭૯	૩૨૫	૩૬૫	૩૯૩	૪૦૦	૩૬૮	૨૯૪	૦
બુધ.	૦	૪૧	૮૧	૧૧૭	૧૫૦	૧૭૮	૧૯૯	૨૧૨	૨૧૨	૧૯૫	૧૫૫	૮૯	૦
ગુરુ.	૦	૨૫	૪૭	૬૮	૮૫	૯૮	૧૦૬	૧૦૮	૧૦૨	૮૯	૬૬	૩૬	૦
શુક્ર.	૦	૬૩	૧૨૬	૧૮૬	૨૪૬	૩૦૨	૩૫૪	૪૦૨	૪૪૦	૪૬૧	૪૪૩	૩૨૬	૦
શનિ.	૦	૧૫	૨૮	૩૯	૪૮	૫૪	૫૭	૫૭	૫૩	૪૫	૩૩	૧૮	૦

શ્લોક ૧—૫.

આ ગ્રહોના મંદાંક નીચે પ્રમાણે છે.

અનુક્રમ નંબર.	૦	૧	૨	૩	૪	૫	૬
મંગલ.	૦	૨૯	૫૭	૮૫	૧૦૯	૧૨૪	૧૩૦
બુધ.	૦	૧૨	૨૧	૨૮	૩૩	૩૫	૩૬
ગુરુ.	૦	૧૪	૨૭	૩૯	૪૮	૫૫	૫૭
શુક્ર.	૦	૬	૧૧	૧૩	૧૪	૧૫	૧૫
શનિ.	૦	૧૯	૪૦	૬૦	૭૭	૮૯	૯૩

શ્લોક ૭—૮.

આ શીઘ્રાંક શીઘ્રફલ કરવામાં, અને મંદાંકનો મંદફલ કરવામાં ઉપયોગી થાય છે તે આગળ જોઈશું.

(અપૂર્ણ).

ग्रन्थावलोकन.

श्रीसुबोधिनी, प्रथमस्कन्ध, प्रकटकर्ता, भट्ट बलभद्रशर्मा, शु. मु. इत्यादि.

मूल्य. २-०-० शुद्धाद्वैतकार्यालय-मुंबई.

ઉક્ત પુસ્તક તત્પ્રકાશક તરફથી અવલોકનાર્થ મળ્યું છે. આ ગ્રન્થ કંઇ જીવકૃતિ નથી કે જેથી એના ગુણદોષની તુલના કરવાનું આપણામાં સામર્થ્ય હોય. ઉક્ત ગ્રન્થ શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુજીની, ભગવન્મુખારવિન્દની કૃતિ હોવાથી લોકોત્તરતા પ્રતિપદ પ્રકટે છે એ તો નિઃસંશય છે. શ્રીમદાચાર્યજીએ ઘણા ગ્રન્થો પ્રકટ કર્યા છે. શ્રીસુબોધિની તે સર્વમાં શ્રેષ્ઠ છે. શ્રેષ્ઠ કહેવાનું પ્રયોજન એ છે કે એનાથી જનમાત્રનું કલ્યાણ સિદ્ધ થઇ શકે એમ છે. શ્રીમદણુભાષ્યાદિમાં માત્ર ત્રૈવર્ણિક જ અધિકૃત હોવાથી સર્વનું કલ્યાણ થઇ શકે એમ નથી. આથી ઉક્ત પ્રકાશકે જે દિશામાં પરિશ્રમ આરંભ્યો છે તે સર્વથા યોગ્ય દિશામાં છે એમ કોણ ના કહેશે.

પાંચ સાત વર્ષ ઉપર પ્રથમ શ્રીમદ્વૈષ્ણવ પરિષદ્ ભરાઇ ત્યારથી પ્રાચીન ગ્રંથના શુદ્ધ મુદ્રણ વિષે શંખનાદ રા. મગનલાલ શાસ્ત્રી કર્યા કરે છે. પુષ્ટિભક્તિસુધા પણ તદ્વિષયક શંખનાદ કર્યાજ કરે છે. અને શ્રીસુબોધિનીનું પુસ્તકનું દર્શન કરતાં એમ અનુમાન થાય છે કે ઉક્ત ધ્વનિ શ્રીમાન્ ગોસ્વામિ બાલકોના કર્ણમાં પ્રવેશ કરે છે. અમને તો શ્રીસુબોધિનીના પ્રથમ સ્કંધનું પ્રાકટ્ય એ ધ્વનિનુંજ પરિણામ લાગે છે. એ નાદધ્વનિ માત્ર મુમ્બાપુરીસ્થ ગોસ્વામીઓના કર્ણમાં પ્રવેશ્યો છે એટલું જ નહિ, પરન્તુ જ્યાં એ ધ્વનિનો પ્રવેશ અશક્યપ્રાય હતો ત્યાં પ્રવેશ્યો લાગે છે, અને તેના પરિણામરૂપે આપણે ગોસ્વામિતિલક શ્રી ૧ ગોવર્ધનલાલજીને ઉત્સવપ્રતાન પ્રકટ કરતા દેખીએ છીએ. યદ્યપિ કહેવું જોઇએ કે આ ઉત્સવપ્રતાનનું મુદ્રણ આ શ્રીસુબોધિનીના મુદ્રણ સાથે સરખાવતાં આસમાનને જમીન જેટલું તારતમ્ય લાગે છે. કહેવાનું એ છે કે હજુ કરવાનું ઘણું છે. બાલકોએ, શ્રીમાન્ અને વિદ્વાન્ વૈષ્ણવોએ હજુ ઘણું કામ બાકી રાખ્યું છે. શંકરાચાર્યના સર્વ ગ્રન્થો તેના આચાર્ય તરફથી ઉત્તમરૂપે પ્રકટ થયા છે, રામાનુજના પણ તેમ પ્રકટ થયા છે, મધ્વના પણ તેમ થયા છે, નિંબાર્કના પણ થયા છે. છતાં કોણ જાણે શા કારણથી આપણા શ્રીમાન્ ગોસ્વામીઓનું અને શ્રીમાન્ વૈષ્ણવોનું આ વિષય પ્રતિ ધ્યાન નથી ખેંચાતું. મુંબઇના શ્રીમાન્ ગોકુલનાથજી આ વિષયમાં પ્રયત્ન કરે છે, પરન્તુ એ પ્રયત્નમાં વિલંબ એટલો બધો થાય છે કે સાધારણ રીતે ધૈર્યનો તેટલા દીર્ઘ સમયમાં ક્ષય થઇ જાય છે. મહારાજશ્રીએ શ્રીસુબોધિનીનું મુદ્રણ ચારેક વર્ષ ઉપર સ્વીકાર્યું હતું; અને આટલા દીર્ઘ સમય પછી આપણે માત્ર એક વાર મુદ્રિત થયેલો પ્રથમ સ્કંધ પુનઃ મુદ્રિત થયેલો જોતાં સહજ ખેદ થાય છે.

તેના આ વિલંબ થવાનું કારણ કાર્યપદ્ધતિની ખામી છે. મહારાજશ્રીને ત્યાં આ કાર્ય મુખ્ય રીતે કરનાર માત્ર બલભદ્ર શર્મા છે, અને તેઓ અનેક વ્યાપૃતિઓથી સંવેષ્ટિત હોવાથી સાધારણ રીતે ત્વરિત કાર્ય એમનાથી થઇ ન જ શકે. મહારાજશ્રીએ કર્યા તો બલભદ્ર શર્મા સાથે કામ કરી શકે એવા વિદ્વાનો એમની સહાયમાં આપવા જોઇએ

અથવા જો તેવા વિદ્વાન ન પ્રાપ્ય થાય તો માત્ર ગટ્ટુલાલ શર્માને શિરે સર્વ ભાર નહિ મૂકતાં; સંપ્રદાયના પ્રાપ્ય વિદ્વાનોને એકેક ભાગનું મુદ્રણ સોંપવું જોઈએ. દૃષ્ટાન્ત તરીકે પ્રથમ સ્કંધ ગટ્ટુલાલ શર્માને, દ્વિતીય સ્કંધ રમાનાથને, તૃતીય સ્કંધ શાસ્ત્રી વસન્તરામને, દશમ પૂર્વાર્ધ મગનલાલ શાસ્ત્રીને, દશમ ઉત્તરાર્ધ ગોવર્ધનલાલને. આ પ્રકારે કાર્યની વહેંચણી કરવામાં આવે તો શ્રીસુબોધિનીજીનું મુદ્રણ ઘણું સ્વલ્પ સમયમાં થઈ જાય. ઉક્ત ગોસ્વામીશ્રી સંપ્રદાયની ઉન્નતિ ઇચ્છે છે એમ અમે સાંભળીએ છીએ. તેથી અમારી આ વિનતિનો સ્વીકાર એઓશ્રી જો કરશે તો સંપ્રદાયનું શ્રેય વિશેષ જળવાશે. અમે આશા રાખીએ છીએ શ્રીજીવનલાલજી, શ્રીગોકુલેશલાલજી, શ્રીવ્રજરત્નજી ઇત્યાદિ શ્રીમાન્ ગોસ્વામીઓ શ્રીપુરુષોત્તમજીનું અનુકરણ કરશે. જો આમ થાય તો બહુ સુંદર જ પરિણામ આવે. શ્રીસુબોધિનીવત્ જો પ્રત્યેક વિદ્વાનને અણુભાષ્ય એક ટીકા સાથે મુદ્રણ કરવાનું સોંપાય તો સ્વલ્પ સમયમાં શ્રીમદણુભાષ્ય સર્વ ટીકાસમેત પ્રકટ કરવાનું સૌભાગ્ય આપણને પ્રાપ્ત થાય. શ્રીમાન્ ભાટીઆ વૈષ્ણવો જેઓ અનેક પ્રકારે ઐહિક શ્રેય કરવા તત્પર થયા છે શું તેઓ પારલૌકિક કાર્યમાં સહજ સહાનુભૂતિ નહિ દર્શાવે ? અમારો તો નિશ્ચય છે કે જો અમારા ગોસ્વામિ બાલકો શ્રીમાન્ ભાટીઆઓને સહજ સમજાવે તો શ્રીમદ્ભાગવત અને ભગવદ્ગીતાના માયાવાદીય ભાષાન્તરોને સ્થાને શુદ્ધ સાંપ્રદાયિક શ્રીભાગવત ભાષાન્તર અને ગીતાભાષાન્તર આપણા વૈષ્ણવોને વાંચવાને પ્રાપ્ત થાય. અપેક્ષિત સાંપ્રદાયિક ગ્રન્થોના અભાવમાં કાંઈ પણ શ્રેય થવું એ અશક્ય છે. અમે આશા રાખીએ છીએ આ વિષયમાં સર્વ સાંપ્રદાયિક સ્ફૂર્તિ રાખશે.

હવે પ્રસ્તુત ગ્રન્થની વાત કરીએ. શ્રીસુબોધિનીજીનો પ્રથમસ્કંધ ગટ્ટુલાલજીએ શ્રીનૃસિંહલાલજીની આજ્ઞાથી પ્રસિદ્ધ આજથી કેટલાક વર્ષપર કર્યો હતો. અમને આશ્ચર્ય થાય છે કે ઉક્ત પ્રતિનો ઉપયોગ કરવાનું ગટ્ટુલાલ શર્માએ કેમ ઉચિત ન ધાર્યું ? જો એ પ્રતિનો ઉપયોગ આ મુદ્રણમાં થયો હોત તો કેટલાક સુયોગ્ય પાઠો મૂલને સ્થાને ટિપ્પણ ને આપવા જોઈએ છીએ તે ન બનત, અને ગ્રન્થશોધનમાં પણ ગટ્ટુલાલ શર્માનો પરિશ્રમ ઘણો જ બચી જાત, નહિ બહુ સ્વલ્પ જ પરિશ્રમ લેવો પડત. આ ગ્રન્થની પ્રતિમાં મુદ્રિત અમુદ્રિત પાંચેક ગ્રન્થનો ઉપન્યાસ ગટ્ટુલાલ શર્મા કરે છે, પરંતુ શ્રીનૃસિંહલાલજીના પ્રથમ સ્કંધ શ્રીસુબોધિનીજીનો ઉપન્યાસ માત્ર પણ નથી કરતા એનું કારણ અમને સમજાતું નથી. વસ્તુતઃ શ્રીનૃસિંહલાલજીની પ્રતિ પણ બહુ સુંદર જ છે. ક્વચિત્ શ્રીનૃસિંહલાલજી વિષ્ણુસ્વામીની પરંપરાથી વિરુદ્ધ હોવાથી, તેઓશ્રીના પરિશ્રમનો પરિચય એમને પોતાને ઇષ્ટ ન હોય, ને તેથી ઉક્ત ગ્રન્થનો ઉપન્યાસ ન કર્યો હોય તો પણ બને ! પરન્તુ તેમ કરવામાં બુદ્ધિ સત્ત્વોદ્ભવતા હતી એમ તો ન જ કહેવાય.

ગ્રન્થનું મુદ્રણ સ્વચ્છ છે. પાઠાન્તરો ટિપ્પણમાં પરિશ્રમ લઈ મૂક્યાં છે. પુસ્તકનું મૂલ્ય પણ ભક્તિહંસવત્ અસાધારણ નહિ, સાધારણ રાખ્યું છે. આ વિષયમાં અમારી સૂચનાનો સ્વીકાર હજુ પણ જો વિશેષ થાય તો પરિણામ સુંદર આવશે. અહિ પણ ભક્તિહંસવત્ સંદિગ્ધ સ્થલે પ્રશ્નાર્થ ચિહ્ન મૂક્યાં છે. કેટલીક જગાએ એ આર્ષ વાક્યોમાં જ્યાં વ્યાકરણના અપવાદ ભ્રમ પાઠોમાં છે ત્યાં પણ આવા ચિહ્નો જોતાં આ ચિહ્નોની અનુચિતતા સૂચવ્યાં વિના રહેતી નથી. અમે આશા રાખીએ છીએ ગટ્ટુલાલજી આ ચિહ્નના સંબંધમાં સ્વાગ્રહનો ત્યાગ કરશે. ગ્રન્થમાં ઉપન્યસ્ત વાક્યો ક્યાંનાં છે તે શોધવાનો પ્રયત્ન થયો હોત તો ઘણાં પ્રશ્નાર્થ ચિહ્નને સ્થાન ન મળત પુસ્તક સુંદર વધારે બનત. આ

ગ્રન્થને અન્તે પ્રથમ સ્કંધના સર્વ શ્લોકોનું અનુક્રમપત્ર આપ્યું છે. આ વાસ્તે એમને ખાસ ધન્યવાદ ઘટે છે. યદ્યપિ કહેવું જોઈએ - શ્લોકના ખંડનું સૂચન કર્યું છે તેના કરતાં જો અધ્યાય અને શ્લોકસંખ્યા સૂચવી હોત તો એની ઉપયોગિતા વિશેષ થાત. એકંદરે ગ્રંથ આદરણીય છે. અમને આશા છે કે સર્વ વૈષ્ણવ ભાઈઓ આ ગ્રન્થનો આદર કરશે.

હવે દ્વિતીયસ્કંધનું અને તૃતીયસ્કંધનું મુદ્રણ કરવાનું છે, ઉક્ત સ્કંધોના શ્રી સુબોધિનીજી અવશ્ય મનનીય છે, અને અમને આશા છે કે શ્રીમાન્ ગોકુલનાથજી આ બે સ્કંધોનું મુદ્રણ સત્વર કરાવી દશમ સ્કંધનો આરંભ કરાવશે, દશમસ્કંધ સંપ્રદાયમાં બહુ પ્રચલિત હોવાથી પ્રાપ્ય સ્થિતિમાં છે, જ્યારે દ્વિતીય અને તૃતીય લગભગ અપ્રાપ્ય જ છે. અમે શ્રવણ કર્યું છે કે શ્રીગોકુલનાથજીને શ્રીસુબોધિની દ્વિતીયસ્કંધની એક શુદ્ધ પ્રતિ મળી છે. ઉક્ત સ્કંધોનું શોધન પણ થઈ ગયું છે, જો એમ જ હોય તો ઉક્ત સ્કંધોનું મુદ્રણ જેમ બને તેમ જલદી કરવું એજ યોગ્ય છે. કદાચિત્ બલભદ્રશર્મા દ્વિતીય, તૃતીય અને દશમનું કાર્ય યુગપત્ કરી શકે નહિ, અને એ ઘણું જ સ્વાભાવિક છે, તો દ્વિતીય સ્કંધ એક વિદ્વાનને, તૃતીયસ્કંધ અન્યને, એમ કાર્યકુશલના વિભાગ થશે તો કાર્ય સુંદર થશે, સરલ થશે, અને સ્વલ્પ કાલમાં થશે. બલભદ્ર શર્મા એકલા કેટલું કરશે ?

પ્રકાશકે જે પરિશ્રમ લીધો છે તે સ્તુત્ય છે. પ્રભુ એમને સાંપ્રદાયિક આવી સેવા કરવાને વાસ્તે અપેક્ષિત સામગ્રીનું દાન કરો એજ અન્તમાં ઇચ્છીશું.

મૂલચન્દ્ર તેલીવાલા.

श्रीसर्वोत्तमजी विषे गोविंदस्वामीकृत पदो.

(અનુસંધાન ગતાંક પૃષ્ઠ ૧૩૪)

राग वसंत.

देवोद्धारप्रयत्नात्माको न आध[1] निमिष[2] बिसराउं ।
चितमां चिंतन करों अहर्निश उर आनंद उपजाउं ॥ १ ॥
और द्वंद्व जिय जानि छांडि दे श्रीवल्लभगुण गाउं ।
मेरो सर्वस्व सुभग मूर्ति बिनु (विना) कहूं न शीष नमाउं ॥ २ ॥
वचनामृत सुबोधिनी सुनिकें श्रीवल्लभ उर लाउं ।
गोद पसारि मांगत गोविंदजनचरणकमलरज पाउं ॥ ३ ॥

સૂચના.

કોઈ પણ [illegible], મેમ્બર કે અન્ય કોઈ પણ વૈષ્ણવને પુષ્ટિમાર્ગના અણુભાષ્ય સુબોધિની વિદ્વન્મંડન, કે બીજા કોઈપણ ગ્રંથ વાંચવા હોય તેમણે માધવબાગની સામે, [illegible] કાંદાવાડીની પાસે અપ્પર ઓફીસમાં ત્રીજે માળે રા. રા. મૂલચંદ્ર તેલીવાલાને અથવા ચોથે માળે રા. રા. ધીરજલાલ સાંકળીઆને મળવાથી વિના દ્રવ્યે ગોઠવણ તરત કરી આપવામાં આવશે.

---

[1] અર્ધો. [2] ક્ષણ, નેત્રના પલકારા જેટલો સમય.

कविवर दयारामभाईनां अप्रसिद्ध पदो.

राग, परजीओ.

दीनतास्वरूप.

સુણો વિનતિ શ્રીહરિદેવ, કહું કર જોડીરે;
મને પતિત જાણીને પ્રાણેશ, તો રખે છોડીરે. ૧
જેવો તેવો તમારે શરણ, પડ્યો છું સ્વામી રે;
મારો કર ગ્રહો શ્રીગિરિધરણ, કહું શિરનામી રે. ૨
હું છું સહુ સાધનથી હીન, ધર્મ ના એક રે;
બધું મન માયાજળ મીન, રહિત વિવેક રે. ૩
નંદલાલ નિજ ગુણકોશ અભક્ત કહાવે રે;
પણ તેટલા માત્ર હેય, મનુનામાં ન આવે રે. ૪
તમે શરણાગત વત્સલ છો, દીન દયાળુ રે;
પ્રભુ મહાગંભીર અતુલ બળ, પરમકૃપાળુ રે. ૫
હરિ ઈશ્વર અધમોદ્ધરણ, અનાથના બંધુ રે;
સ્મૃતિમાત્ર મહાદુઃખ હરણ, કૃપાના સિંધુ રે. ૬
બ્રહ્માદિક કિંકર તમારાની, સન્મુખ થાજે રે;
મહાકુત્સિત મારી કરણી, વિસરી જાજે રે. ૭
પ્રભુ સર્વોત્તમ સહિષ્ણુ, અતિ ઉદાર રે;
પૂર્ણ પુરુષોત્તમ મહાવિષ્ણુ, નંદકુમાર રે. ૮
નથી માગતો યોગની સિદ્ધિ, ન મુક્તિ ચાર રે;
નહિ પરમેષ્ઠી પદ આદિ, કદી અધિકાર રે. ૯
શુદ્ધ પુષ્ટિભક્તિની આશા, ક્ષુધા મને લાગી રે;
નિજ પ્રેમરસ પીવા પિપાસા, અતિશય જાગી રે. ૧૦
પ્રભુ તમને ઘણો એવો યાચો, કરો મને સંત રે;
મારા પ્રાણજીવન જનો છો, માગું જન્મંતરે. ૧૧
પૂરો સહુ અંતર અભિલાષ, અંતર્યામી રે;
શ્રીજી શ્રીમુખ કહો કયો દાસ મારો હું સ્વામીરે. ૧૨

નોટઃ—૧ કવિશ્રીના શિષ્ય ગુરુ ભગવદ્ધર્મપરાયણ ભગતશ્રી નાથજીભાઈએ કવિવર્યનાં આ અંકમાં પ્રકટ કરવામાં આવેલાં અપ્રસિદ્ધ પદો આપવાની કૃપા કરી છે, તે માટે તેમનો ઉપકાર માનવાની આ તક હું ચુકતો નથી.

द्विदलात्मक स्वरूपनो गरबो.

(" મોરો આવની સલુણા પ્રભુ શામળા જો " એ રાગ.)

શ્રીમદ્રાધિકા શ્રીકૃષ્ણ વસ્તુ એક છે જો,
દેવા ભક્તને સુખ યુગલ વપુ વિવેક છે જો. શ્રીમદ્. ૧
આપે એકરૂપ¹ બ્રહ્મ યુગલ વપુ શ્રુતિ સાખ છે જો,
તે એ બે મળીને એક કહેવાય છે જો. શ્રીમદ્. ૨
એમાં અનુભવીને તો સૂધી સમજણ પડે જો;
તે પણ અજાણ્યાને મન આંમળે ચડે જો. શ્રીમદ્. ૩
તે માટે કહું દૃષ્ટાંત યુક્તિ જોડીને જો,
સાંભળતામાં સદ્ય સંશય નાખે તોડીને જો. શ્રીમદ્. ૪
²ત્વચાસહ ચણો જેમ એક ³ભાસમાન છે જો.
અંતરમાં સમાન દ્વિદળ⁴ વિદ્યમાન છે જો. શ્રીમદ્. ૫
હવે કહું પૃથક્ પ્રકટ થવા તણી વિધિ જો,
ઘનશ્યામ થકી શ્યામા આનંદના નિધિ જો. શ્રીમદ્. ૬
શ્રીજી સાગર ને લહેરી ⁵ભાનુનંદિની જો,
⁶ઇંદુ અલબેલો અલબેલી ચારુ ચંદિની જો. શ્રીમદ્. ૭
વિદ્યુત વહ્નિને કીર્તિકન્યા જ્વાલિકા જો,
સૂરજ શ્રીવ્રજેશ કાન્તિ રાધા બાલિકા જો. શ્રીમદ્. ૮
રૂપ રસિકવર છબીલી છાયા તે તણી જો,
પુરુષ પુરુષોત્તમ રાધા રાધિકા જાણી જો. શ્રીમદ્. ૯
કૃષ્ણ આત્મા રાધા, રાધા કૃષ્ણનો સહી જો,
એમાં અધિક ન્યૂન કોઈ કહેવાયે નહી જો. શ્રીમદ્. ૧૦
પરસ્પરે શોભા એક એકની ભલું જો,
એકલાં ન શોભે કહું દૃષ્ટાંત તે તણું જો. શ્રીમદ્. ૧૧
કેશરી¹ અરણ્ય જેમ ચંદ્ર જામિની જો,
શીર્ષ કેશ, દેહી દેહ, મેઘ દામિની જો. શ્રીમદ્. ૧૨
પરસ્પર ઉભય એકમાં વ્યાપી રહ્યાં જો,
પ્રીતમ પ્રિયા, પ્રિયા પ્રીતમ સંભવે કહ્યાં જો. શ્રીમદ્. ૧૩

---

૧. एकमेवाद्वितीयं ब्रह्म । શ્રુતિ એમ કહે છે કે બ્રહ્મ એક અને અદ્વિતીય છે. એક અને અદ્વિતીય એમ બન્ને વિશેષણની મતલબ એ છે કે, તે છે તો બે સ્વરૂપ, પરંતુ તે બન્નેમાં ભેદ નથી, એ પ્રકારે એક છે. ૨. ફોતાં સાથે ૩ કહેવાય છે, અનુભવાય છે. ૪ બે ભાગ—એક સરખા. ૫. વૃષભાનની પુત્રી શ્રીરાધિકાજી. ૬ ચંદ્ર. સરખાવો—यथा च चन्द्रिका चन्द्रे प्रभा मार्तण्डे यथा । गन्धः पृथिव्यामथवा राधिकेयं तथा हरौ । ઇત્યાદિ પુરાણ વાક્ય સાથે.

૧. સિંહ વનથી, ચંદ્ર રાત્રિથી શોભે છે. મસ્તક કેશથી, આત્મા દેહથી, મેઘ વીજળીથી.
૨. અગ્નિમાં બાળવાની શક્તિ.

અનહદ[૩] ધ્વનતા જેમ ઘંટા વિષે નાદ છે જો;
સલિલ શીતલતા સુધા વિષે જેમ સ્વાદ છે જો. શ્રીમદ્. ૧૪
એ વિધિ સ્વરૂપ સાથ લક્ષ્મી તણું જો;
એ બે થકી લીલા સર્વ અપર નહિ અણુ જો. શ્રીમદ્. ૧૫
સદા રસમય સંજોગી રસ રસના જો,
યુગલરૂપ એ સર્વસ્વ દયા દાસના જો. શ્રીમદ્. ૧૬

ગરબી.

આપો પ્રેમરસ પ્રભુ જીવન રે, દીન થઈ જાચું રે,
મુક્તિમાર્ગનિ આપજો જ્ઞાન રે, હું તો નવ રાચું રે. ૧
રીઝે રાજાથી ઘરી ગરીબ લોક રે, જોગીને ન ભાવે રે;
ગમે શું રાજના ખાસા ખવાસ, ! એ મુક્તિ મન ન આવે રે. ૨
નિત્ય નિરખીએ શ્રીનટવરરૂપ રે, હંસ હૈયામાંથી રે;
મન માન્યું મળે સહુ સુખ રે, તે એકતામાં ક્યાંથી રે. ૩
દિવ્યરૂપ છે સદા સાકાર રે, આનંદના રાશિ રે;
જોશે અનુચિત માયિક મુગ્ધ રે, તે નરકનિવાસી રે. ૪
કૂડ જીવને કહે છે બ્રહ્મ રે, બ્રહ્મ જીવ લેખે રે:
તે છતે સ્વામીએ સેવ્યસેવકનું સુખ, એ સ્વપ્ને ન દેખે રે. ૫
આપ સ્વામી સદા હું દાસ રે, એ નાતો નિભાવો રે;
રુચે આપને કરો તેવી મેર રે, ગમ્મ રમે ભાવો રે. ૬
વિના લાલચનું લાલ મને વ્યસન રે, અચલિત આપો રે;
વિષય વાસના પ્રપંચની પ્રીત રે, શ્રીકૃષ્ણ મારી કાપો રે. ૭
અનન્ય સેવા અખંડ સત્સંગ રે, મનોહર માગું રે;
દયાપ્રિતમજી આપો મુને એક રે, પાયે લળી લાગું રે. ૮

રાગ ધનાશ્રી

('શીદ કરે શોચના રે' એ રાગ.)

શીદ સંતાપ કરે છે રે, ગમતું ગોપાળજીનું થાશે;
એજ લાભ કાજનું કહાવે, હરિનું ભજન ઉદ્ધારે. ૧
આપ કર્યું તુજ તો કરને સુખ દુઃખ થાવા શીદ રે છે ?
નથી થાતું તો મૂરખ મિથ્યા, 'મેં કીધું' શીદ કહે છે ? ૨
કહીશ પ્રબોધ કરે કેમ સહુ એ, જીવ નથી જો કરતા;
તે એક જ ભજન ભાગ ભીખું સહુ, આપી કરતા હરતા. ૩

---

[૩] આ પદ અત્યંત અગત્યનું ગણાય છે. આની વસ્તી કવિવરના બ્રહ્મપ્રેમાદિક ભાવનો સાક્ષાત્કાર કરાવે છે. કવિઓના ગ્રંથોમાં પણ આની જોડાજોડી, ભાગ્યે જ મળે [illegible] નિકળશે.

હરિ કર્તા સહુ બોધ જીવનો ? પૂર્ણ પક્ષ એ સાચો;
કેવલ હરિ કર્તા કહેતાં જીવ, ભમી જાય મન કાચો. ૪
સેવા સ્મરણ આગ્રહથી કર, અનુચિત કૃતિથી નાશી;
તદ ઉપરાંત જાને હરિ-ઇચ્છા, ત્યાં તારી સત્તા શી ? ૫
ભક્ત વિચારે ખરી વાત એ, ધાર્યું ધણીનું થાશે;
શીખ્યું સાંભળ્યું હૃદયે ન બેસે, અનુભવથી સમજાશે. ૬
દુરાગ્રહી મહાગ્રહ મન બહુ, સમાધાનને સારે;
કોઇ પ્રકારે સમજે તો બહુ, ત્યારે સુખી વારે. ૭
શ્વાન શકટ તળે જ્યું માને, હું કર્તા તેમ કહેવો;
અંધ મળ્યો ને ખડીઓ આપે, તે બોજ સમજવણ સહેવો. ૮
બહુ અપિ મત એક વાત ન સમજે, સુખી મન કરે ન કામે;
કપે સાર શોધ્યો એ લાધ્યો, તત્ત્વ શરણે હરિ નામે. ૯

રાગ પરજ.

શ્રીગોવર્ધન ધરણ શ્રીવલ્લભ લાડીલાજી,
શરણ ગ્રહે હું સહુ વાતે નિશ્ચિંત જો;
જાણીઆ બિરદ ભરોસે ભય સહુ ભાગિયા જો,
નિઃસાધન યદપિ નથી લક્ષણ સંત જો. શ્રી૦ ૧
[1]જ્ઞાને વા અજ્ઞાને આત્મ નિવેદીયો જો,
મનવલ્લભ તમને શ્રીવલ્લભદ્વારા જો;
મહાપ્રભુવાક્ય તેને નહિ કશી વેદના જો,
ચાંડાલી તદપિ નિર્ભય નૃપદાર જો. શ્રી૦ ૨
કેટલા જીવ ઉચિત કૃતિ તેની દેખી જો,
તે શું રીઝશો ? નિજ નંદકિશોર જો;
બલિષ્ઠ દોષ ઘણા પણ જોતાં જીવના જો,
આપ ક્ષમા આગળ તેનું શું જોર જો ? શ્રી૦ ૩
નિજ ઉદ્યમ ગ્રહ તમને કોઇ પામ્યું નથી જો,
પામ્યા શરણ સંબંધ સંગ પ્રતાપ જો;
હે શ્રીવલ્લભસુત ગુરુ પ્રબલ સંબંધ છે જો,
જીવ મંદમતિ મારે મિથ્યા તાપ જો. શ્રી૦ ૪
નિષ્કંટક જે આત્મસાત્ આપે કર્યો જો,
કૃપા પૂર્ણ કરી નહિ નિશામક કોય જો;
સત્યસંકલ્પ સત્યમિત્ર શ્રીનાથજી જો,
નિજનો કરી કર ગ્રહ્યો કયો ચિત રોય જો. શ્રી૦ ૫

---

[1] अज्ञानादथवा ज्ञानात् कृतमात्मनिवेदनम् यैः कृष्णसात्कृतप्राणैस्तेषां का परिदेवना ! नवरत्नस्तोत्रे.

પદ.

ગાજે ગાજે રે ગોવિન્દ ગુણ નિત્ય ગાજે (૨)
હસ્તવડે કર જે હરિસેવા, રસના હરિકીર્તન ગાજે. ગાજે. ૧
નેત્રે નિરખજે નંદનંદનને, હરિયશ રસ ભક્તને પાજે. ગાજે. ૨
ઘ્રાણને પુષ્પ પ્રસાદી તુલસી, પ્રભુનો પ્રસાદ સાધુસંગે ખાજે. ગાજે. ૩
નમન કરે શિરહરિ હરિજનને, તીર્થતીર્થમાં તું નિત્ય નહાજે. ગાજે. ૪
મન મધુવ્રત પદકમળે રાખે, દાસાનુદાસ હરિનો થાજે. ગાજે. ૫
સત્સંગતિ વિના પલક ખોઇશમાં, દુષ્ટ સંગથકી દૂર થાજે. ગાજે. ૭
દેહધારી સદ્ગુરપર દયા રાખે, હરિગુરુ હરિસમ સમજે. ગાજે. ૬
સાચો સ્નેહ રાખે કૃષ્ણ સાથે, છળ કરી વિષને મા વધાજે. ગાજે. ૮
એ શિક્ષા દયો કહે જો સધી આવે, તો પણ એ વૈકુંઠ જાજે. ગાજે. ૯

રાગ સારંગ.

('વૈષ્ણવ નથી થયો તું રે' એ રાગ.)

સદા શ્રીકૃષ્ણને સેવો રે, સમજી લ્યો સુધો સિદ્ધાંત;
વાત કહું તે વિચારમાં લાવો, ભાગે મનની ભ્રાંત. ૧
સહુ બરોબર કૃષ્ણ છે, નથી કૃષ્ણ બરોબર કોય;
સાગર છોળોને દષ્ટિ, શાણા વિચારી જોય. ૨
વિશ્વ કહું હરિરૂપ એ રીતે, સાચું સર્વે કાળ;
ન્યારું ન તે ગોપાળથી, પણ ન્યારા ખરા ગોપાળ. ૩
સર્વ નિશ્ચય આશ્રય એ વિધિએ, સર્વમાં કૃષ્ણ નિવાસ;
તદપિ તેથી છે પર પણ પોતે, પરાત્પર અધિક પ્રકાશ. ૪
કાચથી થાય રહી કાચા સંબંધે, કાચ માંહે સમાય;
કાચથી જાયા જાયા ન થયા, કાચ કે રહે જાયા. ૫
મુખ ઉદધિનો થાર ને ઝળાં, એમ હરિ ને સંસાર;
કૃષ્ણ ભજે દયા કોઈ ન બાકી, વેદ પુરાણ વિચાર. ૬

રાગ લલિત.

('વૈષ્ણવ નથી થયો તું રે' એ રાગ.)

હરિજી હવે વિચારો રે, પ્રભુજી હવે વિચારો રે.
મુજને તારો, જગ જસ અતિ, માંનો ગુણ મારો રે. ટેક.
પ્રમાણ જ્યે સર્વ આચરો તો, બિરદ જુઠ કરશો;
પતિતપણું હું નહિ પાળું તો, પાવન કોને કરશો? ૧
દાસ દોષ જોઈ નરક નાખશો, (તો) ક્ષમા ધરી શે કામે?
નાથ જુઓ તો દોષ અગમ સહુ, એક તમારે નામે. ૨
શરણ પામ્યો તોયે શુભ મતિ ન આપી, જવા દીધો ક્યારે;
અધમોદ્ધારણ બિરદ સત્ય કર્યું, સમજ્યો છું તે માટે. ૩

શાસ્ત્રાધાર તમો કર્યું નાથ, સર્જન થા કર કૃતિ સારી;
તદપિ અમરી મેં અરજ સુધારી, સ્વામી સ્વાર્થ વિચારી. ૪
નિઃસાધન ઉદ્ધાર નામ, સત્ય કરવાં સાધન તજ્યાં;
દુષ્ટ સ્વભાવ નામ સત્ય કરવા, દુષ્ટ કર્મ મેં ભજ્યાં. ૫
દીનશરણનું મહત્વ જ કરવા, વિરુદ નામ ધર્યું છે;
દીનશરણ તે મારે થયો હું, રુચતું રાજ કર્યું છે. ૬
વિમુખ અધમ પામે જ અધોગતિ, ધરે ન સન્મુખ જનને;
સન્મુખ અધમ અધોમતિ થાતાં, અહો શ્રીમુખવચનને, ૭
દુષ્ટ કરી પ્રભુ અમતું કર્યું મેં, રાખ્યો મારો ધર્મ;
દયો જડતાં ધર્મ જડશે, સમજી લેજો મર્મ. ૮

રાગ ભૈરવ.

રટને કૃષ્ણનામ બહુ સુખકારી રે.
પરમ આનંદરૂપ અઘ દુઃખહારી રે.
મોટા મોટા સુરમુનિ, શોધી રહ્યા જેમાં રે;
તે તે સહુ સાધન, આવી ગયાં એમાં રે. ૧
સકલ ધર્મ હરિનામ કેરો અંશ રે;
એથી ના પ્રવર કોઇ વેદમાં પ્રશંસ રે. ૨
શ્રવણ કરી તે પશુ, સવર્ણ થઇ જાશે રે;
પ્રભુજી પ્રસન્ન એથી થોડામાં થાશે રે. ૩
આળસ મા કર ધર દઢ વિશ્વાસ રે;
કાયર મા થા તારી પૂરશે પ્ર આશ રે. ૪
કોટિ ચિંતામણિ વારું, એવું પ્ર છે નામ રે;
દયા જેણે જપ્યું તે તે થયા પૂરણ કામ રે. ૫

मारवाडी भाषा.

રાગ સોહિણી.

થેં કિણ મંત્ર સાધ્યો રાધા પ્યારીજી.
કેપારી કેપેં તું સેવા કરાવત, કસો કિણ દેવ થે આરાધ્યો ?
સિંધુ સુતાકો મિલત નહિ મંત્રણ, કોણ ગુરુથી થાને આપ્યો ?
દયારો પીતમ પ્યારો અજીત થેં જીત્યો, રંગ છે ઉપબાધ થેં આપ્યો. ૨

રાગ સોહિણી.

થારો નેણારો બાણીડો મને લાગ્યો રે.
કંઇ કરે ? ઓખદ વેદ જ્યારો, થારા બિરહરો લાગ્યો મને ડામોરે. ૧
કલ ન પડત પલ જીવ માંહિ તડપે, કસો પીડ થારો અનુરાગો રે;
મ્હારા પ્રીતમ થેં જીવાવો તો જીવાં, કે થાંકે હાથમાંકા લાગ્યો રે. ૨

॥ *बहिर्मुखत्वनिरूपणम् ॥

धने गृहे यदासक्ताः सेवकाः सम्भवन्ति हि ।
कामपूजार्थयत्नाश्च तदा स्यात् कुपितो हरिः ॥ १ ॥
भक्तिमार्गं परित्यज्य शिश्नोदरकृतोद्यमाः ।
आसुरावेशिनो दासास्तदौदास्यं भवेद्धरेः ॥ २ ॥
अहङ्कारेण कुर्वन्ति यदा भगवदतिक्रमम् ।
निजा अपि तदा कृष्णः कुप्यति स्वमनप्रियः ॥ ३ ॥
यदा महत्कुलोद्भूतास्त्यजन्ति कुलगां गतिम् ।
तदा तु तत्कुलस्वामी कोपमेति न संशयः ॥ ४ ॥
अन्विष्यतां हि सर्वत्र न क्वापि सुपथस्थितिः ॥
न वा निजाचार्यनिष्ठा न वा दैन्यं हरेः परम् ॥ ५ ॥

भावार्थ.

ધનમાં અને ઘરમાં જ જ્યારે સેવકો આસક્ત થઈ જાય, કામ અને પૂજાવવા માટેના પ્રયત્નો કરે, ત્યારે શ્રીહરિ કોપે છે. સેવકની મુખ્ય ફરજ એ છે કે, પોતાના સ્વામીને રીઝવવા દરેક પ્રયત્ન કરવો. તેની આજ્ઞામાં જ તત્પર રહેવું. તેની ઇચ્છાને સદા અનુકૂલ બનવું. એવી જ રીતે જીવો પણ પ્રભુના સેવકો છે. તેઓનું મુખ્ય કર્તવ્ય પ્રભુની સેવા છે. સેવામાં લેશ પણ ન્યૂનતા ન આવે, તેમ જ જે પ્રભુની સેવાનો અધિકાર પોતાને પ્રાપ્ત થયો છે, તે પ્રભુ અખિલલોકનાયક, પરાત્પર, પુરુષોત્તમ શ્રીકૃષ્ણ છે, તેનો ખ્યાલ નિરંતર મનમાં રહેવો જોઈએ. જ્યારે સર્વદુઃખહર્તા પ્રભુને પોતાનું જે કાંઇ કહેવાતું તે સર્વ સમર્પી દીધું, અને દાસ્યધર્મનો સ્વીકાર કર્યો, ત્યારે તેનો પોતાના સ્વામીને દરેક રીતે પ્રસન્ન કર્યા સિવાય બીજો ધર્મ શું હોઈ શકે ? વાસ્તવિક સ્થિતિ તેવી જ છે, છતાં જો સેવકો ધનમાં—ધન ભેગું કરવામાં, કે ઘરબાર, પુત્રપરિવારમાં આસક્તિવાળા બની જાય, પોતાના દાસ્યધર્મને તિલાંજલિ આપી દે, પ્રભુની મહત્તા વિસરી જાય, સ્વાર્થ અને સ્વાર્થવૃત્તિ ઉપર હોમી દે તો પ્રભુ તેના ઉપર કોપે તેમાં આશ્ચર્ય શું ? જીવ—સેવક સ્વતઃ અનેક દોષોથી દુષ્ટ છે, પ્રભુએ તેના દોષોનો વિચાર ન કરતાં તેને પોતાનો—સેવક બનાવ્યો, તેને ઉચ્ચ અધિકાર આપ્યો, પરંતુ પ્રભુની તે દયાળુતા અને પોતાની પહેલાંની સ્થિતિ વગેરે બધું ભૂલી જઈને પોતાના કામનો અને પોતે પૂજાવવાનો પ્રયાસ કરે તો પ્રભુ એના ઉપર કોપ કરે તો તે કાંઇ આશ્ચર્યકારક બનાવ નહિ. શ્રીહરિરાયપ્રભુ આજ્ઞા કરે છે કે, જીવ જ્યારે પ્રભુ તરફ એવી રીતે બેવફા નિમકહરામ બને છે ત્યારે પ્રભુ તેના ઉપર કોપાયમાન થાય છે. ૧.

---

*પ્રભુસેવામાં પાત્રતાથી વિનિયુક્ત થવા વિવેકાશ્રય અને આશ્રય વગેરે ગ્રંથોની જેમ આ ગ્રંથ અવશ્ય મનન કરવા યોગ્ય છે.

ભક્તિમાર્ગનો પરિત્યાગ કરીને માત્ર જનનેન્દ્રિય અને ઉદરની તૃપ્તિ માટેના જ ઉદ્યમને આદરનાર, આસુરાવેશી દાસો બને છે, ત્યારે શ્રીહરિ ઉદાસીન થાય છે. જ્યારે દાસો–સેવકો પ્રથમ શ્લોકમાં વર્ણવેલી કક્ષાથી પણ હીન કક્ષામાં જાય છે, ત્યારે તો પ્રભુ તે તરફ જોતા જ નથી. જ્યારે ભક્તિમાર્ગમાં પણ રહે નહિ, તેનો સર્વાંશે ત્યાગ કરે, માત્ર આહારનિદ્રાભય-મૈથુનં ચ એ ઉક્તિ પ્રમાણે માત્ર પશુવૃત્તિને જ પોષે ત્યારે તો પ્રભુ તેના ઉપર કોપ કરીને તેને ઠેકાણે લાવવાનું પણ કાર્ય કરતા નથી, તેનાથી તદ્દન બેદરકાર રહે છે, તે સેવક જેવી રીતે વર્તવા ઇચ્છતો હોય તો તે પ્રમાણે તેને વર્તવા દે છે, કેમકે, તેણે માર્ગની મર્યાદા સુખે જાળવી નહિ, બલ્કે તેનો ત્યાગ કર્યો અને આસુરના સંગમાં અભિરુચિ થવાથી તેને આસુરાવેશ થયો. તેવા તદ્દન વંઠી ગયેલા નોકરની તરફ ઉદાસીનવૃત્તિ સિવાય બીજું પ્રભુ શું કરે ? ૨.

જ્યારે અહંકારથી મહાન્ પુરુષોનો અપરાધ કરે છે, તે પણ પોતાના થઈને, ત્યારે સ્વજનવત્સલ પ્રભુ કોપે છે. પ્રભુનો દાસ્ય જેવો ઉત્તમ પદાર્થ યોગ્યતાના અભાવે મળી ગયો અને પાછળથી થયો અહંકાર, અને તેમાં આંધળા બનીને મહાન્ ભગવદીયોને પણ ગણ્યા નહિ, તો શું પ્રભુ તેના ઉપર રાજી રહેશે ? કદાપિ નહિ. પ્રભુનો અપરાધ તો કોઈ પણ ઉપાયે નિવૃત્ત થઈ શકે છે, પરંતુ મહાનુભાવી ભગવદીયોનો અપરાધ કદાપિ નિવૃત્ત થતો નથી. મર્યાદા માર્ગમાં પણ નહુષરાદિકે સ્વાધિકારના ગર્વથી નારદાદિકનું કરેલું અપમાન અને તેનું પરિણામ પુરાણોમાં પ્રસિદ્ધ છે. તેવી જ રીતે ભક્તિમાર્ગમાં પણ ભગવદીયોનો અપરાધ મહાભયંકર ગણવામાં આવ્યો છે, તે અપરાધ કરનારા ઉપર પ્રભુ કોપે છે. પોતાના જ દાસ થઈને પોતે જ જેમને અનુગ્રહમાર્ગમાં ઉચ્ચ અવસ્થામાં સ્થાપિત કર્યા છે, એવા મહાન્ ભક્તોનું અપમાન કરે તો પોતાના જન જેને અત્યંત પ્રિય છે એવા પ્રભુ ગુસ્સે થયા વિના રહેતા નથી. એક તો એ દાસ પણ પોતાનો છે, અને માટે જ તે પ્રિય હોવો જ જોઈએ, અને મહાનુભાવી ભગવદીયો પણ સ્વદાસ હોવાથી પ્રિય છે, તથા બન્નેની એકની ક્ષતિ ન થાય માટે પ્રભુ સ્વકોપથી દાસને અપરાધની શિક્ષા દે છે. ૩.

જ્યારે મોટા કુળમાં પ્રકટ થયેલા પણ પોતાના કુળને યોગ્ય ગતિ લાજ દે છે, ત્યારે તે કુળના સ્વામી ક્રોધ કરે છે, એમાં કાંઈ પણ સંશય નથી. જ્યારે પ્રભુએ જે કુળનો ઉત્તમોત્તમ અધિકાર સ્થાપન કર્યો, અને તે કુળમાં પ્રકટ થઈને જો પછી તે કુળના મહાન્ સજ્જનોને ન છાજતી વર્તણૂક ચલાવે તો તે તે કુળનું સર્વસ્વ–તેના નાથ તે કુળમાં પ્રકટ થયેલા ઉપર કોપે તેમાં સંશય શો ? ૪.

બધાં કેટલાં શોધી વળો. કોઈપણ સ્થળે સન્માર્ગની ઝાંખી પણ હવે થવી મુશ્કેલ છે. કલિના દોષમય વાતાવરણથી આવૃત થયેલા હૃદયોથી વ્યાપ્ત સ્થળોમાં સારા ઉત્તમ માર્ગની સ્થિતિ કેમ હોઈ શકે ? જ્યારે તેના માર્ગનાં દર્શન દુર્લભ થઈ ગયાં, તો પછી તે માર્ગના પ્રકાશક શ્રીમદાચાર્યચરણના ચરણારવિંદમાં નિષ્ઠા–ભાવ ભક્તિ ક્યાંથી ? તેના વિના પ્રભુને પ્રસન્ન કરવાનું એક જ સાધન, તે દૈન્ય, ક્યાંથી આવવાનું ? શ્રીહરિરાયપ્રભુ આજ્ઞા કરે છે કે, આ સમયમાં તો નથી સન્માર્ગની મર્યાદા, કે નથી શ્રીમદાચાર્યચરણમાં નિષ્ઠા કે નથી દીનતા. ૫.

(સમાપ્ત.)

ताज एजन्सी.

મુંબઈ—નં. ૨

હાર્મોનિયમ, ઘડીયાળો અને ઘરમાં રાખવા લાયક ફેન્સી ચીજોના વ્યાપારી.

કાલબાદેવી રોડ.

આ એજન્સી પ્રમાણિકપણે અને ખાત્રીપૂર્વક, કમીશનથી માલ મોકલવાનું કામ કરે છે, તેમ હરેક જાતના યંત્રો તથા વાજીંત્રો દુરસ્ત કરી આપે છે. કૃપા કરી એક વખત જરૂર અજમાયશ કરશો.

Moderate and honest Repairing Depot:—

Agency directed by Manager, Ram.

Atmachintak.

ભક્તિમાર્ગનો પરિત્યાગ કરીને માત્ર જનનેન્દ્રિય અને ઉદરની તૃપ્તિ માટેના જ ઉદ્યમને આદરનાર, આસુરાવેશી દાસો બને છે, ત્યારે શ્રીહરિ ઉદાસીન થાય છે. જ્યારે દાસો–સેવક પ્રથમ શ્લોકમાં વર્ણવેલી કક્ષાથી પણ હીન કક્ષામાં જાય છે, ત્યારે તો પ્રભુ તે તરફ જોતા જ નથી. જ્યારે ભક્તિમાર્ગમાં પણ રહે નહિ, તેનો સર્વથા ત્યાગ કરે, માત્ર આહારનિદ્રાભય-મૈથુનં ચ એ ઉક્તિ પ્રમાણે માત્ર પશુવૃત્તિને જ પોષે ત્યારે તો પ્રભુ તેના ઉપર કોપ કરીને તેને ઠેકાણે લાવવાનું પણ કાર્ય કરતા નથી, તેનાથી તદ્દન બેદરકાર રહે છે, તે સેવક જેવી રીતે વર્તવા ઇચ્છતો હોય તો તે પ્રમાણે તેને વર્તવા દે છે, કેમકે, તેણે માર્ગની મર્યાદા સુખદ લાગી નહિ, બલ્કે તેનો ત્યાગ કર્યો અને આસુરના સંગમાં અભિરુચિ થવાથી તેને આસુરાવેશ થયો. તેવા તદ્દન વંઠી ગયેલા નોકરની તરફ ઉદાસીનવૃત્તિ સિવાય બીજું પ્રભુ શું કરે ? ૨.

જ્યારે અહંકારથી મહાન્ પુરુષોનો અપરાધ કરે છે, તે પણ પોતાના થઈને, ત્યારે સ્વજનવત્સલ પ્રભુ કોપે છે. પ્રભુનાં દાસ્ય જેવો ઉત્તમ પદાર્થ યોગ્યતાના અભાવે મળી ગયો અને પછીથી થયો અહંકાર, અને તેમાં આંધળા બનીને મહાન્ ભગવદીયોને પણ ગણ્યા નહિ, તો શું પ્રભુ તેના ઉપર રાજી રહેશે ? કદાપિ નહિ. પ્રભુનો અપરાધ તો કોઈ પણ ઉપાયે નિવૃત્ત થઈ શકે છે, પરંતુ મહાનુભાવી ભગવદીયોનો અપરાધ કદાપિ નિવૃત્ત થતો નથી. મર્યાદા માર્ગમાં પણ નહુષાદિકે સ્વાધિકારના ગર્વથી નારદાદિકનું કરેલું અપમાન અને તેનું પરિણામ પુરાણોમાં પ્રસિદ્ધ છે. તેવી જ રીતે ભક્તિમાર્ગમાં પણ ભગવદીયોનો અપરાધ મહાભયંકર ગણવામાં આવ્યો છે, તે અપરાધ કરનારા ઉપર પ્રભુ કોપે છે. પોતાના જ દાસ થઈને પોતે જ જેમને અનુગ્રહમાર્ગમાં ઉચ્ચ અવસ્થામાં સ્થાપિત કર્યા છે, એવા મહાન્ ભક્તોનું અપમાન કરે તો પોતાના જન જેને અત્યંત પ્રિય છે એવા પ્રભુ ગુસ્સે થયા વિના રહેતા નથી. એક તો એ દાસ પણ પોતાનો છે, અને માટે જ તે પ્રિય હોવો જ જોઈએ, અને મહાનુભાવી ભગવદીયો પણ સ્વદાસ હોવાથી પ્રિય છે, તેથી બન્નેનાં હિતની ક્ષતિ ન થાય માટે પ્રભુ સ્વકોપથી દાસને અપરાધની શિક્ષા દે છે. ૩.

જ્યારે મોટા કુળમાં પ્રકટ થયેલા પણ પોતાના કુળને યોગ્ય અતિ લાજ દે છે, ત્યારે તે કુળના સ્વામી ક્રોધ કરે છે, એમાં કોઈ પણ સંશય નથી. જ્યારે પ્રભુએ જે કુળનો ઉત્તમોત્તમ અધિકાર સ્થાપન કર્યો, અને તે કુળમાં પ્રકટ થઈને જો પછી તે કુળના મહાન્ સજ્જનને ન છાજતી વર્તણૂક ચલાવે તો તે તે કુળનું સર્વસ્વ–તેના નાથ તે કુળમાં પ્રકટ થયેલા ઉપર કોપે તેમાં સંશય શો ? ૪.

બધાં ઠેકાણું શોધી વળ્યા. કોઈપણ સ્થળે સન્માર્ગની ઝાંખી પણ હવે થવી મુશ્કેલ છે. કલિના દોષમય વાતાવરણથી આવૃત થયેલા જીવોથી વ્યાપી સ્થળોમાં સારા ઉત્તમ માર્ગની સ્થિતિ કેમ હોઈ શકે ? જ્યારે તેવા માર્ગનાં દર્શન દુર્લભ થઈ ગયાં, તો પછી તે માર્ગના પ્રકાશક શ્રીમદાચાર્યચરણના ચરણારવિંદમાં નિષ્ઠા–ભાવ ભક્તિ ક્યાંથી ? તેના વિના પ્રભુને પ્રસન્ન કરવાનું એક જ સાધન, તે દૈન્ય, ક્યાંથી આવવાનું ? શ્રીહરિરાયપ્રભુ આજ્ઞા કરે છે કે, આ સમયમાં તો નથી સન્માર્ગની મર્યાદા, કે નથી શ્રીમદાચાર્યચરણમાં નિષ્ઠા કે નથી દીનતા. ૫.

(અપૂર્ણ.)

पुष्टिभक्तिसुधा ।

पुष्टिमुक्तिविवृतिप्रकाशः ।

ममोत्तमश्लोकजनेषु सख्यं संसारचक्रे भ्रमतः स्वकर्मभिः ।
त्वन्माययात्मात्मजदारगेहेष्वासक्तचित्तस्य न नाथ भूयात् ॥१॥

श्रीकृष्णाय नमः

प्रणम्य श्रीमदाचार्यचरणांस्तत्कृपाबलात् ।
तदीयां पुष्टिमार्गीयमोक्षोक्तिं विवृणोम्यहं ॥ १ ॥

अथ श्रीमदाचार्यचरणाः पुष्टिप्रवाहमर्यादायां पुष्टेर्मार्गत्वस्य विवृतत्वेन तत्र पुमर्थानामवश्यवक्तव्यत्वात् पुष्टेः षष्ठस्कंधातुरीयस्य चास्पष्टत्वात् तन्निरूपणं प्रतिजानतोऽर्थत्वेन तत्र सपरिकरायास्तस्या निरूपितत्वात् तत्रत्यैर्वाक्यैरेव तान्विचारितवः पूर्ववाक्येषु धर्मार्थकामानां स्पष्टत्वात्तुरीयस्य चास्पष्टत्वात् न्निरूपणं प्रतिजानन्तो पुष्टिमार्गे मोक्षो निरूप्यत इति, “पोषणं तदनुग्रहः” इति लक्षणवाक्यात्पुष्टिरनुग्रहः, स च धर्मोत्तरमिति भक्तिहेतुनिर्णये स्थितं, स एव फलसाधनत्वात् मार्गः, तत्र मोक्षो “मुक्तिर्हित्वान्यथारूपं स्वरूपेण व्यवस्थितिरि”ति वाक्योक्तलक्षणकः अन्यथारूपत्यागपूर्वकं स्वरूपेणावस्थानं, निरूप्यते तरवैलक्षण्येन ज्ञाप्यत इत्यर्थः.

ननु “प्रसंगमजरं पाशमात्मनः कवयो विदुरि”ति “स्नेहपाशैर्नेपथ्नाति भवान्सर्वमिदं जगदि” त्यादिवाक्यैर्बन्धस्य स्पष्टत्वेन तदभावरूपमोक्षस्यापि तथात्वात्तस्य च मार्गमात्रतुल्यत्वादपार्थोऽयं प्रयास इति शंकायामाहुः, ममेत्यादि, मोक्षस्येतरवैलक्षण्येन ज्ञाप्यतया वैलक्षण्यप्रतियोगिनो बन्धस्य वक्तव्यत्वे, स्थितौ उपादेयतया प्रतियोगिभूतायां बंधः संसारकारणभूत उक्तविधस्तस्य सहेतुकस्य तत्र “सत्त्वं निर्मलत्वादि”त्यादिगीतावाक्याद्धेतवो गुणास्तस्मात्तस्य बंधस्याभावो ध्वंसादिर्मोक्षः, पुष्टिः पुष्टिसरणीस्तद्विपरीता विरुद्धलक्षणा, तथाच तत्र संसारास्पदेषु प्रसंगासक्ती मोक्षस्तदभावश्च बंध इत्यर्थः, तत्र मोक्षस्तु अग्रे स्फुटिष्यति, बंधस्तु तृतीयस्कंधनवमाध्याये ब्रह्मस्तुतौ “अह्न्यापृतार्तकरणा” इत्यस्य सुबोधिन्यां व्युत्पादितः, ये पूर्वजन्मनि भगवत्पादार्चनपराः तेभ्यः स्वोक्तनिवृत्तिमार्गकरणाद्भगवान्प्रसन्नो भूत्वा सत्यादि-

लोकेष्विह वा किंचित्प्रसादं प्रयच्छति तदा नेदमस्माकमपेक्षितमिति ततो विमुखाः प्रमात्मभावचिंतनेनैव प्राप्तदेहावसानामेतिश्लोकोक्तरीत्या इहैव संचरंतीति स्वयुक्तस्वाभिमानेन भगवदुत्तमप्रसादास्पृहाणां ऋषीणामप्येवं भाव इति।

ननु मार्गैक्ये साधनस्य समानतया वैजात्याभावात् फले कथं भेद इत्यत आहुः, तत्रेत्यादि, तथाच मार्गे अवांतरभेदान्मोक्षभेद इत्यर्थः।

ननु किंनिबंधनो भेदः, कथं च मोक्षभेद इत्यत आहुः, मोक्षे हीत्यादि, वेदोक्ताः कर्मज्ञानभक्तयो मर्यादेति पुष्टिप्रवाहमर्यादायां स्थितं, तेष्वत्र प्रकरणवशाद्द्विविधज्ञानभक्ती ग्राह्ये, योगोपासनादिग्रहणे त्रयो वा, तथाच तया ताभ्यां तैर्वा मिश्रितोऽनुग्रहः पुष्टिमर्यादा तयैकः, अनुग्रहांतरेण मिश्रितोऽनुग्रहः पुष्टिपुष्टिस्तथेतरः, इतिभेदनिबंधकमुक्तं, स्वरूपभेदकमाहुः, भगवदित्यादि, तथाचाद्यया भगवतः परोक्षानुभवः, इतरया च प्रत्यक्षानुभवः, इति ताभ्यां कृत्वा भक्तरूपावस्थितिरूपमोक्षस्यापि स्वरूपभेद इत्यर्थः।

एवं श्लोकार्थं संगृह्य पूर्वस्य गुणभावं स्पष्टयितुं पूर्वार्द्धस्यपदानि विवृण्वंतः पूर्वश्लोकेषु हरेरसमंजसारविंदाक्षपदैः संबोधनेन भगवत्प्रत्यक्षतायाः स्पष्टत्वादत्रापि संबुद्धिः संभाव्यते, तथासति हे उत्तमश्लोक उक्तविधस्य मम जनेषु सख्यं न भूयादिति जननादिधर्मवत्सख्याभावप्रार्थनं श्लोकार्थो भवति, स चाऽपुनर्भवपर्यंतमनाकांक्षतो मनसा भगवंतं दिदृक्षतश्च प्रतिबंधकनिरासस्य प्रागेव जातत्वात्तादृशां सख्याभावे स्यादेव निरस्त इति न युज्यतेऽतःसमासप्रादृत्यान्य एवार्थो वक्तुमुचित इत्याशयेनाहुः, प्रत्यक्षेपीत्यादि, अप्रत्यक्षप्रादिनापि संबोधनानुरोधेन मोक्षसंविधानस्य “ अहं समाधाय मनो यथाह संकर्षणस्तच्चरणारविंदे ” इतिवाक्यात् पूर्वसर्वस्मरणस्य चावश्यवाच्यत्वात्तस्यैकांतभक्तत्वमवश्यं वाच्यं, तथा तादृशस्यासुत्यागावसरे भीष्ममुक्ताविव भगवदनुकंपा, तथा दर्शनदानं चावश्यं मंतव्यं, तथा सति कानुपपत्तिः प्रत्यक्षे? तस्मादुक्तं प्रत्यक्ष इति, एवं यद्यपि भगवान् प्रत्यक्ष इति मम स्वकीयेषु जनेष्विति वक्तव्यं, तथापि यद्वेवमुक्तं, तेन उत्तमैर्यथार्थशास्त्रार्थवेदिभिः श्लोक्यते कीर्त्यत इत्युत्तमश्लोकः, उत्तमा परापरविद्यागोचरा ना श्लोका कीर्तिर्यस्य स, तथा तस्य ये जनाः, “ न कर्मबंधनं जन्म वैष्णवानां च विद्यते विष्णोरनुचरत्वं हि मोक्षमाहुर्मनीषिण” इति वाक्याज्जन्मयुक्तास्तेष्विति, यः समासः स शास्त्रार्थत्वाय भगवतः शास्त्रार्थरूपत्वं ज्ञापयितुमित्यर्थः,

अत्र क्रियार्थोपपदस्य च कर्मणि स्थानिनः इत्यनेन तुमुनो अप्रयोगे चतुर्थी, फलेभ्यो यातीतिवत्।

ननु शास्त्रार्थत्वं प्रथमश्लोकपदीयसमासेनैव प्राप्यते, न तु पदत्रयसमासेन, तथा च तादृशत्वेन संबोध्य प्रतिबंधकाभावप्रार्थनं सत्संगादौ पर्यवसास्यतीति कथं संपूर्णस्य तदर्थं इत्यत आहुः, भक्तेत्यादि, तथाच "वैयासकिः स भगवानथ विष्णुरात इ"त्यत्रेव तादृशसत्संगे तेष्वाविष्टो भगवान् तद्द्वारा फलतीति पदत्रयसमासमहिम्ना लभ्यते; तदभावे तु केवलेन संबोधनेनोदासीनतया सत्संगासेपारमार्पणमसंगतं स्यादतः पदत्रयसमास एवादरणीय इत्यर्थः।

ननु तादृशसत्संगेपि शास्त्रार्थरूपस्य परोक्षेण प्रकाशाच्च चानुभवामीति अस्य यामाधारकथं फलतीत्युच्यत इत्यत आहुः, पौरुषेत्यादि, "नैकात्मतां मे स्पृहयंति केचिन्मत्पादसेवाभिरता मदीहाः येऽन्योन्यतो भागवताः प्रसज्य सभाजयंते मम पौरुषाणी" त्यत्र श्रीकपिलदेवैर्भगवदीयानां परस्परासक्तिपूर्वकं भगवत्पौरुषसंमाननरूपं जीवतां साधनमुक्तं, चोप्यर्थे, "तस्मात्त्वेन मुनयो राजन्विधिनिषेधतः नैर्गुण्यस्था रमंते स्म गुणानुकथने हरेः" "परिनिष्ठितोपि नैर्गुण्य उत्तमश्लोकलीलया गृहीतचेता राजर्षे आख्यानं यदधीतवान् तदहं तेभिधास्यामि निवर्ततर्षैरुपगीयमानाद्भवौषधाच्छ्रोत्रमनोभिरि"त्यादिषु गुणातीतानां स्वरूपावस्थितानां रतिविषयत्वेन च कथनात्फलं तथा च तद्दानेन फलतीत्यर्थः, यद्वा चः समुच्चये, तथा च यथा काव्यश्रवणे वर्णनीयस्य परोक्षत्वेनापि विगलितवेद्यांतरमानंदो लौकिकानां तथात्र स्वानंदवद्गुणांश्च समाजयन्ति तथेत्यर्थः।

नन्वेतादृशं फलं श्रवणेपि भवति यथा परीक्षितः तस्यापि "नानुतृप्ये जुषन्युष्मद्वचो हरिकथामृतं येन येनावतारेणे"त्यादीनां गुणभाजनवाक्यानां दर्शनात्, तत्र च वक्तुरपेक्षया हीनभावस्य स्फुटत्वात् संगमात्रमेव तदर्थं प्रार्थ्यं सख्ये को विशेष, इत्यत आहुः, भक्तेष्वित्यादि, इमानि वाक्यानि समाजनप्रयोजकानि न तु समाजनरूपाणि, स्वरूपादिज्ञानपूर्वकवदनुवादस्य समाजनत्वात्, "कच्चित् समाजयन्त्यार्या गुणज्ञाः सारभागिन" इत्यादौ तथा दर्शनात्, परीक्षिद्वाक्यानां गुणादिज्ञानार्थत्वात्, अतस्तादृशभावस्य वक्तृश्रोतृसफलत्वेन साधनत्वं, तत्र दास्यपर्यवसानां तुल्यं, सख्यस्य तु तदीयस्वरूपमानसजनकत्वमिति विशेषाच्च स्वार्थमपीत्यर्थः।

नन्वभयं विशोकत्वमपारतंत्र्यं च मोक्षलक्षणं "अभयं वै जनकप्राप्तोसि" "स्मर्तव्यश्चेच्छताभयं," "तरति शोकमात्मवित्" "तदस्य संसृतिर्बन्धः पारतंत्र्यं च तत्कृतमि"त्यादिवाक्यात्, प्रकृते तु "निवृत्ता विधिनिषेधत" इत्यनेन एत ह वाव तपतीति श्रुत्यर्थस्फुरणात्तेषां भयाभावशोकाभावयोः सत्त्वेपि सख्यस्य संबंधिकत्वेन पारतंत्र्याच्च मोक्षत्वमित्यत आहुः, सर्वथेत्यादि, तथा च दयाभयादिवत्तत्संबंधकत्वेपि स्वधर्मत्वेन तेषु विद्यमानः सख्यरूपो धर्मो मत्संबंधोप्यस्त्वित्याशयेनात्र स्वनिष्ठस्य भक्तविषयस्य सख्यस्य कीर्तनं वृत्रवत्तत्प्रेमविषयिकत्वेपि तस्य विद्यमानतया सर्वथा स्वातंत्र्यं ज्ञापयितुं, तेन न मोक्षत्वहानिरित्यर्थः ।

ननु सख्यस्य स्वतंत्रत्वेपि स्वस्य सख्येन श्रोतृत्वे वक्तृपारतंत्र्यान्मुक्तत्वहानिस्तेषां च जनत्वेनोपोत्यादिभावविकारदशापत्तौ प्रतियोग्यभावेन सख्यस्याप्यभावे देशकालपरिच्छेदात् सख्यस्य मुक्तत्वहानिरित्यत आहुः गुणेत्यादि, तथा च बहूनां युगपद्वक्तृत्वासंभवाद्बहुत्वेन तेषां श्रोतृत्वस्फोरणात् स्वस्य वक्तृत्वे स्वातंत्र्यसिद्ध्या प्रतियोगिबाहुल्येनैकप्रतियोगितिरोधानेपि वैशेषिकप्रतिपन्नसमवायवत् सख्यस्यात्मपरिच्छेदासिद्ध्या च न स्वस्य मुक्तत्वहानिर्वा सख्यस्य मुक्तित्वहानिरित्यर्थः ।

ननु स्वल्पवक्तृत्वेन स्वातंत्र्ये भक्तावज्ञादोषः संबध्येतेत्यत आहुः, जनत्वादित्यादि, तेषां शास्त्रार्थज्ञातृभक्तत्वेपि जननादिधर्मयोगेनास्वतंत्रत्वबोधनादत्र स्वातंत्र्येण दोषो न संबध्यते यथा ज्ञानिषु सनंदनस्य तथेत्यर्थः ।

ननु मोक्षे दुःखासंभेदस्य सुखावच्छेदकत्वात् प्रकृतमोक्षसुखस्य श्रोतृसापेक्षत्वात् तादृशश्रोतृप्राप्तेर्विचयनसापेक्षत्वात् पौरुषस्य ज्ञानविषयत्वे समागमसिद्धेर्दर्शनस्य च श्रवणेन जायमानस्य भक्ताधीनत्वाद् वक्तृप्राप्तेरपि विचयनसापेक्षत्वाच्च प्रयाससापत्त्या दुःखसंभेदेन तादृशस्य कथं मोक्षत्वमित्यत आहुः, संसारस्येत्यादि, चक्रे भ्राम्यन् हि सं त्वं देशं शीघ्रमुपयाति सदृशविसदृशौ संयुनक्ति वियुनक्ति चेति न तत्र तत्संपादनप्रयासः, तथा च परिभ्रमेण च विषयोपार्जनं च ताभ्यां यः क्लेशस्तदभावोत्र संसारस्य चक्रत्वकथनेन सूचित इति दुःखसंभेदाभावाच्च तत्सख्यस्य मोक्षत्वहानिरित्यर्थः ।

ननु तथापि संसारपदेन क्लेशसाधनतापि स्फुटतीति कथं दुःखासंभेद इत्यतस्तत्तात्पर्यमाहुः क्लेशसाधनेत्यादि, तथा च तेन पदेन भगवंतं प्रति तया सा सूचितेति तदर्थं तत्पदप्रयोगो न क्लेशबोधनायेति न दुःखसंभेद इत्यर्थः ।

नन्विदं सूचनं प्रार्थनाफलकं तथा सति कथं क्लेशाभाव इत्यत आहुः, योग्येत्यादि तथा चेतःपरं भगवदिच्छया अन्तिमदेहप्रपातादितः प्रागेव क्लेशो नत्वेतदुपरमप्रीति न दुःखसंभेद इत्यर्थः ।

ननु कार्यमात्रे मति भगवदिच्छायाः कारणत्वेन क्लेशेपि तस्या एव तथात्वादीदृशभक्तस्य तत्स्फूर्तेरेवोचितत्वात् कथं तदनुक्तिरित्यत आहुः, क्लेश इत्यादिवहुधमनमित्यंतं । आवश्यकत्वायेति तत्फलभोगावश्यकत्वाय, तथा च तथोचितं किंतु कर्मपदमेवोचितं तथेतत्क्लेशे प्रार्थनाप्युचितेत्यर्थः ।

ननु "अतो वै लोक एतस्मिन्नविद्याकामकर्मभिः उच्चावचासु गतिषु न वेद स्वां गतिं भ्रमन्नि"त्यत्र भयानां भ्रमणकारणत्वसिद्धेः कथं कर्ममात्रस्यैव करणत्वेन कथनमित्यत आहुः पञ्चेत्यादि कर्माभावे ताभ्यां तथा भ्रमणाभावस्यानुभवसाक्षिकत्वाद्भ्रमणे मुख्योपयोगः कर्मणामेवातस्तेषामेव तथात्वं चोचितमित्यर्थः ।

ननु भवत्वेवं तथापि सख्यं प्रार्थयत इति यदुक्तं तदसंगतं, प्रार्थनावाचकपदस्याभावानुपलंभादतो व्याख्यानं सर्वमेव संदिग्धमित्यत आहुः, अस्या इत्यादि, तथा च तदर्थयोग्यमात्रेणोक्तेर्न संदेहमित्यर्थः, सिद्धमाहुः यथाचेत्यादि, पुष्टिप्रवाहमर्यादायां "तस्माज्जीवाः पुष्टिमार्गे भिन्ना एव न संशय" इति जीवभेदं पूर्वोक्तहेतुभिर्निगमयित्वा भगवद्रूपसेवार्थं तत्सृष्टिः तेषां स्वरूपादिभिर्भगवत्तुल्यत्वं सेवासिद्ध्यर्थमौपचारिकत्वं चोक्त्वा तेषां शुद्धमिश्रभेदेन द्वैविध्यं प्रतिज्ञाय मर्यादामिश्राणां गुणज्ञत्वं लक्षणमुक्तं, तत्र भगवद्रूपसेवार्थं सृष्टत्वे सति स्वरूपादिभिर्भगवत्तुल्यत्वे सति सेवार्थमौपचारिकत्वे सति भगवद्गुणज्ञत्वं मर्यादामिश्रपुष्टजीवत्वमिति फलति, तथा "वैदिकत्वं लौकिकत्वं कापट्यात्तेषु नान्यथा वैष्णवत्वं हि सहजं ततोन्यत्र विपर्यय" इत्यन्यथारूपज्ञापनपूर्वकं सामान्यलक्षणं भक्तानां तथोक्तं, तन्मूलेनैकात्मत्वं । ये प्रायेण मुनयः परिनिष्ठितोपीत्येतेषु प्रमापयन् व्यासपुत्रः अधुनापूर्वं द्वैपायनाच्छुको नमो भगवानेव शंकरः सेनापतीर्योस्मी स्वं भावं परमं पदं तं स्कंद इत्याचक्षते सुदर्शनदीक्षितभंगे गोविंदभुजगुप्तायां द्वारावत्यां कुरूद्वह अवात्सीन्नारदोभीक्ष्णं कृष्णोपासनलालस इत्यादिभिः शुकसनत्कुमारनारदेषु स्फुटं, तथा "कायेन तु फलं पुष्टाविति" पुष्टिफलस्य स्वरूपसाध्यत्वं तथोक्तं, तद्य प्रेमासक्तिः सभगवानित्यनेनोक्तं, तेन लौकिकत्ववैदिकत्वरूपा इत्यर्थः, अत्रापि पूर्वकक्षा परीक्षिति उत्तरकक्षा सनत्कुमारादिषु ज्ञेया, छान्दोग्ये सनत्कुमार-

नारदसंवादे सर्वात्मभावविषयकतया तस्मिंस्तथात्वस्य स्पष्टवचनत्वात्, श्रुतिगीतार्थनिर्णयस्याभजनार्थतायाः सुबोधिन्यां निर्णीतत्वाच्चेति, अयं च मोक्षः प्रायस्तुरीयाश्रमाणां हंसपरमहंसानामेवेति भाति, उदाहरणस्य तेष्वेवोपलंभादिति दिक्।

अतःपरं पुष्टिपुष्टिमोक्षं विवरितुमाहुः द्वितीयादित्यादि, ननु प्रसंगमजरं पाशमात्मनः कवयो विदुः स एव साधुषु कृतो मोक्षद्वारमपावृतं, यच्चे साधवः साध्वी सत्संगेन हि दैतेया इत्यादिवाक्यैः सत्संगस्य मोक्षद्वारत्वात् पूर्वोक्तवाक्येषु गुणगानस्य फलत्वसाधनाच्च पुष्टिमर्यादामोक्षरूपत्वं तत्स्वरूपस्योचितं, तच्च पूर्वार्धे भूयादित्यदूरान्वयांगीकारेण सिद्धं, अतः परमुत्तरार्द्धे देहाद्यासक्तिबोधकं स्वविशेषणमवशिष्यते, निषेधो नाथपदं च, तथा सति देहाद्यासक्तिनिषेधः प्रार्थनीयत्वेन फलिष्यतीत्यासक्तिरूपो मोक्षः कथमथ कथं वा देहाद्यासक्तेर्मोक्षत्वमित्याकांक्षायां भगवदपरोक्षज्ञानेन पुष्टिपुष्टिमोक्षस्य पूर्वं व्यवस्थापितत्वादत्र तादृशत्वेन तस्या मोक्षत्वं वक्तुं देहाद्यासक्तिजनकमोहन विशेषमाहुः समासादित्यादि, मायाशक्तिर्हि मोहने अधिकृता तत्र यदि माया चाविद्या च स्वयमेव भवतीति श्रुत्या मायाविद्ययोरभेद आद्रियते तदापि ससर्जाग्रेऽन्धतामिस्रमथतामिस्रमादिकृत् महामोहं च मोहं च तमश्चाज्ञानवृत्तय इति तामिस्रमंधतामिस्रं तमो मोहो महातम इति द्वादशविंशाध्यायस्य वाक्ययोः पर्वक्रमभेदेनाविद्याभेदस्य तृतीयस्कंधसुबोधिन्यां विंशाध्याये भगवत्कर्तृकत्वकथनपूर्वकं व्युत्पादनात् पूर्वापेक्षया उत्तमत्वस्य च ततोऽपि देहाहंकारः भगवत्सेवौपयिकत्वादुत्कृष्ट इति पंचपर्वव्याख्यानेन सूचनात् भगवद्वैमुख्यात् महाभोगेच्छारूपस्य तत्प्रथमपर्वण इंद्रे वर्धमानस्य मखभंगवृत्रकरणलीलोपयोगितायाः भोगेच्छारूपस्य द्वितीयस्योग्रसेनादौ अज्ञानस्य तृतीयस्य सद्यो नष्टस्मृतिरित्यादौ मोहस्य चतुर्थस्य कालियदमनादौ महामोहस्य पंचमस्य सर्वौपयिकतायाः सर्वत्र स्फुटत्वाच्च तदुत्तमतायाः स्फुटत्वेन प्रकारभेदो मोहने, यदि च "विद्याविद्ये मम तनू विद्ध्युद्धव शरीरिणां मोक्षबंधकरी आद्ये मायया मे विनिर्मिते" इति वाक्ये कार्यकारणभावेनयोर्भेद आद्रियते तदाप्यविद्याकृतं मोहनं संसाराय मायाकृतं तु भगवल्लीलार्थं तदपि वैष्णवीं व्यतनोन्मायां प्रजास्नेहमयीं प्रभु ते तदाप्याविद्याकृतं मोहनं"रित्यादौ स्फुटं, प्रकृते च तत्राभिमतमतो तव माया त्वन्मायेति साक्षात्संबंधबोधकाच्छब्दाद्विनाभूता माया त्वन्मायेति वा तथाभूतात्समासादेव भिन्नतया भगवत्संबंधराहित्येन केवलं संसारार्थतयेति याव(तथा न मायामोहनमित्यर्थः।

ननु भक्तेः भक्तिमदविनाभावस्य साक्षात्संबंधस्य च सर्वजनीनत्वात् सर्वत्र सिद्धत्वाच्च सर्वदैव तथात्वेन भगवदि वैष्णव इति पूर्वजन्मीनस्यापि देहपुत्राद्यासक्तिरूपमोहस्य तथात्वेन तस्य च बंधकतायाः पुत्रे पुत्रशोकशापादिकथया स्फुटत्वेन प्रकृते ततः को विशेषो येन मोक्षत्वमित्यत आहुः पूर्वेत्यादि, अविनाभावस्यानुक्तसिद्धत्वेन तद्बोधकपदोक्तिप्रयोजनाभावेऽपि या तदुक्तिः सेदानीं प्रार्थ्यमानस्य मोहस्य तच्चिकीर्षितलीलार्थत्वं बोधयतीत्येष पूर्वस्माज्जन्मनो विशेष इत्यर्थः।

ननु भवतु लीलार्थत्वं तथापि मायामोहो भगवदज्ञानस्य ये संवसंतो न विदुर्हरिं मीना इवोडुपमित्यादिषु सिद्धत्वात् परोक्षज्ञानमपि चेद्दूरे कुतस्तर्हि प्रत्यक्षसंभावना इति पूर्वोक्तप्रत्यक्षस्य तु प्रत्यक्षमेवेत्यत आहुः आभिमुख्यं चेति, तदि भगवतो नाभिमुख्ये प्रकृते प्रत्यक्षं भगवंतं प्रति युष्मत्पदोक्त्या आभिमुख्यं सूच्यते, तेन यथा वैष्णवीं व्यधुनोदित्यादौ मोहनं तथाभिप्रेतं तथ प्रत्यक्ष इति न व्यवस्थाभंगलेशोऽपीत्यर्थः, उक्तं विशेषं निगमयितुं पूर्वं जातयोः सख्यासख्योः स्वरूपं परिच्छिंदंतः प्रथमं सख्यपरिच्छिंदन्ति चक्रएवेत्यादि, पूर्वं नारदांगिरसोर्मर्यादापुष्टिभक्तयोर्यत्सख्यं तत्स्वकर्मभिः संसारचक्रे भ्रमत एव, अत एव शास्त्राभिनिवेशं ते पुत्रमेव दत्तवानित्यंतान्यंगिरोवाक्यानि अभ्रंशितकामायो इमेशासिश्च न भगवदिच्छया परासित इव न कर्मबंधस्याभिकृपा तयोर्विप्रयोगिकसख्यस्वरूपं परिच्छिन्नं, तेन एतादृशभगवद्भक्तसख्यं पुष्टिमर्यादायां मोक्ष इत्यत्रापि कर्मबंधस्याभिकृपा भगवदिच्छयेति विशेषणीयमिति बोधितं, अतः परमासक्तेः परिच्छिंदंति हिरण्येत्यादि अत्र सख्यपदरहितां पूर्वफक्किकामनुषज्य पासक्तिपदं चाध्याहृत्य योजनीयं, तथा च तत्प्रतिबिम्बित स्वस्यापीतःपूर्वं इन्द्रदेहे चित्रकेतुदेहे च शापप्रयोजकशिवोपहासादिना तथात्वादासक्तिरपीतःप्राक्तना चक्रे परिभ्रमत एव न तु कर्मस्याजकपूर्वोक्तयोः संपादकभगवदिच्छयेत्यर्थः । तेनैवं प्राक्तनोभयस्वरूपनिष्कर्षेण प्रार्थ्यमानयोर्विशेषो निगंतव्य इति भावः ।

नन्वस्त्वेवं तथाप्यग्रे प्रार्थितं सेत्स्यतीत्यत्र किं गमकमत आहुः कृतार्थेत्यादि, पूर्वसंदर्भे भक्तत्वस्य स्फुटत्वादत्र च नाथपदप्रयोगेण दैन्यादिभावबोधनात्तत्कानां दैन्यमेवैकं हरितोषणसाधनमिति सर्वत्र दर्शनेन भगवत्तोषादिति तत्प्रयोगादेव तत्सिद्धिः सूचितेत्यर्थः ।

नन्वमासक्तिरूपैव कृतार्थतेत्यत्र किं गमकमत आहुः तदंतरेत्यादि, इदंवाक्यं

पंचमस्कंधीयषष्ठे ऋषभचरितसमाप्तावस्ति, तत्र तस्मिन् च पूर्वगद्ये चरितश्रवणश्रावणयोः फलं भक्तिरिति भगवति तस्मिन् वासुदेव एकांततो भक्तिरनयोरपि समनुवर्तत इत्यनेनोक्ता, तदग्रिमं यस्यामेव कवय आत्मानमविरतं विविधवृजिनसंसारतापोपतप्यमानमनुसवनं स्नापयंतस्तयैव परया निर्वृत्या ह्यपवर्गमात्यंतिकं परमपुरुषार्थमपि स्वयमासादितं नो एवाद्रियंते भगवदीयत्वेनैव परिसमाप्तसर्वार्था इति पद्यते, तत्र संसारावस्थावस्थितानां कवित्वेन भगवद्गुणगातॄणां भक्तिजन्यसुखेन भगवद्दत्तपरमोक्षा सर्वार्था इति नादरपूर्वकं भगवदीयत्वधर्मेण सर्वतः सम्यक्प्राप्तसर्वपुरुषार्थत्वमुक्तम्, तावता सालोक्यसार्ष्टिसामीप्यसारूप्यैकत्वमप्युत दीयमानं न गृह्णंति विना मत्सेवनं जनाः स एव भक्तियोगाख्य आत्यंतिक उदाहृत इति च स्मारितं, तेन तादृशपरमभक्तियुजां संसारस्य मुक्त्याधिक्यं तत्र स्फुटति यद्यपि स्वविशेषणनाथपदप्रयोगाभ्यां स्फुटतीति तदंते तादृशसिद्धार्थं हृदिकृत्वा प्रार्थनैव तादृशासक्तिरूपफलार्थत्वगमिकेत्यर्थः, सिद्धावाप्तिति ल्यब्लोपे पंचमी ।

नन्वस्त्वेवं तथापि त्रिवर्गस्य गृहाश्रमे संसिद्धमोक्षस्येतरेषु संसिद्धेः भक्तेः च दारात्मजपक्षाभ्यां गृहाश्रमबोधनात् तस्मिन्नितरेतरविरुद्धचतुर्वर्गानुपपत्तिसिद्धिर्न बुद्धिमधिरोहतीत्याकांक्षायां तदनुभवप्रकारमाहुः धर्मेत्यादि मायेति, पूर्वोक्ता करोतीति पुष्टिपुष्टिभक्तानां करोति, तत्रेति तेष्वध्यासेषु प्रसिद्धेति ब्राह्मणत्वाद्यभिमानाभावे वासंतिकाधानादिकरणायोगात्तदुपदेशशास्त्राक्रतत्करणाभ्यां प्रसिद्धा पुत्रेत्यादिपुत्रे प्राणाधिकप्रियत्वप्रमानात् तत्र ममतारूपस्तत्साकल्यवैकल्य स्वसाकल्यवैकल्यमानाभावे देहप्राणवियोगाच्च तदार्थेऽहंतारूपो वा प्राणाध्यासस्तस्मिन् सति तदुपार्जनप्रयत्नात् प्राणाध्यासेऽर्थसिद्धिः प्रसिद्धेत्यध्याहारेण योज्यं, तेष्वेव ममतारूपोऽध्यासो वा मूले पुत्रपदमर्थमात्रोपलक्षकमित्याशयेनैव मुक्तं, स्त्रियेत्यादि अत्र इंद्रियाध्यास स्त्रियामेव ममतापि वा तेन कामसिद्धिस्तये त्यर्थः, भक्तानामित्यादि “ ब्रह्मानंदे प्रविष्टानामात्मनैव सुखप्रमा संघातस्य विलीनत्वाद्भक्तानां तु विशेषतः सर्वेंद्रियैस्तथा चांतःकरणैरात्मनापि हि ब्रह्मभावात्तु भक्तानां गृह एव विशिष्यते ” इति निबंधे कारिकाभ्यां, “ पश्यंति ते मे रुचिरावतंसस्मृतावलोकारुणलोचनानि रूपाणि दिव्यानि वरप्रदानि साकं वाचं स्पृहणीयां वदंति तैर्दर्शनीयावयवैरुदारविलासहासेक्षितवामसूक्तैः हृतात्मनो

हृतप्राणांश्च भक्तिरनिच्छतो मे गतिमण्वीं प्रयुंक्ते" इति श्रीकपिलदेववाक्यद्वयार्थः संगृहीतः । तदुक्तन्यायान्मोक्षानिच्छापूर्वकभगवदेकतानतारूपान्मोक्षस्त्वावि हीवित-क्षीकोपयुक्तगृहासक्तिपूर्वकभगवदानंदानुभवरूपो मोक्षो गोपिकादिरूपाणां प्रसिद्ध इति योजना, तथा च तस्मात् परस्पराविरोधे व्रजभक्तादीनामेवंरूपं प्रकार इत्यर्थः, अस्तु तादृशोऽनुभवप्रकारो विवक्षितोऽन्तःकरणाध्याससाध्य एवात्र किं गमकमत आहुः चित्तस्येत्यादि, "यत्तत् सत्त्वगुणं स्वच्छं शान्तं भगवतः पदं यदाहुर्वासुदेवाख्यं चित्तं तन्महदात्मकं" मिति कपिलवाक्येन सर्वेष्वन्तःकरणेषु चित्तस्य वासुदेवात्मकत्वात् सृष्टिस्थितिभङ्गमोक्षकर्तृषु प्रद्युम्नादिषु चतुर्षु वासुदेवस्य मोक्षदातृत्वादत्र मोक्षप्रकरणाच्च चित्तपदप्रयोगः । तथा च स एवोक्तप्रकारानुभवस्तस्यान्तःकरणाध्याससाध्यतया च विवक्षितत्वगमक इत्यर्थः । अनेन तादृशासक्तेर्मोक्षत्वे युक्तिरपि स्मारिता, तथाहि, यथेदं चित्तस्य वासुदेवात्मकत्वबोधकं वाक्यं तथैव मनसो निरुद्धत्वबोधकमहंकारस्य संकर्षणत्वबोधकं च वाक्यमस्ति तेन चतुरंतःकरणाधिदैविकत्वं तेषां व्यूहानां तत्र सिद्धं । अन्तःकरणरूपाश्च त एव । किंच यो योऽध्यासः स सर्वोऽप्यहंकाराध्यासपूर्वकः, अहंकारश्च संकर्षणात्मकः, तथा चाहमित्यध्यासस्तदहंब्रह्मोपासनातुल्यफलो भवति, अहंब्रह्मोपासना च सर्वतापनीयसिद्धा । तथा च सा यथा मोक्षफलकत्वात् मोक्षरूपा तथायमध्यासोऽपि मोक्षफलकत्वान्मोक्षरूप इति तन्मूला देहाद्यासक्तिरपि तथेति ।

ननु सर्वमिदं तदोपपद्येत यदान्तरानुपयोगो न स्यात्, दृश्यते च स इति नायमर्थः साधीयान्, किंतु स्वकर्मभिः संसारचक्रे भ्रमतो मम उत्तमश्लोकजनसख्यं भूयात् तस्य प्रार्थनीयत्वे हेतुः त्वन्माययात्मात्मजदारगेहेष्वासक्तचित्तस्य नेति भवापवर्गो भ्रमतो यदेति वाक्याद्देहासक्तौ तत्र भवतीति तदभावपूर्वकतत्सख्यप्राप्तिप्रार्थनेत्ययं युक्त इत्यत आहुः क्रीडेत्यादि, उक्तसख्यस्येति शेषः, अयमर्थः, त्वया देहाद्यासक्तत्वेन अनुपपत्तिमात्रमविवक्षितत्वगमकतयोच्यते, सा तु नास्ति, तथाहि अत्र संदर्भे अहं समाधायेत्यादि वाक्यैर्वृत्रस्य स्वपूर्वजन्मीनसर्ववृत्तान्तस्मरणं निश्चीयते, त्रैवर्गिकायासेति वाक्यात्, स्वास्मिन्प्रसादानुमित इति च, एवं सति पूर्वजन्मीनान्याभिनिवेशांगिरःसंगपुत्रदानतच्छोकनारदोपदेशभगवत्प्रसादविद्याधराधिपत्यशिवोपहासांबिकाशापा अपि तस्य स्मृतिगोचरा इति, पूर्वप्रसादस्य परमफलासाधकत्वं स्मृत्वा सांप्रतप्रसादे किं भगवता विधेयमिति तदाशये संदिहानः इदानीं

च मरणकाल इतीदानीं गोचरो मोचयिष्यतेत्येवेति निश्चिन्वानः अनुगृहीतत्वात् पौष्टिकमेव दास्यतीति निश्चित्य पूर्वजन्मीननारदांगिरासख्यस्य प्रमत्तसख्यत्वं च निश्चित्य यदि पुष्टिमर्यादया दित्सति तदा पूर्ववन्माभूदिति सख्ये सविक्षेपणे हीति प्रकारनिषेधस्य पूर्वार्द्धेन प्रार्थना सख्यं भूयात्परं तथा न भूयादिति, यदि पुष्टिपुष्ट्या दित्सति तदा तयाऽसक्तचित्तस्य पूर्वार्द्धप्रार्थितं सख्यं न भूयादिति विशेष्यनिषेधस्योत्तरार्द्धेन प्रार्थनेति प्रकरणवशेनात्र वाक्यद्वयांगीकारस्योपपन्नत्वात् तत्र नानुपपत्तिरिति न सोर्थः किंत्वयमेव साधीयानिति । सिद्धमाहुः तथा चेत्यादि, वैष्णवत्वं हि सहजमिति पुष्टिप्रवाहमर्यादायां पौष्टिकानां सामान्यलक्षणात्तादृशः । न कर्मबंधनं जन्मेत्यपि पाद्माचद्व्यतिरेकेण केवला अविद्याकामकर्मभिरिति वाक्योक्तभ्रमणसाधककामकर्मा संसृष्टा या क्रीडासाधिका भगवन्माया तया गृहे गृहाश्रम एव पश्यंति ते प्र इत्यत्रोक्तरीत्या तदनुभवन् पुष्ट्या विमिश्राः सर्वज्ञा इति तेषां विशेषलक्षणात् सर्वं भगवदाशयपर्यंतं जानन् भगवदीयः यावन्न मयि ते नायेति विज्ञप्तिश्लोकोक्तरीत्या भगवता स्वीयत्वेन निश्चित इति द्वितीया पुष्टिपुष्टिकृता मुक्तिः, तथा च गृह एव तथानुभवत्वेन मर्यादापुष्टमुक्तव्यावृत्तत्वे सति " निर्गुणो मदपाश्रय " इत्येकादशे गुणातीतकर्तृलक्षणाद्भगवदीयत्वेन त्रिविधलौकिककर्तृव्यावृत्तत्वं पुष्टिमिश्रपुष्टजीवत्वं तेषां स्वरूपं तेन रूपेण यावज्जीवं स्थितिः सेत्यर्थः । अत्रापि पूर्वकक्षा यादवादौ, उत्तमा श्रीमदुद्धवादौ ज्ञेया " नोद्धवोऽण्वपि मन्न्यूनो यद्गुणैर्नार्दित " इति कर्मबंधव्यतिरेकस्य त्वम्णक्ष मे मोहमहांधकार इत्यत्र प्रसारितः सृष्टिविवृद्धये तयेति भगवन्मायया देहाद्यासक्तेः । अथापि तदभिप्रेतं जानामीति तादृशत्वस्य स्फुटत्वादिति, एवं पुष्टिमार्गे द्विविधं मोक्षं निश्चित्य " शुद्धाः प्रेम्णातिदुर्लभा " इत्यत्रविचारितानां शुद्धपुष्टानां फलस्य स्वरूपस्य चेतोप्यधिकत्वं हृदि कृत्वा भक्तसानामेतदंततां ज्ञापयितुमाहुः इयमित्यादि, इयमेव, नेतोधिकेत्यर्थः ।

नन्वाश्रयमेवाश्रय इत्यत्र किं मानमिति चेत्, उच्यते, अत्र भक्तानां गृह एव विशिष्यत इति न्यायोपक्षेपात् तद्व्याख्याने साधनं भक्तिः फलं मोक्षस्तथापि फलदशातः साधनदशैवोत्तमेति कथनेन अनिच्छतो गतिमण्वीं प्रयुंक्त मुक्तिदित्सासूचनात् शुद्धपुष्टानां तु मुक्तिरिच्छायामपि तदनुक्तेरिति जानीहि । न च भक्तानामित्यस्य स्वतंत्रभक्तानां गोपिकादितुल्यानामिति व्याख्यानान्नैवमिति संशयं, तस्य साधनदशामात्रोत्कर्षज्ञापनपरत्वात् । अन्यथाफलदशाकथनविरोधापातात् । व्रजस्थेषु वेणुगीते स्वाश्रयप्रापणं च प्रत्यापत्तिरिति प्रत्यापत्तेरेवांगीकारात् ।

नन्वस्त्वेवं, तथापि परमभक्तिस्वरूपे साधने तारतम्याभावात् फलभेदः किं प्रयुक्तो यः स्वरूपं भिनत्तीति चेत्, उच्यते, उत्तरतंत्रतार्तीयीकतृतीयपादीयाक्षरधियांत्ववरोध इति सूत्रोक्तोपसदन्यायेन भगवदिच्छाभेदादेवेत्यवेहि । ततस्तेष्वपि तारतम्यं भ्रमरगीतोक्तसंदेशस्वरूपाद् ज्ञातव्यं, एकादशीयद्वादशाध्यायस्थ'न रोधयति मां योग' इत्यारभ्य "यास्यसे ह्यकुतोभयमि"त्यंतात् सर्वात्मभावपूर्वकशरणोपदेशसंदर्भाच्च तेन पार्थो हि पुष्टिमर्यादायामंगीकृतो न तु पुष्टिपुष्टाविति न्यासादेशेष्वित्यत्र प्रकरणोक्तेः, सात्त्विकप्रकरणोक्तानां तत्सजातीयभाववतां प्रायः, राजसप्रकरणोक्तानां तादृशां चेतरः, तामसप्रकरणोक्तानां तु मत्स्यापत्तिरेवेति लीलापरिकरस्य यथास्थितस्य नित्यत्वमस्यामेव लीलायां सिद्ध्यतीति । किं च पूर्वोक्तोपदेशश्रवणोत्तरमपि संशयः शृण्वतो पार्थं तव योगेश्वरेश्वर न निवर्तत आत्मस्थो येन मे भ्राम्यते मन इति श्रीमदुद्धवोक्तेरयंभावोऽतिदुर्लभो भगवत्परमप्रसादादेव लभ्य इति च । तथाग्रे "त्वद्भक्तियोगं च महदिमृग्यं प्राख्याही"ति प्रश्ने 'भक्तियोगः पुरैवोक्त' इतिद्वादशाध्यायोक्तं तत्स्वरूपं स्मारयित्वा पुनश्च कथयिष्यामि मद्भक्तेः कारणमित्यादिना तदुपायकथनाच्चया तदुपायत्वज्ञानपूर्वकतत्करणेन प्रसन्नाद्भगवत एव तादृशप्रसादसिद्धिर्नेतरथेत्यादिकमालोचनीयमिति तदेतत्सर्वं हृदि कृत्वोक्तमियमेवेत्यादि, इतिदिक् ।

रससिंधुचंद्रसुतसारिरूपोऽत्रपुष्टिपुष्टिमकरंदरसः ।
इतिकृष्णचंद्रकृपया विदितः पुरुषोत्तमेन वचसा विवृतः ॥

इतिश्रीमद्वल्लभनंदनचरणैकतानश्रीपीतांबरतनुजपुरुषोत्तमकृतः
पुष्टिमार्गीयमुक्तिविवृत्तिप्रकाशः संपूर्णतामगात् ॥

श्रीसुबोधिनी.

फलप्रकरण.

આમ ત્રિવિધ ગોપીજનોનું ભગવાનની સમીપ ગમન થયું તે કહીને જેમને કાલ[1] પ્રતિબંધક થયો, જેઓ પૂર્વે જ[2] ભક્તિયુક્ત હતા, તેઓ ભજનાનન્દ અનુભવ્યા જ વિના પ્રતિબદ્ધ થવાથી જ ભગવત્સાયુજ્ય પ્રાપ્ત થયા તે કહે છે 'अन्तर्गृहगता' એમ ત્રણ શ્લોકથી.

अन्तर्गृहगताः काश्चिद् गोप्योऽलब्धविनिर्गमाः ।
कृष्णं तद्भावनायुक्ता दध्युर्मीलितलोचनाः ॥ ९ ॥

શ્લોકાર્થઃ—અન્તર્ગૃહગત કેટલાક ગોપીજનોએ કંઈ પ્રકાર નીકળવાનો માર્ગ નહિ પ્રાપ્ત કરવાથી નેત્રનિમીલન કરીને તે ભાવથી યુક્ત થઈને કૃષ્ણનું ધ્યાન ધર્યું. ૯.

દૈવગતિથી કેટલાક ગૃહમાંજ રહ્યાં. ચાતુર્યરહિત, અપ્રૌઢ, પતિસહિત રતિઓથી જ સુરક્ષિત તે ગોપવધૂઓને કંઈ પ્રકાર જવાનો માર્ગ પ્રાપ્ત થયો નહિ. તેથી પ્રતિબંધની નિવૃત્તિને માટે કૃષ્ણનું જ તેમણે ધ્યાન ધર્યું, પરન્તુ ભગવાન્ જાર અને હું અભિસારિકા એમ તદ્ભાવનાથી યુક્ત થઈને, અન્યથા પ્રતિબંધ ન થાત. આવા હોવા છતાં પણ નેત્રનિમીલન કરીને તેમણે ભગવાનનું ધ્યાન ધર્યું, તેથી તેઓ મુક્ત થઈ ગયા. ૯.

ત્યાં જ્ઞાન ન હતું, વિહિત ભક્તિ ન હતી, તેમ ભગવાનનું પણ સાન્નિધ્ય[3] ન હતું છતાં કેમ મુક્ત થયા એ શંકા થાય તેનો પરિહાર કરવાને કર્મક્ષયથી મુક્ત થયા તે કહેવાને કર્મક્ષયનો[4] પ્રકાર કહે છે:

---

[1] જેમને કાલપ્રતિબંધક થયો; આ ગોપીજનો ભક્ત હોવાથી કાલ પ્રતિબંધ કરી શકે નહિ એમ શંકા થાય પરન્તુ અહિ તાત્પર્ય આ છે. 'तर्कं पुरस्तात्' એ શ્લોકના દ્વિતીય વ્યાખ્યાન પછી 'જેમને સાક્ષાત્' ઇત્યાદિથી ઉક્ત પ્રયોજનાર્થ પ્રતિબંધ અવશ્ય કહેવો જોઈએ. ભગવાન્ તો ભક્તોને સ્વપ્રાપ્તિમાં પ્રતિબંધ સાક્ષાત્ નથી કરતા એ વસ્તુસ્થિતિ છે, તેથી અધિકારી કાલ આ પ્રભુનું કાર્ય કરે છે, એટલે કોઈપણ અનુપપત્તિ નથી. અહિ ગોપીજનોને પ્રતિબંધ સ્વપતિઓ તરફથી થયો છે, અને તૃતીય સ્કંધના નવમ અધ્યાયમાં અભગવદીયોને કાલભાગત્વ નિરૂપણ કરેલ છે, તેવી રીતે આ પતિઓ ભગવાનના ભજનમાં પ્રતિબંધક હોવાથી કાલભાગરૂપ છે. અર્થાત્ પ્રભુ સગુણ ભાવ ઉત્પન્ન કરી, તેમાં અન્યદ્વારા પ્રતિબંધ કરાવી, તે સર્વની નિવૃત્તિ સ્વયં કરે છે એટલે અનુચિત કોઈ નથી.

[2] પૂર્વેજ ભક્તિ યુક્ત હતા; આ ગોપીજનોને સાધનદશામાં જ ભક્તિ હતી, ફલ દશામાં તો જારત્વ બુદ્ધિ હતી.

[3] સાન્નિધ્ય ન હતું, પ્રભુનું બહિઃપ્રાકટ્ય ન હતું.

[4] કર્મક્ષય; કામાદિ ભગવત્પ્રાપ્તિમાં હેતુ છે એમ આગાડીના શ્લોકમાં વક્તવ્ય છે, છતાં અહિ કર્મક્ષયના પ્રકારનું નિરૂપણ કર્યું તે કર્મક્ષય એ અવાન્તર વ્યાપાર છે તે સમજાવવાને સમજવું.

दुःसहप्रेष्ठविरहतीव्रतापधुताशुभाः ।
ध्यानप्राप्ताच्युताश्लेषनिर्वृत्या क्षीणमंगलाः ॥ १० ॥

શ્લોકાર્થઃ—દુઃસહ એવા પ્રિયતમના વિરહના તીવ્ર તાપથી જેમનાં અશુભ-પાપ ભસ્મ થઈ ગયાં છે, ધ્યાનમાં પ્રાપ્ત થએલા અચ્યુતના આશ્લેષની નિર્વૃતિથી-સુખથી જેમનાં મંગલ, પુણ્ય, ક્ષીણ થઈ ગયાં છે. ૧૦.

દુઃસહ, ન સહી શકાય એવો, જે પ્રિયતમનો વિરહ, તે જ મહાન્ અગ્નિ છે. તેનો જે તીવ્ર તાપ તેનાથી પીવાયાં છે, જ્વાલિત થયાં છે, ભસ્મીભૂત થયાં છે, અશુભ—જેમનાં. દુઃખભોગથી કર્મનો ક્ષય થાય છે એ નિર્વિવાદ છે. કોટિ બ્રહ્મકલ્પોમાં કુંભીપાકાદિ નરકોમાં જેટલું દુઃખ થાય તેટલું દુઃખ ભગવાનના વિરહથી ક્ષણમાત્રમાં જ થયું. તેથી સર્વ પાપના ફલનો ભોગ સમાપ્ત થયો. પુણ્યના ક્ષયનો પ્રકાર કહે છે. સર્વ પાપનો ક્ષય થવાથી ભગવાન્ ધ્યાનમાં પ્રાપ્ત થયા, તે પણ અચ્યુત, પરમાત્મા છે. પણ[5] ધ્યાનમાં પ્રાપ્ત થયા ત્યાં જાર તરીકે નહિ, અન્યથા તેથી પણ કર્મશેષ રહે, તે પરમાત્માનો જે આ આશ્લેષ, સંયોગ, તેનાથી જે નિર્વૃતિ, સુખ, તેથી ક્ષીણ થયું છે મંગલ જેમનું. કોટિ બ્રહ્મકલ્પોમાં સ્વર્ગાદિ લોકોમાં જેટલું સુખ અનુભવાય છે તેટલું ભગવાનના આશ્લેષમાં ક્ષણમાત્રમાં અનુભવ્યું, આથી પુણ્યનો ક્ષય પણ થયો. ૧૦.

સુખભોગાર્થ જ ભગવાનનો પૂર્ણ આશ્લેષ કર્યો છે. ભોગ થયો તોપણ વિયોગજ પાપનો અભાવ હોવાથી તેઓ વિમુક્ત ન થયા. આથી સંગત જ તેઓ સ્થિત થયા. પ્રારબ્ધ કર્મનું નિર્વાણ થયું છે એવું શરીર તો પાડ્યું. જો ભગવાન્ આશ્લિષ્ટ ન હોત તો તો શરીરાન્તરમાં, પ્રવિષ્ટ થયેલા તેઓ શરીરગત ધર્મ અધર્મના ફલનો ભોગ કરત, પરન્તુ, ભગવાનમાં પ્રવિષ્ટ થએલા હોવાથી મુક્ત જ થયા, તે કહે છે.

तमेव परमात्मानं जारबुद्ध्यापि संगताः ।
जहुर्गुणमयं देहं सद्यः प्रक्षीणबन्धनाः ॥ ११ ॥

શ્લોકાર્થઃ—તે જ પરમાત્માને જારબુદ્ધિથી પણ તેઓ સંગત થયા, તેથી એમના બન્ધન પ્રક્ષીણ થયા, અને તેમણે તરત જ ગુણમય દેહનો ત્યાગ કર્યો. ૧૧.

પૂર્વ સંબંધ સમયે યદ્યપિ જાર બુદ્ધિથી પણ સંગત થયા જ, તેથી કર્મબન્ધન પ્રક્ષીણ થવાથી ગુણમય દેહનો તેમણે ત્યાગ કર્યો. તે સમયે અજ્ઞાન[7] વા અન્યથાજ્ઞાન

---

[5] યદ્યપિ આ ગોપીજનો જારબુદ્ધિવતીઓ હોવાથી જાર તરીકે ભગવાનનું ધ્યાન કર્યું તથાપિ ધ્યાનમાં આવિર્ભૂત ભગવાન્ જાર તરીકે પધાર્યાં ન હતા, પરન્તુ અચ્યુત તરીકે.

[7] અજ્ઞાનપદથી આપ પ્રોક્ત અને અન્યથાજ્ઞાન પદથી ઉપલક્ષિત મતાન્તરો સમજવા. તે સમયે, ભગવત્સંગ હતો ત્યારે આદ્ય ક્ષણમાં સંગ, દ્વિતીય ક્ષણમાં સંસ્થિતિ અને તૃતીય ક્ષણમાં નાશ એમ ત્રિક્ષણાવસ્થાન્વિત સમજવું. અત્ર ભગવત્સંગમાં અજ્ઞાન અથવા અન્યથાજ્ઞાન પ્રતિબંધક નથી કારણ કે ભગવાનના વિયોગમાં સ્વરૂપજ્ઞાન સ્થિર થાય, અને શરીરાન્તર હોય ત્યારે અન્યથા જ્ઞાનરૂપ મતાન્તર સ્થિર થાય, તે ઉભયનો અત્ર અભાવ હોવાથી તે બન્ને ત્રિક્ષણાવસ્થાયી થયા. અથવા, અજ્ઞાન તે ભગવત્સ્વરૂપનું અને

ત્રિક્ષણાવસ્થાયિ હોવાથી તે પ્રતિબંધક ન હતા. પ્રતિબંધક ન થયા કારણ કે વિપાકોન્મુખ પાપ ન હતું, તેમ શરીરાન્તરનું ઉત્પાદક કર્મ પણ ન હતું. પરન્તુ અવિદ્યા રહી છે, તે ભગવાનની શક્તિ છે, ભગવત્સંગતને તે વ્યામોહ કરતી નથી. તેથી તે પણ નિવૃત્ત થઇ. અર્થાત્ તેથી તેઓ મુક્ત[8] થયા. ૧૧.

અત્ર રાજા શ્રુતિવિરોધની શંકા કરે છે:—

कृष्णं विदुः परं कान्तं न तु ब्रह्मतया मुने ।
गुणप्रवाहोपरमस्तासां गुणधियां कथम् ॥ १२ ॥

શ્લોકાર્થઃ—હે મુનિ તેઓએ કૃષ્ણને પરકાન્ત જાણ્યા, નહિ કે બ્રહ્મતાથી, તો આવા ગુણબુદ્ધિવાળીઓનો ગુણપ્રવાહનો ઉપરમ—નાશ—કેમ થયો ? ૧૨.

'તેજ પરમાત્માને જાણીને અતિમૃત્યુ જવાય છે, મોક્ષ પ્રાપ્ત થાય છે, ત્યાં ગમન કરવાને અન્ય પન્થ નથી' એ શ્રુતિમાં જ્ઞાનને જ (તત્પ્રાપ્તિના) સાધન તરીકે કહ્યું છે. ત્યાંજ[9] પુનઃ 'ભક્તિથી જ વિષ્ણુ સંતુષ્ટ થાય છે, કોઇ અન્યથી નહિ, એ જ મુક્તિદાતા છે, અને કારણ તેમાં ભક્તિ છે.' અને ઉભયનો નિર્ણય નીચે પ્રમાણે છે. 'મન્નિષ્ઠ ધર્મિનિષ્ઠ, મદ્ધર્મનિષ્ઠ નહિ, જ્ઞાનયોગ, અને ભક્તિલક્ષણ નૈર્ગુણ્ય નિર્દિષ્ટ ભક્તિમાર્ગ એ બન્નેનો પણ એક જ ભગવચ્છબ્દલક્ષણ અર્થ છે' 'ભક્તિથી મને સર્વતઃ જાણે છે' એ પણ ભગવાને કહ્યું છે. તેથી, મર્યાદામાર્ગમાં જ્ઞાનથી જ મુક્તિ થાય છે. અને પુષ્ટિમાર્ગમાં ભક્તિ વા જ્ઞાનથી, પરન્તુ આમને તો બન્ને નથી, ભક્તિ પણ સગુણ[10] છે, જ્ઞાન પણ સગુણ છે, અથવા ઉભય[11] તામસ છે. આમ

અન્યથાજ્ઞાન તે પ્રભુમાં જારબુદ્ધિ. ઉભય આ ગોપીજનોને મુક્તિમાં પ્રતિબંધક નથી, કારણ કે ભગવત્સંગમાં તે સમયે ઉભય જ્ઞાન અને અન્યથા જ્ઞાન ત્રિક્ષણાવસ્થાયિ છે. આ ગોપીજનો ભગવાનમાં પ્રતિષ્ઠ હોવા છતાં પણ, અને સ્વાપ્નવત્, ગાઢ નિદ્રાવત્ અજ્ઞાનાદિ વાસનાયુક્ત હોવા છતાં, એમને મુક્તિમાં પ્રતિબંધ થતો નથી. અજ્ઞાન અને અન્યથાજ્ઞાન ત્રિક્ષણાવસ્થાયિ છે, પ્રતિક્ષણ વિલક્ષણ નાશ પામતી અવસ્થામાં છે તેથી સ્વરૂપથી તે પ્રતિબંધક નથી. આ ગોપીજનોમાં સાંસારિકી વિરુદ્ધ વાસના ન હતી, તેમ કર્મ પણ ક્ષીણ થયેલું હોવાથી તત્સ્થાપક શરીર નહિ હતું તેથી કોઇપણ પ્રકારે મુક્તિમાં પ્રતિબંધ થતો નથી.

[8] મુક્ત, ગુણાતીત અને તત્પ્રાપ્તિના અભિપ્રાયથી મુક્ત થયા એમ કહ્યું. આ ગોપીજનોના દેહાદિ સંઘાતમાં અભંગસતાની નિવૃત્તિને માટે અક્રૂરજીની માફક વ્યવહારસિદ્ધ્યર્થ અન્ય જીવ ભગવાને સ્થાપ્યા એમ સમજવું. આ ગોપીજનોને પ્રતિબંધ થવાથી ભગવત્સ્મરણ કર્યું, અને તત્સ્મરણથી ગુણમય દેહનો ત્યાગ કરી, ભગવત્સમીપ ગયા, ત્યારે પ્રભુએ એમના ગુણમય દેહોમાં અન્ય જીવ વ્યવહારની સિદ્ધિના માટે સ્થાપ્યા. આથી અભંગસતા વા રસાભાસ પણ થતો નથી.

[9] ત્યાંજ પુનઃ, મુક્તિ સાધન વિચારથી.

[10] સગુણ, ગુણ શબ્દથી અહિ ઉપાધિ સમજવો. ભક્તિ સગુણ છે એટલે ભક્તિ નિર્ગુણ નથી પણ તદુપાધિસહિત છે.

[11] ઉભય તામસ છે, જ્ઞાન અથવા ભક્તિ ઉભય તામસ છે, કારણ કે અત્ર ભક્તિ વા જ્ઞાનમાં જારત્વ જ ઉપાધિ છે, નહિ કે ભર્તૃત્વાદિ અથવા ધર્મરક્ષકત્વાદિ

હોવાથી મુક્તિ કેમ થાય? (અર્થાત્ ન જ થાય) તે કહે છે. તેઓએ કૃષ્ણને પરમ કાન્ત જાણ્યા, કાન્ત, પતિ, અથવા જાર તરીકે, બ્રહ્મ તરીકે તો જાણ્યા નથી, 'હે મુનિ' એ સંબોધન અત્ર નિર્ગુણના પરિજ્ઞાનાર્થ કરે છે. વિરોધ તો સ્પષ્ટ છે. તેમને ભગવાનમાં તથા પોતાનામાં ગુણબુદ્ધિ જ હતી. અને ગુણબુદ્ધિ એ જ ગુણપ્રવાહનું મૂલ છે. અન્યથા ગુણબુદ્ધિના નિવારણ કરનારાં શાસ્ત્રો વ્યર્થ થઈ જાય, વૈદિક[12] પક્ષ તો અસંભવિત જ છે, માટે ગુણબુદ્ધિવાળીઓનો ગુણપ્રવાહનો[13] ઉપરમ કેમ ઘટે?

અહિં શ્રી શુકદેવજી ઉત્તર ચાર શ્લોકથી આપે છે:—

उक्तं पुरस्तादेतत्ते चैद्यः सिद्धिं यथा गतः ।
द्विषन्नपि हृषीकेशं किमुताधोक्षजप्रियाः ॥ १३ ॥

શ્લોકાર્થ:—પૂર્વે તને કહ્યું છે કે હૃષીકેશનો દ્વેષ કરતો પણ ચૈદ્ય, શિશુપાલ, જેમ સિદ્ધિ પામ્યો તો પછી અધોક્ષજપ્રિયાઓ, ભગવત્પ્રિયાઓ સિદ્ધિ પામે તેમાં શું આશ્ચર્ય? ૧૩.

સપ્તમ સ્કન્ધમાં શિશુપાલના મુક્તિના પ્રસંગમાં આ જ કહ્યું છે, જેમ[14] ભક્તિ અને જ્ઞાનના પ્રતિપાદક શાસ્ત્રદ્વય સાધન છે તેમ ભગવત્સ્વરૂપ પણ છે. ભગવાને મુક્તિનું દાન કરવાને જ અવતાર ધર્યો છે, સચ્ચિદાનંદ રૂપથી પ્રકટ છે, આમ હોવાથી, ભલે તે ક્રોધ, ભલે તે ઉપાયથી, ભગવાનમાં સંબંધ પ્રાપ્ત કરે છે તે જ મુક્ત થાય છે.

---

[12] વૈદિકપક્ષ, બ્રહ્મવિદ્ બ્રહ્મને પર પુરુષોત્તમની પ્રાપ્તિ થતી તે પક્ષ.

[13] ગુણપ્રવાહનો ઉપરમ ઇત્યાદિ; કૃષ્ણને બ્રહ્મ તરીકે આ ગોપીજનોએ જાણ્યા નહિ તેમાં બાધક નથી, કારણ કે બહુ પણ શ્રીકૃષ્ણને બ્રહ્મ તરીકે જાણતા નથી, તથાપિ જેમને વેદાન્ત શ્રવણાદિથી બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત થાય છે તેઓ મુક્ત જ થાય છે, તેમ આ ગોપીજનો પણ મુક્તિ પ્રાપ્ત કરશે એમ આશંકા થાય તેનો પરિહાર કરવાને કહે છે કે વૈદિક પક્ષ તો અહિં અસંભાવિત જ છે. બ્રહ્મને જાણે છે તે બ્રહ્મ થાય છે ઇત્યાદિ ઉપનિષદોમાં નિરૂપિત બ્રહ્મભાવ અત્ર અસંભાવિત જ છે, કારણ કે આ ગોપીજનોને વેદાન્તનું શ્રવણ મનનાદિ નથી.

[14] 'જેમ ભક્તિ અને જ્ઞાનના પ્રતિપાદક શાસ્ત્રદ્વય' ઇત્યાદિથી આચાર્યશ્રી નિગૂઢિત અર્થ નિરૂપણ કરે છે. ભક્તિ અને જ્ઞાનનું પ્રતિપાદન કરવાવાળાં બે શાસ્ત્ર જેમ સાધન છે તેમ ભગવત્સ્વરૂપ પણ સાધન છે એમ કહીને ૧૩ મા શ્લોકનો અર્થ કર્યો. 'ભગવાન્ મુક્તિનું દાન કરવાને જ સચ્ચિદાનંદરૂપથી પ્રકટ થયા છે' એમ કહીને ૧૪ મા શ્લોકનો અર્થ કર્યો. 'માટે ભલે તે ક્રોધ ભલે તે ઉપાયથી ભગવાનમાં સંબંધ પ્રાપ્ત કરે છે તે મુક્ત થાય છે' એમ કહીને ૧૫ મા શ્લોકનો અર્થ કર્યો. ભગવત્સંબંધ એ જ સાધન છે. પ્રભુના આવિર્ભાવને માટે જ્ઞાન અને ભક્તિનો ઉપયોગ છે, પ્રભુનો આવિર્ભાવ જો જ્ઞાન-ભક્તિ વિના સિદ્ધ થતો હોય તો એ જ્ઞાન ભક્તિનો ઉપયોગ નથી. જેમ વર્ષાઋતુમાં જલ સર્વત્ર સુલભ હોવાથી નદી કુવાનો ઉપયોગ નથી તેમ પ્રભુનો આવિર્ભાવ જો સ્વતઃ હોય તો પછી જ્ઞાનભક્તિનો ઉપયોગ નથી. અહિં તો પ્રભુ સર્વને સ્વરૂપબલથી જ મુક્તિનું દાન કરવાને અવતીર્ણ છે. ઇત્યાદિમાં ૧૬ મા શ્લોકનો અર્થ કર્યો. અનવતારદશામાં ભક્તિ અને જ્ઞાન એ બે જ ભગવત્પ્રાકટ્યના હેતુ છે, પરન્તુ અવતારકાલીન દશામાં ભગવત્સ્વરૂપ જ સાધન રૂપ છે.

